# ૧ શ્રી વૈરાગ્યશતક
# ૨ વિંશતિસ્થાનકપ્રદીપિકા
# ૩ શીલધર્મદીપિકા
# ૪ શ્રાવકવ્રતદીપિકા

રચયિતા :
આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિ :

આર્થિક સહાયક :
શેઠ ભગુભાઈ ચુનીલાલ સુતરીયા.

॥ ॐ नमः श्रीसिद्धचक्राय ॥

શ્રી નેમિપદ્મ ગ્રંથમાલા પુષ્પ ૧૦-૧૧-૧૨

તપોગચ્છાધિપતિ જગદ્‌ગુરૂ સુગૃહીત નામધેય પરમ ગુરૂ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વર વિનેયાણુ વિજયપદ્મસૂરિ પ્રણીત છંદોબદ્ધ ટીકા સહિત જૈન કવિશ્રી પદ્માનંદ વિરચિત

# શ્રી વૈરાગ્ય શતક

આચાર્ય શ્રીવિજયપદ્મસૂરિ વિરચિત

# શ્રી વિંશતિસ્થાનકપ્રદીપિકા.

# શ્રી શીલધર્મ દીપિકા.

આર્થિક સહાયક

શેઠ ભગુભાઈ ચુનીલાલ સુતરીઆ

( ગુસાપારેખની પોળ ) અમદાવાદ

પ્રકાશક

શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા તરફથી

શા. ઈશ્વરદાસ મૂલચંદ

વી૦ સં૦ ૨૪૬૭ વિ૦ સં૦ ૧૯૯૭

## નેમિપદ્મ ગ્રંથમાળાના ૩૮ પુષ્પો.

### શ્રી વિજયપદ્મસૂરિએ બનાવેલા ગ્રંથોની યાદી.

૧ શ્રાવક ધર્મ જાગરિકા
૨ દેશવિરતિ જીવન
૩ સિદ્ધચક્ર પૂજા સ્પષ્ટાર્થ સાથે
૪ મહાવીર પંચકલ્યાણક પૂજાદિ સંગ્રહ
૫ સિંદૂરપ્રકરના અનુવાદ વિગેરે
૬ પદ્મ સ્તવનમાલા
૭ કદંબ સ્તોત્રનો છંદોબદ્ધ અનુવાદ
૮ નેમિ પદ્મ સ્તવનમાલા
૯ કલ્યાણકમાલા
૧૦ સંવેગમાલા
૧૧ પદ્મતરંગિણી
૧૨ ભાવના કલ્પલતા ભાગ ૧લો
૧૩ સ્તોત્ર ચિંતામણિ
૧૪ પ્રાકૃત સ્તોત્ર પ્રકાશ
૧૫ દેશનાચિંતામણી ભાગ ૧ લો
૧૬ કદંબગિરિ બૃહત્કલ્પ સ્પષ્ટાર્થ સાથે
૧૭ યશોદ્વાત્રિંશિકા સ્પષ્ટાર્થ સાથે
૧૮ આત્મશુદ્ધિ કુલક સ્પષ્ટાર્થ સાથે
૧૯ ગૌતમસ્વામી સ્તોત્ર અર્થસહિત
૨૦ જિન સ્તવન ચોવીશી
૨૧ સ્તંભ પ્રદીપ
૨૨ તીર્થાદિ સ્તવન સંગ્રહ
૨૩ મહાવીર પંચકલ્યાણક ઢાલ સંગ્રહ
૨૪ વૈરાગ્ય પચ્ચીશી
૨૫ ભાવના ષોડશક
૨૬ વિવિધ ઉત્તમ ભાવના
૨૭ ભાવના પંચાશિકા
૨૮ ભાવના ષટ્ત્રિંશિકા
૨૯ સ્તુતિ પંચાશિકા
૩૦ દાનકુલક
૩૧ શીલકુલક
૩૨ શ્રી સિદ્ધચક્ર સ્તોત્ર (અજિત-શાંતિ સ્તોત્રના રાગમાં)
૩૩ સિદ્ધચક્રની તાત્ત્વિક ભાવના
૩૪ વૈરાગ્ય શતકની છંદોબદ્ધ ટીકા વિગેરે
૩૫ વિંશતિ સ્થાનક પ્રદીપિકા
૩૬ શીલધર્મ દીપિકા
૩૭ તપ કુલક
૩૮ શ્રી સ્તંભન પાર્શ્વનાથ

મુદ્રક: મણીલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રી. પ્રેસ,
ઘીકાંટા રોડ—અમદાવાદ

સર્વતન્ત્રસ્વતન્ત્ર-શાસનસમ્રાટ્-સૂરિચક્રવર્તિ જગદ્ગુરૂ

તપોગચ્છાધિપતિ-ભટ્ટારક

## આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ



જન્મ વિ૦ સં૦ ૧૯૨૯
કાર્તિક શુદ ૧ મહૂવા

પન્યાસપદ વિ૦ સં૦ ૧૯૬૦
માગશર શુ. ૩
વળા (વલ્લભીપુર)

દીક્ષા
વિ૦ સં૦ ૧૯૪૫
જેઠ શુ. ૭
ભાવનગર

ગણિપદ વિ૦ સં૦ ૧૯૬૦
કાર્તિક વદ ૭
વળા (વલ્લભીપુર)

આચાર્યપદ વિ૦ સં૦ ૧૯૬
જેઠ શુ. ૫ ભાવનગ

॥ ॐ अर्हं नमः ॥

## ॥ શ્રી ગુરૂ મહારાજના હસ્તકમલમાં સમર્પણ ॥

મદીયાત્મોદ્ધારક, પરમોપકારિ, પરમગુરૂ, સુગૃહીત નામધેય,

પૂજ્યપાદ, પ્રાતઃસ્મરણીય, શ્રી ગુરૂ મહારાજ !

આપશ્રીજી મધુમતી ( મહુવા ) નગરીના રહીશ પિતાશ્રી દેવ ગુરૂ ધર્માનુરાગી શેઠ લક્ષ્મીચંદ અને માતુશ્રી દીવાલીબાઇના કુલદીપક પુત્ર છો. વિ. સં૦ ૧૯૨૯ ની કાર્ત્તિક સુદ એકમના જન્મ દિનથી માંડીને લગભગ સોલ વર્ષની નાની ઉંમરે સંસારને કડવા ઝેરના જેવો માનીને અગણ્ય સદ્‌ગુણ નિધાન પરમ ગુરૂ શ્રી વૃદ્ધિવિજયજી (શ્રી વૃદ્ધિચંદ્રજી) મહારાજજીની પાસે શ્રી ભાવનગરમાં વિ. સં. ૧૯૪૫ ના જેઠ સુદ સાતમે સિંહની પેઠે શૂરવીર બનીને પરમ કલ્યાણકારી અને હૃદયની ખરી બાદશાહીથી ભરેલી પ્રવ્રજ્યા (દીક્ષા) ને પૂરેપૂરા ઉલ્લાસથી ગ્રહણ કરીને સિંહની પેઠે શૂરવીર બનીને સાધી રહ્યા છો, અને આપશ્રીએ અગાધ બુદ્ધિબલથી જલ્દી સ્વપર સિદ્ધાંતનો ઉંડો અભ્યાસ કર્યો, અને ન્યાય વ્યાકરણાદિ વિવિધ વિષયના પુષ્કલ વિશાલ ગ્રંથોની રચના કરીને સુંદર સાહિત્ય સેવા કરવા ઉપરાંત અપૂર્વ દેશના શકિતના પ્રભાવે અભક્ષ્યરસિક, ઉન્માર્ગગામી અગણ્ય મહારાજાદિ ભવ્ય જીવોને સદ્ધર્મના રસ્તે દોરીને હદપાર ઉપકાર કર્યો છે. તેમજ આપશ્રીજીના અગણ્ય સદ્‌ગુણોને જોઇને મોટા ગુરૂભાઈ, ગીતાર્થ શિરોમણિ, શ્રમણકુલાવંતસક, પરમપૂજ્ય, પંન્યાસજી મહારાજ શ્રીગંભીરવિજયજી ગણિવરે તમામ સિદ્ધાંતોની યોગોદ્વહનાદિક ક્રિયા વગેરે યથાર્થ વિધાન કરાવીને મહા પ્રાચીન શ્રી વલ્લભીપુર ( વળા ) માં આપશ્રીજીને વિ. સં. ૧૯૬૦ ના કારતક વદી સાતમે ગણિપદથી અને માગશર સુદ ત્રીજે

પંન્યાસપદથી વિભૂષિત કર્યા. અને શ્રી ભાવનગરમાં વિ. સં. ૧૯૬૪ ના જેઠ સુદ પાંચમે તપાગચ્છાધિપતિ, ભટ્ટારક, આચાર્ય પદથી અલંકૃત કર્યા. આપશ્રીજી રત્નની ખાણ જેવા શ્રી સંઘની અને તીર્થાદિની સેવા પ્હેલાંની માફક હાલ પણ પૂરેપૂરા ઉલ્લાસથી કરી રહ્યા છો. તથા આપશ્રીજીના અમોઘ ઉપદેશથી દેવગુરૂ ધર્માનુરાગી સંઘવી શેઠ માણેકલાલ મનસુખભાઈ ભગુભાઇ વિગેરે ઘણાંએ ભવ્ય જીવોએ છરી પાલતાં વિશાલ સંઘ સમુદાય સહિત તીર્થાધિરાજ શ્રી શત્રુંજયાદિ મહાતીર્થ યાત્રા અંજનશલાકા વિગેરે ઉત્તમ ધાર્મિક ક્ષેત્રોમાં લક્ષ્મીનો સદુપયોગ કર્યો અને કરે છે, તેમજ આપશ્રીજીએ મારા જેવા ઘણાંએ ભવ્ય જીવોની ઉપર શ્રી જૈનેન્દ્રી દીક્ષા, દેશવિરતિ વગેરે મોક્ષના સાધનો દઇને કદી પણ ન ભૂલી શકાય તેવા અનહદ ઉપકારો કર્યા છે અને કરો છો. વિગેરે લોકત્તર ગુણોથી આકર્ષાઇ અને આપશ્રીજીએ મારી ઉપર કરેલા અનન્ત ઉપકારોને યાદ કરીને આપશ્રીજીના પસાયથી બનાવેલા શ્રી પદ્માનંદ કવિકૃત વૈરાગ્ય શતકના છંદો બદ્ધ ટીકાદિ તથા શ્રીવિંશતિસ્થાનક પ્રદીપિકા અને શીલધર્મ દીપિકા નામના સાર્વજનિક સરલ ત્રણ ગ્રંથો પરમ કૃપાલુ આપશ્રીજીના કરકમલમાં સમર્પીને હું મારા આત્માને ધન્ય કૃતાર્થ માનું છું, અને નિરંતર એજ ચાહું છું કે આપશ્રીજીના પસાયથી (૧) પ્રાકૃત સંસ્કૃત ગુજરાતી વિગેરે ભાષામાં આવા સાર્વજનિક સરલ ગ્રંથોની રચના કરીને શ્રી સંઘાદિ પવિત્ર ક્ષેત્રોની ભક્તિ કરવાનો શુભ અવસર (૨) આપશ્રીજી જેવા ગુરૂદેવ (૩) શ્રી જૈનેન્દ્ર શાસનનો સેવા (૪) નિર્મલ નિરભિલાષ સંયમ જીવન (૫) પરોપકાર વિગેરે સંપૂર્ણ આત્મરમણતાના સાધનો મને ભવોભવ મળે.

નિવેદક : આપશ્રીજીના ચરણકિંકર નિર્ગુણ

વિનેયાણુ પદ્મની વંદના.

બાળ બ્રહ્મચારી—પ્રાતઃસ્મરણીય જગત્પૂજ્ય વિશુદ્ધ ચારિત્રચૂડામણિ
તિર્થોદ્ધારક તપોગચ્છાધિપતિ પૂજ્યપાદ વિદ્વદ્વર્ય શ્રી શ્રી શ્રી.

જન્મ : સંવત ૧૯૩૦ પોષ સુદિ ૧૧ — દીક્ષા : સં. ૧૯૪૯ અસાઢ સુદિ ૧૧




ગણિપદ : સં. ૧૯૬૧ માગસર સુદિ ૫ — પન્યાસપદ : સં. ૧૯૬૨ કારતક વદ ૧૧

આચાર્ય મહારાજશ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ

સૂરિપદ : સં. ૧૯૭૬ માગસર સુદિ ૫

॥ ॐ नमः श्री सिद्धचक्राय ॥

# પ્રસ્તાવના

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

सम्मद्दंसणनाणसंजमि गणाहीसं विसालासयं ।
तित्थुद्धारगसुद्धदेसणमहारायप्पबोहप्परं ॥
सिद्धग्गंथविहायगं विमलजोगखेमतल्लक्खयं ॥
वंदे सप्परमोवयारिसुगुरुं तं णेमिसूरीसरं ॥ १ ॥

ધર્મવીર પ્રિય બંધુઓ! મોક્ષ માર્ગના સ્વરૂપને જણાવનાર દરેક ગ્રંથોની શરૂઆતમાં પ્રસ્તાવનાની સંકલના જરૂર કરવી જોઇએ. કારણ કે તે ગ્રંથના એક ભાગ તરીકે ગણાય છે. એમ શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં જણાવેલા ઉપક્રમ નિક્ષેપાદિના સ્વરૂપને જાણવાથી નિર્ણય થઇ શકે છે. આ બાબતમાં ન્યાય શાસ્ત્ર પણ ટેકો આપે છે. તે એમ જણાવે છે કે અધિકારી વિગેરે (જે વૈરાગ્ય શતક ગ્રંથના પ્હેલા શ્લોકના સ્પષ્ટાર્થમાં જણાવેલા) ચાર પદાર્થોને જાણ્યા પછી તત્ત્વ બોધને પામવાની ઇચ્છા વાલા ભવ્ય જીવો એમ નિર્ણય કરે છે કે આ ગ્રંથ ભણવાથી મને વૈરાગ્ય વિગેરે પદાર્થોનું સ્વરૂપ સમજાશે. અને હું આ ગ્રંથને ભણી શકીશ. તે પછી અધિકારી જીવો ગ્રંથને ભણે છે, વિચારે છે. એમ અનુબંધ ચતુષ્ટયનું લક્ષણ જણાવે છે. આમ કહેવાનું તાત્પર્ય એ છે કે કોઇ પણ ગ્રંથના અધ્યયનાદિ (ભણવું વિગેરે) ને કરવા ચાહનારા ભવ્ય જીવો ગ્રંથને હાથમાં લઇને સૌથી પ્હેલાં એમ પૂછે છે કે (૧) આ ગ્રંથનું નામ શું? (૨) આ ગ્રંથનું

નામ તેમાં જણાવેલી બીના પ્રમાણે છે કે બીજી રીતે? (૩) ગ્રંથકારે કયા મુદ્દાથી આ ગ્રંથ બનાવ્યો છે? (૪) ગ્રંથકાર કોણ? વિગેરે પ્રશ્નોના ખુલાસા કરવા પૂર્વક ટૂંકામાં સાર જણાવનારી પ્રસ્તાવના જ છે. વાચક વર્ગ આ નિયમ પ્રમાણે શરૂઆતમાં પ્રસ્તાવના વાંચે છે.

પ્રસ્તાવનાવાળો જ ગ્રંથ પૂરો કહેવાય. એમ અહીં પણ (૧) ત્રણે ગ્રંથોના ઘટતા નામ કયા કયા? (૨) તે યોગ્ય નામ કયા અર્થને જણાવે છે? (૩) અહીં શી શી બીના જણાવી છે? (૪) ગ્રંથકાર કોણ? વિગેરે પ્રશ્નોના ખુલાસા કરવા માટે આ ગ્રંથની શરૂઆતમાં ટુંક પ્રસ્તાવના બહુ જ જરૂરી છે. પ્રભુ શ્રી તીર્થંકર દેવે કહ્યું છે કે માનવ જીવન રૂપી કલ્પવૃક્ષને વધારવા માટે અને મોક્ષાદિ ફલને દઇ શકે એવું કરવા માટે અપૂર્વ સાધન વૈરાગ્ય છે. વૈરાગ્ય શબ્દનો અર્થ રાગદ્વેષનો અભાવ. મેઘમાલી દેવે પ્રભુ શ્રી પાર્શ્વનાથને ઉપસર્ગ કર્યા, ને ધરણેન્દ્રે પ્રભુની ભકિત કરી. બંને પ્રસંગમાં પ્રભુદેવને મેઘમાલીના ઉપર દ્વેષ અને ધરણેન્દ્રની ઉપર રાગ ન હતો. એ રીતે પ્રભુ શ્રી મહાવીરદેવને ચંડકૌશિક તથા ગોશાલાની ઉપર દ્વેષ અને ભકત ઈંદ્રની ઉપર રાગ ન હતો. આવી સ્થિતિને વૈરાગ્ય કહેવાય છે. જેમ લૂગડાની ઉપર ચીકાશ હોય તો ધૂળ ચોંટે, એમ રાગ દ્વેષના પરિણામ રૂપી ચીકાશને લઇને આત્મારૂપી લૂગડામાં કર્મરૂપી ધૂળ ચોંટે છે. તે ધૂળને દૂર કરનાર વૈરાગ્ય છે. વૈરાગ્યરૂપી તલવારથી મોહરૂપી શત્રુને હણીને અનંતા ભવ્ય જીવો સિદ્ધિપદને પામ્યા છે, પામે છે અને પામશે. પુણ્યાનુબંધી પુણ્યના ચાર કારણોમાં પણ વૈરાગ્યને ગણ્યો છે.

ન્યાયાચાર્ય શ્રી યશોવિજય મહારાજે અધ્યાત્મસારમાં ૧ વૈરાગ્ય શાથી થાય? ૨ ભોગ સાધનો કઈ રીતે કેવી ભાવનાથી છોડી શકાય? ૩ કેવા હૃદયમાં વૈરાગ્ય ટકે? ૪ નિરાબાધ વૈરાગ્ય ક્યારે થાય? ૫ કયા ગુણસ્થાનકે વૈરાગ્યની શરૂઆત થાય? ૬ તે કઈ રીતે વધે? ૭ વૈરાગ્યના ઘાતક દોષ કયા? ૮ વૈરાગ્યના ભેદ પ્રભાવ ફલ વિગેરેનું સ્વરૂપ શું? વિગેરે બીના વિસ્તારમાં જણાવેલી છે. બીજા ગ્રંથોમાં નિશ્ચય, વ્યવહાર, દ્રવ્ય, ભાવ, નામાદિ નિક્ષેપ વિગેરેથી પણ વૈરાગ્યની વિચારણા દર્શાવી છે.

આવા વૈરાગ્ય ગુણને પ્રકટાવવા માટે કવિ પદ્માનંદે લગભગ ૧૦૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથમાં જૂદી જૂદી રીતે ઉપદેશ આપ્યો છે. આ ગ્રંથને વાંચવાથી ચિત્ત નિર્મલ વૈરાગ્યવાળું જરૂર બને છે. ધર્મની સાધના કરવાની ચાહના થાય છે. આ ગ્રંથનું બીજું નામ પદ્માનંદ શતક કહેવાય છે. ગ્રંથકાર કવિ પદ્માનંદ તે નાગપુરમાં શ્રી નેમિનાથ પ્રભુનું ભવ્ય જિનાલય બંધાવનાર ધનદેવના પુત્ર હતા. તેમની કાવ્ય શકિત અપૂર્વ જણાય છે. આ ગ્રંથના શબ્દાર્થ વિગેરે સાધનોથી સંસ્કૃત ભાષાના અજાણ ભવ્ય જીવોને અભ્યાસાદિ કરવામાં વધારે અનુકૂલતા થશે, એમ વિચારીને અહીં મૂલ શ્લોક, તેમાં અર્થ કરતી વખતે ક્રમસર કયું પદ લેવું તે સમજાવવા આંકડાંની ગોઠવણી, શબ્દાર્થ, છંદોબદ્ધ ટીકા, અક્ષરાર્થ, સ્પષ્ટાર્થ આ ક્રમ રાખ્યો છે. બીજો ગ્રંથ શ્રી વિંશતિસ્થાનક પ્રદીપિકા નામનો છે. તેમાં તપનો મહિમા, વિંશતિસ્થાનક તપનો વિધિ, કથા વિગેરે બીના જણાવી છે. ત્રીજા શીલ ધર્મ દીપિકા નામના ગ્રંથમાં બ્રહ્મચર્ય ગુણનું

સ્વરૂપ, ભેદ, પ્રભાવ, વિવિધ દૃષ્ટિએ બ્રહ્મચર્યની જરૂરીયાત વિગેરે બીના જણાવી છે. શ્રી ગુરૂમહારાજના પસાયથી બનાવેલા વૈરાગ્ય શતક વૃત્તિ વિગેરે ત્રણે ગ્રંથો જૈનપુરી અમદાવાદ ગુસાપારેખની પોળના રહીશ દેવ ગુરૂ ધર્માનુરાગી દેશવિરતિ, વીસ સ્થાનક તપ વિગેરે ધર્મ ક્રિયાને પરમ ઉલ્લાસથી સાધનાર આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ દાનગુણી (શેઠ ચુનીલાલ ખુશાલભાઇ વાળા) શેઠ ભગુભાઈ ચુનીલાલ સુતરીયાની સંપૂર્ણ આર્થિક સહાયથી શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભાએ છપાવ્યા છે. તે આર્થિક સહાયકના હાથે ખપી જીવોને અપાશે. છેવટે ભવ્ય જીવો ત્રણે ગ્રંથોના વાંચન પઠન, પાઠન, નિદિધ્યાસન કરીને નિર્મલ વૈરાગ્ય ગુણને પ્રકટાવે. પરમ ઉલ્લાસથી મોક્ષમાર્ગ, વીસ સ્થાનક તપ, બ્રહ્મચર્યાદિક સાધના કરી સિદ્ધિના શાશ્વત સુખને પામે. એમ હાર્દિક નિવેદન કરી પ્રસ્તાવના પૂરી કરૂં છું. કોઇને શબ્દાર્થાદિ ચારેની રચનામાં અનાભોગાદિથી થયેલી યોગ્ય ભૂલચૂક જણાય તો ખુશીથી જણાવવી. જેથી અવસરે સુધારણા થઇ શકે.

નિવેદક:-

| | |
|---|---|
| અમદાવાદ<br>વિ. સં. ૧૯૯૭<br>આસો સુદી ૫ | સુગૃહીતનામધેય પરમોપકારિ પરમગુરૂ<br>આચાર્ય મહારાજશ્રી વિજયનેમિ<br>સૂરીશ્વર ચરણકિંકર વિજયપદ્મસૂરિ. |

તપોગચ્છાધિપતિ-શાસનસમ્રાટ્-સૂરિચક્રચક્રવર્ત્તિ જગદ્ગુરૂ-આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વર વિનેયાણુ-આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી



જન્મ વિ૦ સં૦ ૧૯૫૫ વૈશાખ સુદ ૩ અમદાવાદ
દીક્ષા વિ૦ સં૦ ૧૯૭૧ માગશર વદ ૨ તલાજા (શોભાવડ)
ગણિપદ વિ૦ સં૦ ૧૯૮૨ ફાગણ વદ ૫ પાટણ
પંન્યાસપદ વિ૦ સં૦ ૧૯૮૨ ફાગણ વદ ૧૧ પાટણ
ઉપાધ્યાયપદ વિ૦ સં૦ ૧૯૮૮ મહા સુદ ૫ સેરીસામહાતીર્થ
આચાર્યપદ વિ૦ સં૦ ૧૯૯૨ વૈશાખ સુદ ૪ અમદાવાદ

# અનુક્રમણિકા.


| મૂળશ્લોક | હરિગીતછંદ | પૃષ્ટ | વિષય |
|---|---|---|---|
| ૧ | ૧–૪ | ૧–૭ | મંગલાચરણુ રૂપે જિનેશ્વરોની સ્તુતિ |
| ૨ | ૫–૧૦ | ૭–૧૩ | ક્રોધાદિનો નાશ કરનાર યોગીઓના ગુણાનુવાદ કરવા વડે વંદન. |
| ૩ | ૧૧–૧૭ | ૧૩–૧૯ | જેમણે પ્રિય સ્ત્રી, વહાલું ધન તથા સુંદર ઘરનો ત્યાગ કર્યો છે તેવા મુનીશ્વરોને આશીર્વાદ. |
| ૪ | ૧૮–૨૬ | ૧૯–૨૫ | મહા પુરૂષ કોને કહેવાય તે જણાવે છે. |
| ૫ | ૨૭–૩૪ | ૨૫–૩૧ | યોગી મહાત્માઓના ઉત્તમ ગુણવાળા વિરલા પુરૂષો જ હોય છે તે જણાવે છે. |
| ૬ | ૩૫–૩૭ | ૩૧–૪૧ | શુદ્ધ હૃદયવાળા સાચા યોગીઓનું સ્વરૂપ સમજાવે છે. |
| ૭ | ૩૮–૪૧ | ૪૧–૪૮ | જેઓએ મનોહર સ્ત્રીઓનો ત્યાગ કર્યો છે તેવા શીલવીર મહાત્માઓ આગળ કામદેવ હતાશ થાય છે તે જણાવે છે. |
| ૮ | ૪૨–૫૦ | ૪૮–૫૭ | જેમણે બ્રહ્મચર્ય રૂપી અગ્નિ વડે સ્ત્રી કથાનો ત્યાગ કર્યો છે તેમને કોપેલો કામદેવ શું કરી શકવાનો છે? |

| મૂળશ્લોક | હરિગીતછંદ | પૃષ્ટ | વિષય |
|---|---|---|---|
| ૯ | ૫૧–૫૬ | ૫૭–૬૨ | જેમણે વિષય લીલાઓ ત્યજી છે તેવા વિવેક રૂપી પાટીયાવાળા મુનીશ્વરોને સ્ત્રીઓના કટાક્ષ રૂપી બાણો શું કરી શકે? તે સમજાવે છે. |
| ૧૦ | ૫૭–૬૧ | ૬૨–૬૬ | કામી પુરૂષની કામાતુર અવસ્થાની સ્થિતિ અને તેજ પુરૂષની વૈરાગ્ય અવસ્થાની સ્થિતિનું વર્ણન. |
| ૧૧ | ૬૨–૬૭ | ૬૬–૭૨ | જેમનું સર્વ અવસ્થામાં દુઃખી જીવન છે તેવા કામી પુરૂષોને ધિક્કાર આપે છે. |
| ૧૨ | ૬૮–૭૩ | ૭૨–૭૬ | જે સ્ત્રીઓના દરેક અંગમાં અવગુણ રહેલો છે તેમના તરફ કામી પુરૂષોને વૈરાગ્ય થતો નથી તેથી ગ્રન્થકાર પોતાનો ખેદ જણાવે છે. |
| ૧૩ | ૭૪–૮૧ | ૭૭–૮૩ | જેમના અંગો શિથીલ થયાં છે અને જેમની શક્તિ ક્ષીણ થઈ છે એવા વૃદ્ધો પણ સ્ત્રીનું ધ્યાન કરે છે તેવા વૃદ્ધોની જડતા પ્રત્યે આશ્ચર્ય જણાવે છે. |
| ૧૪ | ૮૨–૮૬ | ૮૩–૮૮ | ઘડપણ આવ્યા છતાં પણ પોતાનું મન ભોગોમાં દોડે છે તેવું જાણીને વૈરાગ્ય પામેલો તે ખેદ કરે છે. |

| મૂળશ્લોક | હરિગીતછંદ | પૃષ્ટ | વિષય |
|---|---|---|---|
| ૧૫ | ૮૭–૯૦ | ૮૮–૯૩ | સ્ત્રીઓની ગદ્ગદ વાણીને પ્રેમ ઘેલાઓ પ્રેમવાણી માને છે. |
| ૧૬ | ૯૧–૯૭ | ૯૩–૯૭ | કામરૂપી તાવને ઉતારવાને ખરૂં ઔષધ કયું તે જણાવે છે. |
| ૧૭ | ૯૮–૧૦૩ | ૯૮–૧૦૨ | કામદેવને ક્રીડાના સ્થાન સમાન યુવાવસ્થા પામ્યા છતાં પણ જેઓ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થતા નથી તે પુરૂષોને જ ધન્યવાદ આપે છે. |
| ૧૮ | ૧૦૪–૧૦૬ | ૧૦૨–૧૦૮ | જેઓએ સમજણ પૂર્વક સ્ત્રીનો ત્યાગ કર્યો તેમને કોપેલો કામદેવ વશ કરી શકતો નથી તે જણાવે છે, |
| ૧૯ | ૧૦૭–૧૧૦ | ૧૦૮–૧૧૨ | સ્ત્રી પ્રત્યે કામી દૃષ્ટિથી જોનારને તે કેવી જણાય છે અને તત્ત્વદૃષ્ટિથી જોનારને તે કેવી જણાય છે તે જણાવે છે. |
| ૨૦ | ૧૧૧–૧૧૪ | ૧૧૨–૧૩૩ | આ પૃથ્વી કેવા પુરૂષો વડે પવિત્ર કરાએલી છે તે કહે છે. |
| ૨૧ | ૧૧૫–૧૧૮ | ૧૩૩–૧૩૭ | કામનો ઉશ્કેરાટ કરનારી ઋતુમાં પણ જેમનું મન બ્રહ્મચર્યમાં સ્થિર રહ્યું તે પુરૂષો ધન્ય છે એમ જણાવે છે. |
| ૨૨ | ૧૧૯–૧૨૧ | ૧૩૭–૧૪૧ | વૈરાગ્યવંત જીવો કેવા પ્રકારના આત્મિક ગુણોના ભોગોમાં રાત્રી પસાર કરે છે તે કહે છે. |

| મૂળશ્લોક | હરિગીતછંદ | પૃષ્ટ | વિષય |
|---|---|---|---|
| ૨૩ | ૧૨૨–૧૨૪ | ૧૪૧–૧૪૪ | જે પુરૂષનું મન શુદ્ધ ધ્યાન રૂપી મહા રસાયણમાં લીન થયું છે તેને અનેક પ્રકારના હાવભાવથી લલચાવવાને પ્રયત્ન કરતી સ્ત્રી પ્રત્યે આક્ષેપ કરે છે. |
| ૨૪ | ૧૨૫–૧૨૭ | ૧૪૪–૧૪૬ | ચારિત્ર રૂપી વૃક્ષ મોક્ષફલ કેવી રીતે આપે તે સમજાવે છે. |
| ૨૫ | ૧૨૮–૧૩૨ | ૧૪૬–૧૪૯ | જેણે મિથ્યાત્વ રૂપી હાથીને વશ કર્યો તેણે જગતને વશ કર્યું તે જણાવે છે. |
| ૨૬ | ૧૩૩–૧૩૫ | ૧૪૯–૧૫૩ | અનેક કલામાં કુશળ પુરૂષો તો ઘણા હોય છે પરંતુ શત્રુ અને મિત્ર બંને તરફ સમભાવ રાખનાર તો વિરલા જ હોય છે તે સમજાવે છે. |
| ૨૭ | ૧૩૬–૧૩૯ | ૧૫૩–૧૫૬ | આ કલિકાલ કયા પુરૂષને નુકસાન કરી શકતો નથી તે જણાવે છે. |
| ૨૮ | ૧૪૦–૧૪૩ | ૧૫૬–૧૬૦ | કેવા પ્રકારના પુરૂષોથી પૃથ્વી બહુરત્ના ગણાય છે તે કહે છે. |
| ૨૯ | ૧૪૪–૧૪૭ | ૧૬૦–૧૬૪ | મનુષ્યને મૃત્યુ ન હોય તો જ સુખનાં સાધનો આનંદ માટે થાય તે સમજાવે છે. |

| મૂળશ્લોક | હરિગીતછંદ | પૃષ્ટ | વિષય |
|---|---|---|---|
| ૩૦ | ૧૪૮–૧૫૬ | ૧૬૫–૧૭૦ | માયામાં મૂઢ થએલો જીવ મારૂં મારૂં કર્યા કરે છે પરંતુ પાછળ પડેલા મૃત્યુને જોતો નથી એમ જણાવે છે. |
| ૩૧ | ૧૫૭–૧૬૩ | ૧૭૦–૧૭૪ | મૃત્યુકાળ નજીક આવ્યો જાણીને સમજણમાં આવેલો પુરૂષ કેવો પશ્ચાતાપ કરે છે તે જણાવે છે. |
| ૩૨ | ૧૬૪–૧૬૫ | ૧૭૪–૧૭૭ | મરણકાલ નજીક આવ્યો ત્યારે દૈવને શ્રાપ આપે છે પરંતુ પોતે કરેલાં કર્મને સંભાળતો નથી તેનો ઠપકો આપે છે. |
| ૩૩ | ૧૬૬–૧૬૭ | ૧૭૭–૧૮૦ | આ દુનિયા ઇન્દ્રજાલ સમાન છે તે સમજાવે છે. |
| ૩૪ | ૧૬૮–૧૭૯ | ૧૮૦–૧૯૬ | કર્મની કેવી વિચિત્ર પ્રકારની લીલા છે તે સમજાવે છે. |
| ૩૫ | ૧૮૦–૧૮૨ | ૧૯૬–૨૦૧ | મરણ પછી જીવનની પાછળ પુણ્ય અને પાપ જ જાય છે બીજું પોતાનું માનેલું બધું અહીંજ પડયું રહે છે તે કહે છે. |
| ૩૬ | ૧૮૩–૧૮૪ | ૨૦૧–૨૦૪ | ધર્મકાર્ય કરવામાં વિલંબ કરવો નહિ કારણ કે મૃત્યુ જીવને કયારે ઝડપી લેશે તેની ખબર પડતી નથી તે જણાવે છે. |
| ૩૭ | ૧૮૫–૧૮૬ | ૨૦૪–૨૦૮ | રાવણ જેવા મોટા મનાતા પુરૂષો પણ કાળના ભોગ બન્યા છે તો આપણા જેવા સામાન્ય મનુષ્યોની તો વાત જ શી કરવી તે કહે છે. |

| મૂળશ્લોક | હરિગીતછંદ | પૃષ્ઠ | વિષય |
|---|---|---|---|
| ૩૮ | ૧૮૭ | ૨૦૮–૨૦૯ | કાળ સર્વભક્ષી કહેવાય છે તે સત્યજ છે એમ જણાવે છે. |
| ૩૯ | ૧૮૮–૧૯૦ | ૨૧૦–૨૧૨ | ચારિત્ર વિના સંસાર રૂપી કેદખાનામાંથી છુટકારો થવાનો નથી તે જણાવે છે. |
| ૪૦ | ૧૯૧ | ૨૧૩–૨૧૬ | મનુષ્યપણું ફોગટ ગુમાવનાર તેનો પશ્ચાત્તાપ કરે છે. |
| ૪૧ | ૧૯૨–૧૯૩ | ૨૧૬–૨૧૯ | જેનાથી મોક્ષ મેળવાય તેવા મનુષ્ય શરીર વડે હલકાં કામ કરનાર મનુષ્ય પસ્તાવો કરે છે. |
| ૪૨ | ૧૯૪–૧૯૫ | ૨૨૦–૨૨૪ | કયાં કારણોથી નરકનાં દુઃખ ભોગવવાં પડે છે તે જણાવે છે. |
| ૪૩ | ૧૯૬–૧૯૭ | ૨૨૪–૨૨૮ | દુઃખે પ્રાપ્ત થાય તેવો મનુષ્ય ભવ કામ, ક્રોધ વગેરેમાં ફોગટ ગુમાવવા માટે ખેદ જણાવે છે. |
| ૪૪ | ૧૯૮–૧૯૯ | ૨૨૮–૨૩૦ | સંસારિક સુખો ક્ષણવિનાશી છે છતાં તેમાંથી પ્રીતિ ઓછી થતી નથી તે જણાવે છે. |
| ૪૫ | ૨૦૦–૨૦૧ | ૨૩૧–૨૩૪ | આ ભયંકર સંસારમાં કોઇ એવું સ્થળ નથી કે જ્યાં જીવે જન્મ મરણ કર્યાં નથી. |
| ૪૬ | ૨૦૨–૨૦૩ | ૨૩૪–૨૩૭ | આ જીવ આંકેલા સાંઢની જેમ જ્યાં ત્યાં રખડયા કરે છે તે જણાવે છે. |
| ૪૭ | ૨૦૪–૨૦૫ | ૨૩૭–૨૪૦ | ઉત્તમ મનુષ્ય જન્મ આદિ |

| મૂળશ્લોક | હરિગીતછંદ | પૃષ્ટ | વિષય |
|---|---|---|---|
| ૪૮ | ૨૦૬–૨૦૭ | ૨૪૦–૨૪૩ | ક્રોધાદિ ચાર કષાયો વડે આ મનુષ્યભવ રૂપી કલ્પવૃક્ષનું ફળ હારી જવાય છે તે જણાવે છે. |
| ૪૯ | ૨૦૮–૨૧૧ | ૨૪૩–૨૪૭ | જેમણે બાલ્યાવસ્થા વગેરે ત્રણે અવસ્થાઓ રમત વગેરેમાં ગુમાવવાથી મનુષ્ય જન્મ ફોગટ ગુમાવ્યો તેમને પાછળથી પશ્ચાત્તાપ થાય છે. |
| ૫૦ | ૨૧૨–૨૧૩ | ૨૪૭–૨૫૦ | જીવ ધનને માટે જે અનેક અનાચારો કરે છે તેમાંથી મનને પાછું ફરવાનું સમજાવે છે. |
| ૫૧ | ૨૧૪–૨૧૫ | ૨૫૦–૨૫૪ | ચંચળ મન મૃગની જેમ ક્યાં ક્યાં ભટકે છે તે જણાવે છે. |
| ૫૨ | ૨૧૬–૨૧૮ | ૨૫૪–૨૫૮ | જો સંસાર સમુદ્રથી તરવું હોય તો સદ્બોધ રૂપી વહાણમાં બેસવું. |
| ૫૩ | ૨૧૯–૨૨૦ | ૨૫૯–૨૬૩ | સ્ત્રી તરફ દોડતું મન જો વશ ન કરાય તો સઘળી ધર્મક્રિયા નકામી છે એ જણાવે છે. |
| ૫૪ | ૨૨૧–૨૨૨ | ૨૬૩–૨૭૧ | દુર્જનોને સન્માર્ગે લાવવા તે કેવું મુશ્કેલ છે તે જણાવે છે. |
| ૫૫ | ૨૨૩–૨૨૪ | ૨૭૧–૨૭૪ | શ્રીરામચંદ્રની જેમ હું પણ મુક્તિરૂપી સ્ત્રીવાળો થાઉં તે જણાવે છે. |
| ૫૬ | ૨૨૫–૨૨૬ | ૨૭૪–૨૭૮ | પ્રાણોને ચપળ જાણીને દાનાદિ ધર્મ કાર્યો કરવાનું કહે છે. |

| મૂળશ્લોક | હરિગીતછંદ | પૃષ્ટ | વિષય |
|---|---|---|---|
| ૫૭ | ૨૨૭ | ૨૭૮–૨૮૦ | સંસારના ધનાદિ સર્વ પદાર્થો નાશવંત જાણીને દાનાદિ ધર્મ આચરવાનું કહે છે. |
| ૫૮ | ૨૨૮ | ૨૮૦–૨૯૧ | સર્પના સંગ સરખી દુર્જનની સોબતથી જન્મ નિષ્ફળ જાય છે તે જણાવે છે. |
| ૫૯ | ૨૨૯–૨૩૨ | ૨૯૧–૨૯૪ | પરમાત્માના ધ્યાન વિના શાસ્ત્રોનું જ્ઞાન નકામું છે તે જણાવે છે. |
| ૬૦ | ૨૩૨–૨૩૩ | ૨૯૪–૨૯૮ | જેમ સૂર્યના પ્રકાશથી હિમનો નાશ થાય છે તેમ જ્ઞાનના પ્રકાશથી માયાનો નાશ થાય છે. તે કહે છે. |
| ૬૧ | ૨૩૪–૨૩૫ | ૨૯૯–૩૦૪ | ખરા અમૃતરસ વગેરે કયા તે જણાવે છે. |
| ૬૨ | ૨૩૬–૨૩૭ | ૩૦૪–૩૦૮ | ક્ષમા રૂપી સ્ત્રીની સોબત કરવાનું જણાવે છે. |
| ૬૩ | ૨૩૮–૨૩૯ | ૩૦૮–૩૧૫ | મોક્ષપદ જ શાથી ધ્યાન કરવા યોગ્ય છે તે જણાવે છે. |
| ૬૪ | ૨૪૦–૨૪૧ | ૩૧૬–૩૨૨ | વસ્તુ સારી કે ખરાબ લાગે તે દૈવાધીન છે એમ જણાવે છે. |
| ૬૫ | ૨૪૨ | ૩૨૩–૩૨૬ | ક્રોધનો ત્યાગ કરવાનો ઉપદેશ. |
| ૬૬ | ૨૪૩–૨૪૪ | ૩૨૬–૩૩૧ | જે જીવોએ પ્રમાદ અને કંજૂસાઈથી ધર્મનો નાશ કર્યો છે તેઓ મોક્ષ જેવા પરમાર્થને શી રીતે મેળવે? |

| મૂળશ્લોક | હરિગીતછંદ | પૃષ્ઠ | વિષય |
|---|---|---|---|
| ૬૭ | ૨૪૫ | ૩૩૧–૩૩૩ | જીવહિંસામાં આત્મકલ્યાણનો અંશ પણ નથી તે જણાવે છે. |
| ૬૮ | ૨૪૬ | ૩૩૩–૩૩૫ | જેમ સતી સ્ત્રીનું તેમ મહાત્માનું પણ શીલવ્રત આભૂષણ છે તે જણાવે છે. |
| ૬૯ | ૨૪૭ | ૩૩૫–૩૩૭ | સદાચારથી મુનિની શોભા જણાવે છે. |
| ૭૦ | ૨૪૮–૨૪૯ | ૩૩૭–૩૪૨ | જ્યાં સુધી શરીર અને ઇન્દ્રિયોની શક્તિ હણાઈ નથી ત્યાં સુધીમાં ધર્મસાધન કરવાનું કહે છે. |
| ૭૧ | ૨૫૦–૨૫૧ | ૩૪૨–૩૪૭ | ગુરૂની કૃપા થવાથી ભક્તિવંત આત્મા મોહને દૂર ખસવા કહે છે. |
| ૭૨ | ૨૫૨–૨૫૩ | ૩૪૭–૩૫૩ | ઈન્દ્રો અને વાસુદેવોથી પણ યોગીઓને અધિક સુખ હોય છે તે જણાવે છે. |
| ૭૩ | ૨૫૪ | ૩૫૩–૩૫૪ | તપથી થએલી દુર્બળતા યોગીઓને શોભારૂપ છે એમ કહે છે |
| ૭૪ | ૨૫૫–૨૫૭ | ૩૫૫–૩૬૦ | જે યોગીશ્વર સ્ત્રીઓના હાવભાવથી ક્ષોભ પામતા નથી તે જય પામે છે. |
| ૭૫ | ૨૫૮–૨૫૯ | ૩૬૧–૩૬૪ | કામીજનોની મૂઢતા જણાવે છે. |
| ૭૬ | ૨૬૦–૨૬૧ | ૩૬૪–૩૭૧ | અનેક દોષોને ઉત્પન્ન કરનાર શોકનો ત્યાગ કરવાનું કહે છે. |

| મૂળશ્લોક | હરિગીતછંદ | પૃષ્ટ | વિષય |
|---|---|---|---|
| ૭૭ | ૨૬૨ | ૩૭૧–૩૭૪ | વિષયી જનોની મંદબુદ્ધિ જણાવે છે. |
| ૭૮ | ૨૬૩–૨૬૪ | ૩૭૪–૩૭૮ | મોહ કેવા પ્રકારનો છે તે જણાવે છે. |
| ૭૯ | ૨૬૫–૨૬૬ | ૩૭૮–૩૮૨ | ખરો મિત્ર ખરો શત્રુ કોણ વગેરે જણાવે છે. |
| ૮૦ | ૨૬૭–૨૬૮ | ૩૮૨–૩૮૮ | ત્રણ જગત ઉપર વિજય મેળવનાર કામદેવને ધિક્કારે છે. |
| ૮૧ | ૨૬૯–૨૭૦ | ૩૮૮–૩૯૯ | ડાહ્યા પુરૂષો કેવી ભાવનાથી સ્ત્રી સેવન ઇચ્છતા નથી તે જણાવે છે. |
| ૮૨ | ૨૭૧–૨૭૨ | ૩૯૯–૪૦૪ | મોહ વિશ્વાસ રાખનારનો જ વિશ્વાસઘાત કરે છે માટે તેને ધિક્કારે છે. |
| ૮૩ | ૨૭૩–૨૭૪ | ૪૦૪–૪૦૯ | વિવેકી પુરૂષે કામદેવને આપેલો ઠપકો. |
| ૮૪ | ૨૭૫–૨૭૬ | ૪૧૦–૪૧૨ | સ્ત્રીની ચંચળતાને ધિક્કારે છે. |
| ૮૫ | ૨૭૭–૨૭૮ | ૪૧૨–૪૧૮ | વિધાતાને તેની રચના માટે ઠપકો આપે છે. |
| ૮૬ | ૨૭૯–૨૮૦ | ૪૧૮–૪૨૨ | અજ્ઞાની જીવો ધનના રક્ષણની કાળજી રાખે છે, પરંતુ કિંમતી આયુષ્ય ઘટતું જાય છે તેની લગાર ચિંતા કરતા નથી. |
| ૮૭ | ૨૮૨–૨૮૩ | ૪૨૨–૪૨૭ | ગુરૂના ઉપદેશથી વૈરાગ્ય પામેલ |

| મૂળશ્લોક | હરિગીતછંદ | પૃષ્ટ | વિષય |
|---|---|---|---|
| | | | જીવ ક્રોધાદિ કષાયોને પોતા નો ત્યાગ કરવાને સમજાવે છે |
| ૮૮ | ૨૮૪ | ૪૨૭-૪૪૦ | વૈરાગ્ય વિનાના દાનતેપ નકામા છે તે જણાવે છે. |
| ૮૯ | ૨૮૫ | ૪૩૦-૪૩૪ | વિવેક વિનાના જ્ઞાન તપ વગેરે નકામા છે એમ જણાવે છે. |
| ૯૦ | ૨૮૬-૨૮૭ | ૪૩૪-૪૩૮ | સંસાર અટવીમાં મોહ રૂપી સિંહ રહેતો હોય ત્યારે જીવો સુખી ક્યાંથી હોય તે જણાવેછે |
| ૯૧ | ૨૮૮ | ૪૩૮-૪૪૨ | સૂર્ય જેવી સમદષ્ટિ રાખવાનું જણાવે છે. |
| ૯૨ | ૨૮૯ | ૪૪૨-૪૪૫ | વિવેક બુદ્ધિવાળાને સ્ત્રીના કટાક્ષો મોહ ઉપજાવી શકતા નથી. |
| ૯૩ | ૨૯૦-૨૯૧ | ૪૪૬-૪૫૦ | વિદ્વાનો પરાધીનતાને નરક જેવી કહે છે પરંતુ સ્ત્રીની પરાધીનતા કેમ તજતા નથી તે જણાવે છે. |
| ૯૪ | ૨૯૨-૨૯૪ | ૪૫૦-૪૫૪ | જે યુવાવસ્થાની લીલા ઉપર પ્રથમ રાગ હતો તેનેજ તત્વરૂપી દીવાનો પ્રકાશ થાય ત્યારે હસી કાઢે છે તે વાત જણાવે છે. |
| ૯૫ | ૨૯૫ | ૪૫૫-૪૫૯ | દેવ ગુરૂનું સ્વરૂપ સમજાવે છે. |
| ૯૬ | ૨૯૬-૨૯૯ | ૪૫૯-૪૬૩ | મનુષ્ય ભવરૂપી દાણા કુપાત્રમાં રહીને કયાંથી સીઝે તે કહે છે. |
| ૯૭ | ૨૯૮-૩૦૦ | ૪૬૪-૪૬૮ | હે જીવ! સંસાર અટવીમાં મનુષ્યભવ સાર્થક કરવા તેં શું |

| મૂળશ્લોક | હરિગીતછંદ | પૃષ્ટ | વિષય |
|---|---|---|---|
| | | | કર્યું તેના પ્રશ્ન પૂછે છે. |
| ૯૮ | ૩૦૧–૩૦૩ | ૪૬૮–૪૭૩ | મનુષ્યપણું સરખું છતાં સદ્-ગુણ અને દુર્ગુણ વડે તફાવત છે તે દષ્ટાંત વડે સમજાવે છે. |
| ૯૯ | ૩૦૪–૩૦૫ | ૪૭૪–૪૭૮ | વૈરાગ્યવંત પુરૂષ આગળ હાવ-ભાવ કરતી સ્ત્રીને શીખામણ આપે છે. |
| ૧૦૦ | ૩૦૬–૩૦૭ | ૪૭૮–૪૮૫ | મુક્તિરૂપી સ્ત્રીની દષ્ટિ મારા ઉપર ક્યારે પડશે તેવી પોતાની ભાવના જણાવે છે. |
| ૧૦૧ | ૩૦૮ | ૪૮૫–૪૮૯ | જેઓ સત્ય યુક્ત સ્પષ્ટ વચન બોલે છે તેમને સરસ્વતી સ્વયંસિદ્ધ છે એમ જણાવે છે. |
| ૧૦૨ | ૩૦૯–૩૧૦ | ૪૮૯–૪૯૨ | કવિ પોતાનો પરિચય આપે છે. |
| ૧૦૩ | ૩૧૧–૩૧૫ | ૪૯૨–૪૯૬ | વૈરાગ્ય શતક વાંચવાથી મળેલા રસ આગળ બીજા સારા ગણાતા રસ કાંઇ હિસાબમાં નથી તે જણાવે છે. |

| | |
|---|---|
| વિંશતિસ્થાનક પ્રદીપિકા | ૪૯૭–૬૦૫ |
| શીલધર્મદીપિકા | ૬૦૬–૬૨૦ |
| શ્રાવકવ્રત દીપિકા | ૬૨૧–૬૪૪ |

—: શ્રીમાન શ્રેષ્ઠિવર્ય :—



શ્રી ભગુભાઇ ચુનીલાલ સુતરીઆ

## જેમણે આ શ્રીવૈરાગ્યશતકવિગેરે ચાર ગ્રંથો છપાવ્યા તે

# શેઠ ભગુભાઈ ચુનીલાલ સુતરીયા

શ્રી જૈન શાસનરસિક શ્રમણોપાસકાદિ જૈનોના વિશાલ સમુદાયથી અને સંખ્યાબંધ ભવ્ય જિનાલયાદિ ધાર્મિક સ્થાનોથી તથા દાનાદિ ચતુર્વિધ ધર્મારાધક ધર્મવીર દયાવીર દાનવીર વિગેરે હજારો નરરત્નોથી શોભાયમાન જૈનપુરી રાજનગર (અમદાવાદ) ના ભવ્ય ઈતિહાસે ઘણાંએ ઐતિહાસિક મહા ગ્રંથોનું અપૂર્વ ગૌરવ વધાર્યું છે, કારણ કે અહિંના નગરશેઠ વિગેરે જૈનોએ જેમ ભૂતકાલમાં મહા સાર્વજનિક અને મહા ધાર્મિક કાર્યો કર્યા છે, તેમ તેઓ હાલ પણ કરે છે, એમ પ્રત્યક્ષ દેખાય છે. તે ઉપરાંત અહીંના જૈનોએ શ્રી સિદ્ધાચલજી વિગેરે મહા તીર્થોના અને વિશાલ જીવ દયા વિગેરેના ઘણાં કાર્યો પણ કર્યા છે. અને તેઓ હાલ પણ કરે છે. આજ મુદ્દાથી પૂર્વના જૈનોએ ઘણી મહા ધાર્મિક સંસ્થાઓને પણ અહીં જ ઉત્પન્ન કરી છે. બીજી રીતે એમ પણ જરૂર કહી શકાય કે અમદાવાદ એ રત્નોની ખાણ જેવું છે. જેમ રત્નોનું ઉત્પત્તિ સ્થાન રત્નની ખાણ ગણાય છે, તેમ આ રાજનગર પણ હજારો આદર્શ જીવન ગુજારનારા શ્રી જિન શાસનના સ્તંભ સમાન વિવિધ ભાષામય મહાગંભીર અર્થવાલા મહાશાસ્ત્ર કાવ્યાદિને બનાવનાર મહાપ્રતિભાશાલી પવિત્ર સંયમી સૂરિપુંગવ–મહોપાધ્યાય–તથા પંન્યાસ[1] શ્રીજિનવિજયજી

---

૧. શ્રીમાલીવંશ, પિતા ધર્મદાસ, માતા લાડકુંવર, જન્મ રાજનગરમાં વિ. સં. ૧૭૫૨ માં, નામ ખુશાલચંદ, દીક્ષા અમદાવાદમાં, સં. ૧૭૭૦, કા. વ. ૬ બુધ, ગુરૂ ક્ષમાવિ૦, સ્વર્ગવાસ પાદરામાં સં. ૧૭૯૯ શ્રા. સુ. ૧૦, કૃતિ જિન સ્તવન ચોવીશી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી સ્તવન વગેરે.

[2]ઉત્તમવિજયજી પદ્મવિજયજી[3] વીરવિજયજી વિગેરે મહાપુરૂષોની અને ઉદાર આશયવંત દાનવીર સ્વપરહિતેચ્છુ રાજમાન્ય નગરશેઠ શાંતિદાસ, હેમાભાઈ, પ્રેમાભાઈ, શેઠ હઠીસીંહ કેસરીસિંહ, શેઠ મનસુખભાઈ ભગુભાઈ, શેઠ લાલભાઈ દલપતભાઈ વિગેરે નરરત્નોની પણ જન્મ-ભૂમિ છે. એટલું જ નહિ પણ હજારો મહા પુરૂષોની ચરણરજથી પવિત્ર બનેલી આ ભૂમિ છે. એમ ઐતિહાસિક ગ્રંથોના તલસ્પર્શી અનુભવથી જાણી શકાય છે. દાખલા તરીકે અહીંના શેઠ ધનાશાએ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી મહારાજને કાશીના અભ્યાસકાલમાં શાસ્ત્રીને પગાર દેવાની બાબતમાં બે હજાર સોના મ્હોર ખરચી હતી. ત્યાં શ્રી યશોવિજયજીએ ન્યાયશાસ્ત્રનો તથા તત્ત્વચિંતામણિ શાસ્ત્રનો અભ્યાસ ત્રણ વર્ષ સુધી કરીને પંડિતોની સભામાં એક વાદી સંન્યાસીને વાદમાં જીત્યો. આથી પ્રસન્ન થઈને પંડિત વર્ગે ન્યા૦ યશોવિજયજી મહારાજને ન્યાયવિશારદ પદથી

---

૨ જન્મ રાજનગર શામલાની પોળમાં, પિતા લાલચંદ, માતા માણિક. જન્મ સં. ૧૭૬૦ માં, સ્વનામ પુંજાશા, દીક્ષા સં. ૧૭૯૬ વૈ. સુ. ૬ શામલાની પોળમાં, સ્વર્ગવાસ, સં. ૧૮૨૭ માહ સુ. ૮ રવિ, ઉંમર ૬૭ વર્ષ, ગૃહ વાસપર્યાય ૩૮ વર્ષ, દીક્ષાપર્યાય ૨૯ વર્ષ, કૃતિ શ્રી જિનવિ૦ રાસ, અષ્ટ પ્રકારી પૂજા વિગેરે.

૩ જન્મસ્થલ, રાજનગર શામળાની પોળ, જ્ઞાતિ શ્રીમાલિ. પિતાનું નામ ગણેશ, માતાનું નામ ઝમકું, જન્મતિથિ, સં. ૧૭૯૨ ભા સુ. ૨, નામ પાનાચંદ, દીક્ષા સં. ૧૮૦૫ મહા સુદ ૫, રાજનગર પાચ્છાવાડી (શાહીબાગ) માં, શ્રી વિજયધર્મસૂરિએ સં. ૧૮૧૦ માં પંડિત પદ આપ્યું, સ્વર્ગવાસ તિથિ રાજનગરમાં. સં. ૧૮૬૨ ચ. સુ. ૪, કવિ હતા. ૫૫૦૦૦ નવા શ્લોક બનાવ્યા, ગૃહવાસ વર્ષ ૧૪ માસ ૬, દીક્ષાપર્યાય ૫૭ વર્ષ, કૃતિ–જયાનંદ કેવલી ચરિત્ર, ચૌમાસી દેવવંદન, જિનસ્તવન ચોવીશી, નવપદ પૂજા, ઉ. શ્રી યશો. કૃત ૧૫૦–૩૫૦ ગાથાના સ્તવનનો બાલા૦ વિગેરે ॥

વિભૂષિત કર્યા. તે પછી આગ્રા શહેરમાં ચાર વર્ષ સુધી રહીને બાકીના તાર્કિક ગ્રંથોનો અભ્યાસ કર્યો અને બનારસીદાસના શિષ્ય કુંવરજીને શાસ્ત્ર ચર્ચામાં હરાવ્યો. ત્યાર બાદ વિહાર કરીને અહીં રાજનગરની નાગોરીશાલામાં પધાર્યા, અહીં માબતખાન નામે સૂબો હતો, તેણે શ્રી યશોવિજયજીની વિદ્વત્તા સાંભળીને બહુ માનપૂર્વક સભામાં બોલાવ્યા. અહીં ઉપા૦ યશોવિજયજીએ ૧૮ અવધાન કર્યા, આવું બુદ્ધિચાતુર્ય જોઈને તે સૂબો ઘણો ખૂશી થયો, અને તેણે માનસહિત ઉપાધ્યાયજીને સ્વસ્થાને પ્હોંચાડયા. આથી જિનશાસનની ઘણી પ્રભાવના થઈ. વિ૦ સં૦ ૧૭૧૮ માં અહીંના સંઘની વિનંતિથી અને શ્રીદેવસૂરિજી મહારાજની આજ્ઞાથી શ્રીવિજયપ્રભસૂરિજીએ શ્રીયશોવિજયજીને ઉપાધ્યાય પદથી વિભૂષિત કર્યા. આવા ઘણાં મહાપુરૂષોના વિહારથી પવિત્ર બનેલી આ (રાજનગરની) ભૂમિ છે, તેમજ ઘણાં મહાપુરૂષોએ બહુ ગ્રંથોની રચના પણ અહીં કરી છે. એમ ઉ૦ ધર્મસાગરજીકૃતકલ્પસૂત્રકિરણાવલી વિગેરે ગ્રંથોના અંતિમ ભાગની પ્રશસ્તિ ઉપરથી જાણી શકાય છે.

આ અમદાવાદની ગુસાપારેખની પોળના રહીશ દેવગુરૂ-ધર્માનુરાગિ–શેઠ ભગુભાઈનો જન્મ વિ૦ સં. ૧૯૩૧ ના ભાદરવા સુદિ છટ્ઠે થયો હતો. તેમના પિતાશ્રીનું નામ શેઠ ચુનીલાલ અને માતુશ્રીનું નામ દીવાલીબાઈ હતું. "પ્રબલ પુણ્યોદયે ધર્મિષ્ઠ કુટુંબમાં જન્મ પામેલા ભવ્યજીવોના ધાર્મિક સંસ્કાર સ્વભાવે જ ઉંચકોટીના હોય છે." આ નીતિશાસ્ત્રના વચન પ્રમાણે શેઠ ભગુભાઈના પણ ધાર્મિક સંસ્કારો શરૂઆતથી જ તેવા પ્રકારના જણાય છે, યોગ્ય ઉંમરે મેટ્રીક સુધી વ્યાવહારિક શિક્ષણ સહિત જરૂરી ધાર્મિક શિક્ષણ લીધા બાદ તેઓ પોતાની 'શેઠ ચુનીલાલ ખુશાલદાસના નામે ચાલતી પેઢીનો વ્યવહાર ચલાવવા. લાગ્યા તેમનામાં સંવિગ્ન ગીતાર્થ–આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ તથા આચાર્યશ્રીવિજયનીતિસૂરિજીમહારાજ વિગેરે ગુરૂ

વર્યોના સમાગમ–વ્યાખ્યાન શ્રવણાદિ શુભ નિમિત્તોની સેવનાથી દેવગુરૂ ધર્મની તીવ્રલાગણી અને પ્રભુપૂજા તીર્થયાત્રા તપના ઉજમણા સામાયિક પ્રતિક્રમણ પૌષધ ઉપધાન વીસસ્થાનકતપ બારવ્રત વિગેરે ધર્મક્રિયાની પરમ ઉલ્લાસથી આરાધના અને શ્રી સિદ્ધગિરિજીની નવાણુયાત્રા વિગેરે સદ્ગુણો વિશેષ પ્રમાણમાં પ્રતિદિન વધતા જણાય છે. તેઓ દાનાદિ ગુણોને લઈને રાજનગરની અગ્રગણ્ય વ્યકિતઓમાં ગણવા લાયક છે. અને અખિલ ભારત વર્ષીય શ્વેતાંબર મૂર્ત્તિપૂજક શ્રી સંઘની આણંદજીકલ્યાણજીના નામે ચાલતી પેઢીના પ્રતિનિધિ છે. શેઠ. ભગુભાઈ પૂર્વે જણાવ્યા મુજબ અવિચ્છિન્ન પ્રભાવશાલી ત્રિકાલાબાધિત શ્રી તીર્થંકરદેવે પ્રકાશેલા–લોકોત્તર કલ્પવૃક્ષ જેવા–શ્રીજૈનેન્દ્રશાસનના અનન્ય ઉપાસક છે. તેમણે શ્રી પ્રભુમંદિર વિગેરે સાત ધાર્મિક ક્ષેત્રોને પોષવામાં અને પોતાના ખર્ચે ઉપધાન તપ, તીર્થયાત્રા અઠ્ઠાઈમહોત્સવ વિગેરે ધાર્મિક કાર્યોમાં પણ પૂર્ણ ઉલ્લાસથી ચપલ લક્ષ્મીનો સદુપયોગ કર્યો છે, અને કરે છે. શેઠ ભગુભાઈએ જ્ઞાન ગુણની આરાધના નિમિત્તે આ ૧ શ્રી વૈરાગ્યશતક ૨ વિંશતિ સ્થાનક પ્રદીપિકા ૩ શીલધર્મ દીપિકા ૪ શ્રાવક વ્રત દીપિકા શ્રી જૈનગ્રંથ પ્રકાશક સભા (કાર્યવાહક શા. ઈશ્વરદાસ મૂલચંદ)ની મારફત છપાવ્યા છે. તે તેમના હાથે ખપી જીવોને ભેટ અપાશે. આવાકાર્યની અનુમોદના કરીને બીજા પણ ધર્મિષ્ઠ ધનિક ભવ્યજીવો આવા આત્મહિતદર્શક અને નિજગુણ રમણતાને વધારનાર ગ્રંથોને છપાવવામાં ક્ષણભંગુર લક્ષ્મીનો સદુપયોગ કરી માનવ જન્મ સફલ કરે, એજ શુભેચ્છા.

લિ૦ **શ્રીજૈનગ્રંથ પ્રકાશક સભા.**

॥ णमो सिद्धचक्कस्स ॥

॥ णमो परमगुरुणेमिसूरीणं ॥

परमोपकारिशिरोमणि–पूज्यपाद–तपोगच्छाधिपति–
सुगृहीतनामधेय–परमगुरु–आचार्यवर्यश्रीविजय–
नेमिसूरीश्वर–विनेयाणु–शास्त्रविशारद–कवि–
दीवाकर–आचार्यश्री विजयपद्मसूरिप्रणीत
प्रतिशब्दार्थ–छंदोबद्धगौर्जरीटीका–
संक्षेपार्थ–स्पष्टार्थसमेत–जैनकवि
श्रीपद्मानंदविरचितं

# श्रीवैराग्यशतकं

અવતરણ— જૈન કવિ શ્રીપદ્માનંદ ગ્રંથની શરૂઆતમાં મંગલાચરણ કરે છે:—

त्रैलोक्यं[२] युगपत्[३]करांबुजलुठन्मुक्तावदालोकते[४] ।
जंतूनां[५] निजया[६] गिरा[७] परिणमद्[८]यः[१] सूक्तम्[९]आभाषते[१०] ॥

૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

**स श्रीमान् भगवान्विचित्रविधिभिर्देवासुरैरर्चितो ।**

૧૭ ૨૦ ૧૮ ૧૯

**वीतत्रासविलासहास्यरभसः पायाज्जिनानां पतिः ॥१॥**

**त्रैलोक्यं**=ત્રણ લોકને
**युगपत्**=એકી વખતે
**करांबुजलुठत्**=હાથરૂપી કમળમાં આળોટતા
**मुक्तावत्**=મોતીની પેઠે
**आलोकते**=જુએ છે
**जन्तूनां**=સર્વ જીવોને
**निजया**=પોતપોતાની
**गिरा**=ભાષાએ, બોલીમાં
**परिणमत्**=પરિણમે, સમજાય એવું
**यः**=જે પ્રભુ
**सूक्तं**=વચન, (દેશના)
**आभाषते**=કહે છે, (આપે છે.)
**स**=તે
**श्रीमान्**=જ્ઞાનાદિ લક્ષ્મીવાળા
**भगवान्**=ઐશ્વર્યવાળા
**विचित्र**=જૂદા જૂદા
**विधिभिः**=પ્રકારે
**देवासुरैः**=દેવો અને અસુરો વડે
**अर्चितः**=પૂજાએલા
**वीत**=દૂર કર્યા છે
**त्रास**=ભય
**विलास**=ચાળા
**हास्य**=હસવું
**रभसः**=આરંભ જેમણે
**पायात्**=રક્ષણ કરે, બચાવે, પવિત્ર કરે.
**जिनानां**=સામાન્ય કેવલીઓના (માં).
**पतिः**=નાયક, અગ્રેસર

ટીકાકાર મંગલાચરણ કરે છે:—

॥ હરિગીત છંદ ॥

**જસ ધ્યાન આપે સિદ્ધિને, સવિ કાર્યની પાયક સદા,**
**નૃપ મોહના પંજા થકી, શ્રીસિદ્ધચક્ર થુણી સદા;**
**નાભેય પ્રભુ શ્રીશાન્તિ નેમિ, પાસ સિરિ મહાવીરને,**
**પ્રણમી પ્રણયથી પંચને, ચિત્તે ધરીને ધ્યાનને. ૧**

શ્રુત યોગની સંપદ તણા, દાયક પરમ ઉપકારકા,
ગુણરયણના ભંડાર જિનપતિ શાસનોન્નતિકારકા;
ગુરૂ નેમિસૂરીશ ચરણને સમરી તથા વંદન કરી,
વૈરાગ્ય શતકે છંદમાં ટીકા રચું કવિતા કરી. ૨

કર પંકજે આળોટતા મોતી પરે ત્રણ લોકને,
છે જુએ જે સર્વને સમજાય તેવા વેણને;
ઉચ્ચરે સુર અસુરથી પૂજાયલા બહુ ભેદથી,
ત્રાસ હાસ્ય વિલાસ ને આરંભ જેનામાં નથી. ૩

કેવલી જિનનાથ પ્રભુ સન્મુખ સદા ઉભા રહી,
બે હાથ જોડી માન મોડી મુક્તિને મનમાં ચહી;
હે ભવ્ય જીવો ! વીનવો ભવજાલથી રક્ષણ કરો,
કર્મરૂપ મેલે મલિન મુજ આત્મને પાવન કરો. ૪

અક્ષરાર્થઃ—(૧) જે શ્રી જિનેશ્વર ભગવાન ઉર્ધ્વ-લોક અધોલોક અને તિર્ચ્છાલોકને એટલે ત્રણે લોકમાં રહેલા જીવાજીવાદિ પદાર્થોના સંપૂર્ણ સ્વરૂપને એકી સાથે (વખતે) હસ્તકમલમાં (નજર આગળ) રહેલા મોતીની પેઠે દેખે છે. અને (૨) જે પ્રભુ દેશનાને સાંભળનારા જીવો (જેવી રીતે) પોત પોતાની બોલીમાં સમજી શકે તેવું વચન બોલે છે. (૩) વળી જે પ્રભુ દેવ અને અસુરો વડે જુદી જુદી રીતે પૂજાયા છે. તથા (૪) જે પ્રભુએ ભય, ચાળા, હસવું, ઔત્સુકયવાળી પ્રવૃત્તિ રૂપ (ગાભરાપણું) દોષો દૂર

કર્યા છે એવા સામાન્ય કેવલી ભગવંતોના સ્વામી જિનેશ્વર શ્રી તીર્થંકર મહારાજા સર્વ જીવોનું રક્ષણ કરો અથવા બધા જીવોને પવિત્ર કરો. ૧

સ્પષ્ટાર્થ:—કેવળ જ્ઞાન રૂપી લક્ષ્મી આદિ ઐશ્વર્યવાળા, સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવાન કેવલ દર્શનના ઉપયોગથી ઉર્ધ્વલોક અધોલોક ને તીચ્છાલોક એમ ત્રણે લોકને (જગતને) પોતાના હસ્ત કમળમાં આળોટતા મોતીના દાણાની પેઠે એકી વખતે ( એક સમયમાં ) જુએ છે. આથી કવિએ પ્રભુનો જ્ઞાનાતિશય જણાવ્યો. વળી જે પ્રભુની દેશનાને ( વાણીને ) નારકી સિવાયના સર્વે સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીઓ પોત પોતાની જન્મભૂમિની ( મૂળ ) ભાષામાં સમજી શકે છે, તેથી સાંભળનારા ભવ્ય જીવોને પરમ હર્ષ પ્રાપ્ત થાય છે. આ વિશેષણથી પ્રભુનો વચનાતિશય જણાવ્યો. વળી વ્યન્તર જ્યોતિષી ને વૈમાનિક એ ત્રણ જાતિના દેવો અને અસુરો ( ભવનપતિ દેવો ) ભવિષ્યમાં મુક્તિ પામવાને અને પૂર્વ ભવમાં બાંધેલાં કિલષ્ટ કર્મોને દૂર કરવા માટે જે પ્રભુની જૂદી જૂદી રીતે એટલે અષ્ટપ્રકારી, સત્તરભેદી, એકવીસભેદી, વિગેરે પ્રકારે પૂજા કરે છે. તથા જે પ્રભુએ સાતે પ્રકારના ભય, મોહના ચાળા, હાસ્ય અને ઔત્સુક્યવૃત્તિ ( ઉતાવળ —અસ્થિરતા—ગાભરાપણું વિગેરે ) સર્વથા દૂર કર્યા છે. એવા શ્રી તીર્થંકર પ્રભુ ગ્રન્થકર્તાનું અને આ ગ્રન્થ ભણનાર સાંભળનાર ભવ્ય જીવોનું સંસાર ભ્રમણના દુઃખોથી રક્ષણ કરો અથવા બન્નેને પવિત્ર કરો. [ पा ધાતુનો રક્ષણ કરવું ને પવિત્ર કરવું એમ બન્ને અર્થ થાય છે ] આ પ્રથમ

શ્લોકમાં જેમ પ્હેલા બે પાદમાં અનુક્રમે જ્ઞાનાતિશય અને વચનાતિશય જણાવ્યા, તેવી રીતે "देवासुरैरर्चितः" આ પદથી પૂજાતિશય અને "वितत्रासेत्यादि" પદથી અપાયાપગમાતિશય જણાવ્યો. કવિએ આ શ્લોકમાં ઇષ્ટદેવને નમસ્કાર કરીને શિષ્ટાચારનું પાલન કર્યું છે. કારણ કે શિષ્ટ પુરૂષો ગ્રંથ રચનાદિ પ્રવૃત્તિ કરતાં ગ્રંથની શરૂઆતમાં જરૂર મંગલાચરણ કરે છે. નિર્વિઘ્નપણે ગ્રંથને પૂરો કરવામાં અને પૂર્ણ થતાં સુધીમાં આવતાં વિઘ્નોને અટકાવવામાં અપૂર્વ સાધન મંગલ છે. આવા પ્રાચીન શ્લોકોમાં ચાર અતિશયોની સંકલના વધારે પ્રમાણમાં દેખાય છે. તે પ્રમાણે નવીન રચનામાં તેવી સંકલના થતી જોવાય છે. આ શ્લોકમાં ચાર અતિશયો જણાવવાનું રહસ્ય એ છે કે-જેઓ વિશિષ્ટ પુણ્ય શાલી સંપૂર્ણ નિર્મલ જ્ઞાનવંત હોય, ઉપદેશને સાંભળનાર બધા જીવોને સમજાય એવા અલૌકિક વચનને બોલતા હોય, ઇંદ્રાદિ દેવો પણ જેમની પૂજા કરતા હોય, તેવા મહા પ્રભાવશાલી પુરૂષોનું મંગલાચરણ કરવું જોઇએ. તેમજ સ્મરણ વંદન પૂજન વિગેરે સ્વરૂપ ઉચિત દ્રવ્ય ભાવ ભક્તિ કરવાથી સાધ્યસિદ્ધિ જરૂર થાય છે. આ વાતને લક્ષ્યમાં રાખીને કવિએ આ શ્લોકમાં અપાયાપગમાતિશયાદિ ચાર અતિશયો જણાવ્યા છે. "वैराग्यशतकम्" આ ગ્રંથના નામ ઉપરથી અનુબંધ ચતુષ્ટય એટલે (૧) અધિકારી (૨) અભિધેય (૩) પ્રયોજન અને (૪) સંબંધ આ ચાર પદાર્થોનું જ્ઞાન થઈ શકે છે. (૧) મોહના મુખ્ય સાધન સ્ત્રી અને ધન છે. તે બંનેને દુઃખના સાધન જાણીને વૈરાગ્ય પામીને મોક્ષ માર્ગને સાધવાની ચાહના કરનારા ભવ્ય જીવો આ ગ્રંથના

અધિકારી એટલે આ ગ્રંથને ભણવા લાયક છે. (૨) સંસારી જીવો જે પદાર્થોમાં મોહ રાખે છે, તે પદાર્થોનું ક્ષણભંગુરપણું, દુઃખને અને દુર્ગતિને દેવાપણું સમજીને વૈરાગ્ય તપ સંયમાદિ પદાર્થો જ આત્માનું કલ્યાણ કરવા એટલે અવ્યાબાધ નિત્ય અને સંપૂર્ણ મુક્તિના સુખને દેનાર છે એમ ઉપદેશ દઇને સમજાવવું. એ આ ગ્રંથનું અભિધેય અહીં કહેવાની બીના) છે. (૩) પ્રયોજનના મુખ્ય બે ભેદ છે. અનંતર પ્રયોજન અને પરંપર પ્રયોજન. તેમાં આ ગ્રંથના અધ્યયનાદિથી જે ફલ તાત્કાલિક (થોડા વખતમાં) મળે, તે અનંતર પ્રયોજન કહેવાય. ગ્રંથકારને ઉદ્દેશીને અનંતર પ્રયોજન એ છે કે ભવ્ય જીવોના હ્રદયમાં વિષય કષાયાદિ કર્મ બંધના કારણોથી બચવાની અને મુક્તિના વૈરાગ્યાદિ સાધનોને સેવવાની ભાવના જગાડવી. અને આ ગ્રંથના શ્રોતા તથા અધ્યયનાદિ કરનારા ભવ્ય જીવોને ઉદ્દેશીને અનંતર પ્રયોજન એ છે કે વિષયાદિની ઉપર અરૂચિ ભાવ પ્રકટાવવો. અને તેવો ભાવ આ ગ્રંથના અધ્યયનાદિથી જરૂર પ્રકટે છે. તથા ગ્રંથકારનું અને અધ્યયનાદિ કરનારા ભવ્ય જીવોનું અનુક્રમે પરંપર પ્રયોજન એ છે કે પરોપકાર અને વૈરાગ્યાદિની સેવનાથી મુક્તિના સુખો પામવા. લાંબા કાળે જે ફલ મળે, તે પરંપર પ્રયોજન કહેવાય. (૪) સંબંધ–શબ્દ રચનામય આ ગ્રંથનો તેના અર્થની સાથે વાચ્ય વાચક ભાવ સંબંધ છે, અથવા કાર્ય કારણ ભાવ સંબંધ છે. એટલે વૈરાગ્ય રૂપ અર્થ વાચ્ય છે. અને તેને કહેનારો (જણાવનારો) આ ગ્રંથ છે. એમ વાચ્ય વાચકભાવ સંબંધ ઘટાવવો. અને વૈરાગ્ય ગુણને પ્રકટાવવા રૂપ કાર્યને ઉત્પન્ન

કરવામાં આ ગ્રંથ કારણ છે. આ રીતે કાર્ય કારણ ભાવ સંબંધ ઘટાવવો. આ પ્રમાણે ચાર અનુબંધની બીના જણાવવા પૂર્વક પ્હેલા શ્લોકનું રહસ્ય જણાવી દીધું. જેઓ અધિકારી વિગેરે ચાર અનુબંધની બીના બરોબર જાણે છે, તે ભવ્ય જીવો સ્હેલાઇથી ને આનંદથી ગ્રંથને ભણે છે ને સાંભળે છે. પરિણામે વૈરાગ્યાદિ ગુણોને સાધીને મોક્ષ પદને પામીને પામેલા માનવ ભવના મુખ્ય સાધ્યને જરૂર સાધે છે. (૧)

અવતરણ—હવે મહાશય ચક્રવર્તી ગ્રન્થકાર કવિ મહાવૈરાગ્યવંત યોગી પુરૂષોને તેમનો ગુણાનુવાદ કરવા પૂર્વક વંદન કરે છે.

**यैः[१] क्षुण्णाः[४] प्रसरद्विवेकपविना[२], कोपादिभूमीभृतो[३] ।**
**योगाभ्यासपरश्वधेन[६] मथितो[८] यैर्मोहधात्रीरुहः[५] ॥[७]**
**बद्धः[१२] संयमसिद्धमंत्रविधिना[१०], यैः[९] प्रौढकामज्वर[११]–**
**स्तान्[१३]मोक्षैकसुखानुषंगरसिकान्[१४]वंदामहे[१६] योगिनः[१५] ॥२॥**

**यैः**=જેઓએ
**क्षुण्णाः**=તોડયા, ચુર્ણ કરી નાખ્યા
**प्रसरद्**=પ્રસરતા, વધતા, ફેલાતા.
**विवेकपविना**=વિવેકરૂપી વજ્રવડે.
**क्रोधादिभूमीभृतः**=ક્રોધાદિ કષાય રૂપી પર્વતો.
**योगाभ्यासपरश्वधेन**=યોગ (માર્ગ)ની વારંવાર સાધના કરવારૂપી કુહાડાવડે.
**मथितः**=છેદ્યો, કાપી નાખ્યો.
**मोहधात्रीरुहः**=મોહ રૂપી વૃક્ષ (ઝાડ).
**बद्धः**=અટકાવ્યો, ઉતાર્યો.

**संयमसिद्धमंत्रविधिना**=સંયમ-રૂપી સિદ્ધ મંત્ર (વિધિપૂર્વક ઘણી વાર સાધેલા મંત્ર)ના સાધનવડે (ગણવાવડે).

**यैः**=જે યોગીઓએ.

**प्रौढकामज्वरः**=મોટા (ઘણા ટાઇમથી વળગેલા) કામ (વિષયવાસના) રૂપી તાવ.

**तान्**=તેઓને.

**मौक्षैकसुखानुषंगरसिकान्**=મોક્ષના અદ્વિતીય (નિરૂપમ) સુખને મેળવવામાં અધિક રસ-ઇચ્છાવાળા (ખંતથી પ્રયત્નશીલ) એવા તે.

**वंदामहे**=વંદના કરીએ છીએ.

**योगिनः**=સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગને સાધનારા યોગીઓને.

વધતા વિવેક સ્વરૂપ વજ્રે શીઘ્ર તોડયા જેમણે,
ક્રોધ આદિ કષાય રૂપી પર્વતો નિશ્ચલ મને;
ઝાડ કાપે જિમ કુહાડો તેમ મમતા ઝાડને,
યોગ સેવન રૂપ કુહાડે કાપી નાંખ્યું જેમણે. ૫

જિમ તાવ ઉતરે મંત્રથી તિમ કામ રૂપી તાવને,
ચારિત્ર રૂપ સિદ્ધ મંત્રથી ઝટપટ ઉતાર્યો જેમણે;
તે મોક્ષના સુખ પામવાને બહુ રસિક યોગિજનો,
તેમને વંદન અમે કરીએ હરખ ધારી ઘણો. ૬

દેહ જૂદો જીવ જૂદો એહવી સમજણ ખરી,
બોધ કાર્યાકાર્યનો વ્યાખ્યા વિવેક તણી ભલી;
આ વિવેકે ભવ્ય જીવો ચઉ કષાયો ટાલતા,
તિણ વજ્રતુલ્ય વિવેક તિમ ગિરિસમ કષાયો બોલતા. ૭

યોગના અભ્યાસીને કહી મોહ નૃપ કનડે નહી,
શ્રદ્ધાદિ નિર્મલ સાધવા ઇમ યોગની વ્યાખ્યા કહી;
બહુ વાર વિધિએ જેહ સાધ્યો જાણવો સિદ્ધ મંત્ર એ,
તાસ સમ ચારિત્ર યોગે ભોગ ઇચ્છા વારીએ. ૮

રાજા થઇ દીક્ષા લીએ રાજર્ષિ તેવા જાણીએ,
સુવિવેકથી ક્રોધાદિ હણતા પ્રસન્નચંદ્ર વખાણીએ;
યોગના અભ્યાસથી જો મોહ હણવા ચાહના,
તો જીવ ! નિત્ય વિચારજે ગુણ સ્થૂલિભદ્ર મુનીશના. ૯

પૂજ્ય જંબુ સ્વામીએ આ કામ રૂપી તાવને,
ચારિત્ર મંત્ર વડે ઉતાર્યો કેમ ભૂલીએ તેમને;
સમ્યક્ત્વ શીલરૂપ તુંબડા ધરનાર જંબૂ સ્વામીજી,
ડૂબે નહી લલના સમુદ્રે એમ સમજો પણ હજી. ૧૦

અક્ષરાર્થ—જે યોગીશ્વરોએ વિસ્તાર પામતા ( ફેલાતા ) વિવેક રૂપી વજ્રથી ક્રોધ માન માયા અને લોભ રૂપી પર્વતોને તોડી નાખ્યા છે, ( પર્વતોનો ચૂરો કરી નાખ્યો છે ) તથા જે યોગીશ્વરોએ યોગના અભ્યાસ રૂપ કુહાડાથી મોહ રૂપી ઝાડને કાપી નાખ્યું છે, તથા જેઓએ સંયમ રૂપી વારંવાર સાધેલા મંત્રના આરાધનથી કામ રૂપી તાવને બાંધી દીધો છે (વધતો અટકાવી દીધો છે) તેવા મોક્ષ સુખ પ્રાપ્ત કરવામાં અત્યંત રસ ( લાગણી, ઉત્કંઠા ) વાળા તે યોગીશ્વરોને અમે વંદના કરીએ છીએ. ૨

**સ્પષ્ટાર્થ**—જેમ ઇંદ્રનું વજ્ર મોટા મોટા પર્વતોને પણ તોડી નાંખે છે તેમ જે યોગી પુરૂષો વિવેક રૂપી વજ્રથી મૂલ ભેદે કરીને ક્રોધ માન માયા ને લોભ એમ ચારે કષાય રૂપી પર્વતોને તોડી નાખે છે. અહિં **વિવેક** શબ્દનો અર્થ એ છે કે-શરીરના અને મારા આત્માના ધર્મ જૂદા જૂદા છે. શરીર જડ છે વિનશ્વર છે, ત્યારે હું ( આત્મા ) જ્ઞાનવંત છું નિત્ય છું. એવો જે વિચાર કરવો તે વિવેક કહેવાય. અથવા મારે ખાવા લાયક, પીવા લાયક, કરવા લાયક, વિચારવા લાયક, બોલવા લાયક શું છે? ને નહિં ખાવા પીવા વિચારવા લાયક શું છે? નહિં બોલવા લાયક શું છે? આ પ્રશ્નોને સમજવા પૂર્વક કૃત્ય અકૃત્યની જે વ્હેંચણ કરવી ( ફરક સમજવો ) તે વિવેક કહેવાય. આવા વધતા વિવેકથી જ કષાયોનો પૂરેપૂરો ક્ષય થાય છે. આ મુદ્દાથી ગ્રન્થકાર કવિએ વિવેકને વજ્રની ને ક્રોધાદિ કષાયોને પર્વતની ઉપમા બરાબર આપી છે. અને જેવી રીતે કુહાડાથી મોટાં મોટાં ઝાડ કાપી શકાય છે તેવી રીતે યોગી પુરૂષો નિર્મલ જ્ઞાન દર્શન ને ચારિત્રની આરાધના રૂપ યોગના અભ્યાસ રૂપી કુહાડાથી ( જ્ઞાનાદિના વારંવાર સેવન રૂપી કુહાડાથી ) મોહ રૂપી ઝાડને કાપી નાખે છે. એટલે યોગની નિર્દંભ સાધના કરનારને મોહની પીડા હોતી નથી. વળી ઝાડને જેમ થડ વગેરે હોય છે તેમ મોહ રૂપી ઝાડને થડ સરખું મિથ્યાત્વ મોહનીય છે, દર્શન મોહનીયના મૂળ ભેદો અને ચારિત્ર મોહનીયના મૂળ ભેદો રૂપ ડાળીઓ છે, અને તે બન્નેના ઉત્તર ભેદો રૂપ પાંદડાં છે. શબ્દાદિ વિષયોમાં ભેદ પ્રભેદ રૂપ ફૂલો છે એમ જાણવું. તથા વિવિધ પ્રકારની વિટંબણાઓ એ ફળ

છે, એવા અભિપ્રાયથી કવિએ મોહને ઝાડની જેવો કહ્યો છે. એવા મોહ રૂપી ઝાડને છેદવામાં કોઇ પણ સમર્થ હોય તો એક આ યોગના અભ્યાસ રૂપી કુહાડો જ છે. જેમ કુહાડો વૃક્ષ આદિ વસ્તુઓને મૂળમાંથી ઉખેડી નાખે છે તેમ મોહનો મૂળમાંથી નાશ કરવાને સમ્યગ્દર્શનાદિ ત્રણની વારંવાર આરાધના કરવી જ જોઈએ, એવા આશયથી યોગાભ્યાસને કુહાડાની ઉપમા આપી છે.

તથા જેમ વિધિ પૂર્વક સાધેલા મંત્રથી તાવ ઉતરી જાય છે, પરન્તુ વિધિની સાધના કર્યા વિના સાધેલા મંત્રથી તાવ ન જ ઉતરી શકે ( એ ભાવ **मन्त्र** શબ્દની પ્હેલાં મૂકેલા **सिद्ध** શબ્દથી જાણી શકાય છે ) તેવી રીતે યોગી મહાત્માઓ સંયમ રૂપી સિદ્ધ મંત્રથી કામ રૂપી તાવને ( વિષયવાસના અથવા ભોગ તૃષ્ણાને ) ઉતારી નાખે છે. આથી સાબીત થાય છે કે–ભોગ તૃષ્ણાનો અથવા વિષયવાસનાનો ઉપદ્રવ દૂર કરવાને સંયમ એ જ અપૂર્વ સાધન છે. વળી ગ્રન્થકારનો બીજો આશય એ પણ જાણી શકાય છે કે–ઇષ્ટ સિદ્ધિનાં અનેક સાધનોમાં સંયમ એ મુખ્ય સાધન છે, તેની વારંવાર નિર્મળ આરાધના કરવાથી તે સિદ્ધમંત્રના જેવું કામ કરે છે. માટે જ સંયમને સિદ્ધમંત્રની ઉપમા આપી છે. જેમ ઘણા સખ્ત તાવવાળો માણસ પોતાની પૂર્વ સ્થિતિને ભૂલી જઇને વિચારનો ભાષાનો ને ક્રિયાનો ( મન વચન કાયાની પ્રવૃત્તિનો ) કાબુ ગુમાવી બેસે છે, તેવી રીતે કામી પુરૂષ પણ વિચાર વાણી અને ક્રિયાનો કાબુ ગુમાવી બેસે છે. તેથી આ વિચાર વ્યાજબી છે કે ગેરવ્યાજબી ? હું બોલું છું તે યોગ્ય છે કે અયોગ્ય ? હું જે કંઇ કરૂં છું તે વ્યાજબી

છે કે ગેરવ્યાજબી ? આ કાર્યનું ભાવી પરિણામ સારૂં આવશે કે નરસું ? આવો ખ્યાલ કામાતુર માણસને કદી આવતો જ નથી, એ આશયથી જ કવિએ કામવાસનાને તાવની ઉપમા આપી છે. એથી એમ સાબીત થાય છે કે સંયમી મહાત્માઓને કામદેવ તલભાર પણ ઇજા કરી શકતો નથી, કારણ કે એ મહાત્માઓ પાસે કામદેવને વશ કરવાનું અપૂર્વ સાધન સંયમ છે, એવા સંયમ સાધનથી મોક્ષસુખને મેળવવા નિરંતર લાગણીથી ઉદ્યમ કરનારા યોગી (મુનિ-સાધુ-અણગાર) પુરૂષોને અમે વંદના કરીએ છીએ. બાલ-જીવોને વસ્તુસ્વરૂપ સ્પષ્ટ સમજાવવા માટે ઘણીવાર મહા પુરૂષો એક બીજાનો સમાવેશ એક બીજામાં થતો હોય છતાં તે તે પદાર્થને અલગ જણાવે છે. આ નિયમ પ્રમાણે ક્રોધાદિ કષાય અને કામ એ બધા ભેદો મોહનીય કર્મના જ છે, છતાં સ્પષ્ટપણે સમજાવવાની ખાતર જૂદા જૂદા જણાવ્યા છે. આ બીજા શ્લોકમાં જણાવ્યા મુજબ વર્તન કરનારા મહા પુરૂષો ભૂતકાલમાં શ્રી મલ્લિનાથ પ્રભુ, શ્રી નેમિનાથ ભગવાન, ગજસુકુમાલ, ધન્ય અણગાર, ધન્નાશાલિભદ્ર, શ્રી ગૌતમસ્વામી વિગેરે ગણધર ભગવંતો, શ્રી જંબૂસ્વામી મહારાજ, શ્રી સ્થૂલિભદ્ર સ્વામી, વજસ્વામીજી વિગેરે ઘણા થઇ ગયા. તેમના જીવનનો વિચાર કરવાથી કષાય-કામ-મોહાદિ અંતરંગ શત્રુને જીતવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકાય છે. શુભ પદાર્થોની સાથે રહેલા વિવેક શબ્દનો અર્થ (તફાવત) કરવો. પણ અશુભ પદાર્થોની સાથે રહેલો વિવેક શબ્દ 'ત્યાગ' અર્થમાં પણ વપરાય છે. જેમ ક્રોધ વિવેક એટલે ક્રોધનો ત્યાગ કરવો. વિગેરે વિવેક ગુણને પ્રકટ

કરવાની અભિલાષાવાળા ભવ્ય જીવોએ સત્પુરૂષોનો સમાગમ કરવો, તેમની સેવના કરવી, તેમના ઉપદેશને સાંભળવો. પ્રભુ પૂજા સામાયિક ઉપધાન પૌષધ વિગેરે શુભ નિમિત્તોની સેવના જરૂર કરવી જ જોઇએ. એમ કરતાં પરિણામે અશુભ નિમિત્તોને જરૂર જીતી શકાય છે. કવિએ આ મુદ્દો અહીં જાળવ્યો છે. ૨.

**અવતરણ**—હવે ગ્રન્થકાર કવિ કંચન (દ્રવ્ય) કામિની (સ્ત્રી) અને ઘર વિગેરેનો મોહ છોડીને નિ:સંગ બનેલા મુનિવરોને આશીષ આપે છે–

૧ ૬ ૫ ૨ ૩ ૪
**यैस्त्यक्ता किल शाकिनीवदसमप्रेमांचिता प्रेयसी ।**
૮ ૭ ૯ ૧૧ ૧૦
**लक्ष्मीः प्राणसमाऽपि पन्नगवधूवत्प्रोज्झिता दूरतः ॥**
૧૫ ૧૨ ૧૪ ૧૩
**मुक्तं चित्रगवाक्षराजिरुचिरं वल्मीकवन्मंदिरं ।**
૧૬ ૧૯ ૨૦ ૧૭ ૧૮
**निःसंगत्वविराजिताः क्षितितले नन्दन्तु ते साधवः ॥३॥**

**यैः**=જેઓએ
**त्यक्ता**=તજી છે
**किल**=નિશ્ચયે
**शाकिनीवत्**=ડાકણની જેવી (માનીને)
**असम**=ઘણા
**प्रेमांचिता**=પ્રેમવાળી
**प्रेयसी**=સ્ત્રી
**लक्ष्मी**=ધન, સંપત્તિ
**प्राणसमापि**=પ્રાણ સરખી વહાલી પણ
**पन्नगवधूवत्**=સર્પિણીની જેવી (ગણીને)
**प्रोज्झिता**=તજી છે
**दूरतः**=દૂરથી
**मुक्तं**=છોડી દીધું છે
**चित्रगवाक्षराजिरुचिरं**=ચિત્રવાળા ઝરૂખાની શ્રેણી–સમૂહવડે મનોહર

**वल्मीकवत्**=સર્પના રાફડાની જેવું (ગણીને)

**मंदिरं**=ઘર

**निःसंगत्व**=સંગરહિતપણાએ કરીને

**विराजिताः**=શોભતા

**क्षितितले**=પૃથ્વીતળમાં (જગતમાં)

**नन्दन्तु**=આનંદ પામો, જ્ઞાનાદિ સમૃદ્ધિ પામો. ( જયવંતા વર્તો )

**ते**=તે (પૂર્વોક્ત વિશેષણોવાળા)

**साधवः**=સાધુ પુરૂષો, મુનિવરો.

નર દૂર ભાગે જેમ ક્રૂર વિકરાલ ડાકણ જોઇને,
તિમ નાર ડાકણ જેહવી હે જીવ! આપે નરકને;
પ્રેમ અતિશય દાખવે પણ પ્રેમજાલે ના ફસી,
સત્ય ભાવે પરિહરી દૂરેજ જેઓએ હસી. ૧૧

પ્રાણ સમ વ્હાલી છતાં પણ સંપદા નાગણ સમી,
માની તજી દૂર જેમણે ચારિત્રના પંથે રમી;
જેમાં ઘણાં ચિત્રામણો શોભા મનોહર ગોખની,
તે મ્હેલ છોડયો જેમણે ઝટ રાફડા જેવો ગણી. ૧૨

ધન નાર નિજ પરિવારમાં જેઓ ધરે ના પ્રેમને,
આવા ગુણોથી દીપતા તે સાધુઓ સમૃદ્ધિને;
મહિયલ વિષે પામો સદા આશિષ ઇમ મુનિવર્ગને,
કવિ દેઇને દેખાડતા નિજ હૃદય કેરા ભાવને. ૧૩

સંતજનની નજર મીઠી ઇષ્ટ સિદ્ધિ જરૂર દીએ,
તેમના ઉપદેશ વચનો ગ્રંથમાં અવલોકીએ;

આ વિચારે સાધુઓને કવિ દીએ આશીષ એ,
હૃદય કેરી બાદશાહી તત્ત્વ જાણી પામીએ. ૧૪

જેમ ડાકણ દુઃખ આપે નાર પણ છે તેહવી,
આ આશયે ભાખી કવિએ નાર ડાકણ જેહવી;
પ્રાણ દશ નર સંજ્ઞીને ધન પ્રાણ છે અગિઆરમો,
ધન હરંતા દશ તજે ધન મોહ દીસે કારમો. ૧૫

નાગણ વિષે વિષ તિમ દ્રવિણમાં વૈરરૂપ વિષ જાણીએ,
ઈર્ષ્યા કરે કેઈક જનો ધન જોઇ એમ વિચારીએ;
એથીજ નાગણ જેહવી લક્ષ્મી કહી છે કવિવરે,
રાફડા જેવો ભયંકર તેમ ઘરવાસો ખરે. ૧૬

દૃષ્ટાંત શાલિભદ્રનું શુભ વાત ધન્ય કુમારની,
આ ક્ષણે તું યાદ કરજે મલ્લિ નેમિ જિનેશની;
નાર લક્ષ્મી મહેલ છંડયા તેમણે ઉભા પગે,
તેમ કરતાં આત્મ દીપક પૂર્ણ જ્યોતિ ઝગમગે. ૧૭

અક્ષરાર્થ—જે સાધુઓએ પૂર્વાવસ્થામાં અનુપમ પ્રેમવાળી પોતાની સ્ત્રીને પણ ડાકણના જેવી ગણીને છોડી દીધી છે, તથા જેઓએ પોતાના પ્રાણથી પણ અત્યંત વ્હાલી લક્ષ્મીને સર્પિણીના જેવી ગણીને દૂરથી છોડી દીધી છે, તેમજ જેઓએ મનોહર ચિત્રામણવાળા અને ઝરૂખાના સમૂહથી શોભતા એવા ઘર ( મ્હેલ ) ને પણ સાપનાં રાફડા જેવું ગણીને છોડી દીધું છે, એવા સંગ રહિતપણા રૂપી

ઘરેણાંથી શોભેલા (મોહ મમત્વ રહિત) સાધુ પુરૂષો આ જગતમાં આનંદ પામો અથવા જ્ઞાનાદિની સમૃદ્ધિ પામો. ૩

**સ્પષ્ટાર્થ**—જે સાધુઓએ પોતાના ઉપર બહુ જ પ્રેમ રાખનારી સ્ત્રીને ડાકણ સરખી ગણીને છોડી દીધી છે તે સાધુ પુરૂષો આ પૃથ્વીમાં આનંદ પામો એમ કવિએ કહ્યું. અહીં સ્ત્રીને ડાકણની ઉપમા આપવાનું કારણ એ છે કે જેમ ડાકણ દુઃખ ઉપજાવે છે, તેમજ એના મન વચન કાયાની ચંચળતા હોય છે તેમ સ્ત્રી પણ દુઃખ ઉપજાવે છે, અને ચંચલ યોગવાળી છે. તે વિચારે કંઇ, બોલે કંઈ, અને કરે કંઈ. માટે સ્ત્રીને ડાકણ સરખી કહી છે.

તથા સંસારી જીવોને જેમ પાંચ ઇન્દ્રિયો આદિ ૧૦ પ્રાણ વ્હાલા છે તેમ લક્ષ્મી પણ વ્હાલી છે. એટલે પોતાના પ્રાણથી પણ લક્ષ્મી વધારે વ્હાલી હોય છે. માટે ધનને ૧૧ મો પ્રાણ કહ્યો છે. વળી બીજી રીતે ગણીએ તો પ્રાણથી પણ લક્ષ્મી અધિક પ્રીય છે, કારણ કે હજારો લોક લક્ષ્મી કમાવાને અર્થે જીવતાં જોખમ ખેડે છે, અને યુદ્ધ વિગેરેમાં પ્રાણને પણ ગુમાવે છે.

તથા લક્ષ્મીને નાગણ સરખી કહી તેનું કારણ એ કે નાગણમાં જેમ ઝેર રહેલું છે તેમ લક્ષ્મીમાં પણ વૈર ઈર્ષ્યા આદિ ઉપજાવવા રૂપ ઝેર રહ્યું છે. આપણે સાક્ષાત્ જોઈએ છીએ કે એક માણસ ધનવાન બને તો બીજા ઇર્ષ્યાલુ-વેર ઝેર રાખનારા લોકો તેના ઉપર ઘણી ઈર્ષ્યા કરે છે, વેર રાખે છે. અને તેનું ધન નાશ પામે અથવા તો પોતાને

ઘેર આવે તે માટે તનતોડ પ્રયત્નો કરે છે, છેવટે એવું પણ બને છે કે તેનું ખૂન પણ કરીને તેનું ધન લૂંટારા વિગેરે અથવા સગાં વ્હાલાં લૂંટી લે છે. માટે કવિએ લક્ષ્મીને નાગણ સરખી કહી તે વ્યાજબી છે.

તથા ચિત્રામણવાળા અને ઝરૂખાઓથી શોભતા ઘરને રાફડા જેવું કહ્યું તેનું કારણ એ છે કે સાપનો રાફડો જેમ દેખતાં જ ભયંકર લાગે છે તેમ વિવેકી નિર્મલ જ્ઞાનવાળા પુરૂષોને ઘરવાસ પણ ભયંકર લાગે છે, કારણ કે તેવા ઘર વાસમાં (મ્હેલોમાં) રહેનારને સુખ સાધનો મેળવવાને માટે અનેક જીવોની પરાધીનતા સેવવી પડે છે. ઘરવાસમાં કોઇ આજ્ઞા ન માને તો દુઃખ, સગાં સંબંધિના વિયોગે દુઃખ, રોગાદિ વેદના વખતે દુઃખ, કુટુંબ પ્રતિકૂળ મળે તો દુઃખ, ધન નાશ પામે તો દુઃખ, ઇત્યાદિ અનેક સંયોગો દુઃખ આપનારા જ હોય છે. તેથી એવા ઘર વાસને બંધન રૂપ અને ભયંકર ગણી સાધુ પુરૂષો સાપના રાફડાની માફક છોડી દે છે. એ ઉપર કહેલા ગુણવાળા અને બાહ્ય પરિગ્રહને તથા અભ્યન્તર પરિગ્રહને (મૂર્છાને) છોડવા રૂપ ઉત્તમ ગુણ વડે તેજસ્વી બનેલા પવિત્ર સાધુઓ આ પૃથ્વીમાં આનંદ પામો એમ કવિ કહે છે, અહિં કવિનો શુભ આશય એ છે કે સ્ત્રી આદિક પર વસ્તુઓનો ત્યાગ કરી સ્પૃહા રહિત બનેલા મુનિવરો પૃથ્વીમાં આનંદથી વિચરે, અને ધર્મની વૃદ્ધિ કરે, અને અનેક જીવોને ધર્મોપદેશ આપી જ્ઞાન દર્શન ચારિત્રની આરાધનામાં તત્પર બનાવે. બીજા વિપરીત વર્ત્તનવાળા અસંયમી–અસાધુ પુરૂષો જગતનું શું

ભલું કરવાના છે! અહીં ગ્રંથકારના વચન ઉપરથી જાણી શકાય છે કે મોહ મમતાના ગૌણ સાધનો તો બીજા શબ્દ વિગેરે ઘણાં છે. પણ તે બધા સાધનોનો સ્ત્રી-ધન-ઘર આ ત્રણ મુખ્ય સાધનોમાં સમાવેશ થાય છે. અને એ ત્રણ સાધનો મોહ મૂઢ સંસારી જીવોને છોડવા મહા મુશ્કેલ છે. જ્યારે સંપૂર્ણ વૈરાગ્ય ભાવના હૃદયમાં ઠસોઠસ ભરી હોય ત્યારે લક્ષ્મી વિગેરે ત્રણ પદાર્થોનો મોહ છૂટે છે. શ્રી વિપાકસૂત્ર વિગેરે આગમાદિનો સાંભળવા દ્વારા કે અભ્યાસ દ્વારા દૃઢ પરિચય કરવાથી અથવા કરાવવાથી વૈરાગ્ય ભાવના જરૂર પ્રકટ થાય છે. આવી ભાવના પ્રકટ થયા બાદ તેને વધારવાને માટે અને ટકાવવાને માટે મનની સ્થિરતા જરૂર મેળવવી જોઈએ. મનની સ્થિરતા શીલ વિગેરે વિવિધ ધર્મોની સેવનાથી થઈ શકે છે. એમ ક્રમસર યોગ્ય સાધનોથી વૈરાગ્ય ભાવના પ્રકટ થયા બાદ સંયમાદિની સાધના કરવાથી જરૂર અક્ષયપદ મળે છે. કાચા વૈરાગ્યથી સંયમારાધનમાં વિજય મળતો નથી. આ બાબતને યથાર્થ સમજાવવા માટે ભવદત્ત અને ભવદેવની બીના પરિશિષ્ટ પર્વમાં વિસ્તારથી જણાવી છે. ભવદેવે લજ્જાથી ભાઈના વચનને માન આપીને દીક્ષા લીધી, નાગિલાનો ઉપરથી ત્યાગ કર્યો, પણ અંતરંગ (મન) તો તેનામાં જ રહ્યું હતું. પરિણામ એ આવ્યું કે ભવદત્ત મુનિનો સ્વર્ગવાસ થયા પછી ભવદેવ ચારિત્રથી ખસ્યા. પોતાના ગામની નજીકમાં આવ્યા. રસ્તામાં મળેલ બે સ્ત્રીમાંની એક સ્ત્રીને પૂછતાં નાગિલાની ઓળખાણ થઇ. વાતચીત ઉપરથી આર્ય નારી નાગિલા તરત જ સમજી ગઇ કે મુનિ સંયમ ભાવનાથી પતિત થયા

છે. નાગિલા શીલધર્મના પવિત્ર સંસ્કારવાળી હતી. વમેલું ખાવાની ઈચ્છાવાળા બાલકને મુનિ શિખામણ દેતાં કહે છે કે-શું વમેલું અન્ન ખવાય ? આ પ્રસંગ યોગ્ય જાણીને નાગિલાએ મુનિને કહ્યું કે-હે મુનિરાજ ! તમે પણ વમેલી (ત્યાગ કરેલી) એવી મને જ્યારે ચાહો છો, તો પછી બાળકને શું શીખામણ આપો છો ? અર્થાત્ તમે શીખામણ દેવા લાયક નથી. ઉપદેશક જો ત્યાગી હોય, તો જ તેના વચનની અસર સામાના હૃદય ઉપર થઇ શકે છે. શું એ વાત તમે ભૂલી ગયા કે અગંધન કુલના સર્પો મરવા તૈયાર થાય છે પણ વમેલા ઝેરને ચૂસતા નથી. તો પછી શું તમે તિર્યંચથી પણ હલકા છો. નાગિલાના વચન રૂપ અંકુશથી ભવદેવ મુનિ રૂપી હાથી ઠેકાણે આવ્યા. પાછા વળ્યા. ગુરૂની પાસે પ્રાયશ્ચિત્ત લઇને શુદ્ધ થયા. નિર્મલ ભાવથી સંયમને સાધી દેવતાઇ સુખ પામ્યા. શ્રી સ્થૂલિભદ્રજી જેવા મહા પુરૂષો દૃઢ વૈરાગી ગણાય, અસંખ્યાતા પ્રદેશે વૈરાગ્ય રંગ ચોળ મજીઠના રંગ જેવો જામ્યા બાદ દૃઢ વૈરાગી ભવ્ય જીવોને સ્ત્રી લક્ષ્મી મ્હેલ વિગેરે ભોગના સાધનો ઝેર જેવા લાગે છે. માટે જ તેઓ સ્હેલાઇથી ત્યાગ કરી શકે છે. રૂક્મિણીના પિતાએ શ્રી વજ્રસ્વામીને કન્યા અને લક્ષ્મીનો મોહ દેખાડયો, પણ પિતાનો પ્રયત્ન નિષ્ફલ નીવડયો. ને રાગિણી રૂક્મિણીને સંયમનો મહિમા સમજાવી તેમણે સાધ્વી બનાવી. અવંતિ સુકુમાલે વૈરાગ્ય જાગતાં સુંદર મ્હેલ વિગેરેનો ત્યાગ કર્યો, સંયમ સાધી નલિની ગુલ્મ વિમાનના સુખો મેળવ્યા. આવા સાધુ પુરૂષો જયવંતા વર્ત્તો. ૩

**અવતરણ**—હવે ગ્રન્થકાર કવિ મહાપુરૂષનું લક્ષણ કહે છે:-

(૧) यः (२) परवादे (३) मूकः, (४) परनारीवक्त्रवीक्षणेऽप्यन्धः (५) ॥
(७) पंगुः (६) परधनहरणे, (८) स (११) जयति (१०) लोके (९) महापुरुषः ॥ ४ ॥

**यः**=જે પુરૂષ
**परवादे**=બીજાની સાથે ખોટા વાદવિવાદ કરવામાં; બીજાની નિંદા કરવામાં.
**मूकः**=મુંગો (મૂંગા જેવો)
**परनारी**=પરસ્ત્રીનું
**वक्त्र**=મુખ
**वीक्षणेऽपि**=દેખવામાં પણ
**अन्धः**=અન્ધ (આંધળા જેવો)
**पंगुः**=પાંગળો, લૂલા પગવાળો (તેના જેવો)
**परधनहरणे**=બીજાનું ધન હરી (ચોરી) લેવામાં
**स**=તે
**जयति**=જયવંત વર્તે
**लोके**=આ લોકમાં
**महापुरुषः**=મહાપુરૂષ, ઉત્તમ પુરૂષ.

અન્યની નિંદા અને ખોટા વિવાદ કરણ ક્ષણે,
જે બને મૂંગા સમો પરનારને જોવા ક્ષણે;
આંધળા જેવો બને હરવા ક્ષણે પરદ્રવ્યને,
પાંગળા સમ જે બને તે લોકમાંહી વિજયને. ૧૮

પામે મહા નર તે ગણે બહુ પાપ પરને નિંદતા,
ઇર્ષ્યા વચન જે તેહ નિંદા તેહને બુધ છોડતા;
ગુરૂદેવના ગુણ ગાઇને રસના સફલતા માનતા,
સત્ય હિત મિત વચન ભાષે મૌન વ્રત પણ ધારતા. ૧૯

આહાર અધિકો અધિક ભાષણ તીવ્ર દુઃખને આપતા,
બેઉ હદમાં હોય તો આરોગ્ય શાંતિ આપતા;

જીભમાં અમૃત અને વિષ બે અપેક્ષાથી રહે,
અમૃત જેવાં શુદ્ધ વચનો વેણ બીજા વિષ કહે. ૨૦

શુદ્ધ વચને ક્રોડ ગુણનો લાભ અનુચિત વેણથી,
ગેરલાભ હુવે કરોડો જાતિ નિર્ણય વેણથી;
કુલ પરીક્ષા વેણથી નિંદા ન કરવી ચેતતા,
ધન્ય નર જિહ્વા લહે અવિચારી વચન ન બોલતા. ૨૧

દેખવાનો સર્વથા ન નિષેધ હોવે રાગથી,
દેખવું ના મુખ રમણીનું રાગ હેતુ વિશેષથી;
દેહનું સર્વસ્વ મુખ એ સાધુને સવિ ભામિની,
હોવે પરસ્ત્રી શ્રાદ્ધને પરનાર વિણ નિજ કામિની. ૨૨

હોય દર્શન આંખથી તે ભૂરિ પુણ્યે પામતા,
પરનારને ના દેખતા બુધ ગુરૂ પ્રમુખને નિરખતા;
પરનાર મોટી માત સરખી ઉંમરે ભગિની સમી,
નાની ગણે પુત્રી સમી શીલવૃત્તિ બગીચામાં રમી. ૨૩

દુરૂપયોગે આંખના બંધાય કર્મો આકરાં,
અથિરતા મનની વધે ધરતા સમિતિ તિણ મુનિવરા;
કર્મ કેરી નિર્જરાના સાધનોને પેખવા,
કર્મ બંધન કારણોને છંડવા ના નિરખવા. ૨૪
સજ્જનો પરદ્રવ્યને ઢેફા સમું મન માનતા,
ચિત્તથી પણ વિણ કહ્યે લેવા કદી ના ચાહતા;

પાંગળા જેવા બની નિજ દ્રવ્ય સંતોષી થતા,
દ્રવ્ય હરણે જાન વિઘટે એમ પણ સંભારતા. ૨૫

આ પ્રમાણે વર્ત્તનાર મહા પુરૂષ નિજ પર તણા,
કલ્યાણ સાધે ઇમ વિચારી જીભને વશ ભવિજના;
કરજો નજર નીચી કરીને ચાલજો સમિતા બની,
ચોરી તજો બહુ કીંમતી શિક્ષા ત્રણે કવિરાજની. ૨૬

અક્ષરાર્થ—બીજાના અવર્ણવાદ બોલવામાં એટલે બીજાની નિંદા કરવામાં જે પુરૂષ મુંગાના સરખો છે, ( અર્થાત્ બીજાની નિંદા નહિ કરનાર ) તેમજ પરસ્ત્રીનું મુખ જોવામાં અન્ધ સરખો છે, ( પરસ્ત્રીનું મુખ નહિં જોનાર ) અને બીજાનું ધન હરણકરવામાં પાંગળા સરખો છે ( અર્થાત્ બીજાનું ધન નહિ લેનાર ) તેજ મહાપુરૂષ કહેવાય. અને તેવો મહાપુરૂષ જગતમાં જયવંત વર્તે. ૪

સ્પષ્ટાર્થ—(૧) બીજાઓની નિંદા કરવામાં જીભનો ઉપયોગ કરવાથી અથવા કલેશ કજીયા ( ઝઘડા, વિતંડાવાદ ) કરવાથી જીવને કેવળ કર્મ ( નો ) બંધ જ થાય છે, આવા શુભ ઇરાદાથી એવા પ્રસંગોમાં મહા પુરૂષો મુંગા સરખું મૌન ધરીને બેસે છે, અને એવા પ્રસંગોમાં પણ પોતાના મન વચન કાયાને ઉત્તમ કાર્યોમાં જોડે છે, કારણ કે તે સમજે છે કે કર્મબંધથી બચવું એ પોતાના હાથમાં જ ( સ્વાધીન વાત ) છે, પરન્તુ કર્મના ઉદયથી બચવું એ પોતાની સત્તાની વાત નથી, તેથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે-

**बंध समय चित्त चेतीये, उदय महा बळवान** ( અથવા **उदये शो संताप** ).

તથા (૩) પરસ્ત્રી પ્રત્યે રાગની ચિંતવના પણ જો દુર્ગતિ આપનાર છે તો પછી કામ વિકારની દૃષ્ટિએ પર-સ્ત્રીના મુખ વિગેરે અંગો જોવાથી જરૂર દુર્ગતિ મળે છે. વળી પરસ્ત્રી પ્રત્યે રાગ ધરવાથી એટલે કામ દૃષ્ટિથી પર-સ્ત્રીને જોતાં ચિત્ત આખો દિવસ રાત ચિંતામય બની જાય છે, તેની સાથે વાત કરવામાં અને અનુચિત પ્રવૃત્તિ કરવામાં મન દોરાય છે, પરિણામે અનેક જાતની મુશ્કેલીથા ભરેલા દુઃખના પ્રસંગો પણ ઉભા થાય છે. અને ધાર્મિક પ્રવૃત્તિઓ થતી હોય તે અટકી જાય છે. માટે જ ઉત્તમ પુરૂષો પરસ્ત્રીને રાગ દૃષ્ટિથી જોતા નથી. અને મોટીને મા જેવી, નાનીને દીકરી જેવી, તથા સરખી ઉંમર વાળીને બેન જેવી માને છે. તેમજ આંખને અંકુશમાં રાખે છે. વળી એ ઉત્તમ પુરૂષો પોતાની ચક્ષુ ઇન્દ્રિયનો ઉપયોગ પરસ્ત્રીને રાગથી દેખવામાં કરતા નથી એટલું જ નહિ, પણ તેવા ઉન્માર્ગથી રોકીને દેવ ગુરૂનાં દર્શન કરવા સ્વાધ્યાય કરવો વિગેરે આત્મોન્નતિના કાર્યોમાં જ પોતાની ચક્ષુ ઇન્દ્રિયનો ઉપયોગ કરે (તેને જોડે) છે. એમ કરવાથી લાભ એ થાય છે કે ઘણાં કર્મોની નિર્જરા થાય, ચીકણાં કર્મો ન બંધાય, અને ભવિ-ષ્યમાં સદ્‌ગતિના સુખો મળે. આવા આવા અનેક મુદ્દાઓથી શ્રીતીર્થંકર દેવે શ્રીશ્રમણ સંઘને સમિતિ પાલવાની શિખા-મણ આપી છે. આથી સમજાય છે કે ચક્ષુ ઇન્દ્રિયને વધારે છૂટ આપવાથી મન ચગડોળે ચઢે છે, અશાન્તિ પામે છે,

ચીકણાં રસવાળા મોહનીયાદિ કર્મો બંધાય છે. માટે સમજુ જીવોએ આંખને સન્માર્ગમાં જ દોરવી જોઇએ. આ બાબતમાં દશમા અંગ તરીકે પ્રસિદ્ધ એવા શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં સવિસ્તર બીના સારી રીતે જણાવી છે.

તથા ઉત્તમ પુરૂષો પરાયા ધનને હરવાની (માલીકની રજા સિવાય લેવાની) ચાહના પણ કરતા નથી, કારણ કે એમ (ચોરી) કરવાથી કદાચ પંચેન્દ્રિય જીવ (ધનાદિના માલીક) નો વધ પણ થાય છે. જેથી મહા પાપકર્મ બંધાય છે અને તેથી નરકમાં જવું પડે છે. શ્રી સ્થાનાંગ સૂત્રમાં ચાર કારણે જીવોની નરકગતિ કહી છે તે આ પ્રમાણે-

**चऊहिं ठाणेहिं जीवा नेरइयत्ताए कम्मं पकरेंति-तंजहा -महारंभयाए, महापरिग्गहयाए, कुणिमाहारेणं, पंचिंदियवहेणं** -ચાર કારણે જીવો નારકી પણાનું કર્મ ઉપાર્જન કરે છે તે આ પ્રમાણે-(૧) જીવહિંસાદિ મોટા દોષોથી ભરેલા આરંભ સમારંભ વડે, (૨) ઘણો પરિગ્રહ (ધનાદિની ઉપર તીવ્ર મૂર્છા) કરવાથી, (૩) માંસાહાર કરવાથી, અને (૪) પંચેન્દ્રિયનો વધ કરવાથી. (સંસારી જીવો નરકમાં ઉપજાવનારા કર્મો બાંધીને નરકમાં જાય છે.)

એ પ્રમાણે પરધનનું હરણ કરવાથી પ્રાણ સરખું (પ્રાણને ટકાવનાર, માલીક કુટુંબાદિના ભરણ પોષણના સાધન ભૂત) ધન હરાવાથી હતાશ બનેલા અનેક મનુષ્યો નિર્ધનપણા વિગેરેથી અત્યંત ખેદવાળા થઇ આપઘાત કરે છે. તેથી ધન હરનારને પંચેન્દ્રિય વધનું પાપ લાગે છે ને

તેથી નરકગતિમાં જાય છે. એમ સમજીને જે ભવ્ય જીવોને મહાપુરૂષની પંક્તિમાં આવવાની ઈચ્છા હોય તેમણે જ (૧) પરદ્રવ્યના હરણ પ્રસંગે જરૂર પાંગળા જેવા થવું જોઇએ, (૨) જાતે બીજાની નિંદા કરવાના પ્રસંગે મૂંગા જેવા અને તેવા વચન સાંભળવાના પ્રસંગે બ્હેરા જેવા ને પરસ્ત્રીનું મુખ જોવામાં આંધળા જેવા થવું જોઈએ. આવા ઉત્તમ પુરૂષો પૂર્વે કહેલ અનાચારો આચરતા નથી તેથી ઉત્તમ સદાચારવાળા તે જ મહાપુરૂષો આ જગતમાં જયવંતા વર્તે છે. (વિજય પામે છે.) એટલે ઉપર કહ્યું તે પ્રમાણે મન અને ઈંદ્રિયોને વશ કરીને વર્તનારા જે જીવો હોય, તે મહાપુરૂષ કહેવાય છે. આ ચોથા શ્લોકનું રહસ્ય એ છે કે નિંદા કરવી, પરસ્ત્રીના અંગોને રાગથી જોવા, પરદ્રવ્યનું હરણ કરવું, આ ત્રણ મોટા દોષોને દૂર કરીને પોતાના અવગુણોની નિંદા કરવી, આત્મનિંદા કરવી, કર્મ નિર્જરાના સાધનોને જોવા, વ્યસનોનો ત્યાગ કરવો. વિગેરે ગુણોને ધારણ કરવાથી આત્મ કલ્યાણ સાધી શકાય છે. ૪

**અવતરણ**—યોગના ઉત્તમ ગુણો (સાધનો) ને પ્રાપ્ત થએલા એવા કોઈ વિરલા જ યોગીશ્વર હોય છે, પરન્તુ વધારે પ્રમાણમાં એવા યોગીશ્વર નથી હોતા, તે આ ગાથામાં જણાવે છે અથવા સમદૃષ્ટિ યોગોનુ લોકોત્તર સ્વરૂપ જણાવે છે–

१ २ ३ ६ ४ ५ ७
आक्रोशेन न दूयते न च चटुप्रोक्त्या समानंद्यते ।
९ १० ११ १३ ८ १२ १४
दुर्गन्धेन न बाध्यते न च सदामोदेन संप्रीयते ॥

**१६ १७ १८ २० १५ १९ २१**
**स्त्रीरूपेण न रज्यते न च मृतश्वानेन विद्वेष्यते ।**
**२२ २३ २७ २४ २५ २६**
**माध्यस्थेन विराजितो विजयते कोऽप्येष योगीश्वरः ॥५॥**

**आक्रोशेन**=આક્રોશવડે, (સામાનાં ક્રોધવાળાં વચનો સાંભળીને) બીજાના તિરસ્કાર ભરેલા વચનો વડે

**न दूयते**=ન દુભાય; કચવાતો નથી

**च**=અને **न**=નહિ

**चटु**=ખુશામતના

**प्रोक्त्या**=વચન વડે (બીજાએ કહેલાં તેવાં વેણુ સાંભળીને)

**समानन्द्यते**=આનંદ પામે

**दुर्गन्धेन**=દુર્ગન્ધ ભરેલા પદાર્થો વડે

**न बाध्यते**=પીડા પામે નહિ, કંટાળે નહિ

**सदामोदेन**=ઉત્તમ સુગંધ ભરેલા પદાર્થો વડે

**संप्रीयते**=પ્રીતિ પામે, રાજી થાય

**स्त्रीरूपेण**=સ્ત્રીના સુંદર રૂપવડે

**न रज्यते**=રાજી ન થાય, રાગી ન થાય.

**मृतश्वानेन**=મરેલા કુતરા વડે, એટલે મરેલા કુતરાના કલેવરો જોઈને

**न विद्वेष्यते**=દ્વેશ ન કરે, નાખુશ ન થાય.

**माध्यस्थ्येन**=મધ્યસ્થપણા વડે, સમભાવ વડે

**विराजितो**=શોભતો, દીપતો

**विजयते**=વિજયવંત વર્તે છે

**कोऽपि**=કોઈ પણ, કોઈકજ

**एष**=આ, એવો

**योगीश्वरः**=યોગીઓમાં ઇશ્વિર તુલ્ય, મહાયોગી.

**વચન સુણતાં આકરાં પણ જે ન કચવાતા જરી,**
**વચન મીઠાં સાંભળે પણ ખુશ ના થાએ જરી;**
**ગંધ નરસાં અનુભવે પણ જે નહી કંટાળતા,**
**ગંધ સારો અનુભવે પણ જે નહી રાજી થતા. ૨૭**

સ્ત્રીરૂપ નિરખી રાગ ન ધરે તિમ મરેલા શ્વાનને,
જોઈ અરૂચિ ધરે નહી જાણીજ પુદ્ગલ ભાવને;
સમભાવથી શોભેલ યોગી કોઈ આ સંયમ રસી;
વિજય પામે વિશ્વમાં નમીએ અમે હૃદયે હસી. ૨૮

સમભાવ ગુણ મોટા શ્રમણને શ્લોકમાં કવિએ કહ્યો,
ઇંદ્ર ચક્રી ના લહે તે હર્ષ મુનિએ જે લહ્યો;
હે જીવ ! સમતા તેહવી તું નિજ હૃદયમાં રાખજે,
સમદૃષ્ટિથી મમતા બલે બગડેલ જીવન સુધારજે. ૨૯

અધ્યાત્મસારે વાચકે સમતા જણાવી વિસ્તરે,
શુદ્ધ સંયમ સાધનારા ક્રોધ વચને સાંભળે;
કર્મફલ માની ક્ષમાને લાભ બહુ સમજાવતા,
શાંતિ પ્રેમ ભરેલ વચને અન્ય શાંત બનાવતા. ૩૦

કર્મચારી ના કદી શાંતિ લહે કદી તે ક્ષણે,
ના બને ધોબી સમા સામેજ ધોબીની બને;
શુભ ક્ષમા ગુણ ધારતા ને અફલ ક્રોધ બનાવતા,
ભગવતીના ક્રોધ ફલના વચન ખૂબ વિચારતા. ૩૧

ગુણ તણા અનુરાગથી બીજા જને તે યોગિની,
કરતા સ્તુતિ ગુણ પામવાને તેમ સિદ્ધિ સાધ્યની;
સાધવાને કેઇ લોકો મિષ્ટ વચને બોલતા,
બે પ્રસંગે યોગિરાજ વિશેષ સમતા ધારતા. ૩૨

ઘ્રાણથી શુભ ગંધ જાણી રાગ ધરતા બાંધતા,
રતિ મોહ દ્વેષે દ્વેષ કેરો બંધ યોગી માનતા;
ઇષ્ટ રૂપે રાગ કરતાં અન્યમાં દ્વેષી થતાં,
માયાદિનો ક્રોધાદિનો યોગીશ બંધ ન ભૂલતા. ૩૩

સમતા ધરી ભદ્રા તનય પામ્યા નલિની ગુલ્મને,
તિમ સુકોશલ કીર્ત્તિધર કેવલ લહી નિર્વાણને;
ખંધકસૂરિના શિષ્ય પામે મુક્તિ જિનવર વીરની,
કલ્પ સૂત્ર વિષે ભણી ગંભીર વાણી કવિ તણી. ૩૪

**અક્ષરાર્થ**:--સ્હામો માણસ તિરસ્કારનાં વચનો બોલે તો પણ જેનું મન જરા પણ દુભાતું નથી, તેમજ સ્તુતિના કે ખુશામતનાં વચનો વડે જે ખુશી થતા નથી, તથા જે યોગીશ્વર દુર્ગંધ વડે બાધા પામતા નથી (મુખ મચકોડતા નથી કે નાક મરડતા નથી), તથા સુગંધી પદાર્થોની સુગંધ-ખુશબો વડે રાજી થતા નથી, તથા સ્ત્રીનું સુંદર રૂપ દેખીને રાગ ધરતા નથી, તથા મરેલા કૂતરાને જોઇને એટલે પશુ વિગેરેનાં મૃત કલેવરોને જોઈને દ્વેષ પામતા નથી (અણગમો ધરતા નથી) એવા મધ્યસ્થપણા વડે (અનુકૂળ પ્રતિકૂળ પ્રસંગોમાં સમદૃષ્ટિ વડે) શોભતા એવા કોઇ (વિરલા) યોગીશ્વર જગતમાં જયવંત વર્તે છે. ૫

**સ્પષ્ટાર્થ**:—આ શ્લોકમાં ગ્રન્થકર્તા યોગીશ્વરોની અનુકૂળ પદાર્થો પ્રત્યે તેમજ પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે સમાન દૃષ્ટિ હોય છે એમ જણાવે છે. તે આ પ્રમાણે-કોઇ માણસ

યોગીનો તિરસ્કાર કરે તો તે પ્રતિકૂળ ભાવ છે છતાં પણ તે તિરસ્કાર વચનોથી પોતે દુભાતા નથી, અને આક્રોશ ભરેલા વચનોથી વિપરીત ચાટુ (મિષ્ટ–મીઠાં) વચનો છે. તો તેવાં કોઇનાં ચાટુ વચનોથી એટલે ખુશામતનાં વચનોથી આનંદ પામતા નથી, અને કોઈ વખાણ–પ્રશંસા કરે તો પણ રાજી થતા નથી.

તથા દુર્ગંધ એ પ્રતિકૂળ પદાર્થ છે ને સુગંધ એ અનુકૂળ પદાર્થ છે, તો પણ એ બન્ને પદાર્થમાં સમદૃષ્ટિવાળા યોગીશ્વરો હોય છે, કારણ કે કોઇ દુર્ગંધવાળા પદાર્થની દુર્ગંધનો અનુભવ કરે તે વખતે તે યોગીશ્વર અરૂચિ ધરતા નથી, અને સુગંધમય પદાર્થની સુગંધનો અનુભવ કરે તે વખતે આનંદ પણ પામતા (રાજી થતા) નથી. અહિં ખાઈના પાણીનું દૃષ્ટાન્ત સમજવા યોગ્ય છે. તે દૃષ્ટાન્ત પ્રમાણે સુગંધ ને દુર્ગંધ એ વિચિત્ર પરિણામવાળા પુદ્ગલોનો જ સ્વભાવ છે, માટે વાસ્તવિક રીતે રાગ દ્વેષ કરવા લાયક નથી એમ વિચારી ઉત્તમ મુનિઓ સુગંધ ને દુર્ગંધ બન્ને પ્રત્યે સમાન દૃષ્ટિવાળા હોય છે.

તથા સ્ત્રીનું સુંદર સ્વરૂપ એ રાગ ઉત્પન્ન કરનાર છે, અને મરેલા કૂતરાનું મડદું દ્વેષ ઉત્પન્ન કરનાર વસ્તુ છે, તો પણ સમદૃષ્ટિવાળા મુનિવરો સ્ત્રીના સુંદર સ્વરૂપને જોઇ રાગ પામતા નથી, અને કૂતરાના મડદાને દેખી ખેદ પામતા નથી, પરન્તુ સમતા ભાવને પોષવા માટે ભાવના ભાવે છે કે–હે જીવ! માલને તપાસ્યા વિના ફક્ત બારદાન જોઇને જ ખુશ થવું એ મૂર્ખાઇ છે, કારણ કે મૂઢ મનુષ્યો જે

સ્ત્રીના સુંદર રૂપને જોઇ મોહ પામે છે તે સ્ત્રી મળ મૂત્ર વિગેરે અપવિત્ર પદાર્થોથી ભરેલી કાયા રૂપ કોથળી છે, ચામડી એ પણ દુર્ગંધમય જ છે. સ્ત્રીના શરીરમાં વાસ્તવિક સુંદરતા કંઇ જ નથી, છતાં અજ્ઞાનતાના કારણે સુંદરતા લાગે છે, અને જે રાગ રાખે છે તે રાવણની માફક દુર્ગતિમાં જ જાય છે. ભગવાન શ્રી નેમિનાથ જંબૂસ્વામી સ્થૂલિભદ્ર વિગેરે શીયળવંત વીર પુરૂષોનાં દૃષ્ટાન્તો વિચારી વૈરાગ્ય ધારણ કરનાર જીવ જ જરૂર સદ્‌ગતિના સુખને પામે છે. એવી ભાવના ભાવવાવાળા ઉત્તમ મુનિવરો તે જ આ જગતમાં વિજયવંતા વર્તે છે. (નિર્ભયપણે વિચરે છે.) બીજા અનુકૂળમાં રાગવાળા જીવો અને પ્રતિકૂળ પદાર્થમાં દ્વેષ ધરનારા જીવો વિષમ દૃષ્ટિવાળા હોવાથી તેઓ વિજયવંત કેમ હોઇ શકે? કારણ કે જેઓ પોતે જ મોહથી પરાભવ પામ્યા છે તે વિજયવંત ન જ ગણાય. એ પ્રમાણે ગ્રન્થકારે આ શ્લોકમાં સમદૃષ્ટિવાળા યોગીઓની પ્રશંસા કરીને સમતાનો મહિમા જણાવ્યો. અને સૂચના કરી કે-ભવ્ય જીવોએ આવા યોગીની માફક સમતામય જીવન ગુજારીને મુક્તિ સુખ મેળવવા, એમાં જ માનવ જન્મની ખરી સફલતા છે. કારણ કે જેઓ ગોલ્લઇઆ મહાજન જેવા અર્થ કામનો ઊભે પગે ત્યાગ કરીને મોક્ષના કારણ ભૂત પવિત્ર ધર્માનુષ્ઠાનને આરાધવામાં તલ્લીનતા ધારણ કરે છે, તે જ હૃદયના ખરા બાદશાહ કહેવાય છે. એમ ન કરે તો આડે પગે સ્ત્રી વિગેરેને છોડવા જ પડશે. આ બાબતમાં પ્રભુશ્રી મહાવીર દેવ, અવંતીસુકુમાલ, કીર્ત્તિધર, સુકોશલ મુનિ અને સ્કંધકસૂરિના શિષ્યોના દૃષ્ટાંતો વિચારવા. અને સમતા

વિગેરે ગુણોને ધારણ કરવા, વધારવા, ટકાવવા, જેથી મુક્તિના અવ્યાબાધ સુખો થોડા કાલમાં જરૂર મળી શકે. ૫

**અવતરણ:**—હવે સમતા ચોખ્ખા દીલવાળાને જ હોય એ આશયે યોગીના હૃદયનું ( મુનિના હૃદયનું ) સ્વરૂપ એટલે ઉત્તમ મુનિના માનસિક વિચારો કેવા હોય ? તે જણાવે છે-

**मित्रे नंदति नैव नैव पिशुने, वैरातुरो जायते।**
**भोगे लुभ्यति नैव नैव तपसि, क्लेशं समालंबते ॥**
**रत्ने रज्यति नैव नैव दृषदि प्रद्वेषमापद्यते।**
**येषां शुध्धहृदां सदैव हृदयं ते योगिनो योगिनः॥ ६ ॥**

**नैव**=નહિજ, નથીજ,
**नंदति**=આનંદ પામે રાગી-રાજી થતું
**पिशुने**=ચાડીયામાં ( નિંદકને દેખીને )
**वैरातुरो**=દ્વેષવાળો
**जायते**=થાય
**भोगे**=ભોગોમાં; (ભોગના સાધનોને જોઇને)
**लुभ्यति**=ક્ષોભ પામતો લોભાતો (લલચાતો)
**तपसि**=તપશ્ચર્યામાં
**क्लेशं**=ક્લેશ, કંટાળો, ખેદ
**समालंबते**=પામતું, ધરતું
**रत्ने**=રત્નમાં (તે જોઇને)
**रज्यति**=રાજી થતું, રાગી બનતું.
**दृषदि**=પત્થરમાં
**प्रद्वेषं**=અત્યંત દ્વેષ અરૂચિ, અપ્રીતિ
**आपद्यते**=પામતું, કરતું, રાખતું.
**येषां**=જે (જેઓના)
**शुद्धहृदां**=શુદ્ધ હૃદયવાળાઓના, ચોખ્ખા દીલ વાળાઓના
**सदैव**=હંમેશાં
**हृदयं**=હૃદય-મન
**ते**=તે
**योगिनः**=મુનિવરો
**योगिनः**=વાસ્તવિક યોગીઓ સાચા યોગીઓ છે.

નિર્મલ હૃદય છે જેમનું મન તેમનું ના હર્ષને,
ધરત દેખી મિત્રને તિમ ચાડિયાને જોઇને;
દ્વેષ ન ધરે ભોગ હેતુ જોઈ રાગી ના બને,
વિવિધ તપને સાધતા દીલમાં ન કંટાળે જરી. ૩૫

રત્ન નિરખી રાગ ન ધરે દ્વેષ પત્થર જોઇને,
તેજ મુનિઓ સત્ય યોગી જાણવા નમું તેમને;
ચરણ જીવનને ટકાવે એક સમતા ભાવના,
શુદ્ધ સંયમ પાલવાને રાખ મુનિ! એ ભાવના. ૩૬

મુનિરાજ ગજ સુકુમાલનો એ ભાવ જ્ઞાતાસૂત્રમાં,
પ્રભુએ કહ્યો હે સાધુઓ! મન ભાવજો રહી રંગમાં;
દીક્ષા દિવસની રાતમાં સમતા પ્રભાવે તે મુણી,
કેવલી અંતગડ બની શિવ સંપદા પામ્યા ઘણી. ૩૭

અક્ષરાર્થ:—નિર્મળ મનવાળા એવા જે યોગીઓનું હૃદય હંમેશાં મિત્રોને દેખીને આનંદ પામતું (રાજી થતું) નથી જ, અને ચાડીયાઓને (નિંદકોને) દેખીને દ્વેષવાળું પણ થતું નથી જ, તથા વિષયભોગનાં સાધનોમાં (સાધનો જોઇને) લોભાતું નથી (એટલે તે સાધનો મેળવવાને લલચાતું નથી), તેમજ તપશ્ચર્યા કરવામાં જરા પણ ખેદ પામતું નથી જ, તથા રત્ન વિગેરેમાં (મોહક પદાર્થોમાં) રાગ ધરતું નથી, તેમ જ પત્થર વિગેરેમાં (અરૂચિવાળા પદાર્થોમાં) દ્વેષ પણ ધારણ કરતું નથી જ, તે જ ઉત્તમ

મુનિઓ ખરેખરા સાચા યોગીઓ અથવા યોગીશ્વરો કહેવાય છે. ૬

**સ્પષ્ટાર્થ**—ગયા પાંચમા શ્લોકમાં જેમ અનુકૂળ પ્રતિકૂળ ભાવોમાં ઉત્તમ મુનિઓની સમદૃષ્ટિ વર્ણવી છે તે જ પ્રમાણે આ શ્લોકમાં પણ તેવા ઉત્તમ મુનિઓની સમદૃષ્ટિ જૂદી રીતે વર્ણવે છે ( જણાવે છે ) તે આ પ્રમાણે-સો ટચના સોના જેવા અતિ નિર્મળ મનવાળા મુનિઓનું હૃદય પહેલાંના ( ગૃહસ્થવાસ વખતના ) મિત્રોને ( દોસ્તદારોને ) જોઇને રાગી બનતું નથી, એટલે ઉત્તમ મુનિવરોને મિત્રોના ઉપર રાગ ન જ હોય, અને ચાડિયા લોકને જોઇને તેમની ઉપર દ્વેષ પણ ન હોય. તથા ભોગનાં સાધનો દેખવામાં આવે તો પણ " મારી પાસે આ હોય તો સારૂ " એવી ભાવના બીલકુલ થાય જ નહિં. તેમ ભોગથી વિરૂદ્ધ જે તપશ્ચર્યા તે કરવામાં ઉત્તમ મુનિઓ કદી પણ થાકે જ નહિં, જો થાકે તો જાણવું કે તેઓ તપશ્ચર્યાનો પ્રભાવ સમજ્યા જ નથી, કારણ કે સંયમમાં દૃઢ કરનાર અને જ્ઞાનાદિ ગુણોને પમાડનાર એવા ગુરૂકુલ વાસને સેવનારા ધન્યવાદને પાત્ર ( દેવા લાયક, પ્રશંસા કરવા લાયક ) પવિત્ર મુનિઓના ભલાની ખાતર શ્રી તીર્થંકર દેવે કહ્યું છે કે-

અણાહારી પદની ( મોક્ષ પદની ) વાનકી જેવું તપ છે, વિકારી ઇન્દ્રિયો ભોગનાં નવાં નવાં સાધનો મેળવવા માટે જે તોફાન કરી રહી છે તેને વશ કરવાનું પરમ સાધન તપ છે. દેવાધિષ્ઠિત પરમારાધ્ય સર્વાનુયોગમય શ્રી ભગવતી સૂત્ર વિગેરે પવિત્ર આગમોમાં પણ તપશ્ચર્યાને સંયમની

આરાધનામાં અપૂર્વ મદદગાર જાણીને "**संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ**=સંયમ અને તપ વડે આત્માને ભાવતા છતા (ઉત્તમ મુનિઓ) વિચરે છે (આત્મહિતમાં પ્રવર્તે છે)" એવાં પદો ગણધર શ્રીસુધર્માસ્વામી વિગેરે સૂત્રકાર ભગવંતોએ કહ્યાં છે, માટે જ શ્રી જ્ઞાતા સૂત્રમાં ગજસુકુમાલના અધિકારમાં તેનું (તપશ્ચર્યાનું) અને શ્રી અંતગડદશાંગ સૂત્રમાં સિંહ નિષ્ક્રીડિત વિગેરે તપનું અને શ્રી અનુત્તરોપપાતિ સૂત્રમાં ધન્ય મુનિના તપનું વર્ણન કર્યું છે. વળી અપેક્ષાએ તપશ્ચર્યાનો અન્તર્ભાવ (સમાવેશ) સંયમમાં થઇ શકે છે. તેથી **संजमेणं तवसा** अप्पाणं ઈત્યાદિ આ સૂત્રમાં **तवसा** પદ ન હોય તો પણ ચાલી શકે એમ કદાચ વિચાર આવે તો પણ સમજવું જોઈએ કે **तवसा** પદ કહ્યું છે તેનું કારણ શ્રી ભગવતી સૂત્રની ટીકામાં નવાંગી વૃત્તિ કારક અને પ્રગટ પ્રભાવી શ્રી સ્તંભન પાર્શ્વનાથને પ્રગટ કરનાર આચાર્ય શ્રી અભયદેવ સૂરીશ્વરજી મહારાજે કહ્યું છે કે સંયમને મદદગાર અનેક કારણોમાં તપ એ મુખ્ય કારણ છે એમ જણાવવા માટે **तवसा** એ તપ પદનું સંયમ પદથી અલગ કથન કર્યું છે.

વળી બીજી વાત એ સમજવાની છે કે પરમારાધ્ય સુગૃહીત નામધેય પરમ પૂજ્ય શ્રી તીર્થંકર ભગવંતો "**આ ભવમાં જ હું મુક્તિપદ જરૂર પામીશ**" એમ જાણે છે છતાં શ્રી ઋષભદેવ પ્રભુએ સંવત્સરી (એક વર્ષ સુધીનો) તપ કર્યો, અને બીજા તીર્થંકરાદિ મહાપુરૂષોએ ઉત્કૃષ્ટ આઠ આઠ મહિના સુધીનો તપ કર્યો. અને શ્રી

વીર પ્રભુએ છ છ માસનો તપ કર્યો, તો આપણી મુક્તિ કેટલામા ભવે થશે ? તે નહિ જાણનારા આપણા જેવા જીવોએ તો તપશ્ચર્યા જરૂર કરવી જ જોઇએ. આ કહેલ તપની બીના પૂજ્ય શ્રી ભદ્રબાહુ સ્વામિજીએ શ્રી આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં વિસ્તારથી સમજાવી છે.

તથા અધ્યવસાય પ્રમાણે બદ્ધ સ્પૃષ્ટ નિધત્ત અવસ્થામાં કર્મો જેમ સમયે સમયે બંધાય છે તેમ કોઇ વખત નિકાચિત અવસ્થાવાળાં કર્મો પણ બંધાય છે, ને તે નિકાચિત કર્મોનો નાશ પણ તપશ્ચર્યાથી જ થઇ શકે છે.

તથા એ તપના બાહ્યતપ અને અભ્યન્તર તપ એવા બે ભેદ છે. જેમાં અનશન–ઊનોદરિકા-વૃત્તિસંક્ષેપ–રસ ત્યાગ –કાય ક્લેશ–ને સંલીનતા એ ૬ પ્રકારનો બાહ્ય તપ છે. અને પ્રાયશ્ચિત્ત–વિનય–વૈયાવૃત્ય–સ્વાધ્યાય–ધ્યાન ને કાયોત્સર્ગ એ ૬ પ્રકારનો અભ્યંતર તપ છે. આ તપથી મુશ્કેલી ભરેલા કાર્યો પણ સાધી સકાય છે. તથા સુવર્ણ પુરૂષાદિ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. વળી અભ્યન્તર તપના છ ભેદમાંનો જે ધ્યાન તપ છે તે એક ધ્યાન તપના પ્રભાવે સ્વર્ગાદિકની ઋદ્ધિઓ પણ મળે છે (૧) ઈલાચી કુંવરે ઉપશમ વિવેક સંવર એ ત્રણ પદના ધ્યાન રૂપ વજ્રથી પાપ કર્મ રૂપ પર્વતને ભેદીને આઠમા દેવલોકની ( સહસ્રાર દેવલોકની ) ઋદ્ધિ મેળવી. (૨) તપથી ભયંકર રોગનો પણ નાશ થાય છે. જુઓ આયંબિલ તપના પ્રભાવે શ્રીપાલ રાજાનો કોઢ રોગ નાશ પામ્યો. (૩) બ્રાહ્મણ સ્ત્રી બાલક ગાય એમ ચારની હત્યાઓ કરનાર ( જાન લેનાર–મારનાર ) દૃઢ પ્રહારી

પણ તપના પ્રભાવથી જ દેવલોકમાં ગયો. (૪) વિઘ્નોનો નાશ પણ તપથી કરી શકાય છે. જુઓ-દ્વારિકા નગરીમાં જ્યાં સુધી આયંબિલનો તપ ચાલુ રહ્યો ત્યાં સુધી દ્વૈપાયન દેવ નગરી બાળી શક્યો નહિ (૫) ઇષ્ટ અર્થની સિદ્ધિ પણ તપથી જ થઈ શકે છે. જુઓ ચક્રવર્તીઓ પણ તમિસ્રા[૧] ગુફાના અને ખંડપ્રપાત[૨] ગુફાના દેવોને આરાધવાને અને માગધ[૩] વરદામ[૪] પ્રભાસ[૫] એ ત્રણ તીર્થોના ત્રણ દેવને આરાધવા માટે, રાજ્યાભિષેકના[૬] પ્રસંગ માટે, નવ[૭] નિધિઓના એક દેવને આરાધવા, ગંગા[૮] સિંધુ[૯] દેવીને આરાધવા અને રાજ્યની[૧૦] અધિષ્ટાયક દેવીને આરાધવા માટે, વિગેરે જરૂરી પ્રસંગોમાં બધા મલીને ૧૩ અઠ્ઠમ તપ કરે છે. અને છ ખંડ પૃથ્વીના માલીક બને છે.

આકરૂં તપ કરવાથી જ શ્રીવીરપ્રભુ, દૃઢપ્રહારી, બાહુબલી, બલભદ્રમુનિ, નંદિષેણ, ઢંઢણ ઋષિ, ગજસુકુમાલ, આણંદ શ્રાવક, સુંદરી વિગેરેને ઇંદ્રાદિક ઉત્તમ દેવો પણ નમસ્કાર પ્રશંસા કરે છે. દીક્ષાના નિમિત્તે બાહુબલિની બ્હેન સુંદરીએ તપ કર્યો, તપથી જ નંદિષેણને અદ્‌ભુત રૂપ મળ્યું, સનત્કુમાર ચક્રવર્તીને બાહ્ય રોગ શમાવવાની લબ્ધિ મળી હતી. વળી તપસ્વીના વસ્ત્રાદિના સ્પર્શથી (તે અડકવાથી) પણ તાવ વિગેરે રોગો જાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. જુઓ-ગોપગિરિ (ગ્વાલિઅર) ના આમ રાજાનો એકાંતરીયો તાવ શ્રી બપ્પભટ્ટસૂરિને વંદન કરતાં વસ્ત્ર અડવાથી ઉતરી ગયો. તપસ્વીના મૂત્રથી લોંખંડ પણ સુવર્ણ બને છે.

જુઓ-નાગાર્જુન યોગીએ કોટિવેધ રસસિદ્ધિને મહા મુશ્કેલીથી મેળવ્યા બાદ રાવળ લાખણસિંહની મારફત ગુરૂશ્રી પાદલિપ્તસૂરિની ઉપર તે રસ ઠીબમાં ભરી ભેટ મોકલાવ્યો, ઠીબમાંથી તે રસને ગુરૂએ જમીન પર ઢોળી નાખ્યો, અને તે ખાલી ઠીબમાં ગુરૂએ મૂત્ર ભરીને રાવળને કહ્યું કે આ નાગાર્જુનને આપજે. તે ઠીબ રાવળે નાગાર્જુનને આપી, અને મૂત્રથી ભરેલી જાણી ક્રોધ ચઢવાથી લોખંડની શિલાઓ ઉપર પછાડી, તેથી મૂત્રનાં ટીપાં જે જે શિલા ઉપર પડયાં તે બધી શિલાઓ સોનું બની ગઈ. આ બનાવ જોઇ નાગાર્જુનનો ક્રોધ શાન્ત થયો, માન ગળી ગયું અને આશ્ચર્ય પામી ગુરૂના પગે પડી અપરાધ ખમાવી વંદના કરી. વળી તપસ્વીનો અંગુઠો અડવાથી પણ વસ્તુ અક્ષય બને છે. જુઓ-શ્રી ગૌતમ સ્વામીએ ખીરના પાત્રામાં અંગુઠો રાખીને થોડી ખીરથી પણ ૧૫૦૩ તાપસોને પારણું કરાવ્યું. આ તપના સંબંધમાં ભવ્ય જીવો આ પ્રમાણે નિર્મલ ભાવના ભાવે છે કે હે જીવ! ચિત્તરૂપી કરંડિયામાં રાગ દ્વેષ વિગેરે અંતરંગ શત્રુઓ રૂપી સર્પો રહ્યા છે. તે સર્પો મદોન્મત્ત થઈને તને કનડગત કરી રહ્યા છે તેઓને મળતો આહાર અટકાવીએ, એટલે જો તું તપ કરે અને એ રીતે તેમનો આહાર અટકાવી દે, તોજ તે કનડગત કરતા બંધ થાય. એટલે તપથી તૃષ્ણા ઘટે છે, અને અંતરંગ શત્રુઓને જીતી શકાય છે. એમ સમજીને તારે જરૂર યથાશક્તિ તપ કરવો જોઈએ. તથા લોહચુંબકથી જેમ લોઢાનું આકર્ષણ (ખેંચાણ) થાય છે, તેવી રીતે તપના પ્રભાવથી દેવો પણ આકર્ષાય છે, મદદ કરે છે. જુઓ-હરિકેશને અને બલમુનિને દેવોએ

સહાય કરી છે. જ્યાં સુધી આ દેહ રૂપી કિલ્લામાં વધારે અન્નપાણી દાખલ થાય છે, ત્યાં સુધી ભયંકર કર્મો રૂપી ચોરો શરીર રૂપી કિલ્લામાંથી બ્હાર નીકળતા નથી. કારણ કે ત્યાં (કિલ્લામાં) તેમને પૂરેપૂરો ખોરાક મળે છે, એટલે કર્મોના પીડા રૂપી ભાવ રોગને દૂર કરવાને દવા જેવું તપ છે. આહારને અટકાવવા રૂપ તપથી કર્મ રૂપી ચોરોના જુલમો ટાળી શકાય છે. આ પ્રસંગે યાદ રાખવું જોઇએ કે વિના કારણે હદ ઉપરાંત વિગઈ વિગેરે પદાર્થોને વારંવાર વાપરવાથી (ખાવાથી) રાગાદિ શત્રુઓનો ઉપદ્રવ ખાનારને સહન કરવો પડે છે. આ બાબતમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે હદ ઉપરાંત વિના કારણે ચીકાશ વાળા પદાર્થો ન જ ખાવા જોઇએ. કારણ કે ખાય તો ઉન્માદ વધે, જેથી કામદેવ ખાનારા જીવોને વિવિધ ઉપદ્રવ કરે છે. અહીં દૃષ્ટાંત એ છે કે જેમ પક્ષિઓ સ્વાદિષ્ટ ફળને ચાંચ મારી પીડે છે, તેમ સ્નિગ્ધાહાર વાપરનારને રોગાદિ શત્રુઓ પીડે છે. વળી પ્રમાદને દૂર કરવાના ઈરાદાથી, અને મનની સ્થિરતા પૂર્વક સ્વાધ્યાય કરવાના મુદ્દાથી ભવ્ય જીવોએ ઊણોદરિકા તપ પણ જરૂર કરવો જોઇએ. તપનો અપૂર્વ મહિમા એવો છે કે જેમ પવનથી શેરી સાફ થાય છે, પાણીથી શરીર વાસણ ચોખ્ખાં બને છે, તેમ નિયાણાનો ત્યાગ કરી વિધિપૂર્વક જ્ઞાન-ક્ષમા સહિત સાધેલા તપથી જીવ પણ જરૂર નિર્મલ બને છે. જેમ અગ્નિથી સોનું ચોખ્ખું બને, તેમ તપ રૂપ અગ્નિથી કર્મ રૂપ મેલથી મેલો બનેલો જીવ પણ ચોખ્ખો બને છે. જેમ સોનાને કુલડીમાં નાંખી અગ્નિ સળગાવી ફૂંકીએ, તો તે સાફ થઇ ચકચકાટ મારે છે, તેમ શરીર રૂપી

કુલડીમાં રહેલા જીવ રૂપી સોનાને નિર્મલ-સતેજ બનાવવા માટે તપ રૂપ અગ્નિ સળગાવી જ્ઞાન રૂપ પવન નાખવો જોઇએ. જીવ રૂપી સોનું પૂર્વે બાંધેલા અને સમયે સમયે નવીન બંધાતા કર્મો રૂપી માટીમાં ભળ્યું છે, છતાં તપશ્ચર્યા રૂપી અગ્નિના તાપથી માટી દૂર થઇ શકે છે ત્યારે જીવની કેવલ-જ્ઞાન રૂપી કાંતિ બહુજ ઝળકી ઉઠે છે. ધગધગતો અગ્નિ જેમ ઘણાં લાકડાંને પણ ક્ષણ વારમાં બાળે, તેમ ઘણી જન્મ-પરંપરામાં બાંધેલા પાપોને પણ તપથી જલદી બાળી શકાય છે.

વળી દુર્ગંધમય આ અસાર શરીર પણ તપશ્ચર્યા કરવાથી જ ઉત્તમ અને સફલ ગણાય છે, તપથી શરીર સૂકાય એ તો શરીરનો સ્વભાવ છે પણ સૂકાવાના ભયે તપ ન કરવું એ અજ્ઞાન છે, કારણ કે જો તપથી શરીર નહિં સૂકાય તો પણ પ્રાયે રોગથી તો સૂકાવાનું છે જ. વળી અહીં જ શુદ્ધ તપ થઇ શકે છે, માટે મનુષ્ય ભવ ઉત્તમ કહ્યો છે. એમ સમજવું જોઇએ.

વળી તપ કરવો તે પણ આર્ત્તધ્યાન ન થાય, અને બીજા સંયમ યોગોમાં શિથિલતા ન આવે એ રીતે કરવો જોઇએ. તેમજ બીજાં આવશ્યક ધર્માનુષ્ઠાનોમાં વ્યાઘાત ન પહોંચે ( અન્તરાય ન પાડે ) એવો તપ કરવો. તથા તપ કીર્તિનો[1] ધનની કે પુત્રાદિકની ઇચ્છાએ કે ચક્રવર્ત્યાદિકની ઋદ્ધિ પામવાની ઇચ્છાએ ન કરવો, પરન્તુ કર્મ્મની નિર્જરા થવાના ઉદ્દેશથી કરવો, અને શ્રદ્ધા સહિત જ્ઞાન તથા વિવે-

૧. સાંસારિક પદાર્થોની ઇચ્છા રાખીને તપ કરનાર જીવો તેના સંપૂર્ણ ફલને પામી શકતા નથી.

કથી કરવો. અહીં વિરોધિ દૃષ્ટાંત એ છે કે-તામલિ તાપસે ૬૦ હજાર વર્ષો સુધી આકરો તપ કર્યો. પરન્તુ શ્રદ્ધા સહિત જ્ઞાન અને વિવેકની ખામીને લઇને મુક્તિમાં ન ગયો, માત્ર ઇશાન કલ્પનો ઇન્દ્ર થયો. તામલિ તાપસે કરેલ તપના જેવા તપથી સાત જ્ઞાની તપસ્વીઓ મોક્ષે જાય. છતાં શ્રદ્ધાદિ રહિત તામલિ પોતે પણ મોક્ષે ન ગયો. અને એવા વિવેકના અભાવે જે કર્મો ખપાવતાં નારકી જીવોને ક્રોડો વર્ષો જેટલો વખત લાગે તે જ કર્મો વિવેકી જીવ નવકારસી ઉપવાસ છટ્ઠ જેવા અલ્પ તપથી એક મુહૂર્તાદિમાં ખપાવે છે.

તથા ભોજન કરવામાં બે ઘડીનો ટાઈમ ગણતાં હંમેશાં એકાસણું કરનારને મહિનામાં ૨૯ ઉપવાસનો લાભ થાય છે. રાત્રે ચઉવિહાર માત્ર કરનારને મહિને ૧૫ ઉપવાસનો લાભ થાય છે. માટે જ દુર્લભ મનુષ્ય ભવને સફળ કરવાના ઇરાદાવાળા ઉત્તમ મુનિઓ તપશ્ચર્યાથી ખેદ પામતા નથી, અને જેમ વૈડુર્યરત્ને જડેલી ( નીલમની ) થાળીમાં સૂખડનાં લાકડાં સળગાવી તલનો ખોળ રાંધનાર મનુષ્ય મૂર્ખ (નિર્ભાગી ) ગણાય, વળી આકડો વાવવાને માટે સોનાના હળથી જમીન ખેડનારો માણસ પણ મૂર્ખ ગણાય અને કોદરાના ખેતરને બચાવવા કપૂરના છોડવા કાપી વાડ કરનારો માણસ પણ મૂર્ખ ગણાય, તેમ કર્મભૂમિ આદિ આત્મ હિતકર ઉત્તમ સાધનોને પામીને પણ જો તપ ન કરે તો તે પણ નિર્ભાગી જ ગણાય, એવા ઈરાદાથી પણ મુનિવરો તપ કરવાથી કંટાળતા નથી. એવા પવિત્ર મુનિઓની આગળ એક બાજુ રત્નનો ઢગલો હોય ને બીજી

બાજુ પત્થરનો ઢગલો હોય તો તેવા પ્રસંગમાં રત્નનો ઢગલો જોઇને તેમને રાગ થતો નથી અને પત્થરનો ઢગલો જોઇને ખેદ પણ થતો નથી, એવો સમભાવ હૃદય ચોખ્ખું હોય તો જ ઝળકી ઉઠે છે, માટે જ એવા હૃદયની નિર્મળ દશાને પામેલા પુણ્યાત્માઓ જ ખરેખરા યોગીઓ કહેવાય. હે જીવ ! આવો સમતાભાવ મેળવવાને તું કયારે પ્રયત્ન કરીશ ? ૬

**અવતરણ**—હવે પૂર્વ કહ્યા મુજબ સાત્ત્વિક હૃદયની પવિત્ર બાદશાહી રૂપ ગુણને ધારણ કરનાર મુનિઓ જ કામદેવને થકવે છે ( જીતે છે ) તે આ શ્લોકમાં જણાવે છે અથવા કામવાસનાને દૂર કરવાનો ઉપાય જણાવે છે–

**सौन्दर्यैकनिधेः कलाकुलविधेर्लावण्यपाथोनिधेः ।**
**पीनोत्तुंगपयोधरालसगतेः, पातालकन्याकृतेः ॥**
**कान्ताया नवयौवनांचिततनोर्यैरुज्झितः संगमः ।**
**सम्यग्मानसगोचरे चरति किं, तेषां हताशः स्मरः ॥७॥**

**सौन्दर्य**=સુંદરતાનો
**एकनिधेः**=અદ્વિતીય (અપૂર્વ) ભંડાર
**कला**=કળાઓનો
**कुल**=સમૂહ, સમુદાય જાણવામાં
**विधेः**=બ્રહ્મા સરખી
**लावण्य**=લાવણ્ય, કાન્તિનો
**पाथोनिधेः**=સમુદ્ર (જેવી)
**पीन**=પુષ્ટ (અને)
**उत्तुंग**=ઉંચાં
**पयोधर**=સ્તનોવડે
**अलस**=મંદ (ધીમી)

**गतेः**=ગતી છે જેણીની; ચાલ-
નારી.
**पातालकन्या**=નાગકન્યાના
સરખી
**आकृतेः**=સુંદર આકારવાળી
**कान्तायाः**=સ્રીનો
**नवयौवनांचित**=નવા યૌવનવાળા
**तनोः**=શરીરવાળી, દેહને ધારણ
કરનારી (ખીલેલા શરીરવાળી)
**यैः**=જે મુનિઓએ
**उज्झितः**=ત્યાગ કર્યો, તજ્યો;
છોડયો.

**संगमः**=સહવાસ, સંગ, સોબત,
પ્રેમ, આસક્તિ, પરિચય
**सम्यग्**=સારી રીતે, નિર્મલ, સ્વ-
ચ્છ, ચોખ્ખા
**मानसगोचरे**=મનની અંદર,
હૃદયમાં
**चरति**=ફરી શકે
**किं**=શું
**तेषां**=તે મુનિવરોના
**हताशः**=હણાયલી આશાવાળો,
નિર્ભાગી, નિરાશ
**स्मरः**=કામદેવ, ભોગતૃષ્ણા, કામ-
વાસના

સૌંદર્યના ઉત્તમ નિધાન સમાન નારી જે હતી,
ગણને કલાના જાણવામાં જેહ બ્રહ્મા સમ હતી;
લાવણ્યના સાગર સમી ને પુષ્ટ ઉંચા સ્તન તણા,
ભારે કરી ધીમી ચલંતી ચિત્ત હરતી કામીના. ૩૮

દેખાવ માંહે નાગકન્યા જેહવી જે લાગતી,
ઉગતી જુવાની જેહમાં તેવા શરીરે દીપતીઃ
સંગ તે વર ભામિનીનો પરિહર્યો છે જેમણે,
દીન કામ કેમ ફરી શકે જ? વિષે સુજનના ચિત્તને. ૩૯

સુંદર અને સ્વાધીન વ્હાલા ભોગ સાધન જે તજે,
તેજ ત્યાગી જેમ સ્થૂલિભદ્ર પ્રિય ભોગો તજે;

**વેશ્યા હતી સુંદર ઘણી સઘલી કલાને જાણતી,**
**ભર જુવાન છતાંય તેમાં પ્રેમ ન ધર્યો પણ રતિ. ૪૦**

**ચોરાશી ચોવીસી સુધી મુનિ નામ ટકશે શીલથી,**
**વસ્તુ સ્વરૂપ સમજી તજંતા નવિ ઠગાએ ભોગથી;**
**મુંબઇગરા મુનિરાજ આશાની ગુલામી નહિ કરે,**
**સર્વ જીવો દાસ થઇને તેમને વંદન કરે. ૪૧**

અક્ષરાર્થ:—સૌન્દર્યના અપૂર્વ ભંડાર જેવી, કળાઓના સમૂહને જાણવામાં બ્રહ્મા જેવી, લાવણ્યના સમુદ્ર સરખી, પુષ્ટ અને ઉંચાં સ્તનોના ભારથી મંદ મંદ ગતિ કરનારી, નાગ કન્યા જેવા સુંદર આકારવાળી, અને નવી જુવાની વડે ખીલેલા શરીરવાળી એવી સ્ત્રીનો સમાગમ-સંગ ( પરિચય, સહવાસ ) જેઓએ પૂરેપૂરી સમજણ પૂર્વક તજ્યો છે તેવા મુનિઓના મનની અંદર નિરાશ ( ઉદાસ ) થયેલો એવો કામદેવ શું કરી શકે ? ( એટલે તેવા મુનિઓના મનમાં વિષય તૃષ્ણા વર્તતી જ નથી ) ૭

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં ગ્રન્થકારે અપૂર્વ બીના એ જણાવી છે કે જેમ શાસ્ત્રમાં કર્ણ રાજા વિગેરે દાનવીર, શ્રી શાન્તિનાથ શ્રી મહાવીર સ્વામી વિગેરે તપવીર, શ્રી રામ વિગેરે યુદ્ધ વીર પુરૂષો કહ્યા છે તેમ કામદેવને થકવનારા શ્રી જંબૂસ્વામી આદિ શીલવીર પુરૂષો શ્રી જૈન શાસનમાં ઘણા થઇ ગયા છે, તેઓની ભાવના વચનો અને કાર્યો સાંભળવાથી અને તે પ્રમાણે વર્તન રાખવાથી ( અમલમાં

મૂકવાથી ) જરૂર શીલવીર પણું મેળવી શકાય છે. ખરાબ રૂપ વાળી સ્ત્રીઓને છોડનારા દુનિયામાં ઘણાએ દેખાય છે, તેમ જ જે સ્ત્રીઓ કળા કુશળ નથી ( અભણ છે ), વિશિષ્ટ લાવણ્યવાળી નથી, જુવાનીવાળી નથી, સુંદર રૂપવાળી નથી, એવી સ્ત્રીઓને છોડનારા તો હજારો પુરૂષો દેખાય છે, જુઓ દુનિયામાં કેરડાનાં ને લીંબડાનાં ઝાડ ઓછાં હોય છે? ના. ઓછાં તો કપૂરનાં ને ચંદનનાં ઝાડ હોય છે, તથા પશુ-ઓમાં ગધેડા ને ઉંટની ખામી છે? ના, ખામી તો યુદ્ધમાં જીત આપનારા ઉત્તમ ઘોડા અને હાથીઓની જ હોય છે, તેમ અસુંદર સ્ત્રીઓને છોડનારાઓની ખામી નથી, ખામી (ઓછાશ) તો સાચા વૈરાગ્ય ભાવથી ઉત્તમ રૂપવતી સ્ત્રી-ઓને છોડનારા શીલ વીર પુરૂષોની જ હોય છે, માટે જે સ્ત્રીઓ કળા કુશળ છે ( ભણેલી ગણેલી છે ), પુષ્ટ અને ઉંચા સ્તનોના ભારથી મંદ મંદ ગતિએ ચાલનારી છે, દેખાવમાં નાગ કન્યા સરખી સુંદર છે, જેણીના દરેક અવ-યવોમાં નવજુવાની ખીલી રહી છે, એવી સ્ત્રીઓને પણ નરકના માર્ગની દીવડી સરખી ગણીને જેઓએ તજી દીધી છે, અને જે પૂજ્ય પુરૂષો તેવી સ્ત્રીઓનો મનમાં વિચાર સરખો પણ કરતા નથી, નથી તેવાં વચન બોલતા કે નથી તેવી ક્રિયા કરતા, અને ખાત્રી પૂર્વક એમજ સમજે છે કે ઝેર ખાવાથી તો એક જ વાર માણુસનું મરણ થાય પરન્તુ વિષયોનો તો વિચાર (ચિંતવના) માત્ર પણ અનેક ભવો સુધીના ( ઘણી વાર ) મરણ આપનારો છે. ધન્ય છે બાળ બ્રહ્મચારી શ્રી અરિષ્ટ નેમિનાથ ભગવંતને કે જેમણે નવ ભવના પ્રેમવાળી રાજીમતીનો પણ ત્યાગ કર્યો, ( આ

શ્લોકમાં કહેલાં બધાં વિશેષણો રાજીમતીમાં ઘટી શકે છે). અને માતા શીવાદેવીને પ્રભુએ એ જ જવાબ આપ્યો કે ભલે તને પુત્ર વધૂ (પુત્રની સ્ત્રી) જોવાની લાલસા હોય પરન્તુ દુર્ગંધ મય સાત ધાતુ વિગેરે અશુચિ પદાર્થોની અપવિત્ર કોથળી સરખી સ્ત્રીના શરીરમાં ડાહ્યા પુરૂષે રાગ ન જ કરવો જોઇએ. આ સ્ત્રી અને મુક્તિ રૂપી સ્ત્રીમાં ઘણો જ તફાવત છે. મુક્તિ રૂપી સ્ત્રી અપવિત્ર પદાર્થોથી ભરેલી નથી, રાગી ઉપર વિરાગી નથી, પણ વિરાગીની (સાંસારિક પદાર્થોનો મોહ છોડનારા જીવોની) ઉપર રાગ રાખનારી છે, અને મનુષ્ય સ્ત્રી તો રાગી પુરૂષની ઉપર પણ સ્વાર્થ સર્યા બાદ તાત્ત્વિક રાગ રાખનારી નથી જ, સ્વાર્થી રાગવાળી હોય છે, ને કોઇ તો બિલકુલ વિરાગી (પતિની ઉપર અરૂચિ, કંટાળો ધારણ કરનારી) હોય છે. માટે મુક્તિ સ્ત્રી એ જ ઉત્તમ હોવાથી તેના પ્રત્યે મારો અધિક રાગ છે. દુનિયાના મૂઢ જીવો આ સ્ત્રીથી ભલે આનંદ માને પણ તે ખરો આનંદ છે જ નહિ. એ આનંદ તો ક્ષણિક રાજસી આનંદ છે, ખરો સાદિ અનન્ત સાત્વિક આનંદ તો મુકિત સ્ત્રીનો જ છે, માટે હું તો તેવી મુક્તિ સ્ત્રીને જ ચાહું છું.

વળી એવી જ ઉત્તમ ભાવનાથી આઠ સ્ત્રીઓને તજનાર શ્રી જંબૂસ્વામી તથા વેશ્યાને પ્રતિબોધનાર શ્રી સ્થૂલિભદ્ર વિગેરે શીલવીર પુરૂષોને જોઈ ને કામદેવ પણ થાકી ગયો, તેણે (કામદેવે) તો બ્રહ્મા વિષ્ણુ મહાદેવના જેવા ગણીને ચળાયમાન કરવાને ઘણોએ પ્રયત્ન કર્યો પણ તે બધોએ

પ્રયત્ન નિષ્ફળ ગયો. આવા પ્રકારના શીલ વીર પુરૂષો જ કામદેવને થકવી શકે છે. એટલે મન વચન કાયાએ અખંડ શીલ વ્રત પાળી શકે છે. પરમ પુણ્યે મલી શકે એવા શ્રી જિનશાસનમાં જ આવા મહા પુરૂષો જયવંતા વર્ત્તે છે. માટે જ મહર્ષી ભગવંતોએ મજબૂત ભીંત પાયા ને પાટડા વાળું જૈન શાસન કહ્યું છે કે જેમાં અઢાર દૂષણ રહિત શ્રી વીતરાગ દેવ પાયા (મૂળ) સમાન છે. મહાવ્રતધારી ધર્મજ્ઞ શુદ્ધ પ્રરૂપક સત્યાવીસ ગુણોથી શોભાયમાન મુનિવરો ભીંત સમાન છે. પવિત્ર દર્શન જ્ઞાન ચારિત્રની આરાધના રૂપ મોક્ષ માર્ગ વિગેરે પદાર્થોના સ્વરૂપ વાળું કષ છેદ તાપ રૂપ ત્રિપુટી શુદ્ધ ઉત્તમ તત્ત્વજ્ઞાન પાટડા સમાન છે. આ વાકયોનું તાત્પર્ય એ છે કે શ્રી વીતરાગ પરમાત્મા સ્ત્રી વિગેરે રાગના સાધનોનો સર્વથા સંગ કરતા નથી, માટે તેમનામાં લગાર પણ રાગ હોઇ શકે જ નહી. તે પ્રભુ દેવ શસ્ત્ર વિગેરે દ્વેષના સાધનો પણ રાખતા નથી, એથી દ્વેષ વિનાના છે એમ સાબીત થાય છે. તથા હાથમાં રહેલા આમળાની માફક ત્રણે લોકના અને અલોકના સંપૂર્ણ દ્રવ્ય ગુણ પર્યાયોની ત્રણે કાલની તમામ સ્પષ્ટ બીનાને જાણનાર સદા ધ્યેય શ્રી વીતરાગ પ્રભુ દેવમાં અજ્ઞાનનો અંશ પણ કેમ માની શકાય? એટલે ન જ માની શકાય. ભગવંતે કહેલી ત્રિપદી રૂપ તરંગિણી (નદી) ના ઝરણાં જેવા વિશાલ પ્રમાણવાલા પવિત્ર આગમો જો કે પડતો કાલ વિગેરે કારણોને લઇને તથા ભૂતકાલમાં થયેલા વિવિધ આક્રમણોથી અત્યારે બહુ જ ટુંકા સ્વરૂપમાં હયાત છે. એટલે બાર વર્ષના દુકાલ વિગેરે કારણોને લઇને આગમોની

વાચનાદિ પ્રવૃત્તિ મંદ પડી ગઇ. તેથી તે દષ્ટિવાદ વિગેરે વિશાલ આગમોનો ઘણો ભાગ વિચ્છેદ પામ્યો. કે જે આગમોમાં છ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ કર્મવાદ પરમાણુવાદ આત્મવાદ વિગેરે અપૂર્વ તત્ત્વજ્ઞાન ભર્યું હતું. (એમ નંદી સૂત્રમાં કહેલી પૂર્વોની બીના ઉપરથી જાણી શકાય છે.) છતાં હાલના મોજૂદ આગમો જોતાં પણ નિર્ણય થઇ શકે છે. કર્મવાદ પરમાણુવાદ આત્માની સ્વભાવ વિભાવ દશાની બીનાનું અપૂર્વ વર્ણન જેવું જૈનાગમમાં છે તેવું વેદ પુરાણ કુરાન બાઇબલ આદિ કોઇ પણ સ્થળે નથી એમ અનુભવ સિદ્ધ છે. (આ સંબંધિ વિશેષ બીના લોક પ્રકાશ વિસ્તારાર્થની પ્રસ્તાવનાથી જાણવી), પૌદ્‌ગલિક શબ્દની અલૌકિક શક્તિ, પાણીનો વાતયોનિ સ્વભાવ, નિગોદનું સૂક્ષ્મ સ્વરૂપ વિગેરે પદાર્થોનું સ્પષ્ટ સ્વરૂપ જણાવવાને શ્રી જૈનેન્દ્રાગમો જ સમર્થ છે. એ રીતે શ્રદ્ધા ચારિત્ર સહિત તત્ત્વજ્ઞાન રૂપ ધર્મ પાટડા જેવો છે, એમ પાયો ભીંત અને પાટડા મજબૂત હોવાથી દઢ મ્હેલ સરખું શ્રી જૈનેન્દ્ર શાસન જયવંત વર્તે છે. આવા જૈનેન્દ્ર શાસનના નાયક વીતરાગ દેવ ક્યાં? અને પાર્વતી લક્ષ્મી આદિ રાગનાં સાધનવાળા, શસ્ત્ર આદિ દ્વેષનાં સાધનવાળા, અને અજ્ઞાનના ચિન્હરૂપ જપમાળા વિગેરે રાખનારા શંકર આદિ દેવ ક્યાં? પાયામાં ધૂળ હોય તો મ્હેલનું શું થાય? (અર્થાત્ જે શાસન ધર્મના દેવોમાં જ દેવપણું ન હોય તો તે શાસનનું શું થાય? વળી વીતરાગ શાસનના ગુરૂઓ આરંભ સમારંભના ત્યાગી અને મહાવ્રતધારી હોય છે, ત્યારે બીજા ધર્મના ગુરૂઓ

આરંભ સમારંભમાં મગ્ન ઘરબારી ને વ્યસનોવાળા હોય છે. એવા પત્થરની નાવ સરખા ગુરૂઓ કામદેવને વશ પડેલા હોવાથી કામદેવને થકવી શકે જ નહિં, તેમ પોતે તરી શકે નહિં ને બીજાને તારી શકે નહિ. આ બાબતમાં અખા ભગતે પણ સચોટ કહ્યું છે કે—

ગુરૂ ગુરૂ નામ ધરાવે સહુ, ગુરૂને ઘેર બેટા ને વહુ;
ગુરૂને ઘેર ઢાંઢાં ને ઢોર, અખો કહે આપ વળાવા ને
આપે ચોર. ૧

ગુરૂ લોભી ને લાલચુ ચેલા, દોનું નરકમેં ઠેલમઠેલા;
ગુરૂ કીધા મેં સર્વે સાથ, ઘરડા બળદને ઘાલી નાથ;
ધન હરે ને ધોકો ન હરે, એવા ગુરૂ કલ્યાણ શું કરે? ૨

ગુરૂ લોભી ચેલા લાલચુ, દોનુ ખેલે દાવ;
દોનુ બિચારા બૂડતે, બેઠે પત્થરકે નાવ. ૩

જેમ કોઇ પોતે નિર્ધન હોય તે બીજાને ધનવાન કરી શકે નહિં, તેમ ત્યાગી બન્યા સિવાય ત્યાગનો ઉપદેશ પણ બીજાને અસર કરતો નથી. એ પ્રમાણે દશવૈકાલિક સૂત્રના બીજા અધ્યયનની બીજી ત્રીજી ગાથાનો ભાવ વિચારીને કામદેવને જીતનારા મુનિઓને અમે ક્રોડવાર વંદના કરીએ છીએ. ૭.

**અવતરણ**—પૂર્વે કહ્યા મુજબ વર્તવા ઉપરાન્ત સ્ત્રી કથાનો ત્યાગ કરનાર મુનિઓને ખીજવાયલા કામદેવનો (થી) ભય ન જ હોય તે જણાવે છે—

४ ५
**शृंगारामृतसेकशाद्वलरुचिर्वक्रोक्तिपत्रान्विता ।**

६ ३ ७
**प्रोद्‌गच्छत्सुमनोऽभिषंगसुभगा, स्त्रीणां कथावल्लरी ॥**

१ २ ८ ९
**यैर्ब्रह्मव्रतपावकेन परितो, भस्मावशेषीकृता ।**

१४ १० १३ १५ १२ ११
**किं तेषां विषमायुधः प्रकुरुते, रोषप्रकर्षोऽपि रे ॥८॥**

**शृंगारामृत**=શૃંગારરૂપી અમૃતના,
**सेक**=સિંચવાથી, છંટકાવથી
**शाद्वल**=લીલા ઘાસ જેવી, લીલી છમ સરખી
**रुचिः**=કાન્તિવાળી
**वक्रोक्ति**=વક્રતાવાળાં વચનો, રોચક વચનો રૂપ
**पत्रान्विता**=પત્ર વાળી, પાંદડાં વાળી
**प्रोद्‌गच्छत्**=ઉગી નિકળેલા, ખીલેલા
**सुमनोऽभिषंग**=અભિલાષ રૂપ ફૂલો વડે
**सुभगा**=મનોહર, સુંદર
**स्त्रीणां**=સ્ત્રીઓની
**कथावल्लरी**=કથા રૂપી વેલ, વાર્તાલાપ રૂપ વેલડી

**यः**=જે મુનિઓએ
**ब्रह्मव्रत**=બ્રહ્મચર્ય વ્રત રૂપી
**पावकेन**=અગ્નિ વડે
**परितः**=ચારે બાજુથી, મૂળથી, સર્વથા
**भस्मावशेषीकृता**=ભસ્મીભૂત કરી નાખી, બાળી નાખી
**किं**=શું
**तेषां**=તે મુનિઓની આગળ
**विषमायुधः**=કામદેવ
**प्रकुरुते**=કરે (કરી શકે)
**रोषप्रकर्षोऽपि**=અત્યંત ક્રોધ કરે તો પણ, બહુ ક્રોધી બનેલો પણ,
**रे**=અરે, (ખેદ સૂચક શબ્દ)

જે વાત કરવી નારની તે સ્ત્રીકથા અવધારીએ,
તેવી કથા છે વેલડીના જેહવી ઇમ માનીએ;
વેલ પાણી છાંટવાથી જેમ લીલી છમ બને,
સ્ત્રીકથા રૂપ વેલ તિમ શૃંગાર અમીરસ સિંચને. ૪૨

વેલડી જિમ જલ તણી ધારા વડે પોષાય છે,
સ્ત્રીકથા શૃંગાર રસના વચનથી પોષાય છે;
આજ કારણ શીલવંતા સ્ત્રીકથાને નવિ કરે,
ઝેર જેવી માનીને વૈરાગ્ય આરામે ફરે. ૪૩

વક્રોક્તિ રૂપી પાંદડાએ દીપતી આ વેલડી,
આસક્તિ રૂપ ખીલેલ ફૂલે શોભતી આ વેલડી;
સ્ત્રીકથા કરનાર જન વક્રોક્તિના વચનો વદે,
તે પછી આસક્ત થઇને ના ટકે શીલની હદે. ૪૪

ઇમ વિચારી જેમણે તે વેલ શીલ રૂપ અગ્નિથી,
રાખ જેવી ઝટ કરી નાંખીજ બાળી મૂલથી;
શીલ વીર તે માનવોને ક્રોધથી ધમધમ થતો,
કામ વિપરીત શું કરે? કંઇ નાજ છેવટ થાકતો. ૪૫

કામદેવ વિજય લહે આસક્તિ રૂપ હથિયારથી,
સ્ત્રીકથા તજનાર મુનિ આસક્તિ ટાલે ઝડપથી;
કામ તેથી થાકતો હથિયાર પોતાનું જતાં,
શીલવંતા ભાવ શુદ્ધિ વચન શુદ્ધિ રાખતા. ૪૬

વ્યાખ્યાન સાંભળવા વિષે પણ રીતિ કહી તીર્થંકરે,
પુરૂષ આવ્યા બાદ નારી આવતી ધર્મ સ્થલે;
આજ વ્યવહારે કરી સચવાય મર્યાદા ભલી,
તીર્થ રૂપ શ્રીસંઘ નિજ કલ્યાણ સાધે હલીમલી. ૪૭

જીવન આબરૂદારનું જે તેજ ઉત્તમ માનીએ,
આબરૂ ત્યાંથી ગઇ જો ધૂલિ જીવન જાણીએ;
નાર નાગણ જેહવી માની ન વાતો કીજીએ,
શીલ સંયમ કીર્ત્તિ પાલી શીઘ્ર શીવપદ લીજીએ. ૪૮

સ્ત્રી કથાએ જશ હારી કેઇક ચરણ વિકલ બન્યા,
ધર્મી લોકે તેમને જીવતાં છતાં મડદાં કહ્યા;
ધૂલ ઢેફાં કાંકરા ને સંઘરે સાયર ખરો,
પણ સંઘરે મડદાં કદી ? ઉત્તર વિમાસી ઉચ્ચરો. ૪૯

સંઘ સાગર જીવતાં મડદાં કદી ના સંઘરે,
સ્મારણાદિ વિધાનને પણ આદરે શુભ અવસરે;
સર્વ શાસન કાયદાઓ સત્ય મુનિજન પાલતા,
વૈરાગ્ય રંગે શ્રેય સાધી આશ્રિતોને તારતા. ૫૦

અક્ષરાર્થ—શૃંગારરસ રૂપી અમૃતના છાંટવાથી (પ્રકટ થયેલી) લીલી (છમ સરખી) ચળકતી કાન્તિવાળી તથા વક્રતાવાળાં રોચક વચનો રૂપ પાંદડાં વાળી અને અભિલાષ (વિષયની ઇચ્છા) રૂપ ખીલતાં ફુલોની સુંદરતાવાળી એવી સ્ત્રી કથા-સ્ત્રીઓની વાત રૂપ વેલડી [ કામીજનોને અતિ

સુંદર લાગે છે, અને તે કથા રૂપ વલ્લી વડે તેઓને કામદેવ પોતાના દાસ બનાવે છે પરન્તુ] ને જે મુનિઓએ બ્રહ્મચર્ય રૂપ અગ્નિ વડે (તે સ્ત્રી કથા રૂપ વેલને) બાળુથી (મૂળ સહિત) બાળી નાખીને રાખ કરી નાખી છે, તેવા બ્રહ્મચારી મુનિઓને ઘણા ક્રોધવાળો પણ કામદેવ શું કરી શકે? [અર્થાત્ તેવા બ્રહ્મચારીઓને કામદેવ જરા પણ સતાવી શકતો (પજવી-હેરાન કરી શકતો, આંચ કરી શકતો) નથી.] ૮

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં કવિએ બીના એ જણાવી છે કે હે ભવ્ય જીવો! તમારે જો કામદેવને જીતવાની ઇચ્છા હોય તો સ્ત્રી કથાનો (સ્ત્રીઓ સાથે વાતો કરવાનો અને સ્ત્રીઓ સંબંધી વાતો કરવાનો) ત્યાગ કરો, કારણ કે જે પુરૂષો સ્ત્રીઓની સાથે વાતો કરવાના રસીયા હોય છે, તેમજ અમુક અમુક દેશની સ્ત્રીઓના આવા વેષ આવી ભાષા આવી ચાલ હોય છે ઇત્યાદિ રીતે સ્ત્રી કથા કરવાના રસીયા હોય તે અસ્થિર મનવાળા અને કામ વાસનાથી દીન બનેલા જીવોના શીલ વ્રતમાં ખામી જ હોય છે, અને શીલવ્રતનો વિનાશ થાય છે, તથા ઘણું દુઃખ વેઠવું પડે છે. માટે એવી સ્ત્રી કથાનો ત્યાગ કરવો જોઇએ.

આ શ્લોકમાં ગ્રન્થકર્તાએ સ્ત્રી કથાને ખીલતાં ફૂલો વાળી લીલી વેલડીની ઉપમા આપી છે, તે આ પ્રમાણે-વેલડી જેમ પાણી છાંટવાથી લીલી છમ બને છે, અને અનુક્રમે તેને પાંદડાં ને ફૂલ આવે છે, તેમ સ્ત્રી કથા રૂપ વેલડી શૃંગાર રસ રૂપ પાણી છાંટવાથી અથવા સિંચવાથી લીલી

છમ જેવી થાય છે. પાણીથી જેમ વેલ ઉગે છે તેમ મન શૃંગાર રસમાં દોરાવાથી સ્ત્રીકથા ઉગે છે એટલે સ્ત્રી-ઓની સાથે વાતો કરવામાં રસ પડે છે, તેમજ સ્ત્રીઓના પહેરવેશ આદિ સંબંધિ વાતો કરવાનું મન થાય છે, તથા વેલ ઉગ્યા પછી તેને જેમ પાંદડાં આવે છે તેમ સ્ત્રીઓ સાથે વાતો કરવાનું મન થતાં વક્રોક્તિ (સીધો અર્થ ન બોલતાં મલીન ભાવને જણાવનારા આડકતરાં વચનો) બોલ-વાની શરૂઆત થાય છે, તથા વેલને જેમ પાંદડાં આવ્યા બાદ ફૂલ આવે છે તેમ સ્ત્રીઓની પાસે આડકતરાં વચનો ની પ્રવૃત્તિ થયા (રૂપ પાંદડાં આવ્યા) પછી ધીરે ધીરે સ્ત્રીઓ પ્રત્યે આસક્તિ ભાવ જાગે છે. માટે સ્ત્રીકથા રૂપ વેલડીનાં શબ્દ રૂપ રસ ગંધ ઇત્યાદિ ભોગનાં સાધનો ઉપર પ્રેમ થવો તે અહિં ખીલેલાં ફૂલો સરખો જાણવો. જેમ જળસિંચન થયા બાદ પ્રથમ વેલનું ઉગવું પછી પત્ર આવવાં ને પછી ફૂલ આવવાં એ અનુક્રમની માફક સ્ત્રી કથા પણ શૃંગારરસથી પ્રથમ ઉગે છે, પછી વક્રોક્તિવાળાં વચનો બોલાય છે, પછી આસક્તિ ભાવ જાગે છે. એ ક્રમ અહીં સ્ત્રીકથા (રૂપ વેલડી) માં હોય છે. આ ઇરાદાથી ગ્રંથકાર કવિએ સ્ત્રીકથાને વેલડી સરખી કહી છે.

પ્રશ્નઃ—વેલડીને ફૂલ આવ્યા પછી ફળ આવે છે તો વેલડીનું ફળ અને સ્ત્રીકથાનું પણ ફળ અહિં કેમ ન કહ્યું ?

ઉત્તરઃ—જેમ વેલડીને છેવટે ફળ આવે છે એ વાત અતિ સ્પષ્ટ છે તેમજ સ્ત્રીકથાનું પણ છેવટનું ફળ દુર્ગતિના

ભયંકર દુઃખોની પરંપરા એ પણ અતિ સ્પષ્ટ હોવાથી અહીં ફલની બીના જણાવી નથી.

અહિં શીલવંત મુનિવરો પૂર્વે કહેલી સ્રી કથા રૂપ વેલડીને શીલવ્રત રૂપ અગ્નિમાં બાળી નાખીને ભસ્મ કરી નાખે છે. " **दग्धा**=બાળી નાખી " એમ ન કહેતાં **भस्मावशेषो कृता**=ભસ્મી ભૂત ( રાખ ) કરી નાખી એમ કહેવાનું કારણ એ કે કેઇક વસ્તુઓ થોડી ઘણી બળી હોય તો પણ વાવવાથી તે ઉગી નીકળે છે, પરન્તુ તે વસ્તુઓને સંપૂર્ણ બાળી નાખીને રાખ કરી દીધી હોય તો ફરીથી ઉગતી નથી એવો ભાવાર્થ અહીં ચાલુ પ્રસંગે જણાવવાને "રાખ કરી નાખી " એમ કહ્યું, જેથી તે સ્ત્રી કથા રૂપ વેલડી ફરીથી ઉગી શકે જ નહિં.

એ પ્રમાણે સ્ત્રી કથા રૂપ વેલડીને બાળીને રાખ કરવાથી તે બ્રહ્મચારી મુનિવરો કામદેવને આધીન થતા નથી તેથી કામદેવને અત્યંત ક્રોધ ચઢે તો એવો ક્રોધી બનેલો કામદેવ પણ તેવા પૂજ્ય મુનિવરોને શું કનડગત કરી શકે ? અર્થાત્ કામદેવ તેઓને જરા પણ સતાવી શકે જ નહિ.

વળી મનને વ્યાખ્યાન દેવદર્શન સ્વાધ્યાય પૂજા વૈયાવૃત્ય વિગેરે પવિત્ર અનુષ્ઠાનોમાં જોડી દેવાથી સ્ત્રીકથા તરફ મન દોરાય જ નહિં અને કામને જીતી શકાય. તથા એવાં ઉત્તમ ધર્માનુષ્ઠાનો રૂપ ઉત્તમ આલંબનોમાંથી મન ખસે તો સ્વચ્છંદી બને, તેથી સ્રીઓની સાથે રાગથી વાતચિત કરતાં આસક્તિભાવ જાગે તો શીલ સાચવી શકાય

નહિ, ને પરિણામે તેવા જીવો સંયમથી ભ્રષ્ટ થઇ જાય. આ સ્થિતિએ પહોંચેલા જીવો જીવતા છતાં પણ મડદાં જેવા જ ગણાય, કારણ કે સંયમ ઉપર જીવનનો ટકાવ છે તેને ગુમાવનારો ખરી રીતે જીવતો કહી શકાય જ નહિ. વળી સમુદ્ર બીજાને તો સંઘરે પણ મડદાંને તો ન જ સંઘરે. તો પછી સંઘ રૂપ સમુદ્ર શીલ ભ્રષ્ટ જીવો રૂપી મડદાંને ન જ સંઘરી શકે. તેવા જીવો તો બીજાને પણ બગાડે. માટે સડેલી આંગળીઓ જેવા અથવા બગડેલા નાગરવેલના પાન જેવા ભ્રષ્ટ જીવોને સંઘમાં સંઘરવાથી તો લાભને બદલે બીજાને બગાડવા રૂપ ગેરલાભ જ થાય છે.

વળી આગળ વધીને વિચાર કરતાં એમ પણ જાણી શકાય છે કે શ્રી જૈનેન્દ્ર શાસનનો કાયદો એ છે કે મુનિઓ કેવળ સ્ત્રીઓના સમુદાયમાં વ્યાખ્યાન ન જ આપી શકે, અને વ્યાખ્યાનના ટાઇમે પણ ઓછા વધતા પ્રમાણમાં પ્રથમ પુરૂષો આવ્યા બાદ સ્ત્રીઓ વ્યાખ્યાન સાંભળવા ઉપાશ્રયમાં આવી શકે, તે સિવાયના ટાઇમે તો સ્ત્રીઓ આવી શકે જ નહિ. ( સ્ત્રીઓ વ્યાખ્યાન સાંભળવા પ્રસંગે પુરૂષો આવ્યા બાદ જ સામાયિક લઇ શકે ) આનો મુદ્દો પણ એ જ છે કે એ પ્રમાણે વર્તવાથી જ પૂજ્ય શ્રી સંઘ શીલ આબરૂ ને ભાષા સમિતિની મર્યાદા પાળી શકે ને પરંપરાએ આરાધક ભાવ પામી શકે. જન્મ જરા મરણની ઉપાધિઓ વિનાની મુક્તિના અક્ષય સુખને પામે.

આ શ્લોકમાંથી સાધેલ શુદ્ધ બ્રહ્મચર્યને ટકાવવા, વધારવા માટે જરૂરી બીના આ પ્રમાણે ટૂંકામાં ભવ્ય જીવોએ

યાદ રાખવી. કવિરાજ સ્ત્રીકથાને વેલનું રૂપક આપીને એટલે તે વેલડીના જેવી છે એમ કહીને, તે વેલને બાળીને રાખ બનાવનારા નિર્મલ બ્રહ્મચારી મહા મુનિવરોની પાસે કામદેવ ભલેને ઘણી બેડસાઈ મારે, તો પણ તેનું કંઇ ચાલતું નથી. સ્ત્રીઓની કથા રૂપ એક વેલડી છે. તેની ઉપર શૃંગાર રસને પોષનારા વચનો રૂપી અમૃતનું સિંચન કરવાથી તે વેલ લીલી છમ બને છે. આ વેલડીને સ્ત્રીઓ જે વક્રોક્તિ ભરેલાં વચનો બોલે છે તે રૂપ પાંદડાં આવેલાં છે. અને મનોભાવ (વિચાર) બતાવી (જણાવી) સ્ત્રીઓ જે વચનો બોલે છે, તે મનોભાવ રૂપી ફૂલો ઉગ્યા છે. તીવ્ર મોહ વાસનાવાળા સંસારી જીવોને સુંદર લાગતી આ વેલને ખરા ત્યાગી મુનિવરો શીલ રૂપી અગ્નિમાં નાંખીને તદ્દન બાળી નાખે છે. રાખ જેવી બનાવી દે છે. આ સ્થિતિ જોઇને કામદેવ ક્રોધથી રાતો ચોળ બની જાય છે. તે મુનિવરોને હેરાન કરવાને અથાગ ઉધમાત કરે છે. પણ અંતે થાકીને તેમને નમીને ચાલ્યો જાય છે. કહેવાનું ખરૂં તાત્પર્ય એ છે કે ફૂલ રૂપી હથિયારના બલે કામદેવ ભલેને બીજા મોહ વશ સંસારી જીવોને જીતી લે, પણ શીલવંત મુનીશ્વરોને જીતી શકતો નથી. કારણ કે તે મહા પુરૂષો કામદેવના હથિઆર રૂપ ફૂલને ઉપજાવનાર સ્ત્રીકથા રૂપી વેલડીને પોતાના નિર્મલ શીલ રૂપી અગ્નિમાં હોમીને રાખ જેવી બનાવી દે છે. આથી કામદેવ શસ્ત્ર વગરનો થઇ જવાથી નિર્બળ બને એમાં નવાઈ શી? જ્યાં બ્રહ્મચર્ય રૂપી અગ્નિ ધગધગતો હોય, ત્યાં ફૂલ હથિયાર શું કામ કરી શકે? કંઇ નહિ.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે પોતે બનાવેલા શ્રી યોગશાસ્ત્રમાં શીલનો મહિમા આ પ્રમાણે જણાવ્યો છે-બ્રહ્મચર્ય એ ચારિત્રનું પ્રાણભૂત છે, ને મુક્તિનું અદ્વિતીય કારણ પણ બ્રહ્મચર્ય છે. બ્રહ્મચારી ભવ્ય જીવોની મોટા મોટા ઇંદ્રાદિક મહર્દ્ધિક જીવો પણ ખંતથી પૂજા કરે છે. અપૂર્વ તેજ અલૌકિક વીર્ય લાંબુ આયુષ્ય ઉત્તમ સંસ્થાન તથા મજબૂત સંઘયણ વિગેરે ઉત્તમ ફલો બ્રહ્મચર્ય રૂપી કલ્પ વૃક્ષમાંથી પ્રકટે છે. શીલના પ્રભાવે વિઘ્નો દૂર થાય છે, યશઃ કીર્તિ વધે છે, અગ્નિ જલ જેવો બને છે, સર્પાદિક પણ શીલધારીને ઉપદ્રવ કરી શકતા નથી. આ બીનાને ધ્યાનમાં રાખીને મલયાસુંદરી મહાબલ કુમારે દુઃખના પ્રસંગે પણ શીલ રક્ષા કરી છે. વિજયશેઠ-વિજયારાણીએ પણ ગૃહસ્થાવાસમાં પણ નિર્મલ શીલ પાલીને અવસરે દીક્ષા ગ્રહણ કરી આત્મહિત સાધ્યું છે. આવા નિર્મલ શીલવંતા ભવ્ય જીવોને કામદેવ લગાર પણ છંછેડી શકતો નથી. જે શીલપ્રધાન જીવન છે, તે નિર્ભય (નીડર) જીવન છે. આવા જીવનને ધારણ કરનારા પુણ્યવંત આત્માઓ બીજા જીવોને પણ પોતાના જેવા બનાવી શકે છે. હે જીવ! આવું નિર્મલ જીવન પામીને મુક્તિના અક્ષય સુખ મેળવીને માનવ જન્મને સફલ કરજે. ૮

**અવતરણ**—પૂર્વે કહ્યા પ્રમાણે વર્તન રાખનાર શીલ વીર પુરૂષો સ્ત્રીઓના કટાક્ષ રૂપી બાણના (સમૂહના) ઉપદ્રવો કેવા પ્રકારની કઇ ઢાલ રાખીને દૂર કરે છે તે પ્રશ્નનો ખુલાસો તે જણાવે છે—

७ ९ १० ११ १२
आताम्रायतलोचनाभिरनिशं संतर्ज्य संतर्ज्य च ।
१४ १५ ८ १३
क्षिप्तस्तीक्ष्णकटाक्षमार्गणगणो मत्तांगनाभिर्भृशम् ॥
६ १७ १६ १८ ५
तेषां किं नु विधास्यति प्रशमितप्रद्युम्नलीलात्मनां ।
१ २ ३ ४
येषां शुद्धविवेकवज्रफलकं, पार्श्वे परिभ्राम्यति ॥ ९ ॥

**आताम्र**=ઘણાં રાતાં અને
**आयतलोचनाभिः**=વિશાલ-દીર્ઘ છે લોચન જેનાં એવી (સ્ત્રીઓએ)
**अनिशं**=નિરન્તર, દરરોજ
**संतर्ज्य संतर्ज्य**=અત્યંત તર્જના તિરસ્કાર કરી કરીને
**च**=અને
**क्षिप्तः**=ફેંકેલો
**तीक्ष्ण**=તીખાં, અણીદાર
**कटाक्ष**=કટાક્ષ રૂપી
**मार्गण**=બાણોનો
**गण**=સમૂહ
**मत्तांगनाभिः**=મદોન્મત્ત સ્ત્રીઓએ
**भृशम्**=અત્યન્ત, ઘણી વાર અતિશયે કરીને

**तेषां**=તે મુનિવરોને
**किं**=શું ?
**नु**=નિશ્ચય, (હું માનું છું કે એવો વિતર્ક)
**विधास्यति**=કરશે, કરી શકશે.
**प्रशमित**=શમાવી દીધી છે
**प्रद्युम्नलीलात्मनां**=કામદેવની લીલા, કામક્રીડા જેમણે (એવા જીવોની આગળ)
**येषां**=જેઓની (આગળ)
**शुद्धविवेकवज्रफलकं**=શુદ્ધ વિવેક રૂપી વજ્રની ઢાલ (પાટીયું)
**पार्श्वे**=પડખે, આસપાસ
**परिभ्राम्यति**=ભમે છે, ફરે છે.

લાલ લાંબી આંખ વાલી મદ જુવાનીનો ધરે,
એહવી સ્ત્રીઓ નરકમાં લઇ જવા મ્હેનત કરે;

એમ જાણી મુનિવરોએ ત્રિવિધ યોગે દૂર તજી,
તેહથી શત્રુ ગણીને તેમને સ્ત્રીઓ હજી. ૫૧

આંખના ચાળા સ્વરૂપી આકરા બહુ બાણને,
ફેંકતી ને બોલતી સંતર્જનાના વેણને;
જેમણે વૈરાગ્ય રંગે કામ ક્રીડા દૂર કરી,
શુભ વિવેક સ્વરૂપ વજ્ર તણીજ ઢાલ સુદૃઢ ખરી. ૫૨

જેમની પાસે ભમે છે તે પ્રવર મુનિ વર્ગને,
આકરાંજ કટાક્ષ બાણો નવિ કરે રજ આંચને;
ઢાલ આડી રાખવાથી બાણ કદી નવિ લાગતાં,
બાણ જેવા આ કટાક્ષ વિવેક ઢાલે દૂર જતાં. ૫૩

હું એક છું મારો નથી કોઇ અહીં તિમ પરભવે,
શાશ્વતો મુજ આતમા જ્ઞાનાદિ ગુણને અનુભવે;
જ્ઞાનાદિ સદ્‌ગુણ માહરા તે તો રહે મારી કને,
શેષ બાહ્ય મનાય મારૂં લેઇને સંયોગને. ૫૪

સંયોગથી પામ્યો અનંતી હું વિપત્તિ પરંપરા,
નાર દોલત તિમ કુટુંબાદિક નથી એ માહરા;
સાથે ના આવ્યા જન્મતાં તે આવશે ના પરભવે,
એકલો પરભવ જવાનો સર્વ છંડી વિવેક એ. ૫૫

કામના તોફાન જાય શમીજ શુદ્ધ વિવેકથી,
બાહ્ય પરિણતિ દુઃખ આપે ઇમિ જણાય વિવેકથી;

નવ નિધાનો ચક્રિના દશમો નિધાન વિવેક આ,
એહના યોગે તર્યા તરશે જનો સંસારી આ. ૫૬

અક્ષરાર્થ—ઘણી રાતી અને વિશાલ આંખો વાળી મદોન્મત્ત સ્ત્રીઓએ વારંવાર તિરસ્કાર કરી મુનિઓ ઉપર તીક્ષ્ણ કટાક્ષ રૂપી બાણોનો સમૂહ ફેંક્યો હોય તો પણ કામદેવની લીલાને (કામ ક્રીડાને) જેમણે ઉપશમાવી દીધી છે એવા, અને તેથી જેઓની આસપાસ હંમેશાં શુદ્ધ-નિર્મળ વિવેક રૂપ વજ્રની ઢાલ ભમ્યા કરે છે (ફર્યા કરે છે) તેવા મુનિઓને તે કટાક્ષ બાણો શું કરી શકે એમ છે? (અર્થાત્ તેવા મુનિઓને સ્ત્રીના કટાક્ષ બાણો કંઇ પણ ઇજા કરી શકતાં નથી). ૯

સ્પષ્ટાર્થ—આ નવમા શ્લોકમાં ગ્રન્થકાર કવિએ સ્ત્રીઓના કટાક્ષથી બચવાનો ઉપાય બતાવ્યો છે. દુનિયામાં ચઢવાના સાધનો કરતાં પડવાનાં સાધનો ઠામ ઠામ નજરે પડશે, માટે હે મુનીશ્વરો! ઈર્યાસમિતિમાં સાવધાન રહેશો અને રાગદ્વેષનાં કારણોથી ચેતતા રહેશો તો જ સંયમ સાધી બંને ભવ સફળ કરી મુક્તિપદ પામશો, એવી દ્રાક્ષ શેલડી અમૃત ને સાકરથી પણ મીઠી શીખામણ ગ્રન્થકાર કવિએ આ શ્લોકમાં આપી છે.

અહિં મુનિશ્વરોના નિર્મળ વિવેકને એટલે સાર અસારની વ્હેંચણને એટલે શું કૃત્ય? શું અકુત્ય? શું ભક્ષ્ય? શું અભક્ષ્ય? શું તજવા યોગ્ય? શું આદરવા યોગ્ય? ને શું જાણવા યોગ્ય? એ સર્વ જાણવા રૂપ નિર્મળ વિવેકને

ઢાલની ઉપમા આપી છે, કારણુ કે યુદ્ધમાં જયારે બાણોના વર્ષાદ શત્રુપક્ષ તરફથી વરસતા હોય છે ત્યારે સૈનિકો તે બાણોને નિષ્ફળ બનાવવા માટે સામી ઢાલ ધરે છે, જેથી આવતું બાણુ ઢાલમાં જ અફળાઈને નીચે પડે છે. પરન્તુ સુભટના શરીરને લગાર પણુ ઇજા કરતું નથી. તે પ્રમાણે અહિં કામ વિકારથી મદોન્મત્ત બનેલી સ્ત્રીઓ પોતાના વિકારોની શાન્તિ માટે પુરૂષોને પોતાની જાળમાં ફસાવવાને માટે (ફસાવવાના ઈરાદાથી) તીક્ષ્ણુ કટાક્ષ રૂપી બાણો ફેંકે છે. અહિં તીક્ષ્ણુ કહેવાનો આશય એ છે કે બૂઠાં બાણુ જેમ નિષ્ફળ જાય છે તેમ મોહક અને મર્મવેધી વિકારો વિનાના કેવળ આંખના ચાળા રૂપ કટાક્ષો પણુ પુરૂષને અત્યંત વિકારી બનાવતાં નથી. પરન્તુ હાસ્યાદિ શેષ શૃંગાર યુક્ત આંખોના ચાળા પુરૂષોને એકદમ કામ રાગ ઉત્પન્ન કરે છે. માટે એવાં તીક્ષ્ણુ કટાક્ષ રૂપ તીક્ષ્ણુ બાણો કહ્યાં, અને એવાં બાણુ તીક્ષ્ણુ હોય એટલું જ નહિં પરન્તુ તિરસ્કાર કરી કરીને જોરથી ફેંકેલાં હોય, તો પણુ નિર્મળ વિવેક રૂપી ઢાલ તે બાણોને સર્વથા નિષ્ફળ બનાવે છે. એટલે મુનિઓની સંયમ રૂપ કાયાને તે બાણો ઇજા કરી શકતાં નથી.

વળી એવો ઉત્તમ વિવેક કયા કારણુથી શી રીતે જાગે, તે પણુ જણાવે છે. કામદેવની લીલા જેઓએ પ્રથમથી જ શમાવી દીધી હોય તેવા મહાત્માઓને જ આવો ખરો વિવેક જાગે છે કે જે વિવેક ઢાલ સરખો થઇને કટાક્ષ બાણોને નિષ્ફળ બનાવી દે છે, જેથી મુનિઓની સંયમ રૂપી

કાયાને તે તીક્ષ્ણ બાણો જરા પણ ઇજા કરી શકતાં નથી, માટે હે ભવ્ય જીવો! એવા નિર્મળ વિવેક રૂપી ઢાલને જરૂર ધારણ કરો કે જેથી સ્ત્રીઓના આ જણાવેલા ઉપદ્રવોથી સ્હેજે બચી શકાય. જગતતા જીવો જે વિવિધ વિડંબનાઓ રીબાઇ રીબાઇને અહીં અને નરકાદિ દુર્ગતિમાં ભોગવે છે તેમાં વિદ્યમાન ઘણાં કારણોમાં અવિવેક મુખ્ય કારણ છે. આની ઉત્પત્તિ અજ્ઞાનમાંથી થાય છે. જ્યારે શ્રી જૈનેન્દ્રાગમની પવિત્ર વાણીનો અભ્યાસ શ્રવણાદિ સાધનો દ્વારા પૂર્ણ પરિચય થાય, ત્યારે અજ્ઞાનનો નાશ થઇને વિવેક ગુણ પ્રકટ થાય છે. ત્યાર બાદ ભોગતૃષ્ણાનો નાશ થાય, અને ક્રમે કરી સંયમી જીવનના પ્રતાપે સકલ કર્મોનો પણ અલ્પ સમયમાં નાશ કરી શકાય છે. આ પ્રમાણે આ નવમા શ્લોકનું રહસ્ય યાદ રાખવું. ૯

**અવતરણ**—જ્યાં સુધી પરમ પુરૂષ અતિશય કામાતુર સ્થિતિમાં હોય છે ત્યાં સુધી તેને સઘળું સ્ત્રી સ્ત્રી ને સ્ત્રીમય ભાસે છે, પણ જ્યારે એ જ પુરૂષ વૈરાગ્ય પામે છે ત્યારે સ્ત્રી પાસે હોય તો પણ તેને જોવાનું પણ મન થતું નથી એ વાત ગ્રન્થકાર આ શ્લોકમાં જણાવે છે-

૧૧ ૯ ૮ ૧૦ ૧૨ ૧૩
अग्रे सा गजगामिनी प्रियतमा, पृष्ठेऽपि सा दृश्यते ।
१४ १५ १६ १७ १८ १९ २० २२ २१
धात्र्यां सा गगनेऽपि सा किमपरं, सर्वत्र सा सर्वदा ॥
३ १ २ ४ ५ ६ ७
आसीद्यावदनंगसंगतिरसस्तावत्तवेयं स्थितिः ।
२४ २५ २६ २८ २७ २९ ३० ३१ ३२ ३३
संप्रत्यास्यपुरःसरामपि न तां द्रष्टाऽसि कोऽयं लयः? ॥१०॥

अग्रे=આગળ
सा=તે
गजगामिनी=હાથીની ચાલ સરખી ચાલવાળી (સ્ત્રી)
प्रियतमा=સ્ત્રી
पृष्ठेऽपि=પાછળ પણ
सा=તે (સ્ત્રી)
दृश्यते=દેખાય છે
धात्र्यां=પૃથ્વી ઉપર
सा=તે (સ્ત્રી)
गगनेऽपि=આકાશમાં પણ
सा=તે (સ્ત્રી)
किं=શું (કહેવું)?
अपरं=બીજું (જે કંઇ)
सर्वत्र=સર્વ સ્થાને, સર્વ વસ્તુમાં
सर्वदा=હંમેશાં
आसीत्=હતો
यावत्=જ્યાં સુધી
अनंगसंगतिरसः=કામદેવની સોબત કરવામાં આનંદ માનનારો.
तावत्=ત્યાં સુધી
तव=(હે શિષ્ય!) ત્હારી
इयं स्थितिः=આ સ્થિતિ
संप्रति=હવે
आस्यपुरःसरामपि=( તે સ્ત્રી) મોઢા આગળ રહી છે, છતાં પણ
न=નથી
तां=તે સ્ત્રીને
दृष्टा=દેખનારો (દેખતો)
असि=છે
कः=કેવો
अयं=આ
लयः=લય, ( વૈરાગ્ય ભાવમાં ) તલ્લીનતા

કોઇક ગુરૂ વૈરાગ્ય ધારક શિષ્યને તસ પૂર્વની,
સ્થિતિ કરાવી યાદ કરત પ્રશંસના વૈરાગ્યની;
હે શિષ્ય! જ્યારે કામ કેરા સંગમાં રસ ધારતો,
ત્યારે કરિ પરે ચાલતી સ્ત્રી માંહિ પ્રીતિ રાખતો. ૫૭
તાસ સૌંદર્યે અધિક મોહી બનીને ભટકતો,
ભૂમિમાં આગળ અને પાછળ તું તેને દેખતો;

એમ ગગનાદિક વિષે પણ આ સ્થિતિ પ્હેલાં હતી,
પણ હવે તુજ વદન આગળ તેહ આજે આવતી. ૫૮

તોય સામી નજર પણ કરતો નથી વૈરાગ્યમાં,
લય આ તને કેવો થયો ? દેખી પડું આશ્ચર્યમાં;
એહ ખૂબ વિચારજે વરાગ્યનો મહિમા ભલો,
જેથી જણાશે ભાવ આ ગુરૂરાજનો છે નિર્મલો. ૫૯

ભોગ તૃષ્ણા જ્યાં સુધી દીલમાં વસી છે ત્યાં સુધી,
સ્ત્રી પ્રમુખમાં પ્રેમવંતા ભોગવે વિપદા બધી,
ત્યાગી જનો વૈરાગ્ય યોગે સ્ત્રી પ્રમુખને માનતા,
અશુચિ આદિ સ્વરૂપ તિમ આસક્તિ રજ ના રાખતા. ૬૦

ભોગમાં ભય રોગનો ધનમાં નૃપતિનો રીત એ,
સર્વ સાંસારિક પદાર્થો ભય સહિત અવધારીએ;
વરાગ્યમાં તલભાર પણ ભય હોય ના તે અભય છે,
સાચા વિરાગી વ્હાણ જેવા સ્વપર તારક નીડર છે. ૬૧

અક્ષરાર્થ—હે ત્યાગી શિષ્ય ! જ્યાં સુધી ત્હને કામદેવના સંગનો રસ (કામદેવની સોબત કરવામાં રસ-આનંદ પડતો) હતો (તું કામાતુર હતો) ત્યાં સુધી હાથીના સરખી ચાલવાળી અતિ વ્હાલી સ્ત્રીને તું આગળ ને આગળ દેખ્યા કરતો હતો, પાછળ પણ તે સ્ત્રીને જ દેખતો હતો, પૃથ્વી ઉપર પણ તે સ્ત્રીને અને આકાશમાં પણ તે સ્ત્રીને જોતો

હતો એમ હંમેશાં સર્વ ઠેકાણે સ્ત્રી સ્ત્રી ને સ્ત્રી જ જોતો હતો. એવી પ્હેલાં (ભૂતકાલમાં-દીક્ષા લીધા પ્હેલાં) ત્હારી સ્થિતિ હતી. પરન્તુ હે શિષ્ય! હવે (સંયમી થયા બાદ) તો ત્હારા મોંઢા આગળ ચાલતી-રહેલી સ્ત્રીને પણ તું જોતો નથી, તો એ ત્હારો વૈરાગ્યમાં લય (તલ્લીનતા) કેટલો બધો? (અર્થાત્ હવે મને ખાત્રી થઇ છે કે તું વૈરાગ્યમાં અતિશય તલ્લીન થવાથી ત્હારી તે કામાતુર વૃત્તિ સર્વથા નાશ પામી ગઈ છે.) ૧૦

**સ્પષ્ટાર્થ**—આ શ્લોકનું રહસ્ય એ છે કે કોઇ ગુરૂ પોતાના વૈરાગ્યવાળા શિષ્યને તેની પ્રથમની કામાતુર સ્થિતિ જણાવીને વર્તમાનમાં વર્તતી શિષ્યની નિર્દોષ વૈરાગ્ય દશાની ઘણી પ્રશંસા કરે છે, તે આ પ્રમાણે-હે શિષ્ય! તું જ્યારે ગૃહવાસમાં કામદેવને આધીન હતો, અને પ્રીય સ્ત્રીનો અત્યંત પ્રેમી હતો ત્યારે તને તે પ્રેમની ઘેલછા એટલી બધી હતી કે દરેક વખતે તું સ્ત્રી સ્ત્રી ને સ્ત્રી જ સંભાર્યા કરતો હતો, એટલું જ નહિ પરન્તુ ત્હારી નજર ભૂમિ પર પડે તો ત્યાં પણ સ્ત્રીને જ દેખતો, આકાશમાં ઉંચું ભાળે ત્યાં પણ તે સ્ત્રીને જ દેખતો, પાછળ જુએ તો પણ તે સ્ત્રીને દેખે, ને આગળ જુએ તો પણ તે સ્ત્રીને દેખે, જ્યાં ને ત્યાં તું તે સ્ત્રીને જ દેખ્યા કરતો. એવી કામ રૂપી મદિરાનો પુષ્કળ કેફ તને ચઢયો હતો. પરન્તુ જ્યારે હવે તું આ વૈરાગ્ય દશા પામ્યો ત્યારે તે કામ મદિરાનો કેફ એકદમ ઉતરી જતાં તારા હૃદયમાં વૈરાગ્ય રંગ પણ એવો ઝળકી ઊઠયો કે હવે તે સ્ત્રી ત્હારી સ્હામે આવીને ઉભી

રહે તો પણ તેની સ્હામું પણ તું જોતો નથી, માટે તું વિચાર કર કે વૈરાગ્ય રંગનો કેવો અદ્ભુત પ્રભાવ છે!

આ શ્લોક ઉપરથી ગ્રન્થકાર કવિએ કામાતુર જીવોની કેવી દીનદશા, કેવી ઘેલછા હોય છે, તે બાબતનું સ્પષ્ટીકરણ કર્યું, અને ખરેખર કામવૃત્તિ એ ચિત્તને ભ્રમિત બનાવી દે છે, તેથી કામાતુર જીવ મદોન્મત્ત અથવા ઉન્માદી થાય છે. કામનો ઉન્માદ કંઇ જેવો તેવો નથી. કારણ કે એ ઉન્માદ સાધારણ પુરૂષને તો શું, પરન્તુ જગતમાં પૂજાતા બ્રહ્મા વિષ્ણુ મહાદેવ વિગેરે દેવોને પણ ગાંડા જેવા બનાવી દે છે. તેમજ પોતાના સંયમનું બરાબર રક્ષણ નહિ કરનારા ને શીલવ્રતની નવ વાડો નહિ સાચવનારા એવા જૈન શાસનના સાધુઓને પણ ભ્રષ્ટ કરી નાખે છે. માટે હે જીવ! વૈરાગ્ય રંગથી એ કામદેવને જરૂર જીતજે. ૧૦

અવતરણ—કામી પુરૂષોનું જીવતર હંમેશાં દુઃખી જ હોય છે તે દર્શાવે છે-

३ २ ४ ५
योगे पीनपयोधरांचिततनोर्विच्छेदने बिभ्यतां ।
६ ७ ८ ९ १० ११
मानस्यावसरे चटूक्तिविधुरं दीनं मुखं बिभ्रताम् ॥
१२ १३ १४
विश्लेषस्मरवन्हिनानुसमयं, दंदह्यमानात्मनां ।
१ १६ १७ १९ १५ १८
भ्रातः सर्वदशासु दुःखगहनं, धिक्कामिनां जीवितम् ॥११॥

**योगे**=સંબંધમાં (તે મળે ત્યારે)
**पीन**=પુષ્ટ
**पयोधर**=સ્તન
**अंचित**=યુક્ત, સહિત
**तनोः**=શરીરવાળી (સ્ત્રી) ના
**विच्छेदने**=વિયોગમાં (મરણાદિ કારણે વિયોગ થાય ત્યારે)
**मानस्य**=માનના ( રીસાઇ હોય તે વખતે મનાવવાના )
**अवसरे**=વખતે
**चटु**=ચાટુ, ખુશામતનાં
**उक्ति**=વચને। બોલવાથી
**विधुरं**=વિહ્વલ (બેબાકળું ભયાતુર )
**दीनं**=ગરીબડાના મોંઢા જેવું
**मुखं**=મુખને
**बिभ्रताम्**=ધારણ કરનારાઓના
**विश्लेष**=વિરહ
**स्मर**=કામદેવરૂપી
**वन्हिना**=અગ્નિ વડે
**अनुसमयं**=નિરન્તર
**दंदह्यमानात्मनां**=બળતો છે આત્મા જેમનો
**भ्रातः**=હે ભાઇ!
**सर्वदशासु**=સર્વ અવસ્થાઓમાં
**दुःखगहनं**=અતિશય દુઃખવાળું
**धिक्**=ધિક્કાર છે
**कामिनां**=કામી પુરૂષોના
**जीवितम्**=જીવતરને

પુષ્ટ કુચ યુત દેહ ધરતી જેહ તેવી નારના,
સંયોગ તિમ વિયોગમાં જેઓ બને ઘર ભીતિના;
રીસાયલી તેને કહીને મિષ્ટ વચન મનાવતા,
દીનતા મુખ ધારતા વિરહાગ્નિથી સળગી જતા. ૬૨

કામાગ્નિથી બળતા નિરંતર તેમના નિજ જીવિતને,
સર્વ સ્થિતિમાં તીવ્ર દુઃખી પાત્ર તે ધિક્કારને;
કામની ઉત્પત્તિ કામ વિચારથી અવધારીએ,
તે વિચારો દૂર કરીને ધર્મિ જીવિત વખાણીએ. ૬૩

આવું વિચારી વજ્રસ્વામી રૂકિમણીના મોહમાં,
પડતાં ન વર ઉપદેશ આપી જોડતા તે ચરણમાં;
ચરણ સંગી આત્મ રંગી વાનકી શિવ શર્મની,
પામતા નિશ્ચય ઇહાં બલિહારી બહુ ચારિત્રની. ૬૪

જીવનના ત્રણ ભેદ સાત્ત્વિક તામસી ને રાજસી,
જીવન ધર્મપ્રધાન જે સંયમ દયા તપ ગુણરસી;
તેહ સાત્ત્વિક જીવન જેમાં ભોગ તૃષ્ણા બહુ રહે,
રાજસી તિમ તામસી ક્રોધાદિ રિપુ જેમાં રહે. ૬૫

પ્રથમનાં દૃષ્ટાંત ગૌતમ મુનિવરાદિક જાણીએ,
વીર પ્રભુના શ્રાવકોના ધર્મી જીવન વખાણીએ;
કંદર્પ રાવણ રાજસીમાં મમ્મણાદિક તામસી,
તે જીવન મલજો ભવોભવ જેહમાં મરીએ હસી. ૬૬

તેહ જીવન શ્રેષ્ઠ જેને દેખનારા જોઇને,
આત્મહિતને સાધતા તિમ છંડતા સવિ દોષને;
આદર્શ જીવને જીવનારા ભવ્ય વિરલા વિશ્વમાં,
તીર્થંકરાદિક પૂજ્ય પુરૂષો હું નમું રહી હર્ષમાં. ૬૭

અક્ષરાર્થ—પુષ્ટ સ્તનો યુક્ત શરીરવાળી સ્ત્રીનો સંયોગ મેળવવામાં પણ ડરનારા અને તે સ્ત્રીનો વિયોગ થવામાં પણ ડરવાળા (બ્હીનારા) તથા રીસાય ત્યારે મનાવતી વખતે ખુશામતનાં વચનો વડે યુક્ત એવા ગરીબ મોંઢા

જેવા મુખ વાળા, તેમજ વિયોગ વખતે કામદેવ રૂપી અગ્નિ વડે નિરંતર બળતા આત્માવાળા એવા કામી જનોનું જીવતર હે ભાઇ ! સર્વ અવસ્થાઓમાં દુઃખવાળું છે તેથી તેવા તેમના ( કામી જનોના ) દુઃખી જીવનને ધિક્કાર છે. ૧૧

સ્પષ્ટાર્થ:—અહિં ગ્રન્થકાર કવિ એમ જણાવે છે કે કામી પુરૂષોનું જીવન હંમેશને માટે દુઃખવાળું જ છે, કારણ કે સૌથી પ્રથમ તો સ્ત્રીનો યોગ મેળવવો (લાભ થવો) તે મોટું દુઃખ છે. આને માટે ધન ભેગું કરવું પડે તેમાં મોટું દુઃખ, કારણ કે કન્યા દેનારા જીવો એમ વિચારે છે કે નિર્ધન પુરૂષને કોણ કન્યા આપે ? તેને પોતાના જ નિભાવ કરવાના સાંસા હોય ત્યાં વળી નિર્ધન માણસ સ્ત્રીનો નિભાવ શી રીતે કરશે ? તેનાં કપડાં ઘરેણાં ને ભરણ પોષણ કઇ રીતે કરશે ? એમ વિચારીને કોઇ પણ કન્યા આપતું નથી, જેથી કન્યા મેળવવા માટે ધન શરીર ભણતર વિગેરે સારા સંયોગો મેળવવા માટે ઉદ્યમ કરવો પડે. લોકમાં તેવી આબરૂ જમાવવા માટે અનેક રીતે ઉદારતા વાપરવી પડે. એ પ્રમાણે અનેક સ્ત્રીનો યોગ મેળવવામાં દુઃખ છે, એમ છતાં પણ કદાચ સ્ત્રીનો યોગ મળ્યો, એટલે સ્ત્રીને પરણ્યો, પણ ત્યાર પછી તેનું શરીર માંદુ સાજુ રહે ત્યારે અથવા તો સુવાવડ આદિ જેવા દુઃખોના પ્રસંગમાં પણ સ્ત્રી રહેશે કે જશે ? એ બાબતની મહાચિંતા નિરન્તર ચાલુ હોય છે. અને તેનો વિયોગ ન થવા દેવા માટે વૈદ દાક્તરોના ઉપચારો વિગેરે મોટા મોટા પરિશ્રમો વેઠી જેમ બને તેમ સ્ત્રીનું શરીર સ્વસ્થ બનાવવા માટે

અનેક ઉપાયો કરે છે. રાત દિવસ ઉજાગરા કરે છે. એ પ્રમાણે જેમ સ્ત્રીનો યોગ મેળવવામાં દુઃખ છે તેમ તે યોગ હંમેશને માટે કાયમ કેમ રહે અને વિયોગ ન થાય તેવા ઉપાયોની યોજના કરવામાં પણ મહા દુઃખ છે.

તથા સ્ત્રી જ્યારે રીસાઈ જાય છે ત્યારે તેનાં મનામણાં કરવામાં જાણે ગરીબડા સરખો હોય તેમ ખુશામતનાં વચનો બોલે છે, એ પણ દુઃખ છે. કારણ કે પુરૂષ હોઈને કાયરતા દેખાડવી પડે છે. તેમજ જેને ઘણું ધન ખરચી પરણ્યો છે, પાળીને પોષણ કરવામાં ઘણાં દુઃખ વેઠયાં છે, રીસાતી વખતે મનાવવામાં ગરીબાઈ ને દીનતા દેખાડી છે, તે જ સ્ત્રી જ્યારે મરણ પામી જાય ત્યારે પણ તેના વિયોગ થવાના ટાઈમે કામ રૂપી અગ્નિ વડે પુરૂષ નિરન્તર બળતો ને જળતો રહે છે. પ્રથમના વિલાસો યાદ આવવાથી કામાગ્નિ વધારે સળગે છે અને તે ચિંતામાં ને ચિંતામાં પુરૂષનું શરીર પણ શોષાઈ (ચિંતાથી સૂકાઇ) જાય છે. તેથી ગ્રન્થકાર કવિ કહે છે કે હે ભાઇ! કામાતુર પુરૂષો સ્ત્રીના યોગમાં વિયોગમાં મનાવવામાં ને મરણમાં દરેક વખતે દુઃખી જીવન વાળા છે, કામીઓનું આખું જીવન દુઃખમાં ને દુઃખમાં જાય છે. શાન્તિ સંતોષ દેવગુરૂનું નામ ધર્માનુષ્ઠાન વિગેરે જે સુખનાં સાધનો છે તેનો એને સ્વપ્ને પણ ખ્યાલ આવતો નથી ને મનમાં બળ્યા કરે છે. ચિંતા રૂપી ચિતાના અગ્નિમાં એ હંમેશાં સૂતો જ રહે છે, અને સઘળું જીવતર ફોગટ ગુમાવે છે, માટે હે ભાઇ! એવા કામી પુરૂષોના જીવતરને હજાર વાર ધિક્કાર છે અને આવી જીવનની ખરાબી કરનારા

એ કામવિકારોને પણ ધિક્કાર છે. આ શ્લોકમાં જણાવેલી બીનાને શાંત હૃદયથી વિચારનારા ભવ્ય જીવોને અપૂર્વ બોધ (હિતશિક્ષા) એ મલે છે કે જ્યારે કવિ કામી જનના જીવિતને ધિક્કારે છે, ત્યારે તે શીલવંતા ધર્મી જીવોના જીવનને જ ઉત્તમ ગણે છે. એમ કવિનો આશય જણાય છે. જીવિત અને જીવન શબ્દનો અર્થ એક જ છે. એમ સમજીને દયાળુ મહર્ષિ ભગવંતે જીવનના ત્રણ ભેદ કહ્યા છે. તે આ પ્રમાણે. ૧ સાત્ત્વિક જીવન. જેમાં અહિંસા, સંયમ, શીલ, દાનાદિની નિર્મલ સાધના રહી છે. સુખના સમયમાં અભિમાન અને દુઃખના સમયમાં હાય વોય થતી નથી. જીવનની અને તમામ સાંસારિક પદાર્થોની ક્ષણ ભંગુરતાનો વિચાર સતત ચાલુ જ છે. કામ, ક્રોધાદિને મહા દુઃખના સાધન તરીકે જ ગણવામાં આવે છે. ધર્મવીર દયાવીર શીલ દાનાદિ વીર પુરૂષોની સદ્ભાવના અને અનિત્યાદિ સોળ ભાવનાના વિચારો કરાય છે. તે સાત્ત્વિક જીવન કહેવાય. આમાં શ્રી ગૌતમ ગણધર કામદેવ શ્રાવકાદિના દૃષ્ટાંત જાણવા. ૨. રાજસી જીવન, જેમાં કામવાસનાના તોફાન થઈ રહ્યા છે તે રાજસી જીવન કહેવાય. આમાં કંદર્પ રાવણાદિના દૃષ્ટાંત જાણવા ૩. તામસી જીવન. જેમાં ક્રોધાદિ કષાયની ઉત્પત્તિ વારંવાર થતી હોય તે તામસી જીવન કહેવાય. આમાં ક્રોધી સાધુ મમ્મણ શેઠ વિગેરેના દૃષ્ટાંત જાણવા. ત્રણ ભેદમાં ઉત્તમ સાત્ત્વિક જીવનના પ્રતાપે જ શ્રી વજ્રસ્વામી મહારાજે રાગી રૂક્મિણીને સંયમની રાગિણી બનાવી. સાત્ત્વિક જીવનવાળા મહાપુરૂષો જ્યારે મરણ પામે, ત્યારે

બીજા લોકો તેમના ગુણોને વારંવાર યાદ કરીને રૂદન કરે છે. ને તેમને તો મરતી વખતે હર્ષના પાર હોતો નથી. કારણ કે અહીંની સ્થિતિ કરતાં ભવાંતરમાં તેમને બહુ જ સારી સ્થિતિ મળવાની છે. એમ તેઓ ખાત્રી પૂર્વક માને છે. પાપી જીવોને મરતી વખતે કરેલા પાપ કર્મના પ્રમાણુમાં હીનાધિક હાય વોય જરૂર છે. તેવું ધર્મી જીવોને હોય જ નહિ. એમ સમજીને ભવ્ય જીવોએ શીલાદિ સદ્ગુણુ મય સાત્ત્વિક જીવન જીવીને માનવ જન્મ સફલ કરવો. એમ વર્તવામાં જ ખરૂં ડહાપણુ જાળવ્યું કહી શકાય. ૧૧

**અવતરણ:**—ગ્રંથકાર કવિ સ્ત્રીઓના દરેક અંગમાં અવગુણુ રહ્યા છે તો પણુ આ કામી જીવોને વૈરાગ્ય થતો નથી તે સંબંધી ખેદ દર્શાવે છે-

२ ३ ४ १ ५ ६
**मध्ये स्वां कृशतां कुरंगकदृशो, भ्रूनेत्रयोर्वक्रतां ।**
८ ७ १० ९ १२ ११
**कौटिल्यं चिकुरेषु रागमधरे, मांद्यं गतिप्रक्रमे ॥**
१४ १३ १६ १५ १८ १७
**काठिन्यं कुचमंडले तरलतामक्ष्णोर्निरीक्ष्य स्फुटं ।**
२३ २५ २४ २० २१ १९ २२
**वैराग्यं न भजंति मंदमतयः, कामातुरा ही नराः ॥१२॥**

**मध्ये**=મધ્ય ભાગમાં
**स्वां**=સ્ત્રીની પોતાની
**कृशतां**=દુર્બળતાને, પાતળાપણાને
**कुरंगकदृशो**=હરિણુ સરખાં નેત્ર વાળીની, સ્ત્રીની
**भ्रूनेत्रयोः**=ભવાં (નેણુ) ની અને આંખોની
**वक्रतां**=વાંકાપણું
**कौटिल्यं**=વાંકાશ
**चिकुरेषु**=વાળના સમૂહમાં

**रागं**=રાગ (આસક્તિ, પ્રેમ) રંગ, (રાતાશ)
**अधरे**=હોઠમાં
**मांद्यं**=મંદતા, શિથિલતા, આળસ
**गतिप्रक्रमे**=ગતિ કરવાના પ્રસંગે (અવસરે), ચાલતી વખતે
**काठिन्यं**=કઠિનતા
**कुचमंडले**=બે સ્તનમાં,
**तरलतां**=ચપળતા
**अक्ष्णोः**=બે આંખની અંદર
**निरीक्ष्य**=જોઈને
**स्फुटं**=સ્પષ્ટ, સાક્ષાત્
**वैराग्यं**=વૈરાગ્ય
**न**=નહિ, નથી
**भजंति**=ધરતા, પામતા
**मंदमतयः**=મંદ બુદ્ધિવાળા, મૂર્ખ નરો
**कामातुराः**=કામાતુર
**ही**=અહો, આશ્ચર્ય છે કે (ખેદની વાત છે કે)
**नराः**=પુરૂષો.

**જિમ કોઈના વાંકાશ માયા માન મૂઢતા શિથિલતા,**
**કઠિનતા કૃશતા ચપલતા ક્રોધ નારી રાગિતા;**
**ઇત્યાદિ અવગુણ જાણતાને શીઘ્ર ઉપજે તેહની,**
**ઉપર અરૂચિ દોષમય સ્થિતિ તેમ જાણો નારની. ૬૮**

**મૃગ નયણ સમ આંખ વાળી નાર કેરા મધ્યમાં,**
**દીસતી કૃશતા ભ્રકુટિમાં વક્રતા તિમ કેશમાં;**
**કુટિલતા તિમ હોઠમાંહિ સરાગતા તિમ ચાલમાં,**
**મંદતા કુચમાં કઠિનતા ચપલતા બહુ નેણમાં. ૬૯**

**ને આંખમાં ઇમ અન્ય અવગુણ નારના જોતાં છતાં,**
**ખેદ કેરો વાત એ કામી ન તેને છંડતા;**
**તેહ કારણ મંદ બુદ્ધિ તેમની અવધારવી,**
**ગાંડા તણી સ્થિતિના સમી સ્થિતિ કામિની પણ જાણવી. ૭૦**

દોષને જાણ્યા પછી તે દોષ વાળા જીવની,
ઉપર અરૂચિ ધારવી આ રીત બુદ્ધિમાનની;
જે ન જાણે તે ધરે રૂચિ દોષ એ અજ્ઞાનનો,
જાણ્યા પછી અહીં ભૂલ હોવે દોષ કામવિકારનો. ૭૧

પુરૂષમાં જે હીનતા તેહીજ કૃશતા જાણવી,
કુટિલતા તે કપટ આળસ મંદતાને જાણવી;
હોઠની લાલાશ રાગ દશા જ રાગે જાણવી,
કઠિનતા વચનાદિ માંહિ કઠોરતા તે જાણવી. ૭૨

દોષ કેરી ખાણ નારી બાહ્ય અંગે દોષને,
ધારનારી ચિત્તમાં પણ રાખતી બહુ દોષને;
આ ભવે ને પરભવે બહુ આપદાને આપતો,
રાક્ષસી જેવી ગણે જે તેહને ન સતાવતો. ૭૩

અક્ષરાર્થ:—હરિણનાં સરખાં નેત્રવાળી સ્ત્રીઓનો પોતાનો મધ્ય ભાગ એટલે સ્ત્રીઓની કેડમાં અતિ કૃશતા એટલે ઘણી પાતળાશ છે તેને, ભવાં અને આંખોની વક્રતા-વાંકાશને, તથા કેશોની કુટિલતા-વાંકાપણું જોઈને, અને હોઠમાં રાતાશ જોઈને તેમજ ચાલતી વખતે મંદતા જોઇને, વળી સ્તન સમૂહની કઠિનતા જોઇને અને બે આંખોની ચપળતા જોઇને એમ (કૃશતા વિગેરે) અવગુણો સ્પષ્ટ જોઇને પણ ખરેખર ખેદની વાત છે કે જે પુરૂષો મંદ બુદ્ધિ વાળા અને કામાતુર હોય છે તે જ પુરૂષો વૈરાગ્ય પામતા

નથી (એ સિવાયના બુદ્ધિમાન નિષ્કામી પુરૂષોને તો સહજે વૈરાગ્ય પમાડે એવાં સ્ત્રીનાં દુર્ગંધમય અંગ છે). ૧૨

સ્પષ્ટાર્થ:—જગતમાં જે વસ્તુ લષ્ટ પુષ્ટ હોય તે જ લોકને ઘણી ખરી પ્રીય હોય છે. પરન્તુ સ્ત્રીની કેડ તો પાતળી-દુર્બળ છે છતાં કામી જનોને એ વ્હાલી લાગે છે. તેમજ કોઇ વસ્તુ ઘણી ખરી સીધી સપાટ હોય તે સારી લાગે છે, પરન્તુ સ્ત્રીઓની આંખનાં ભવાં અને આંખો (ના કટાક્ષ) આ બંને વાંકા છે, છતાં કામી જનને એ બે સારાં લાગે છે. તેમજ સ્ત્રીના વાળ વાંકડીઆ હોય તો પણ સારા લાગે છે. તથા વસ્તુઓના રંગમાં શ્વેત રંગ સર્વથી શ્રેષ્ઠ ગણ્યો છે, પરન્તુ સ્ત્રીના હોઠ લોહીથી ભરેલા લાલ છે છતાં કામીજનને એ સારા લાગે છે. તથા વસ્તુના તીવ્રતા અને મંદતા એ બે ગુણોમાં મંદપણું એ ઉત્તમ ગુણ નથી, પરન્તુ સ્ત્રીઓની ચાલ મંદ છે એમ સ્પષ્ટ દેખાય છે છતાં કામીજનોને એ મોહ ઉપજાવે છે. તથા વસ્તુઓના નરમાશ અને કઠિનતા એ બે ગુણોમાં નરમાશ ગુણ શ્રેષ્ઠ છે, પરન્તુ સ્ત્રીઓનાં સ્તન કઠિન હોવા છતાં તે કામીજનોને મોહ ઉપજાવે (સારા લાગે) છે, તથા વસ્તુની સ્થિરતા ને ચપળતા એ બે ગુણોમાં સ્થિરતા ગુણ શ્રેષ્ઠ ગણાય છે, પરન્તુ સ્ત્રીઓની આંખો ઘણી ચપળ છે, પલકારા મારતી છે તો પણ કામી જનોને તે સારી લાગે છે. એ પ્રમાણે જે જે અશુભ ગુણો દુર્ગુણ તરીકે પ્રસિદ્ધ છે, તે દુર્ગુણો એટલે દુર્બલતા વાંકાઇ કુટિલતા રકતતા મંદતા કઠિનતા ચપળાઇ વિગેરે દુર્ગુણોને સ્ત્રીઓના કેડ વિગેરે અવયવોમાં કામી નરો

સ્પષ્ટ દેખે છે છતાં તેવા દુર્ગુણ વાળી સ્ત્રીને બહુ સુંદર માને છે.

અહિં ગ્રન્થકાર કવિનો આશય એ છે કે દુર્ગુણોને દુર્ગુણ તરીકે જાણીને તે દુર્ગુણવાળા પદાર્થની ઉપર મોહ ન રાખવો જોઈએ. અને સ્ત્રીના અવયવો વિગેરેમાં તેવા દુર્ગુણો સ્પષ્ટ રીતે દેખાય છે છતાં પણ સ્ત્રીમાં મોહ રાખનારા તે મંદ બુદ્ધિવાળા જ ગણાય, અને એવો મોહ કામાતુર પુરૂષોને જ હોય, પણ જે બુદ્ધિમાન પુરૂષો હોય તેઓ તો સ્ત્રીઓમાં રહેલા દુર્ગુણોને દુર્ગુણ તરીકે જાણીને તેમાં મોહ પામતા જ નથી, કારણ કે તેઓ તો બુદ્ધિમાન હોવાથી કામાતુર દશાને વારંવાર ધિક્કારે છે. એટલે તેઓ કામ વાસનાથી સો હાથ દૂર જ રહે છે, અને એવા ખરા બુદ્ધિમાન મહા પુરૂષો તો મુનિ મહાત્માઓ અને વિજયશેઠ જેવા મહા શ્રાવકો વિગેરે જાણવા. આ બીના યાદ રાખીને જ એવા દુર્ગુણો વાળી સ્ત્રીઓના પરિચયથી તદ્દન અલગ રહીને સંયમની નિર્મલ સાધના કરી દુર્લભ માનવ જન્મને સફલ કરવો, એજ શ્રી જિનશાસનનું ખરૂં રહસ્ય છે. અહીં જણાવેલી બીનાનું રહસ્ય યથાર્થ સમજવાને માટે નૂપુર પંડિતા વિગેરેના દૃષ્ટાંતો યાદ રાખવા જોઇએ. તે શ્રી ઉપદેશ પ્રાસાદમાં જણાવ્યા છે. ૧૨

અવતરણ:—વૃદ્ધાવસ્થા વડે બેહાલ થયેલા પુરૂષો પણ સ્ત્રીની ચિંતવના કરે છે તેથી તે વૃદ્ધોની જડતા અને આશ્ચર્ય દર્શાવે છે—

४ ५ ६ ७ ८
**पांडुत्वं गमितान्कचान् प्रतिहतां तारूण्यपुण्यश्रियं ।**
११ ९ १० १२ १४ १३
**चक्षुः क्षीणबलं कृतं श्रवणयोर्बाधिर्यमुत्पादितम् ॥**
१६ १७ १५ ३ १८
**स्थानभ्रंशमवार्पिताश्च जरया, दंतास्थिमांसत्वचः ।**
१९ २० २ १ २२ २१ २५ २३
**पश्यंतोऽपि जडा हहा हृदि सदा, ध्यायन्ति तां**
२४
**प्रेयसीम् ॥१३॥**

**पांडुत्वं**=પાંડુપણું, ધોળાપણું, ધોળાશને
**गमितान्**=પામેલા
**कचान्**=કેશોને
**प्रतिहतां**=હણાઈ ગયેલી, નાશ પામેલી
**तारूण्य**=યુવાની રૂપી
**पुण्य**=ઉત્તમ, પવિત્ર
**श्रियं**=લક્ષ્મીને, શોભાને
**चक्षुः**=આંખો
**क्षीणबलं**=નાશ પામેલ છે શક્તિ જેની; દુર્બલ, તેજ વિનાની
**कृतं**=કરેલી
**श्रवणयोः**=બે કાનમાં
**बाधिर्यं**=બધિરતા; બ્હેરાશ
**उत्पादितम्**=ઉત્પન્ન કરેલું
**स्थानभ्रंशं**=સ્થાનભ્રષ્ટતાને; અસ્તોવ્યસ્ત દશાને
**अवापिताः**=પામેલા
**जरया**=જરા વડે
**दंत**=દાંત
**अस्थि**=હાડકાં
**मांस**=માંસ
**त्वचः**=ચામડીને
**पश्यंतोऽपि**=દેખતા છતાં પણ
**जडाः**=જડ પુરૂષો
**ह हा**=અહો, ખેદની વાત છે કે
**हृदि**=હૃદયમાં
**सदा**=હંમેશાં
**ध्यायन्ति**=ધ્યાવે છે, ચિંતવે છે
**तां**=તે
**प्रेयसीम्**=સ્ત્રીને.

ઘડપણે ધોળા બનાવ્યા વાળને તિમ તેજને,
ભરજુવાનીના હણ્યું નિર્બલ બનાવી આંખને;

બધિરતા કાને કરી નિજ માંસ હડ્ડી ચામડી,
સ્થાન ભ્રષ્ટ બની ગયા ને દાંત સર્વ ગયા પડી. ૭૪

આ બધું દેખે છતાં પણ મૂર્ખ નિત સંભારતા,
તે નારને આ ખેદ કેરી વાત કવિ ઇમ બોલતા;
ઉંમર વધે તૃષ્ણા ઘટે પ્રાયે કરીને ઇમિ બને,
પુદ્ગલાનંદી જનોને એહથી ઉલ્ટું બને. ૭૫

અવસર્પિણીની એ નિશાની હોય પંચમ કાલની,
અશુભ ભાવ પ્રબલતા ઓછાશ ઉત્તમ ભાવની;
મરવા થયો તૈયાર તે પણ ભોગ તૃષ્ણા ના તજે,
બહુલ સંસારીપણું એથી જરૂર તું માનજે. ૭૬

બાલ્ય વયથી સંયમી જન પૂર્ણ બહુ સુખ પામિયા,
તેથી ઉતરતા યૌવને શુભ સંયમથીજ તરી ગયા;
ઘડપણે કેઇક જનો વર સંયમી થઇ સાધતા,
શ્રેય પણ તે અલ્પ જન જે દીર્ઘ જીવન ધારતા. ૭૭

કેઇ ગર્ભે મરણ પામ્યા કેઇ બાલ્યાવસરમાં,
કેઇ તો ભણતાં છતાં ને કેઇ યૌવન કાલમાં;
આયુ સાત ઉપક્રમે હીન થાય છે બહુ લોકના,
અલ્પ તે જસ ના ઉપક્રમ લાગતા આયુષ્યના. ૭૮

ઘડપણે હિત સાધવાની શક્તિ પુણ્ય બલી ધરે,
કર્મનું ને આતમાનું યુદ્ધ નિત્ય થયા કરે.

કર્મ જીતે જેમને તે રાંકડા જેવા ફરે,
જેહ જીતે કર્મને તે શાશ્વતા સુખને વરે. ૭૯

બકરાં તણા યૂથમાં રહી ભૂલી ગયો નિજ ભાનને,
સિંહ શિશુ તિમ કામિની ટોળા વિષે નિજ ભાનને;
અનંત શક્તિ જીવ ભૂલ્યો કર્મ કારણ સેવતો,

જિન વચનથી બગડેલ બાજી સર્વ શીઘ્ર સુધારતો. ૮૦
આત્મ વીર્યોલ્લાસ યોગે કર્મ શત્રુ જીતતો,
આત્મ સંપદ મેળવીને શાશ્વતાનંદી થતો;

ભોગ તૃષ્ણાની ગુલામી આ ગુલામી સર્વની,
દાસી બનાવે તેહને જે ભક્તિ કરજો તેમની. ૮૧

**અક્ષરાર્થ:**—ઘડપણમાં પોતાના વાળ સફેદ થઈ જાય છે, યુવાની રૂપ પવિત્ર લક્ષ્મી વિનાશ પામે છે, આંખોનું તેજ નાશ પામે છે, બે કાનમાં બ્હેરાશ આવી જાય છે, તથા દાંત હાડ માંસ અને ચામડી એ સર્વ વૃદ્ધાવસ્થા વડે સ્થાન ભ્રષ્ટ થઇ જાય છે (નાશ પામે છે), એ પ્રમાણે થયેલી દુર્દશાઓને સાક્ષાત્ દેખનારા એવા પણ જડ પુરૂષો હજી સુધી હૃદયમાં હંમેશાં તે સ્ત્રીઓનું ધ્યાન કર્યા કરે છે, એ ઘણા જ ખેદની વાત છે. ૧૩

**સ્પષ્ટાર્થ**—આ શ્લોકમાં કવિ વૃદ્ધ સંસારી જીવોની ભોગ વિલાસ તરફ દોડતી મનોવાસના તરફ ઘણો ખેદ (તિરસ્કાર) જણાવે છે, કારણ કે ભરજુવાન અવસ્થામાં

ઈન્દ્રિયો રૂપી ઉન્મત્ત (તોફાની) ઘોડા વશમાં ન રહે અને વિષયોને આધીન થઇ સ્ત્રીઓનું ચિંતવન કરે એ વાત તો દૂર રહી પરન્તુ જે પુરૂષો ઘરડા ડોસા જેવા થઇ ગયા, અને તેવા ઘડપણથી જેમના માથાના વાળ પણ સાવ ધોળા થઇ ગયા, અને જેઓની જુવાની વીતી ગઈ, આંખોનું તેજ નાશ પામ્યું, કાન બ્હેરા થઈ ગયા, દાંત ખડખડી પડતાં બોખા થઇ ગયા, હાડકાં પણ મજબૂત હતાં તે ખડખડી ઉઠયાં, માંસ સૂકાઇ જવાથી શરીર દુબળું થઈ ગયું, ચામડી ચમકતી હતી તે ફીકી પડી કરચલીઓ પડી ગઈ. આવા પ્રકારની ઘડપણની દુર્દશાઓ સાક્ષાત્ અનુભવે છે છતાં પણ એ જડ પુરૂષો હજી હંમેશાં સ્ત્રીના વિલાસોને મેળવવાના વિચાર કર્યા કરે છે, સાઠ સાઠ વર્ષની ઉમ્મરના અને મસાણમાં પ્હોંચવાની તૈયારીવાળા જડ પુરૂષોને પણ સોળ વરસની સુંદરીઓ પરણવાના કોડ થાય છે. પોતે ઘરડા થવા છતાં જુવાન જેવા દેખાવાને સફેદ થઇ ગયેલા વાળને કલપ લગાવી લગાવી કાળા દેખાડવાનો આડંબર કરે છે, અને ફરી જુવાની મેળવવા માટે ભસ્મો માત્રાઓ ઔષધિઓ અને અભક્ષ્ય દવાઓ ખાઇ ખાઇને શક્તિ ટકાવી રાખવા અથવા ગયેલી શક્તિ પાછી મેળવવા માટે તનતોડ મ્હેનત કરે છે, આંખમાં અંજનો વિગેરે આંજી આંખનું તેજ લાવવા ફાંફાં મારે છે, કાનની બ્હેરાશ ઓછી કરવા વૈદ દાક્તરોની દવાઓ વગેરે કરે છે, દાંત નવા આવ્યા હોય એવો આડંબર દેખાડવા દાંતનાં ચોકઠા બેસાડે છે, તથા હાડ માંસને મજબૂત બનાવવા માટે અનેક પ્રકારનાં

તેલ વિગેરે માલીસ કરે છે, અને ચામડીની પ્રીકાશ છૂપાવવા માટે સ્નો અને પાવડર વગેરે છાંટે છે. એ પ્રમાણે જુવાનીના ગયેલા રંગને પાછા મેળવવા અને છૂપાવવા વૃદ્ધ કામિજનો ઘણી મહેનત કરે છે, પરન્તુ જે ખરી જુવાની ગઇ તે ગઈ જ જાણવી, પાછી આવતી નથી. અને નકલી જુવાની કંઈ કામ આવતી નથી, એ પ્રમાણે નકલી જુવાની લાવનારા મનમાં જાણે છે તો પણ લોકમાં પોતાની શક્તિનો આડંબર દેખાડી જુવાન સ્ત્રીઓને પોતાના પ્રેમ પાસમાં ફસાવવાને જ એ બધા ખોટા આડંબર રચે છે, માટે હે ભવ્ય જીવો ! વૃદ્ધાવસ્થાની દુર્દશા સાક્ષાત્ દેખીને જલદી આત્મહિત સાધવાને સાવધાન થજો. અને હવે અલ્પ સમય ટકનાર આ શરીર મારફત કંઈ પણ પરભવનું સાધન સાધી લેવાનો દઢ વિચાર રાખવો જોઇએ તેને બદલે હજી પણ સ્ત્રીઓની પાછળ જ મસ્તાની મનને છૂટું મૂકો છો તે ઠીક નહિ. આ શરીરથી ચાહે તેટલા વિલાસો કરો તો પણ મન સંતોષ પામવાનું નથી, માટે જેમ કુદરતે શરીરને વૃદ્ધ બનાવ્યું તેમ તમો મનને પણ સંસાર વાસનાથી વૃદ્ધ (વિરક્ત) બનાવો અને જુવાનીના બધા ચાળા છોડી દઇને મોક્ષ માર્ગની સાધના કરીને માનવ દેહને સફલ કરવામાં જ પ્રયત્નશીલ થજો. એ આ શ્લોકનું રહસ્ય છે. અવસર્પિણીના પાંચમા આરામાં દિવસે દિવસે વધારે વધારે પડતીના ચિહ્નો પ્રકટે છે. જુવાનીમાં આંખ વિગેરે અવયવો દ્વારા કામ લઈ શકાય છે. તે વખતે ચક્ષુ વિગેરેને મોક્ષ માર્ગની સાધનામાં જોડવાથી ઘણાં કર્મોની નિર્જરા થાય છે. સ્વપર હિતને સાધી

શકાય છે. ઘણાં ચીકણા કર્મોના બંધનથી બચી શકાય છે. આવી ઉત્તમ ભાવનાના દૃઢ સંસ્કારો કેઈક પુણ્યશાલી જીવોને પાછલા ભવમાં પડેલા હોય છે. ત્યાં તેઓ સંયમાદિની સાધના કરતા હતા ખરા, પણ પોતાનું આયુષ્ય ઓછું હોવાથી તે સાધના પૂરી કરી શકયા નહિ, ને પરભવમાં ચાલ્યા ગયા. આવા અતિમુક્તકુમાર, વજ્રસ્વામી જેવા જીવો બાલ્ય વયમાં નિર્મલ ભાવથી સંયમને સાધીને મુક્તિ સુખ અને મહર્દ્ધિક દેવતાની ઋદ્ધિને પામે છે. આથી બીજા નંબરના ગજસુકુમાલ, ધન્યકુમાર, શાલિભદ્ર, અવંતીસુકુમાલ વિગેરે મહા પુણ્યશાલી જીવોના જેવા કેટલાએક ભવ્ય જીવો ભર જુવાનીમાં ઉભે પગે નીકળે છે. એટલે સ્વાધીન ભોગોને છોડીને આત્મહિત સાધે છે. આ રીતે જેઓ બ્હાદુરી કરતા નથી તેમને ભોગો તજે છે. એટલે મોડા વ્હેલાં પરાધીન દશામાં તો ભોગોને છોડવા જ પડે છે. સંસારી જીવોને જેટલી તાલાવેલી ભોગને માટે નિરંતર રહેલી છે, તેટલી જો મોક્ષ માર્ગને સાધવામાં રાખે તો તેઓ થોડા સમયમાં જરૂર મુક્તિના સુખો પામી શકે છે. પરંતુ તે પ્રમાણે વર્તનારા જીવો વિરલા જ હોય છે. જ્યાં સુધી શરીર નીરોગી હોય, જુવાન હોય, ઇંદ્રિયો પોત પોતાનું કામ કરી શકતી હોય, આયુષ્યને ઘટવાના કારણોનો સંબંધ ન થાય, ત્યાં સુધી ભવ્ય જીવોએ આત્મકલ્યાણને સાધવા માટે પ્રમાદનો ત્યાગ કરીને બહુ જ સાવચેત રહેવું જોઈએ. સ્વપર હિતને જરૂર સાધવું જોઇએ, કારણ કે જેમ તળાવ ફાટયા પછી પાળ બાંધવી નકામી છે, તેમ વૃદ્ધાવસ્થા આવે શરીરની શિથિલતા

થાય, રોગની પીડા થાય, આવા પ્રસંગે ચેતવું એ તદ્દન નકામું છે. કેટલાએક પુણ્યશાલી વૃદ્ધ જીવો પણ છેલ્લી અવસ્થામાં આત્મહિત કરી શકે છે. પણ તે અપવાદ સમજવો. આ પ્રમાણે આ શ્લોકનો ભાવ વિચારીને નિષ્કામ પ્રવૃત્તિને આદરીને ભવ્ય જીવોએ સંયમની નિર્મલ સાધનામાં જુવાનીને જોડવી જોઈએ. ખરો વિવેક એ પ્રમાણે વર્તવામાં જ જાળવ્યો કહી શકાય. ૧૩

**અવતરણ**—વૃદ્ધાવસ્થાથી બેહાલ બનેલો કોઇ પુરૂષ ઘડપણમાં પણ પોતાનું મન ભોગમાં દોડતું જાણીને વૈરાગ્ય ભાવથી પશ્ચાત્તાપ કરે છે, તે કહે છે–

**अन्यायार्जितवित्तवत्क्वचिदपि, भ्रष्टं समस्तै रदै-**
**स्तापक्लान्ततमालपत्रवदभूदंगं वलीभंगुरम् ॥**
**केशेषु क्षणचन्द्रवद्धवलिमा व्यक्तं श्रितो यद्यपि ।**
**स्वैरं धावति मे तथापि हृदयं, भोगेषु मुग्धं हहा ॥१४॥**

**अन्याय**=અન્યાય (વડે)
**अर्जित**=ઉપાર્જન કરેલ
**वित्तवत्**=ધનની માફક
**क्वचित्**=કોઇ વખતે
**अपि**=પણ
**भ्रष्टं**=સ્વસ્થાનથી ખસી જવાયું
**समस्तैः**=સમગ્ર, સર્વ
**रदैः**=દાંતો વડે
**ताप**=ઉન્હાળાના તાપ વડે
**क्लान्त**=ખેદ પામેલ, કરમાઇ ગયેલ
**तमालपत्रवत्**=તમાલવૃક્ષના પાંદડાની માફક
**अभूत्**=થયું
**अंगं**=શરીર
**वली**=વલીયાં વડે

भंगुरं=કરચલી પડેલું (વાળું)
केशेषु=કેશોમાં
क्षण=શુદ પક્ષના
चन्द्रवत्=ચન્દ્રની માફક
धवलिमा=ધોળાશ
व्यक्तं=પ્રગટ, સ્પષ્ટ
श्रितो=આશ્રિત થઈ, આવી
यद्यपि=જો કે
स्वैरं=સ્વેચ્છાએ
धावति=દોડે છે
मे=મારૂં
तथापि=તોપણ
हृदयं=હૃદય, મન
भोगेषु=ભોગોમાં
मुग्धं=મુગ્ધ, ભોળું
हहा=અહો, ખેદની વાત

અન્યાયથી પેદા કરેલા દ્રવ્યની જિમ દાંત આ,
જડતા નથી સર્વે તપાસ્યા કયાંય પણ ચાલ્યા ગયા;
તાપથી કરમઇ ગયેલ તમાલ પત્ર તણી પરે,
અંગમાં વળિયાં પડયા ફીકાશ આખું તન ધરે. ૮૨

પૂર્ણિમાના ચંદ જેવા વાળ ધોળા થઇ ગયા,
ભોગના સંકલ્પ કાળા તોય શાંત નહી થયા;
આ મોહ ઘેલું ચિત્ત મુજ મરજી પ્રમાણે ભોગમાં,
દોડધામ કરે કહે કવિ વાત ઇમ રહી ખેદમાં. ૮૩

ઘડપણે દુઃખી થયેલો કોઇ માણસ ચિત્તને,
ભોગની અભિલાષ કરતું જોઇ ધરીને ખેદને;
એમ પશ્ચાત્તાપ કરતો ચિત્ત ચાહે ભોગને,
નિર્બળ અવસ્થામાંય પણ લલચાય છે શું જોઇને? ૮૪

ભોગ કેરી લાલસાથી ધર્મ સાધન ના બને,
દુર્ગતિનાં ચીકણાં બહુ કર્મ બાંધે તે અને;

ભોગ કેરો ત્યાગ દુષ્કર સેવના ના તેહવી,
ધર્મ કેરી સાધના ભવનાશિની ઇમ માનવી. ૮૫

પ્રભુ મલ્લિનાથે ઇમ વિચારી ભોગ તૃષ્ણા પરિહરી,
પુતળી બનાવી કોળિયા નાંખ્યા પછી ખુલ્લી કરી;
દુર્ગંધને સમજાવતા ષટ્ મિત્રને ઉપદેશતા,
ચારિત્ર પંથે દોરતા ઇમ સ્વપર તારક પ્રભુ થતા. ૮૬

**અક્ષરાર્થ:**—અન્યાયથી પેદા કરેલા ધનની માફક દાંત ક્યાંય પણ નાસી ગયા, તથા તપથી કરમાઇ ગયેલા તમાલ પત્રની પેઠે શરીર કરચલીઓ વાળું થઇ ગયું, તેમજ વાળના સમૂહમાં જો કે પૂનમના ચંદ્ર સરખી ધોળાશ આવી ગઈ છતાં પણ ખેદની વાત છે કે મારૂં મોહવાળું મન હજી પોતાની ઇચ્છા પ્રમાણે ઇન્દ્રિયના વિષય ભોગોમાં જ દોડે છે. ૧૪

**સ્પષ્ટાર્થ**—ધન અન્યાયથી ને ન્યાયથી એમ બન્ને રીતે પેદા થાય છે. પરન્તુ એ બેમાં તફાવત એ છે કે-અમે કૂડ કપટ ને માયા પ્રપંચથી મેળવેલું ધન વિજળીની માફક ચપળ થઇ પોતાની હયાતિમાં જ નજરો નજર ચાલ્યું જાય છે. રાજા દંડ તરીકે વસૂલ કરે છે, અથવા તો ચોર લૂંટારા લૂંટી જાય છે, અથવા અગ્નિમાં બળી ભસ્મ થઇ જાય છે અથવા તો જમીનમાં ને જમીનમાં દટાયલું હોય ત્યારે કોયલા વિગેરે થઈ નાશ પામી જાય છે. ને નજર આગળ એ રીતે વિનાશ પામતું ધન ઘણો જ શોક ઉપ-

જાવે છે, અને માણસને દિવાનો પણ બનાવી દે છે. અને ન્યાયથી પેદા કરેલું ધન ઘણા લાંબા કાળ સુધી ટકે છે, અકસ્માત ગયું હોય તો પણ પાછું આવે છે. જુઓ સાચા શેઠની સોનાની પાંચ શેરી સમુદ્રમાં ફેંકી દેવા છતાં શેઠની પાસે આવી. તેમજ ન્યાયથી પેદા કરેલું ધન પરંપરાએ વધતું જાય છે. પેઢીઓની પેઢીઓ સુધી પહોંચે છે, એનાથી જ ધર્મમાં પણ જીવ આગળ ને આગળ વધતો જાય છે. અહિં કોઇ વૈરાગી વૃદ્ધ પુરૂષ એમ વિચારે છે કે જેમ અન્યાયથી પેદા કરેલું ધન કયાંય પણ નાશ પામી જાય છે તેમ મારા દાંત પણ કયાંય નાશ પામી ગયા એટલે ઘડપણ આવ્યું તેથી દાંત પડી ગયા.

તથા તમાલ નામના વૃક્ષનાં પાંદડાં ચોમાસા શીયાળામાં લીલાં છમ સરખાં સુંવાળાં ને સાફ હોય છે. પરન્તુ જ્યારે ઉન્હાળો આવે છે ત્યારે સખ્ત તાપના જોરથી સૂકાઈ જઈને ખડબચડાં ને કરચલીઓવાળાં થઇ જાય છે. એ પ્રમાણે આ શરીરને પણ ઘડપણ આવવાથી ઘણી કરચલીઓ પડી જાય છે, ને નસનાં જાળાં બહાર ચોખ્ખાં દેખાઇ આવે છે. હાડકાંના ઢેકા ઢઇયા સ્પષ્ટ દેખાય છે. ભર જુવાનીમાં તો ચઢતા લોહીવાળું શરીર એવું લષ્ટ પુષ્ટ હોય છે કે તે વખતે નથી નસો દેખાતી કે નથી હાડકાંના ઢેકા દેખાતા કે નથી તો શરીરમાં કરચલીઓ પડતી.

તથા જુવાનીમાં માથા વિગેરેના કેશ કાળા ભ્રમર જેવા હોય છે પરન્તુ જ્યારે ઘડપણું આવે છે ત્યારે કેશ ધોળા

થઇ જાય છે, આ કેશની સફેદાઈમાં કવિએ પૂનમના ચંદ્રની ઉપમા આપી છે. જેમ પૂનમનો ચન્દ્ર પૂનમના દિવસે બપોરે આકાશમાં ધોળા ખાખરાના પાન જેવો ફીકો દેખાય છે તેમ ઘડપણમાં કેશ પણ એવા ધોળા ફીકા પડી જાય છે. ભક્તામર સ્તોત્રમાં કહ્યું છે કે હે ભગવંત! તમારા મુખને હું ચન્દ્રની ઉપમા સાથે શી રીતે ઘટાવું? કારણ કે "यद् वासरे भवति पांडुपलाशकल्पम्—જે ચન્દ્ર દિવસે ધોળા ખાખરાના પાન સરખો ફીકો દેખાય છે તે ચન્દ્ર સાથે તમારા મુખની ઉપમા ન જ ઘટે. એ રીતે ઘડપણમાં કેશ પણ ધોળા ને ફીક્કા પડી જાય છે.

આ ઠેકાણે વૈરાગી પુરૂષ એમ વિચારે છે કે શરીરમાં ઘડપણ આવવાથી દાંત ગયા. પરન્તુ મારા મનની અભિલાષાઓ એટલે સંસારના વિવિધ સુખોને ભોગવવાની ઇચ્છાઓ હજુ પણ નાશ પામી નથી, અર્થાત્ શરીરને ઘડપણ આવ્યું પરન્તુ મન તો જુવાન ને જુવાન જ રહ્યું. તેમજ ઘડપણમાં શરીરની સુંવાળાશ—સફાઈ ગઈ, લષ્ટ પુષ્ટતા ગઇ ને કરચલીઓ પડી ફીકું પડી ગયું પણ મનની ઇચ્છાઓ ન ગઇ, તે તો તાજી ને તાજી જ રહી એટલે મનમાં કરચલીઓ ન પડી, અર્થાત્ મન તો જુવાન ને જુવાન જ રહ્યું. તેમજ ઘડપણ આવવાથી માથા વિગેરેના કેશની કાળાશ ગઇ, પરન્તુ મારા મનને ઘડપણ ન આવ્યું ને મનની કાળાશ ન મટી. શરીર ગમે તેટલું જર્જરિત ને ખોખરૂં ફુટી હાંડલી સરખું થયું પરન્તુ મન તો તાજું ને તાજું લોખંડના ઘડા સરખું નક્કર અને કાળું જ રહ્યું.

આ ઠેકાણે ગ્રન્થકાર કવિનો આશય એ છે કે શરીર ઘરડું થવા છતાં મન ઘરડું નથી થતું તેથી શરીર દ્વારા ઇન્દ્રિયના વિષયો ભલે ન ભોગવાતા હોય તો પણ મનની ઇચ્છાઓ મરી ગઇ નથી તેથી ત્યાં સુધી આ જીવને કર્મ-બંધ ચાલુ છે જ, માટે સંસારનાં પાપ કર્મથી બચવું હોય તો મનને મારવું મનને દમવું એ જ ખરો ઉપાય છે. કહ્યું છે કે **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः**=મનુષ્યોને કર્મ બાંધવામાં અને કર્મ છોડવામાં મન એ જ મુખ્ય કારણ છે. પરન્તુ શરીર એ મુખ્ય કારણ નથી. શરીર ભલે જુવાન હોય છતાં જુવાનીમાં પણ જો મનનું દમન કર્યું હોય તો કર્મ બંધથી બચાવ થાય છે જ. માટે હે મુમુક્ષુ જીવો! કાય યોગ અને વચન યોગ રોકવાથી કંઇ વળવાનું નથી. માટે જેમ બને તેમ મનોયોગને જ (મનના વ્યાપારને) પાપ વ્યાપારમાંથી રોકવો એ સુખનો ખરેખરો ઉપાય છે. ૧૪

**અવતરણ**—સ્ત્રીઓની ગદ્ગદિત વાણીને પ્રેમઘેલા પુરૂષો પ્રેમવાણી કહે છે એ તેઓની પ્રેમઘેલછા છે એમ આ શ્લોકમાં જણાવે છે—

**उद्गृणंति[५] प्रपंचेन[२], योषितो[१] गद्गदां[३] गिरम्[४] ।**
**तां[७]मामनन्ति[९] प्रेमोक्तिं[८], कामग्रहिल[६]चेतसः ॥१५॥**

**उद्गृणंति**=બોલે છે
**प्रपंचेन**=પ્રપંચથી, કપટથી
**योषितः**=સ્ત્રીઓ
**गिरम्**=વાણીને, વચનોને
**तां**=તે વાણીને
**आमनन्ति**=માને છે, જાણે છે; કહે છે
**प्रेमोक्ति**=પ્રેમવાણી, પ્રેમનાં વચનો

| | |
|---|---|
| काम=કામદેવ | चेतसः=ચિત્તવાળા |
| ग्रहिल=ઘેલા થયેલા | પુરૂષો. |

કુટિલ નારી દોષ કે અપરાધનેય છુપાવવા,
પ્રપંચથી ગદ્ગદ સ્વરે વચનોજ લાગે બોલવા;
તે વચનને કામ વિહ્વલ ચિત્તવાળા માનવી,
પ્રેમોક્તિ બોલે પણ હલાહલ ઉક્તિ તેને જાણવી. ૮૭

સ્ત્રી વચન વિશ્વાસથી પામે અચાનક મરણને,
વિજયા સમી રમણી ઘણી જે ધારતી નહિ દોષને;
કુટિલ નારી કપટથી નિજ સ્વાર્થ સિદ્ધિ સાધવા,
ચાલબાજી બહુ કરે વચનો વદે પણ નવા નવા. ૮૮

તાસ મતલબ પારખીને જરૂર ચેતી ચાલવું;
કપટ કરવા ના કહી પણ કપટ કળીને ચાલવું;
ભોગ તૃષ્ણાના ગુલામો દોષને પણ નારના,
ગુણ સ્વરૂપે નિરખતા ના રંગ પરખે નારના. ૮૯

રાજા ઉદાઇ વિનયરત્ન તણું કપટ ના કળી શક્યા,
તેહથી પામ્યા મરણને ચેતનાર બચી ગયા;
કામ કેરી વાસના સંતોષવા સ્ત્રી કપટમાં,
કેઈ ફસાઇ રીબાઇને ચાલ્યા ગયા ઝટ નરકમાં. ૯૦

**અક્ષરાર્થ:**—સ્ત્રીઓ કપટની ભાવનાથી ગદ્ગદ સ્વરે જે વચનો બોલે છે તે વચનોને કામદેવ (કામવાસના)થી

ઘેલા થયેલા ચિત્તવાળા પુરૂષો આ તો પ્રેમોક્તિ છે, એટલે પ્રેમનાં વચન છે એમ માને છે. ૧૫

સ્પષ્ટાર્થ:—જ્યારે પોતાનો કંઇ અપરાધ (ગુનો) થયો હોય કે દુર્ગુણ બ્હાર પડી ગયો હોય ત્યારે તે દોષને છૂપાવવાને સ્ત્રી પતિની આગળ ગદ્‌ગદ કંઠે તે દોષ ઉઘાડો ન પડે અથવા પોતે કરેલા ગુનાની માફી માગતી હોય, એવાં પ્રેમ દેખાડનારાં વચનો બોલે છે, તે જાણે રડી પડતી હોય અને દોષનો પસ્તાવો કરતી હોય એવો ડોળ બતાવે છે, ત્યારે તેનો કામવાસવાથી ઘેલો થયેલો પતિ એમ સમજે છે કે અહો આ મારા પ્રત્યે કેટલા બધા પ્રેમવાળી છે, આવા જુજ ગુન્હામાં પણ કેટલો બધો પસ્તાવો કરે છે! એમ માને છે. આ માનવું તે પતિની સ્ત્રી ઉપરના પ્રેમની ઘેલછા જ છે, કારણ કે પ્રેમમાં લગાર પણ ઉણપ ન આવે (સ્ત્રીને ઓછાશ ન જણાય) આ મુદ્દાથી તેના પર જરા પણ અવિશ્વાસ ધરતો નથી અને તેથી આ પ્રેમઘેલો પુરૂષ સ્ત્રીનો દોષ સાચો છે કે ખોટો તેની તપાસ કરવાની દરકાર પણ કરતો નથી, એટલું જ નહિં પરન્તુ કોઇ કોઇ વખત તો એવા પ્રેમઘેલા પુરૂષો સ્ત્રીનાં ગદ્‌ગદિત માયાવી વચનોનો ઢોંગ સાચો માનીને સ્ત્રીના કહેવાથી બીજાને સંપૂર્ણ દોષવાળો ગણે છે. જુઓ પિંગલા રાણીનાં ગદ્‌ગદિત માયાવી વચનોનો ઢોંગ સાચો માનીને પ્રેમઘેલા ભર્તૃહરીએ પોતાના નિર્દોષ બંધુ વિક્રમાદિત્યને દેશવટો દીધો. એ વાત લોક પ્રસિદ્ધ છે. માટે અહિં શ્લોકનું રહસ્ય એ છે કે આત્મહિતને ચાહનારા ભવ્ય જીવોએ સ્ત્રીઓનાં એવાં માયાવી વચનો રૂપી જાળમાં ફસાવું નહિ. આ પ્રસંગે

નીતિશાસ્ત્રમાં જણાવેલા ચાર મૃત્યુના દ્વારો એટલે વગર મોતે મારનારા ચાર વાનાં યાદ કરવાં જોઇએ. તે આ પ્રમાણે– ૧. અનુચિત કર્મારંભ–જે કામ કરવાથી દેવ, ગુરૂ, ધર્મ, મા, બાપ લજવાય, તેવું કરવાની ભાવના પણ ન કરવી જોઈએ. કદાચ તેવા વિચારો આવે તો તેને તરત દબાવી દેવા જોઇએ. આ વસ્તુ સ્થિતિને ભૂલી જઇને જેઓ અછાજતા પાપ કાર્યની શરૂઆત કરે છે, તેઓ જરૂર વગર મોતે જ અસમાધિ મરણ પામે છે. ૨. સ્વજન વિરોધ– સગાં સંબંધીના સમુદાયમાં હળી મળીને રહેવું જોઇએ, વાણીમાં મીઠાશ રાખીને સંપ વધારવો જોઇએ. કારણ કે જ્યાં સંપ હોય ત્યાં જ જંપ (શાંતિ) હોય છે. સંપને લઇને આપત્તિના સમયમાં એક બીજાનું આલંબન મળે છે. આ બધી વાતને ભૂલી જઇને જેઓનો સ્વભાવ સ્વજન વર્ગમાં ઝગડા રૂપી અગ્નિ સળગાવવાનો હોય છે તેઓ વગર મોતે અસમાધિ મરણ પામે છે. ૩. બલીયસા સ્પર્દ્ધા–પોતાના કરતાં જેઓ વધારે બળવાન હોય, તેઓની સાથે સ્પર્દ્ધા કરવી નહિ. તેમ કરવાથી અચાનક અસમાધિ મરણ થાય છે. જો કે **'શેરને માથે સવા શેર હોય'** આ કહેવત પ્રમાણે કદાચ સામા બલવંતને પણ પોતે હરાવી શકે તેવો હોય, તો પણ આ રીતે સ્પર્દ્ધા કરવામાં વેર ઝેર બહુ જ વધે છે, એમ સમજીને આવી સ્પર્દ્ધા ન જ કરવી જોઈએ. છતાં જેઓ કરે છે, તેઓ વગર મોતે મરણ પામે છે. ૪. પ્રમદાજન વિશ્વાસ–અહીં પ્રમદા શબ્દથી માયાદિ દોષોથી ભરેલી સ્ત્રીઓ જાણવી. તેવી સ્ત્રીઓનો વિશ્વાસ રાખનારા ઘણા જીવો

ખૂરા હાલે મરણ પામ્યા છે. એમ સમજીને આવી સ્ત્રીઓનો વિશ્વાસ ન કરવો. તેઓની સાથે વધારે લપ્પન છપ્પન ન જ રાખવી જોઇએ. ચેતીને ચાલનાર ભવ્યો સ્ત્રીની પ્રપંચ જાળમાં ફસાતા નથી. આ વાતને ભૂલી જઇને જેઓ ઉપર જણાવેલા દોષવાળી સ્ત્રીઓનો વિશ્વાસ કરે છે, તેઓ વગર મોતે અસમાધિ મરણ પામે છે. આ ચારે કારણોને જણાવનાર શ્લોક આ છે-

आर्यावृत्तम्-अनुचितकर्मारंभः, स्वजनविरोधो बलीयसा स्पर्द्धा ॥
प्रमदाजननिश्वासः, मृत्युद्वाराणि चत्वारि ॥ १ ॥

આ બીનાને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ પ્રપંચ ભરેલી વાણીને પ્રેમોક્તિ માનવાની ભૂલ ન જ કરવી જોઇએ. પ્રભુદેવના શાસનમાં માયા કરવાની ના પાડી છે, પણ માયાને ઓળખવી તો જરૂર જોઇએ. સામાના વચનનું ખરૂં રહસ્ય જાણીને જવાબ દેવો જોઇએ. તેના કહ્યા પ્રમાણે વર્ત્તવામાં પણ ઉતાવળ ન કરવી જોઇએ. દુનિયામાં અનેક મુદ્દાઓથી મીઠાં વેણ બોલાય છે, સ્વાર્થ સાધવાને વખાણ પણ કરાય છે. મનમાં જૂદું, કહેવાનું જૂદું અને કરવાનું કામે જૂદું હોય આવી પણ ચાલબાજી ઘણી રમાય છે. તેને ઓળખીને સાવચેત રહીને નિર્દોષ પ્રવૃત્તિ કરવી જોઇએ. ઉદાઇ રાજા માયાને ઓળખી ન શકયા, તેથી વિનય રત્નના હાથે મરણ પામ્યા. તે રાજર્ષિ મહાભદ્રિક હતા, પ્રભુદેવના શાસનમાં ઉંચકોટીના આત્મ કલ્યાણ કરનાર જીવોમાં તે અગ્રેસર હતા, છતાં માયાને ઓળખી ન શકયા, તેથી અચાનક મરણ પામ્યા.

આ બીનાને ધ્યાનમાં રાખીને સ્ત્રી પરિચયને ઝેરી માનીને તેથી અલગા રહેવું અને તે પ્રમાણે વર્તીને પરમ ઉલ્લાસથી મોક્ષ માર્ગ સાધીને મુક્તિના સુખ મેળવવા તત્પર થવું, એ આ શ્લોકનું રહસ્ય છે. ૧૫.

**અવતરણ**—હવે ગ્રન્થકાર કવિ આ શ્લોકમાં કામરૂપી જ્વરને ઉતારવાનું ખરૂં ઔષધ કયું? તેનો ખુલાસો કોઈ જ્ઞાની ગુરૂએ પોતાનાં હૃદયને આપેલા ઉપદેશ રૂપે જણાવે છે—

**यावद्दुष्टरसक्षयाय नितरां, नाहारलौल्यं जितं ।**
**सिद्धान्तार्थमहौषधैर्निरुपमश्चूर्णो न जीर्णो हृदि ॥**
**पीतं ज्ञानलघूदकं न विधिना, तावत्स्मरोत्थो ज्वरः**
**शान्तिं याति न तात्त्विकीं हृदय हे शेषैरलं भेषजैः ॥१६॥**

**यावत्**=જ્યાં સુધી

**दुष्टरसक्षयाय**=કામના દુષ્ટ અભિલાષ રૂપ રસનો ક્ષય કરવા માટે

**नितरां**=અત્યંત, સર્વથા અતિશયે કરીને

**न**=નથી

**आहारलौल्यं**=આહારની લોલુપતા

**जितं**=જીતાયેલ, જીત્યું

**सिद्धान्तार्थ**=સિદ્ધાન્તના અર્થરૂપ આગમના ભાવરૂપ

**महौषधैः**=મોટી ઔષધિનું

**निरुपमः**=અનુપમ, શ્રેષ્ઠ

**चूर्णः**=ચૂર્ણ

**न**=નથી

**जीर्णः**=જીર્ણ થયું, પચ્યું

**हृदि**=હૃદયમાં, મનમાં

**पीतं**=પીધું

**ज्ञान**=સમ્યગ્ જ્ઞાન રૂપી
**लघु**=હલકું, ઝીમેલું
**उदकं**=જળ, પાણી
**न**=નથી
**विधिना**=વિધિ વડે
**तावत्**=ત્યાં સુધી
**स्मरोत्थः**=કામદેવથી ઉપજેલો, કામવાસના રૂપી, ભોગતૃષ્ણા રૂપી
**ज्वरः**=તાવ
**शान्ति**=શાન્તિને
**याति न**=પામતો નથી
**तात्त्विकीं**=ખરેખરી
**हृदय हे**=હે હૃદય
**शेषैः**=બીજાં
**अलं**=સર્યું, જરૂર નથી
**भेषजैः**=ઔષધો વડે; દવાઓની

આહારની આસક્તિથી ઘણું ખાય અપચી વસ્તુને,
ખાતાં અજીરણ થાય વાતાદિક ઘરેજ વિકારને;
ઇમ થતાં ઝટ તાવ આવે તેહ શીઘ્ર ઉતારવા,
વારિ હલકું અલ્પ લેવું ભોજ્ય ભારે છંડવા. ૯૧

તિમ સુદર્શન ફાકવું આથી અજીરણ દૂર ટળે,
તાવ ઉતરે ઇમ કરંતા કામ જ્વર દૂરે ટળે;
ઇમ વિચારી એક જ્ઞાની હૃદયને ઉદ્દેશીને;
આપતો ઉપદેશ હે મન! ભોજ્યની આસક્તિને. ૯૨

છોડજે કામાભિલાષ સ્વરૂપ રસ ક્ષય કારણે,
બહુ વાર લેજે આગમાર્થ મહૌષધિના ચૂર્ણને;
જ્ઞાન રૂપ લઘુ પાણી પીજે કામ રૂપી તાવને,
ઇમ ઉતારી નિશ્ચયે પામીશ અનહદ શાંતિને. ૯૩

જો કરીશ ના એમ તો ન કરીશ દૂર આ તાવને,
આહાર ચીકણો વાપરે કારણ વિના પણ તેહને;
બહુ વાર ખાતાં ઇંદ્રિયો કરતી અધિક તોફાનને,
ઇમ વિચારી તપ કરીને સાચવીએ શીલને. ૯૪

આગમ તણા અર્થો અપૂરવ ચૂર્ણ જેવા ભાષિયા,
રાજીમતીએ એહથી રથ નેમિ મુનિને સ્થિર કર્યા;
અવંતી સુકુમાલને ચારિત્રની ઇચ્છા થઇ,
અલ્પ સમયે શુદ્ધ સાધી તે લહ્યા ઋદ્ધિ ઘણી. ૯૫

નૃપ પ્રદેશીને પમાડે કેશિ ગણધર ધર્મિતા,
નૃપ સુતાનો અભય દેવ વિકાર દૂર કરાવતા;
પ્રવચને ગુરૂ હીર અકબરને દયા રંગી કરે,
હે જીવ! લેજે તું નિરંતર તેહ સાચા ચૂર્ણને. ૯૬

હોય નાશ ત્રિદોષનો હળવું જ જલ જો વાપરે,
જ્ઞાન આત્મિક જલ સમું મલ ચિત્તનો ઝટ દૂર કરે;
નિજ રમણતાને વધારે તિમ ભવાભિનંદિતા,
ઝટ હઠાવે એહથી જન સાત્ત્વિકાનંદી થતા. ૯૭

અક્ષરાર્થ:—હે હૃદય જ્યાં સુધી દુષ્ટ રસનો ક્ષય કરવાને ઘણો આહાર કરવાની લોલુપતા જીતાઇ (તજી) નથી, તથા આગમનાં રહસ્યને જાણવા (વિચારવા) રૂપ ઔષધિઓનું (વનસ્પતિઓનું) અતિ શ્રેષ્ટ ચૂર્ણ ત્હારા

હૃદયમાં પચ્યું નથી, તેમજ જ્યાં સુધી સમ્યગ્ જ્ઞાન રૂપ હલકું ઝામેલું જળ તેં વિધિ પૂર્વક પીધું નથી, ત્યાં સુધી કામાતુરપણાથી ઉપજેલો જ્વર તાવ, અથવા કામ એજ તાવ ખરેખરી શાન્તિને પામતો (જતો) નથી (બરાબર ઉતરતો નથી) માટે હે હૃદય (તું કામ રૂપ તાવને ઉતારવા એ જ ઉપાય કર) બીજાં ઔષધોની કંઈ પણ જરૂર નથી. ૧૬

સ્પષ્ટાર્થ:—આ શ્લોકમાં કામ રૂપી તાવ ઉતારવાનો જે ખરેખરો ઉપાય છે તે જણાવ્યો છે. તેમાં શારીરિક બાહ્ય તાવ ચઢવાનું કારણ એ છે કે ખાવાની લોલુપતાને લીધે ઘણું ખાય, ભારે ખોરાક કે હલકો ખોરાક મને પચશે કે નહિં તેનો વિચાર ન કરે અને ખા ખા કરે ત્યારે અજીર્ણ થવાથી શરીરના રસોમાં (વાત પિત્ત કફ વિગેરેમાં) વિકાર થાય અને તેવા રસ વિકારથી માણસને તાવ ચઢે છે. તેને ઉતારવાનો ઉપાય એ છે કે ભારે ખોરાક ખાવો બંધ કરવો, અને પાણી પણ ઝામેલુ (અડધું બળેલું, અથવા અજમા વિગેરેથી ઉકાળેલું) હલકું પાણી પીવું, અને સુદર્શન ચૂર્ણ આદિ ચૂર્ણ ફાકવું, જેથી પ્રથમનો ખાધેલો ભારે ખોરાક હજમ થાય અને ખોરાક હજમ થતાં અજીર્ણ -અપચો નષ્ટ થાય, અને તેથી તાવ પણ ઉતરી જાય. એ જેમ બાહ્ય તાવનો ઉપાય છે તેમ કામ રૂપી આન્તરિક જ્વરને ઉતારવાનો ઉપાય ગ્રન્થકાર કવિએ આ રીતે જણાવ્યો છે કે અત્યંત આહારની લોલુપતા છોડીને અલ્પ અને હલકો આહાર લેવો, કારણ કે પુષ્ટિવાળા ભારે ખોરાકથી અને તે

પણ વધુ પડતા ખોરાકથી ઇન્દ્રિયો પુષ્ટ થઈ વિકારી ને મદોન્મત્ત બને છે, તેથી ઇન્દ્રિયના વિષયો સેવવાની ઈચ્છા રૂપ કામદેવ (કામવાસના) ઉત્પન્ન (જાગ્રત) થાય છે, માટે વધુ પડતો અને ભારે ખોરાક ખાવાની લાલસા છોડવી. તે સાથે શાસ્ત્રનાં વચનો સાંભળવા રૂપ ચૂર્ણ ફાકવું, કારણ કે કામદેવની ઉત્પત્તિ મનથી એટલે ભોગના સાધનોનો વિચાર કરવાથી થાય છે અને તે મન જો શાસ્ત્રનાં વચનોથી અંકુશમાં આવે તો ઈન્દ્રિયોના વિષયોનું સેવન આપોઆપ ઢીલું પડે, તેમજ વિષયોના સેવનથી દુર્ગતિની પ્રાપ્તિ થાય છે એમ જાણવામાં આવતાં વિષયો તરફથી મન આપોઆપ પાછું હઠે ને એથી કામદેવનું જોર નાશ પામે છે. તે સાથે શાસ્ત્ર જ્ઞાન, આત્મજ્ઞાન, કર્મોના વિપાકનું જ્ઞાન વિગેરે તત્ત્વોનું સમ્યગ્ જ્ઞાન રૂપી હલકું પાણી પીવામાં આવતાં પણ વિષયો રૂપ તાવ ઉતરે છે. અહિં ભારે પાણી પીવાથી શરીરમાં તાવ વિગેરે રોગ લાગુ પડે છે તેમ અજ્ઞાન એ ભારે પાણી છે અને તેથી જીવોને વિષયોની ઇચ્છા રૂપ તાવ વિગેરે રોગો લાગુ પડયા છે તેથી જો જ્ઞાન રૂપી હલકું પાણી પીએ તો વિષયવાસના રૂપ તાવ વિગેરે રોગો આપોઆપ નાબુદ થઇ જાય છે. એમ અહિં કોઈ જ્ઞાની ગુરૂએ પોતાના હૃદયને ઉપદેશ આપતાં આહારની લોલુપતા છોડી, શાસ્ત્રાર્થના શ્રવણ રૂપ ચૂર્ણ ફાકી, જ્ઞાન રૂપી હલકું જળ પીવાથી (એ ત્રણ ઉપાયોથી) કામ રૂપી તાવને ઉતારવાની સૂચના કરી છે. આ શ્લોકનું રહસ્ય એ છે કે હે ભવ્ય જીવો! કામ જ્વર ઉતારવાના એ જ તાત્ત્વિક ઉપાયોનું સેવન કરો. બીજા ઉપાયોની કંઇ પણ જરૂર નથી. ૧૬

**અવતરણ**—હવે કવિરાજ આ શ્લોકમાં નવજુવાની પામ્યા છતાં પણ જે પુરૂષો કામને આધીન થતા નથી એટલે ઇન્દ્રિયના વિષયોને સેવતા નથી તે જ પુરૂષો ધન્ય વાદને પાત્ર છે તે બીના જણાવે છે--

१ २
**शृंगारद्रुमनीरदे प्रसृमरक्रीडारसस्रोतसि ।**
३ ४
**प्रद्युम्नप्रियबांधवे चतुरवाङ्मुक्ताफलोदन्वति ॥**
५ ६
**तन्वीनेत्रचकोरपार्वणविधौ, सौभाग्यलक्ष्मीनिधौ ॥**
११ १० १३ १२ १४ ९ ७ ८
**धन्यः कोऽपि न विक्रियां कलयति, प्राप्ते नवे यौवने ॥१७॥**

**शृंगारद्रुम**=શૃંગારરસ રૂપ ઝાડને ઉગાડવા માટે
**नीरदे**=મેઘ (વૃષ્ટિ-વરસાદ) ના જેવું
**प्रसृमर**=પ્રસરતા, વિસ્તાર પામતા, ફેલાતા
**क्रीडारस**=કામક્રીડાના રસરૂપ વિષયોની ઇચ્છા રૂપ
**स्रोतसि**=પ્રવાહવાળું
**प्रद्युम्न**=કામદેવના
**प्रियबांधवे**=પ્રિય બન્ધુ, વ્હાલા ભાઈ (જેવું)
**चतुरवाङ्**=ચતુર (અવસરોચિત) વાણી રૂપ
**मुक्ताफल**=મોતીઓના
**उदन्वति**=સમુદ્ર (જેવું)
**तन्वी**=સ્ત્રીનાં
**नेत्र**=નયન, ચક્ષુને આંખોને, (રાજી કરવાને માટે)
**पार्वण**=પર્વનો, પૂનમના
**विधौ**=ચન્દ્ર (જેવું)
**सौभाग्य**=સૌભાગ્ય રૂપ; દેખનાર લોકને વ્હાલા થવા રૂપ
**लक्ष्मी**=લક્ષ્મીના
**निधौ**=ભંડાર (જેવું)
**धन्यः**=ધન્ય, ભાગ્યશાળી
**कोऽपि**=કોઈક પણ, કોઈક જ વિરલ

न=નથી
विक्रियां=વિકારને
कलयति=પામે, (પામતો)
प्राप्ते=પ્રાપ્ત થયા છતાં (પણ)
नवे=નવીન (ઉગતું)
यौवने=યુવાવસ્થા, યૌવન, જુવાની.

એહ યૌવન મેઘ સમ શૃંગાર રસ રૂપ ઝાડવા,
શીઘ્ર કરવા દીર્ઘ તેમ ટકાવવા નીપજાવવા;
કામ ક્રીડા રસ તણોજ પ્રવાહ વધતો તેહથી,
કામના પ્રિય ભાઇ જેવું તે સદા ટકતું નથી. ૯૮

ચતુર વાણી રૂપ મોતી કાજ સાગર જેહવું,
સ્ત્રી નેત્ર રૂપ ચકોરને રાજી કરત શશિ જેહવું;
સાૈંદર્ય શોભાના નિધાન સમું ખિલ્યું યૌવન છતાં,
નિર્વિકારી કોઇ પણ વિરલો જ દીસે નિરખતાં. ૯૯

ધન્ય એ નર જે વિચારે આ જુવાની ચપલ છે,
વહી જવાની જોત જોતાં ધર્મ કરતાં સફલ છે;
ધર્મ પંથે દોરતા ધર્મિ જનો સુખ પામતા;
પાપ પંથે દોરતા પાપી જનો દુખિયા થતા. ૧૦૦

શૃંગાર ને યૌવન વધારે જેમ વૃષ્ટિ ઝાડને,
કામ ક્રીડા રસ વધે ભર યૌવને નિત કામીને;
મદદ કરતો ભાઈ યૌવન મદદ કરતું કામને,
જેહ યૌવન શત્રુ જીતે તેહ જીતે વિશ્વને. ૧૦૧

રત્નાકરે મોતી નિપજતા જેમ ઉગતા યૌવને,
તિમ છટા રસ વક્રતાવાળા વચન નીકળે અને;
ઘે હર્ષ ચંદ્ર ચકોરને યુવાન રમણી નેત્રને,
રાજી કરે સંસાર મોહે ધન્ય છે વૈરાગીને. ૧૦૨

જિમ વસંત વનાદિના જ વધારતી સૌંદર્યને,
તેમ યૌવન પણ વધારે દેહના સૌંદર્યને;
મેઘકુંવરે ક્ષણિક માની સંયમે સાર્થક કર્યું,
પ્રભુ વીર જેવા ગુરૂ લહી શિવશર્મને પાસે કર્યું. ૧૦૩

અક્ષરાર્થ—જે નવ યૌવન શંગાર રૂપ ઝાડને વધારવામાં મેઘના જેવી છે. કામદેવના વ્હાલા ભાઇ જેવી છે, ચતુરાઈવાળી વાણીઓ રૂપ મોતીઓના સમુદ્ર જેવી છે, સ્રીનાં નેત્રરૂપી ચકોર પક્ષીને આનંદ પમાડવામાં પૂનમના ચન્દ્ર જેવી છે. અને સૌભાગ્ય લક્ષ્મીના ભંડાર જેવી છે, એવી નવયૌવન પામ્યા છતાં પણ તે ધર્મી પુરૂષ વિકારને પામતો નથી, એટલે ઇન્દ્રિયોના વિકારોને-વિષયોને સેવતો નથી તેવો કોઇક જ પુરૂષ ધન્ય છે એટલે વખાણવા લાયક હોય છે. ૧૭

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં જે અવસ્થા કામદેવ (ભોગતૃષ્ણા) ને ઉત્તેજન દેનારી (ઉત્તેજિત કરનારી, વધારનારી) છે, તે અવસ્થામાં પણ જે પુરૂષ કામને જીતે છે, તેની કવિ ઘણી જ પ્રશંસા કરે છે. તે આ પ્રમાણે-મેઘ જેમ ઝાડને વધારે છે, તેમ નવયૌવન શૃંગાર રૂપી ઝાડને વધારે છે, તથા પાણીના પ્રવાહો જેમ એક સ્થાને અટકી રહેતા નથી પરન્તુ ચારે

બાજુ ફેલાય છે તેમ નવયૌવન અવસ્થામાં પુરૂષોના મનમાં રહેલો કામક્રીડાનો રસ-ઉત્સાહ ઘણો જ ફેલાવો પામે છે. તથા વ્હાલો ભાઇ જેમ ઘરના કારભારમાં મદદગાર થાય છે તેમ નવયૌવન પણ કામક્રીડાને ઘણી રીતે મદદ કરે છે, તથા મોતીઓની ઉત્પત્તિ જેમ સમુદ્રમાંથી થાય છે, તેમ કામક્રીડા સંબંધિ ચતુરાઇવાળાં મોહક વચનોની ઉત્પત્તિ પણ નવયૌવન અવસ્થામાંથી થાય છે, તથા ચકોર પક્ષીને જેમ પૂનમનો ચન્દ્ર દેખી બહુ આનંદ થાય છે તેમ પુરૂષની નવયૌવન અવસ્થાને જોનારી સ્ત્રીઓના નેત્રને પણ બહુ આનંદ થાય છે. તેમજ સૌભાગ્ય એટલે દેહના સૌન્દર્યની શોભા નવયૌવનાવસ્થામાં ખીલે છે, માટે યુવાવસ્થા સૌભાગ્ય લક્ષ્મીનો ભંડાર છે, એ પ્રમાણે યુવાવસ્થા સર્વ રીતે કામદેવની ઉત્પત્તિનું સાધન હોવા છતાં પણ જે પુરૂષ એ અવસ્થામાં કામને જીતે છે તે જ પુરૂષ સર્પના રાફડામાં રહ્યો છતો સર્પને જીતનારો અને સિંહની ગુફામાં રહીને સિંહને જીતનારો અને કાજળની કોટડીમાં રહેવા છતાં ડાઘ નહિ લગાડનાર મહા સમર્થ બળવાન હોવાથી ધન્ય છે. વખાણવા લાયક છે. સૂક્ષ્મ દૃષ્ટિથી આ શ્લોકનું રહસ્ય વિચારતાં જણાય છે કે ખરાબ નિમિત્તોને સેવનારા જીવોની જુવાનીની તરફ લક્ષ્ય રાખીને કવિએ જુવાનીનું સ્વરૂપ જણાવ્યું છે. કારણ કે વિષય કષાય રૂપી બળખામાં ચોટેલા સંસારી જીવોમાં ઘણાં યુવાનો વિષય રૂપી કાદવમાં રગદોળાયા છે, અને રગદોળાય છે. અને તેઓ જુવાનીને શ્લોકમાં જણાવ્યા મુજબ માને છે, પણ શ્રી સ્થૂલિભદ્ર મહારાજ વિગેરે મહા પુરૂષોની જુવાની બહુ જ

આશ્ચર્યને ઉપજાવનારી હતી. જેમ જેમ ઉંડા ઉતરીને તેનો વિચાર કરીએ, તેમ તેમ હૃદયમાં દુષ્કૃતની ગર્હા કરવાની નિર્મલ ભાવના પ્રકટે છે. ધન્ય છે પ્રભુ શ્રી મલ્લિનાથને, કે જેમણે સ્થિતિ સંપન્ન દશામાં પણ આત્મ દૃષ્ટિને સતેજ રાખી અને પોતાની તૈયાર કરાવેલી પુતળીનું દુર્ગંધમય સ્વરૂપ સમજાવીને છ એ રાજવંશીઓને પ્રતિબોધ પમાડયો, અને સંયમના રાગી અને સાધક તથા આરાધક બનાવ્યા. શ્રી જિન શાસનમાં આવા જે જે પુણ્ય પુરૂષો થયા છે, તેઓની નિર્મલ જીવન ચર્યાને વારંવાર હૃદયમાં ઉતારીને વિચારનારા ભવ્ય જીવો સવિકાર દશાને પલટાવીને જરૂર નિર્વિકારી પરમ શાંતિદાયક, ઉતમ સ્થિતિને પામી શકે છે. એ શ્લોકનું રહસ્ય હૃદયમાંથી ખસવું ન જોઇએ. ૧૭

અવતરણ—હવે કવિ સમ્યગ્ જ્ઞાન ગર્ભિત વૈરાગ્યભાવથી જે પુરૂષે સ્ત્રીનો ત્યાગ કર્યો હોય તેવા જ્ઞાની પુરૂષને કામદેવ ભલે પોતે બળવાન હોય કે ક્રોધી હોય તો પણ કંઇ કરી શકતો નથી ( અર્થાત્ ફરીથી સ્ત્રીની જાળમાં ફસાવી શકતો નથી) તે વાત આ શ્લોકમાં જણાવે છે-

૪ ૫ ૧ ૩ ૨
**सम्यक् परिहृता येन, कामिनी गजगामिनी ।**
११ १२ ९ १० ६ ७ ८
**किं करिष्यति रुष्टोऽपि, तस्य वीरवरः स्मरः ॥१८॥**

**सम्यक्**=સ્ત્રી દુર્ગતિમાં લઈ જાય છે, એમ સારી રીતે સમજીને

**परिहृता**=છોડી હોય, તજી હોય

**येन**=જે પુરૂષે

**कामिनी**=સ્ત્રી

**गजगामिनी**=હાથીની માફક ચાલનારી

किं=શું
करिष्यति=કરશે, તેનું શું અનિષ્ટ કરવાનો છે
रुष्टोऽपि=રોષવાળો થયો છતો પણ; ક્રોધથી ધમધમ્યો હોય તોપણ
तस्य=તે પુરૂષને
वीरवरः=ઘણોજ બળવાન
स्मरः=કામદેવ

સ્ત્રી સંગ દુર્ગતિના દીએ દુઃખ સાગરોપમ કાલના,
બેહાલ થઇને રાવણાદિક ભોગવે દુઃખ નરકના;
નિઃસંગ મલ્લિ નેમિ જંબૂ વિજય તિમ વિજયાદિને,
સિદ્ધિ મળી મળશે નમું હું હર્ષથી નિત તેમને. ૧૦૪

એહવા વૈરાગ્ય બોધે કરિ પરે જે ચાલતી,
તે નારને જેણે તજી તે પુરૂષને ક્રોધી અતિ;
વીર મોટો કામ પણ રજ શું અનિષ્ટ કરી શકે,
નિષ્કામ જનની પાસ તેનું ના કદી ચાલી શકે. ૧૦૫

થૂલિભદ્રને કરવા ચલિત વેશ્યા ઘણા યત્નો કરે,
પણ થાકતી મુનિ પાસ રાજી થઇ વ્રતો બારે ધરે;
જંબૂ કુંવર ને આઠ નારી ભોગ વચનો બોલતી,
સમજાવતી પણ કુંવર વચને સંયમે રતિ ધારતી. ૧૦૬

અક્ષરાર્થ—જે પુરૂષે હાથીની ચાલ સરખી ધીરી ચાલવાળી સ્ત્રીને સારી રીતે સમજ પૂર્વક છોડી દીધી છે તેવા પુરૂષને અત્યંત બળવાન એવો કામદેવ તેના પર ઘણા

ક્રોધવાળો થયો હોય તો પણ (તેને) શું કરી શકે? અર્થાત્ કંઇ પણ આંચ (હરકત) કરી શકે નહિં. ૧૮

**સ્પષ્ટાર્થ**—ઘરના કલેશ કજીયાથી કંટાળીને અથવા સ્ત્રી કદરૂપી હોવાથી અથવા સ્ત્રીનું ભરણ પોષણ કરવા અશક્ત હોવાથી અને ઘણી ઉપાધિને લઇને કંટાળી જવાથી (આ ચાર કારણમાંના કોઇ કારણથી સ્ત્રીને છોડીને-તેનો ત્યાગ કરીને) જે પુરૂષ સંયમી (ત્યાગી) બન્યો હોય તે અથવા તેના જેવા બીજા પુરૂષો સુંદર સ્ત્રીનો અને ધન વિગેરેનો મોહ જાગતાં ફરી પણ ઘરબારી બની જાય છે. કારણ કે જ્ઞાનના અંકુશથી એના વિષય વિકારો શાન્ત પડયા નથી એટલે ખરા મજબૂત વૈરાગ્ય વિના તેણે સ્ત્રી ધન વિગેરે પદાર્થોનો ત્યાગ કર્યો છે. પરન્તુ જેને સુંદર સ્વરૂપવાળી હાથીના સરખી મંદ મંદ ગતિવાળી સ્ત્રી મળી હોય ને ભરણ પોષણનાં સાધનો પણ વિશાળ હોય છતાં પણ શ્રી જિનશાસ્ત્રના શ્રવણથી કે ગુરૂના સંગથી વિષય વિકારો દુર્ગતિમાં પાડનારા છે, અને તેત્રીશ સાગરોપમો સુધીના પણ નરકનાં દુઃખ આપનારા છે, વિગેરે બીનાની સારી સમજણ પૂર્વક સ્ત્રીને છોડી જે સંયમી બન્યો છે, તેવા સંયમી પુરૂષની ઉપર મહા પરાક્રમી કામદેવ અતિશય ક્રોધવાળો થયો હોય તો પણ એવો બળવાન ક્રોધી કામદેવ તેવી સમજણવાળા સંયમીને ફરીથી સ્ત્રી અને ધનાદિની માયા જાળમાં શી રીતે ફસાવી શકે? અર્થાત્ ન જ ફસાવી શકે. અહિં કામદેવને **वीरवरः** (ઘણો બળવાન) કહેવાનું કારણ એ છે કે એ કામદેવે બ્રહ્મા આદિ દેવોને, ઇન્દ્રોને

ચક્રવર્તીઓ વિગેરે મહા બળવાન પુરૂષોને પણ પોતાને આધીન બનાવ્યા (તાબે કર્યા) છે. આ મુદ્દાથી કવિએ કામદેવને મહા બળવાન કહ્યો છે તે વ્યાજબી જ છે. આ શ્લોકનું તાત્પર્ય એ છે કે શ્રી જૈનેન્દ્ર શાસનમાં ત્યાગ ધર્મની પ્રધાનતા છે. એટલે નીડરમાં નીડર જીવન કોઈ પણ હોય તો તે એક સંયમ જીવન છે. જે ભવ્ય જીવો સમજણ પૂર્વક સંયમ ધર્મને સાધે છે. એટલે સ્ત્રી આદિ પદાર્થોનો ત્યાગ કરે છે, તેઓ કામદેવે કરેલા ઉપદ્રવના પ્રસંગે પણ ડરતા નથી. પરંતુ શૂરવીર બનીને પ્રભુ શ્રી નેમિનાથની માફક કામદેવને તરછોડે છે. યાદ રાખવું જોઇએ કે સુંદર-પ્રિય-સ્વાધીન-ભોગના સાધનોને ત્યાગ કરનારા ખરા ત્યાગી ભવ્ય જીવો વિરલા જ હોય છે. તેવા મહા પુરૂષોની સેવાથી વિશેષ લાભ મળે, એમાં નવાઈ શી? પણ દર્શનથી પણ આપણા ચીકણાં પાપ રૂપી મેલ ધોવાઇ જાય છે. આવી સ્થિતિને પામવાને માટે ભવ્ય જીવોએ ૧. સારા નિમિત્તોની સેવના કરવી. ૨. ખરાબ વિચારોનો તિરસ્કાર કરવો. ૩. મહા શીલવંત પુરૂષોના ગુણોનું સ્મરણ કરવું. ૪. વૈરાગ્યને પોષનારા ગ્રંથોનું વાંચન કરવું. તથા (૫). વચનો પણ તેવા બોલવા અને સાંભળવા. (૬). મન વચન કાયાથી સ્ત્રી (ની સાથે) પરિચયનો ત્યાગ કરવો. (૭) ઠઠ્ઠા મશ્કરી ન કરવી, તેમાં પણ સ્ત્રી જાતિની સાથે તો વિશેષે કરીને ન જ કરવી જોઇએ કારણ કે તેમ કરતાં સદાચાર ટકતો નથી. (૮) નાટક સીનેમાનું જોવું, શંગારિક ગાયનો સાંભળવા વિગેરે અનિષ્ટ સાધનોનો ત્યાગ કરવો. ૯. આર્ય સદ્ગુણી મુનિવ-

રોની સોબત કરવી જોઈએ. આ પ્રમાણે વર્ત્તવાથી મોહ રાજાને જરૂર હરાવી શકાય છે. અત્યાર સુધી આપણને મુક્તિના સુખો ન મળ્યા તેનું કારણ એ છે કે આપણે મોહ રાજાના ગુલામ બની ગયા છીએ. હવે તેને જો ગુલામ બનાવવો હોય, તો કવિના કહ્યા પ્રમાણે સમજણ પૂર્વક સ્ત્રીનો ત્યાગ જરૂર કરવો જ જોઈએ. સ્ત્રીનો સંગ કરવો અને ખરા ત્યાગી બનવું એ બે વાત ન જ બની શકે. માટે જ એક કવિએ કહ્યું છે કે-

॥ દુહો ॥

સતીપણું પાલવું ને વેશ્યા સાથે વસવું,
આ બે વાત બને-જિમ લોટ ખાવો ને ભસવું. ૧.

આ પ્રસંગે બે બગડે બાવીનું દૃષ્ટાંત જાણવા જેવું છે. તે ટૂંકામાં આ પ્રમાણે જાણવું—એક ગામના પાદરમાં નદીના કાંઠે ઝુંપડીમાં બાવાજી રહેતા હતા. તે ઘરબારી હતા. એક વખત બાવાજીએ વિચાર્યું કે મને આંક લખતા પણ આવડતું નથી. માટે થોડા આંક શીખવા જોઇએ. એક શિક્ષકને ભણાવવા રાખ્યા. હંમેશાં તે ભણાવવા આવે છે, ત્યારે બાવી પણ સામી બેસીને સાંભળે છે. એકડાથી માંડીને એકવીસ સુધી શીખ્યા બાદ શિક્ષક બાવાજીને બાવીશનો આંક શીખવાડે છે. શીખવાની પદ્ધતિ એ છે કે-'બે બગડે બાવી' એમ શિક્ષક બોલાવે છે. બાવાજી બોલતા જાય છે ને ઘુંટતા જાય છે. એમ વારંવાર કરતાં બાવાજી શિક્ષકને પૂછે છે કે કેમ 'બે બગડે બાવી ને' શિક્ષકે કહ્યું-હા. એમ વારં-

વાર બોલતા બાવાજીને શિક્ષકે સમજાવ્યું કે–હે બાવાજી! જે બાવાજી છતાં 'બાવી' રાખે, તેના બે ભવ (આ ચાલુ ભવ અને પરભવ) બગડે. આ સામી બાવણુ બેઠી છે, એટલે તમે બાવણુનો સંગ કરો છો, માટે તમારા પણ બે ભવ કેમ નહિ બગડે? એમ બાવીશનો આંકડો બોધ આપે છે. આ પ્રમાણે સમજીને બાવાજીએ બાવણુનો સંગ છોડીને ખરો ત્યાગ માર્ગ સ્વીકારી આત્મહિત સાધ્યું. આ દૃષ્ટાંતમાંથી સાર લેવાનો એ છે કે ખરા અંતરંગથી સ્ત્રી સંગનો એટલે મોહને ઉત્તેજન આપનારા ખરાબ નિમિત્તોનો જ્ઞાન પૂર્વક ત્યાગ કરવો જોઇએ. અને તે ત્યાગનો રંગ ટકાવવાને માટે શીલ પ્રધાન સંયમ રસિક મુનિવરો ભવ્ય જીવોને શાંતિથી સમજાવે છે કે–૧. વ્યાખ્યાન સાંભળવાના પ્રસંગે શ્રાવકોના આવ્યા પ્હેલાં શ્રાવિકા વર્ગે સામાયિક લઇ શકાય નહિ. શ્રાવકો બેસવાની સ્થિરતાવાળા છે, એમ ખાત્રી પૂર્વક જાણ્યા બાદ લઇ શકાય. ૨. પૌષધ પણ શ્રાવકની ગેરહાજરીમાં સાધુ પાસે શ્રાવિકા વર્ગ ન લઇ શકે. માટેજ હાલ પણ વ્યાખ્યાન પૂરૂં થયા બાદ રાઇ મુહપત્તિ પલેવ્યા પ્હેલા શ્રાવિકા વર્ગ પૌષધ ઉચ્ચરે છે. ત્યારબાદ શ્રાવકોની સાથે શ્રાવિકા વર્ગ રાઇ મુહપત્તિ પલેવવાની ક્રિયા કરે છે. આ પ્રમાણે કરવામાં જ પરસ્પર મર્યાદા જળવાય છે, અને નિર્દોષ સાધના થઈ શકે છે. આ પ્રમાણે પ્રત્યાખ્યાન–પ્રાયશ્ચિત્ત લેવામાં અને દેવામાં પણ મર્યાદા જાળવીને જ બધાએ પરસ્પર વર્ત્તન રાખવું જોઇએ, જેથી સર્વેનું પરસ્પર હિત જળવાય. એ તો દીવા જેવું છે કે

નિમિત્ત વાસી આત્મા છે, તે જેવા નિમિત્તને પામે, તેને જ અનુસરતી ભાવના અને પ્રવૃત્તિ થાય છે. આ ટૂંકામાં જણાવેલી બીનાને યાદ રાખીને હે જીવ! તું ખરા જીગરથી સ્ત્રીનો સંગ ક્યારે તજીશ? જ્યારે એવો સુઅસર પામીશ, ત્યારે હું તને ધન્ય માનીશ. જ્યાંસુધી તેવી સ્થિતિ ન પામે, ત્યાંસુધી તેવા નિષ્કામી પુરૂષોની જરૂર સેવના કરવી; જેથી તે જલ્દી પામી શકાય, એ આ શ્લોકનું તાત્પર્ય છે. ૧૮

અવતરણ—હવે કવિરાજ વિષયાભિલાષની (કામ) દૃષ્ટિએ સ્ત્રીને જોતાં પુરૂષને તે કેવી જણાય છે? અને તત્ત્વ દૃષ્ટિએ જોતાં સ્ત્રી કેવી અલખામણી લાગે છે? તે વાત આ શ્લોકમાં સ્પષ્ટ જણાવે છે—

૬ ૫ ૮ ૯ ૭ ૧૦ ૧૧
लज्जेयं प्रलयं प्रयाति झटिति, ब्रह्मव्रतं भ्रश्यति ।
१२ १३ २ ४ १ ३
ज्ञानं संकुचति स्मरज्वरवशात्पश्यामि यावत् प्रियाम् ॥
१५ १४ १९ २० १६ १८ १७
यावत्तु स्मृतिमेति नारकगतेः, पापक्रमो भीषणः ।
२१ २२ २५ २४ २३ २६
स्तावत्तत्वनिरीक्षणात्प्रियतमाप्येषा विषौघायते ।१९॥

लज्जा=લાજ, શરમ
इयं=આ
प्रलयं=નાશ
प्रयाति=પામે છે
झटिति=ઝટ, જલ્દી
ब्रह्मव्रतं=બ્રહ્મચર્ય વ્રત શીલવ્રત
भ्रश्यति=ભ્રષ્ટ થાય છે, નાશ પામે છે
ज्ञानं=જ્ઞાન (તત્ત્વભૂત પદાર્થોની સમજણ)

**संकुचति**=સંકોચ પામે છે ઘટી જાય છે

**स्मरज्वर**=કામ રૂપી તાવના

**वशात्**=વશથી (પરાધીનપણાથી)

**पश्यामि**=દેખું છું (જોઉં છું)

**यावत्**=જ્યારે

**प्रियाम्**=પ્રિયાને, સ્ત્રીને

**यावत्तु**=અને (વળી) જ્યારે

**स्मृति**=સ્મરણમાં, યાદ

**एति**=આવે છે

**नारकगतेः**=નરકગતિનો

**पापक्रमः**=પાપકર્મોના ફલને ભોગવવાનો ક્રમ; પાપકર્મોના ક્રમસર ભોગવાતા માઠાં પરિણામ

**भीषणः**=ભયંકર

**तावत्**=ત્યારે

**तत्त्वनिरीक्षणात्**=તત્વને દેખવાથી, તત્ત્વદષ્ટિએ વિચારવાથી, તત્ત્વદષ્ટિનો વિચાર જાગવાથી

**प्रियतमाऽपि**=અતિ વ્હાલી સ્ત્રી પણ

**एषा**=આ, તે

**विषौघायते**=ઝેરના સમુદાય જેવી લાગે છે.

કામ રૂપી તાવની આધીનતાથી નારને,
જોઉં જ્યારે તે સમે મુજ શરમ જલ્દી નાશને;
પામે ટળે શીલ જ્ઞાન મારૂં પામતું સંકોચને,
બહુ ભયાનક નરક દુઃખ ક્રમ યાદ આવે જબ મને. ૧૦૭

તે પ્રસંગે તત્ત્વભૂત વિચારણાથી અંગના,
પ્રિય છતાં પણ જેહવી એ ઝેરના સમુદાયના;
શીઘ્ર લાગે તત્ત્વ દષ્ટિ મોહ દષ્ટિ વિચાર એ,
ભાવી ફલને યાદ રાખી ભદ્ર સાધન સેવીએ. ૧૦૮

જ્ઞાન લજ્જા શીલ ટકાવે તત્ત્વ દૃષ્ટિ સુખી કરે,
જીવને સન્માર્ગ સાધન સાધનામાં સ્થિર કરેઃ
તત્ત્વ દૃષ્ટિ ધારતી સીતા સુમલયાસુંદરી,
કષ્ટમાં ધીરજ ધરીને પામતી શાંતિ ખરી. ૧૦૯

આર્ય સંગાદિક નિમિત્તો સેવતાં તે પામીએ,
પામેલ તેહ ટકાવીએ નિજ સાધ્ય સિદ્ધિ સાધીએ;
અશુભ કારણ સેવનાથી મોહ દૃષ્ટિ જાગતી,
તેહનો પરિહાર કરતાં મુક્તિ રમણી ચાહતી. ૧૧૦

અક્ષરાર્થ—જ્યારે હું કામરૂપી જ્વરના પરાધીનપણાથી (કામ દૃષ્ટિએ) મારી સ્ત્રીને જોઉં છું ત્યારે આ લજ્જા (શરમ) જલદી નાશ પામે છે, શીલવ્રત ભ્રષ્ટ થાય છે, જ્ઞાન ઘટી જાય છે, અને જ્યારે નરક ગતિના ભયંકર દુઃખોની (કર્મવિપાકની) પરંપરા યાદ આવે છે ત્યારે તત્વની દૃષ્ટિએ વિચારતાં મારી તે અતિ વ્હાલી સ્ત્રી પણ ઝેરના સમૂહ જેવી અળખામણી લાગે છે ૧૯

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં કવિ સ્ત્રી ઉપરની બે જાતની દૃષ્ટિનાં જૂદાં જૂદાં પરિણામ બતાવે છે, અને તે પણ કોઇ પુરૂષના વિચાર દ્વારા બતાવે છે, તે આ પ્રમાણે–કોઇ વૈરાગ્યવંત જીવ પોતાની વૈરાગ્ય પામ્યાની પ્હેલાંની સ્થિતિને જણાવે છે કે જ્યારે હું સ્ત્રીને કામરાગની દૃષ્ટિએ જોઉં છું ત્યારે મારી લાજ શરમ બધી નાશ પામે છે, આ વાત બરાબર

છે, કારણ કે સ્ત્રીઓના પ્રેમી બનવું અને લાજ શરમ રાખવી એ બેને બનતું જ નથી. તેમજ જ્યારે તેના પર અત્યંત રાગ થાય છે, ત્યારે વિષયની ઇચ્છા પ્રબળ થવાથી શીલવ્રત પણ જરૂર નાશ પામે છે, અને એ વખતે શાસ્ત્રોનો જાણકાર પંડિત હોય તો પણ તે વખતે શાસ્ત્ર જ્ઞાન (શાસ્ત્રોનું જાણપણું સમજણ) બુઠું થઇ જવાથી સંકોચાઇ જાય છે, એટલે સ્ત્રીના પ્રેમમાં પડેલો જીવ શાસ્ત્ર જ્ઞાનને પણ વિસારી દે છે. પરન્તુ તે વૈરાગી જીવને "ક્ષણ માત્ર સુખને અર્થે હે જીવ! તારે **નરકનાં અનેક ભયંકર દુઃખો ૩૩ સાગરોપમ સુધીના પણ ભોગવવા પડશે**" એમ જ્યારે યાદ આવે છે ત્યારે તત્ત્વ દૃષ્ટિ (ખરી સમજણ) જાગે છે, ને તેથી સ્ત્રીને ભયંકર દુઃખનું કારણ સમજે છે. તે વખતે એ જ ઘણી વ્હાલી સ્ત્રી પણ એ જીવને ઝેરના સમુદાય જેવી ઘણી અળખામણી લાગે છે, એટલે તેના પરથી રાગ ઉઠી જાય છે, અને તે વૈરાગ્યવાળો જીવ સંપૂર્ણ સંયમી બને છે, એ તત્ત્વ દૃષ્ટિનો જ મોટો પ્રભાવ છે. પરિણામે તે જીવ મુક્તિ પદને પણ પામે છે. આ શ્લોકનું ખરૂં રહસ્ય એ છે કે ભોગના સાધનો કોઇ પણ કાલે વાસ્તવિક સુખને આપી શકતા જ નથી, આવી દૃઢ ભાવના શ્રી જૈનેન્દ્ર શાસન રસિક ભવ્ય જીવોએ જરૂર રાખવી જોઇએ. પુદ્ગલાનંદી જીવોને તત્ત્વ દૃષ્ટિ બહુ જ દુર્લભ હોય છે. બીન સમજણને લઇને કરેલા અયોગ્ય આચરણની બાબતમાં અંતે તો સમજુ જીવોને જરૂર પશ્ચાતાપની ભાવના જાગે છે, અને ફરીથી તેવું કાર્ય કરતા નથી. આ બધો તત્ત્વ

નિરીક્ષણનો જ પ્રભાવ છે; આસન્ન સિદ્ધિક ભવ્ય જીવોએ કાર્યને અંતે દીલગીર ન થવું પડે, માટે બહુ જ ઇષ્ટ કાર્યના તત્ત્વનો વિચાર કરીને જ કાર્ય આરંભ (શરૂઆત) કરવી. ૧૯.

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં યૌવન અવસ્થામાં પણ પાંચ વ્રતોને પાળનારા પુરૂષોથી આ પૃથ્વી પવિત્ર ગણાય છે, તેવી પોતાના મનની ભાવના જણાવે છે-

**कारुण्येन हता वधव्यसनिता, सत्येन दुर्वाच्यता ।**
**संतोषेण परार्थचौर्यपटुता, शीलेन रागांधता ॥**
**नैर्ग्रंथ्येन परिग्रहग्रहिलता, यैर्यौवनेऽपि स्फुटं ।**
**पृथ्वीयं सकलाऽपि तैः सुकृतिभिर्मन्ये पवित्रीकृता ॥२०॥**

**कारुण्येन**=કરૂણા વડે, દયા વડે
**हता**=હણી, નાશ કરી
**वधव्यसनिता**=વધનું વ્યસન; હિંસાની ટેવ
**सत्येन**=સાચું બોલવા વડે
**दुर्वाच्यता**=દુર્વચનો, અસત્ય વાદ, જૂઠ
**संतोषेण**=સંતોષ વડે
**परार्थ**=બીજાના ધનની
**चौर्य**=ચોરી કરવાની
**पटुता**=કુશળતા
**शीलेन**=શીલવડે, બ્રહ્મચર્ય પાળવા વડે
**रागांधता**=રાગાંધપણું, કામરાગથી થતું આંધળાપણું
**नैर्ग्रंथ्येन**=નિર્ગ્રન્થપણા વડે, ધન કંચન વિગેરે પદાર્થોની મમતા છોડવા વડે
**परिग्रह**=ધન ધાન્ય આદિ નવ પ્રકારના વસ્તુ સંગ્રહની મમતાથી થયેલી

**ग्रहिलता**=ગાંડાઇ, ઘેલછા
**यैः**=જે પુરૂષોએ
**यौवनेऽपि**=યૌવન વયમાં પણ
**स्फुटं**=સ્પષ્ટ રીતે, સાક્ષાત્
**पृथ्वी**=પૃથ્વી, જગત
**इयं**=આ
**सकलाऽपि**=સમગ્ર, સર્વ પણ
**तैः**=તે (પુરૂષોએ)
**सुकृतिभिः**=પુણ્યશાળી જીવો વડે કરીને
**मन्ये**=હું માનું છું કે
**पवित्रीकृता**=પવિત્ર થયેલી છે.

ભર યૌવને પણ જેમણે હિંસા વ્યસન કરૂણા ગુણે,
દુષ્ટ ભાષા સત્યથી ચોરી ધરી સંતોષને;
શીલથી મૈથુન અમૂર્છા નિષ્પરિગ્રહતા ગુણે,
જ્ઞાન વૈરાગ્યે તજ્યા ઇમ પાંચ પ્રણમું તેમને. ૧૧૧

પુણ્યવંતા તેમનાથી સર્વ પણ ધરણી બની,
પાવના હું એમ માનું ભાવના આ કવિ તણી;
મોટાં વ્રતોને સેવવાની યૌવને શુભ ભાવના,
પુણ્યવંતાને જ પ્રકટે બહુ ગુલામો કામના. ૧૧૨

કૃષ્ણના લઘુ ભાઇ ગજસુકુમાલ ભર યાવન વયે,
એક રાતે ચરણ સાધી કેવલી ઘાતી ક્ષયે;
નાની વયેજ પ્રભાસ ગણધર શુદ્ધ સંયમ પાલતા,
પ્રભુ વીરની ભક્તિ કરી સર્વજ્ઞ થઇ શિવ પામતા. ૧૧૩

કૃષ્ણ ભૂપ તણી સુતાઓ ખીલતી યૌવન વયે,
નેમિ પ્રભુના હાથ સાધ્વી થઇ ચરે પ્રવરાશયે;

આજ પણ મુનિરાજ તેવા ચરણ તપને સાધતા,
જિનશાસને છે વિજયવંતા શીલ તેજે ચળકતા. ૧૧૪

અક્ષરાર્થ—જે પુણ્યશાળી ભવ્ય જીવોએ નવયૌવન અવસ્થામાં પણ દયાના ગુણ વડે હિંસાનું વ્યસન છોડયું છે, અને સત્ય ગુણ વડે અસત્ય બોલવાનું છોડયું છે, તથા સંતોષ વડે બીજાનું ધન ચોરવાની ચતુરાઇ છોડી છે, અને શીલ ગુણ વડે કામની રાગાંધતા છોડી છે, વળી નિર્ગ્રંથપણાના ગુણ વડે પરિગ્રહ ભેગો કરવાની મૂર્છા છોડી છે તેવા પુણ્યશાળી મુનિવરાદિ ભવ્ય જીવોથી જ આ પૃથ્વી પવિત્ર થયેલી છે એમ હું માનું છું. ૨૦

સ્પષ્ટાર્થ:—આ શ્લોકમાં કવિએ મુનિવરોનાં પાંચ મહાવ્રતો અને અપેક્ષાએ અણુવ્રતો પણ જણાવ્યા છે અને તેવા પંચ મહાવ્રતધારી મુનિ વિગેરે મહાપુરૂષોથી જ આ પૃથ્વીને પવિત્ર થયેલી જણાવી તેમની પ્રશંસા કરી છે. તેમાં મુનિ વિગેરે મહાપુરૂષોને દયાના ગુણ વડે હિંસાનું વ્યસન છોડનારા કહેવાથી પહેલું અહિંસા નામનું વ્રત જણાવ્યું, અને સત્ય વડે અસત્ય છોડવાનું કહેવાથી બીજું સત્ય વ્રત રૂપ વ્રત જણાવ્યું, સંતોષ વડે ચોરીને છોડવાનું કહેવાથી ત્રીજું અદત્તાદાન વિરમણ નામનું વ્રત જણાવ્યું. શીલ ગુણ વડે કામ રાગથી થતા અંધાપાને (મૈથુનને) છોડવાનું કહેવાથી ચોથું બ્રહ્મચર્ય વ્રત આવ્યું, અને નિર્ગ્રંથપણાના (મૂર્છાનો ત્યાગ કરવા રૂપ) ગુણ વડે પરિગ્રહને છોડવાનું કહેવાથી પાંચમું અપરિગ્રહ વ્રત આવ્યું, અને

તે પણ જેમણે ચઢતી પ્રેમ ઘેલછાવાળી ભરયુવાનીમાં આવાં પાંચ વ્રતો અંગીકાર કરી હિંસા અસત્ય ચોરી સ્ત્રી વિલાસ અને ધન વિગેરેની મમતા સર્વથા છોડી દીધી છે, તેવા મુનિ વિગેરે મહાત્માઓને તો હજાર વાર ધન્યવાદ આપીએ તો પણ ઓછા છે, કારણ કે જે ભર જુવાની પ્રાયે ગદ્ધાપચ્ચીસી જેવી ને દીવાની ગણાય છે એવી અવસ્થામાં પાંચ ઇન્દ્રિયો રૂપી પુરપાટ દોડતા દુષ્ટ ઘોડાઓને એકદમ અટકાવી તાબે કરી દેવા એ કંઇ ઓછી (નાની સૂની) વાત નથી- આ શ્લોકનું રહસ્ય એ છે કે પાછલા ભવના શુભ સંસ્કારી ભવ્ય જીવો, નિર્મલ સંયમની સાધનાથી જ જુવાનીની સફલતા માને છે, કારણ કે તે જુવાનીના કાલમાં આત્મ વીર્યોલ્લાસ વધારે હોય છે. તેથી નિર્મલ સાધના પૂરે પૂરી થઇ શકે છે. આવા સંયમધારી યુવાન ભવ્ય જીવો પણ બાલ્ય વયમાં સંયમને સાધતા જીવોની જરૂર અનુમોદના કરે છે. અમુક વયે જ સંયમની સાધના થઇ શકે, એવો કંઇ નિયમ છે જ નહિ. જે ટાઈમે વૈરાગ્ય થાય એજ ટાઇમે સંયમની આરાધના કરવામાં તત્પર થઈ જવું એમ શ્રી જિન શાસન ફરમાવે છે, એમાં મુદ્દો એ છે કે ક્ષણવારનો ભરોસો નથી, અને હાલ જે શુભ ભાવના વર્ત્તે છે, તે ખરાબ નિમિત્તના યોગે પલટાઈ જાય, એવું પણ બને છે. માટે સંયમારાધનનું કાર્ય જલ્દી સાધી લેવું એમાં જ ડહાપણ ગણાય. આવી ભાવનાને ધારણ કરનાર શ્રી જંબૂસ્વામીજી મહારાજનું દૃષ્ટાંત આ પ્રસંગે યાદ રાખવા જેવું છે. તે ટૂંકમાં આ પ્રમાણે જાણવું. ઘણા મહા પુરૂષોના ચરણની રજથી પવિત્ર બનેલા વૈભારગિરિની ઉપર ચરમતીર્થ

કર વર્ત્તમાન શાસનાધીશ્વર પ્રભુ શ્રી મહાવીર પરમાત્મા ગ્રામાનુગ્રામ વિહાર કરતા પધાર્યા. પ્રભુદેવની સાથે ચૌદ હજાર મુનિ વિગેરે પણ હતા. અહીં ઇંદ્રાદિક દેવોએ સુંદર સમવસરણની રચના કરી હતી. ક્ષાયિક સમ્યક્ત્વના ધારક રાજા શ્રેણિકને પ્રભુદેવના આગમનની ખબર પડી. જેથી તે પણ પોતાના પરિવાર સાથે ધામધૂમ પૂર્વક પ્રભુદેવની પાસે આવીને વિધિપૂર્વક વંદના કરીને નિજ ગુણ રમણતાને વધારનારી નિર્મલ દેશના સાંભળવાને ઉચિત સ્થાને બેઠા. દેશના આપતાં પ્રસંગે પ્રભુદેવે જણાવ્યું કે હે ભવ્ય જીવો! સંસારના સુખો ક્ષણિક છે, પરાધીન છે, વિષયની વિવિધ ઇચ્છાઓ રૂપી મલથી ખરડાએલા છે. સંસારમાં તેવા સુખો અવસરે ભયને આપે છે. સંસારી જીવો જેમાં સુખ માની રહ્યા છે તેમાં વાસ્તવિક સુખ છે જ નહિ. સાચું સુખ નિર્મલ સંયમની આરાધનામાં જ રહેલું છે. નિર્મલ સાત્વિક આનંદ રૂપી ફૂલોની ખુશબો સંયમ રૂપી બગીચામાં ફરનારા મુનિવરોજ લઇ શકે છે. એવો આનંદ નથી ઇંદ્રને મળી શકતો કે નથી ચક્રવર્તીને મળી શકતો. ખરા ત્યાગથી ભરેલું જીવન સ્વપર કલ્યાણને સાધવામાં જરૂર મદદગાર થાય છે. આવા ઇરાદાથી તે જ ભવમાં મુક્તિના સુખો જરૂર મળવાના જ છે આવું જાણનારા અવધિજ્ઞાની શ્રી તીર્થંકર દેવો જ્યારે પરમ ઉલ્લાસથી સિંહની જેવા શૂરવીર બનીને સંયમની સાધના કરે છે, તો પછી બીજા ભવ્ય જીવોએ તો વિશેષે કરીને નિર્મલ સંયમની સાધના જરૂર કરવી જ જોઇએ. લીંબડાના ઝાડમાં જન્મેલા કીડાની જેવા સંસારી જીવો, કેવલ બીનસમજણને લઇને જ લીંબડાની જેવા

સંસારના સુખો કડવા છતાં મીઠાં માને છે. આવી બીન સમજણને દૂર કરીને મુક્તિ સુખને ચાહનારા ભવ્ય જીવોએ નિર્મલ દર્શન જ્ઞાન ચારિત્રની સાધના રૂપ મોક્ષ માર્ગની સેવના જરૂર કરવી જોઈએ. આમ કરવાથી પરિણામે જરૂર સિદ્ધિના સુખો મળે છે, વિગેરે દેશના પ્રભુદેવ દઇ રહ્યા છે. તેવામાં શ્રેણિક રાજાની નજર એક દેવ ઉપર ગઇ. રાજાને વિચાર થયો, કે આ દેવ બીજા તમામ દેવોમાં વધારે દેદીપ્યમાન દેખાય છે, તેનું શું કારણ હશે? પ્રભુદેવને પૂછવાથી ખુલાસો મળશે. એમ વિચારી રાજાએ પ્રભુને ઉપરની બાબત પૂછી. પ્રભુદેવે જવાબ દેતાં જણાવ્યું કે હે રાજન્! મગધ દેશમાં ભવદત્ત અને ભવદેવ નામે બે ભાઇઓ હતા. તેમાં ભવદત્ત ગુરૂ દેશના સાંભળીને વૈરાગ્ય થવાથી ચારિત્ર ગ્રહણ કરીને નિર્મલ મને સાધતા હતા. અનુક્રમે કેટલોક ટાઇમ વીત્યા બાદ મોટા ભાઈ (ભવદત્ત)ના આગ્રહથી ભવદેવે પણ અર્ધી શણગારેલી નાગિલા નામની પત્નીનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરીને નિર્મલ ભાવથી તેની સાધના કરવા માંડી. ભવદત્ત મુનિ અંતિમ સમયે નિર્મલ સમાધિ પૂર્વક આરાધના કરીને સ્વર્ગની દેવતાઇ ઋદ્ધિ પામ્યા. ત્યાર બાદ ભવદેવ ચારિત્રની આરાધના કરવામાં શિથિલ પરિણામી થયા. પોતાના ગામ તરફ આવતાં મુનિને નાગિલાએ ઓળખ્યા. અને મુનિની પતિત ભાવના જાણીને તેણીએ મુનિને પ્રશ્ન કર્યો કે હે મુનિરાજ! તમે શું વિચારીને ચારે બાજુથી સળગી ઉઠેલા આ સંસાર રૂપી દાવાનળમાં પેસવાને ચાહો છો? શું તમે ભૂલી ગયા કે આ મસાણીયા લાડવા જેવા રસકસ વિનાના સંસારમાં તલભાર પણ શાંતિ–

સુખ હોઇ શકે જ નહિ. યાદ રાખજો કે આ તમારી પતિત ભાવના જરૂર તમને નરકે લઇ જશે; સર્વ સાવદ્ય (પાપ)નો ત્યાગ કર્યા પછી ફરી તેની ચાહના કરી શકાય જ નહિ. જેમ અગંધન કુલના સર્પો મરી જાય એ બહેતર, પણ વમેલું ઝેર ચૂસે જ નહિ, તેમ તમારે પણ (તમે વમેલી એવી) મને ચાહવી જ ન જોઇએ. કયો સમજુ માણસ રતી ભાર રતિ સુખને માટે અમૂલ્ય માનવ ભવ હારી જાય. સમજવું જોઇએ કે આવા માનવ ભવની પ્રાપ્તિ વારંવાર થવી મુશ્કેલ છે. સંસારી જીવો એમ માને છે કે અમને ભોગથી સુખ મળશે પણ તેઓએ સમજવું જોઇએ કે ભોગના સેવનથી તો ભયંકર રોગની પીડા ભોગવવી પડે છે. રીબાઇ રીબાઇને બહુ જ બૂરી હાલતે પરમ અસમાધિ મરણ થાય છે, ભવાંતરમાં પણ દુર્લભ બોધિપણું થાય છે. માટે વગર વિચાર્યું કામ થાય જ નહિ. જે કામ કરવું તે બહુ વિચારીને જ કરવું, જેથી ભવિષ્યનું હિત જળવાય. હું તમને નમ્ર સૂચના કરૂં છું કે, તમે ગુરૂ મહારાજની પાસે જઇને નિર્મલ બનીને પરમ ઉલ્લાસથી સંયમની સાધના કરીને સંસાર સમુદ્રને તરી જાવ. એમ કરવામાં તમારી અને મારી બંનેની શોભા છે. આ પ્રમાણે નાગિલાના વચન સાંભળીને મુનિ ભવદેવ સ્થિર પરિણામી થયા ને ગુરૂની પાસે જઇને નિર્મલ સંયમ સાધવા લાગ્યા. અંતિમ સમયે નિર્મલ સાધના કરીને તે મુનિ સૌધર્મ દેવ લોકના દેવતાઈ સુખ પામ્યા. ભવદત્ત મુનિનો જીવ દેવતાઇ આયુષ્ય પૂરૂં થવાથી દેવ લોકમાંથી ચ્યવીને [1] મહાવિદેહ ક્ષેત્રમાં પુંડરિકિણી નામની નગરીમાં વજ્ર

૧–આની વિશેષ બીનાં દેશના ચિંતામણિ ભાગ ૧ લાના

દત્ત ચક્રવર્તીના પુત્ર થાય છે. મોટી ઉંમરે પુત્રને માતા પિતા ઘણી રાજ કન્યાઓ પરણાવે છે.

એક વખત રાજકુમાર મ્હેલની અગાસીમાં ફરતો હતો. તે ટાઇમે તેણે આકાશમાં સુંદર વાદળાંની રચના દીઠી. મનમાં તે બહુ રાજી થયો. પણ ક્ષણવારમાં બનાવ એ બન્યો કે પ્રચંડ વાયુના જોરથી તે બધાએ વાદળાં વિખરાઇ ગયા. આ બનાવ જોઈને કુંવરને વૈરાગ્ય ભાવ પ્રકટ ગયો. આથી તેણે વિચાર્યું કે જેવું આ વાદળાંનું સ્વરૂપ અનિત્ય છે, એટલે ક્ષણ વારમાં તે પલટાઇ ગયા, તેવું જ સ્વરૂપ સંસારમાં ધન યૌવન સુખ પ્રેમ વિગેરે પદાર્થોનું જણાય છે. વ્યાજબી જ છે કે જે વસ્તુ સવારે જોઈ હોય તે બપોરે દેખાતી નથી. બપોરે જોયેલી ચીજ સાંઝે દેખાતી નથી. સ્થિર અને કલ્યાણકારી વસ્તુ સંયમ જ છે. તેની સાધના કરીને મારે આત્મ કલ્યાણ કરવું એ વ્યાજબી છે. એમ વિચારી શ્રી ગુરૂ મહારાજની પાસે તેણે પરમ ઉલ્લાસથી સંયમ ગ્રહણ કરીને તેની સાધના કરવા માંડી. અનુક્રમે અવધિ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી તે મુનિરાજ અવધિ જ્ઞાની બન્યા, અને અપ્રતિબદ્ધપણે વિહાર કરી પૃથ્વી તલને પાવન કરવા લાગ્યા. હવે ભવદેવનો જીવ સૌધર્મ દેવલોકના દેવતાઇ સુખો ભોગવીને દેવાયુષ્ય પૂર્ણ થવાથી ત્યાંથી ચ્યવીને આજ વિદેહ ક્ષેત્રના વીતશોક નામના નગરમાં શિવકુમાર નામે રાજકુંવર થાય છે. આ રાજકુંવર

૨૩૭મા પાનાથી જોઇ લેવી. તે શેર દલાલ જેસંગભાઈ કાલીદાસે છપાવી છે.

એક વખત મ્હેલના ઝરૂખામાં બેઠા છે. તે વખતે પૂર્વે જણાવેલા અવધિજ્ઞાની મુનિને જોતાં શિવકુમારને ઘણો જ સ્નેહભાવ પ્રકટે છે. નીચે આવીને તેણે વિનય પૂર્વક સ્નેહ જાગવાનું કારણ પૂછયું. જવાબમાં જ્ઞાની મુનિએ સ્નેહનું કારણ વિસ્તારથી જણાવ્યું. તે સાંભળીને તેને સંયમ લેવાની ઇચ્છા થઇ.

આ બાબતમાં માતાપિતા મોહને લઇને કુંવરને સંયમ લેવા દેતા નથી. તેથી તે નારાજ થઇ પૌષધ શાલામાં રહે છે. ને છઠ્ઠ છઠ્ઠની તપશ્ચર્યા કરવી, અને પારણે આયંબિલ કરવું, આ રીતે તપ કરવા પૂર્વક ભાવ સાધુપણાની સ્થિતિમાં બાર વર્ષ સુધી રહે છે. અંતે સમાધિ પૂર્વક આરાધના કરી બ્રહ્મદેવ લોકમાં વિદ્યુન્માલી નામે દેવ થયો. તે દેવ પોતાની ચાર દેવીઓ સહિત અહીં આવ્યો છે. પાછલા ભવે ભાવ સંયમ તપની નિર્મલ સાધના કરવાથી આવી ઉત્તમ કાંતિ ઋદ્ધિને તે પામ્યો છે.

શ્રેણિક—હે પ્રભુ! આ દેવ અહીંથી ચ્યવીને ક્યાં જન્મ લેશે?

પ્રભુ—આ દેવ આજથી સાતમે દિવસે આ જ નગરીમાં ઋષભ નામના શેઠનો જંબૂ નામે પુત્ર થશે, અનુક્રમે અવસર્પિણીમાં તે છેલ્લા કેવલી થવાના છે. આવો ખુલાસો સાંભળીને રાજા શ્રેણિક જિન ધર્મની બહુ જ અનુમોદના કરવા લાગ્યા. દેશના પૂર્ણ થયા બાદ ઘણાં જીવો યથા શક્તિ વ્રત નિયમ વિગેરેને અંગીકાર કરીને સ્વસ્થાને ગયા. તે પ્રમાણે રાજા શ્રેણિક વિગેરે પણ સ્વસ્થાને ગયા.

પ્રભુ શ્રી મહાવીર દેવના કહ્યા પ્રમાણે વિદ્યુન્માલી દેવ ઋષભ શેઠની સધર્મચારિણી ધારિણી સ્ત્રીની કુક્ષિમાં પુત્ર-પણે ઉત્પન્ન થયો. માતા ગર્ભના પ્રભાવે સ્વપ્નમાં જંબૂ વૃક્ષ જૂએ છે. તેથી જન્મ થયા બાદ માતા પિતાએ પુત્રનું 'જંબૂ' નામ પાડયું. આ પ્રસંગે શ્રી જંબૂ કુંવરની જન્મ સાલને અંગે જાણવા જેવી બીના એ છે કે પ્રભુ શ્રી મહા-વીર દેવના નિર્વાણ સમયથી ૧૬ વર્ષ પ્હેલાંના સમયે શ્રી જંબૂસ્વામીનો જન્મ થયો. અનુક્રમે તે જંબૂ કુંવર યુવાવસ્થાને પામ્યા. આ અવસરે પ્રભુ શ્રી મહાવીર દેવના પંચમ ગણ-ધર શ્રી સુધમાસ્વામી વૈભારગિરિ ઉપર પધાર્યા. ત્યાં જંબૂ-કુમાર ગયા. વંદન કરીને દેશના સાંભળવા બેઠા. ગણધર શ્રીસુધર્માસ્વામીએ દેશનામાં દીક્ષાનો મહિમા. શીલનો પ્રભાવ વિગેરે બીના દાખલા દલીલ સહિત જણાવી. તે સાંભળીને વૈરાગ્ય ભાવથી વાસિત થયેલા જંબૂ કુંવર સંયમ લેવાની તીવ્ર ઉત્કંઠાવાળા થઈને પોતાના ઘર તરફ પાછા આવવા લાગ્યા. નગરના દરવાજાની નજીક આવતાં કુંવરે શત્રુને મારવા માટે ગોઠવેલા મારણ ચક્ર વિગેરે જોઈને વિચાર્યું કે આ મારણ ચક્ર વિગેરે કદાચ મારી ઉપર પડે તો શી ગતિ થાય ? એમ વિચારી પાછા ફરી શ્રી સુધર્મા સ્વામીની પાસે આવીને તેણે જીવન પર્યંત શીલવ્રત સ્વીકાર્યું. પછી ઘેર આવી પોતે જણાવ્યું કે હે માતા પિતા ! તમારી આજ્ઞાથી હું શ્રી સુધર્મા સ્વામીની પાસે દીક્ષા લેવા ચાહું છું. પણ માતાપિતાએ આઠ કન્યાઓને પરણવાનો આગ્રહ કર્યો. જંબૂ કુંવરે આઠે કન્યાઓને પણ આ બીના જણાવી દીધી હતી. પણ તે સર્વ કન્યાઓએ

નિર્ણય કર્યો હતો કે જંબૂકુંવર સિવાય બીજાને પરણવું જ નહિ, માતા પિતાના તીવ્ર આગ્રહથી જંબૂકુંવરને ઇચ્છા નહિ છતાં પણ પાણિગ્રહણ કરવું પડયું. ત્યાર બાદ નિષ્કામી જંબૂકુંવર વાસ ઘરમાં ગયા. ત્યાં આઠે સ્ત્રીઓએ મોહ પમાડનારી આઠ કથાઓ કુંવરને કહી સંભળાવી. પણ તેની અસર લગાર પણ ન થઇ. ઉલટી કુંવરે વૈરાગ્ય ભાવને વધારનારી બીજી સુંદર આઠ કથાઓ કહી. આ રાત્રિના સમયે પાંચસો ચોરની સાથે પ્રભવ ચોર અહીં ચોરી કરવા આવ્યો હતો. તેની પાસે તાલોદ્ઘાટિની અને અવસ્વાપિની નામની બે વિદ્યા હતી. કુંવરના પુણ્યથી આકર્ષાયેલા કોઇ દેવતાએ તે સર્વ ચોરોને સ્તંભિત કરી દીધા. જેથી તે લગાર પણ ચાલી શકતા નથી. મુખ્ય ચોર પ્રભવ વિચારમાં પડયો કે આ શું થયું ? મને લાગે છે કે આ બધું કુંવ-રના પ્રભાવથી જ થયું છે. ધન્ય આ કુંવરને. કે જે છતી ઋદ્ધિ સિદ્ધિનો ત્યાગ કરીને છતી ભોગ સામગ્રીનો પણ ત્યાગ કરે છે. હવે મારે પણ આજથી આ ચોરીનો નીચ ધંધો શા માટે કરવો જોઇએ ? એમ વિચારી પ્રભવે તે તમામ હકીકત જણાવીને વિનંતિ કરી કે આપ મને સ્તં-ભિની વિદ્યા આપો. તેના બદલામાં હું આપને મારી બે વિદ્યા આપું છું તે આપ કૃપા કરીને સ્વીકારો. આના જવાબમાં કુંવરે શાંતિથી જણાવ્યું કે મારી પાસે સ્તંભિની વિદ્યા છે જ નહિ. કોઇ દેવતાએ તમને સ્તંભિત કર્યા હોય એમ સંભવે છે. મારે તમારી વિદ્યા જોઇતી નથી. કારણ કે હું આવતી કાલે સંયમને ગ્રહણ કરવા ચાહું છું. સંયમ સાધના રૂપ ઉત્તમ વિદ્યા જ મોક્ષને આપી શકે છે. તારી

વિદ્યા સંસારને વધારનારી અને દુર્ગતિના ભયંકર દુઃખોને દેનારી છે તેથી ડાહ્યો માણસ તેને કેમ ચાહે ? આ પ્રસંગે શ્રી કુંવરે પ્રભવ વિગેરેને સન્માર્ગમાં લાવવા માટે શાંતિ અને પ્રેમ ભરેલા વચને એવી સરસ નિર્મલ ધર્મ કથાઓ કહી સંભળાવી કે જેથી પ્રભવ ચોર બહુ જ આશ્ચર્ય પામ્યો. અને આ પ્રમાણે કુંવરની સાથે સંવાદ કરવા લાગ્યો.

પ્રભવ ચોર—હે મહાનુભાવ ! દુનિયામાં કહેવાય છે કે જે વસ્તુ પુણ્યોદયથી મળે તેનો ત્યાગ કરનાર માણસ મૂર્ખ ગણાય. તે પ્રમાણે આ સ્ત્રી વિગેરે ભોગના સાધનો પણ ભાગ્યશાલી જીવોને જ મલે. તમે પણ તેવા જ છો. તેથી તમે સ્ત્રી આદિનો તથા ભોગ સુખનો શા માટે ત્યાગ કરો છો ? તે કંઇ મને સમજાતું નથી.

જંબૂ કુંવર—હે ભદ્ર ! તમે કિંપાક ફળ જોયા હશે ?

પ્રભવચોર—હાજી હું તે ફલનું સ્વરૂપ જાણું છું.

તે દેખાવમાં સુંદર હોય છે. અને ખાનારને જરૂર રીબાવી રીબાવીને મારે છે.

જંબૂ કુંવર—હે ભાઇ ! વિષયો તે ફલ કરતાં પણ વધારે દુઃખને આપે છે. કિંપાક ફલ તો એક ભવમાં મરણનું દુઃખ આપે છે, પણ આ વિષયો તો અનંતા જન્મ મરણના દુઃખો આપે છે. તે ફલની માફક સ્ત્રી વિગેરે પદાર્થો ચામડી આદિના ઢાંકણને લઇને બ્હારથી સુંદર લાગે છે, પણ અંદર તો વિષ્ટા વિગેરે પદાર્થો ભરેલા છે. તેના મોહથી જે પાપ કર્મો બંધાય છે તે દુર્ગતિમાં રીબાઇ રીબાઇને ભોગવવા

પડે છે. હું એવો મૂર્ખ નથી કે જેથી બારદાન જોઈને મોહ પામું. જેવી લાગણી સંસારી જીવો ભોગમાં રાખે છે તેવી લાગણી જો સંયમની આરાધનામાં રાખે તો અલ્પ કાલમાં જરૂર મોક્ષના સુખ મળે છે. આ જ ભાવનાથી ગજસુકુમાલ શાલિભદ્ર ધન્યકુમાર વિગેરે મહાપુરૂષોએ જેમ ચતુરાઈથી ચારિત્રની આરાધના કરી તે પ્રમાણે હું પણ સંયમ લેવાને ચાહું છું. અહીં આ પ્રસંગને વધારે દૃઢ કરવાને કુંવરે પ્રભવને [1]મધુબિંદુનું દૃષ્ટાંત પણ સમજાવ્યું હતું.

પ્રભવ ચોર—હે મહાનુભાવ! તમારે પુત્ર થયા પછી દીક્ષા લેવી, એ મને ઠીક લાગે છે. કારણ કે લોકમાં એમ કહેવાય છે કે પિતાના મરણ પછી પુત્ર જો પિંડ આપે તો જ પિતાની સદ્‌ગતિ થાય. તમે તેમ નહિ કરો તો તમારી પણ સદ્‌ગતિ કઈ રીતે થશે?

જંબૂ કુંવર—હે ભદ્ર! એવો કંઇ નિયમ નથી કે જે પુત્રવાળો હોય, તેની જ સદ્‌ગતિ થાય. કારણ કે શ્રી મલ્લિનાથ નેમિનાથ ભગવંત તથા બીજા પણ અતિમુક્ત મુનિ વિગેરે અનંતા ભવ્ય જીવો પણ પુત્ર રહિત છતાં પણ મોક્ષના સુખ પામ્યા છે. તમારી માન્યતા પ્રમાણે તો જેમને વધારે બચ્ચાં હોય છે તેવા સૂકર, સર્પ, ગોધા વિગેરેની જ સદ્‌ગતિ થવી જોઇએ. પણ તેમ છે જ નહિ. અહીં કુંવરે મહેશ્વર[2] નામના વણિકનું દૃષ્ટાંત જણાવીને સાબીત કરી આપ્યું કે સદ્‌ગતિના લાભમાં પુત્રને કારણ તરીકે મનાય જ નહિ.

૧. આ દષ્ટાંત ઉપદેશ પ્રાસાદ. ભા. ૨ માંથી જોઇ લેવું.
૨. આ દષ્ટાંત પરિશિષ્ટ પર્વમાંથી જોઈ લેવું.

## જંબૂ સ્વામી અને તેમની આઠ સ્ત્રીઓના સવાલ જવાબ.

૧. સમુદ્રશ્રી—હે સ્વામી! મહાભાગ્યે આ પુષ્કળ લક્ષ્મી તમને મળી છે. તેનો લ્હાવો લીધા વિના ચારિત્રની ઇચ્છા કરવી એ શું ઠીક ગણાય?

જંબૂ કુંવર—લક્ષ્મી એ વિજળીના જેવી ચપળ છે અને ઘણા જીવોને મહા અનર્થ કરાવીને દુર્ગતિમાં લઈ જાય છે. ઘણા યુદ્ધના પ્રસંગો પણ લક્ષ્મીના પાપેજ પ્રકટે છે. લક્ષ્મીનું બીજું નામ 'દોલત' છે. જ્યારે આવે ત્યારે માલીકના વાંસામાં લાત મારે છે. તેથી લક્ષ્મીવાળો જીવ અભિમાનથી અક્કડ થઇને ચાલે છે. દેવ ગુરૂ ધર્મારાધન ચૂકી જાય છે, અને ભોગમાં આસક્તિ ધરે છે. જ્યારે પાપના ઉદયથી લક્ષ્મી ચાલી જાય છે, ત્યારે છાતીમાં લાત મારીને જાય છે. તેથી લક્ષ્મી વિનાનો થયેલો માણસ નીચું જોઇને વાંકો થઇને ચાલે છે. આ પ્રમાણે લક્ષ્મી આવતાં લાત મારે છે અને જતાં પણ લાત મારે છે. એમ "**દો = બે, લત = લાત**" બે લાત મારે છે માટે દોલત કહેવાય છે. આવી ચપળ વસ્તુમાં કયો સમજુ માણસ મોહ રાખે? ખરૂં સુખ ખરી શાંતિ, ખરો આનંદ સંયમની સાધનામાં જ રહેલો છે. આ મુદ્દાથી લક્ષ્મીને તજીને મેં સંયમ લેવાની ઇચ્છા કરી છે તે વ્યાજબી જ છે.

૨. પદ્મશ્રી—સાંખ્ય વિગેરે છએ દર્શનનો મત એ છે કે ગૃહસ્થ ધર્મ જ શ્રેષ્ઠ. કારણ કે પરોપકારીનું જીવન ઉત્તમ

ગણાય છે. તે પરોપકાર દાનાદિથી થઇ શકે છે. અને ગૃહસ્થ ધર્મમાં જ દાનાદિની સાધના થઇ શકે છે. માટે તમે ગૃહસ્થ ધર્મને સેવીને પછી સંયમ લેજો. જો તે પ્હેલાં લેશો તો લોકો એમ કહેશે કે એ કાયર હતો, માટે એણે દીક્ષા લીધી. જે કામ કરવાથી લોકમાં અપકીર્તિ ફેલાય તેવું કામ નજ કરી શકાય.

જંબૂકુંવર—જે ગૃહસ્થ ધર્મમાં અનેક જાતના ભયંકર આરંભ સમારંભ રહ્યા હોય, તે ગૃહસ્થ ધર્મ ઉત્તમ કહી શકાય જ નહિ.

જેમાં લગાર પણ પાપક્રિયા હોય જ નહિ એવો મુનિ ધર્મ જ ઉત્તમ કહેવાય. બંને ધર્મમાં મેરૂ અને સરસવ જેટલું અથવા સૂર્યના પ્રકાશ અને આગીયા જીવડાના પ્રકાશ જેટલું અંતર (તફાવત, ફરક) છે. ખરો ઉપકાર મુનિધર્મમાં જ થઇ શકે છે. દીક્ષા લેનાર ભવ્ય જીવો દુઃખે કરીને છોડી શકાય એવા સ્રી, અગ્નિ, જલનો ત્યાગ કરે છે તેમાં તેની અપકીર્તિ હોય જ નહિ. ખરા ધર્મી જ્ઞાની જીવો તેવા સંયમ લેનાર ભવ્ય જીવોની પરમ ઉલ્લાસથી અનુમોદના જ કરે છે. જે નિંદા કરે એ ખરો જ્ઞાની કહેવાય જ નહિ.

૩. પદ્મસેના—હે સ્વામિન્! આપનું શરીર કેળના ગર્ભ (કેળના અંદરના ભાગ) જેવું સુકોમળ છે, તેથી મને ચિંતા થાય છે કે આપ સંયમારાધનામાં થતા ભયંકર કષ્ટો કઈ રીતે સહન કરી શકશો? માટે હાલ આ વિચાર મુલતવી રાખવો ઠીક છે.

જંબુકુંવર—હાલ દેખાવમાં ભલે તને મારૂં શરીર કોમળ લાગતું હોય પણ સંયમની આરાધના આ શરીરથી આનંદપૂર્વક કરી શકીશ, કારણ કે જેનું મન નબળું હોય, તેને ધર્મારાધનમાં શરીર કોમળતા નડે છે. પણ મજબૂત મનવાળા જીવોને કોઈ પણ ધાર્મિક કાર્ય દુષ્કર હોતું જ નથી. વળી હું માનું છું કે જ્યાં સુધી આ શરીર અને તેના અવયવો સ્વસ્થ છે, ત્યાં સુધીમાં જલદી ચેતીને ધર્મ સાધી લેવો જોઈએ, શરીરના મોહે કરીને મેં લગભગ પંદર વર્ષ ગુમાવ્યા, તેમ હવે કરવું ઉચિત નથી. કારણ કે ઉત્તમ અવસર વારે ઘડીએ મળતો નથી. આ શરીરને ઘણું સારૂં સારૂં ખવરાવીએ તો પણ અંદર તો વિષ્ઠા જ બને છે. અને સાચવીએ તો પણ અંતે તો નાશ પામે છે. આ સ્થિતિમાં અસાર શરીરમાંથી સંયમારાધન રૂપ સાર ગ્રહણ કરૂં તો જ હું સમજુ ગણાઉં. આ ઇરાદાથી મેં સંયમ લેવાનો નિર્ણય કર્યો છે તે વ્યાજબી જ છે.

૪. કનકસેના-શ્રી ઋષભદેવ વિગેરે તીર્થંકરોએ પણ પહેલાં રાજ્ય પાલન સંસારના ભોગનું ભોગવવું, વિગેરે સ્વરૂપે વ્યાવહારિક જીવન વીત્યા બાદ જૈનેન્દ્રી પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી. તેની નિર્મલ સાધના કરીને મુક્તિપદ પણ મેળવ્યું હતું, તો તમે તેમના કરતાં શું ચઢિયાતા થવા ચાહો છો? તીર્થંકર કરતાં પણ તમે શું વધારે લાયકાતવાળા છો?

જંબૂકુમાર—હે ભદ્રે? પ્રભુશ્રી તીર્થંકર દેવો પોતાની દીક્ષા ક્યારે થવાની છે તે અવધિ જ્ઞાનથી જાણે છે, કારણ

કે તે તારક મહાપુરૂષો પાછલા ભવમાં જેટલા પ્રમાણના અવધિ જ્ઞાનને ધારણ કરતા હતા, તે જ સ્થિતિના અવધિ જ્ઞાનને લઇને અહીં આવે છે. આવા લોકોત્તર પૂજ્ય મહાનુભાવો હાથી જેવા કહેવાય, અને તેમની આગળ મારા જેવા પામરજીવો ગધેડા જેવા ગણાય, માટે તેમની તુલના (સરખાઇ) ન જ કરી શકાય. કાળ રૂપી ચોર છે, તે અચાનક ત્રાપ મારીને જીવોના જીવિત રૂપી અમૂલ્ય રત્નોને ચોરી જાય છે. તેથી હવે જ્યાં આ કાળ રૂપી ચોરનો ભય ન હોય તેવા મોક્ષ રૂપી નગરમાં જવાની મારી ઇચ્છા છે. રસ્તામાં ભાતા વિના જઇ શકાય નહિ, તેથી હવે સંયમ રૂપી પાથેય (ભાતા) ના આધારે હું મોક્ષ રૂપી નગરમાં જવાની તીવ્ર ઉત્કંઠા રાખું છું. તારે પણ દુર્લભ માનવ ભવ સફલ કરવો હોય, તો તું અને બીજી પણ સર્વે સ્ત્રીઓ સંયમ સાધવાને જલદી તૈયાર થઈ જાવ. આવી રીતે નકામો ટાઇમ ગુમાવવામાં શો લાભ છે? યાદ રાખવું કે કરોડો રત્નો બદલામાં સામાને દઇએ તો પણ ગએલો સમય પાછો મળી શકતો નથી. ભોગથી ભયંકર રોગની પીડા ભોગવવી પડે માટે સુખી થવાની ચાહનાવાળા ભવ્ય જીવોએ વ્હેલાસર નિર્મમ સંયમની આરાધના કરી આત્મ કલ્યાણ કરવું એ જ વ્યાજબી છે. આ બધું જે કંઇ તમે બોલો છો, તે મોહના જ ચાળા છે. જે મોહના જુલમે કરીને સંસારી જીવો નિગોદમાં પણ ભયંકર દુઃખો ભોગવી રહ્યા છે, તે મોહનો લગાર પણ વિશ્વાસ કરવો, એ ભયંકર મૂર્ખાઇ કહેવાય. તે જ ભવ્ય જીવો ધન્ય ગણાય છે, જેઓ મોહને ગુલામ બનાવી આત્મ કલ્યાણ સાધી ગયા છે, સાધે છે અને સાધશે.

૫. નભસેના—હે નાથ! નજરે દેખાતા સ્વાધીન સુખને છોડીને શરીર વગરના સુખ (મોક્ષ સુખ) ની શા માટે ચાહના કરો છો?

જંબૂ કુમાર—દેખાતાં સાંસારિક સુખો અથવા સુખના સાધનો ક્ષણ વારમાં નાશ પામી જાય છે, એ અનુભવ સિદ્ધ છે. તો તેને 'આ સ્વાધીન છે' એમ કહી શકાય જ નહિ. વિષ્ઠાદિ અશુચિ પદાર્થોથી ભરેલા આ દેહના નિમિત્તે ઘણાં પાપ કર્મો કરવા પડે છે. તે દેહ તો અહીં રહે છે, ને તેના નિમિત્તે બાંધેલા પાપ કર્મો આ જીવને એકલા જ ભોગવવા પડે છે, માટે હું જ્યાં શરીરને ધારણ કરવાનું નથી એવા મુક્તિના સુખને ચાહું છું.

૬. કનકશ્રી—હે નાથ! તમે પ્રત્યક્ષ સુખને તો પામ્યા છો, તો પછી પરોક્ષ સુખની વાત કેમ કરો છો? સંયમનું ફલ ભોગના સાધનોની પ્રાપ્તિ છે. તે તો તમને મળ્યા છે, તો પછી સંયમ લેવાની શી જરૂર?

જંબૂકુંવર—ખરા મોક્ષના સુખો મળતા હોય, તો તે આ માનવ દેહથી જ મળી શકે છે. માટે જ આ શરીરનું નામ ઔદારિક કહેવાય છે. બીજા વૈક્રિય વિગેરે શરીરથી મોક્ષના સુખો મળતા નથી. આવા ઉત્તમ દેહને મોક્ષના સાધન ભૂત સંયમની આરાધનામાં જોડનારા જીવો ખરા વિવેકી પુરૂષ તરીકે વિશ્વમાં ખ્યાતિ પામે છે. સંયમનું ફલ ભોગ સામગ્રી છે જ નહિ. કિલષ્ટ કર્મની નિર્જરા, વિશિષ્ટ સુખ વિગેરે સંયમનું ફલ છે. ખરા જ્ઞાની પુરૂષોને મોક્ષના સુખો પણ પ્રત્યક્ષ હોય છે. અને તે જ વાસ્તવિક સુખ કહે-

વાય. શું ખરા જ્ઞાની પુરૂષો ભોગ સુખને ખરા સુખ તરીકે જાહેર કરશે ખરા? બીલકુલ નહિ. તેઓ તો એમ કહે છે કે માનવ જીવનની ભયંકર ખરાબી કરનાર કોઇ પણ હોય તો તે. ૧ વિષય, ૨ કષાય, આ બે છે. ભોગથી ભયંકર રોગોની પીડા અહીં પણ ભોગવવી પડે છે. અને કષાયો તિર્યંચાદિ દુર્ગતિના દુઃખો આપે છે. આવી ઉત્તમ ભાવનાથી ચક્રવર્ત્તી જેવા ઘણાંએ ભવ્ય જીવોએ ઉભે પગે ભોગનો ત્યાગ કરી નિર્મલ સંયમની સાધના કરી પરમ શાંતિમય મોક્ષપદને મેળવ્યું છે. માટે હું જેમ નિષ્કામી થઇને શીલ-ધર્મને સાધું છું, તેમ કરીને તમે પણ આત્મહિત કરો, જેથી છેવટે ખેદ કરવાનો પ્રસંગ ન આવે.

૭. કનકવતી—હે નાથ! કોઇ માણસ હાથમાં રહેલા રસને ઢોળી નાંખીને વાસણના કાંઠા ચાટે તો તે મૂર્ખ કહેવાય, તેના જેવું તમે કરો તે શું ઠીક કહેવાય?

જંબૂકુમાર—આ ભોગના સાધનો મારા તાબામાં છે એમ માની શકાય જ નહિ. કારણ કે તેઓનો નાશ પામવાનો સ્વભાવ છે, છતાં 'સ્વાધીન છે' એમ જેઓ માને છે તેઓને સમજુ મનુષ્યો ગાંડા જેવા જ માને છે. પોતે જો ભોગના સાધનોને દુઃખના આપનાર જાણીને ન છોડે, તો તે ભોગો જ (ભોગના સાધનના) માલિકનો ત્યાગ કરે છે. માટે ખરૂં હિત સંયમથી જ સાધી શકાય છે, એમ સમજીને જેઓ નિર્મલ સંયમની સાધના પરમ ઉલ્લાસથી કરે છે, તેમને હું ક્રોડ ક્રોડ વાર નમસ્કાર કરૂં છું.

૮. જયશ્રી—હે સ્વામિન્! તમે પરોપકાર કરવામાં

રસિક છો. તો તે દૃષ્ટિએ પણ તમારે અમારો ત્યાગ ન જ કરવો જોઇએ. જેમ વૃક્ષ, નદી, મેઘ વિગેરે પદાર્થો બીજાને સુખ આપે છે, તેમ તમારે પણ અમને સુખ આપવું જોઇએ. કારણ કે મહાપુરૂષો હંસની જેવા ગુણવંત હોય છે. અમારી નમ્ર વિનંતિને આપ કૃપા કરીને ધ્યાનમાં લેશો એમ આશા રાખીએ છીએ.

જંબૂ કુંવર—હે પ્રિયા! કૃપાનિધાન શ્રી તીર્થંકર દેવના વચન પ્રમાણે હું સ્પષ્ટ જણાવું છું કે ભોગના સેવનથી તલભાર પણ સુખ છે જ નહિ. જે કંઈ લાગે છે તે કેવલ ખોટા મોહને લઇને જ (સુખ રૂપ લાગે છે.) ભયંકર નરકના દુઃખો ૩૩ સાગરોપમ જેવા લાંબા કાલ સુધી ભોગવવા પડે છે, તેમાં કારણ તરીકે ભોગ જણાય છે. આ વિચારથી હું તેનો સર્વથા ત્યાગ કરવા ચાહું છું. તમારૂં પણ હિત મારી માફક કરશો તો જ થશે. (વિશેષ બીના ભાવના કલ્પલતામાંથી જાણવી.) આ પ્રમાણે સાચા વૈરાગ્યની વાણી સાંભળીને આઠે સ્ત્રીઓ વૈરાગ્ય પામીને કહેવા લાગી કે હે સ્વામી! તમે જે માર્ગ સ્વીકારશો તે જ માર્ગને અમે પણ સ્વીકારીશું. આ બનાવ જોઇને પરિવાર સહિત પ્રભવ ચોરની પણ ભાવના સુધરી ગઇ. ખરેખર ઉત્તમ આલંબનનો પ્રભાવ કોઈ અલૌકિક જ છે. તેણે શ્રી જંબૂકુંવરના ગુણોની અનુમોદના અને આત્મદોષની નિંદા કરીને શ્રીજંબૂસ્વામીને પૂછ્યું કે હે મહાત્મા! મારે શું કરવું?

જંબૂ કુંવર—જો તમે તમારૂં કલ્યાણ કરવા ચાહતા હો તો એ જ સલાહ આપું છું કે જે માર્ગને હું સ્વી-

કારૂં, તે જ માર્ગને તમારે સ્વીકારવો એટલે મારી સાથે તમારે પણ ઉલ્લાસથી દીક્ષા લઇને તેની નિર્મલ સાધના કરીને કર્મથી મલિન બનેલા આત્માને નિર્મલ બનાવવો.

અહીં સમજવાનું એ છે કે એક વૈરાગ્યવંત ભવ્ય જીવ પોતાની નિર્મલ ભાવનાની અસર કેટલા જીવો ઉપર કરી શકે છે? પૂજ્ય શ્રી જંબૂકુંવરે પોતાની સાથે દીક્ષા લેવાને માટે. (૮). પોતાની સ્રીઓ. (૧૬) આઠે સ્રીઓના મા બાપ (૫૦૦) ચોરો. (૧) પ્રભવ ચોર પોતે (૨) જંબૂસ્વામીના મા બાપ. આ પ્રમાણે ૫૨૭ ભવ્ય જીવોની સાથે જંબૂ-કુંવરે દીક્ષાનું પૂર્વ વિધાન કર્યું. એટલે જે દિવસે દીક્ષા લેવાની હતી તે દિવસે સવારે પ્રતિક્રમણ, પ્રભુ પૂજા, સ્વજ-નોનું સન્માન કરીને સ્નાન-વિલેપન કરીને સુંદર વસ્રો પ્હેરીને પાલખીમાં બેસી ધામધૂમ પૂર્વક જ્યાં ગુરૂ મહારાજ સુધર્મા સ્વામી હતા ત્યાં આવ્યા. આ દીક્ષા મહોત્સવ અના-દૃત દેવે કર્યો હતો. મહાપુણ્યશાલી જંબૂ કુંવરે વિનય સહિત વિનંતિ કરી કે હે ગુરૂ મહારાજ! અમને બધાને પરમ પવિત્ર દીક્ષા દઇને તારો?

ગુરૂ મહારાજ શ્રી સુધર્મા સ્વામીજીએ વિધિ પૂર્વક સર્વેને દીક્ષા આપી. શ્રી પ્રભવમુનિને શ્રીજંબૂસ્વામીના ચેલા બનાવ્યા.

પ્રભુ શ્રી મહાવીર પરમાત્મા જે વર્ષે નિર્વાણ પદ પામ્યા તે જ વર્ષે વીર નિ૰ સં૰ ૧ માં ૧૬ વર્ષની ઉંમરે શ્રી જંબૂસ્વામીની દીક્ષા થઈ. ત્યાર બાદ વીર નિ૰ સં૰ ૨૧ માં ૩૭ મા વર્ષની શરૂઆતમાં શ્રી જંબૂસ્વામીને કેવલ જ્ઞાન

પ્રકટ થયું. લગભગ ૪૩ વર્ષ સુધી કેવલી પણે વિચરીને વી. નિ૦ સં૦ ૬૪ માં પોતાનું ૮૦ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય પૂરૂં કરીને શ્રી જંબૂસ્વામી મુક્તિપદને પામ્યા. બીજી રીતે એમ પણ સમજી લેવું કે શ્રી જંબૂસ્વામીનો ગૃહસ્થપર્યાય ૧૬ વર્ષ, છદ્મસ્થપણું ૨૦ વર્ષ, કેવલિપણું ૪૪. વર્ષ. આ પ્રમાણે ટૂંકામાં જણાવેલી શીલવીર મહાપુરૂષ ચરમ કેવલી શ્રી જંબૂસ્વામીની બીના હૃદયમાં રાખીને, વિચારીને નિર્દોષ જીવન ગુજારીને ભવ્ય જીવોએ આ ભવ ને પરભવ એમ બંને ભવ સફલ કરવા. ૨૦

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં કામદેવને ઉશ્કેરનારી ઋતુમાં પણ જેઓનું મન કામદેવને વશ થતું નથી તેવા નિર્મલ બ્રહ્મચારી પુરૂષો જ ધન્યવાદને પાત્ર છે, તે વાત જણાવે છે—

૧ ૩ ૪ ૮ ૯
**यत्राम्रोऽपि विचित्रमंजरिभरव्याजेन रोमांचितो ।**
૬ ૨ ૭ ૫
**दोलारूढविलासिनीविलसितं चैत्रे विलोक्याद्भुतम् ॥**
૧૧ ૧૨ ૧૩ ૧૫
**सिद्धान्तोपनिषन्निषण्णमनसां, येषां मनः सर्वथा ।**
૧૦ ૧૪ ૧૬ ૧૭ ૨૧ ૧૮ ૧૯ ૨૦
**तस्मिन् मन्मथबाधया न मथितं, धन्यास्त एव ध्रुवम् ॥२१॥**

**यत्र**=જે (વસંત ઋતુ) માં
**आम्रोऽपि**=આંબો પણ
**विचित्र**=આશ્ચર્યકારી
**मंजरिभर**=મંજરીના સમૂહના ઘણા મોરના ભારના
**व्याजेन**=મિષથી, બ્હાને

**रोमांचितः**=વિકસ્વર રોમરાજી વાળો થાય છે
**दोला**=હિંચકા ઉપર
**आरूढ**=બેઠેલી, હીંચતી; હીંચકા ખાતી
**विलासिनी**=સ્ત્રીઓના
**विलसितं**=વિલાસને
**चैत्रे**=ચૈત્ર માસમાં, વસંતઋતુમાં
**विलोक्य**=જોઈને
**अद्भुतं**=આશ્ચર્ય ઉપજાવનારા
**सिद्धान्त**=સિદ્ધાન્તના
**उपनिषद्**=રહસ્યના જ્ઞાનથી
**निषण्ण**=બેઠેલ, સ્થપાયેલ; સ્થિર થયેલ
**मनसां**=મનવાળા મુનિઓનું
**येषां**=જે મુનિઓનું
**मनः**=મન
**सर्वथा**=સર્વ પ્રકારે, સંપૂર્ણ
**तस्मिन्**=તે વસંત ઋતુમાં
**मन्मथबाधया**=કામદેવની પીડા વડે
**न मथितं**=પીડિત થયું નથી
**धन्याः**=ધન્ય
**ते एव**=તેઓ (મુનિવરો વિગેરે) જ
**ध्रुवम्**=નિશ્ચયે કરીને, અવશ્ય, જરૂર

જે વસંતે આમ્ર પણ તરૂ શાખ દોરી બાંધીને,
હીંચતી રમણી તણા સુંદર વિલાસો જોઇને;
વિવિધ અતિશય મૉર બ્હાને બહુ વિકસ્વર થાય છે;
તે સમે જિન શ્રુત રહસ્યે જેમનું દીલ થીર છે. ૧૧૫

કામની પીડા થકી નિર્લેપ તેઓ નિશ્ચયે,
ધન્ય જગમાં તેમને બહુ માનથી નિત સેવીએ;
હિત શિખામણ તેમની બહુ માનથી સંભારીએ,
તેમની જિમ શ્રુત રહસ્ય વિચારમાં મન રાખીએ. ૧૧૬

જળ ટકે કુંભે કરી જ્ઞાને કરી મન થીર રહે,
ગુરૂ સેવનાથી જ્ઞાન પ્રકટે જ્ઞાનથી સંયમ લહે;

સાંભળો જિન સમયને ભણજો વિચારો અર્થને,
એહથી વૈરાગ્ય રંગે સાધશો ચારિત્રને. ૧૧૭

દુર્બલિકા પુષ્પ મિત્ર તણું નિદર્શન ભાવીએ,
શ્રી જિનાગમનો અપૂરવ યોગ પુણ્યે માનીએ;
ભોગ તૃષ્ણા ઇમ ટળે વૈરાગ્ય રંગે ઝીલીએ,
સમતા ક્ષમામય જીવને મરતાં સમાધિ પામીએ. ૧૧૮

અક્ષરાર્થઃ—જે ચૈત્ર માસમાં (વસન્ત ઋતુમાં) આંબાનું ઝાડ પણ આશ્ચર્યકારી મંજરીના (મૉરના) ભારના મિષથી (બ્હાને) રોમાંચિત થાય છે, તેવી વસન્ત ઋતુમાં હિંડોલા ઉપર હિંચકા ખાતી સ્ત્રીઓના અદ્‌ભુત વિલાસો જોઇને પણ સિદ્ધાન્તના-આગમના મહા રહસ્ય જ્ઞાનમાં તલ્લીન-વ્યાપ્ત થયેલા મન વાળા એવા જે મુનિઓનું મન કામદેવની પીડાથી પીડિત થતું નથી તે જ મુનિવરો આ જગતમાં ધન્ય છે ૨૧

સ્પષ્ટાર્થ—વસન્ત ઋતુમાં નગરની સ્ત્રીઓ અને પુરૂષો વનમાં ને બાગ બગીચામાં અનેક પ્રકારના ક્રીડા વિલાસો કરે છે. સ્ત્રીઓ આંબા વિગેરેની ડાળે દોર વિગેરે બાંધી હિંડોલા ખાય છે. પુષ્પો વીણે છે. આ પ્રમાણે વસન્તવિલાસ કરતી સ્ત્રીઓને જોઈને વિલાસી પુરૂષોનું મન ઘણું કામાતુર થાય છે, અને સ્ત્રીના હાવ ભાવ વિગેરે વિલાસોથી પુરૂષોની કાયા પણ હર્ષ વડે રોમાંચિત થઇ જાય છે. આ ઠેકાણે કવિ એમ જણાવે છે કે વસન્ત ઋતુમાં પુરૂષો

સ્ત્રીઓને જોઇ કામાસક્ત થઇ રોમાંચિત થાય એમાં શું આશ્ચર્ય છે, કારણ કે પુરૂષો તો ચૈતન્યવાળા છે. પરન્તુ આ વખતે તો ચૈતન્ય વિનાના જડ જેવા આંબા પણ સ્ત્રીઓના અદ્‌ભુત વિલાસ જોઈને મંજરીના મિષથી રોમાંચિત થઈ જાય છે, ( કારણ કે વસન્ત ઋતુમાં આંબાને મંજરી=મૉર આવે છે ), એ રીતે જો કે હીંડોલા હિંચતી વિલાસી સ્ત્રીઓને જોઇને વિલાસી પુરૂષો અને આંબા રોમાંચિત-રાજી રાજી થઈ જાય છે પરન્તુ એવા વનમાં કે શહેરમાં વિચરતા મુનિ મહાત્માઓનું મન તો જરા પણ કામાતુર કે રાજી થતું નથી. કારણ કે તે મહાત્માઓનું મન તો સિદ્ધાન્તના જ્ઞાનમાં જ (વાચનાદિ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં જ) સંપૂર્ણ તલ્લીન થયેલું હોય છે, માટે ખરેખર એવા મુનિ મહાત્માઓને જ હજારવાર ધન્ય છે. આ શ્લોકનું રહસ્ય એ યાદ રાખવું કે શ્રી જૈનેન્દ્રાગમને સાંભળવાથી ભણવાથી વિચારવાથી મનને વશ કરી શકાય છે. એટલે મોક્ષ માર્ગની આરાધનામાં સ્થિર કરી શકાય છે એમ સમજીને જૈનેન્દ્રાગમની પવિત્ર વાસનાવાળા ભવ્ય જીવો ભોગ તૃષ્ણાના ગુલામ બનતા જ નથી અને બીજાઓને તેવા થવા દેતા નથી. કારણ કે તેઓ એમ માને છે કે ભોગ વિલાસ એ શલ્ય જેવા અને ઝેર જેવા છે. અને આશીવિષ સર્પની દાઢા જેવા છે. માટે તેને મનથી પણ નહિ ચાહવા (ઈચ્છવા) જોઈએ. તેની પ્રાર્થના પણ નહિ જ કરવી જોઇએ, કારણ કે તેમ કરનારા જીવો અનિચ્છાએ પણ જરૂર દુર્ગતિમાં જાય છે. ૨૧

**અવતરણ**:—હવે કવિ આ શ્લોકમાં જેમ સંસારી

જીવો રાત્રે ભોગના વૈભવો ભોગવે છે તેમ ધાર્મિક દૃષ્ટિએ વૈરાગ્ય વંત જીવો પણ તેવા આત્મિક ગુણોની સેવના રૂપ વૈભવને ભોગવે છે એ વાત જણાવે છે.

**स्वाध्यायोत्तमगीतिसंगतिजुषः, संतोषपुष्पांचिताः ।**
**सम्यग्ज्ञानविलासमंडपगताः, सद्ध्यानशय्यां श्रिताः ॥**
**तत्त्वार्थप्रतिबोधदीपकलिकाः, क्षान्त्यंगनासंगिनो ।**
**निर्वाणैकसुखाभिलाषिमनसो, धन्या नयन्ते निशाः ॥२२॥**

**स्वाध्याय**=સ્વાધ્યાય ધ્યાન ભણવું ભણાવવું વિગેરે રૂપી
**उत्तम**=શ્રેષ્ઠ
**गीति**=ગીત, ગાયનના
**संगतिजुषः**=સંગ (સોબત, સંબંધ) વાળા
**संतोष**=સંતોષરૂપી
**पुष्पांचिताः**=પુષ્પો વાળા
**सम्यग्ज्ञानविलास**=સારા પ્રકારના (ઉત્તમ) જ્ઞાનના વિલાસ રૂપી
**मंडपगताः**=મંડપમાં રહેલા
**सद्ध्यानशय्यां**=ઉત્તમ ધ્યાન રૂપી શય્યામાં
**श्रिताः**=આશ્રય કરેલા, સૂતેલા
**तत्त्वार्थ**=તાત્ત્વિક અર્થોનો
**प्रतिबोध**=પ્રતિબોધ કરવા રૂપ, શિષ્યોને સમજાવવા રૂપ અથવા પોતે વિચારવા રૂપ
**दीपकलिका**=દીવાની જ્યોત વાળા
**क्षान्त्यंगना**=ક્ષમા રૂપી સ્ત્રીના
**संगिनः**=સંગ વાળા
**निर्वाणैकसुख**=કેવળ મોક્ષનાજ સુખના
**अभिलाषिमनसः** અભિલાષ યુક્ત મનવાળા
**धन्याः**=ધન્ય
**नयन्ते**=વીતાવે છે
**निशाः**=રાત્રિઓને

જિમ ચપલ ને દુઃખદાયક ભોગ સાધન સાતને,
સેવતા સંસારી જન વેગે વીતાવે રાતને;
તેમ સંયમધારી જીવો મુક્તિ સુખને આપતા,
સાત સાધન સેવતા શુભ રાત સફલી માનતા. ૧૧૯

સ્વાધ્યાય રૂપ ગાયન સુણે સંતોષ રૂપ ફૂલ પાથરી,
શુભ ધ્યાન શય્યામાં સુવે તત્ત્વાર્થ બોધે પ્રદીપ કરી;
શુભ નાણ શ્રેષ્ઠ વિલાસ મંડપમાં રહી આલિંગતા,
ઉત્તમ ક્ષમા રૂપ નારને નિર્વાણ સુખને ચાહતા. ૧૨૦

જાય રાતો આ પ્રમાણે જેમની તેઓ સદા,
વખણાય ગુણીથી આપ તરતા અન્યની પણ આપદા;
ટાળતા ભોગી જીવનમાં અલ્પ પણ શમ સુખ નથી,
સત્ય સુખ છે સંયમે કવિ બોલતા આ શ્લોકથી. ૧૨૧

અક્ષરાર્થ:—સ્વાધ્યાય રૂપી ઉત્તમ ગાયનોને સાંભળનાર (સાંભળતાં) સંતોષ રૂપી પુષ્પોવાળા (ફૂલોની સુગંધ લેતા) સમ્યગ્ જ્ઞાનના વિલાસ રૂપી મંડપમાં મ્હાલતા (રહેતા) ઉત્તમ ધ્યાન રૂપી શય્યામાં સૂતેલા, તત્ત્વભૂત અર્થોના પ્રતિબોધ રૂપી દીવાની જ્યોત વાળા, ક્ષમા રૂપી સ્ત્રીમાં આસક્ત થયેલા અને કેવળ મોક્ષ સુખની જ અભિલાષા યુક્ત મનવાળા એવા કોઇ ધન્ય પુરૂષો જ (કોઈ યોગીશ્વરો જ) એવા સુખમાં (એ પ્રમાણે) રાત્રિઓ વીતાવે છે. ૨૨

સ્પષ્ટાર્થ:—આ શ્લોકમાં ધાર્મિક દૃષ્ટિએ ભોગી જીવોના વૈભવ જેવા વૈરાગ્ય વંત જીવના વૈભવો પણ છે એમ કવિ જણાવે છે. તે આ પ્રમાણે–વિષયાભિલાષી પુરૂષને સ્ત્રીઓનાં મધુર ગાયન સાંભલવાનો અને પોતાને કામોદ્દીપક ગાયનો ગાવાનો શોખ હોય છે, ત્યારે વૈરાગી જીવને–મુનિને ઉત્તમ સ્વાધ્યાય જે ભણવું અને ભણાવવું તે રૂપ ગાયનો સાંભળવાનો ને ગાવાનો ( મધુર સ્વરે સ્વાધ્યાય કરવાનો ) શોખ હોય છે, સ્ત્રી વિલાસી જીવો શય્યામાં મોગરા વિગેરેનાં પુષ્પો પાથરીને સૂવે છે ત્યારે મુનિઓ ધર્મ ધ્યાન–-શુકલ ધ્યાન રૂપ શય્યામાં સંતોષ રૂપી પુષ્પો પાથરીને સૂએ છે. વિલાસી પુરૂષો વિલાસ મંડપોમાં ( વાસ ભુવનમાં ) મ્હાલે છે ત્યારે મુનિઓ સમ્યગ્ જ્ઞાનના સાત્ત્વિક આનંદ રૂપ મંડપમાં મ્હાલે છે. વિલાસી જનો ચાર પાયાવાળા છત્ર પલંગની શય્યામાં સૂએ છે ત્યારે મુનિ મહાત્માઓ ધર્મ ધ્યાનના અને શુકલ ધ્યાનના ચાર ચાર પાયા વાળી નિર્મળ ધ્યાન રૂપી શય્યામાં સૂએ છે. વિલાસી જનોના વાસ ભુવનમાં દીવા ચળકે છે ત્યારે મુનિ મહાત્માઓના હૃદય રૂપી ઘરમાં તત્ત્વવાળા અર્થ જ્ઞાનના ( તાત્ત્વિક બોધ રૂપ ) તાત્ત્વિક દીવાની જ્યોત ઝગમગે ( બળતા હોય ) છે, વિલાસી જનો સ્ત્રીમાં આસક્ત થાય છે ત્યારે મુનિઓ ક્ષમા રૂપ સ્ત્રીમાં આસક્ત હોય છે. વિલાસી જનો સાંસારિક ભોગ સુખના અભિલાષી હોય છે, ત્યારે મુનિ મહાત્માઓ કેવળ મોક્ષ સુખના અભિલાષી હોય છે. એ પ્રમાણે ભોગ વિલાસી જનો જેમ દુર્ગતિદાયક ગાયન ફૂલ વાસભુવન શય્યા દીવો

સ્ત્રી અને ભોગ સુખના અભિલાષ રૂપ સાત સામગ્રીવાળા હોય છે તેમ મુનિઓ પણ મુક્તિપદ દાયક એ સાતે (૭) સામગ્રી (સાધનો) વાળા છે. છતાં પણ સંસારી જીવનમાં અને ત્યાગ જીવનમાં ઘણો ફરક છે. સંસારી જીવન કાચના જેવું અથવા ઈમીટેશન પદાર્થના જેવું અને કર્મ બંધના મહાકારણોની સેવના રૂપ ખરાબ પ્રવૃત્તિનું ઘર છે. માટે તેવા જીવન રૂપ અશુચિ પદાર્થમાં પ્રેમવાળા જીવો દુર્ગતિના દુઃખો રીબાઈ રીબાઈને ભોગવે છે. કરેલા પાપનો પશ્ચાત્તાપ પણ કરે છે. છતાં પણ તેમના આયુષ્ય નિરૂપક્રમ (ન ઘટે તેવા) હોવાથી કર્મના ઉદય કાલમાં કંઈ પણ ચાલતું નથી. અને ઈચ્છા નહિ છતાં પણ કર્મોથી અનિષ્ટ ફલ ભોગવવા જ પડે છે. આજ મુદ્દાથી શ્રી ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે- ‘कडाण कम्माण न मुक्ख अत्थि’ એટલે ચીકણાં ( નિકાચિત ) કર્મોને જરૂર ભોગવવા જ પડે છે. ખરૂં ડહાપણ કર્મબંધના અવસરે જ ચેતવામાં રહ્યું છે. જેઓ બંધ સમયે ચેતીને ચાલે છે, તેઓ દુઃખી થવાના અનિષ્ટ પ્રસંગને પામતા જ નથી. આવી નિર્મલ ભાવનાથી સર્પ જેમ કાંચળીને છંડે ( ત્યાગ કરે ) તેમ ભોગ સાધનોનો ત્યાગ કરીને સંયમ માર્ગની સાત્ત્વિકી આરાધના કરવામાં લીન બનેલા મહા પુરૂષો એકાંત કર્મ ક્ષયના કારણોને જ સેવે છે. તે કારણો આ શ્લોકમાં જણાવ્યા છે. તે તરફ લક્ષ્ય રાખીને સ્વાધ્યાયાદિ ગુણોની નિર્મલ સેવના કરી માનવ જન્મ સફલ કરવો. એ આ શ્લોકનું રહસ્ય છે. ૨૨

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં કોઇ વૈરાગ્ય

રંગથી રંગાયલો પુરૂષ પોતાના તરફ નખરાં કરી ( કામના ચાળા કરી ) લલચાવતી ( કામ વાસનાવાળી ) સ્ત્રીને આક્ષેપ પૂર્વક (તિરસ્કાર પૂર્વક) શું કહે છે? તે બીના જણાવે છે—

૪ ૧ ૩ ૧૧ ૧૦
**किं लोलाक्षि ! कटाक्षलंपटतया, किं स्तंभजृंभादिभिः ।**
૧૩ ૧૨ ૧૫ ૧૪
**किं प्रत्यंगनिदर्शनोत्सुकतया, किं प्रोल्लसच्चाटुभिः ॥**
૮ ૯ ૬ ૫ ૭ ૨ ૧૬
**आत्मानं प्रतिबाधसे त्वमधुना, व्यर्थं मदर्थं यतः ।**
૧૯ ૨૦ ૧૭ ૧૮
**शुद्धध्यानमहारसायनरसे, लीनं मदीयं मनः ॥ २३ ॥**

**किं**=શા માટે
**लोलाक्षि**=હે ચપળ નેત્ર વાળી સ્ત્રી !
**कटाक्ष**=કટાક્ષો ફેંકવામાં
**लंपटतया**=લંપટપણા વડે (પ્રેમાળ થઇને)
**किं**=શા માટે ?
**स्तंभ**=અકડાઇ, સ્તબ્ધતા
**जृंभादिभिः**=બગાસાં ખાવાં વિગેરે (ઉપાયો) વડે
**किं**=શા માટે
**प्रत्यंग**=દરેક અવયવો
**निदर्शन**=દેખાડવામાં
**उत्सुकतया**=ઉત્સુકપણા વડે, તત્પરતા વડે
**किं**=શા માટે
**प्रोल्लसत्**=ઉલ્લાસ પામતાં મધુર, મીઠાં
**चाटुभिः**=ચાટુ વચનો વડે, ખુશામતનાં વચનો વડે
**आत्मानं**=પોતાને
**प्रतिबाधसे**=કદર્થના પમાડે છે, હેરાન કરે છે
**त्वं**=તું
**अधुना**=હમણાં, હવે
**व्यर्थं**=નકામો, ફોગટ

**મદર્થં**=મારે માટે, મને મોહમાં ફસાવવા માટે

**યતઃ**=કારણ કે

**શુદ્ધધ્યાન**=ઉત્તમ (નિર્મળ) ધ્યાન રૂપી

**મહારસાયન**=મોટા રસાયણ (અમૃત)

**રસે**=રસમાં

**લીનં**=તલ્લીન થયું છે

**મદીયં**=મ્હારૂં

**મનઃ**=મન

વૈરાગીને લલચાવવાને કોઈ સ્ત્રી મ્હેનત કરે,
તેહને તે ઇમ જણાવે ચપળ નયણાં જે ધરે;
તેહવી હે નાર ! ચાળા આંખના લંપટ બની,
શીદ કરે અકડાઇ ને ચેષ્ટા કરી આળસુ તણી. ૧૨૨

ખઇ બગાસાં અંગ દેખાડી ખુશામત શીદ કરે,
તેમ વળશે ના જરી ફોગટ પ્રયત્નો આદરે;
મુજ ચિત્ત નિર્મલ ધ્યાન રૂપ અમૃત રસે રસિયું બન્યું,
તારૂં કર્યું નડશે તને મારૂં કહે ત્યાં શું ગયું. ૧૨૩

આથી નિરાશ બની ગઇ સ્વસ્થાન અહીં તે શ્લોકમાં,
પ્રેમને પ્રકટાવનારા સાધનો સંક્ષેપમાં,
કવિએ કહ્યા ડાહ્યા જનો તેમાં ફસાતા ના જરી,
ધન્ય સ્થલિભદ્રને વેશ્યા થકી ન ચળ્યા જરી. ૧૨૪

અક્ષરાર્થ:—હે ચપળ નેત્રવાળી સ્ત્રી! તું ત્હારાં નેત્રનાં કટાક્ષ ફેંકવાની લાલચ (ઉત્કંઠા) શા માટે કરે છે? અકડાઇ અને બગાસાં શા માટે ખાય છે? ત્હારા શરીરનાં દરેક અંગો બતલાવવા શા માટે ઉત્સુક થાય છે?

મીઠાં ખુશામતનાં વચનો શા માટે બોલે છે? હે સ્ત્રી! તું મ્હારે માટે એ પ્રમાણે ત્હારા પોતાના આત્માને નાહક શા માટે હેરાન કરે છે. કારણ કે મ્હારૂં મન તો નિર્મળ ધ્યાન રૂપ મોટા રસાયણ (અમૃત) ના રસમાં લીન થયેલું છે (માટે ત્હારા આ ચાળા બધા નકામા છે). ૨૩

સ્પષ્ટાર્થ:—આ શ્લોકમાં કવિએ એવો આશય જણાવ્યો છે કે જે પુરૂષનું મન નિર્મળ ધ્યાનમાં વર્તતું હોય તેવા પુરૂષને કામ રાગ જરા પણ ઉત્પન્ન થતો નથી, રૂચતો નથી, અને એ જ આશયને સ્પષ્ટ કરવા માટે કોઇ વૈરાગ્ય વાળા ધ્યાની પુરૂષે કહેલાં વચનો જણાવ્યાં છે કે કોઇ વૈરાગ્યવંત ધ્યાની જીવને કોઇ સ્ત્રી હાવ ભાવ ચાળા ચટકાં કરી લલચાવવા લાગી. ત્યારે તે ધ્યાની મહાત્માએ તે સ્ત્રીને ચોખ્ખું ને ચટ સંભળાવી દીધું કે હે ચપળ નેત્રવાળી સ્ત્રી! તું આંખોના ચાળા શા માટે કરે છે! અકડાઈ રાખી બગાસાં શા માટે ખાય છે, ત્હારાં અંગ શા માટે બતલાવે છે? ને મીઠી ખુશામતો શું કામ કરે છે,? કારણ કે હું ધ્યાનમાં લીન છું તેથી ત્હારા આ સર્વ ચાળા તને જ હેરાનગતિ કરનારા છે, મને તો ત્હારા ઉપર જરા પણ પ્રેમ થવાનો નથી એમ નક્કી જાણજે. આ વચનોથી સ્ત્રી પણ હતાશ–નિરાશ–ઉદાસ થઈને ચાલી ગઈ. અહિં બીજી જાણવા યોગ્ય બાબત એ છે કે સ્ત્રીઓને જ્યારે પ્રેમ દેખાડવો હોય છે ત્યારે જ આંખોના ચાળા કરે, બગાસાં ખાઇ મોઢું ઉઘાડું કરી દાંત બતાવે, બગલો છાતી પેટ ઢીંચણ જાંગો વિગેરે કપડું ખસી જવાના મિષે ઉઘાડા કરી બતાવે, અને મીઠી

મીઠી પ્રેમ ભરી વાણી બોલે વિગેરે અનેક નખરાં કરે, પરન્તુ નિર્મળ ધ્યાની આત્માઓ તે તરફ ફસાતા જ નથી. લગાર પણ તેમાં ધ્યાન દેતા જ નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે નિર્મોહી જીવો આત્મહિત કરવા તરફ વિશેષ લક્ષ્ય રાખે છે. અને માને છે કે ધર્મથી ભ્રષ્ટ થવાના કારણોથી બચવામાં જ એટલે તેથી દૂર રહેવામાં જ બ્હાદૂરી છે. કામવાસના એ અનાદિ કાલના દુષ્ટ સંસ્કાર છે. તેના જ પાપે મારે ઘણાં દુ:ખો ભોગવવા પડયા છે. આ દુર્લભ મનુષ્ય ભવાદિ સામગ્રી શીલાદિ ધર્મ સાધીને જ સફલ કરી શકાય છે. એ પ્રમાણે ભવ્ય જીવોએ નિર્વિકારી બનીને શીલ ભંગના નિકટ પ્રસંગે પણ શીલને ટકાવવું અને કુશીલાત્માને દયા ભાવ રાખીને શાંતિ અને પ્રેમ ભરેલા વચનોથી શીખામણ દઈને જરૂર સુધારવો. એ આ શ્લોકનું ખરૂં રહસ્ય છે.

અવતરણ—ચારિત્ર રૂપી ઝાડ શ્રદ્ધા રૂપ જળના સિંચનથી મોક્ષ રૂપ ફળને આપે છે તે વાત જણાવે છે-

**सज्ज्ञानमूलशाली, दर्शनशाखश्च येन वृत्ततरुः ।**
**श्रद्धाजलेन सिक्तो मुक्तिफलं तस्य स ददाति ॥ २४ ॥**

**सज्ज्ञान**=નિર્મલ જ્ઞાન રૂપી
**मूळ**=મૂળીયા વડે
**शाली**=વાળું; શોભાયમાન
**दर्शनशाखश्च**=અને સમ્યક્ત્વ રૂપ શાખાવાળું
**येन**=જેણે
**वृत्ततरुः**=ચારિત્રરૂપી ઝાડ
**श्रद्धाजलेन**=શ્રદ્ધારૂપ જળ વડે
**सिक्तः**=સિંચાયેલું, સિંચ્યું, સિંચન કરાયેલું, લીલુંછમ કરેલું
**मुक्तिफलं**=મોક્ષરૂપી ફળને
**तस्य**=તેને (સિંચનારને)
**स**=તે, ચારિત્ર રૂપ ઝાડ
**ददाति**=આપે છે

જિમ ઝાડને મૂલ ડાળ હોવે જલ પ્રવાહે સિંચતા,
જનને દીએ ફલ તેમ સંયમ ઝાડને પણ સિંચતા;
શ્રદ્ધા સ્વરૂપ જલથી પરમ નિર્વાણ ફલને તે દીએ,
શુભ બોધ રૂપ મૂલ ડાળીઓ સમ્યકત્વ રૂપ
સંભારીએ. ૧૨૫

આચાર ઉત્તમ અર્થ બીજો વૃત્તનો ના ભૂલીએ,
મૂલથી તરૂ નાણથી ચારિત્ર ફલ તસ જાણીએ;
ઘણું કરીને બહુ જનો સમ્યકત્વ પામે નાણથી,
સમ્યકત્વ ભાખે ડાળ જેવું જૈન શ્રુત આ હેતુથી. ૧૨૬

દર્શનપદે સમ્યકત્વ ઉત્તમ આત્મભાવ સ્વરૂપ એ,
પર્યાપ્તિ છઠ્ઠી પૂર્ણ હોતાં પ્રકટ શ્રદ્ધા જાણીએ;
જ્યાં રહી શ્રદ્ધા તિહાં સમ્યકત્વ નિર્ણય ધારીએ,
સમ્યકત્વમાં શ્રદ્ધા તણી ભજના કદી ના ભૂલીએ. ૧૨૭

અક્ષરાર્થ:—જે ભવ્ય જીવ સમ્યગ્ જ્ઞાન રૂપી મૂળવાળા અને સમ્યગ્ દર્શન રૂપી શાખાઓવાળા ચારિત્ર રૂપી ઝાડને નવપલ્લવિત કરવા તેની ઉપર પાણી સિંચે (છાંટે) છે, તેને તે (ચારિત્ર) ઝાડ મોક્ષ રૂપી ફળ આપે છે. ૨૪

સ્પષ્ટાર્થ:—જેમ ઝાડ મૂળ હોય તો જ વધે તેમ ચારિત્ર રૂપી ઝાડને વધવાને સમ્યગ્ જ્ઞાન રૂપી મૂળ–પાયો જોઈએ, અને ઝાડ મોટું થતાં જેમ તેને અનેક ડાળીઓ

ફુટે છે તેમ ચારિત્ર રૂપી ઝાડ પણ મોટું થતાં સમ્યગ્ દર્શન રૂપી ડાળીઓ ફુટે છે. એ પ્રમાણે સમ્યગ્ જ્ઞાન રૂપ મૂળથી વધીને મોટું થયેલું તેમજ સમ્યગ્ દર્શન રૂપી અનેક મોટી નાની ડાળીઓ પાંખડાંવાળા થયેલા એવા એ ચારિત્ર રૂપી ઝાડના મૂળમાં નિરન્તર શ્રદ્ધા રૂપી પાણીનું સિંચન થયા કરતું (રેડાયા કરતું) હોય તો તે ફળને આપે અને જો પાણી ન મળે તો ઝાડ જેમ સૂકાઈ જાય તેમ શ્રદ્ધા રૂપી પાણી વિના ચારિત્ર પણ નબળું પડી અન્તે વિનાશ પામે. અને જીવ ભ્રષ્ટાચારી થાય. માટે અહિં ગ્રંથકાર કવિએ એ ઉપદેશ આપ્યો છે કે હે મુમુક્ષુ આત્માઓ! જો તમારે ચારિત્રનું ફળ મોક્ષ પદ પામવું હોય તો શ્રદ્ધા ગુણને નિરન્તર વધારતા રહેજો, જેથી તમને અન્તે મોક્ષ પદ રૂપી ફળ જરૂર મળશે જ, એ આ શ્લોકનું રહસ્ય છે. ૨૪

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં જેણે મિથ્યાત્વ રૂપી મદોન્મત્ત હાથીને વશ કર્યો છે તેણે ત્રણે જગતના જીવોને વશ કર્યા એમ જાણવું. તે વાત જણાવે છે.

४ ५ १
क्रोधाद्युग्रचतुष्कषायचरणो, व्यामोहहस्तः सखे ! !
६ ७
रागद्वेषनिशातदीर्घदशनो, दुर्वारमारोध्धुरः ॥
३ ८ ९
सज्ज्ञानांकुशकौशलेन स महामिथ्यात्वदुष्टद्विपो ।
११ २ १० १५ १३ १२ १४
नीतो येन वशं वशीकृतमिदं तेनैव विश्वत्रयम् ॥२५॥

क्रोधादि=ક્રોધ વિગેરે
उग्र=પ્રબળ, બળવાન
चतुष्कषाय=ચાર કષાય રૂપ
चरणः=ચરણ વાળો, પગ વાળો
व्यामोह=મોહ રૂપી
हस्तः=સુંઢ વાળો
सखे=હે મિત્ર !
रागद्वेष=રાગ અને દ્વેષ રૂપ
निशात=તીક્ષ્ણ અને
दीर्घ=લાંબા
दशनः=દાંત વાળો
दुर्वार=દુઃખે રોકી શકાય ( દૂર કરી શકાય) એવા
मार=કામદેવ વડે
उद्घुरः=ઉન્નત, અભિમાની
सज्ज्ञानांकुश=સમ્યગ્જ્ઞાન રૂપી અંકુશની
कौशलेन=કુશળતાથી, ચતુરાઇથી
स=તે (હાથી)
महामिथ्यात्व=મોટા મિથ્યાત્વરૂપી
दुष्टद्विपः=દુષ્ટ હાથી
नीतः=કર્યો
येन=જેણે
वशं=વશ, આધીન
वशीकृतं=વશ કર્યું, તાબે કર્યું
इदं=આ
तेनैव=તેણેજ
विश्वत्रयम्=ત્રણ જગતને

હે મિત્ર ! હોવે ચાર વાનાં હાથીને મિથ્યાત્વને,
ચાર વાનાં હોય ભાખ્યું હસ્તિ જેવું તેહને;
સૂંઢ પગ મદ દાંત ચારે વસ્તુ ઇમ અવધારીએ,
મિથ્યાત્વરૂપી કરિ વિષે આ રીત ઘટના જાણીએ. ૧૨૮

પગ સમા ચારે કષાયો મોહ રૂપ સૂંઢ સમજીએ,
બે દાંત રાગ દ્વેષ મદ તે કામને ના ભૂલીએ;
શુભ નાણ રૂપ અંકુશ કુશલતા ધારનારા જે જને,
વશ કર્યો તે હાથીને તે વશ કરે ત્રણ ભુવનને. ૧૨૯

કરિ ગતિ મિથ્યાત્વનો વિસ્તાર ચાર કષાયથી,
પકડાય વસ્તુ સૂંઢથી મિથ્યાત્વ મમતા સૂંઢથી;
જીવો ફસાવે જમીન ભેદે હાથીઓ જિમ દાંતથી,
મિથ્યાત્વ ભેદે જગતને રાગાદિ રૂપી દાંતથી. ૧૩૦

મદથી બનેલો મત્ત હાથી નહિજ માવતને ગણે,
મિથ્યાત્વ હાથી કામઘેલો કોઇને પણ ના ગણે;
અંકુશ બલે વશ થાય હાથી જ્ઞાન અંકુશથી બને,
સ્વાધીન આ મિથ્યાત્વ હાથી જાણવું આ જ્ઞાનને. ૧૩૧

મિથ્યાત્વ તત્ત્વ મળેલ દુઃખો તેહથી તે છંડતા,
જે લાભ ત્રણનો બોધ નિર્મલ એહ જ્ઞાન વખાણતા;
શ્રી જિનાગમ બોધથી શ્રદ્ધા લહી જ્ઞાની બની,
મનક ગુરૂ પ્રમુખે લહી વરસિદ્ધિ આત્મિક સાધ્યની. ૧૩૨

અક્ષરાર્થ—હે મિત્ર! ક્રોધ વગેરે બળવાન ચાર કષાય રૂપ ચાર પગ વાળો, મોહ રૂપી સુંઢ વાળો, રાગ અને દ્વેષ રૂપ તીક્ષ્ણ અને લાંબા બે દાંતવાળો, (દંતૂશલ વાળો) દુઃખે દૂર કરી શકાય એવા કામદેવ વડે અતિ ઉન્મત્ત-અભિમાની બનેલો એવો તે મહા મિથ્યાત્વ રૂપી દુષ્ટ હાથી સમ્યગ્ જ્ઞાન રૂપી અંકુશની કુશળતાવાળા જે મુનિએ વશ (તાબે) કર્યો છે તેણે જ આ ત્રણ જગતને વશ (તાબે) કર્યું છે, એમ જાણવું. ૨૫

સ્પષ્ટાર્થઃ—આ શ્લોકમાં કવિએ મિથ્યાત્વને હાથીની

ઉપમા આપી છે. હાથીને જેમ ચાર પગ હોય છે તેમ મિથ્યાત્વ ( રૂપ હાથી ) ના ક્રોધ માન માયા ને લોભ એ ચાર બળવાન કષાય રૂપ ચાર પગ છે, એટલે મિથ્યાત્વની ગતિ-ફેલાવો એ ચાર કષાયથી થાય છે. તથા હાથીને જેમ લાંબી સુંઢ હોય છે તેમ મિથ્યાત્વ રૂપ હાથીને મોહ (મમતા) રૂપ લાંબી સુંઢ છે. અને હાથી જેમ એ સુંઢથી જ સર્વ વસ્તુ પકડી શકે છે તેમ મિથ્યાત્વ એ મમતા રૂપી સૂંઢથી સર્વ સંસારી જીવોને પકડી-ફસાવી શકે છે, તથા હાથીને જેમ જમીનને ખોદી નાંખે એવા અણીદાર-લાંબા બે દંતૂશળ હોય છે તેમ મિથ્યાત્વ રૂપ હાથીને જગતને ભેદી નાખનારા રાગ દ્વેષ રૂપી બે દંતૂશળ છે, તથા હાથી જેમ પોતાના મદ વડે ઉન્મત્ત થઇને મહાવત વિગેરેમાંના કોઇને પણ ગણકારતો નથી તેમ મિથ્યાત્વ રૂપ હાથી પણ દુનિયાને જીતનારા કામદેવ સરખા મિત્રથી ઉન્મત્ત બનેલો છે તેથી ( એવો મિથ્યાદષ્ટિ જીવ ) દેવ ગુરૂ આદિ કોઇને ગણકારતો નથી, છતાં હાથી જેમ તીક્ષ્ણ અંકુશની કુશળતાવાળા મહાવતથી વશ થાય છે તેમ સમ્યગ્ જ્ઞાન રૂપી તીવ્ર અંકુશનો ઉપયોગ કરવામાં કુશળ એવા મુનિ વિગેરે મહાત્માઓથી જ તે વશ થાય છે, માટે એવા મિથ્યાત્વ રૂપી દુષ્ટ હાથીને જે મુનિરાજ વિગેરે મહાત્માઓએ આગમ જ્ઞાનના અંકુશ વડે વશ કર્યો છે તે મુનિ મહાત્માએ ત્રણે જગત વશ કર્યાં છે, એમ જાણવું. એટલે તેઓ ત્રણે જગતના નાયક ( પરમાત્મ સ્વરૂપ ) બની શકે છે. ૨૫

**અવતરણ**—શત્રુ અને મિત્રમાં સમદષ્ટિ વાળા પુરૂષો ઘણા જ ઓછા છે તે વાત આ શ્લોકમાં જણાવે છે.—

૧૪ ૧૩ ૧૧ ૧૨ ૧૦ ૪
दृश्यंते बहवः कलासु कुशलास्ते च स्फुरत्कीर्त्तये।
૮ ૯ ૫ ૬ ૭ ૧ ૨ ૩
सर्वस्वं वितरन्ति ये तृणमिव, क्षुद्रैरपि प्रार्थिताः ॥
૨૧ ૧૯ ૨૦ ૧૭ ૨૦ ૧૮ ૧૯ ૧૬ ૧૫
धीरास्तेऽपि च ये त्यजन्ति झटिति प्राणान्कृते स्वामिनो ।
૨૯ ૨૧ ૨૭ ૨૮ ૨૫ ૨૪ ૨૨ ૨૩
द्वित्रास्ते तु नरा मनः समरसं येषां सुहृद्वैरिणोः ॥२६॥

**दृश्यंते**=દેખાય છે
**बहवः**=ઘણા
**कलासु**=કળાઓના જ્ઞાનમાં
**कुशलाः**=કુશળ, નિપુણ
**ते च**=અને તેઓ
**स्फुरत्कीर्तये**=વધતી કીર્તિને માટે
**सर्वस्वं**=સર્વ માલમતા
**वितरन्ति**=આપી દે છે
**ये**=જે પુરૂષો
**तृणमिव**=તણખલાની પેઠે ગણીને
**क्षुद्रैरपि**=હલકા લોક વડે પણ
**प्रार्थिताः**=પ્રાર્થના કરાયેલા
**धीराः**=ધીર પુરૂષો
**तेऽपि च**=વળી તેઓ પણ
**ये**=જેઓ
**त्यजन्ति**=છોડી દે છે
**झटिति**=જલદી
**प्राणान्**=પ્રાણોને
**कृते**=માટે
**स्वामिनः**=સ્વામીને, માલીકને
**द्वित्राः**=બે ત્રણ, ઘણા ઓછા (વીરલા; કોઈકજ; ગણત્રીના; ગણ્યા ગાંઠયા)
**तु**=પરન્તુ
**नराः**=પુરૂષો
**मनः**=મન
**समरसं**=સરખી દૃષ્ટિવાળું; સમભાવવાળું
**येषां**=જેઓનું
**सुहृद्वैरिणोः**=મિત્ર અને શત્રુની ઉપર.

ધ્યાનમાં લઇ ક્ષુદ્ર કેરી પ્રાર્થના સર્વસ્વને,
વધતો સદા યશ પામવાને ઘાસની જિમ તેહને;

તુચ્છ માની જે દીએ સઘલી કલામાં કુશલતા,
ધારનારા લોક અધિકા વિશ્વમાંહી દીસતા. ૧૩૩

નિજ સ્વામી કાજે પ્રાણ જેઓ આપતા પણ ધીર જના,
તે જગતમાં બહુ જણા જોવાય મન છે જેમના;
શત્રુમાં ને મિત્રમાં સમતા ધરંતા સર્વદા,
તેવા જનો બે ત્રણ જણાએ ટાળનારા આપદા. ૧૩૪

સઘલી દુકાને હોય શું ? હીરા કનકના પર્વતો,
સિંહણ તણા ટોળાં બધે ના સંત ગણ ઇમ દીસતો;
શિષ્ય ખંધક સૂરિના શ્રી કીર્તિધર આદિ ઘણા,
સમતા પ્રભાવે અલ્પ કાલે પામિયા સુખ સિદ્ધિના. ૧૩૫

અક્ષરાર્થ:—આ જગતમાં પોતાની કીર્તિ વધારવાને માટે હલકાં લોકોથી પણ પ્રાર્થના કરાયા છતાં ઘાસની જેમ તુચ્છ ગણીને પોતાની સર્વ માલમતા આપી દે એવા તે કલા કુશલ પુરૂષો ઘણાં દેખાય છે. તેમજ પોતાના માલિકને માટે જેઓ પોતાના (વ્હાલા) પ્રાણને પણ જલદી તજી (છોડી) દે છે, એવા તે ધીર પુરૂષો પણ જગતમાં ઘણાએ જોવામાં આવે છે. પરન્તુ મિત્રમાં ને શત્રુમાં બન્નેમાં જેઓની સરખી દૃષ્ટિ (નજર, ભાવના, મધ્યસ્થપણું) હોય એવા તે પુરૂષો તો બે કે ત્રણ (અર્થાત્ ઘણા જ ઓછા) મળી આવે છે. એટલે સમભાવવાળા જીવો જગતમાં બહુ જ ઓછા પ્રમાણમાં દેખાય છે. ૨૬

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં સમદૃષ્ટિવાળા પુરૂષો ઘણા જ ઓછા હોય છે, અને તેવા પુરૂષો જગતમાં બહુ દુર્લભ હોય છે એમ કહીને તેની ઘણી પ્રશંસા કરે છે કે-જગતમાં પોતાની જશ કીર્તિ કેમ વધે તે માટે જેવા તેવા હલકા માણસોની પણ વિનંતિને ધ્યાનમાં લઈને જેઓ પોતાની બધી માલ મિલકત આપી દે એવા તે સર્વ કાલને જાણવામાં હોંશિયાર દાનેશ્વરી ને ઉદાર પુરૂષો પણ આ જગતમાં ઘણાં મળી આવે છે. તેમજ પોતાના માલિકને કંઇ તેવા પ્રકારનો વિકટ પ્રસંગ આવતાં અર્ધી રાત્રે પોતાનું માથું આપી દેનારા એટલે જાન દેનારા એવા પણ સાહસિક વીર પુરૂષો ઘણાએ જોવામાં આવે છે. જુઓ લશ્કરમાં સેનાપતિનો હુકમ થતા સાથે જ સિપાઇઓ શત્રુના લશ્કર સ્હામે લડાઇ કરી પોતાના જાન કુરબાન કરી દે છે, વિગેરે રીતે અનેક સાહસિક ઉદાર ને બુદ્ધિમાન પુરૂષો જગતમાં ઘણાંએ જોવામાં આવે છે, પરન્તુ સર્વ માયા પ્રપંચને છોડીને રાગ-દ્વેષનો વિજય કરી શત્રુ ઉપર દ્વેષ નહિં અને મિત્ર ઉપર રાગ નહિં એવી ( શત્રુ મિત્રની ઉપર ) સરખી દૃષ્ટિ રાખનારા પુરૂષો તો ફક્ત યોગીન્દ્રો-મુનિ મહાત્માઓ જ હોય છે, તેમનાં જ કળા કૌશલ્ય ઉદારતા ને સાહસિકતા પ્રશંસા કરવા લાયક છે અને એવા યોગી મહાત્માઓ આ જગતમાં ઘણાં ઓછાં જ હોય છે. આ શ્લોકનું રહસ્ય એ છે કે-સમતા વગરના કળા કુશળતા વિગેરે ગુણો નિસ્તેજ ગણાય છે, ને સમતા ગુણની સાથે કલા કુશલતા વિગેરે ગુણો સંપૂર્ણ પ્રમાણમાં ઝળકી ઊઠે છે. અને તે ( ગુણો ) તેવા ગુણવંત

પુરૂષોને સાત્વિક આનંદનો અનુભવ કરાવીને મુક્તિના અવ્યાબાધ સુખ પમાડે છે. આ વાતને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ પ્રભુ શ્રી મહાવીર દેવ, મહાબલ કુમાર, ગજસુકુમાલ, અવંતી સુકુમાલ વિગેરેની માફક સમતામય જીવન બનાવવું જોઇએ, અને તેના ફલ રૂપે સંસારની રખડપટ્ટી ટાળીને નિજ ગુણ રમણતામાં દિન પ્રતિદિન આગળ વધીને માનવ જન્મને સફલ કરવો જોઈએ. ૨૬

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં દયા સત્ય ને પરોપકાર એ ગુણવાળા મનુષ્યને કળીયુગ પણ કંઈ પણ ઇજા કરી શકતો નથી તે વાત જણાવે છે—

૨ ૩ ૧ ૪ ૫
**हृदयं सदयं यस्य, भाषितं सत्यभूषितम् ।**
६ ७ ९ ११ ८ १०
**कायः परहितोपायः, कलिः कुर्वीत तस्य किम् ॥२७॥**

**हृदयं**=મન
**सदयं**=દયાવાળું
**यस्य**=જેનું
**भाषितं**=વચન
**सत्यभूषितम्**=સત્ય વડે શોભેલું (શણગારાયલું)
**कायः**=શરીર
**परहितोपायः**=પરોપકાર કરવામાં કારણ રૂપ (સાધનરૂપ)
**कलिः**=કલિયુગ
**कुर्वीत**=કરે ?
**तस्य**=તેને
**किं**=શું

**આરા તણી જિમ અન્ય માને ચાર ભેદે કાલને,**
**સત્ય ત્રેતા તેમ દ્વાપર કલિ વિચારો નામને;**

સુષમસુષમા જેહવો તે સત્ય યુગ અવધારીએ,
તે પછી ક્રમસર ઉતરતો કાલ મનમાં ધારીએ. ૧૩૬

બહુ ઉતરતો કાલ કલિયુગ ના નડે ગુણવંતને,
જેનું દયાળુ હૃદય બોલે જેહ સાચાં વેણને;
દેહથી જે પર તણું હિત સાધતા ખુશી થતા,
તેમને કલિયુગ કરે શું ? ત્રણ ગુણોને ધારતા. ૧૩૭

દુઃખ ન ગમે સર્વને નિજ જીવનને સૌ ચાહતા,
ઇમ વિચારી શુભ દયાને પાલતા સુખ પામતા;
શાંતિના દેનાર પામે શાંતિ સાચી નિયમથી,
જીવ દયાને પાળનારા મુક્તિ પામે હર્ષથી. ૧૩૮

જાન પરના જાય જેથી તે વચન સાચાં ભલે,
પણ સુજન ના બોલતા હિત મિત વચનને ઉચ્ચરે;
ઉપકાર પરનો સાર એ આ દેહનો ઇમ ભાવતા,
ગુણબલે કલિકાલને પણ ભવ્ય જન ઝટ જીતતા. ૧૩૯

અક્ષરાર્થ—જેનું મન દયાવાળું છે, વચન સત્ય વડે શોભાયમાન છે, અને શરીર પરોપકાર કરવામાં સાધનભૂત છે, તેવા પુરૂષને કળિયુગ પણ શું કરે ? ( અર્થાત્ કંઇજ કરી શકે નહિં ). ૨૭

સ્પષ્ટાર્થ—સત્યુગ ત્રેતાયુગ દ્વાપરયુગ કલિયુગ એ ચાર પ્રકારના કાળ અન્ય દર્શનમાં માનેલા છે, તે જૈન દર્શનમાં

કહેલી અવસર્પિણીના છ આરાની માફક ક્રમસર ઉતરતા પ્રભાવવાળા છે. સૌથી ચઢીયાતો જેમ સુષમ સુષમ કાળ તેમ સૌથી ચઢીયાતો સતયુગ છે, ને પાંચમો છઠ્ઠો આરો જેમ ખરાબ ગણાય છે તેમ કલિયુગ પણ ખરાબમાં ખરાબ કાળ ગણાય છે. એ કલિયુગના પ્રભાવે જીવો હિંસા જૂઠ ચોરી વિષય લંપટપણું અને અતિ લોભ વગેરે અનેક દુર્ગુણોવાળા અને વ્યસની થાય છે. આ કલિકાલને લક્ષ્યમાં લઇને આ શ્લોકમાં કવિ કહે છે કે-કલિયુગમાં પણ કેટલાય પૂર્વ ભવના પ્રબળ ઉત્તમ સંસ્કારી જીવો દયા ગુણ અને સત્ય ગુણવાળા એટલે કોઇ જીવની હિંસા નહિ કરનારા અને સાચું બોલનારા હોય છે, તેમજ પોતાની કાયાથી બીજા જીવોનો જેટલો પરોપકાર બની શકે તેટલો પરોપકાર કરનારા હોય છે, અને એવા સંપૂર્ણ દયા સત્ય ને પરોપકાર ગુણવાળા તો મહાપુરૂષો એટલે મુનિ મહાત્માઓ વિગેરે હોય છે; તો તેવા મુનિ મહાત્માઓને-યોગીંદ્રોને આ વર્તમાન કલિયુગ પણ શું કરી શકે તેમ છે? કલિયુગનો પંજો તો બિચારા નબળા મનવાળા જીવો ઉપરજ વાગી શકે છે, અને મુનિ મહાત્મા વિગેરે પુરૂષોએ તો આવા ઉત્તમ ગુણના પ્રભાવેજ આ કલિયુગને પણ ધોઇ પીધો છે, માટે ખરેખર એવા મહાત્માઓનેજ ધન્ય છે કે જેમના પર કલિયુગનો કંઇ પણ પ્રભાવ પડી શકયો નથી, એટલું જ નહિં પરન્તુ કલિયુગના પંજામાં સપડાયલા અનેક પામર જીવોને દયા અને સત્યનો બોધપાઠ શીખવીને પોતે રાત દિવસ મહા પરોપકાર કરતા છતાં તે સંસારી જીવોને બચાવી લઇ પોતે સદ્દગતિ પામી બીજાને

પણ સદ્‌ગતિએ પહોચાડે છે. આવા મહાત્માઓ કલિયુગને જરૂર જીતી શકે છે. ૨૭

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં કેવા પુરૂષોથી આ પૃથ્વી બહુરત્ના (ઘણાં રત્નોવાળી) ગણાય છે તે બીના જણાવે છે—

૩ ૨ ૧ ૬ ૫ ૪
**नास्त्यसद्भाषितं यस्य, नास्ति भंगो रणांगणात् ।**
૮ ૭ ૯ ૧૦ ૧૨ ૧૧
**नास्तीति याचके नास्ति, तेन रत्नवती क्षितिः ॥२८॥**

**नास्ति**=નથી
**असद्भाषितं**=અસત્ય બોલવું, જૂઠું બોલવું
**यस्य**=જેને
**नास्ति**=નથી
**भंगः**=નાસી જવું
**रणांगणात्**=રણસંગ્રામમાંથી, યુદ્ધમાંથી, લડાઈમાંથી
**नास्ति**=નથી (મારી પાસે)
**इति**=એમ, એ પ્રમાણે
**याचके**=માગણને (માગણની આગળ)
**तेन**=તેવા પુરૂષ વડે
**रत्नवती**=રત્નવાળી
**क्षितिः**=પૃથ્વી (ગણાય છે.)

જેઓ ન જૂઠાં વેણ બોલે યુદ્ધ કેરા અવસરે,
પાછા ફરે ના માગતાની પાસ નહિ ના ઉચ્ચરે;
બહુમાન ધારી દાન આપી યાચકોને ઠારતા,
તેમનાથી રત્નવંતી વસુમતી કવિ બોલતા. ૧૪૦
જીભ બગડે જાઠ વદતા સત્ય વચનો બોલતા,
ગુરૂ દેવનું ગુણ ગાન કરતા જીભની છે સફલતા;

કાયરો યુદ્ધ પ્રસંગે પીઠ ના દેખાડતા,
વીર કર્મો સાથ બાઝી વિજય છેવટ પામતા. ૧૪૧

માંખી ઘસી પગ ઇમિ જણાવે દાન મેં દીધું નહીં,
આ સ્થિતિ મારી થઇ આવું વિચારી જે અહીં;
યાચકોને દાન આપે જીભ પરાક્રમ દ્રવ્યને,
સફલ જાણો તેમના સ્મરજો ખરા આ તત્ત્વને. ૧૪૨

જૂઠાં જનો કાયર અને કંઝુસના ભારે કરી,
લજવાય ભૂમી ભરત વસુને કર્ણની બીના ખરી;
જાણવી ચાલુ પ્રસંગે ત્રણ ગુણોને ધારતા,
વિજયવંતા વિશ્વમાં વિકરાલ વિપદા વામતા. ૧૪૩

અક્ષરાર્થ—જેને જૂઠું બોલવું નથી, જે રણસંગ્રામમાંથી નાસી જતો નથી, અને માગણ આવે તેને જે ના પાડતો નથી, એવા પુણ્યશાળી પુરૂષો વડે આ પૃથ્વી રત્નવાળી (બહુરત્ના) ગણાય છે. ૨૮

સ્પષ્ટાર્થ—જગતમાં એક કહેવત છે કે **बहुरत्ना वसुंधरा** (=પૃથ્વી ઘણા રત્નો વાળી છે) એ કહેવત પ્રમાણે પૃથ્વી જો કે ઘણાં રત્નોવાળી છે, પરન્તુ તે કંઇ મણી પરવાળાં નીલમ માણેક ચન્દ્રકાન્ત સૂર્યકાન્ત વિગેરે અનેક રત્નો આ ભૂમિમાં રહેલા છે અને ભૂમિ ઉપર તથા પર્વત સમુદ્ર વગેરેમાં રહ્યા છે, તેથી રત્નવાળી કહેવાતી નથી. કારણ કે એ રત્નો તો જડ છે, પરન્તુ વાસ્તવિક રીતે વિચારીએ તો આ પૃથ્વી

ઉપર એવા ઘણાખરા રત્ન જેવા બલ્કે તેથી પણ ચઢી જાય તેવા નરવીરો છે કે જેઓ પ્રાણાન્તે પણ જૂઠું બોલતા નથી, તેમજ એવા વીર પુરૂષો પણ છે કે જેઓ યુદ્ધમાં પ્રાણાન્તે પૂંઠ બતાવતા નથી એટલે કાયર થઇ નાસી જતા નથી, તેમજ એવા દયાવાળા ને ઉદારતાવાળા પુરૂષો પણ છે કે જેઓ કોઈપણ માગણ ભીખારી યાચક આવે તો, "જતો રહે અહિંથી, કંઈ પણ આપવાનું નથી" એમ કદી પણ કહેતા નથી. ઓછામાં ઓછું પણ કંઇક આપીને વિદાય કરે છે. આ પ્રમાણે (૧) સત્યવાદીઓ (૨) વીરસુભટો અને (૩) ઉદાર દાતાઓ એ જ આ પૃથ્વીમાં ખરેખરા રત્નો છે અને એવા રત્નપુરૂષો વડે જ આ પૃથ્વી રત્નવતી-રત્નવાળી કહેવાય છે. આનું તાત્પર્ય એ છે કે આ પૃથ્વીમાં એવા નરરત્નો પાકે છે, તેઓને ધન્ય છે કે જેમના વડે પૃથ્વી શોભીતી છે, પરન્તુ જૂઠાબોલા કાયર અને કૃપણ-કંજૂસ પુરૂષોની આ દુનિયામાં કંઇ ખોટ નથી. સર્વ ઠેકાણે એવા પુરૂષો લાખો કરોડો છે, પરન્તુ તેવા પુરૂષો તો આ પૃથ્વીને ભારભૂત છે, અને પૃથ્વી તેવાઓને રાખીને લાજી મરે છે પણ શું કરે? ઘરમાં કુપાત્ર છોકરાં પાકયાં હોય તેને કંઇ દરિયામાં ફેંકી દેવાય? એ પ્રમાણે શ્લોકમાં કવિએ સાચાબોલા શૂરવીર અને દાતારોની પ્રશંસા કરી છે. આ બીના અપૂર્વ શિખામણ એ આપે છે કે, ભવ્ય જીવોએ સાચું રત્નપણું મેળવવાને માટે બોલવાનું ખાસ કારણ હોય તો સાચું જ બોલવું, પણ અસત્ય તો બોલવું જ નહિ. સત્યતાના પ્રભાવે જ વસુરાજાનું સિંહાસન અદ્ધર રહેતું હતું, જ્યારે

તેણે સત્યનો ભંગ કર્યો, ત્યારે દુઃખી થઈને નરકે ગયો. (૨) લડાઇના પ્રસંગે પાછું ફરવું નહી, લડવું હોય તો તમારા શત્રુ મોહનીયાદિ કર્મોની સાથે જ લડવું જોઇએ, કારણ કે આપણે કર્મોના પાપે જ દુઃખની પરંપરા ભોગવી છે, બીજા માણસોને શત્રુ તરીકે માનવા જ ન જોઈએ. કારણ કે આવા પ્રસંગે મહાપુરૂષો વિચારે છે કે-ઉપસર્ગ કરનાર જીવ અમને ક્ષમાનું સાધન છે, કેવલજ્ઞાન મેળવવામાં કર્મોને ક્ષપાવવામાં અપૂર્વ સાધન છે, મહા ઉપકારી છે, મિત્ર જેવો છે. તેઓ ઉપર લગાર પણ દ્વેષ પણ ધારણ કરતા જ નથી અહીં દૃષ્ટાંત તરીકે મહાબલ કુમાર, કીર્તિધર મુનિ, ગજસુકુમાલ, અવંતીસુકુમાલ વિગેરે જાણવા, ૧. મહાબલ કુમારે પોતાને બાળનારી કનકવતીની ઉપર ક્ષમા ભાવ રાખ્યો, દ્વેષ ન રાખતા ઉપસર્ગને સહન કરી સિદ્ધિના સુખો મેળવ્યા. ૨, કીર્ત્તિધર મુનિ-દ્વેષને લઇને પૂર્વાવસ્થાની રાણી મરીને વાઘણ થઈ હતી. જંગલમાં તે મુનિ કાઉસ્સગ્ગમાં રહ્યા છે. અહીં વાઘણ દ્વેષના સંસ્કારથી મુનિને ફાડી ખાય છે, મુનિ સમતાથી ઉપસર્ગ સહન કરીને કેવલી થઈ મોક્ષમાં જાય છે, (૩) એમ ગજસુકુમાલે સોમિલ બ્રાહ્મણે કરેલા ઉપસર્ગો સમતાથી સહન કર્યા; તો અંતગડ કેવલી થયા. (૪) અવંતીસુકુમાલે શિયાલણીના (તેણે કરેલા) ઉપસર્ગો સમતાથી સહ્યા. છેવટે નલિનીગુલ્મ વિમાનના દેવતાઈ સુખો પામ્યા. (૫) પાલકે કરેલા ઉપસર્ગોને સમતા ભાવે સહન કરતાં મુનિસુવ્રત સ્વામીના વખતમાં થયેલા ખંધક સૂરિના શિષ્યો કેવલી થઇને મોક્ષે ગયા. આ બીનાને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ

સમતા ગુણ ધારણ કરીને મોક્ષ માર્ગની જરૂર સાધના કરવી. જેથી છેવટે અલ્પ કાલમાં મુક્તિના સુખો જરૂર મળે, એ આ શ્લોકનું સ્પષ્ટ રહસ્ય છે. ૨૮

અવતરણ—જો મનુષ્યને આશાનો ભંગ કરનાર મરણ ન હોય તો જ સર્વ રીતે સુખ હોય એમ કવિ આ શ્લોકમાં જણાવે છે-

૯ ૧૦ ૭ ૮ ૧૧ ૧૨ ૧૩ ૧૪
**आनंदाय न कस्य ? मन्मथकथा, कस्य प्रिया न प्रिया ?॥**
૧૬ ૧૫ ૧૭ ૧૮ ૨૦ ૨૨ ૧૯ ૨૧ ૨૩
**लक्ष्मीः कस्य न वल्लभा ? मनसि नो, कस्यांगजः क्रीडति ?॥**
૨૪ ૨૬ ૨૭ ૨૫ ૩૦ ૩૧ ૨૯ ૨૮
**ताम्बूलं न ? सुखाय कस्य न मतं, ? कस्यान्नशीतोदकं ।**
૩ ૪ ૫ ૧ ૬ ૨
**सर्वाशाद्रुमकर्तनैकपरशुर्मृत्युर्न चेत्स्याज्जनोः ॥२९॥**

**आनंदाय**=આનંદને માટે
**न**=ન થાય?
**कस्य**=કોને
**मन्मथकथा**=કામદેવની કથા, સ્ત્રીઓની વાર્તા
**कस्य**=કોને
**प्रिया**=સ્ત્રી
**न प्रिया**=વ્હાલી ન હોય?
**लक्ष्मी**=ધન વગેરે સંપત્તિ
**न वल्लभा**=વ્હાલી ન હોય
**मनसि**=મનમાં
**नो**=નથી?
**कस्य**=કોના
**अंगजः**=પુત્ર
**क्रीडति**=રમતો
**ताम्बूलं**=પાન (સોપારી)
**न सुखाय**=સુખને માટે થાય
**न मतं**=ગમતું નથી
**अन्न**=અન્ન, આહાર
**शीतोदकं**=શીતળ પાણી
**सर्वाशा**=સર્વ આશાઓ રૂપી
**द्रुम**=ઝાડ, વૃક્ષને

कर्तन=કાપવામાં
एक परशुः=એક કુહાડા સરખું
मृत्युः=મરણ
चेत्=જો
स्यात्=હોય
जनोः=જીવને, મનુષ્યને

જેહ જન્મ્યો મરણ તેને નિશ્ચયે ઇમ જાણીએ,
સર્વ આશા ઝાડ કાપે જિમ કુહાડો તેમ એ;
તેહ સંસારી જનોને જો કદાચ ન હોય તો,
સ્ત્રી પ્રમુખ સમુદાય વ્હાલો સર્વને પણ લાગતો. ૧૪૪

કોને ન આપે હર્ષ વાતો કામની તિમ ભામિની,
પ્રિય ન કોને લાગતી તેવી સ્થિતિ લક્ષ્મી તણી;
પાન આપે સર્વને સુખ શીતલ જલ ને ધાન્ય એ,
સર્વ લાગે ઇષ્ટ પણ ઇમ ના મરણ છે સર્વને. ૧૪૫

જ્ઞાનની ઓછાશથી ના કોઈ મરણ પિછાણતા,
મરણ કેરા સાધનોને બહુ જનો પણ પામતા;
હોવે ભલે ધની રંક કે વિજ્ઞાન બાલિશ રૂપ ધરા,
બલવંત કે દુર્બલ બધાએ મરણથી દૂર ના જરા. ૧૪૬

મરણ જીતે કેવલી તિમ પારગત પરમાતમા,
અતુલ બલ ચારિત્રનું ના અન્યનું ત્રણ ભુવનમાં;
ક્ષણિક અર્થે હોય પ્રીતિ મોહ કર્મ તણા બલે,
મોહ જીત્યે સર્વ જીત્યું ઇમ વિચારો પલપલે. ૧૪૭

અક્ષરાર્થ—જો સંસારી જીવને સર્વ આશાઓ રૂપી ઝાડને કાપી નાખવામાં એક કુહાડા સરખું મરણ ન હોત તો કામદેવની કથાઓ કોને હર્ષને માટે ન થાય ? ( આનંદ ન આપે, ) સ્ત્રી કોને વ્હાલી ન હોય. ( લાગે ) ? ધન સંપદા કોને વ્હાલી ન લાગે ? કોના મનમાં પુત્ર ન રમે ? ( વ્હાલ ન ઉપજાવે ? ) પાન સોપારી કોને સુખને માટે ન થાય ? ( સુખ ન આપે ), અન્ન અને શીતળ પાણી કોને ભાવે નહિ ? ( અર્થાત્ એ સર્વ વસ્તુઓ મરણ ન હોય તો સર્વને વ્હાલી લાગે ). ૨૯

સ્પષ્ટાર્થ—જગતમાં મનુષ્યોને કામદેવની કથાઓ એટલે સ્ત્રીના વિલાસની વાતો તેમજ વિલાસ ભરેલી ચેષ્ટાઓ પ્રીય લાગે છે, સ્ત્રીઓ સર્વને વ્હાલી લાગે છે, ધન મેળવવું દરેકને વ્હાલું લાગે છે, પુત્રાદિ પરિવાર પણ વ્હાલો લાગે છે. પાન સોપારી વિગેરે મોજીલા મુખવાસ ખાવા, સારી સારી મિઠાઈઓ વિગેરે આહારની વસ્તુઓ તથા ઠંડાં કૉલ્ડ-ડ્રિંક વિગેરે બરફ નાખેલાં પાણી પીવાં એ બધુંએ વ્હાલું લાગે છે. એ બધાએ પદાર્થો કોને વ્હાલા લાગે ? જેને મરણનો ભય ન હોય તેને એ પદાર્થો ભલે વ્હાલા લાગે, પરન્તુ જેને મરણનો ભય છે એને તો એ પદાર્થો વ્હાલા લાગતા જ નથી. અને તે કારણથી જ મરણના ભયવાળા મુનિ વિગેરે મહાત્માઓ એ સર્વ પ્રીય પદાર્થો છોડીને આત્મહિતને કરનારી મોક્ષ માર્ગની સાધનામાં તત્પર બને છે. એ મુનિ વિગેરે મહાત્માઓને સ્ત્રી આદિ પદાર્થો શું વ્હાલા નહિ હોય ? પણ તેઓ જાણે છે કે મરણ

અવશ્ય આવવાનું છે. તો એ અલ્પ કાળ પૂરતા એક જ ભવમાં ક્ષણિક-તુચ્છ આનંદ આપનારા પદાર્થોની પાછળ જીવન વ્યતીત કરવાથી શો લાભ છે? અને ઉલટો ગેરલાભ તો સાક્ષાત્ જણાય છે કે એ પદાર્થો મેળવવા પાછળ મોંઘામાં મોંઘી માનવ જીંદગી બરબાદ કરવી પડે છે, તો પણ એ પદાર્થો ક્ષણ વિનાશી હોવાથી આખા ભવ સુધી ટકતા નથી. વચમાં જ સ્ત્રી મરણ પામી જાય છે, અથવા તો પુત્રાદિ પરિવાર પરલોક પહોંચી જાય છે. અથવા તો લક્ષ્મી પણ વિજળી સરખી ચપળ હોવાથી આવીને ચાલી જાય છે, અથવા લુંટાઈ જાય છે. કદાચ એ આનંદી પદાર્થો વિશેષ વખત રહે તો તેટલામાં એનો ઉપભોગ કરનારા જીવો જ તે પદાર્થોનો ત્યાગ કરીને પરલોકમાં પહોંચી જાય છે. ઘરબાર નવું બંધાવ્યું તે અહિં પડયું રહે છે. સ્ત્રી છોકરાં પરિવાર સ્મશાન સુધી જ સાથે આવે છે ને બધું એ છોડીને જીવને એકલા જવું પડે છે. અને પાપનાં પોટલાં બાંધ્યાં તે તો પરભવમાં ભોગવવાં જ પડે છે. આ પ્રમાણે ભોગવનારો અસ્થિર ને ભોગવવા લાયક પદાર્થો પણ અસ્થિર છે. તેથી પદાર્થોનો કે પોતાનો વિયોગ થતાં મરણ વખતે તે આનંદી પદાર્થો જોઈને પણ આનંદ થવાને બદલે પારાવાર શોક થાય છે ને પરિણામે મોહને લઈને તે મૂઢ જીવોને દુર્ગતિમાં જવું પડે છે, એમ સમજીને જ મહા યોગીઓ એ ક્ષણીક-પરાધીન આનંદને દેનારા પદાર્થોને છોડી દે છે, એટલે એ પદાર્થો ભલે સંસારી જીવોને આનંદ આપનારા છે, પરન્તુ મુનિ વિગેરે મહા પુરૂષો વિચારે છે કે મરણનો

ભય હોવાથી અને પરિણામે એ પદાર્થો અનેક જન્મ મરણ આપનાર હોવાથી તે પદાર્થોની મમતાને છોડીને યોગ સાધનમાં તલ્લીન થવું એજ કલ્યાણકારી છે. જો એમ નિર્ણય થયો હોત કે મરણ આવવાનું જ નથી તો એ આનંદી પદાર્થોને કોણ છોડે? અર્થાત્ કોઈ ન જ છોડે. વિગેરે મુદ્દાઓને લક્ષ્યમાં રાખીને અહિં ગ્રંથકાર કવિ એમ જણાવે છે કે સ્ત્રી વિગેરે આનંદ વિલાસના પદાર્થો તો ઘણું કરીને સર્વ સંસારી જીવોને આનંદ આપનારા છે, પરન્તુ એ આનંદી પદાર્થોની આશાઓનો સર્વથા ભંગ કરનાર એટલે આશાઓ ( આનંદો ) રૂપી ઝાડને કાપી નાખવામાં કુહાડા સરખું મરણ જન્મેલા જીવોની પાછળ ભમે છે. કહ્યું છે કે "**જે જન્મ્યા, તે જરૂર મરવાના જ**" એવી સમજણ વાળા ભવ્ય જીવોને એ પદાર્થો વ્હાલા લાગતા નથી, તેમજ સંસારી જીવોને સ્ત્રી વિગેરે પદાર્થો જે પ્રીય લાગે છે તે કેવળ મોહને લઈને જ, તત્વદૃષ્ટિએ તેમાં પ્રેમ થવો ન જ જોઈએ. છતાં મોહ કર્મને પરવશ પડેલા પામર જીવો તે પદાર્થોની પાછળ દોડધામ કરી મૂકે છે, ને ત્યાગી પુરૂષો તે પદાર્થો પ્રીય લાગે એવા હોવા છતાં પણ મરણના ભયથી છોડી દે છે. અને ખરી શાંતિનો અનુભવ કરી અલ્પ કાળમાં સંસાર સમુદ્રનો પાર પામે છે. આ બીનાને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ આયુષ્યની ચપળતાનો વારંવાર વિચાર કરવો જોઇએ. અને વિભાવ રમણતામાંથી પાછા હઠીને નિજ ગુણ રમણતા કરીને સ્વપર તારક બનવું એ આ શ્લોકનું રહસ્ય છે. ૨૯

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં નિર્ભાગી પુરૂષ દર વખતે સ્ત્રી આદિકને દેખ્યા કરે છે પરન્તુ પાસે ભમતા મૃત્યુને કદી પણ દેખતો નથી તે વાત જણાવે છે—

૪ ૩ ૨ ૧ ૫ ૬ ૭ ૮
**भार्येयं मधुराकृतिर्मम मम प्रीत्यन्वितोऽयं सुतः ।**
११ १० १२ ९ १३ १४ १५ १६
**स्वर्णस्येष महानिधिर्मम ममासौ बंधुरो बान्धवः ॥**
१९ २० १७ १८ २१ २२ २४ २३
**रम्यं हर्म्यमिदं ममेत्थमनया व्यामोहितो मायया ।**
२८ ३० २९ २५ २६ २७
**मृत्युं पश्यति नैव दैवहतकः, क्रुध्धं पुरश्चारिणम् ॥३०॥**

**भार्या**=સ્ત્રી
**इयं**=આ
**मधुराकृतिः**=સુન્દર આકાર (દેખાવ) વાળી
**मम**=મારી
**प्रीत्यन्वितः**=પ્રીતિ વાળો (મારી ઉપર પ્રેમ રાખનારો)
**अयं**=આ
**सुतः**=પુત્ર, દીકરો
**स्वर्णस्य**=સોનાનો
**एष**=આ
**महानिधिः**=મોટો ભંડાર
**असौ**=આ
**बंधुरः**=મનોહર
**बान्धवः**=ભાઈ
**रम्यं**=મનોહર, સુંદર
**हर्म्यं**=હવેલી, બંગલો
**इदं**=આ
**इत्थं**=આ પ્રમાણે
**अनया**=આ (વડે)
**व्यामोहितः**=મોહ વાળો
**मायया**=માયા વડે; મોહે કરીને, મમતાથી
**मृत्युं**=મરણને
**पश्यति**=દેખતો
**नैव**=નથીજ
**दैवहतकः**=દૈવ વડે હણાયલો, નિર્ભાગી પુરૂષ
**क्रुध्धं**=ક્રોધવાળા
**पुरश्चारिणम्**=પોતાની આગળ ફરતા (ભમતા)

નાર સુંદર મુજ તનય બહુ પ્રીતિ વાળો સ્વર્ણના,
ભંડાર મોટો ભાઈ મુજ આધાર જે વિનયાદિનો;
મારી હવેલી ભવ્ય આ ઇમ મોહથી ઘેલો બન્યો,
દેખતો એ સર્વ પણ દેખે ન મરણ સમય કર્યો. ૧૪૮

ક્રોધાયમાન બની ફરે નિજ નજર આગળ મૃત્યુ આ,
ના જુએ બહુ મોહ મોહ્યા ભાગ્યહીના પ્રાણીઆ;
મોહ મમતા પ્રેમ તિમ મારાપણું એકાર્થ એ,
ચારિત્ર નૃપનો પરમ શત્રુ મોહ રાજા જાણીએ. ૧૪૯

વિશ્વને સ્વાધીન કરવા મોહ ભૂપ વિચારતો,
શસ્ત્રથી બહુ વાર લાગે મંત્ર સાધન સાધતો;
અલ્પ કાલે બહુ જનોને શીઘ્ર મોહ પમાડતો,
"मम अहं" આ મંત્રની તે છાપ ઉંડી પાડતો. ૧૫૦

સ્થિતિ કફોડી જોઇને ચારિત્ર નૃપ કરૂણા કરી,
"मम न नाहं" મંત્ર સાધન સાધના નિર્મલ ખરી;
ભવિ જનોની પાસ જાપ કરાવતો તે મોહના,
જુલ્મો પ્રચૂર સમજાવતો બહુ લાભ પણ
ચારિત્રના. ૧૫૧

બગડી બધી બાજી સુધારે ખેદ ધારે ભૂલમાં,
લાભ બહુ નિજ હિત તણા શાસ્ત્રે કહ્યા સત્સંગમાં;

આત્મ વીર્યોલ્લાસ વધતો ચરણ નૃપ ઉપદેશથી,
મોહ નૃપનો સંગ છંડી શાંતિ પામે નિયમથી. ૧૫૨

માનતો શુભ આત્મ દ્રવ્ય સ્વરૂપ હું છું માહરા,
જ્ઞાનાદિ ગુણ દ્રવ્યાદિનો માલિક ના હું દુઃખકરા;
દ્રવ્યાદિ અર્થો મુજ નથી સંયોગ માત્ર વિચારતા,
એમ મમતા અલ્પ કરતા આત્મ દૃષ્ટિ વધારતા. ૧૫૩

હે બંધુઓ ! ચારિત્ર તે મુજ આતમા ઉપયોગ જે,
શુદ્ધ તે સાચો પિતા માતા ધીરજ બુધ નિત ભજે;
માતા પિતા એ છે ખરા ભવ જલધિ પાર પમાડતા,
ગુરૂ કને ઇમ જાણતો આપો રજા રાજી થતા. ૧૫૪

નિયત નહિ એવા તમારો સંગ બહુ ક્ષણથી મને,
શીલાદિ બંધુ ધ્રુવ ગણી ધારૂં હૃદયમાં તેમને;
સ્ત્રી ખરી સમતા જ જ્ઞાતિ બંધુઓ મુજ મુનિવરા,
સરખી ક્રિયા કરનાર માનું હું સગાં નિજ
હિતકરા. ૧૫૫

આત્મિક કુટુંબે ચિત્ત ચોંટયું હળીમળી હિત સાધશું,
પર જીવને ઉપદેશ દઇને ભવ ભ્રમણને ટાલશું;
એમ મમતા ટાલીએ મૃત્યુ અચાનક માનીએ,
ધર્મ નિર્મલ સાધીએ તો મુક્તિના સુખ પામીએ. ૧૫૬

**અક્ષરાર્થ**—આ સુંદર આકૃતિવાળી સ્ત્રી મારી છે, પ્રીતિવાળો આ પુત્ર મારો છે, આ સોનાનો ખજાનો મારો છે, આ સુંદર બંધુ મારો છે, આ મનોહર બંગલો મારો છે, એ પ્રમાણે આ મમતાએ કરીને મુંઝાએલો નિર્ભાગી પુરૂષ આ બધી સંસારની બાજી નજરે નજર જુએ છે, પણ પોતાની આસપાસ ભમતા અને ક્રોધ પામેલા મૃત્યુને તે કદી પણ જોતો નથી. ૩૦

**સ્પષ્ટાર્થ**—જીવોની આસપાસ કાળ હંમેશાં ભમ્યા કરે છે એટલે જીવ જે સમયે જન્મ્યો તે સમયથી જ મરણ લાગુ પડી ચૂકયું છે, કારણ કે ઉત્કૃષ્ટ ( વધારેમાં વધારે ) સો વર્ષના આયુષ્યવાળા જીવનું સો વર્ષનું પરિપૂર્ણ આયુષ્ય તો જન્મ સમયે અથવા પર ભવમાંથી છૂટો થવાના સમયે હોય છે, ત્યાર બાદ તો ૧૦૦ વર્ષમાંથી સમય સમય ઓછો થતાં ૧ વર્ષનો થાય ત્યારે ૯૯ વર્ષનું આયુષ્ય બાકી રહ્યું. એ પ્રમાણે દર સમયે આયુષ્ય ઓછું થવા રૂપ મરણ પ્રતિ સમય થયા કરે છે, જેને શાસ્ત્રમાં **आवीचि मरण** કહ્યું છે. એ પ્રમાણે જીવ પ્રતિ સમય મરણ પામવા છતાં એ મરણને જોતોએ નથી ને તેનો વિચાર પણ કરતો નથી. પરન્તુ મરવાની છેલ્લી ઘડી સુધી પણ મોહ માયાથી ઘેલો બનેલો સંસારી જીવ આ મારી સ્ત્રી, આ મ્હારો પુત્ર, આ મ્હારો સોનાનો ખજાનો, આ મ્હારાં રત્ન, આ મ્હારૂં ધન, આ મ્હારો ભાઈ, આ મ્હારૂં ઘર, આ મ્હારો બાગ બગીચો, આ મ્હારા સેવક, આ મ્હારા હાથી, આ મ્હારા ઘોડા, આ મ્હારી મૉટર, આ મ્હારી બ્હેન, આ મ્હારો

જમાઇ, ઇત્યાદિ રીતે દર વખતે મ્હારૂં મ્હારૂં ને મ્હારૂં જ જોયા (બોલ્યા, માન્યા) કરે છે. પરન્તુ એ નિર્ભાગી જીવ એમ નથી જોતો કે આ મ્હારૂં મરણ, આ મ્હને બાળવાનાં લાકડાં, આ મ્હને બાળનારો અગ્નિ, આ મ્હારૂં સૂઈ જવાનું સ્મશાન ઇત્યાદિ પ્રતિકૂળ વસ્તુઓનો લગાર પણ વિચાર કરતો નથી. આ શ્લોકમાં મોહ (મમતા) ને લઈને જીવ કેવા વિચાર કરે છે તે બીનાને સ્પષ્ટ જણાવી છે. તેનું રહસ્ય એ છે કે–"હું" એટલે આ દુકાન મ્હેલ લક્ષ્મી વિગેરેનો માલીક હું છું. આ પુત્રાદિ પરિવાર '**મારો**' છે. એમ "**હું અને મારૂં**" આ મોહ રાજાનો મંત્ર છે એમાં '**अहं–मम**' આ ચાર અક્ષરો છે. અનાદિ કાલથી મોહ રાજાને ચારિત્ર રાજાની સાથે લડાઇ ચાલ્યા કરે છે. પોત પોતાનું લશ્કર (પક્ષ) વધારવાને માટે મોહ-રાજા–મોહ પમાડનારા સ્ત્રી વિગેરે સાધનોને દેખાડીને સંસારી જીવોને મોહ પમાડે છે. અને ચારિત્ર રાજા ચારિ-ત્રનો મહિમા સમજાવીને ઘણા ભવ્ય જીવોને પોતાના પક્ષમાં ખેંચે છે. અને કહે છે કે મોહની જાળમાં ફસાશો નહિ. મોહના જ પાપે તમારે અત્યાર સુધી ઘણા દુર્ગતિના દુઃખો ભોગવવા પડયા છે. માટે એનો વિશ્વાસ રાખશો નહિ. મોહ રાજાએ ઉપર જણાવેલો ચાર અક્ષરોનો મંત્ર જપીને જગતને આંધળું બનાવ્યું છે. તે મંત્રને જીતનારો "**नाहं, न मम**" આ પાંચ અક્ષરનો મંત્ર છે. આનો અર્થ એ થાય છે કે હું ઘર વિગેરે પદાર્થોનો માલીક નથી અને ધન વિગેરે ક્ષણિક વસ્તુઓ મારી નથી. કારણ કે હું

જન્મતાં સાથે લાવ્યો નથી, ને પર ભવ જતાં સાથે લઇ જવાનો પણ નથી. પરભવમાં ગયા પછી તે પદાર્થો યાદ પણ આવતા નથી. આ મંત્રનો વારંવાર જાપ કરવાથી અંધાપો નાશ પામે છે. પરિણામે જીવો દેખતા થાય છે. મોહ રાજાએ ચાલાકી એ વાપરી છે કે શસ્ત્ર પ્રયોગ કરવામાં ઘણો ટાઇમ લાગે. માટે મંત્ર જાપથી જીવોને અંધ બનાવી દીધા. પણ ચારિત્ર રાજાના સમાગમથી તે મંત્રને જીતનારો મંત્ર મળ્યો, તેનો જાપ કરીને દેખતા થયેલા જીવો મોહ-મમતાનો સંગ છોડીને આત્મહિત કરીને અક્ષય સુખવાળા મોક્ષને પામ્યા. આ બીનાને ધ્યાનમાં રાખીને ભવ્ય જીવોએ મમતાદિ દોષનો ત્યાગ કરવો, ગુણોનો સંચય કરીને આત્મા રૂપી સુવર્ણને ઉજ્વલ બનાવવું જોઈએ. એમ આ શ્લોકમાંથી લેવા લાયક હિત શિક્ષા જાણવી. ૩૦

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં કોઇ પુરૂષ પોતાનો મરણ કાળ ઘણો નજીક આવ્યો જાણીને કઇ રીતે બહુ ખેદ કરે છે તે વાત સ્પષ્ટ જણાવે છે—

३ २ ४ ५ १ ६
कष्टोपार्जितमत्र वित्तमखिलं, द्यूते मया योजितं ।
१० ९ ७ ८ १२ ११
विद्या कष्टतरं गुरोरधिगता, व्यापारिता कुस्तुतौ ॥
१३ १४ १५ १६
पारंपर्यसमागतश्च विनयो, वामेक्षणायां कृतः ।
२२ २३ २१ २४ २० १९ १७ १८
सत्पात्रे किमहं करोमि विवशः, कालेऽद्य नेदीयसि ॥३१॥

**कष्टोपार्जितं**=દુ:ખે કરીને (દુ:ખો ભોગવીને) મેળવેલું
**अत्र**=અહિં
**वित्तं**=ધન
**अखिलं**=સઘળું, બધું
**द्यूते**=જુગાર (રમવા) માં
**मया**=મેં
**योजितं**=જોડયું, વાપરી દીધું
**विद्या**=વિદ્યા
**कष्टतरं**=ઘણાં કષ્ટ વેઠીને
**गुरोः**=ગુરૂ પાસેથી
**अधिगता**=મેળવી
**व्यापारिता**=વાપરી, જોડી
**कुस्तुतौ**=અસભ્ય સ્તુતિ ગર્ભિત કાવ્યો બનાવવામાં, અથવા ખોટી પ્રશંસાઓ કરવામાં
**पारंपर्यसमागतश्च**=તથા ગુરૂ પરંપરાથી મેળવેલો
**विनयः**=વિનય
**वामेक्षणायां**=સુંદર નેત્રવાળી સ્ત્રીઓના ભોગોમાં (ભોગને માટે ખુશામત કરવામાં)
**कृतः**=કર્યો
**सत्पात्रे**=સત્પાત્રમાં
**किम्**=શું
**अहं**=હું
**करोमि**=કરી શકું
**विवशः**=પરાધીન બનેલો
**काले**=કાળ, મરણ (આવ્યે છતે)
**अद्य**=આજ
**नेदीयसि**=નજીક

સંયમાદિક સાધનારા પાત્ર ઉત્તમ જાણીએ,
ત્રણ ભેદ તેના રત્ન પાત્ર સમા જિનેશ્વર ધારીએ;
મુનિરાજ કંચન પાત્ર જેવા હોંશથી નિત સેવીએ,
રૂપ્ય પાત્ર સમા વ્રતી તે શ્રાવકો સંભારીએ. ૧૫૭

રૂચિધરા છે તામ્રભાજન જેહવા ના ભૂલીએ,
અનુક્રમે ચઢતા ઉતરતા ત્યાં ધનાદિક યોજીએ;
દ્રવ્ય ખરચી દેવ પૂજત બિંબ શ્રેષ્ઠ ભરાવતા,
જિન મંદિરો બંધાવતા દ્રષ્ટાંત પ્રાચીન ભાવતા. ૧૫૮

પાંચ ભૂષણ જાળવી ભોજ્યાદિને વ્હોરાવતા,
જ્ઞાનાદિ સાધન મુનિવરોને શ્રાદ્ધ હોંશે આપતા,
દ્રવ્યાદિને સંભારતા ને પાંચ દૂષણ ટાળતા;
વાત્સલ્ય પણ વ્રતી દર્શનીનું પૂર્ણ રંગે સાધતા. ૧૫૯

વિદ્યા વિનયથી મેળવેલી શ્રેષ્ઠ પાત્ર વિષે ઠવે,
કાચા ઘડા જેવા કુપાત્રે ના કદી વિદ્યા ઠવે;
બેઉ વિણસે એહથી શુભ પાત્રમાં વિનયી બને,
એમ કરતા સફલ ધનને જ્ઞાન ગુણ ને વિનયને. ૧૬૦

ભૂલનારા મોહથી પણ એમ પસ્તાવો કરે,
જુગારમાં કષ્ટે લહ્યું ધન મેં ગુમાવ્યું સવિ અરે;
ગુરૂથી લહેલું કષ્ટ વેઠી નાણ સ્વાર્થ પ્રસિદ્ધિને,
પામવાને વાપર્યું ક્રમથી મળેલા વિનયને. ૧૬૧

સ્ત્રી સાધવાને વાપર્યો ધન બોધ વિનય સુપાત્રમાં,
જોડયા નહી આવ્યો નજીક આ કાળ નહિ એ જાણમાં;
સ્વાધીનતા ભાગી હવે સત્પાત્રમાં શું વાપરૂં,
પ્હેલાં નહી ચેત્યો અરે તો એમ પસ્તાવો કરૂં. ૧૬૨

દ્યૂતથી દુખિયા થયેલા નૃપ નલાદિક જાણીએ,
કુસ્તુતિથી ભાટ જેવા લોકમાં પંકાઇએ;
દુર્ગતિ સ્ત્રીના વિનયથી નિશ્ચયે આ તત્ત્વને,
ધારી હૃદયમાં સફલ કરીએ બુદ્ધિથી દ્રવ્યાદિને. ૧૬૩

અક્ષરાર્થ—ઘણાં દુઃખ વેઠીને મેળવેલું ધન જુગારમાં

ગુમાવી દીધું, ગુરૂ પાસેથી મહા કાળે મેળવેલી વિદ્યા ખરાબ પ્રશંસા કરવામાં ( બિભત્સ કવિતાઓ બનાવવામાં અથવા ખોટી પ્રશંસાઓ કરવામાં ) વાપરી, અને ગુરૂ પરંપરાગતથી મેળવેલો વિનય સ્ત્રી ( ની ખુશામત કરવા ) માં કરી બતાવ્યો, હવે મરણ કાળ નજીક આવ્યો ત્યારે પરાધીન બનેલો હું સત્પાત્રમાં શું કરી શકું? એટલે ખેદની વાત એ છે કે હું મરતી વખતે કંઈ પણ સારૂં કામ કરી શકતો નથી. ૩૧

**સ્પષ્ટાર્થ**—કોઇ એક પુરૂષ યુવાવસ્થામાં ઘણું ધન કમાયો પણ તેણે જુગારીઓની સોબત લાગવાથી જુગારી બનીને સર્વ માલ મિલકત જુગારમાં ઉડાવી દીધી. તથા એ જ પુરૂષે વિદ્યાભ્યાસ પણ ઘણો કર્યો, પરન્તુ એ વિદ્યાભ્યાસનો ઉપયોગ શૃંગારી કવિતાઓ અને સ્તુતિગર્ભિત કાવ્યો બનાવી પોતે શૃંગાર રસિક બન્યો અને બીજાઓને પણ શંગાર રસમાં ઉશ્કેર્યા, તથા રાજા મહારાજાઓ જેવાનાં ખોટી પ્રશંસાનાં કાવ્યો બનાવી તેમને રીઝવવા લાગ્યો.તેમજ શૃંગારી (એટલે સ્ત્રી પ્રેમી) હોવાથી પોતાની સ્ત્રી રીસાઇ જાય ત્યારે તેનો પ્રેમ મેળવવા અને પારકી સ્ત્રીઓના પ્રેમ મેળવવા ખાતર ઘણા ઘણા કાલાવાલા આજીજી કરી બહુ નમ્રતા દેખાડવામાં વિનયનો ઉપયોગ કર્યો. પછી જ્યારે એ પુરૂષ મરણ પથારીએ પડયો ત્યારે તે આ પ્રમાણે પોતાની ભૂલોની બાબતમાં બહુ પસ્તાવો કરે છે કે અહો મેં મુર્ખાએ યુવાનીનાં ધન વિદ્યા વિનયનો કેવો દુરૂપયોગ કર્યો? જુગારમાં સર્વ મિલકત ઉડાવી દીધી. વિદ્યાનો ઉપયોગ બિભત્સ વિલાસી કાવ્યો બનાવવામાં ને ખોટી પ્રશંસાઓમાં કર્યો, અને બધો વિનય સ્ત્રીની પાસે જ કરી બતાવ્યો, પરન્તુ સત્પાત્રમાં એક પાઇ

પણ ખરચી નહિં, સદ્ગુરૂની કે દેવની સ્તુતિ પણ કરી નહિ, ને દેવ ગુરૂનો વિનય પણ કર્યો નહિં. હવે મરણને પરવશ એવો હું અત્યારે શું કરી શકું? અહિં ગ્રન્થકાર કવિનો આશય એ છે કે સમજુ જનોએ સત્પાત્રમાં દાનાદિક જે કંઈ કરવાનું હોય તે મરણથી ચેતીને પ્રથમ જ કરી લેવું, કારણ કે મરણ નજીક આવ્યે કંઈ બની શકતું નથી. ધર્મનાં કાર્ય કાલે કરવાનાં હોય તો આજે અને આજે કરવાનાં હોય તો અત્યારે જ કરી લેવાં જોઇએ ૩૧

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં કોઇ વૈરાગ્યવંત પુરૂષ દૈવને શ્રાપ આપતા કોઇ જીવને ઉપદેશ કરે છે કે હે ભવ્ય જીવ! કર્મને શ્રાપ ન આપતાં દૈવને શ્રાપ આપે છે એ તારી મૂઢતા છે, તે વાત જણાવે છે—

૪ ૨ ૬ ૫ ૩ ૯ ૭ ૮ ૧૦
**आत्मा यद्विनियोजितो न विनये, नोग्रं तपः प्रापितो।**
૧૨ ૧૧ ૧૩ ૧૪ ૧૫ ૧૭ ૧૬
**न क्षान्त्या समलंकृतः प्रतिकलं सत्येन न प्रीणितः ॥**
૨૧ ૨૦ ૨૪ ૨૩ ૨૨ ૧૯ ૧૮
**तत्त्वं निंदसि नैव कर्महतकं, प्राप्ते कृतांतक्षणे ।**
૨૭ ૨૮ ૧ ૨૬ ૨૮ ૨૯ ૩૦ ૨૫
**दैवायैव ददासि जीव? नितरां, शापं विमूढोऽसि रे ॥ ३२ ॥**

**आत्मा**=આત્મા (જીવ)
**यद्**=જે
**विनियोजितः**=જોડયો
**न**=નહિ
**विनये**=વિનયમાં
**न**=નહિ
**उग्रं तपः**=ઉગ્ર તપને
**प्रापितः**=પમાડયો
**क्षान्त्याः**=ક્ષમા વડે
**समलंकृतः**=શોભાવ્યો

प्रतिकलं=દરેક શબ્દમાં
सत्येन=સત્ય વડે, સાચું બોલવા વડે
प्रीणितः=પ્રસન્ન કર્યો
तत्=તે
त्वं=તું
निंदसि=નિંદતો
नैव=નથીજ
कर्महतकं=નીચ કર્મ (કામ) ને
प्राप्ते=પ્રાપ્ત થયે, આવ્યો ત્યારે
कृतांतक्षणे=કાળ (મૃત્યુ) નો સમય
दैवाय एव=દૈવને જ
ददासि=આપે છે
जीव=હે જીવ!
नितरां=અત્યન્ત, ઘણો
शापं=શ્રાપ
विमूढः=મૂઢ
असि=તું છે
रे=અરે (આ ખેદને સૂચવનારો શબ્દ છે.

હે ભવ્ય જીવ! તેં વિનયમાં જોડયો ન તારો આતમા,
તીવ્ર તપ ગુણવંત ન કર્યો ન ધરી ભૂષણ ક્ષમા;
ના દીપાવ્યો ખૂશ ન કર્યો સત્ય વચનો ઉચ્ચરી,
મરણ સમયે પાપ કૃત ના નિંદતો ઠીક ના જરી. १६४

ને દીએ છે શાપ અતિશય તેહથી તું મૂઢ છે,
એમ માનું વિનય તપ સત્ય ક્ષમા સુખકાર છે;
જેહવું કરીએ લહીએ તેહવું હિત વચન એ,
ચિત્ત ધારી આત્મહિત કર સાધનોને સેવીએ. १६५

અક્ષરાર્થ—હે જીવ! ત્હેં આત્માને વિનયમાં જોડયો નહિં, ઉગ્ર તપ કર્યું નહિં, ત્હારા આત્માને ક્ષમા રૂપી ઘરેણાં વડે શોભાવ્યો નહિ, દરેક શબ્દે સાચું બોલી સંતોષ પમાડયો નહિ, અને હવે જ્યારે મરણનો સમય આવ્યો

ત્યારે મૂળ કારણભૂત એવા હત્યારા કર્મની નિન્દા ન કરતાં ફક્ત દૈવને જ શ્રાપ આપે છે, અરે! મને લાગે છે કે તું મૂઢ (મુર્ખ છે.) ૩૨

સ્પષ્ટાર્થ—જગતમાં લગભગ ઘણાંએ જીવો એવા હોય છે કે જ્યારે કંઇ દુઃખ માથે આવી પડે અથવા મરણ સમય નજીક આવે ત્યારે હે દૈવ! તેં આ શું કર્યું? મેં ત્હારો શો અપરાધ કર્યો હતો? વિગેરે પ્રકારે ફક્ત દૈવને જ ઓલંભા (ઠપકા) આપે છે, પરન્તુ એ દુઃખો કે મરણની ઉત્પત્તિ શાથી થઇ? આ રીતે દુઃખ વિગેરેના મૂળ કારણને શોધતા નથી. કવિ કહે છે કે એ બધાંનું મૂળ કારણ પૂર્વ-ભવમાં અથવા આ ભવમાં કરેલા કર્મ જ છે, તે પાપ કર્મને જ ઓલંભો આપવો જોઇએ. કારણ કે પાપ કર્મના ઉદયથી આત્મા અવિનયી ક્રોધી જૂઠો અને તેવા બીજા પણ દુર્ગુણવાલો બને છે. અને એ અવિનયથી ક્રોધથી અને જૂઠું બોલવાથી તથા તેવા બીજા પણ પાપ કરવાથી માથે અનેક આફતો આવી પડે છે, અને આખી જીંદગી દુઃખમાં જાય છે, પછી જ્યારે મરણ આવે છે ત્યારે તે દુઃખ અને મરણના મૂળ કારણ અસાતા વેદનીય વિગેરે કર્મને ઓલંભો ન આપતાં હે દૈવ! તેં મરણ કેમ આપ્યું? એમ કહી દૈવને શ્રાપ આપે છે, પરન્તુ વર્તમાન સ્થિતિના કારણ ભૂત કર્મોદયનો વિચાર કરતો નથી, જેથી ગ્રન્થકાર કવિ અહિં જીવને ઉપદેશ આપે છે કે તેં પાપ કર્મના ઉદયથી અભિમાની બની આત્માને નમ્રતાવાળો ન બનાવ્યો, ક્રોધી બનીને આત્માને ક્ષમા ગુણથી શોભાવ્યો નહિ અને જૂઠા બોલો થયો પણ સત્ય ભાષણથી

થતા આનંદને તેં ભોગવ્યો નહિ અને હવે મરણ વખતે દૈવને શ્રાપ શું કામ દે છે! ત્હારાં પૂર્વ ભવનાં કરેલાં કર્મોની નિન્દા કર, કારણ કે એ બધામાં મૂળ કારણભૂત ત્હારાં પાપ કર્મ છે એમ કહી દૈવને શ્રાપ ન આપતાં કર્મની જ નિન્દા કરવી જોઇએ એ આ શ્લોકનું રહસ્ય છે. ૩૨

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં દુનિયાની એક ઈન્દ્રજાળનું સ્વરૂપ જણાવે છે—

૩ ૪ ૧ ૫ ૬
**बालो यौवनसंपदापरिगतः, क्षिप्रं क्षितौ लक्ष्यते ।**
૯ ૭ ૮ ૧૦ ૧૧
**वृद्धत्वेन युवा जरापरिणतो, व्यक्तं समालोक्यते ॥**
૧૨ ૧૪ ૧૫ ૧૩ ૧૮ ૧૭ ૧૬
**सोऽपि क्वापि गतः कृतान्तवशतो, न ज्ञायते सर्वथा ।**
૨૨ ૨૧ ૧૯ ૨૦ ૨૬ ૨૩ ૨૪ ૨૫ ૧
**पश्यैतद्यदि कौतुकं किमपरैस्तैरिन्द्रजालैः सखे ? ॥३३॥**

**बालः**=બાળક
**यौवनसंपदा**=જુવાનીની શોભા વડે, યુવાવસ્થા વડે
**परिगतः**=પ્રાપ્ત થયેલો; પામેલો
**क्षिप्रं**=શીઘ્ર, જલ્દી
**क्षितौ**=પૃથ્વીમાં; જગતમાં
**लक्ष्यते**=દેખાય છે
**वृद्धत्वेन**=ઘડપણ વડે
**युवा**=જુવાન પુરૂષ
**जरापरिणतो**=ઘડપણને પામેલો
**व्यक्तं**=સ્પષ્ટ; નજરોનજર
**समालोक्यते**=દેખાય છે
**सोऽपि**=તે પણ
**क्वापि**=ક્યાંય પણ
**गतः**=ચાલ્યો ગયો
**कृतान्तवशतः**=કાળના વશથી
**न ज्ञायते**=જણાતું નથી
**सर्वथा**=કોઈ પણ રીતે
**पश्य**=જો
**एतद्**=આ

यदि कौतुकं=જો કૌતુક (જોવાનું મન) થતું હોય તો
किं=શું
अपरैः=બીજું
तैः=તે
इन्द्रजालैः=ઈન્દ્રજાળો વડે
सखे=હે મિત્ર !

કોઈ વૈરાગી કહે નિજ મિત્રને હિત બુદ્ધિથી,
હે મિત્ર ! બીજા ઈંદ્રજાલો દેખવા લાયક નથી;
એ બગાડે દેહ ધનને હું જ દેખાડું તને,
હોય કૌતુક જો તને તો દેખ તેવી જાલને. ૧૬૬

એક પ્હેલાં હોય બાલક લઈ જુવાની દીપતો,
શીઘ્ર જગમાં તે જણાએ અવસરે ઘરડો થતો;
મરણ પામી ક્યાં જતો રજ જાણમાં પણ નાવતો,
ભવ્ય જીવ આ જોઇ સ્વપ્ને પણ પ્રમાદી ના
થતો. ૧૬૭

**અક્ષરાર્થ:**—હે મિત્ર! ત્હને જો ઈન્દ્ર જાળ જોવાનું કૌતુક હોય તો આ જગતની ઇન્દ્રજાળ જો, કે જેમાં ન્હાનો બાળક હોય તે શીઘ્ર યૌવન સંપદાને પામેલો દેખાય છે, એટલે યુવાન થાય છે. વળી એ જ યુવાન જલદી વૃદ્ધાવસ્થા પામીને સ્પષ્ટ રીતે ઘરડો દેખાય છે. વળી તે ઘરડો થઇને પણ કાળના વશથી પછી ક્યાં ચાલ્યો જાય તે બિલકુલ જણાતું નથી. આ ઇન્દ્રજાળ છોડીને બીજી ઈન્દ્રજાળોમાં હે મિત્ર! શું જોવાનું છે? (અર્થાત્ બીજી માયાજાળોમાં કંઇ જોવાનું નથી) ૩૩

સ્પષ્ટાર્થ—કોઈ વૈરાગી પુરૂષ ખેલ તમાસા જોવાના શોખીન એવા પોતાના મિત્રને શીખામણ આપે છે કે હે મિત્ર! તને તમાસા જોવાનો બહુ શોખ છે, તેથી તું દરરોજ નાટક સીનેમા જોવા જાય છે, જાદુગરોના જાદુ ખેલ જોવા જાય છે ને ઉજાગરા કરી શરીર બગાડી પૈસા ખોટે માર્ગે વેડફી (ખરચી) નાખે છે, પરન્તુ એ નાટક ભવાઈઓ રામ-લીલાઓ ને જાદુગરીઓ બધી બહારની છે, દુનિયાને ઠગીને પૈસા પડાવવાની ચાલબાજી છે. ખરૂં નાટક ખરી ભવાઇ ખરી જાદુગરી ને ખરી રામલીલા તો આ સંસારમાં આપણી પોતાની જ ખરી રીતે જોવાની છે. તું વિચાર તો કર કે નાટક વિગેરેમાં જેમ એક ઍક્ટર ઘડીમાં સ્ત્રી બની તેજ ઍક્ટર ઘડીમાં રાજા બને છે, તે ઘડીમાં ભિખારી બને છે, એમ વેષ અદલબદલ કર્યા કરે છે, તેમ સંસારી જીવ સંસાર રૂપી થિએટરમાં જન્મ લઇ ન્હાનો બાળક બને છે. ત્યારબાદ એ જ બાળક થોડા વખત બાદ જુવાન બને છે, અને એ જ જુવાન થોડા વખત બાદ બુઢ્ઢો બની જાય છે, અને બુઢ્ઢો બનીને પછી થોડા વખતમાં મરણ પામી મડદું બની જાય છે. પછી તે ક્યાં ગયો તેના પણ ખબર પડતી નથી. માટે આવી દુનિયાની સાક્ષાત્ ઇન્દ્રજાળ આપણે પોતે જ બતાવી રહ્યા છીએ તો પછી બીજી બનાવટી ઇન્દ્રજાળો એટલે નાટક વિગેરે તમાસાઓ જોવાનું કામ શું ? પોતાની જ ઇન્દ્રજાળ કેવી છે તે તો જુઓ. એ પ્રમાણે ગ્રન્થકાર કવિએ મિત્રને ઉપદેશના રૂપમાં આ દુનિયાનેજ ઇન્દ્રજાળ સરખી કહી બતાવી છે. આમ કહેવાનો મુદ્દો એ છે કે, જગતમાં જે જે

ફેરફાર દેખાય છે તે પોતાના કર્મને લઇને જ બને છે, એમ સમજીને ભવ્ય જીવોએ ધર્માનુષ્ઠાનની સાધના કરવી, અને કર્મબંધના કારણોથી અલગ રહેવું. જેથી સંસાર સમુદ્રનો પાર પામી શકાય. ૩૩

**અવતરણ**—હવે કવિરાજ આ શ્લોકમાં કર્મની વિચિત્ર લીલા સમજાવે છે—

२ ३ १ ५
**द्वारं दंतिमदप्रवाहनिवहैर्येषामभूत्पंकिलं ।**
११ १२ १३ ८ ९ १० ६ ७
**ग्रासाभाववशान्न संचरति यद्रंकोऽपि तेषां पुरः ॥**
१६ १९ १८ १७ २१ २० १५
**येऽभूवन्विमुखाः स्वकुक्षिभरणे, तेषामकस्मादहो ।**
२३ १४ २५ २२ २६ २४ २७ २८
**या च श्रीरिह दृश्यतेऽतिविपुला तत्कर्मलीलायितम् ॥३४॥**

**द्वारं**=દરવાજા; દરબાર; બારણું
**दंतिमदप्रवाह**=હાથીના ઝરતા મદના રેલાઓના
**निवहैः**=સમૂહ વડે
**येषां**=જેઓનું (ના, નો)
**अभूत्**=થતું હતું
**पंकिलं**=કાદવવાળું
**ग्रासाभाववशात्**=ખાવાના ધાન્યનો પણ અભાવ હોવાથી; ખાવાને ધાન્યનો કોળીઓ પણ નહિ હોવાથી
**न संचरति**=જતો નથી
**यत्**=જે
**रंकोऽपि**=ગરીબ ભીખારી પણ
**तेषां**=તેઓની
**पुरः**=આગળ
**ये**=જેઓ
**अभूवन्**=હતા
**विमुखाः**=વિમુખ, અસમર્થ
**स्वकुक्षिभरणे**=પોતાનું પેટ ભરવામાં

तेषां=તેવાઓને
अकस्मात्=એકદમ
अहो=આશ્ચર્યની વાત છે કે
या च=વળી જે
श्री=લક્ષ્મી
इह=અહિં
दृश्यते=દેખાય છે
अतिविपुला=ઘણી વિશાળ
तत्=તે
कर्मलीलायितम्==કર્મની જ લીલા (પ્રભાવ, પ્રતાપ) છે.

અજબ લીલા કર્મની પ્રત્યક્ષ જગમાં દીસતી,
પુણ્ય ઉદયે જેમની પાસે અખૂટ લક્ષ્મી હતી;
સાહિબીમાં પૂર્ણતા તિમ જેમના દરબારમાં,
હોઇ કરિ પર સ્વાર મળવા આવતા બહુ ઠાઠમાં. ૧૬૮

હસ્તિ કેરા મદ જલે દરબાર કેરૂં આંગણું,
પંક વાળું થતું હતું પણ ભાગ્ય પલટયું તેમનું;
પાપ ઉદય ફરી વળ્યો સાંસા પડ્યા ખાવા તણા,
રંક પણ મળવા જતા ના માન છે લક્ષ્મી તણા. ૧૬૯

જે હતા અસમર્થ ભરવા પેટ પણ પોતાતણું,
આશ્ચર્ય એ જે તેમને આવ્યું અચિંત્યું ધન ઘણું;
પુણ્યનો જ પ્રતાપ એ ચિત કર્મ ફલને પામીએ,
વાવીએ જેવું લણીએ તેહવું ના ભૂલીએ. ૧૭૦

સંસાર થીએટર વિષે રંગો વિવિધ પલટાય છે,
અજ્ઞ જન આશ્ચર્ય પામે જ્ઞાનથી સમજાય છે;

કર્મ હોવે જો નિકાચિત તો બધાએ અનુભવે,
હાય વોય કર્યે ન ખસતા છૂટકારો ભોગવે. ૧૭૧

તીર્થપતિ મુનિ ઈંદ્ર ચક્રી ભૂપ સુખીયા શેઠિયા,
રંક જડ કદરૂપ નોકર તિમ નીરોગી પ્રાણિયા;
રોગવંતા મલ્લ દુર્બલ બુદ્ધિમંતા પ્રાણિયા,
કર્મ રૂપી દોરડાએ સર્વ જીવો તાણિયા. ૧૭૨

કર્મ ફલને અનુભવે પ્રભુ આદિ મલ્લિ જિનેશ્વરા,
પ્રભુ પાસ વીર ભરત નરેસર બાહુબલિ બલ આકરા;
બ્રહ્મદત્ત સુભૂમ પાંડવ રામ લક્ષ્મણ રાવણે,
તિમ જરા કુંવરે ત્રિપુષ્ઠે પાર્વતીએ ઇશ્વરે. ૧૭૩

કુલવાલુઆએ નંદિષેણે આર્દ્રકુંવર મહાબલે,
તેમ મલયાસુંદરી શ્રીપાલ માતાએ અરે;
કર્મ વશ સુખ દુઃખ લહ્યા કર્મો કરંતા ચેતીએ,
કર્મ ફલના ભોગ કાલે હર્ષ શોક ના ધારીએ. ૧૭૪

પૂજ્ય જંબૂ વજ્ર સ્વામી શાલિભદ્ર વખાણિએ,
દેવકીના પુત્ર થાવચ્ચા સુદર્શન વંદીએ:
શિવ કુંવર સ્થૂલિભદ્ર ગજ તિમ અવંતી સુકુમાલ એ,
અતિમુક્ત મેઘ સનત્કુમારાદિક સુકૃત ઘર
માનીએ. ૧૭૫

પ્રભુ વીરને દઇ દાન ઉલ્લાસે જ સુલસા રેવતી,
જિન નામ બાંધે બારમા જિન ભાવ રાખીને અતિ;
કળથી દઇ મુનિરાજને ધન સારથે મુનિ દાનથી,
તેહ બાંધ્યું નેમિનાથ થયા વિદિત શુભ શીલથી. ૧૭૬

સાર્થપતિ ધન્નો દીએ ઘી આદિ પ્રભુજી તે થતા,
અતિમુક્ત હોવે કેવલી ઇરિયાવહી પ્રતિક્રામતા;
કેવલી ઢંઢણ થયા શુભ ભાવ મોદક ચરતા,
ગુરૂ પ્રહાર સહી સુભાવે શિષ્ય કેવલ પામતા. ૧૭૭

ભરત નાટક કરત ભાવે મુનિ અષાઢા કેવલી,
મુનિરાજ કૂરગડુ ક્ષમા ગુણથી હુવા ઝટ કેવલી;
ક્રોધ છોડી પ્રસન્નચંદ્ર મુનીશ હોતા કેવલી,
હોય એલાપુત્ર ભાવે માષતુષ મુનિ કેવલી. ૧૭૮

શુભ અશુભ ફલ પામનારા એહ દૃષ્ટાંતો મને,
રાખતાં શુભ હેતુ સેવો પૂર્ણ ધારી હર્ષને;
દેશથી કે સર્વથી પણ હોય જેથી નિર્જરા,
તેહ કારણ સેવનારા પુણ્યવંતા જન ખરા. ૧૭૯

અક્ષરાર્થ—જેઓનાં ઘરના બારણાં મ્હેલાં (સારી સ્થિતિમાં) હાથીઓના ઝરતા મદના પ્રવાહથી કાદવ વાળા થતા હતા, તેઓને (પાપ કર્મના ઉદયથી, હાલ) ખાવાના અન્નનો પણ અભાવ થઇ જવાથી કોઇ ભીખારી પણ

તેઓની આગળ માગવા આવતો નથી, અને આશ્ચર્ય છે કે જેઓ પોતાનું પેટ ભરવાને પણ અસમર્થ હતા તેઓની પાસે વળી ઘણી વિશાળ લક્ષ્મી દેખાય છે, અહો! એ સર્વ (બધી) કર્મની જ લીલા છે. ૩૪

**સ્પષ્ટાર્થ**—ગ્રન્થકાર કવિ આ શ્લોકમાં કર્મની વિચિત્ર લીલા જણાવે છે. જુઓ કર્મની લીલા કેવી છે. જે રાજા મહારાજા વિગેરે પૈસાદારના દરબારમાં મદ ભર્યા હજારો હાથીઓ ઝુલતા હતા, અને તે હાથીઓના ઝરતા મદના પાણીથી મ્હેલ-હવેલીનાં આંગણાંમાં કાદવ કીચડ થતો હતો, હજારો સેવકો ખમા ખમા કરતા, રત્નોનાં અને સોનાનાં આભૂષણો પણ ઢગલા ખડકાય એટલાં ખજાનામાં હતાં. આવી સ્થિતિવાળા છતાં પણ ખેદની વાત છે કે જ્યારે પાપ કર્મનો ઉદય થાય છે ત્યારે એ બધી સાહિબી જોત જોતામાં ચાલી જતાં પેટ ભરવાના પણ સાંસા પડે છે, અને આવા જીવોને એક ટંક પૂરતું પણ ખાવાનું મળતું નથી. ફાટયું કપડું પણ મળવાની મુશ્કેલી હોય છે, આવા પ્રસંગે હાલ નિર્ધન થઈ ગએલા એવા તેઓની પાસે ભીખારી પણ માગવા જતો નથી. એવી ભિખારી હાલત વાળાને પણ જ્યારે કોઇ અકસ્માત રીતે પુણ્ય કર્મનો ઉદય પ્રગટ થાય છે ત્યારે અણધારી અથાગ લક્ષ્મી મળી આવે છે. ઓચિંતા રાજવૈભવ પ્રાપ્ત થઈ જાય છે. જુઓ શ્રીપાલ મહારાજનો પિતા હયાત હતા તે વખતનો સુંદર વૈભવ કેવો હતો. પિતાના મરણ બાદ બાળ અવસ્થામાં જંગલમાં રખડતી માતાની દુર્દશા, કોઢીઆના ટોળામાં રોગી બનવું,

ત્યાર બાદ એકાએક રાજપુત્રી પરણવી ને ત્યાર બાદ નવ રાણીઓ સહિત રાજ વૈભવનું પ્રાપ્ત થવું. એ પ્રમાણે રાજ-વૈભવમાંથી ભિખારી જેવી હાલત થઇને પુનઃ રાજવૈભવ મળે એ કેવો વિચિત્ર બનાવ? ખરેખર આ બધા બનાવ બન-વામાં પૂર્વ ભવમાં બાંધેલા પાપ કર્મ અને પુણ્ય કર્મ જ કારણ છે બીજું કંઈ નથી. આ શ્લોકનું રહસ્ય એ છે કે મહા પુણ્યોદયે જૈનેન્દ્ર શાસનને પામેલા ભવ્ય જીવોએ આત્મદૃષ્ટિ તરફ લક્ષ્ય રાખીને કર્મનું સ્વરૂપ જરૂર વિચારવું જોઇએ. (૧) કર્મનું સ્વરૂપ કઇ રીતે વિચારવું? (૨) કર્મ બંધના કારણો વિસ્તારથી કયા કયા કહ્યા છે? (૩) તે કારણોથી કઇ રીતે કેવી ભાવનાથી બચી શકાય? (૪) આ આત્મા કર્મના સ્વરૂપને યથાર્થ જાણે છે એમ શાથી જાણી શકાય? (૫) છ એ લેશ્યાનું સ્વરૂપ શું? (૬) દરેક લેશ્યાવાળા જીવોનું સ્વરૂપ શું (૭) સાત સાધનોથી આયુષ્ય ઘટે છે તે કયા કયા? (૮) તેમાં દરેક સાધનથી કોનું કોનું આયુષ્ય ઘટયું? આ આઠે પ્રશ્નોના વિસ્તારથી સ્પષ્ટ જવાબ મેં શ્રી સંવેગમાલામાં અને શ્રી શ્રાવક ધર્મ જાગ-રિકામાં આપ્યા છે. તે જાણવાની ઇચ્છા વાલા ભવ્ય જીવોએ તે બંને ગ્રંથો જરૂર મનન કરવા જોઇએ. ધન્ય છે જૈનેન્દ્ર શાસનને, અને ધન્ય છે તે શાસનને પામેલા પુણ્યશાલી ભવ્ય જીવોને. તથા જેઓ નિર્મલ ભાવથી તેની નિર્દોષ સેવના કરી રહ્યા છે, તેઓ તો વિશેષે કરીને ધન્યવાદને પાત્ર હોય, એમાં નવાઇ શી? આવા ભવ્ય જીવો શ્રી જૈના-ગમના પ્રતાપે જ કર્મના સ્વરૂપને જાણે છે, હૃદયમાં ઉતારે

છે, કર્મ બાંધતાં સાવચેતી રાખીને જેથી કર્મ બંધ ન થાય અથવા ઓછો થાય, તેવી પ્રવૃત્તિ કરે છે. જૈનાગમ જ કર્મના સ્વરૂપને સંપૂર્ણ રીતે જણાવી શકે છે. કારણ કે તે આગમોના કહેનારા પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય શ્રી તીર્થંકર દેવો છે. તે તારક પ્રભુ દેવોની વાણીને શ્રી ગણધર ભગવંતે અંગ સૂત્રોમાં જણાવી દીધી. તેમાં દૃષ્ટિવાદના અંગ ભૂત કર્મ પ્રવાદમાં બહુ જ વિસ્તારથી જણાવી હતી, તેમાંથી ઉદ્ધાર કરીને શ્રી ચંદ્રમહત્તરાદિ મહા પુરૂષોએ પંચસંગ્રહ કર્મપ્રકૃતિ કર્મગ્રંથ વિગેરે ગ્રંથોમાં સ્પષ્ટ રીતે જણાવી હતી. તે ગ્રંથો દ્વારા હાલ પણ કર્મ સ્વરૂપને જાણી શકાય છે. આવા ગ્રંથોમાંથી સાર લઇને બાલ જીવોના ઉપકારને માટે ટૂંકામાં કર્મ સ્વરૂપ જણાવીએ છીએ. તે આ પ્રમાણે—

(૧) રાજા અને રંકમાં (૨) બુદ્ધિમાન અને જડ પુરૂષમાં (૩) રૂપવંતમાં અને કુરૂપ પુરૂષમાં (૪) ધનવાનમાં અને નિર્ધનમાં (૫) બલવંતમાં અને દુર્બલ પુરૂષમાં (૬) નીરોગ (આરોગ્યવંત) પુરૂષમાં અને રોગથી રીબાતા પુરૂષમાં (૭) સુભગ (બધાને વ્હાલો લાગે એવા) રૂષમાં અને તેથી ઉલટા સ્વરૂપવાળા ( જોનારને અળખામણો લાગે એવા ) પુરૂષમાં મનુષ્યપણું તો એક સરખું જોઈએ છીએ, છતાં (૧) એક માણસ રાજા થઈને રાજ્યઋદ્ધિ વિગેરે રાજવૈભવ ભોગવી રહ્યો છે, અને બીજો માણસ રાંક જેવો દેખાય છે, તેમજ (૨) એક માણસ તીવ્ર બુદ્ધિશાલી ( શ્રી અભયકુમાર મંત્રીની જેવો ) હોય છે અને બીજો માણસ નિર્બુદ્ધિ હોય છે. (૩)

એક માણુસ ઉત્તમ રૂપવંત હોય છે અને બીજો માણુસ કદરૂપો ( દેખાવમાં ખરાબ આકૃતિવાળો ) દેખાય છે. (૪) એક માણુસની પાસે ઘણી લક્ષ્મી હોય છે. જેના પ્રતાપે રહેવાને સુંદર બગીચાથી શોભાયમાન મ્હેલ હોય છે, પ્હેરવાને રેશમી લૂગડાં મળે છે, ખાવાને મન ગમતાં સુંદર સ્વાદિષ્ટ ભોજન પામે છે. ત્યારે બીજો માણુસ નિર્ધન હોવાથી તેને રહેવાને ઝુંપડીનું પણ ઠેકાણું હોતું નથી. પ્હેરવાને લૂગડાં અને ખાવાને પેટ પૂરતું અનાજ પણ મળી શકતાં નથી. (૫) એક માણુસ "દયાળુ સ્વભાવ, શ્રી જિનપૂજા વિગેરે ધાર્મિક ક્રિયા કરનારા ભવ્ય જીવોને યથાશક્તિ મદદ દેવી" વિગેરે કારણોથી વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ કરીને અપૂર્વ પૌદ્‌ગલિક શક્તિ ગુણ પામેલ હોવાથી મહા બલવંત ( પરાક્રમી ) દેખાય છે અને બીજાને વીર્યાન્તરાય કર્મનો ઉદય ચાલુ હોવાથી તે શક્તિહીન (દુર્બલ) દેખાય છે. (૬) એક માણુસ ક્ષય ભગંદર કોઢ વિગેરેની તીવ્ર વેદના ભોગવી રહ્યો છે. અને બીજા માણુસને એમાંનું કંઇ પણ દેખાતું નથી. એટલે 'લગાર માથું દુખવા આવે' એટલી પણ પીડા હોતી નથી. અહીં યાદ રાખવું કે અશાતા વેદનીયના ઉદયથી જીવને દુઃખ ભોગવવું પડે. અને શાતા વેદનીયના ઉદયથી સુખ ભોગવાય. આ પ્રમાણે જે બબ્બે વ્યક્તિમાં તફાવત (રૂપ કાર્ય) દેખાય છે, તેનું કોઈ પણ કારણ હોવુંજ જોઇએ. કારણકે ન્યાય એમ સ્પષ્ટપણે જાહેર કરે છે કે કારણ વિના કાર્ય થઇ શકે જ નહિ. જેવું કારણ હોય તેવુંજ કાર્ય હોઇ શકે. લીંબડાનું બી વાવ્યું હોય, તેમાંથી શેલડીનો સાંઠો થાયજ

નહિ. કારણકે શેલડીનું કારણ તે છેજ નહિ. ઉપર જણાવેલી બીનામાં જૈનદર્શન એમ જણાવે છે કે કર્મના પ્રભાવે તે બધું બને છે. જ્યારે કર્મ સાબીત થયું, તો તેને લઈને જીવ પણ સાબીત થઈ શકે છે. કારણકે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગથી જે કરાય તે કર્મ કહેવાય, આમાં સમજવાનું એ કે કર્ત્તા વિના ક્રિયા થઈ શકે જ નહિ. અને તે દેહધારીજ હોવો જોઇએ. દેહ વિનાનો માણુસ કરી શકેજ નહિ, વસ્તુ-સ્થિતિ આમ હોવાથી ઈશ્વરને કર્ત્તા તરીકે માની શકાય જ નહિ. આ બીનાને અંગે નીચે જણાવેલો શ્લોક ટેકો આપે છે. તે આ પ્રમાણે—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

क्ष्माभृद्रङ्ककयोर्मनीषिजडयोः सद्रूपनीरूपयोः ।
श्रीमद्दुर्गतयोर्बलाबलवतोर्नीरोगरोगार्त्तयोः ॥
सौभाग्यासुभगत्वसंगमजुषोस्तुल्येऽपि नृत्वेऽन्तरं ।
यत्तत्कर्मनिबंधनं तदपि नो जीवं विना युक्तिमत् ॥ १ ॥

(આ શ્લોકનો સ્પષ્ટાર્થ ઉપર જણાવી દીધો છે.)

બીજા શાસ્ત્રોમાં આ કર્મને અદૃષ્ટ કહીને વર્ણવ્યું છે, તેઓ એમ કહે છે. ૧ દેવ (૨) મનુષ્ય (૩) તિર્યંચ (૪) નારક આ બધામાં આત્માપણું તો એક સરખી રીતે રહ્યું છે, છતાં એક જીવ દેવ પણે ઉપજે, બીજો મનુષ્ય થાય, ત્રીજો તિર્યંચ થાય, અને ચોથો નારક થાય, આવી વિચિત્રતા (જૂદું જુદું સ્વરૂપ) જેને લઈને થાય છે, તે કર્મ એવી બીજી

સંજ્ઞા (નામ)ને ધારણ કરાવનાર અદૃષ્ટનો પ્રભાવ જાણવો. આ કર્મ એક પ્રકારનું ન હોય, પણ (ચિત્ર એટલે) અનેક પ્રકારનું છે એમ શ્રી પંચસંગ્રહ વિગેરે અનેક કાર્મગ્રંથિક શાસ્ત્રોના આધારે કહી શકાય. આ બાબતમાં જુઓ સાક્ષિપાઠ-

**आत्मत्वेनाविशिष्टस्य, वैचित्र्यं तस्य यद्वशात् ॥**
**नरादिरूपं तच्चित्रमदृष्टं कर्मसंज्ञितम् ॥ १ ॥**

આ બાબતમાં પૌરાણિકો (પુરાણને માનનારાઓ) પણ આનાકાની કરતાજ નથી. તેઓ પણ એમ સ્પષ્ટ જાહેર કરે છે કે (૧) નિધાનમાં (ભંડારમાં) જેવા ક્રમે પદાર્થો ગોઠવ્યા હોય, તે ક્રમે હાથમાં આવે, તેમ કર્મના ફલની બાબતમાં પણ તેવું જ છે. એટલે જેવા જેવા કર્મ કર્યા હોય, તેને અનુસારે તેવી તેવી બુદ્ધિ (વિચાર) ઉદ્ભવે છે (થાય છે.) (૨) હે યુધિષ્ઠિર! મનુષ્યો જે પૂર્વે કરેલાં (પ્હેલાં બાંધેલા) કર્મ યાદ કરતા નથી તે દૈવ કહેવાય છે. એટલે કર્મના અદૃષ્ટ, દૈવ એ પર્યાયવાચક શબ્દો છે. એમાં અર્થભેદ લગાર પણ નથી. (૩) આપણી ઉપર રાજી થયેલા ભાઈબંધ દોસ્તદાર આપણું ભલું કરે છે, અને ક્રોધાયમાન થયેલા દુશ્મનો આપણું ભૂરૂં કરે છે, એમ માનવું એ ગેરવ્યાજબી છે. કારણકે આપણે જેવા કર્મ કરીએ તેવા ફલ પામીએ. કહેવત પણ એમ કહે છે કે "વાવે તેવું લણે, ને કરે તેવું પામે" આ બાબતમાં પુરાવા આ પ્રમાણે જાણવા.

**यथा यथा पूर्वकृतस्य कर्मणः,**
**फलं निधानस्थमिवावतिष्ठते ॥**

तथा तथा तत्प्रतिपादनोद्यता,
प्रदीपहस्तेव मतिः प्रवर्त्तते ॥ १ ॥

यद्यत्पुरा कृतं कर्म, न स्मरंतीह मानवाः ॥
तदिदं पाण्डवज्येष्ठ !, दैवमित्यभिधीयते ॥ २ ॥

मुदितान्यपि मित्राणि, सुक्रुद्धाश्चैव शत्रवः ॥
न हीमे तत्करिष्यंति, यन्न पूर्वं कृतं त्वया ॥ ३ ॥

( આ ત્રણે શ્લોકનો સ્પષ્ટાર્થ પ્હેલાં જણાવી દીધો છે )

બૌદ્ધ દર્શનને માનનારા જીવો પણ કર્મના ફલને જરૂર સ્વીકારે છે. બૌદ્ધે પોતાના ભિક્ષુઓ ( શિષ્યો ) ને કહ્યું કે-હે ભિક્ષુઓ ! આજથી એકાણુમા [1]કલ્પને વિષે મેં ભાલો મારીને એક પુરૂષને મારી નાંખ્યો હતો, તેનાથી જે કર્મ બંધાયું, તેના ઉદયથી ( ફલ રૂપે ) હાલ હું પગે વીંધાયો છું. આ બાબતમાં જુઓ પુરાવો આ પ્રમાણે છે.

इत एकनवतौ कल्पे, शक्त्या मे पुरुषो हतः ।
तेन कर्मविपाकेन, पादे विद्धोऽस्मि भिक्षवः ! ॥ १ ॥

જે પદાર્થમાં વર્ણ ગંધ રસ સ્પર્શાદિ ગુણો રહેલા હોય તે મૂર્ત્ત અથવા રૂપી કહેવાય, અને જેમાં વર્ણાદિ પૌદ્ગલિક ગુણો ન હોય, તે અમૂર્ત્ત અથવા અરૂપી કહેવાય.

---

૧ જૈનદર્શનમાં જેમ યુગ, પૂર્વ વિગેરે કાલના ભેદો જણાવ્યા છે, તેવો આ કાલ વિશેષ કહેવાય.

પ્રશ્ન—કર્મ મૂર્ત્ત છે કે અમૂર્ત્ત ?

ઉત્તર—કર્મ એ મૂર્ત્ત પદાર્થ છે. કારણ કે પૌદ્ગલિક પદાર્થ છે.

પ્રશ્ન—કર્મને અમૂર્ત માનીએ તો તેમાં વાંધો શો ?

ઉત્તર—કર્મને અમૂર્ત્ત ન માની શકાય, કારણ કે જો અમૂર્ત્ત માનીએ તો જેમ આકાશ વિગેરે અમૂર્ત્ત પદાર્થો આત્માને અનુગ્રહ ( લાભ ) અને ઉપઘાત ( ગેરલાભ ) ન કરી શકે, એમ કર્મથી પણ અનુગ્રહાદિ ન થવા જોઇએ, અને તેવા અનુગ્રહ વિગેરે તો પ્રત્યક્ષ દેખાય છે. તે આ પ્રમાણેઃ- શાતા વેદનીય કર્મના ઉદયથી જીવ સુખને અને અશાતાના ઉદયથી દુઃખને અનુભવે છે, એમ બીજા કર્મોમાં પણ સમજવું. આ બાબતમાં શ્રી વિશેષાવશ્યકમાં કહ્યું છે કે—

अन्ने उ अमुत्तं चिय, कम्मं मणंति वासणारूवं ॥
तं तु न जुज्जइ तत्तो, उवधायाणुग्गहाभावा ॥१॥
नागासं उवघायं, अणुग्गहं वावि कुणइ सत्ताणं ॥ इत्यादि ॥

આ કર્મ પ્રવાહ ( તમામ જીવ સમુદાય ) ની અપેક્ષાએ અનાદિ છે, એટલે જીવની સાથે તેનો સંબંધ અમુક ટાઇમે થયો, એમ ન કહી શકાય, માટે આદિ ( શરૂઆત ) વિનાનું કહેવાય, અને જો સાદિ માનીએ તો એમ થવું જોઇએ કે "પ્હેલાં જીવો કર્મોરહિત હતા, ને પછી અકર્મક જીવને કર્મનો સંબંધ થયો." આવું અકર્મકપણું સિદ્ધોમાં પણ

રહ્યું છે, તો તેમને પણ કર્મનો સંબંધ થવો જોઇએ, છતાં થતો તો નથી, અને જો એમ બને તો મુક્ત અને અમુક્તમાં ફરક શો ? આવો અનિષ્ટ પ્રસંગ થાય, માટે પ્રવાહની અપેક્ષાએ કર્મને સાદિ ન માનવું જોઇએ. કર્મ અનાદિ છે એમ કહ્યું એ વ્યાજબી છે. કહ્યું છે કે-" आणाइयं तं पवाहेणं "

પ્રશ્ન—એ પ્રમાણે જીવનો અને કર્મનો સંબંધ જો અનાદિ માનીએ તો તેનો વિયોગ શી રીતે થાય ?

ઉત્તર—ભલેને બંનેનો સંયોગ અનાદિ હોય, તો પણ સાધનને લઇને જીવ કર્મથી છૂટો થઇ શકે છે. આ બાબતમાં ખાણમાં રહેલા ( માટીમાં ભળેલા ) સોનાનું દૃષ્ટાંત યાદ રાખવા જેવું છે, તે આ પ્રમાણે:-- ખાણમાં સોનાનો અને માટી ( પત્થર ) નો સંબંધ અનાદિ કાલથી છે, છતાં તેને જો અગ્નિ દ્વારા ધમાવીએ તો તરત કિટ્ટી જૂદી પડી જાય, અને સોનું પણ અલગ થઇ જાય છે. અહીં જેમ ધમનાદિ સાધનથી સોનું પત્થરથી અલગ કરી શકાય છે, એમ ( સોના જેવો ) જીવ જ્ઞાન દર્શન ચારિત્ર ધ્યાન રૂપ અગ્નિ વિગેરે સાધનોની મદદથી ( પત્થર સમાન ) કર્મથી જૂદો થઇ શકે છે. આ બાબતમાં જુઓ પુરાવો આ પ્રમાણે છે. શ્રી વિશેષાવશ્યકની ૧૯૧૯ મી ગાથામાં કહ્યું છે કે—

जह इह य कंचणोवल-संयोगोऽणाइसंतइगओवि ॥
वुच्छिज्जइ सोवायं, तह जोगो जीवकम्माणं ॥१९१९॥

દશ દ્રષ્ટાંતે દુર્લભ એવા ઉત્તમ માનવ જીવનને પામીને

આપણે વિચારવું જોઇએ કે કયા ઉપાયોથી પહેલાં કહેલાં સ્વરૂપવાલા કર્મનો સંબંધ દૂર કરી શકાય ?

આ પ્રશ્નનો જવાબ એ છે કે શ્રી જૈનાગમમાં કહ્યું છે કે સર્વ વિરતિ દેશવિરતિ ઉપધાન પૌષધ વિગેરે ઉત્તમ સાધનોને પૂર્ણ ઉલ્લાસથી સેવનારા ભવ્ય જીવો કર્મનો સંબંધ જરૂર દૂર કરી શકે છે. તેવા કેટલાએક મહાપુરૂષોની ટૂંકી બીના આ પ્રમાણે જાણવી:—

૧. ભરત મહારાજા–અનિત્યભાવનાથી આરિસા ભુવનમાં કેવલ જ્ઞાન પામ્યા. આ વખતે તેમની ઉંમર ૮૩ લાખ પૂર્વ જેટલી વીતી ગઇ હતી, કેવલી થયા બાદ એક લાખ પૂર્વ સુધી કેવલીપણે વિચરી ઘણાં જીવોને મુક્તિમાર્ગના મુસાફર બનાવી સિદ્ધ થયા. તેમનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું. બ્રાહ્મી સુંદરીનું પણ તેટલું જ આયુષ્ય હતું. એમ શ્રી સમવાયાંગ સૂત્રમાં કહ્યું છે. આ પ્રસંગે યાદ રાખવું કે જ્યારે શ્રી ઋષભપ્રભુની ઉમ્મર ૭ લાખ પૂર્વ પ્રમાણ થઇ ત્યારે ભરત ચક્રવર્ત્તિનો જન્મ થયો હતો. પાંચસો ધનુષ્ય પ્રમાણ દેહવાળા તે ભરત મહારાજા ૭૭ લાખ પૂર્વ સુધી કુમારપણે રહ્યા. આ સીત્તોતેર લાખ પૂર્વ સાબીત કરવા માટે યુક્તિ એ છે કે શ્રી ઋષભદેવ પ્રભુની ઉંમર જ્યારે ૬ લાખ પૂર્વની થઈ ત્યારે ભરત મહારાજાનો જન્મ થયો. અને તે પ્રભુની ૮૩ લાખ પૂર્વની ઉંમર જ્યારે થઇ ત્યારે ભરત મહારાજા ચક્રવર્તી થયા અને પ્રભુદેવે દીક્ષા લીધી. તેથી ૮૩ માંથી ૬ બાદ કરવાથી ૭૭ લાખ આવે છે. ત્યાર બાદ ભરતમહારાજા ૧

હજાર વર્ષ સુધી મંડલિક રાજાપણે રહ્યા. ત્યાર બાદ છ ખંડને સાધવામાં ૬૦ હજાર વર્ષ ગયા અને જેમાં એક હજાર વર્ષ ઓછા છે એવા ૧૨ લાખ પૂર્વ સુધી ચક્રવર્ત્તિપણામાં રહ્યા. આના અંત ભાગમાં કેવલી થઇ ઘણો કાલ પૃથ્વી તલ ઉપર વિચરી છેવટે સિદ્ધ થયા એ વાત પહેલાં પણ કહી છે. વિશેષ બીના શ્રી ભાવના કલ્પલતામાંથી તથા શ્રી દેશના-ચિંતામણિમાંથી જોઇ લેવી.

૨. ઢંઢણમુનિ-પ્રભુશ્રી નેમિનાથના તે શિષ્ય હતા. મોદકનો ચૂરો કરતાં શુભ ભાવના વધતા કેવલી થયા. ૩ ચંડરૂદ્રાચાર્યના શિષ્ય-ગુરૂના પ્રહારને ક્ષમા રાખી સહન કરતાં શુભ ભાવનાથી કેવલી થયા. કેવલીને ખમાવતાં ગુરૂમહારાજ પણ કેવલજ્ઞાન પામ્યા. ૪ અષાઢામુનિ—ભરત મહારાજાનું નાટક કરતાં શુભ ભાવનાએ કેવલી થયા. ૫ મુનિ કૂરગડુ-ક્ષમા ગુણથી કેવલી થયા. ૬ પ્રસન્નચંદ્ર રાજર્ષિ-ક્રોધનો ત્યાગ કરી કેવલી થયા. ૭. એલાપુત્ર-વસંતપુર નગરમાં નાટક કરતાં શુદ્ધ ભાવનાએ કેવલી થયા. ૮ માષતુષમુનિ-સ્થિરતા સમતા વિગેરે ગુણોથી કેવલજ્ઞાન પામ્યા. ૯. ખંધક સૂરિના પાંચસો શિષ્યો-ઘાણીમાં પીલનારા પાલકની ઉપર સમતાભાવ રાખતાં કેવલી થયા. ૧૦. સુકોશલ મુનિ -કીર્ત્તિધર મુનિ-પેટ ખાતી વાઘણની ઉપર સમતા ભાવ રાખી કેવલી થયા. ૧૧. મહાબલ કુમાર-લાકડાં ગોઠવીને પોતાને બાળતી કનકવતીની ઉપર સમતા ભાવ રાખતાં કેવલી થયા. ૧૩. ગજસુકુમાલ-સોમિલ બ્રાહ્મણના ઉપસર્ગને સહન કરી કેવલી થયા. ૧૪. શ્રી અતિમુક્ત મુનિવર-ઇરિયાવહી

પ્રતિક્રમતાં કેવલી થયા. ૧૫. દરરોજ સાત હત્યા કરનાર અર્જુનમાલી ક્ષમા ગુણથી કેવલી થયા ૧૬. ચિલાતી પુત્ર–સુસમાનું મસ્તક હાથમાં લઇને ચાલ્યો જાય છે. રસ્તામાં મુનિએ કહેલા ઉપશમ વિવેક સંવર આ ત્રણ પદનો વિચાર કરતાં સન્માર્ગને સાધી સુખિયા થયા. ૧૭. મુનિપતિ મહારાજ–અગ્નિનો ઉપસર્ગ સહીને સદ્‌ગતિના સુખ પામ્યા. ૧૮. અવંતિ સુકુમાલ–નલિની ગુલ્મ અધ્યયન સાંભળી સંયમ સાધીને નલિની ગુલ્મ વિમાનમાં દેવતાઇ સુખ પામ્યા. ૧૯ જંબૂસ્વામી–નવાણું ક્રોડ સોનૈયા તથા આઠ નારીનો ત્યાગ કરી સંયમ લઈને મુક્તિના સુખ પામ્યા. ૨૦ શ્રી વજ્રસ્વામિજી–બાલ્ય વયમાં સંયમની સાધના કરી આત્મહિત કર્યું. એક કરોડ સોનૈયા સાથે રૂકિમણી કન્યાને દેતાં શેઠને સમજાવી રૂકિમણીને સાધ્વી બનાવી. શ્રી વજ્રસ્વામિજીનો જન્મ. વી૦ નિ૦ સં૦ ૪૯૬ માં થયો હતો. તેજ સાલમાં તેમના પિતા ધનગિરિજીએ દીક્ષા લીધી હતી. તેમની (વજ્ર૦ ની) દીક્ષા વી૦ નિ૦ સં૦ ૫૦૪ માં, અને ૫૧૬ માં આચાર્ય પદવી અને ૫૪૮ માં યુગ પ્રધાન પદવી થઈ હતી. તેમણે સં૦ ૫૭૮ માં શ્રી શત્રુંજયનો ઉપદ્રવ દૂર કર્યો. તેમજ જાવડશાની પાસે તેમણે શ્રી શત્રુંજયનો ઉદ્ધાર કરાવ્યો. વી૦ નિ૦ સં૦ ૫૮૪ માં રથાવર્ત્ત ગિરિની ઉપર અનશન કરી સ્વર્ગે ગયા. યાદ રાખવું કે વીર સંવતમાં અને વિક્રમ સંવતમાં ૪૭૦ વર્ષનો ફરક છે. અને ઇસ્વી સનમાં તથા વિક્રમ સંવતમાં ૫૬ છપ્પન્ન વર્ષનો ફરક છે. ૨૧ શાલિભદ્રે–બત્રીસ સ્ત્રીઓ અને દેવતાઈ ઋદ્ધિનો ત્યાગ કરી સંયમ સાધીને

સર્વાર્થસિદ્ધિ વિમાનની દેવ ઋદ્ધિ મેળવી ૨૨. તેમના બનેવી ધન્નાજી- ૮ સ્ત્રીઓએ હસતાં હસતાં કહ્યું કે જો સંયમ લેવું સ્હેલ હોય, તો તમે કેમ લેતા નથી. તેજ વખતે આઠે સ્ત્રીઓનો એક સાથે ત્યાગ કરી દીક્ષા લઇને શુદ્ધ રીતે પાળીને દેવ થયા. ૩૪

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં મરણ પામ્યા પછી જીવની સાથે પુણ્ય ને પાપ એ બે જ વસ્તુ જાય છે બીજું કંઈ પણ જીવ સાથે લઇ જતો નથી તે વાત જણાવે છે—

૬ ૫ ૮ ૬ ૧૦ ૯ ૭ ૧

**नाऽपत्यानि न वित्तानि, न सौधानि भवंत्यहो ।**

२ ३ १२ ११ ४

**मृत्युना नीयमानस्य, पुण्यपापे परं पुरः ॥ ३५ ॥**

**न**=નહિ, નથી
**अपत्यानि**=પુત્ર પુત્રીઓ
**वित्तानि**=ધન સંપત્તિઓ
**सौधानि**=ઘર, બંગલા
**भवन्ति**=થાય, થતા
**अहो**=આશ્ચર્યની વાત છે કે
**मृत्युना**=મૃત્યુ વડે
**नीयमानस्य**=પરભવમાં લઇ જ-વાતા (જતા) જીવની
**पुण्यपापे**=પુણ્ય ને પાપ
**परं**=પરન્તુ, પણ
**पुरः**=આગળ થનાર, સાથે આવ-નાર

**સંસારી જન ચિંતા કરે પુત્રાદિની ને દ્રવ્યની,**
**મ્હેલ બાગ બનાવવાની પણ કરે ના મૃત્યુની;**
**જેહ જન્મ્યા તેહ મરશે આયુ નિજ પૂરૂં થતાં,**
**પુત્રાદિ ધન પ્રાસાદ સાથે નાવતા પરભવ જતાં. ૧૮૦**

પુત્રાદિ કાજે પાપ કરતા વિવિધ સંસારી જનો,
ધન લાભ રક્ષણ પ્રમુખ માંહી ક્લેશ અનુભવતા ઘણો;
મજબૂત પાયો મ્હેલનો નંખાવતા તિમ અન્યને,
બતલાવતા રાજી થતા સુણી અન્યના સ્તુતિ
વચનને. ૧૮૧

પુત્રાદિ સઘલા દ્રવ્યને પ્રાસાદને પણ ભોગવે,
પણ પાપ ફલને એક કરનારા મનુષ્યો અનુભવે;
પાપનો ક્ષય થાય જેથી તેહ કાર્યો સાધીએ,
કર્મફલને અનુભવંતા ધૈર્ય ન કદી ગુમાવીએ. ૧૮૨

અક્ષરાર્થ—અહો! ઘણા આશ્ચર્યની વાત છે કે મૃત્યુ જ્યારે જીવને બીજા ભવમાં લઇ જાય છે ત્યારે આ ભવમાં કરેલાં પુણ્ય અને પાપ એ બે જ જીવની આગળ થાય છે. (જીવની સાથે જાય છે) પરન્તુ અહિં મેળવેલા પુત્રાદિ પરિવાર ઘણી ઋદ્ધિ અને બાંધેલી હવેલીઓ વિગેરેમાંનું કંઇ પણ આગળ થતું નથી એટલે સાથે જતું નથી; (પણ અહિં ને અહિં જ પડયું રહે છે.) ૩૫

સ્પષ્ટાર્થ—જગતના જીવો પોતાનું સઘળું જીવન ધન દોલત મેળવવા અને સ્ત્રી પુત્ર વિગેરે પરિવાર પાછળ ગાળે છે, મોટાં મોટાં મકાનો-બિલ્ડિંગો બાંધે છે, સુંદર બાગબગીચા બનાવે છે. એ બધું મેળવતી વખતે અને તેનો ક્ષણિક ઉપભોગ કરતી વખતે એમ જ સમજે છે કે જાણે

આ બધું મ્હારૂં પોતાનું છે, ને મારી પાસે જ કાયમ રહેવાનું છે, અને એ સર્વ વૈભવો મેળવવામાં લાગેલાં-બાંધેલાં પાપ કર્મનો વિચાર સરખો પણ કરતો નથી. મ્હારૂં મ્હારૂં કરીને મેળવેલ વૈભવો કેટલાકને તો જીવતાં જ ફના થઇ જાય છે, અને મરણ વખતે તો શરીર પણ છોડીને જવાનું છે તો વૈભવોમાંનું સાથે શું આવવાનું છે? કદાચ સાથે આવે તો શ્મશાન સુધી ખોખરી હાંલ્લી, બાળી મૂકવાનાં લાકડાં, વાંસની ઠાઠડી અને ઓઢાડેલું ખાંપણનું કપડું. આ સિવાય બીજાં ઘરબાર અને માલ મિલ્કત વિગેરે તો શ્મશાન સુધીએ આવવાના નથી. ત્યારે હવે પરભવ જતાં સાથે આવનાર કોણ? તે જ ગ્રન્થકાર કવિ આ શ્લોકમાં જણાવે છે કે જીવે આ ભવમાં જે પાપ કર્યાં હશે અને પુણ્ય કર્મ કર્યાં હશે તે જ સાથે આવશે, અર્થાત્ પાપી જીવની સાથે પાપ આવશે ને પુણ્યશાળી જીવની સાથે પુણ્ય આવશે. માટે અહિં ઉપદેશ એ છે કે ભવ્ય જીવે આ ભવમાં પુણ્ય કર્મો જ ઉપાર્જન કરવાં કે જેથી પરભવમાં સુલભબોધિ થવાય અને આર્ય ક્ષેત્રાદિ મોક્ષના સાધનો મળે. પુણ્ય અને પાપના પણ બે બે ભેદ છે. એટલે (૧) પુણ્યાનુબંધિ પુણ્ય (૨) પાપાનુબંધિ પુણ્ય. (૩) પુણ્યાનુબંધિ પાપ. (૪) પાપાનુબંધિ પાપ. આનું સ્પષ્ટ સ્વરૂપ શ્રી ભાવના કલ્પલતામાંથી જાણી લેવું. અહીં કવિ શિખામણ આપે છે કે પુત્રાદિ પરિવારની બાબતમાં પણ પ્રભુ શાસન રસિક ભવ્ય જીવોએ નિર્લેપ પણું જરૂર રાખવું જોઇએ. અને આત્મદૃષ્ટિ ન ભૂલવી

જોઇએ. કારણ કે ખરૂં સમ્યગ્દૃષ્ટિપણું તે પ્રમાણે વર્ત્ત-વાથી જ શોભે છે. સમ્યગ્દૃષ્ટિ જીવો એ વાત જરૂર યાદ રાખે છે કે સંસારમાં સૌ સ્વાર્થનાં જ સગાં છે. જ્યાં સુધી સ્વાર્થ સિદ્ધિ ન થઇ હોય, ત્યાં સુધી ઉપરની દૃષ્ટિથી જ (દેખાડવા માત્ર) માંહો માંહે લાગણી જણાવાય છે. આ સ્વાર્થિપણાની બાબતને સ્પષ્ટ સમજાવવાને મેં શ્રી દેશના ચિંતામણિના પ્હેલા ભાગમાં એક ડોશીનું દૃષ્ટાંત જણાવ્યું છે. તે ત્યાંથી જોઇ લેવું. તથા નિર્ભાગી જીવને ધન મળ-વાના પ્રસંગે પણ દુર્બુદ્ધિ જાગે છે. તે બાબતમાં એક નાનકડું દૃષ્ટાંત આ પ્રમાણે જાણવું. વિમાનમાં બેસીને વિદ્યા-ધર અને તેની સ્ત્રી ચાલ્યા જાય છે. નીચેના ભાગમાં ચાલ્યા જતા એક ગરીબને જોઇને વિદ્યાધરની સ્ત્રી પોતાના પતિને કહે છે કે આ ગરીબનું ભલું કરો, એને કંઇ દાન દઇને સુખી કરો. વિદ્યાધર કહે હું તારા કહેવા મુજબ કરવા તૈયાર છું, પણ તેના ભાગ્યમાં લક્ષ્મી નથી. વિદ્યાધરની સ્ત્રી કહે તમારે દાન દેવું નથી માટે, આમ બોલો છો. સ્ત્રીના આ વચન સાંભળીને વિદ્યાધરે જે રસ્તે તે ગરીબ માણસ ચાલ્યો આવે છે તેના આગલના ભાગમાં એક ઘરેણું મૂક્યું. આમ કરવામાં વિદ્યાધર પોતાની સ્ત્રીને એ જણાવવા માગતો હતો કે અનુક્રમે આ ગરીબ માણસ ચાલતો ચાલતો ઘરેણાંની પાસે આવશે અને તે લઇ લેશે. અને સ્ત્રીની આગળ મારી કંજૂસાઇ નહિ ગણાય પણ બન્યું એવું કે પેલા ગરીબ માણસને ઘરેણાંની નજીક આવ્યા પહેલાં જ એવો વિચાર આવ્યા કે 'આંધળા કેમ

ચાલતા હશે?' આ વિચારે તે આંખ મીંચીને ચાલવા લાગ્યો. તેવામાં ઘરેણું પાછળ રહી ગયું અને પોતે આગળ ચાલ્યો ગયો. આ બનાવ દેખાડીને વિદ્યાધરે સ્રીને સાબીત કરાવી દીધું કે સદ્‌બુદ્ધિ અને લક્ષ્મી બંને ભાગ્યને આધીન છે. આ લક્ષ્મી તો વિનશ્વર છે. અને અહીં જ રહેવાની છે. ઉત્તમ ચારિત્રાદિ ભાવ લક્ષ્મીથી જ મોક્ષના સુખ મળી શકે છે. કવિએ અહીં મ્હેલનું નામ આપ્યું છે તે એમ જણાવે છે કે મોહ વશ સંસારી જીવો ગંભીરમાં ગંભીર ભૂલ કરી રહ્યા છે. ધનને ઠેકાણે પાડવા માટે જ્યારે મહેલ બંધાવે છે, ત્યારે બહુ જ કાળજી રાખીને પાણી છાંટી મ્હેલનો મજબૂત પાયો નાંખે છે. પછી તે અનુક્રમે તૈયાર થાય, ત્યારે બંધાવનાર માલીક તેને જોઇ જોઇને રાજી થાય છે, કંઇ ભૂલ ચૂક રહી ગઇ છે કે નહિ? તેનો નિર્ણય કરવા બીજાને બતાવે છે, પણ તે જોવા આવનારા તેના જેવા જ બીન અનુભવી ખુશામતીયા હતા તેથી 'હે શેઠ! તમે મ્હેલ બહુ જ સારો બંધાવ્યો છે' એમ કહીને ચાલ્યા જતા હતા, ને શેઠ પ્રશંસા સાંભળીને મનમાં ફૂલાઇ જતા હતા. એક વખત શેઠજી એક મહાત્માને મકાન બતાવવા માટે બહુ જ વિનંતિ કરીને લાવ્યા, મહાત્મા આવ્યા. શેઠે મ્હેલની બધી બીના જણાવી પણ મહાત્મા કંઈ બોલતા નથી. ત્યારે શેઠ કહે છે કે, કેમ મહારાજ! કંઈ બોલો તો ખરા. બહુ જ આગ્રહ કર્યો ત્યારે મહાત્માએ એ ધનઘેલા જીવના હિતની ખાતર જણાવ્યું કે હે શેઠ! તું એમ કહે છે કે, આનો પાયો મજબૂત નાંખ્યો છે, પણ તેં તારા

પાયાનો વિચાર કર્યો ? આ મ્હેલને દરવાજો મૂક્યો એ ઠીક નથી કર્યું. કારણ કે એક દિવસે એજ દરવાજેથી તારા કુટુંબીઓ તને કાઢીને શ્મશાનમાં લઇ જશે, હે શેઠ! કંઇ સમજો ? શા માટે માયામાં ફૂલાઓ છો ? ખરો મ્હેલ તો મોક્ષ છે, તેને મેળવવા પ્રયત્ન કરો, અમે નિઃસ્પૃહી છીએ માટે જ તમારા ભલાને માટે સત્ય માર્ગ જણાવીએ છીએ. સરખે સરખા આશાના ગુલામ જીવો સાચી બીના કહી શકે જ નહિ. આ બીનાને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ આત્માના દોષોને દૂર કરવા અને મોક્ષ માર્ગને સાધીને સિદ્ધિના સુખ મેળવવા જોઇએ. એ આ શ્લોકનું રહસ્ય છે. ૩૫

**અવતરણ**—હવે ગ્રંથકાર કવિ આ શ્લોકમાં ધર્મનાં કાર્ય જેમ બને તેમ જલ્દી કરી લેવાં જોઇએ, કારણ કે શુભ કાર્યો મુલતવી રાખવામાં વચમાં કાળ આવીને ક્યારે ઝડપી જશે તેની કોઇને ખબર નથી. તે વાત જણાવે છે–

૧ ૪ ૩ ૫ ૨
ब्रूतेऽहंकृतिनिग्रहं मृदुतया पश्चात्करिष्याम्यहं ।
૭ ૬
प्रोद्यन्मारविकारकंदकदनं पंचेन्द्रियाणां जयात् ॥
૧૦ ૯ ૮
व्यामोहप्रसरावरोधनविधिं सद्ध्यानतो लीलया ।
૧૭ ૧૮ ૧૬ ૧૧ ૧૨ ૧૩ ૧૫ ૧૪
नो जानाति हरिष्यतीह हतकः, कालोऽन्तराले किल
॥ ३६ ॥

ब्रूते=કહે છે
अहंकृति=અહંકારને
निग्रहं=નિગ્રહ, જય
मृदुतया=નમ્રપણા વડે
पश्चात्=પછી
करिष्यामि=કરીશ
अहं=હું
प्रोद्यत्=ઉગતા
मारविकार=કામદેવના વિકાર
૩૫
कंद्=અંકુરાનું
कदनं=વિનાશ
पंचेन्द्रियाणां=પાંચ ઇન્દ્રિયોના
जयात्=વિજયથી
व्यामोह=મોહના
प्रसर=ફેલાવાને
अवरोधनविधिं=અટકાવવાનું કાર્ય
सध्ध्यानतो=શ્રેષ્ઠ ધ્યાનથી
लीलया=લીલા માત્રમાં; રમત માત્રમાં, જોત જોતામાં
नो जानाति=જાણતો નથી
हरिष्यति=હરી લેશે, ઉપાડી જશે
इह=અહિં
हतकः=હત્યારો
कालः=કાળ
अन्तराले=વચમાં
किल=નિશ્ચય

અજ્ઞાનથી ને મોહથી સંસારી જન ઇમ બોલતા,
હું પછી જીતીશ મદને શ્રેષ્ઠ ધારી નમ્રતા;
પાંચ જીતી ઇંદ્રિયોને સર્વ કામ વિકારને,
રોકીશ ધ્યાને જોત જોતાં મોહ કેરા વેગને. ૧૮૩

શેખચલ્લીના વિચારો એમ કરતો જાય છે,
ત્યાં અચાનક કાલ તેને ઝટ ઉપાડી જાય છે;
હે જીવ! તેવું તું કરીશ ના સ્વપર હિતને સાધજે,
સમતા ક્ષમા નિજ ગુણ રમણતા ચિત્તમાં નિત રાખજે. ૧૮૪

**અક્ષરાર્થ**—જગતના વ્યવસાયમાં ગુંથાયલો મનુષ્ય કહે છે કે હું નમ્રતા રૂપી શસ્ત્ર વડે અહંકારનો વિજય પછી કરીશ, તથા પાંચે ઇન્દ્રિયોનું દમન કરી કામદેવના વિકારોના ઉગતા અંકુરાઓનો નાશ પાછળથી (અમુક મુદત બાદ) કરીશ, તેમજ નિર્મળ ધ્યાન વડે મોહના ફેલાવાને અટકાવી દેવાનું કામ પણ પાછળથી કરીશ. ( એ પ્રમાણે ધર્મનાં કામ કાળ વિલંબે કરવાનું કહે છે ) પરન્તુ એ જાણતો નથી કે આ જગતમાં હત્યારો કાળ આવીને મ્હને વચમાંથી જ ઉપાડી જશે .૩૬

**સ્પષ્ટાર્થ**—દુનિયાના વ્યવહારોની જાળમાં ગુંથાયલો મનુષ્ય ઘણીવાર એમ વિચારે છે કે આ સંસારની માયા જાળ છોડવા લાયક છે ને દેવગુરૂની ભક્તિ, ધર્મનાં અનુષ્ઠાન વિગેરે સાધનોને સેવીને પર ભવનું ભાતુ બાંધીએ, પરન્તુ આ વખતે આ કામ અધૂરૂં છે તે પૂરૂં કરી લઉં ને આ આ વખતે આ કામ અધૂરૂં છે તે પૂરૂં કરી લઉં, ત્યાર બાદ ગુરૂદેવનો વિનય કરી નમ્રતાથી અહંકાર શત્રુ જીતીશ, પાંચ ઇન્દ્રિયોનું દમન કરી ઉગતા કામ વિકારોના અંકુરાનો નાશ કરી શૃંગારી વિલાસોનો ત્યાગ કરીશ અને નિર્મળ ધર્મ ધ્યાન તથા શુકલ ધ્યાનથી મોહનો ફેલાવો અટકાવી મારા આત્માનું કલ્યાણ કરીશ. એમ વિચારમાં ને વિચારમાં પોતાના જીવનનો ઘણો ખરો કાળ વીતાવી દે છે અને ઓચિંતો કાળ આવીને ઉપાડી જાય છે એટલે આઉખુ પૂરૂં થતાં પર ભવમાં જવું પડે છે, ને કામ તો સર્વ અધૂરાં ને અધૂરાં પડયાં રહે છે, એવા વિચારમાં ને વિચારમાં અચાનક

ઝડપાઇ જતા પુરૂષોને ઉદ્દેશીને અહિં કવિ ઉપદેશ આપે છે કે–હે ભાઈ! તું ધર્મ કરવાને માટે તારીખો ઉપર તારીખો નાખ્યે જાય છે પણ વિચાર તો કર કે કાળ ક્યારે આવીને ઝડપી લેશે તેની તને ખબર છે? અને દુનિયાનાં બધાં કામ પૂરાં કોઈએ કર્યાં છે? એ તો સદાકાળ અધૂરાં જ રહેવાનાં. માટે હે મનુષ્ય! તું ધર્મ કાર્ય કરવામાં એ રીતે કાળ વિલંબ કરીશ નહિ એ આ શ્લોકનું રહસ્ય છે. ૩૬

**અવતરણ**—જગતમાં મોટા મોટા સમર્થ પુરૂષો પણ કાળના ભોગ થઈ પડયા છે તો બીજા સાધારણ મનુષ્યોની શી વાત? તે સંબંધ ગ્રન્થકાર આ ગાથામાં જણાવે છે—

૬ ૧ ૨ ૪ ૩ ૫
**बद्धा येन दशाननेन नितरां, खट्वैक देशे जरा ।**
૧૧ ૭ ૧૨ ૯ ૮ ૧૦
**द्रोणाद्रिश्च समुध्धृतो हनुमता, येन स्वदोर्लीलया ॥**
૧૫ ૧૩ ૧૪ ૧૭ ૧૬ ૧૮
**श्रीरामेण च येन राक्षसपतिस्त्रैलोक्यवीरो हतः**
૨૧ ૨૦ ૨૨ ૨૪ ૨૩ ૧૯ ૨૮ ૨૭ ૨૬ ૨૫ ૨૯
**सर्वे तेऽपि गताः क्षयं विधिवशात्काऽन्येषु तद्भो कथा ॥३७॥**

बद्धा=બાંધી
येन=જે (જેણે)
दशाननेन=રાવણે
नितरां=અત્યન્ત
खट्वैकदेशे=ખાટલાના એક ભાગમાં (પાયે)
जरा=વૃદ્ધાવસ્થા
द्रोणाद्रिश्च=અને દ્રોણ પર્વતને
समुध्धृत=ઉખેડી નાખ્યો
हनुमता=હનુમાને
स्वदोर्लीलया=પોતાની ભુજલીલા વડે, ભુજાબળથી

**श्रीरामेण**=શ્રીરામે
**राक्षसपतिः**=રાક્ષસોનો પતિ, રાવણ
**त्रैलोक्यवीरः**=ત્રણ લોકમાં મહા શુરવીર
**हतः**=હણ્યો
**सर्वे**=સર્વ
**तेऽपि**=તે પણ, રાવણ હનુમાન ને રામ પણ
**गताः**=ગયા, પામ્યા
**क्षयं**=ક્ષય, વિનાશ, મરણ
**विधिवशात्**=કર્મના વશથી
**का**=શું
**अन्येषु**=બીજાઓની
**तद्**=તે
**भो**=હે જીવ !
**कथा**=વાત

પલંગ કેરા એક ભાગે બદ્ધ કરી જે રાવણે,
તે જરાવસ્થા બતાવી નિજ ભુજાની શક્તિને;
જેહ હનુમાને ઉખેડયો દ્રોણ ગિરિને ઝટ અને,
જેહ રામે શીઘ્ર માર્યો લોક વીર લંકેશને. ૧૮૫

કર્મ વશ તે સર્વજન પણ ક્ષીણ થઇ ચાલ્યા ગયા,
તો અપરની વાત શી ? બહુ ચેતનાર તરી ગયા;
હે જીવ ? જે છે સાધવાનું તેહને ઝટ સાધજે,
જિન ધર્મ સાધીને સધાવી સ્વપરનો તારક થજે. ૧૮૬

અક્ષરાર્થ—જે દશ મુખવાળા રાવણે જરાને (ઘડપણને) તો પલંગના પાયે બાંધી રાખી હતી. તથા જે વીર હનુમાને પોતાના ભુજ બળની લીલા વડે દ્રોણ નામના પર્વતને પણ ઉખેડી નાખ્યો, અને જે શ્રીરામે ત્રણ લોકમાં ઘણા શૂરવીર અને રાક્ષસોના રાજા એવા રાવણને હણી નાખ્યો, છતાં એ સર્વ શૂરવીરો વિધિના વશથી વિનાશ પામી ગયા

તો હે જનો! બીજા પામર જીવોની તો વાતજ શી કરવી? ૩૭

**સ્પષ્ટાર્થ**—લોકમાં કહેવાય છે કે રાવણને દશ મુખ હતાં, લંકાનો અધિપતિ ને રાક્ષસોનો રાજા, તેમજ ત્રણ લોકમાં એના બળની કોઇ તુલના ન કરી શકે એવો શૂરવીર હતો. જેણે ઇન્દ્ર ચન્દ્ર સૂર્ય વાયુને તો સેવક તરીકે રાખ્યા હતા. નવગ્રહને અને જરાને (વૃદ્ધાવસ્થાને) તો જેણે ખાટલાના પાયે બાંધી રાખ્યા હતા. વાયુ તો જેને ઘેર પાણી ભરતો હતો. તો હવે એ લોકની કહેવત પ્રમાણે વિચારીએ તો દુનિયામાં એ કેટલો જબરદસ્ત યોદ્ધો હશે? તેમજ હનુમાન કે જેનું બીજું નામ લોકમાં મહાવીર કહેવાય છે તે રામનો સેવક પણ એવો બળવાન હતો કે જેણે રામની સ્ત્રી સીતાનું અપહરણ કરનાર રાવણ સરખાની સભામાં ખળભળાટ મચાવી મૂક્યો હતો. રાવણની લંકાનગરી બાળી દીધી અને રામ રાવણના યુદ્ધ પ્રસંગે લક્ષ્મણ ઉપર રાવણે શક્તિ ફેંકી. તે પેટમાં પેસતાં તેને કાઢવા માટે અહલ્યા નામની ઔષધિ કોઇએ ઉપાય તરીકે બતાવી. તે દ્રોણ નામના પર્વતમાં છે, પરન્તુ તે ઔષધિ બધો વનસ્પતિઓમાં કઇ હશે? તેની ઓળખાણ ન હોવાથી લક્ષ્મણ પાસે આખો દ્રોણ પર્વતજ ઉખેડીને ઉંચકી લાવ્યો અને તે ઓળખનારે ઔષધિથી લક્ષ્મણને સાજા કર્યા, એ લૌકિક કથા પ્રમાણે વિચારતાં હનુમાન કેવો બળવાન! કે જેણે દ્રોણ પર્વતને પણ ઉખેડી નાખ્યો, તેમ જ દશરથ રાજાના પુત્ર શ્રી રામચંદ્ર તે પણ જગતમાં મહા બળવાન તરીકે પ્રસિદ્ધ છે કે જેણે પોતાની સ્ત્રી સીતાનું હરણ કરનાર રાવણ રાજાની સરહદમાં જઇ

રાવણુ સાથે યુદ્ધ કરી રાવણુને હણી સીતાને પાછી લાવ્યા. આ ઠેકાણે કવિ કહે છે કે એ સર્વના કરતાં કાળ કેટલો બળવાન ? કે જેણે એ ત્રણ ( અને એવા બીજા પણ અનેક ) બળવાનોને પણ વિનાશ કર્યો, જેથી અત્યારે જગતમાં એ સર્વ નામ માત્રથી રહી ગયા, પરન્તુ સાક્ષાત્ એ કે જણાતો નથી. એ પ્રમાણે જ્યારે મહા બળવાન કાળે એવા મહા-બળવાનોને પણ નાશ કર્યો ત્યારે સાધારણ મનુષ્યો જે તેઓની આગળ પામર જેવા બિચારા ગણાય તેનો નાશ કરે તેમાં શી નવાઇ ! આ ઠેકાણે કવિના ઉપદેશનું રહસ્ય એ છે કે કોઇ નાનો હોય કે મોટો હોય શેઠ હોય કે સેવક હોય, પુરૂષ હોય કે સ્ત્રી હોય, બાળ હોય કે વૃદ્ધ હોય, બળવાન હોય કે નિર્બળ હોય, રાજા હોય કે રંક હોય પરન્તુ કાળ કોઇને છોડવાનો નથી, વ્હેલા મોડા પણ કાળને આધીન થઇ આ દુનિયા છોડી જવાની છે. એમ સમજી સર્વ મનુષ્યોએ ધર્મ કાર્યમાં આળસ ન કરવી અને વિલંબ પણ ન કરવો. જે મહાત્માઓ એ કાળના ભયથી સંસાર અસાર સમજી જ્ઞાન દર્શન ચારિત્રમાં જોડાઇ સંયમી બન્યા છે તેઓને પછી કાળનો ભય રહેતો જ નથી, કારણ કે ચારિત્રના બળથી મુક્તિ પદ પામતાં સિદ્ધ પર-માત્માના સ્વરૂપે થઇ જતાં ફરી ફરીને જન્મ મરણનો ફેરો રહેતો જ નથી તો પછી કાળનો ભય ક્યાં રહ્યો ! માટે હે મનુષ્યો તમો આત્મગુણમાં એક ધ્યાનવાળા થાઓ કે જેથી એવા જગત ભક્ષી મહા બળવાન કાળને પણ જીતી શકો; એ ઉપદેશ. ૩૭

અવતરણ—ઉપર કહેલા શ્લોકના ભાવાર્થ પ્રમાણે વિચારતાં કાળ ખરેખર સર્વને ભક્ષણ કરનારો છે તે વાત કવિ આ શ્લોકમાં જણાવે છે—

सर्वभक्षी कृतान्तोऽयं, सत्यं लोके निगद्यते ।
रामदेवादयो धीराः, सर्वे क्वाप्यन्यथा गताः ॥३८॥

| | |
|---|---|
| **सर्वभक्षी**=સર્વને ખાઇ જનારો | **रामदेवाद्यः**=શ્રીરામચન્દ્ર વગેરે |
| **कृतान्तः**=કાળ | **धीरा**=ધીર પુરૂષો |
| **अयं**=આ | **सर्वे**=સર્વ |
| **सत्यं**=એ વાત સાચી છે કે | **क्व अपि**=ક્યાંય પણ |
| **लोके**=લોકમાં, દુનિયામાં | **अन्यथा**=નહિતર |
| **निगद्यते**=કહેવાય છે | **गता**=ચાલ્યા ગયા |

રામચંદ્રાદિક ગયા કયાં ? તેહ ખુબ વિચારતા,
સર્વને ખાનાર છે આ કાળ ઇમ સૌ બોલતા;
નિયમથી તે સત્ય છે જન્મેલ મરવાનો ખરો,
હે ભવ્ય જીવો ? જેહથી તિમ ના બને તેવું કરો. ૧૮૭

અક્ષરાર્થ—લોકમાં કહેવાય છે આ કાળ સર્વભક્ષી (સર્વને ખાઇ જનારો) છે, એ વાત સત્ય છે, કારણ કે જો એમ ન હોય તો શ્રી રામચન્દ્ર વગેરે જેવા મહાધીર પુરૂષો જગતમાંથી કયાં અલોપ થઇ ગયા ? (ખરેખર કાળે એ ધીર પુરૂષોનું ભક્ષણ કર્યું) ૩૮

સ્પષ્ટાર્થ—જેમ અગ્નિને શાસ્ત્રકર્તાઓએ સર્વભક્ષી કહ્યો છે તેમ કાળ પણ સર્વભક્ષી છે એમ લોકમાં કહેવાય છે. તફાવત એ છે કે અગ્નિ જેનું ભક્ષણ કરે છે તેની રાખ પણ મળી આવે છે, પરન્તુ કાળ જેનું ભક્ષણ કરે છે તેનો તો જગતમાં પત્તો જ લાગતો નથી કે એ જીવ ક્યાં ગયો ? અને જો એ પ્રમાણે કાળ સર્વ ભક્ષી ન હોત તો પૂર્વ શ્લોકમાં કહ્યા પ્રમાણે શ્રી રામચન્દ્ર જેવા ન્યાયી પુરૂષો, રાવણ સરખા બળવાન પુરૂષો અને હનુમાન સરખા પરાક્રમી પુરૂષો તથા શ્રી તીર્થંકર ભગવંતો ચક્રવર્તીઓ વાસુદેવો બળદેવો વિગેરે મહાધુરંધર પુરૂષો જગતમાંથી ક્યાં અલોપ થઇ ગયા ? કે જે શોધ્યા પણ જડતા નથી. તેના લાંબે કાળે પણ કંઇ ખરખબર મળતા નથી. માટે કાળ સર્વ ભક્ષી છે એ વાત તદ્દન સત્ય છે.

બીજી વાત એ છે કે કાળ સર્વ જીવોનું એક જ વાર ભક્ષણ કરે છે એમ નથી પરન્તુ જ્યાં બીજા ભવમાં રૂપાન્તરે ઉત્પન્ન થાય કે ત્યાં પણ પહોંચી જાય છે, એમ એક જીવનું અનેક વાર સુધી ભવો ભવમાં ભક્ષણ કરતો જ રહે છે, એક વાર ભક્ષણ કરવાથી થયેલા તે જીવના રૂપાન્તરનું પણ ભક્ષણ કરે છે, એમ ગમે તેટલાં રૂપાન્તરો એક જીવનાં થાય તો તેમાંના એક પણ રૂપાન્તરને ખાઇ ગયા વિના છોડતો નથી, માટે એવા સર્વ ભક્ષી કાળથી બચવા માટે એક શ્રી જિનેશ્વર ભગવંતોના જ્ઞાન દર્શન ચારિત્રના માર્ગે મોક્ષ પદમાં પહોંચી જવું એજ એક ઉપાય છે. ત્યાં તો કાળનો પણ કાળ આવી જાય છે. તેથી કાળનું કંઇ પણ ચાલતું નથી એ ઉપદેશ. ૩૮

અવતરણ—સંસાર રૂપી કેદખાનામાં દુઃખ ભોગવતા સંસારી જીવને ચારિત્ર વિના મોક્ષ નથી જ, તે વાત કવિ આ શ્લોકમાં જણાવે છે—

३ २ ४ १
मिथ्यात्वानुचरैर्विचित्रगतिभिः, संचारितस्योद्भटै- ।
५ ७ ६
रत्युग्रभ्रममुद्‌गराहतिवशात्सम्मूर्च्छितस्यानिशम् ॥
९ ८ १३ ११ १० १२
संसारेऽत्र नियंत्रितस्य निगडैर्मायामयैश्चोरवत् ।
२० २१ १४ १८ १९ १५ १६ १७
मुक्तिः स्यान्मम सत्वरं कथमतः, सद्वृत्तवित्तं विना॥३९॥

मिथ्यात्वानुचरैः=મિથ્યાત્વ રૂપ રાજસેવકો વડે, (સિપાહીઓ વડે)
विचित्रगतिभिः=વિચિત્ર ગતિઓ વડે
संचारितस्य=ચલાવેલ
अत्युग्र=અતિ ઉગ્ર
भ्रम=ભ્રાન્તિ રૂપ
मुद्राहति=મોગરોના મારના
वशात्=વશથી
सम्मूर्च्छितस्य=મૂર્છા પામેલા
अनिशं=નિરન્તર, દરરોજ
संसारे=સંસારરૂપ કેદખાનામાં
अत्र=આ, અહિં
नियंत्रितस्य=બાંધી રાખેલ, કેદ કરેલ
निगडैः=બેડીઓ વડે
मायामयैः=માયા રૂપ
चोरवत्=ચોરની માફક
मुक्तिः=મોક્ષ, છૂટકારો
स्यात्=થાય
मम=મારો
सत्वरं=જલ્દી
कथं=કેવી રીતે
अतः=તેથી, આમાંથી
सद्वृत्तवित्तं=સદાચાર રૂપી ધન, ચારિત્ર રૂપી ધન
विना=વિના

કેદમાં પૂરાયલાને રાજસેવક કનડતા,
સંસાર રૂપી કેદખાનું ચોર ભવિજન દીસતા;
મિથ્યાત્વ ભૂપના સેવકો છે વિવિધ ગતિઓ જેમની,
જેઓ ભયંકર લાગતા હલકી જ વૃત્તિ જેમની. ૧૮૮

તેઓ મને અથડાવતા ચારે ગતિમાં અતિશયે,
માર મારે વિવિધ રીતે ભ્રમ સ્વરૂપી મુદ્ગરે;
હે જીવ ! માયા મોહ રૂપી બેડીમાંહી તું પડયો,
કેદી સમી તારી સ્થિતિ ચારિત્ર ધન ભૂલી ગયો. ૧૮૯

ધન વિના કેદી છૂટે ના ચરણ ધન વિણ ભવિજના,
ભવ કેદખાનાથી છૂટે ના એ વિચારો ધન્યના;
ચારિત્ર વિણ મુજ મુક્તિ હોવે કેમ એહ વિચારણા,
સત્ય ક્ષણ ભૂલનારની નિત ચેતીએ હે ભવિજના.૧૯૦

અક્ષરાર્થ—ઉન્મત્ત એવા મિથ્યાત્વ રૂપ સિપાઇઓ એ જૂદી જૂદી ગતિઓ વડે ગતિઓમાં ચલાવેલો અને અત્યંત ઉગ્ર ભ્રમણા રૂપી મોગરોના મારથી મૂર્છા પામેલો, અને આ સંસાર રૂપી કેદખાનામાં માયા રૂપી બેડીઓ વડે ચોરની માફક કેદમાં પૂરાયલો હું સદ્વૃત્ત-ચારિત્ર રૂપી ધન વિના હવે જલ્દી કેવી રીતે મુક્ત થઇશ ( છૂટો થઇશ. ) ૩૯

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં ગ્રન્થકાર કવિને એમ સ્પષ્ટ જણાવવું છે કે કોઇ પણ જીવનો ચારિત્ર સિવાય મોક્ષ છે જ નહિ, અને કવિ પોતાનો એ શુદ્ધ આશય બીજા કોઇ

વૈરાગ્યવંત પુરૂષના વિચાર દ્વારા જણાવે છે, તે આ પ્રમાણે-કોઇ વૈરાગ્યવાન પુરૂષ વિચાર કરે છે કે જેમ રાજ્યનો ગુન્હો કરી કેદખાને પડેલો મનુષ્ય રાજ્ય દંડ આપ્યા વિના છૂટો થઇ શકતો નથી, તેમ હું પણ મોહ માયા વિષય સેવન આદિ અનેક ગુન્હા કરી આ સંસાર રૂપી કેદખાનામાં પડયો છું, અને મને બેડીઓ પ્હેરાવી જકડી રાખ્યો છે. માટે ચારિત્ર પાળવા રૂપ રાજ્ય દંડના પૈસા ભર્યા વિના હું કદી પણ આ સંસાર રૂપ કેદખાનામાંથી મુક્ત-છૂટો થઇ શકીશ નહિ. તથા કેદીને રાજાના સિપાઇઓ જેમ મોગર વડે માર મારે છે અને જૂદે જૂદે ઠેકાણે દળવા પથરા ફોડવા ઇત્યાદિ કામ કરવા લઇ જાય છે તેમ મોહ રાજાના મિથ્યાત્વ રૂપી સિપાઇઓ દુઃખમાં પણ સુખની ભ્રમણા ઉપજવા રૂપ મોગરના માર મારી જૂદી જૂદી ગતિઓમાં ચલાવી-લઇ જઇ સંસારની અનેક ઉપાધીઓ રૂપ કાર્ય કરાવે છે. વળી ઘણા મારથી જેમ કેદીને મૂર્છા આવતાં બેભાન થાય છે તેમ હું પણ ભ્રમણાથી બેભાન થાઉં છું ને મૂર્છા પામું છું, માટે હવે ચારિત્ર પાલન રૂપ રાજ્ય દંડ આપ્યા વિના મારી મુક્તિ જ નથી એમ વિચારી સદ્‌વૃત્ત-ચારિત્ર પાલન કરી તે પુરૂષ મુક્ત થાય છે તેમ હે ભવ્ય જીવો ! તમે પણ ચારિત્ર પાલન કરી આ સંસારથી મુક્ત થાઓ એ ઉપદેશ. ૩૯

અવતરણ—કોઇ વૈરાગ્યવાન પુરૂષ મહા મુશીબતે મેળવેલ આ મનુષ્ય દેહ રૂપી રત્ન ફોગટ ગુમાવી દીધું એ પ્રમાણે પસ્તાવો કરે છે તે બાબત ગ્રંથકાર મહારાજ આ શ્લોકમાં જણાવે છે—

६ ३ २ ५ ४ १
दुष्प्रापं मकराकरे करतलाद्रत्नं निमग्नं यथा ।
९ ८ ७ १३ १० ११ १५ १४ १२
संसारेऽत्र तथा नरत्वमथ तत्प्राप्तं मया निर्मलम् ॥
१६ २० १९ १८ १७ २५ २१ २२ २४
भ्रातः! पश्य विमूढतां मम हहा, नीतं यदेतन्मुधा ।
२३
कामक्रोधकुबोधमत्सरकुधीमायामहामोहतः ॥ ४० ॥

दुष्प्रापं=દુઃખે મેળવાય એવું
मकराकरे=સમુદ્રમાં
करतलात्=હાથમાંથી
रत्नं=રત્ન
निमग्नं=ડૂબી જાય
यथा=જેમ
संसारे=સંસારમાં
अत्र=આ, અહિં
तथा=તેમ
नरत्वं=મનુષ્યપણું
अथ=(શ્લોક પૂરવામાં)
तत्=તે
प्राप्तं=મેળવેલું
मया=મેં
निर्मलं=નિર્મળ, ચોખ્ખું
भ्रातः=હે ભાઈ!
पश्य=દેખ, જો
विमूढतां=મૂર્ખતા, મૂર્ખાઈ
मम=મારી
हहा=ખેદની વાત છે કે
नीतं=ગુમાવ્યું
यदेतत्=કે આ, જે આ
मुधा=ફોકટ
कामक्रोधकुबोध=કામ ક્રોધ અજ્ઞાન
मत्सरकुधी=દ્વેષ, ખોટી બુદ્ધિ
माया=માયા, પ્રપંચ રૂપ
महामोहतः=મોટા મોહથી

કરથી સરેલું સાયરે જિમ રત્ન દુર્લભ નિર્મલું,
નરપણું તિમ આ ભવે પુણ્યોદયે મેં મેળવ્યું;
હે ભાઇ! મારી મૂઢતા જો કામ ક્રોધ કુબોધથી,
એળે ગયું મુજ તેહ મદ કુવિચાર ખોટા મોહથી. ૧૯૧

**અક્ષરાર્થ**—હે ભાઇ! મ્હારી મૂર્ખાઇ તો જુઓ કે મહા મુશીબતે મેળવેલું દુર્લભ રત્ન જેમ હાથમાંથી સમુદ્રમાં પડી ડૂબી જાય, અથવા હાથમાંથી સમુદ્રમાં પડી ગયેલું રત્ન જેમ ફરી મેળવવું દુર્લભ હોય તેમ આ સંસારમાં મહા દુર્લભ એવું નિર્મળ મનુષ્યપણા રૂપી રત્ન મેળવ્યું, પરન્તુ ઘણા ખેદની વાત છે કે કામ ક્રોધ અજ્ઞાન દ્વેષ દુર્બુદ્ધિ માયા અને મહા મોહથી ( અથવા કામ આદિક મહા મોહથી ) તે મનુષ્ય પણું મેં ફોકટ ગુમાવ્યું. ૪૦

**સ્પષ્ટાર્થ**—આ શ્લોકમાં કવિ કોઇ વૈરાગ્યવાન પુરૂષની આત્મનિંદા દ્વારા મનુષ્ય ભવ ફોકટ ન ગુમાવવાનો ઉપદેશ આપે છે, તે આ પ્રમાણે-કોઇ વૈરાગી પુરૂષ અંત કાળ નજીક આવ્યો જાણી પસ્તાવો કરે છે કે અહો! મ્હારી કેટલી મુર્ખાઇ! ધર્મ કાર્યો કરવાનો યુવાવસ્થાનો સમય ધન કમાવાની પાછળ અને વિષય વિલાસોમાં ગુમાવ્યો, ગુરૂ પાસે કંઇ વાર ઉપદેશ સાંભળવાનો પ્રસંગ આવ્યા છતાં પણ ગુરૂ મહારાજ શું? શાસ્ત્ર શું? ધર્મ શું? પુણ્ય પાપ શું? કર્મ શું? મોક્ષ શું? ઇત્યાદિ કોઇ પણ આત્મ કલ્યાણની વસ્તુ સમજવામાં જરા પણ પ્રયત્ન ન કર્યો. પરન્તુ શાસ્ત્ર સંભળાવવાં એ તો સાધુનો ધંધો છે, એક જાતની દુકાન છે નહિતર રોટલી કોણ આપે ઇત્યાદિ દુષ્ટ વિચારો કર્યા, અને એ રીતે જુવાનીનો કાળ મોજ શોખમાં વીતાવ્યો, તથા ધર્મ તો ઘરડા બુઢ્ઢાઓને કરવાનો હોય, જુવાનીમાં ખાવું પીવું તથા એશઆરામ છોડીને ધર્મ કરવાનો કેવો? ઇત્યાદિ દુષ્ટ વિચારો ચિંતવ્યા,

અને ધર્મ તરફ જરા પણ ધ્યાન ન આપ્યું તેથી રત્નને કોઈ મૂર્ખ પુરૂષ રત્નની કિંમત ન સમજવાથી તેમજ પથરા સરખું ગણીને ભારભૂત જાણી જેમ સમુદ્રમાં જાણી જોઇને હાથથી ફેંકી દે એ પ્રમાણે મેં પણ આ મનુષ્ય ભવ રૂપી મળેલું મહા કિંમતી રત્ન કિંમત ન સમજવાથી સંસાર વિલાસ રૂપ સમુદ્રમાં જાણી જોઈને ફેંકી દીધું. શાસ્ત્રમાં ૧૦ દૃષ્ટાન્તે મનુષ્યનો ભવ મળવો દુર્લભ કહ્યો છે તે પ્રમાણે હવે ફરી પાછો આવો મનુષ્ય ભવ કયારે મળવાનો છે! આ પ્રમાણે વૈરાગી પુરૂષનો પસ્તાવો જાણીને સાર એ ગ્રહણ કરવાનો છે કે સમુદ્રમાં ફેંકી દીધેલું રત્ન જેમ મળવું દુર્લભ છે તેમ સંસાર રૂપી સમુદ્રમાં એટલે એકેન્દ્રિયાદિકના ભવોમાંથી મનુષ્ય ભવ મળવો બહુ દુર્લભ છે. અને જો કોઈ તેવી અનન્ત પુણ્યની સામગ્રીથી કદાચ અકસ્માત મનુષ્ય ભવ મળ્યો તો કામ ક્રોધ માયા રાગ દ્વેષ દુર્બુદ્ધિ ઈત્યાદિમાં ન ગુમાવતા જ્ઞાન દર્શન ચારિત્રવાળા પ્રભુના માર્ગે ચાલી સંયમનું આરાધન કરી મનુષ્ય ભવ સફલ કરવો, એ જ મનુષ્ય ભવ પામ્યાનો સાર છે. ઇન્દ્રિયોનાં સુખ તો ભૂત-કાળમાં અનંતાનંત વાર ભોગવ્યા તો પણ આ જીવને જરા પણ સંતોષ ન થયો, કોઈ વખત થવાનો પણ નથી, તો એવાં ઈન્દ્રિયનાં સુખોની પાછળ મનુષ્ય ભવને બરબાદ કરી દેવો એ કોઇ પણ રીતે સમજુ મનુષ્યનું કર્તવ્ય નથી. ઇન્દ્રિયનાં સુખો તો તિર્યંચો પણ અનુભવે છે અને સર્વ સંસારી જીવો એની પાછળ ઘેલા બન્યા છે. તો એમાં વિવેકી પુરૂષની વિશેષતા શી? વિવેકી તો તે જ કહેવાય કે

ઇન્દ્રિય સુખોને અસાર સમજી પોતાનો મનુષ્ય ભવ ફોકટ ન ગુમાવે. માટે હે જીવ! તું પણ વિવેકી થઇ ઇન્દ્રિયના વિષયો છોડી મનુષ્ય ભવ સફળ કર એ ઉપદેશ છે. ૪૦

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં આ અમૂલ્ય માનવ દેહથી હલકું કામ કરનાર સંસારી જીવ કેવો ખેદ કરે છે? તે જણાવે છે—

१ ३ ७ ५ ४
**येनेह क्षणभंगुरेण वपुषा, क्लिन्नेन सर्वात्मना ।**
६ ८ ९ १०
**सद्व्यापारनियोजितेन परमं निर्वाणमप्याप्यते ॥**
१५ १३ १२ ११ १४
**प्रीतिस्तेन हहा सखे ! प्रियतमा वक्त्रेन्दुरागोद्भवा ।**
२१ १८ १६ १९ १७ २०
**क्रीता स्वल्पसुखाय मूढमनसा कोटचा मया काकिणी ॥ ४१ ॥**

**येन**=જેના વડે
**इह**=અહિં, આ લોકમાં
**क्षणभंगुरेण**=ક્ષણવિનાશી; સમયે સમયે વિનાશ પામનારા
**वपुषा**=શરીર વડે
**क्लिन्नेन**=મલિન (એવા શરીર વડે)
**सर्वात्मना**=સર્વ પ્રકારે
**सद्व्यापार**=ઉત્તમ વ્યાપાર, ધર્મયોગ, ધર્મક્રિયા
**नियोजितेन**=જોડેલા
**परमं**=પરમ, ઉત્કૃષ્ટ
**निर्वाणं**=નિર્વાણ, મોક્ષસુખ
**अपि**=પણ
**आप्यते**=પમાય
**प्रीतिः**=પ્રીતિ, રાગ
**तेन**=તે શરીર વડે
**हहा**=ખેદવાચક શબ્દ છે, અરે
**सखे**=હે મિત્ર!
**प्रियतमा**=સ્ત્રીના
**वक्त्रेन्दु**=મુખરૂપી ચન્દ્રના

**रागोद्भवा**=રાગથી ઉત્પન્ન થયેલી
**क्रीता**=ખરીદી, મેળવી
**स्वल्प**=અતિ અલ્પ, બહુ થોડા
**सुखाय**=સુખને માટે
**मूढमनसा**=મૂઢ મનવાળા મેં, મોહયુક્ત મનવાળા મેં
**कोट्या**=એક ક્રોડ પ્રમાણ ધન વડે, ક્રોડ (રૂપિયા વિગેરે) ધન આપીને
**मया**=મેં
**काकिणी**=કાકિણી, કોડી

**આ દેહ ક્ષણભંગુર મલિન સંપૂર્ણ તોએ તેહને,**
**સદ્ધર્મ માંહે જોડતાં જન શીઘ્ર સાધે સિદ્ધિને;**
**તેવા અમોલા દેહથી હે મિત્ર ! સ્ત્રીની પ્રીતિને,**
**મેં ખરીદી કોઈ જિમ કોડી લીએ દઇ ક્રોડને. ૧૯૨**
**મૂર્ખ વર્ગ શિરોમણિ હું મેં અરેરે શું કર્યું,**
**સ્ત્રી તણા મોહે કરી જીવતર બધું એળે ગયું;**
**હે જીવ ! તેમ કરીશ ના તું આજ ઔદારિક તને,**
**ધર્મ સાધી પૂર્ણ રંગે સાધજે ઝટ સિદ્ધિને. ૧૯૩**

**અક્ષરાર્થ**:—હે મિત્ર સમયે સમયે વિનાશ પામનારા અથવા ક્ષણ માત્રમાં વિનાશ પામનારા એવા અને સર્વ રીતે મલિન એવા આ શરીરને જો ઉત્તમ ધર્મ વ્યાપારમાં જોડયું હોય તો પરમ મોક્ષ સુખ પણ આનાથી પામી શકાય છે, તેવા અતિ ઉપયોગી આ શરીર વડે વ્હાલી સ્ત્રીના મુખ રૂપી ચંદ્રના રાગથી ઉત્પન્ન થયેલી પ્રીતિ જ માત્ર મેળવી, તેથી મોટા ખેદની વાત છે કે મૂઢ મનવાળા મેં અતિ અલ્પ સુખને માટે એક ક્રોડ સોનૈયા જેટલું ધન આપીને એક કોડીની કિંમત જેવી માત્ર કાકિણી જ મેળવી ૧૪

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં કવિએ કિંમતી શરીરનો લોકો દુરૂપયોગ કરી દુઃખ મેળવે છે તે બીના સ્પષ્ટ કરીને સમજાવી છે, કારણ કે આ મનુષ્ય દેહ વડે સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રનાં ધર્માનુષ્ઠાનો કરવામાં આવે તો એ જ સાત ધાતુઓનો બનેલો અને દુર્ગંધમય પણ આ મનુષ્ય દેહ (ઔદારિક શરીર) મોક્ષને પણ આપનારો થાય છે, કારણ કે આ દેહ વડે ભૂતકાળમાં અનન્ત ભવ્યાત્માઓએ પરમ નિર્વાણ સુખ સાધ્યું છે, અને વર્તમાન કાળમાં પણ ઘણાં ચારિત્રધારી મુનિ મહાત્માઓ પાંચ મહાવિદેહમાં આ દેહ વડે મોક્ષ સુખ મેળવે છે. અને પાંચ ભરત પાંચ ઐરવત એ ક્ષેત્રમાં મોક્ષ સુખ હાલ જો કે નથી મેળવતા તો પણ વૈમાનિક દેવ રૂપી સદ્ગતિ તો અવશ્ય મેળવે છે. અને ભવિષ્યમાં પણ (અહીં પણ) અનંત આત્માઓ આ મનુષ્ય દેહને ધર્મમાં જોડી મોક્ષ સુખને પામશે. આવા મોક્ષ સુખને પણ આપનારા મનુષ્ય દેહની જે મોહમૂઢ આત્માઓ ખરી કિંમત અથવા ખરો સદુપયોગ સમજતા નથી તેઓ તો ફક્ત પાંચ ઇન્દ્રિયોના રતિભર (બહુ જ થોડા) વિષય સુખમાં જ આ દેહનો દુરૂપયોગ કરે છે, માટે જ કોઇ વૈરાગ્યવંત ભવ્ય જીવ પોતાના મિત્રને પોતાની મોહાંધતાને માટે પસ્તાવો કરતાં કહે છે કે-હે મિત્ર! મારી કેટલી મુર્ખાઇ? કે આ શરીર સર્વ રીતે જો કે મલિનતા વાળું છે, કારણ કે મૂત્ર વિષ્ટા ચરબી રૂધિર આદિ અપવિત્ર પદાર્થોથી જ ભરપૂર છે, છતાં જો આ શરીરને મેં ધર્માનુષ્ઠાનોમાં જોડયું હોત એટલે આ શરીર વડે તીર્થયાત્રાઓ કરી હોત, દેવપૂજા ગુરૂપૂજા કરી

હોત અને ચારિત્રની પવિત્ર ક્રિયાઓ કરી હોત તો જરૂર આ ભવમાં કે પરભવમાં અનંત અવ્યાબાધ એવું મોક્ષ સુખ પણ પામત. પરન્તુ હે મિત્ર! મેં આવા મોક્ષના સાધનભૂત શરીરને સુંદર વ્યાપારોમાં ન જોડતાં મલીન વ્યાપારોમાં જોડયું એટલે આ શરીરને સુંદર ઠાઠવાળું બનાવી સ્ત્રીઓને જેમ મોહ ઉપજે તેવા શણગારવાળું કર્યું અને તેથી સ્ત્રીઓ મોહ પામવાથી તેના મુખ રૂપી ચન્દ્રની પ્રીતિ જ માત્ર મેળવી, જેથી તેવી સ્ત્રીઓ સાથે પ્રેમમાં જોડાઈને આ શરીરને હતું તેથી પણ અધિક મલિન કર્યું. અને એ રીતે સ્ત્રીઓનો પ્રેમ માત્ર મેળવવાથી જેમ કોઈ માણસ ક્રોડ ધન આપીને એક કાકિણી જેવી નિર્માલ્ય અને કિંમત વિનાની વસ્તુ ખરીદ કરે તેવી જ મૂર્ખતા મેં કરી છે. કેમકે આ મોક્ષ સુખને પણ દેનારા શરીરને વિષયોની દુકાનમાં વેચી કાકિણી જેવો મૂલ્યવાળો સ્ત્રીનો પ્રેમ માત્ર જ મેળવ્યો અને પરિણામે તે પ્રેમ પણ મારી પાસે દીર્ઘકાળ ન રહેતાં વૃદ્ધાવસ્થા અથવા મરણ આવતાં છોડી દેવો પડયો. આ પ્રકારની મારી મૂર્ખાઇની શી વાત કરૂં ? અરેરે ! મેં ચિંતામણિ રત્ન જેવા આ માનવ દેહને એક કોડીના મૂલ્યમાં વેચી દીધો ને અન્તે દુ:ખી થયો. કવિ આ બીના જણાવીને ભવ્ય જીવોને હિતશિક્ષા આપે છે. હે ભવ્ય જીવો, તમે અહીં જણાવેલી ભૂલ કરશો નહિ, અને અજ્ઞાનથી કદાચ આવી ભૂલ થઇ ગઈ હોય તો તેનો પશ્ચાત્તાપ કરી ફરીથી તેમ ન થાય, તે બાબત સંપૂર્ણ કાળજી રાખજો, એ આ શ્લોકનું રહસ્ય છે. ૪૧

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં મશ્કરી-છેતરવું,

સ્ત્રી પ્રેમ અને મોટા આરંભ એ ત્રણ મુખ્ય કારણથી નરકનાં દુઃખોની પ્રાપ્તિ થાય છે એમ ઉપદેશ આપે છે—

२ ५ १ ३ ४
क्रीडाकारि परोपहासवचनं, तुष्टयै परव्यंसनं ।
९ ७ ८ ६
कान्ता कांचनसुंदरांगलतिका कान्तैव पृथ्वीतले ॥
१४ १२ १० १३ १५ ११
भव्यो द्रव्यसमर्जने किल महारंभोद्यमः किंतु रे ।
१६ १७ १८
भेदच्छेदनताडनादिविधिना, रौद्रो महारौरवः ॥ ४२ ॥

क्रीडाकारि=ગમ્મતવાળું
परोपहासवचनं=બીજાને કહેલાં હાસ્ય મશ્કરીનાં વચન
तुष्टयै=તુષ્ટિને અર્થે, પોતાના સંતોષની ખાતર
परव्यसंनं=પારકાને છેતરવું, ઠગવું
कान्ता=મનોહર
कांचन=સોના સરખા
सुंदर=સુંદર
अंगलतिका=અંગલતાવાળી, શરીરવાળી
कान्तापव=સ્ત્રી જ
पृथ्वीतले=પૃથ્વીમાં, જગતમાં
भव्यः=મનોહર
द्रव्य=ધન
समर्जने=ઉપાર્જવામાં, પેદા કરવામાં
किल=નિશ્ચય
महारंभ=મોટા આરંભવાળો
उद्यमः=ઉદ્યમ, પ્રયત્ન
किंतु=પરન્તુ
रे=અરે, હે જીવ!
भेद=ભેદવું
छेदन=છેદવું
ताडनादि=મારવું વગેરે
विधिना=અનેક પ્રકારે
रौद्रः=ભયંકર
महा=મહાન્
रौरवः=રૌરવ નામની નરક અથવા નરક

થાય ગમ્મત મશ્કરીના વચન વદતા કૈકને,
ઠગતા અપરને દીલમાં સંતોષ પ્રકટે કૈકને;
સોના સમી રમણો મનોહર ખૂબ લાગે કૈકને,
આરંભ કરવા ઠીક લાગે દ્રવ્ય કાજે કૈકને. ૧૯૪

એમ કરનારા જનોએ જરૂર ખૂબ વિચારવું,
તેહવું ફલ પામીએ નિત વાવીએ બીજ જેહવું;
મશ્કરી આદિક તણા ફલ નરક રૈરવ જાણીએ,
છેદનાદિક જ્યાં ભયંકર એમ શ્રુતથી માનીએ. ૧૯૫

અક્ષરાર્થ:—હે મિત્ર ! આ જગતમાં બીજાને મશ્કરીનાં વચનો કહેવાથી કેટલાકને ગમ્મત ઉપજે છે, તો કોઈ વળી બીજાને છેતરી સંતોષ પામે છે, તો કોઇને સોના સરખા સુંદર વર્ણ યુક્ત શરીરવાળી સ્ત્રી જ મનોહર લાગે છે, તો કોઇને ધન પેદા કરવામાં મોટા મોટા આરંભ વાળો ઉદ્યમ કરવો મનોહર લાગે છે, પરન્તુ ખેદની વાત છે કે એ સર્વ કાર્યો વડે પરિણામે ભેદન છેદન અને તાડન આદિ અનેક પ્રકારની પીડાવાળું મહા ભયંકર રૈરવ નરકનું સ્થાન જ મળે છે. ૪૨

સ્પષ્ટાર્થ—આ જગતમાં ઘણા જનો ગમ્મત માટે બીજાની મશ્કરીઓ ઠઠ્ઠા કરે છે, અંધ પુરૂષને કાણા મામા કહે છે, માંજરી આંખવાળાને બિલાડો કહે છે, લૂલા લંગડાને લુલીયાજી લંગડાજી કહે છે, ગરીબ સ્ત્રીને ભાભી કહે છે. કોઇ વળી તેની દેશ ભાષા બોલી મશ્કરી કરે છે. કોઇ

વળી કોઈની વસ્તુ છુપાવી દઈ શોધાશોધ કરાવે છે એમ અનેક પ્રકારે બીજાના ઠઠ્ઠા મશ્કરી કરી ખુબ ગમ્મત કરે છે અને ખડખડ હસે છે, પરન્તુ જ્યારે આ ઠઠ્ઠા મશ્કરીનાં કર્મ ઉદયમાં આવતાં ભોગવવાં પડે છે ત્યારે જ ખબર પડે છે કે ગમ્મતનાં શું પરિણામ આવે છે. કહ્યું છે કે-होय विपाके दस गणुं रे एक वार कियु कर्म। रात सहस कोडी गमे रे, तीव्र भावना मर्म रे ॥ प्राणी० ॥ અર્થાત્ એક વાર સહજ સ્વભાવથી કરેલું કર્મ દસ વાર ભોગવવું પડે છે. અને એથી અધિકાધિક તીવ્ર પરિણામથી કરેલું કર્મ સો વાર હજાર વાર ને લાખો વાર ભોગવવું પડે છે. રમત માત્રની ગમ્મત ખાતર રૂક્મિણીના જીવે મોરલીનાં ઈંડાં બાર ઘડી સુધી વિયોગવાળાં કરવાથી ૧૨ વર્ષ પુત્ર વિયોગ થયો. શ્રીપાલ મહારાજના જીવે સાધુની ગમ્મત કરવાથી ( પાણીમાં ડૂબકીઓ ખવાડવાની ગમ્મત કરવાથી ) સમુદ્રમાં પડયા, સાથે સાતસેં સુભટોએ અને રાજાએ ગમ્મતમાં જ સાધુને કોઢીઓ કહેવાથી શ્રીપાલ સહિત સાતસેં સુભટો કોઢીયા થયા. એ રીતે હાંસી મશ્કરીનાં પરિણામ પણ બહુ બુરાં આવે છે. કહ્યું છે કે--

हसतां बांधे कर्म रोवतां छूटे नहिं. વળી કેટલાક જનો તો એમ જ સમજે છે કે “ કોઇનું બુરૂ કરીએ અથવા ઇચ્છીએ તો પાપ કર્મ બંધાય, પરન્તુ ગમ્મત કરવાથી કર્મ ન બંધાય ” પરન્તુ એ વાત ખોટી છે. અનર્થ દંડ સંબંધમાં કુસુમશ્રીના જીવે પૂર્વ ભવમાં ભાભીને ગમ્મત ખાતર ગણિકા જેવા કપડાં પહેરાવી એક ઠેકાણે શણગારીને બેસાડી અને

ભાઇએ સ્ત્રીને ઘણી શોધવા છતાં ન જડી ત્યારે તે સ્થાને લઇ જઇ ભાભીને ગણિકાના વેષમાં બતલાવી, આ ગમ્મતથી કુસુમશ્રીને વેશ્યાને ત્યાં રહેવાનો પ્રસંગ આવ્યો અને વેશ્યાનું કલંક આવ્યું. માટે ગમ્મતમાં કરેલી હાંસી મશ્કરી પણ પરભવમાં બહુ દુઃખ આપનારી થાય છે. વળી કેટલાક જનો તો બીજાને છેતરીને પોતે સંતોષ પામે છે. બજારમાં ખોટો રૂપિઓ ચલાવી દઇ ખૂબ આનંદમાં આવે છે, ઘરાકને ઓછું આપીને અથવા વધારે ભાવ લઇને ઘરાકને છેતરી આનંદી થાય છે. દુકાનમાં હિસાબનો ગોટાળો હોવા છતાં ને પોતે રકમ ઉચાપત કર્યા છતાં શેઠની પાસે જો હિસાબ પાસ થઇ જાય તો ગુમાસ્તાઓ ખૂબ આનંદ પામે છે, એ પ્રમાણે જગતમાં એક બીજાને છેતરીને જ સંતોષ પામે છે, પરન્તુ પ્રમાણિકપણે ન્યાયથી વર્તનારા જનો, સરળતાથી સ્વચ્છ હિસાબ રાખનારા ગુમાસ્તાઓ, અને ગુમાસ્તાઓને પગાર વિગેરેથી નહિં છેતરનારા માલિકો બહુ જ અલ્પ હોય છે; તેઓ સમજે છે કે માયા પ્રપંચથી ઉપાર્જન કરેલું અન્યાયી ધન દીર્ઘ કાળ ટકતું નથી અને માયા પ્રપંચથી બાંધેલાં પાપ કર્મ પરભવમાં ભોગવ્યા વિના છૂટકો નથી, કારણ કે આ શ્લોકમાં જ કવિએ માયા પ્રપંચના ફળ તરીકે નરકનાં દુઃખ સ્પષ્ટ કહ્યાં છે.

વળી કેટલાક જનોને જગતના બીજા પદાર્થોથી પણ સ્ત્રી જ વિશેષ મનોહર લાગે છે, એવા કામી જનો પણ જગતમાં અનેક છે. અહિં વૈરાગ્યવંત આ કવિ મહાત્મા એ ત્રણે વાતનો ઉપદેશ કરી પુનઃ ધન ઉપાર્જન કરવા

માટે કરેલા મોટા મોટા પાપારંભોના ત્યાગનો પણ ઉપદેશ કરે છે કે ઘણા જીવો ધન ઉપાર્જન કરવા મોટા મોટા પાપારંભ કરે છે પરન્તુ એ મશ્કરીઓ કરનારા જનો, બીજાને છેતરનારા જનો, સ્ત્રીને મનોહર માનનારા કામી જનો અને ધન માટે પાપારંભ ઉદ્યમ કરનાર જનો તે તે બાબતમાં આનંદ પામે છે. પરન્તુ પરિણામે મહા ભયંકર રૌરવ નરકનાં દુઃખ પ્રાપ્ત થશે તે તરફ નજર રાખતો નથી. એ મોટા ખેદની વાત છે. આ ઉપદેશનો સાર એ છે કે કોઇની મશ્કરી કરવી નહિં કોઇને માયા પ્રપંચથી ફસાવી વિશ્વાસઘાત કરવો નહિં, કામાતુર પણું રાખવું નહિં, અને મોટા પાપારંભ કરવા નહિં ૪૨

અવતરણ--જે પુરૂષો કામ લોભ અને મોહના વશમાં પડે છે તે મનુષ્ય ભવ હારી જાય છે, એ સંબંધી કોઈ વૈરાગી આત્મા પોતાને માટે પશ્ચાત્તાપ કરે છે તે આ પ્રમાણે--

१ २ ३ ४

कंदर्पप्रसरप्रशान्तिविधये, शीलं न संशीलितं।

५ ६ १० ९ ८ ७

लोभोन्मूलनहेतवे स्वविभवो, दत्तो न पात्रे मुदा ॥

१२ १३ १४ १५ ११ १६

व्यामोहोन्मथनाथ सद्गुरुगिरा, तत्त्वं न चांगीकृतं ।

२० २१ १९ १८ १७ २२ २३

दुष्प्रापो नृभवो मया हतधिया, हा हारितो हारितः ॥४३॥

**कंदर्प**=કામદેવનો
**प्रसर**=વિસ્તાર, ફેલાવો, વેગ,
**प्रशान्ति**=શાન્ત
**विघये**=કરવાને
**शीलं**=શીલ, બ્રહ્મચર્ય
**न**=નહિં, ન
**संशीलितं**=પાળ્યું
**लोभोन्मूलनहेतवे**=લોભનું ઉન્મૂલન–ઉચ્છેદન કરવાને માટે (નાશ કરવાને)
**स्वविभवः**=મારૂં પોતાનું ધન વિગેરે વૈભવ
**दत्तो न**=આપ્યો નહિં
**पात्रे**=સત્પાત્રમાં
**मुदा**=હર્ષ પૂર્વક
**व्यामोह**=મોહનો
**उन्मथनाय**=નાશ કરવાને
**सद्‌गुरुगिरा**=સદ્‌ગુરૂના વચનથી
**तत्वं**=તત્ત્વ
**न च**=ના
**अंगीकृतं**=અંગીકાર કર્યું
**दुष्प्रापः**=દુઃખે પામવા યોગ્ય
**नृभवः**=મનુષ્ય ભવ
**मया**=મેં
**हतधिया**=નષ્ટ બુદ્ધિવાળા
**हा**=અરે
**हारितः**=હાર્યો
**हारितः**=હાર્યો

શીલ કામ શમાવનારૂં દાન ઘે સંતોષને,
સદ્‌ગુરૂના વેણુ તત્ત્વો ટાળનારા મોહને;
શીલ સાધન ના કર્યું ના દાન દીધું પાત્રમાં,
ગુરૂ વેણ નિસુણી તત્ત્વ ધારણ ના કર્યું જ
પ્રમાદમાં. ૧૯૬

આ વાત કેવી ખેદની હતબુદ્ધિ નર ભાવને,
હારી ગયો ઇમ હું લહીશ તિર્યંચ નારક દુઃખને;
હે જીવ! ત્રણ ગુણ એહ સાધી હૃદય કેરા રંગથી,
સફલ કર માનુષ્યને તેથી રખડપટ્ટી નથી. ૧૯૭

અક્ષરાર્થ—અરે મિત્ર! મારા હૃદયમાં ફેલાતા વેગવંત કામદેવને શાંન્ત કરવા માટે બ્રહ્મચર્ય ન પાળ્યું, અર્થાત્ અબ્રહ્મચર્ય સેવ્યું તથા લોભનો નાશ કરવાને માટે મારો ધન વિગેરે વૈભવ ઉત્તમ સુપાત્ર દાનમાં હર્ષ પૂર્વક ન આપ્યો, તથા મોહનો નાશ કરવાને સદ્ગુરૂની વાણી વડે (સદ્ગુરૂનાં વચન સાંભળી) તત્ત્વ અંગીકાર ન કર્યું, તેથી દુઃખે પામવા યોગ્ય આ મનુષ્ય ભવને નષ્ટ બુદ્ધિવાળો હું હારી ગયો, એ ઘણા ખેદની વાત છે. ૪૩

સ્પષ્ટાર્થ—હૃદયમાં કામદેવનો વેગ ફેલાતો હોય તો તેની શાન્તિનો એક જ ઉપાય છે કે સ્ત્રીથી અલગ થઈ -રહી બ્રહ્મચર્ય પાળવાનો અભ્યાસ રાખવો. માદક પદાર્થો ખાવા નહિં. સદ્ગુરૂના સંસર્ગમાં રહેવું, બ્રહ્મચર્ય પાળવાનો અભ્યાસ રાખવો, માદક પદાર્થો ખાવા નહિં, સદ્ગુરૂના સંસર્ગમાં રહેવું, બ્રહ્મચર્યની નવ વાડ પાળવી, એથી કામદેવનો વેગ ઘટતાં ઓછો થઇ જાય છે.

તથા લોભને નાશ કરવાનો ઉપાય એ છે કે પોતાને પ્રાપ્ત થયેલા ધન વિગેરેમાંથી શક્તિ મુજબ સત્પાત્રમાં દાન આપવું એટલે મુનિ મહાત્માઓને આહાર આદિ જરૂરી વસ્તુઓ હર્ષથી આપવી, ઠાઠ પૂર્વક દેવ પૂજા તીર્થયાત્રા સ્વધર્મી ભક્તિ સ્વધર્મી વાત્સલ્ય ગુરૂ પૂજા ઇત્યાદિ કરવાં, અને એ રીતે જ મળેલા ધનનો સદુપયોગ કરવો.

અને મોહને નાશ કરવાનો ઉપાય એ છે કે સદ્ગુરૂ પાસેથી શાસ્ત્ર શ્રવણ કરી મોહનું સ્વરૂપ વિચારવું, પરિગ્રહ જેમ બને તેમ ઓછો કરવો.

આ બાબતમાં કોઈ વૈરાગ્યવંત જીવ પોતાના મિત્રની આગળ પશ્ચાત્તાપ કરે છે કે હે મિત્ર! હૃદયમાં ફેલાતો કામદેવનો વેગ મેં બ્રહ્મચર્યના ઉપાય વડે અટકાવ્યો નહિં, પરન્તુ નિરંકુશપણે વધવા દીધો, કામોત્તેજક ઔષધિઓ ખાધી. વાજીકરણ સેવ્યા. અને એથી મેં કામાધીન થઈ અનેક કુકર્મો કર્યાં એ ઘણા ખેદની વાત છે.

તેમજ સત્પાત્રને દાન દેવા વિગેરેના ઉપાયથી લોભ ઓછો ન કર્યો, પરન્તુ વૈભવ વધારવાને અનેક પેઢીઓ ખોલી અનેક હિંસક કારખાનાં ઉભાં કર્યાં, અનેક હિંસક જીવો પોષ્યા, ને મોટા મોટા પાપારંભ કરી કરોડો ને અબજોની મિલ્કતથી પણ સંતોષ ન રાખ્યો એટલું જ નહિં પરન્તુ તેમાંથી સુપાત્ર દાનાદિ કંઇ પણ સન્માર્ગે મારૂં ધન ન વાપર્યું; કેવળ ધન કમાવામાં જ મશગુલ રહી અનેક છળ પ્રપંચો કરી ધનવાન બન્યો. ખોટાં ખાતાં બનાવી ચોપડા ખોટા બનાવી અનેક ગરીબોના માલ લુંટયા ને ભૂખ્યે રખડતા કર્યા.

તેમજ સદ્‌ગુરૂની પાસેથી શાસ્ત્ર શ્રવણના ઉપાયથી મોહનું તત્ત્વ વિચારી તેનો નાશ ન કર્યો પરન્તુ સદ્‌ગુરૂઓની ને શાસ્ત્રોની અવગણના કરી. સદ્‌ગુરૂઓને પણ ખાવાનું ન મળ્યું એટલે સાધુ થયા ઈત્યાદિ કહી વગોવણી કરી. બાવા લંગોટીયા ભિખારી ઈત્યાદિ દુર્વચનોથી મહાત્માઓને વગોવ્યા, ને પોથાં તે થોથાં ઇત્યાદિ દુર્વચનોથી પરમ પદને ઉપકારી એવાં શાસ્ત્રોને પણ વગોવ્યાં.

એ રીતે નષ્ટ બુદ્ધિવાળા મેં બહુ અપરાધ કર્યા છે તેથી ખરેખર આ ચિંતામણિ રત્ન સરખા અતિ દુર્લભ મનુષ્ય ભવને હું એક વાર નહિં પણ હજાર વાર હારી ગયો હારી ગયો. આ શ્લોકનો સાર એ છે કે કામનો વેગ ઘટાડવા બ્રહ્મચર્ય પાળવું. લોભ ઘટાડવા દાન દેવું, અને મોહ ઘટાડવા શાસ્ત્ર સાંભળવાં. ૪૩

અવતરણ—સંસારનું સુખ ક્ષણ વિનાશી છે. શરીર રોગી છે, અને મરણ નજીક છે એમ જાણવા છતાં પણ પાપમાંથી પ્રીતિ ઓછી થતી નથી તે બાબત કોઇ વૈરાગ્યવંત આત્મા પશ્ચાત્તાપ કરે છે તે પશ્ચાત્તાપ આ ગાથામાં દર્શાવાય છે તે આ પ્રમાણે—

२ १ ३
सौख्यं मित्रकलत्रपुत्रविभवभ्रंशादिभिर्भंगुरं ।
४ ५ ८ ७
कासश्वासभगंदरादिभिरिदं व्याप्तं वपुर्व्याधिभिः ॥
९ १४ १५ १३ १० १२ ११
भ्रातस्तूर्णमुपैति संनिधिमसौ कालः करालाननः
२१ २३ २४ २२ १६ १७ १८ १९ २०
कष्टं किं करवाण्यहं तदपि यच्चित्तस्य पापे रतिः ॥५४॥

सौख्यं=સુખ
मित्र=મિત્ર
कलत्र=સ્ત્રી
पुत्र=પુત્ર પુત્રી આદિ
विभव=વૈભવના
भ्रंशादिभिः=નાશ આદિ વડે
भंगुर=વિનાશી
कास=ખાંસી, દમ
श्वास=શ્વાસ રોગ
भगंदरादिभिः=ભગંદર
व्याप्तं=વ્યાપ્ત પ્રાપ્ત
वपुः=શરીર

व्याधिभिः=રોગો વડે
भ्रातः=હે ભાઈ !
तूर्णं=શીઘ્ર, જલ્દી
उपैति=આવે છે
संनिधिं=પાસે, નજીક
असौ=આ
कालः=કાળ, મરણ
करालाननः=વિકરાળ મુખવાળો
कष्टं=કષ્ટ છે

किं=શું
करवाणि=કરૂં
अहं=હું
तदपि=તોપણ
यत्=જે
चित्तस्य=ચિત્તની
पापे=પાપકાર્યોમાં
रतिः=પ્રીતિ, હર્ષ

સંસારમાં સ્ત્રી મિત્ર વૈભવ પુત્ર વિઘટી જાય છે,
ત્યાં રહેલા જીવને સુખ તિણ અનિત્ય મનાય છે;
શ્વાસ ખાંસી ભગંદરાદિક રોગવાળો દેહ આ,
પાસ આવે શીઘ્ર મારી વિકટ મોંઢે કાળ આ. ૧૯૮

હે ભાઇ ! તોએ ચિત્તપ્રીતિ નિત રહે છે પાપમાં,
શું કરૂં આ દુઃખ મોટું જિન વચન આનંદમાં;
નિત રહી સુણનાર ટાળે પાપ પ્રીતિ પલકમાં,
શય્યંભવે તેવું કરીને નામ રાખ્યું વિશ્વમાં. ૧૯૯

અક્ષરાર્થ—મિત્ર સ્ત્રી પુત્ર અને વૈભવના નાશ આદિકથી આ સંસારનું સુખ ક્ષણ ભંગુર છે, તથા ખાંસી શ્વાસ ને ભગંદર આદિ રોગો વડે શરીર વ્યાપી ગયેલું છે તેમજ વિકરાળ મુખવાળો કાળ નજીક નજીક આવતો જાય છે તો પણ પાપ કર્મોમાં જ ચિત્ત જે આનંદ પામે છે તે

મહા કષ્ટ છે તો હે ભાઈ! હવે હું શું કરૂં? (એ પ્રમાણે કોઇ વૈરાગી જીવ પસ્તાવો કરે છે.) ૪૪

સ્પષ્ટાર્થ—સંસારના સુખનાં સાધન સ્ત્રી પુત્ર વૈભવ અને મિત્ર વિગેરે છે. પરન્તુ એ સાધનો પોતાની હયાતી સુધી ટકી રહે એવો નિશ્ચય નથી જ, કારણ કે યુવાનીમાં જ સ્ત્રી મરી જાય, વૃદ્ધાવસ્થામાં જ પુત્રાદિ મરી જાય, ધન વિગેરેનો વૈભવ તો વિજળી સરખો ચપળ હોવાથી વ્યાપારમાં ખોટ આવતાં નાશ પામે અથવા ચોર વિગેરે લૂંટી જાય માટે એ સ્ત્રી આદિકથી ઉપજતું સંસાર સુખ ક્ષણિક છે, તેમ શરીર અનેક વ્યાધિઓથી પીડાતાં છતાં વૈભવ પણ વિષ જેવો લાગે અને ઇચ્છા પ્રમાણે ઉપભોગ થાય નહિં, કદાચ એ સર્વ ટકી રહે તો પોતાનું જ મૃત્યુ યુવાનીમાં થાય. આ પ્રમાણે જે પાપારંભોથી સ્ત્રી વૈભવ આદિ સુખનાં સાધન મેળવ્યાં હોય તે નકામાં થઇ જાય છે. આ પ્રકારની સંસારની વિષમ વ્યવસ્થા છે તેથી જ કોઇ વૈરાગ્યવંત જીવ મિત્રને કહે છે કે હે મિત્ર! હું આ વિષય વ્યવસ્થા જાણું છું છતાં પણ મારૂં ચિત્ત પાપ કર્મો કરવામાં જ આનંદ પામે છે, અને વિરક્ત થતું નથી એ જ મહા દુઃખની વાત છે માટે હવે શું કરવું? આ પશ્ચાત્તાપથી સાર એ લેવાનો છે કે ચિત્તની ગતિ વિચિત્ર છે કે જેથી સાક્ષાત્ દુઃખનો અનુભવ કરવા છતાં પણ ચિત્ત પાપ કર્મોથી પાછું હઠતું નથી, માટે સદ્ગુરૂની સંગત અને શાસ્ત્ર શ્રવણાદિકના ઉદ્યમથી ચિત્તને સંસારથી વિરક્ત કરવું એ જ કલ્યાણકારી છે. ૪૪

**અવતરણ**—૪૪ મા શ્લોકમાં જે કહ્યું કે સંસાર સુખ વિગેરે ક્ષણ ભંગુર છે એમ અનુભવવા છતાં પણ ચિત્તને પાપ કર્મમાં પ્રીતિ રહે છે એ જ વાતને પુનઃ આ ગાથામાં વિશેષ સ્પષ્ટ કરે છે, તે આ પ્રમાણે—

૪ ૩ ૨ ૫ ૮ ૭ ૬
**संसारे गहनेऽत्र चित्रगतिषु, भ्रान्त्यानया सर्वथा।**
૧ ૧૪ ૧૧ ૧૨ ૯ ૧૩ ૧૦
**रे रे जीवन सोऽस्ति कश्चन जगन्मध्ये प्रदेशो ध्रुवम् ॥**
૧૮ ૧૯ ૨૦ ૧૬ ૧૭ ૨૧ ૨૬ ૨૨ ૨૩
**यो नाप्तस्तव भूरिजन्ममरणैस्तत्किं न तेऽद्यापि हि।**
૨૫ ૨૪ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૧
**निर्वेदो हृदि विद्यते यदनिशं पापक्रियायां रतिः ॥४५॥**

**संसारे**=સંસારમાં
**गहने**=ગહન, દુઃખદાયક
**अत्र**=આ અહિં
**चित्रगतिषु**=વિચિત્ર ગતિઓમાં (એકેન્દ્રયાદિમાં)
**भ्रान्त्या**=ભમવા વડે
**अनया**==આ
**सर्वथा**=સર્વ રીતે
**रे रे जीवन**=હે જીવ!
**सः**=તેવો, તે
**अस्ति**=છે
**कश्चन**=કોઈ
**जगन्मध्ये**=જગતમાં
**प्रदेशः**=સ્થાન, આકાશ પ્રદેશ
**ध्रुवं**=નિશ્ચય, અવશ્ય

**यः**=જે પ્રદેશ
**न**=નથી
**आप्तः**=પામ્યો
**भूरिजन्ममरणैः**=ઘણાં જન્મ મરણો વડે
**तत्**=તો
**किं न**=કેમ નથી
**ते**=તને
**अद्यापि हि**=હજી પણ
**निर्वेदः**=વૈરાગ્ય
**हृदि**=હૃદયમાં
**विद्यते**=વર્તતો, દેખાતો
**यत् अनिशं**=જેથી નિરન્તર
**पापक्रियायां**=પાપકાર્યોમાં
**रतिः**=પ્રીતિ

જન્મો કર્યાં જ્યાં ના ઘણાં એવો પ્રદેશ કયો અહીં,
હે જીવ! ઉત્તર એહનો શો ? ગુરૂ કહે તે છે નહી;
તોએ તને કિમ ચિત્તમાં વૈરાગ્ય રજ હોતો નથી,
ખેદ કેરી વાત એ તિમ પાપ રતિ તજતો નથી. ૨૦૦

રાગ બંધન દ્વેષ બંધન બેઉ બંધન વિરહથી,
ભવ ભ્રમણ દૂરે ટલે ગુરૂ વચન કેરા શ્રવણથી;
સત્સંગથી સુનિમિત્તથી રાગાદિ ઝટ દૂરે ટળે,
પ્રબલ પુણ્ય તણા ઉદયથી સાધના આવી મળે. ૨૦૧

અક્ષરાર્થ—હે જીવ! આ દુઃખદાયક સંસારમાં પૃથ્વીકાય આદિ વિચિત્ર અનેક ગતિઓમાં આવા પ્રકારના ભ્રમણ વડે ( ભમવાથી ) જગતમાં એવો કોઈ પણ આકાશ પ્રદેશ બાકી રાખ્યો છે ? કે જે પ્રદેશમાં તું અનેક વાર જન્મ મરણ નહિં પામ્યો હોય. [ અર્થાત્ પૃથ્વી કાયાદિ વિચિત્ર ગતિઓમાં ભમીને તેં આકાશના એક એક (દરેક) પ્રદેશમાં અનેક વાર જન્મ મરણ કર્યાં ] તો પણ હજી સુધીએ તારા હૃદયમાં આ બાબતનો ખેદ નથી થતો કે જેથી નિરન્તર પાપ કાર્યોમા હજી આનંદ પામ્યા કરે છે. ૪૫

સ્પષ્ટાર્થ—સૂક્ષ્મ પૃથ્વીકાય અપકાય અગ્નિકાય વાયુકાય અને સાધારણ વનસ્પતિ (નિગોદ) એ પાંચ સૂક્ષ્મ સ્થાવર જીવો ચૌદરાજ પ્રમાણ લોકાકાશમાં સર્વત્ર છે ને તેમાં મારો જીવ દરેક સ્થાને અનંત અનંત વાર ઉપજ્યો છે, તેમજ બાદર પૃથ્વીકાયાદિ સ્થાવરોમાં દ્વીન્દ્રિયાદિ ત્રસોમાં

દેવમાં નારકમાં મનુષ્યમાં તિર્યંચ પંચેન્દ્રિયમાં અનંત અનંત વાર ઉપજ્યો છે, અને એ પ્રમાણે લોકાકાશના અસંખ્યાત પ્રદેશોમાંથી કોઇ પણ એવો એકે પ્રદેશ બાકી નથી રાખ્યો કે જે પ્રદેશમાં મારો જીવ અનંતવાર ન ઉપજ્યો હોય, અર્થાત્ એકે એક આકાશ પ્રદેશમાં અનંત અનંત વાર ઉપજ્યો છે, જેથી વૈરાગ્યશતક પ્રાકૃતમાં કહ્યું છે કે—

न सा जाइ न सा जोणी, न तं ठाणं न तं कुलं ।
न जाया न मुआ जत्थ, जीवा वार अणंतसो ॥ १ ॥

અર્થ—એવી કોઇ જાતિ (એકેન્દ્રિયાદિ જાતિ) નથી, કે ચોર્યાસી લાખ યોનિમાંની અથવા એકેકે વ્યક્તિ ભેદે ગણતાં અસંખ્યાત યોનીમાં એવી કોઇ યોનિ નથી, તેમજ ચોદરાજ લોકાકાશમાં એવું કોઇ સ્થાન નથી, તેમજ લાખો કોડી કુલોમાં એવુ કોઈ કુલ નથી કે જ્યાં જીવો અનંત અનંત વાર ન ઉપજ્યા હોય કે ન મરણ પામ્યા હોય [ અર્થાત્ દરેક જીવે દરેક જાતિમાં દરેક યોનિમાં દરેક આકાશ પ્રદેશમાં અને દરેક કુલમાં અનંતાનંત વાર જન્મ મરણ કર્યાં છે ] તો એ પ્રમાણે મારા જીવે પણ સર્વ જાતિ કુલ યોનિ ને સર્વ આકાશ પ્રદેશમાં અનંતવાર જન્મ મરણ કર્યાં છે. તો પણ હે જીવ! હજી સુધી પાપ કાર્યો કરવામાં જ પ્રીતિ ઉપજે છે પરન્તુ જરા પણ ખેદ નથી થતો કે અનંત સંસાર ભમ્યો અનંતવાર ગતિઓ વિગેરેમાં ઉપજ્યો તો હવે એવી વિચિત્ર ગતિઓમાં ફરીથી ન જન્મું તો સારૂં. એ પ્રમાણે કોઇ વૈરાગ્યવંત જીવ પોતાના આત્માને શીખામણ આપે છે, જેથી આ

શ્લોકનો સાર એ છે કે જીવે હવે સંસાર ઉપરથી ધીરે ધીરે રાગ ઉતારવો જોઇએ ને ફરી ફરી એવાં જન્મ મરણ ન થાય માટે જ્ઞાન ચારિત્રના માર્ગનું આરાધન કરવું જોઇએ એ સાર છે ૪૫

**અવતરણ**—આ ગાથામાં ગ્રન્થકર્તા ચિત્તને આંકેલા અને ભમતા સાંઢની ઉપમા આપે છે તે આ પ્રમાણે—

૮ ૫ ૪ ૯ ૬ ૭
**नो स्कंधेन समुन्नतेन धरसे चारित्र्यगन्त्र्या धुरं ॥**
११ १० १४ १५ १२ १३
**पृष्ठेनोपचितेन नैव वहसे, प्रोच्चैरहिंसाभरम् ॥**
१७ १८ १६ १ १९ ४ ३
**मिथ्यात्वं निरयं पदाहतिवशाद्भो गाहसे त्वं यत–**
२ २० २१ २२ २३
**श्चेतस्तद्गतशंकसांकवृषवन्निघ्नं परिभ्राम्यसि ॥ ४६ ॥**

**नो**=નથી
**स्कंधेन**=ખાંધ વડે
**समुन्नतेन**=અતિ ઉન્નત, ઘણા પુષ્ટ ને ઉંચા
**धरसे**=ધારણ કરતો
**चारित्रगन्त्र्याः**=ચારિત્રરૂપી ગાડીની–ગાડાની
**धुरं**=ધુરાને
**पृष्ठेन**=પીઠ વડે
**उपचितेन**=પુષ્ટ, વધેલી
**नैव**=નથીજ
**वहसे**=વહન કરતો
**प्रोच्चैः**=અતિશય
**अहिंसाभरं**=અહિંસાના ભારને
**मिथ्यात्वं**=મિથ્યાત્વ રૂપી
**निरयं**=નરકમાં, ખાડામાં
**पदाहतिवशात्**=પગના આઘાતના વશથી (સ્ખલનવાળા ચરણથી)
**भो**=હે મનરૂપી સાંઢ
**गाहसे**=પડે છે
**त्वं**=તું

यत=જે કારણથી
चेत=ચિત્ત, મન
तत्=તે કારણથી
गतशंक=શંકા રહિત
सांक=આંકેલા
वृषवत्=બળદ માફક, સાંઢવત્
निंद्यं=નિંદનીય રીતે
परिभ्राम्यसि=પરિભ્રમણ કરે છે.

ચારિત્ર ગાડી ધોંસરૂં હે ચિત્ત ઉંચા ખંધથી,
કિમ ઉપાડે ના અને મજબૂત તારા પૃષ્ઠથી;
ના વહે બોજો ચરણનો ને ચરણ આઘાતથી,
મિથ્યાત્વ ખાડામાં પડે તારે આ ઘટતું નથી. ૨૦૨

સાંઢ આંકેલો હરી શંકા ફરે મન ફાવતે,
તેહવો તું સુધર જલ્દી નિત રહી ગુરૂ સંગતે;
શુભ નિમિત્ત વિચારજે ખોટા વિચારો ટાલજે,
તાહરે આધીન ભાષા તિમ ક્રિયા ઇમ માનજે. ૨૦૩

અક્ષરાર્થ— હે મનરૂપી સાંઢ! તું તારી ઉંચી ખાંધ વડે ચારિત્ર રૂપી ગાડાની ધુરા ધારણ કરતો નથી, તેમ ત્હારી પુષ્ટ પીઠ વડે અતિશય દયાના ભારને વ્હેતો નથી જ, અને જે કારણથી તું હે સાંઢ! પદની સ્ખલનાના એટલે પગ અથવા ચરણની સ્ખલનાના વશથી મિથ્યાત્વ રૂપી નરકમાં-ખાડામાં પડે છે, તે કારણથી હે ચિત્ત! તું ખરેખર આંકેલા વૃષભની માફક એટલે સાંઢની માફક નિઃશંકપણે નિંદનીય રીતે જ્યાં ત્યાં પરિભ્રમણ કર્યા કરે છે. ૪૬

સ્પષ્ટાર્થ—સાંઢ અથવા બળદ ગાડાની ધુરા-જુસરીને

ખાંધ ઉપર–ગળા પર રાખી ગાડામાં ભરેલો ભાર વહન કરે છે. તેથી તે સાંઢનું દૃષ્ટાન્ત આપી કવિ ભવ્ય જીવના ચિત્તને શીખામણ આપે છે કે હે જીવ! અથવા હે ચિત્ત! જેમ સાંઢ ગાડાની જુસરી ગળાપર રાખી ગાડાનો ભાર વહે છે તેમ તું ચારિત્ર્ય રૂપી ગાડાની ધુરા–જુસરીને વ્હેતો નથી એટલે તું ચારિત્ર્ય પાળતો નથી. આ શ્લોકમાં કવિએ ચિત્તને મદોન્મત્ત સાંઢની ઉપમા આપી છે તે બરાબર છે. કારણ કે સાંઢ જ્યાંસુધી માલિકના અંકુશમાં રહેતો નથી ત્યાંસુધી મદમાતો થઈ સ્વેચ્છાએ ગાયોના ટોળામાં વિલાસ કરતો ભમ્યા કરે છે, તેમ આ ચિત્ત રૂપી સાંઢ પણ જ્યાંસુધી જીવના અંકુશમાં આવતું નથી ત્યાંસુધી સ્વચ્છંદપણે ઇન્દ્રિયોના વિષયોમાં મદમાતું થઇ સ્ત્રીઓમાં ભમ્યા કરે છે. તથા ચારિત્રને ભાર ભરેલા ગાડાની ઉપમા આપી છે તે પણ બરાબર છે, કારણ કે ચારિત્રના અઢાર હજાર ભેદો રૂપ ભારથી ભરેલું ચારિત્ર તે એના ગાડા સરખું છે, અને તેથી શાસ્ત્રકારોએ ચારિત્ર રૂપી ગાડાને "શીલાંગરથ"ની ઉપમા આપી છે. અઢાઇજ્જેસુમાં अट्ठारस सहस्स सीलंगधारा એ પદથી અઢાર હજાર શીલાંગ રથને ધરનારા એવા મુનિ મહાત્માઓને નમસ્કાર કર્યો છે. તથા જે સાંઢ ગાડાં ખેંચવાના ઉપયોગમાં નથી આવતા તે સાંઢની પીઠ ઉપર બન્ને બાજુ ભાર લાદવામાં આવે છે, અથવા કોઇ દેશમાં સાંઢને ગાડે જોડે છે તો કોઇ દેશમાં પીઠપર ભાર ભરે છે તેથી કવિ અહિં એ ભારવાહી સાંઢની ઉપમાથી પણ ચિત્તને ઉપદેશ આપે છે કે હે ચિત્ત! સાંઢ જેમ અનાજ આદિકનો ભાર

પીઠ પર વહે છે તેમ તું દયાનો ભાર વહેલો નથી. તથા ભાર વ્હેતા ગળીયા સાંઢ વા બળદ જેમ ચરણુની એટલે પગની ખામીથી ઠોકરો ખાઇને વારંવાર ખાડામાં પડી જાય છે તેમ હે જીવ! અથવા હે ચિત્ત! તું પણુ ચરણુની એટલે ચારિત્રની ખામીથી વારંવાર સ્ખલના પામી પડી જાય છે એટલે ચારિત્ર લે છે ને ઇન્દ્રિયોને વશ પડી પુનઃ ભ્રષ્ટ થઇ મિથ્યાત્વ રૂપી ખાડામાં પડે છે, તેથી જેમ [1] આંકેલા સાંઢ નિઃશંકપણે જ્યાં ત્યાં સ્વચ્છંદે ભમી ખેતરોના પાક વિગેરે ખાઇ જાય છે, અને બીજાં અનેક નુકશાન કરવાથી લોકને ત્રાસદાયક થતા હોવાથી જેમ નિંદનીય રીતે ભમ્યા કરે છે તેમ હે ચિત્ત! હે જીવ! તું પણુ આંકેલા સાંઢની માફક જે તે વિષયોમાં ભમી સ્ત્રીઓ વિગેરેના સદાચારોને ભ્રષ્ટ કરે છે, અને તેથી તું લોકમાં નિંદાપાત્ર થાય છે, માટે આ શ્લોકનો સાર એ છે કે ચિત્તને નિરંકુશપણે સ્વચ્છંદે ભટકવા દેવું નહિં, પરન્તુ બરાબર દમન કરી કબજામાં લઇ સદાચારમાં અને દયામાં પ્રવર્તાવવું, નહિંતર જીવને નરકના ખાડામાં પાડી અનેક વિટંબના આપશે, એ સાર છે. ૪૬

**અવતરણુ**—મનુષ્ય ભવ આદિ ઉત્તમ સામગ્રીઓ પામ્યા છતાં પણુ સંસાર ભ્રમણુ કેમ રહે છે તેનું કારણુ તત્ત્વનું અજ્ઞાન છે તે આ ગાથામાં દર્શાવે છે—

**प्राप्ते सत्कुलजन्ममानवभवे निर्दोषरत्नोपमे।**
**नीरोगादिसमस्तवस्तुनिचये पुण्येन लब्धे सति ॥**

[1] ગામમાં અથવા ખેતરમાં છૂટા ફરવા છતાં લોકથી પકડીને કામમાં ન લઇ શકાય એવી નિશાનીવાળા સાંઢ તે આંકેલા સાંઢ.

१५ १६ १३ १२ १४ १० ११
नोपात्तं किमपि प्रमादवशतस्तत्त्वं त्वया मुक्तये ।
१ २ १७ १८ १९ २०
रे जीवात्र ततोऽतिदुःखविषमे संसारचक्रे भ्रमः ॥ ४७॥

प्राप्ते=પામ્યે છતે
सत्कुलजन्म=ઉત્તમ કુળમાં જન્મ
मानवभवे=મનુષ્ય ભવમાં
निर्दोष=નિર્મળ
रत्नोपमे=રત્ન સરખો
नीरोगादि=આરોગ્ય વિગેરે
समस्त=સર્વ
वस्तु=વસ્તુઓનો
निचये=સમૂહ
पुण्येन=પુણ્યથી
लब्धे सति=પામ્યા છતાં
न=ન
उपात्तं=ગ્રહણ કર્યું
किमपि=કંઇ પણ
प्रमादवशतः=પ્રમાદના વશથી
तत्त्वं=તત્વ, સાર
त्वया=તેં
मुक्तये=મુક્તિને અર્થે
रे जीव=હે જીવ!
अत्र=અહિં
ततः=તે કારણથી
अतिदुःखविषमे=અતિશય દુઃખ વડે વિષમ
संसारचक्रे=સંસાર ચક્રમાં
भ्रमः=ભ્રમણ

જેહમાં આરોગ્ય આદિક ચીજ ઉત્તમ છે રહી,
જન્મ સુકુલે તેહ નરભવ પુણ્યના ઉદયે અહીં;
હે જીવ ? પામ્યો તું છતાં શિવકાજ તત્ત્વ પામિયો,
દુઃખથી ભર્યા ભવચક્રમાં તેથીજ તું રખડી રહ્યો. ૨૦૪

હું કોણ ? મારી ચીજ કઇ ? શુદ્ધાત્મ દ્રવ્યસ્વરૂપ હું,
નિજ ગુણો છે માહરા તિમ ના વિભાવ સ્વરૂપ હું;
એહ તત્ત્વ વિચારતાં ને સાધતાં ધર્મિ જનો,
મુક્તિ પામ્યા પામશે જ્યાં આત્મ રંગ રહ્યો ઘણો. ૨૦૫

અક્ષરાર્થ—હે જીવ ! આ જગતમાં નિર્મળ રત્ન સરખો સત્કુળમાં જન્મ વાળો મનુષ્ય ભવ તેમજ આરોગ્ય વિગેરે સર્વ ઉત્તમ સામગ્રીના સમૂહવાળો ઉત્તમ મનુષ્ય ભવ પૂર્વ ભવના અનંત પુણ્ય બળથી પામ્યા છતાં પણ પ્રમાદના વશથી મોક્ષ સુખને માટે તેં કંઇ પણ તત્ત્વ ગ્રહણ કર્યું નહિં, તે કારણથી અતિશય દુઃખ વડે વિષમ એવા આ સંસાર ચક્રમાં ત્હારે ભ્રમણ કરવું પડે છે. ૪૭

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં કવિએ મનુષ્ય ભવને રત્ન સરખો કહ્યો છે, અને તેમાં ઉત્તમ કુળમાં જન્મ થવો એ નિર્મળતા છે, તેથી ઉત્તમ કુળમાં જન્મવાળો મનુષ્ય ભવ નિર્મળ રત્ન સરખો છે, તેમજ આ મનુષ્ય ભવમાં સર્વોત્કૃષ્ટ પાપ પુણ્ય અને મોક્ષની સર્વ સામગ્રીઓ–સાધનો હાજર છે, છતાં ઉત્કૃષ્ટ પુણ્ય અને મોક્ષનું સાધન હોવાથી તેમજ પૂર્વ ભવની પુન્યાઇથી શરીરનું નિરોગીપણું, પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા, અને પટુતા–કુશળતા આર્ય દેશમાં જન્મ, મહર્ધિક કુળમાં જન્મ, દેવ ગુરૂ ધર્મ વિગેરેની સામગ્રી ઇત્યાદિ સાધન સામગ્રી વાળો આ નિર્મળ મનુષ્ય ભવ પૂર્વ ભવના અનંત પુણ્યથી પામીને પણ હે જીવ! તેં ઇન્દ્રિયના વિષય કષાય મદિરાદિ નિદ્રા અને વિકથા એ પાંચ પ્રકારના પ્રમાદમાં પડી મુક્તિના સુખ માટે જે ધર્મ સાધન જ્ઞાન દર્શન ચારિત્ર એ ત્રણ તત્વનું આરાધન કરવું જોઇએ તે કંઇ પણ કર્યું નહિં, અથવા સુદેવ સુગુરૂ અને સુધર્મ એ ત્રણ તત્ત્વનું આરાધન કરવું જોઇએ, પરન્તુ પ્રમાદ વશથી એમાંના એક ધર્મ તત્ત્વનું આરાધન કર્યું

નહિં, અને મૉજ શોખમાં તથા વ્યાપારાદિકમાં તથા ઇન્દ્રિયોના વિષયને પોષનારા પરિગ્રહો ભેગા કરવામાં જ રાત દિવસ રચ્યો પચ્યો રહ્યો, તે કારણથી જે મનુષ્ય ભવ મુક્તિનું સાધન થવો જોઈએ, જન્મ જરા મરણનો નાશ કરનાર થવો જોઇએ, અનન્ત સુખ આપનાર થવો જોઇએ તેને બદલે અતિશય દુઃખ આપનારો થયો, નરકાદિ દુર્ગતિ આપનારો થયો અને પરિણામે દુઃખદાયી સંસાર ચક્રમાં ભમાવનાર થયો. અહો! કેટલી અજ્ઞાનતા! કે જે શસ્ત્ર શત્રુનો નાશ કરનારૂં છે તે જ શસ્ત્રનો આવડત વિના દુરૂપયોગ કરવાથી પોતાનો જ શિરચ્છેદ કરનારૂં થયું. માટે હે જીવ! આવો નિર્મળ રત્ન સરખો અને સર્વ સામગ્રીવાળો મનુષ્ય ભવ પામીને તું પ્રમાદમાં પડીશ નહિં, પરન્તુ પ્રમાદને દૂર કરી જ્ઞાન દર્શનાદિક તત્ત્વોની આરાધના કર કે જેથી આ સંસાર ચક્રમાં અથવા ચોરાસી લાખ યોનિઓમાં ભ્રમણ કરવાનું મટી સિદ્ધ પરમાત્મ પદ પામી મોક્ષ પદ પ્રાપ્ત થાય. એજ આ શ્લોકમાં ઉપદેશનો સાર છે. ૪૭

**અવતરણ**—ક્રોધ આદિ ૪ કષાયોથી આ મનુષ્ય ભવ રૂપી કલ્પવૃક્ષનું ફળ હારી જવાય છે તે વાત આ ગાથામાં દર્શાવે છે—

૬ ૫ ૭ ૮ ૧૨ ૧૧ ૯ ૧૦
**क्रोधो न्यक्कृति भाजनं न विहतो, नीतो न मानक्षयं ॥**
૧૩ ૧૪ ૧૫ ૨ ૧૭ ૧૬ ૧૮ ૧૯
**माया नैव हता हताश नितरां, लोभो न संक्षोभितः ॥**

१ ३ ४ २४
रे तीव्रोत्कटकूटचित्तवशगस्वान्त ! त्वया हारितं ।
२२ २१ २३ २०
हस्ताप्तं फलमाशु मानवभवश्रीकल्पवृक्षोद्भवम् ॥४८॥

क्रोधः=ક્રોધ
न्यक्कृति=તિરસ્કાર
भाजनं=પાત્ર
न=ન
विहतः=હણ્યો
नीतः=કર્યો
मानक्षयं=માનનો નાશ
माया=માયા, છળ, પ્રપંચ
नैव=ન જ
हता=હણી, નાશ પમાડી
हताश=હે હણાયલી આશાવાળા !
नितरां=અત્યંત
लोभः=લોભ
न=ન
संक्षोभितः=ક્ષોભ પમાડ્યો, હડાવ્યો

रे=હે
तीव्र=તીવ્ર
उत्कट=અતિશય
कूटचित्त=કૂટબુદ્ધિ
वशग=આધીન
स्वान्त=હે હૃદય !
त्वया=તેં
हारितं=હાર્યો
हस्ताप्तं=હાથમાં આવેલું
फलं=ફળ
आशु=શીઘ્ર
मानवभवश्री=મનુષ્યભવની લક્ષ્મી રૂપ
कल्पवृक्षोद्भवं=કલ્પવૃક્ષથી ઉત્પન્ન થયેલું, કલ્પવૃક્ષનું.

હે હૃદય ! તું તીવ્ર ઉત્કટ કપટ બુદ્ધિ વશે રહ્યું,
તેથીજ માનું એમ હું ન કરે કદી મારૂં કહ્યું;
નિંદ્ય ક્રોધ હણ્યો નહીં ને માન માયા નહિ તજ્યા,
લોભ છોડ્યો ના અરે કાર્યો અઘટતા બહુ કર્યાં. ૨૦૬

એહથી નરભવ સુરદ્રુમ ફલ સકલ હારી ગયો,
હજુ સુધર તું ચિત્ત ! જલ્દી વખત વીતી ક્યાં ગયો;
ચારે કષાયો દુર્ગતિના દુઃખદાયક જાણીએ,
પુણ્યથી જિન ધર્મ પામી હર્ષથી આરાધીએ. ૨૦૭

**અક્ષરાર્થ**—અતિશય તીવ્ર (ઘણી ચપલ) અને કૂટ એવી બુદ્ધિને વશ થયેલા હે હૃદય! તેં તિરસ્કાર કરવા યોગ્ય એવા ક્રોધને હણ્યો નહિં, માનનો નાશ કર્યો નહિં, હે હણાયલી આશાવાળા (હે નિરાશ થયેલા) હૃદય! ત્હેં માયા પ્રપંચનો પણ નાશ ન કર્યો તેમજ લોભને ક્ષુબ્ધ ન કર્યો (અર્થાત્ લોભને પણ ગભરાવીને બહાર કાઢયો નહિં) તેથી ખરેખર હે હૃદય! ત્હેં મનુષ્ય ભવની લક્ષ્મી રૂપ કલ્પવૃક્ષનું હાથમાં આવેલું ઉત્તમ ફળ શીઘ્ર ગુમાવી દીધું. એ ત્હારી કેટલી મૂર્ખાઇ! ૪૮

**સ્પષ્ટાર્થ**—કલ્પવૃક્ષ મનુષ્યોને ઇચ્છિત પદાર્થ આપે છે, તે કલ્પવૃક્ષો ઉત્તમ યુગલભૂમિમાં ઉત્પન્ન થાય છે, અને ત્યાં વસતા યુગલિક મનુષ્યોને અને યુગલિક તિર્યંચોને ઉત્તમ પ્રકારનાં ખાન પાન વાજીંત્ર વાસણ પુષ્પ વસ્ત્ર આદિ વૈભવો આપે છે અને જરૂરિઆતો પૂરી પાડે છે, તેમ આ મનુષ્ય ભવ પણ કલ્પવૃક્ષ સરખો છે, કારણ કે તે દેવલોકના સુખ અને મનુષ્યનાં સુખ રૂપ ઈચ્છિત પદાર્થો આપે છે, તેમજ ઉત્તમ દેવ ગુરૂ ધર્મ અને જ્ઞાન દર્શન ચારિત્રની ઉત્તમ સામગ્રીઓ પણ એ જ મનુષ્ય ભવ આપે છે, અને એવો મનુષ્ય ભવ ૧૫ કર્મભૂમિમાં જ છે, માટે હે હૃદય! હે મન! હે જીવ!

એવા કલ્પવૃક્ષ સરખા મનુષ્ય ભવનું ફળ ત્હારા હાથમાં આવ્યું એટલે તું સાક્ષત્ મનુષ્ય ભવ પામ્યો તો પણ અતિશય ઉત્કૃષ્ટ માયા પ્રપંચને વશ થઈ ક્રોધ માન માયા લોભ એ કષાયોને જીત્યા નહિં કે જે કષાયો જ્ઞાનીઓને અત્યંત તિરસ્કાર કરવા લાયક છે, તેથી તું આ મનુષ્ય ભવ હારી ગયો. પરન્તુ જો મળેલી મનુષ્ય ભવની સામગ્રી રૂપ ઉત્તમ ફળનો સદુપયોગ કરી જ્ઞાન દર્શન ચારિત્રનું આરાધન કરી એ ચારે કષાયોને જીત્યા હોત તો તું મનુષ્ય ભવ રૂપ ફળને હાર્યો ન હોત, એટલું જ નહિં પરન્તુ અનંત સુખવાળી પરમાત્મ પદની અનંત શાંતિ પામીને તું પરમ સુખી થાત, માટે હે જીવ! તું આ મનુષ્ય ભવ પામીને ચારે કષાય જીતવાનો ઉદ્યમ કર. એ જ આ શ્લોકના ઉપદેશનો સાર છે. ૪૮

**અવતરણ**—બાલ્ય અવસ્થા આદિ ત્રણે અવસ્થાઓમાં રમત આદિ ક્રિયાઓથી મનુષ્ય ભવ ફોગટ જાય છે. તો ધર્મનો અવસાર કયો? તે વાત આ ગાથામાં દર્શાવાય છે—

३ २ ४ ५
बाल्ये मोहमहांधकारगहने, मग्नेन मूढात्मना ।
६ ८ ७
तारुण्ये तरुणीसमाहृतहृदा, भोगैकसंगेच्छुना ॥
९ १० १२ ११
वृद्धत्वेऽपि जराभिभूतकरणग्रामेण निःशक्तिना ।
१७ १८ १४ १५ १६ १९ १ १३
मानुष्यं किल दैवतः कथमपि प्राप्तं हतं हा मया ॥४९॥

**बाल्ये**=બાળ અવસ્થામાં
**मोह**=મોહ-અજ્ઞાનના
**महांधकार**=મોટા અંધકાર વડે
**गहने**=ગહન, દુઃખદાયી, ગાઢ
**मग्नेन**=મગ્ન, લીન
**मूढात्मना**=મૂઢ આત્મા, મુગ્ધ-પણા વડે
**तारुण्ये**=તરૂણાવસ્થામાં, યુવા-વસ્થામાં
**तरुणी**=સ્ત્રીએ
**समाहृत**=હરણ કરેલ, આધીન કરેલ
**हृदा**=મન વડે
**भोगैकसंग**=વિષય ભોગના જ અતિશય રાગની
**इच्छुना**=ઇચ્છાવાળા
**वृद्धत्वेऽपि**=વૃદ્ધાવસ્થામાં પણ
**जराभिभूत**=વૃદ્ધપણા વડે પરાભવ પામેલી
**करणग्रामेण**=ઇન્દ્રિયોના સમૂહ વડે
**निःशक्तिना**=શક્તિ રહિત
**मानुष्यं**=મનુષ્યપણું
**किल**=ખરેખર
**दैवतः**=દૈવયોગે
**कथमपि**=કોઇ પણ રીતે
**प्राप्तं**=પામ્યો, પામેલું
**हतं**=નાશ પમાડયું
**हा**=અરે, અહો
**मया**=મેં

વૃદ્ધ જન ન કરી શકે ઘડપણ તણા દોષે કરી,
ધર્મ સાધન લેશ પણ ત્યારે કરે તે ફરી ફરી;
એમ પશ્ચાત્તાપ રે રે જીવ! તને બહુ પુણ્યથી,
જે મળ્યું માનુષ્ય તે ફોગટ ગુમાવ્યું મૂલથી. ૨૦૮

બાલ્ય વય અજ્ઞાન મોહે તિમ પરાધીનતા વશે,
ભર જુવાની નાર કેરા પ્રેમ ભોગ તણા વશે;
શક્તિહીન પણેજ ઘડપણ એમ ઉંમર ત્રણ ગઈ,
ધર્મ સાધન એકમાં પણ ના કર્યું તક વહી ગઇ. ૨૦૯

હે જીવ ! તું તેવો થઇશ ના ધર્મ કરવા ચેતજે,
બાલ્ય વયથી સજ્જ બનજે રજ પ્રમાદી ના થજે;
તિમ કદાચ બને નહિ તો ભર જુવાની કાલમાં,
સર્વ વિરતિ સાધીને તું મ્હાલજે જઇ મોક્ષમાં. ૨૧૦

ધર્મ સાધીશ ઘડપણે આવા મનોરથ જે કરે,
તે ન પંડિત જાણવા આ શ્લોકમાં કવિ ઉચ્ચરે;
પ્રથમ જેવી શક્તિ હોવે ના કદી તે કાલમાં,
ઘરડા તણા બેહાલ ભાખ્યું એમ ઉત્તરાધ્યયનમાં. ૨૧૧

**અક્ષરાર્થ**—બાળ અવસ્થામાં અજ્ઞાન રૂપ ગાઢ અંધકારમાં મૂઢપણે મગ્ન-તલ્લીન થઇને તથા યુવાવસ્થામાં સ્ત્રીએ આધીન કરેલા અને વિષય ભોગના જ અતિશય રાગની ઇચ્છાવાળા હૃદય વડે, અને વૃદ્ધાવસ્થામાં વૃદ્ધપણાથી સર્વ ઇન્દ્રિયોનો સમૂહ પરાભવ પામવાથી અશક્ત ઇન્દ્રિયો વડે અરે ! દૈવયોગે જેમ તેમ પ્રાપ્ત કરેલો આ મનુષ્ય ભવ ગુમાવી દીધો તે કેવી ખેદની વાત છે ! ૪૯

**સ્પષ્ટાર્થ**—કોઇ વૈરાગ્યવંત પુરૂષ આખર અવસ્થા સુધીમાં પણ કંઈ પુણ્ય કાર્ય કે ધર્મારાધન કરી શક્યો નહિં તેથી અન્ત અવસ્થામાં પસ્તાવો કરે છે કે આ મનુષ્ય ભવ જે દશ દૃષ્ટાન્તે મળવો મહા દુર્લભ છે તે કોઇ મહા પુણ્યના યોગે જેમ તેમ પ્રાપ્ત થયો તે હું બાલ આદિ ત્રણે અવસ્થામાં ફોકટ હારી ગયો, કારણ કે બાળ અવસ્થામાં તો કોઈ વાતની સમજણ ન હતી તેથી કેવળ બાળક્રીડા

કરવામાં જ બાલ્યાવસ્થા ગુમાવી. ત્યાર બાદ નિશાળે બેસી કંઇક ભણી ગણી તૈયાર થયો અને યુવાવસ્થા આવી ત્યારે તે ભણતરનો ઉપયોગ વ્યાપારનાં નામા ઠામામાં ને હિસાબ કિતાબમાં બીજાઓને કેમ છેતરવા અને કઇ રીતે કોઇનું ધન દેખતી આંખે ધૂળ નાખ્યાની માફક હિસાબ વિગેરેમાં ગુંચવી પડાવી લેવું તેમાં યુવાવસ્થા ગુમાવી, તે ઉપરાંત સારાં ખાનપાન ખાઇ શરીર પુષ્ટ બનાવી મોજ મજાહ અને સ્ત્રીઓના વિલાસમાં આસક્ત થયો, વળી જુવાનીના તોરમાં ને તોરમાં દેવ ગુરૂ ધર્મ ઓળખવાની દરકાર ન કરી એટલું જ નહિં પણ દેવ ગુરૂ ધર્મને એક જાતનું ધતિંગ માનતો, ગુરૂનું વચન સાંભળતો નહિં, અને જગતમાં સ્ત્રીના પ્રેમ સિવાય બીજી કોઇ ઉત્તમ વસ્તુ નથી એમ માનીને પૂજ્ય પુરૂષોનો સર્વથા અનાદર કરતો, આ બે રીતે મેં યુવાવસ્થા પણ ફોગટ ગુમાવી. ત્યાર બાદ જ્યારે વૃદ્ધાવસ્થા આવી ત્યારે ઇન્દ્રિયોનાં બળ અને શરીર બળ ઢીલાં થઇ ગયાં, કામકાજ કરવામાં જુવાની જેવો ઉત્સાહ રહ્યો નહિ, નસો દેખાવા માંડી, હાડકાં ખખડવા માંડયાં, દાંત એક પછી એક પડવા લાગ્યા, વાળ સફેદ થવા લાગ્યા, અને શરીરની સર્વ શોભા એક પછી એક ધીરે ધીરે પલાયન કરવા લાગી, સગાં-વ્હાલાંને છોકરાંને અને વહુઓને પણ અળખામણો થયો. અને કૂતરાની માફક મારી હાડ છેડ થવા લાગી, એવી નિર્બળ અને મલિન અવસ્થામાં સંયમ ધર્મનું આરાધન પણ કેમ બને? કારણ કે ધર્મ આરાધન માટે ખરી ઉપયોગી તો જુવાન અવસ્થા જ છે. તે તો સ્ત્રીની આસક્તિમાં ને ધન

ભેગું કરવામાં ગુમાવી, અને વૃદ્ધાવસ્થા તો સ્વભાવે જ સંયમ ધર્મને સંપૂર્ણ લાયક નથી તેમ છતાં બની શકતી પ્રભુ ભક્તિ જપમાળા આદિ કંઈપણ સત્કર્મ ન કર્યું, એ રીતે ત્રણે અવસ્થાઓમાં હું મનુષ્ય ભવ હારી બેઠો. અને હવે અંતે મરણ વખતે પસ્તાવો કરૂં એમાં દહાડો શો વળે ? ખરેખર મારે માટે એ મોટી ખેદની વાત છે. આ શ્લોકનો સાર એ છે કે મનુષ્ય ભવ પામીને એ ત્રણે અવસ્થાઓમાં બની શકતી ધર્મારાધના કરવી એ જ સાર છે. ૪૯

**અવતરણ**—મન ધનને માટે જે અથાગ મહેનત કરી અનાચારમાં પડે છે તે મનને ધનની ઇચ્છાથી નિવૃત્ત થવાનો ઉપદેશ આ શ્લોકમાં આપે છે, તે આ પ્રમાણે—

૧ ૨ ૩ ૫ ૪ ૬ ૭
**यस्मै त्वं लघु लंघसे जलनिधिं, दुष्टाटविं गाहसे ।**
૮ ૯ ૧૧ ૧૦ ૧૨ ૧૩
**मित्रं वंचयसे विलुंपसि निजं, वाक्यक्रमं मुंचसि ॥**
૧૪ ૧૫ ૧૬ ૨૦ ૧૯ ૧૮ ૧૭
**तद्वित्तं यदि दृश्यसे स्थिरतया, कस्याऽपि पृथ्वीतले ।**
૨૨ ૨૩ ૨૫ ૨૪ ૨૧
**रे रे चंचलचित्त ! वित्तहतकाद् व्यावर्त्ततां नो तदा**
॥ ૫૦ ॥

**यस्मै**=જે (ધન) ને માટે
**त्वं**=તું
**लघु**=શીઘ્ર, જલદી
**लंघसे**=ઉલ્લંઘન કરે છે
**जलनिधिं**=સમુદ્ર
**दुष्टाटविं**=દુષ્ટ જંગલમાં
**गाहसे**=ભમે છે, ઉતરે છે
**मित्रं**=મિત્રને

**वंचयसे**=ઠગે છે
**विलुंपसि**=લોપે છે, હણે છે
**निजं**=પોતાના બોલેલા
**वाक्यक्रमं**=વચનક્રમ, વચન મર્યાદાનો
**मुंचसि**=છોડે છે, ભંગ કરે છે
**तद्वित्तं**=તેજ ધન
**यदि**=જો
**दृश्यते**=દેખાય
**स्थिरतया**=સ્થિરપણે, કાયમ, અવિનાશી
**कस्यापि**=કોઇનું
**पृथ्वीतले**=પૃથ્વીમાં, જગતમાં, દુનિયામાં
**रे रे**=હે હે
**चंचलचित्त**=ચપળ મન!
**वित्तहतकात्**=હત્યારા ધનથી
**व्यावर्ततां**=પાછા વળવું
**नो**= નહિં
**तदा**=તો, તે વખતે

જે દ્રવ્ય કાજ મુસાફરી સાયર તણી તું નિત કરે,
ઘોર જંગલમાંહી પેસે વળી સગાંને છેતરે;
બોલ્યો ફરે તે દ્રવ્ય જો દેખાય સ્થિર પૃથ્વીતલે,
કોઇની પણ પાસ તો તજ રાગ ધનનો ના ભલે. ૨૧૨

પણ અથિર તે તિણ કરીશ ના મોહ ધનનો ધર્મમાં,
ઉપયોગ કરજે સાત ક્ષેત્રો તિણ કહ્યા જિન શાસ્ત્રમાં;
ભાવના ગ્રંથે કહ્યું વિસ્તારથી મેં તેહથી,
બીના કહી બહુ ટૂંકમાં ચાલુ પ્રસંગ વિશેષથી. ૨૧૩

અક્ષરાર્થ—હે ચંચળ ચિત્ત! જે ધન કમાવાને માટે તું દરિયો ઓળંગે છે, વિકટ જંગલોમાં પ્રવેશ કરે છે, મિત્રને ઠગે છે, સ્વજન વર્ગનો નાશ કરે છે, વચન બોલીને ફરી જાય છે, એજ ધન આ જગતમાં જો તું કોઇની પાસે

પણ સ્થિર રહેલું દેખે તો ત્હારે એ હત્યારા ધનથી કદી પણ પાછું ન હઠવું, પરન્તુ ધન ભેગું કર્યે જ જવું. (પરન્તુ એમ બનતું જ નથી માટે ધન ભેગું કરવાના પાપારંભોમાં હે જીવ! તું ન પડીશ. એ તાત્પર્ય) ૫૦

સ્પષ્ટાર્થ--ધન કમાવાને માટે માણસો ઉછળતાં મોજાંવાળા તોફાની સમુદ્રમાં પણ સ્ટીમરો હંકાર્યે જાય છે. જે સમુદ્રમાં ખડકો સાથે અથડાતાં વ્હાણો ભાગી ભૂકા થઇ જાય છે, માલ દરિયામાં ડૂબી જાય છે, અને ખલાસીઓ તથા ઉતારૂઓ ડૂબી જાય છે એવા ભયંકર ઉંડા દરિયામાં પણ વહાણવટું ખેડી માલ અને પેસેંજરો એક બંદરેથી બીજે બંદરે લઇ જઈ વ્હેપાર કરી ધન ઉપાર્જન કરે છે. તેમજ સિંહ વાઘ વરૂ આદિ ભયાનક જાનવરોવાળી ભયંકર અટવીઓમાં ચોર ધાડપાડુ લૂંટારૂઓની દરકાર કર્યા વિના પ્રવેશ કરે છે અને ભાગ્યયોગે કદાચિત્ પાર પણ ઉતરે છે. તેમજ વિશ્વાસુ મિત્રો વિગેરેને ઠગી વિશ્વાસઘાત જેવું મહા પાપ કરે છે એ ઉપરાન્ત રાજ્યના લોભને માટે અને ધનના લોભને માટે સગો પુત્ર પિતાને હણે છે, ઇત્યાદિ રીતે કુટુંબીઓ કુટુંબને જ મારી નાખે છે. તેમજ ધનને માટે વેપારીઓ તથા રાજાઓ પગલે પગલે વચન ભંગ કરે છે, આ પ્રમાણે સાક્ષાત્ ઉપદ્રવકારી ધનને માટે ન આચરવા યોગ્ય અનાચારો આચરે છે છતાં પણ તે ધન તેની પાસે ઝાઝો વખત ટકતું નથી તેથી કોઇ વૈરાગ્યવંત જીવ પોતાના મનને ઉપદેશ આપે છે કે હે મન! અથવા હે જીવ! તું ધનને માટે ભયંકર અત્યા-

ચારો આચરે છે અને ન ખેડવા યોગ્ય ભયંકર સાહસો ખેડે છે તે ખરૂં, પણ આ ધન પૃથ્વીમાં કોઈની પાસે સ્થિર રહ્યું નથી રહેવાનું નથી ને રહેશે નહિં. તેથી એવા અસ્થિર ધન માટે એવાં જીંદગીના જોખમે મોટાં સાહસ ખેડવાં તે યોગ્ય નથી. હા, જો ધન દુનિયામાં કોઈ પણ રાજા મહારાજા દેવ દાનવ કે ઇન્દ્ર પાસે સ્થિર રહેલું છે રહે છે ને રહેશે એમ જો જાણતો હોય તો જરૂર એ ધન કમાવા માટે તું પાછી પાની કરીશ નહિં, પરન્તુ તેમ બનતું નથી. તેથી તું જો ધનને અસ્થિર જાણતો હોય તો ધનને માટે તેવાં સાહસો અને અનાચારથી અવશ્ય વિરામ પામજે એ ઉપદેશ છે. ૫૦

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં મૃગ જેમ ઘોર અટવીમાં દોડે છે તેમ મન પણ આ સંસાર રૂપી અટવીમાં ક્યાં ક્યાં કઇ રીતે દોડે છે તે વાત જણાવે છે—

૧૧ ૧૦ ૧૨ ૧૩
**अज्ञानाद्रितटे क्वचित्क्वचिदपि, प्रद्युम्नगर्तान्तरे ।**
१५ १४ १७ १६ १८
**मायागुल्मतले क्वचित्क्वचिदहो निंदानदीसंकटे ॥**
३ ८
**मोहव्याघ्रभयातुरं हरिणवत्संसारघोराटवी ।**
७ ९ १ ६ २ ४ ५
**मध्ये धावति पश्य सत्वरतरं कष्टं मदीयं मनः ॥५१॥**

**अज्ञान**=અજ્ઞાન રૂપી
**अद्रि**=પર્વતના
**तटे**=તટ ઉપર, શિખરના છેડે.
**क्वचित्**=કોઇ વાર
**प्रद्युम्न**=કામદેવ રૂપી
**गर्तान्तरे**=ખાડામાં

**माया**=માયા રૂપી
**गुल्मतले**=વેલડીઓના ગુચ્છાઓમાં
**अहो**=આશ્ચર્ય છે કે,
**निद्रानदी**=નિંદ્રારૂપી નદીના
**संकटे**=પાસેના સાંકડા ભાગમાં, ખીણમાં
**मोहव्याघ्र**=મોહરૂપી વાઘના
**भयातुरं**=ભયથી વ્યાકુળ થયેલ, ગભરાયલું
**हरिणवत्**=હરિણની માફક, મૃગવત્
**संसार**=સંસાર રૂપી
**घोर**=ભયંકર
**अटवीमध्ये**=અટવીમાં, જંગલમાં
**धावति**=દોડે છે
**पश्य**=દેખ, જો
**सत्वरतरं**=બહુ જલ્દી, ઝપાટાબંધ
**कष्टं**=ખેદની વાત છે કે
**मदीयं**=મારૂં
**मनः**=મન, ચિત્ત

**હે મિત્ર ! મોહ સ્વરૂપ વાઘે ભીત ચિત્ત હરિણ પરે,**
**અજ્ઞાન રૂપ પર્વત તટે ક્યારેક રતિ ખાડે ફરે;**
**કોઇ વખતે કપટ વલ્લી ગુચ્છ માંહે દોડતું,**
**નિંદ્રા નદીની ખીણમાંહે કોઇ વખતે દોડતું. ૨૧૪**

**એમ ભય રૂપ ઘોર અટવી ચાર દિશિએ દોડતું,**
**આ વાત કેવી ખેદની સ્થિરતા ન ક્યારે પામતું;**
**મન થાય થિર શુભ હેતુના આલંબને પ્રભુ ઇમ કહે,**
**સંયમાદિક સાધનારા પરમ શાંતિમાં રહે. ૨૧૫**

અક્ષરાર્થ—હે મિત્ર ! મોહ રૂપી વાઘથી ભય પામેલું આ મ્હારૂં મન હરિણની માફક કોઇ વાર તો અજ્ઞાન રૂપી

પર્વતના તટમાં દોડી જાય છે, અથવા અજ્ઞાન રૂપી પર્વતની ઉપર ચઢી જાય છે, વળી કોઇ વાર તો કામદેવ રૂપી કીચડવાળા ખાડામાં પડી જાય છે, કોઈ વાર માયા રૂપી લતાઓ (વેલડીઓ) ની ગાઢ ઝાડીમાં ભરાઇ જાય છે, કોઈ વાર નિંદા રૂપી નદીની ખીણમાં દોડી જાય છે, એ પ્રમાણે હે મિત્ર! મારૂં મન આ સંસાર રૂપી ભયાનક અટવીમાં તું જો તો ખરો કે તે કેટલી ઉતાવળથી દોડાદોડ કરે છે, ખરેખર આ ઘણા ખેદની વાત છે. ૫૧

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં મનને હરિણની ઉપમા આપી છે, મોહને વાઘની ઉપમા, અજ્ઞાનને પર્વતના ટેકરાની ઉપમા, કામદેવને ખાડાની ઉપમા, માયાને લતા કુંજની ઉપમા (ઝાડીની ઉપમા); અને નિંદાને નદીની ખીણની ઉપમા આપી છે, અને એ બધી વસ્તુઓવાળા સંસારને ઘોર અટવીની ઉપમા આપી છે. તેથી અટવીમાં રહેતું હરિણ જેમ વાઘથી ભય પામીને અટવીમાં રહેલા પર્વતના ટેકરા ઉપર ચડી જાય છે તેમ આ સંસારમાં મન રૂપી હરિણ મોહ રૂપી વાઘથી બ્હીને કોઈ વાર અજ્ઞાન રૂપી પર્વતના ટેકરા ઉપર ચડી જાય છે, તો કોઇ વાર દોડતું દોડતું કામવિકારોને વશ થઇ કામવાસના (ભોગ તૃષ્ણા) રૂપ ખાડામાં ગબડી પડે છે, ને એ ખાડામાં મેલા વિલાસો રૂપી કાદવમાં ખુંચી જાય છે. વળી એ મન રૂપ હરિણ દોડતું દોડતું કોઇ વાર માયા રૂપી ઝાડીમાં ભરાઇ જાય છે, અને કોઇ વાર દોડતાં દોડતાં પારકી નિંદા રૂપી નદીની ખીણમાં

ગબડી પડે છે, એ પ્રમાણે કોઇ વૈરાગ્યવંત જીવ પોતાના મિત્રને કહે છે કે હે મિત્ર ! તું જો તો ખરો કે મારૂં મન મોહ રૂપી વાઘથી ભય પામીને એટલે મોહમાં મુંઝાઇને આ સંસાર રૂપી ભયાનક જંગલમાં કેટલું દોડાદોડ કરી રહ્યું છે !

અહિં જણાવેલી ઉપમાઓનું રહસ્ય આ પ્રમાણે જાણવું-સંસાર એ ભયાનક જંગલ સરખો છે એ તો સ્હેજે સમજાય તેવું છે, અને જંગલમાં વાઘ હરિણ પર્વતના ટેકરા નદીની ખીણો ગાઢ ઝાડી અને કાદવના ખાડા વિગેરે વસ્તુઓ હોય છે. તેમાં વાઘથી ભય પામનાર હરિણ છે, તેમ મોહ એ વાઘ સરખો ક્રૂર ને બળવાન હોવાથી મોહને વાઘની ઉપમા છે, અને તે મોહને આધીન થયેલું મુંઝાયલું મન તે ગરીબ હરણ સરખું છે, તથા માર્ગ વિનાના પહાડના ઉંચા નીચા ટેકરા જેમ ચઢનાર માણસને બહુ દુઃખદાયી અને બેભાન બનાવનારા છે તેમ બેભાન રૂપ અજ્ઞાન પર્વતના ટેકરાઓ સરખું છે. તથા વૃક્ષોની ગાઢ ઝાડીમાં છૂપાયેલ મનુષ્યાદિની ખબર ન પડે તેમ માયાવી જીવની કપટ જાળની કોઇને ખબર પડતી નથી, માટે માયાને ગાઢ ઝાડીના નિકુંજ સરખી કહી છે, તથા કામદેવ મલિન હોવાથી એ કાદવના ખાડા સરખો છે તે સ્પષ્ટ છે, તથા પહાડની ખીણોમાંથી છૂપી રીતે નદી જેમ બહાર નીકળે છે ને ફેલાતી જાય છે તેમ લોકોની છૂપી વાતો અથવા ખુલ્લી વાતો નિંદા દ્વારા બહાર નીકળી ફેલાતી જાય છે માટે નિંદા તે નદીની ખીણ સરખી છે, અર્થાત્ નદીની

ઉત્પત્તિ જેમ પર્વતના ખીણુ વિગેરે પ્રદેશોમાંથી છે તેમ નિંદાની ઉત્પત્તિ મનના દુરાશય રૂપી પર્વતની ખીણુમાંથી થાય છે. અહીં ખરૂં રહસ્ય એ છે કે મનની આવી ચપળતાને ધ્યાનમાં લઈને ભવ્ય જીવોએ પ્રભુ દેવની મૂર્તિ સામાયિક પૌષધ વિગેરે સારા આલંબન રૂપી સોયમાં મન રૂપી દોરો પરોવી દેવો, એટલે સારા નિમિત્તોમાં મનને જોડી દેવું, જેથી મન નવરૂં પડે જ નહિ. જો નવરૂં પડે તો ખરાબ વિચાર કરે અને પરિણામે ખરાબ રસ્તે દોરાય. મનને મજબૂત રાખવાને માટે શીલવૃત્તિ અને સત્પુરૂષોનો સમાગમ વૈરાગ્ય ભાવને પમાડનાર ગ્રંથોનું વાંચન વિગેરે સાધનોની જરૂર સેવના કરવી જોઇએ. ૫૧

અવતરણ--હવે કવિ આ શ્લોકમાં જો સંસાર સમુદ્રથી તરવું હોય તો જીવે સદ્બોધ રૂપી વહાણમાં જ બેસવું, તે વાત જણાવે છે--

सच्चारित्रपवित्रदारुरचितं, शीलध्वजालंकृतं ।<br>
गुर्वाज्ञागुणगुंफनाद्दढतरं, सद्बोधपोतं श्रितः ॥<br>
मोहग्राहभयंकरं तर महासंसारवारांनिधिं ।<br>
यावन्न प्रतिभिद्यते स्तनतटाघातैः कुरंगीदृशाम् ॥५२॥

सच्चारित्र=ઉત્તમ ચારિત્ર રૂપી<br>
पवित्रदारु=પવિત્ર લાકડા વડે<br>
रचितं=રચેલા, બનાવેલા<br>
शीलध्वज=બ્રહ્મચર્ય રૂપી ધ્વજવડે<br>
अलंकृतं=શણગારેલા<br>
गुर्वाज्ञा=ગુરૂની આજ્ઞા રૂપી

गुण=દોરની
गुंफना=ગુંથણીથી, રચનાથી
दृढतरं=અતિશય મજબુત (બનાવેલા)
सद्बोध=સદ્જ્ઞાન રૂપી
पोतं=વ્હાણમાં
श्रितः=બેઠેલો
मोहग्राह=મોહરૂપી ઝુંડ (જળચર પ્રાણી) વડે
भयंकरं=બીહામણા
तर=તરી જા
महा=મોટા
संसार=સંસાર રૂપી
वारांनिधिं=સમુદ્રને
यावत्=જ્યાં સુધી
न=નહિ, નથી
प्रतिभिद्यते=પ્રતિભેદાય, અથડાઇને ભાગી જાય
स्तनतट=સ્તન રૂપી કાંઠાના
आघातैः=આઘાત વડે, અથડાવાથી
कुरंगीदृशां=હરિણ સરખી નેત્રવાળી સ્રીઓના

હે મિત્ર ! બેસી વ્હાણમાં સાગર તરે જિમ કઇ જના,
સદ્બોધ પોતે તેમ બેસી પામ તટ ભવજલધિના;
ઝુંડ આદિ સમુદ્રમાં સંસાર રૂપ સમુદ્રમાં,
ઝુંડ જેવો મોહ તિમ સદ્બોધ રૂપી વ્હાણમાં. ૨૧૬
ચારિત્ર રૂપો કાષ્ટ રચના શોભતું તે શીલધ્વજે
ગુરૂઆણ રૂપી દોર બંધન તેહના ના ભૂલજે;
આઘાતથી ગિરિઆદિના જિમ વ્હાણ ભાંગી જાય છે,
સ્તન તટાઘાતે કરી સદ્બોધ પોત પલાય છે. ૨૧૭
છે અખંડિત વ્હાણ તે હે મિત્ર તારૂં જ્યાં સુધી,
સંસાર સાગરને તરી જા શીઘ્ર ચેતી ત્યાં સુધી;
નારી તણો સંસર્ગ ચેતન ! લેશથી પણ ટાળજે,
જ્ઞાનાદિની આરાધના નિર્દોષ રંગે સાધજે. ૨૧૮

**અક્ષરાર્થ:**—હે મિત્ર ! ઉત્તમ ચારિત્રાચાર રૂપી કાષ્ટથી બનાવેલું-ઘડેલું અને બ્રહ્મચર્ય રૂપી ધ્વજ વડે શોભતું, ગુરૂની આજ્ઞા રૂપી મોટા દોરની રચનાથી અતિશય મજબૂત કરેલું એવું તે ઉત્તમ જ્ઞાન રૂપી વ્હાણ કે જે સ્ત્રીઓના સ્તન રૂપી કાંઠાઓમાં અથવા ખડકોમાં અફળાઇને ભાગી ન જાય ત્યાં સુધી તેમાં બેસીને મોહ રૂપી મોટા ઝુંડ જેવા જળચર જીવો વડે ભયંકર એવા આ સંસાર રૂપ મોટા સમુદ્રને તું તરી જા. ૫૨

**સ્પષ્ટાર્થ**—આ શ્લોકમાં સંસારને દરિયાની ઉપમા આપી છે. અને તે દરિયો તરવા માટે લાકડાના વ્હાણુ સરખું ઉત્તમ જ્ઞાન કહેલું છે. વળી દરિયામાં જેમ મોટા મોટા મગરમચ્છ હોય છે તેમ સંસાર રૂપ દરિયો ક્રોધ માન માયા લોભ વિગેરે મોટા મોટા મગરમચ્છ રૂપ જળચરોથી ભયાનક લાગે છે. વ્હાણુમાં જેમ પાટીયાં દોર અને ધ્વજા અથવા સઢ વિગેરે હોય છે તેમ ઉત્તમ જ્ઞાન રૂપી પવિત્ર વ્હાણુમાં ચારિત્ર રૂપી પાટીયા ગોઠવેલા છે, શીળ રૂપી ધ્વજ અથવા સઢ છે અને તે ગુરૂની આજ્ઞા રૂપી દોરથી બંધાયલું-મજબૂત કરાએલું છે. એ રીતે વ્હાણુનાં ઉચિત ઉપકરણોથી શણગારાએલું છે, તથા વ્હાણુ જેમ સમુદ્રમાં રહેલાં ખડકો સાથે અફળાઇ ભાગી જાય છે તેમ આ ઉત્તમ જ્ઞાન રૂપ વ્હાણુ પણ કોઇવાર સ્ત્રીઓનાં સ્તન રૂપી ખડકોમાં અથડાઇને ભાગી જાય છે, એટલે સ્ત્રીઓનાં અંગ ઉપાંગાદિ ઉપર રાગ થવાથી ઉત્તમ જ્ઞાન નાશ પામી જાય છે, અને જીવ સંસાર

સમુદ્રમાં ડૂબી જાય છે તેથી કોઇક વૈરાગ્યવંત જીવ કોઇ વૈરાગ્યવંત પોતાના મિત્રને ઉપદેશ આપે છે કે હે મિત્ર! તું આ સંસાર રૂપ સમુદ્રમાં અનંત કાળથી ડૂબી રહ્યો છુ. માટે હવે જો કાંઠે આવવું હોય અથવા આ સંસાર સમુદ્રનો પાર પામવો હોય તો ગુરૂ મહારાજના કહેવા મુજબ ઉત્તમ જ્ઞાન રૂપી વ્હાણમાં બેસીજા, એટલે ગુરૂના ઉપદેશથી તે ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કર, કે જે ઉત્તમ જ્ઞાન ઉત્તમ શ્રદ્ધા અને ચારિત્ર-વાળું છે તથા શીળવાળું છે, અને ગુરૂ આજ્ઞાની આરાધનાથી મજબૂત બનેલું છે, અને તેવું ઉત્તમ જ્ઞાન રૂપી વ્હાણ જ્યાં સુધી સ્ત્રીઓનાં અંગો જોઇને થતા રાગ રૂપ ખડકોમાં અથડાય નહિં ત્યાં સુધીમાં તું ઝટ બેસી હંકારીને આ સંસાર સમુદ્ર તરીજા, અને જો કદાચ ખડકોના માર્ગ ન જાણવાથી હંકારવામાં ભૂલ થઇ સ્ત્રીઓની ખડકોમાં અથડાઇ પડશે તો જરૂર એ ઉત્તમ જ્ઞાન રૂપ વ્હાણ ભાગી જશે, તેથી પવિત્ર શ્રદ્ધા અને ચારિત્રવાળું ઉત્તમ જ્ઞાન જ્યાં સુધી સ્ત્રીઓના સંગવાળું થયું નથી ત્યાં સુધીમાં તું આ ભવનો પાર પામી જા અને કદાચ સ્ત્રીઓનો પરિચય અથવા રાગ થયો તો જરૂર તારૂં નિર્મલ ચારિત્ર સહિત ઉત્તમ જ્ઞાન નાશ પામી જશે. આ શ્લોકનું ખરૂં રહસ્ય એ છે કે પવિત્ર ચારિત્રવાળું સદ્જ્ઞાન સ્ત્રીઓના પરિચયથી નાશ પામે છે માટે ચારિત્રધારી જ્ઞાની મુની મહાત્માઓએ સ્ત્રીનો પરિચય જરા પણ કરવો નહિં. કારણ કે ઉત્તમ જ્ઞાન ચારિત્રનો ટકાવ શીલને જ આધીન છે. 'सद्बोध' અહીં "सत्" પદથી એમ સમજાય છે કે ઉત્તમ જ્ઞાનની સાથે ઉત્તમ દર્શન અને

ચારિત્ર જરૂર લેવાજ જોઇએ, કારણ કે બીજા મતવાળાઓની માફક શ્રી જૈન દર્શન એકલા (દર્શન અને ચારિત્ર વિનાના) જ્ઞાનથી જ સંસાર સમુદ્ર તરી શકાય છે એમ કહેતું નથી. તે તો એમ કહે છે કે, નિર્મલ દર્શન, જ્ઞાન ચારિત્રની એકઠી આરાધના કરવાથી જ સંસાર સમુદ્રનો પાર પામી શકાય છે, માટે જ શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે—

"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः"

આ પ્રમાણે શાસ્ત્રીય પુરાવો જણાવ્યા બાદ સંસાર સમુદ્રને તરવામાં જ્ઞાનાદિ ત્રણેની સાધના જરૂર જોઇએ, એમ યુક્તિથી પણ સાબીત થઇ શકે છે, જુઓ એક પૈડાથી રથ ચાલે જ નહિ, અહીં જેમ રથને ચલાવવામાં અનેક પૈડાઓની મદદ લેવી પડે છે, તેમ મોક્ષના સુખ મેળવવામાં પણ અનેક સાધનો જરૂર જોઇએ. વ્યવહારમાં કફ, પિત્ત અને વાયુના પ્રકોપથી રોગ થાય છે. તે ત્રણેને નિયમિત કરવા માટે હરડા બેડાં, આમળા, એમ ત્રણ પદાર્થોના બનેલા ત્રિફળાથી કફ વિગેરેના પ્રકોપને શાંત કરીને દ્રવ્યરોગ નાબુદ કરાય છે. જેમ દ્રવ્ય રોગની શાંતિ ત્રણ સાધનોથી થાય છે, તેવી રીતે ભાવ રોગની શાંતિને માટે જ્ઞાનાદિ ત્રણની સાધના જણાવી છે. આ બીના લક્ષ્યમાં લઇને ભવ્ય જીવોએ પ્રમાદનો ત્યાગ કરી પ્રબલ પુણ્યોદયે મેળવેલા શ્રી જૈનેન્દ્ર શાસનની નિર્મલ આરાધના કરી માનવ જન્મ સફલ કરવો જોઇએ એ આ શ્લોકનું રહસ્ય છે. ૫૨

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં જ્યાં સુધી સ્ત્રી

તરફ દોડતું મન વશ થયું નથી ત્યાં સુધી કરવામાં આવતા સર્વ ધર્મના કાર્યો નકામા છે, આ મુદ્દાથી મનને રોકવાની વિશેષ જરૂરિયાતો જણાવે છે—

૧૦ ૯ ૮ ૧૧ ૧૨ ૧૩
किं भस्मप्रतिलेपनेन वपुषो, धूमस्य पानेन किं ! ।
१५ १६ १४ २० १७ १९ १८
वस्त्रत्यागजुगुप्सया किमनया किं वा त्रिदंडयाप्यहो ॥
२४ २३ २२ २१ २५ २७ २६
किं स्कंधेन नतेन कंबलभराज्जापस्य किं मालया ।
२ ३ १ ४ ६ ५ ७
वामाक्षीमभिधावमानमनिशं चेतो न चेद्रक्षितम् ॥५३॥

किं=શું
भस्म=રાખોડી
प्रतिलेपनेन=ચોળવા વડે
वपुषः=શરીર ઉપર
धूमस्य=ધૂમાડાના
पानेन=પીવાએ કરીને, પીવાવડે
वस्त्रत्याग=વસ્ત્ર છોડીને
जुगुप्सया=નિંદનીય કૃત્ય વડે
अनया=આ
किंवा=અથવા શું !
त्रिदंड्याऽपि=ત્રિદંડીપણા વડે પણ
अहो=આશ્ચર્ય

स्कंधेन=ખભા વડે
नतेन=નીચા નમી ગયેલા
कंबलभरात्=કાંબળાઓના સમૂહથી
जापस्य=જાપ કરવાની
मालया=માલા વડે
वामाक्षि=સ્ત્રી તરફ
अभिधावमानं=દોડતું
अनिशं=નિરન્તર
चेतः=ચિત્ત, મન
न=ના
चेत्=જો
रक्षितं=બચાવ્યું, અટકાવ્યું

સ્ત્રી નિરખતાં દોડતા મનને ન રોકે જે નરા,
ધૂમપાન ભસ્મ લગાડવી તન પર સફલ તે ના જરા;
તસ ત્રિદંડી ધારણા તિમ વસ્ત્રનો પરિહાર એ,
કાંબલા ખંભે ઉપાડે જાપ નિષ્ફલ જાણીએ. ૨૧૯

નિર્વિકારી મન બનાવી જેહ કિરિયા સાધીએ,
તાસ ફલ સંપૂર્ણ લહીએ ઇમ કહ્યું તીર્થંકરે;
મોહ કેરૂં પ્રબલ સાધન સ્ત્રી નિરીક્ષણ રાગથી,
ઇમ વિચારી ચેતનારા થાય સુખિયા નિયમથી. ૨૨૦

અક્ષરાર્થ—જ્યાં સુધી સુંદર નેત્રવાળી સ્ત્રીઓના તરફ દોડતું મન જે યોગીએ રોકયું નથી ત્યાં સુધી તે યોગી શરીરની ઉપર રાખ ચોળે તેથી શું વળે? ધૂમ્રપાન કરે તેથી શું વળે? વસ્ત્ર છોડી નગ્ન-દિગંબર જેવી આ જુગુપ્સનીય (લજ્જાવાળી) અવસ્થાએ ફરે તેથી શું વળવાનું? તેમ ત્રણ દંડ રાખીને ત્રિદંડી થઈને ફરે તેથી શું વળવાનું? તેમજ ખભા ઉપર ઘણા કાંબળાનો ભાર ઉંચકી ખભો નમાવીને ફરે તેથી શું વળવાનું? તેમજ જાપની માળા ફેરવ્યા કરે તેથી શું વળવાનું? (અર્થાત્ વિષય લાલસા તરફ જતાં મનને રોકયા વિના એ છ કાર્યોથી કંઈ પણ ઈષ્ટ ફળની સિદ્ધિ થતી નથી) ૫૩

સ્પષ્ટાર્થ—કેટલાએક જીવો સાધુ વેષ લઇ શરીરે ભભૂત લગાવી બાવા બની પોતાને ત્યાગી કહેવડાવે છે, વળી કોઇક તો ગાંજા ચલમ વિગેરે ફુંકી ધૂમ્રપાન કરી સાધુ કહેવડાવે છે,

કોઇક સર્વથા વસ્ત્રનો ત્યાગ કરી લોકને લજ્જા ઉપજે એવી બિભત્સ નગ્ન અવસ્થામાં રહી નાગા બાવા અથવા દિગંબર બની સાધુ કહેવડાવે છે, વળી કોઇક તો ત્રણ દંડ રાખી ત્રિદંડી સાધુ બને છે, અને કોઇક ખભા ઉપર કાંબળા રાખી તેના ભારથી નમેલી ખાંધવાળા થઈ ફરે છે, કોઇક પ્રભુના નામની જપમાળા જપ્યા કરે છે, પરન્તુ એ બધા જૂદી જૂદી જાતના નામધારી સાધુઓ સુંદર સ્ત્રીને દેખે કે તુરત લલચાઇ જાય છે, તેની સાથે વાતચિતનો પ્રસંગ સાધી વાર્તા વિનોદમાં રસિયા બને છે, પરિણામે પતિત પણ થઈ જાય છે, તો એવા સ્ત્રીને દેખી ચલિત થઇ જનારા સાધુઓ ભભૂત લગાવે, ધૂમ્રપાન કરે, દિગંબર થઈ ફરે, ખભે કામળા ઓઢે કે ત્રિદંડ રાખે કે જપમાળા જપે તેમાં શો દહાડો વળે ? કારણ કે જ્યાં સુધી વિષયોમાં જતાં મનને વાળ્યું નથી ત્યાં સુધી રખ્યા ચોળવી વિગેરે ક્રિયા ભલેને કરે, પણ તેમનું આત્મકલ્યાણ તો થાય જ નહિ. એવા વેષધારી વિષયાંધ સાધુઓ પોતાને અને લોકને બન્નેને ઠગે છે ને પરિણામે દુર્ગતિ પામે છે. માટે જેઓ વિષયોથી મન વચન કાયાએ કરીને નિવૃત્ત થાય, અને ગમે તેવી સુંદર અપ્સરા દેખીને પણ જેઓ ચળાયમાન ન થાય તેવા જિતેન્દ્રિય મહાપુરૂષો જ ખરા મોક્ષ માર્ગના સાધક ગણાય છે. અને તેઓ જ બીજા ભવ્ય જીવોને સંસાર સમુદ્રનો પાર પમાડે છે. પ્રભુ શ્રી તીર્થંકર દેવે પ્રકાશેલા શ્રી જૈનેન્દ્ર શાસનનું ફરમાન એ છે કે નિર્મલ ચિત્તે કરેલી ધર્મ ક્રિયાથી કર્મ નિર્જરા વિગેરે વિશિષ્ટ ફલ મળી શકે છે.

મનને મલીન કરનારા અનેક સાધનોમાં 'રાગથી સ્ત્રી તરફ જોવું' એ મુખ્ય સાધન ગણાય છે. જો કે જોવાની ક્રિયા આંખથી થાય છે. પરંતુ તેમાં પણ મનની મદદ જરૂર હોય છે. કારણ કે મનની મદદ વિના પાંચે ઇંદ્રિયો પોત પોતાનું કાર્ય સંપૂર્ણ રીતે કરી શકતી નથી. કર્મના બંધની અપેક્ષાએ વિચાર કરતાં જરૂર સમજાય છે કે આંખ વડે જે તે જોયા કરવાથી ઘણું કરીને જૂદા જૂદા પ્રકારના કર્મનો બંધ વધારે પ્રમાણમાં થાય છે. માટે જ ભગવંતે ભવ્ય જીવોને ઇર્યા સમિતિને પાલવાનો ઉપદેશ આપ્યો છે. તે પ્રમાણે નહિ વર્ત્તનારા જીવોનું મન જરૂર અસ્થિર થાય છે. અને છેવટે વિકારો પ્રત્યે પણ મનની રૂચિ થવા રૂપ પ્રવૃત્તિ થાય છે. આ બાબતમાં રથનેમિની બીના જાણવા જેવી છે. તે ટૂંકામાં આ પ્રમાણે જાણવી-પ્રભુ શ્રી નમિનાથના તે રથનેમિ ભાઈ થાય. તેમણે પ્રભુ દેવની દેશના સાંભળીને દીક્ષા લીધી હતી. સંયમની આરાધના કરવામાં તલ્લીન બનેલા મુનિ રથનેમિ એક વખત ગિરનાર પર્વતની ગુફામાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા છે. સાધ્વી રાજીમતીજી પર્વત ઉપર ચઢતાં વરસાદ પડવાથી ભિંજાએલા વસ્ત્રો આ ગુફામાં સૂકવી રહ્યા છે. તેમને રથનેમિ મુનિ અહીં છે આ બાબતની જરા પણ ખબર હતી નહિ. મુનિ રથનેમિ રાજીમતિનું દિવ્ય રૂપ જોતાંની સાથે સંયમથી ચલિત થાય છે. તેમની ભાષા ઉપરથી સતી રાજીમતીજી તરત સમજી ગયા. અને તેમણે મુનિને સમજાવ્યું કે--હે મહાનુભાવ! તમે તમારી સાધુપણાની સ્થિતિને કેમ ભૂલી જાઓ છો. આવી

નીચ ભાવના તમારા જેવાને થાય, એ દુર્ગતિમાં જવાનું ચિન્હ છે. સર્વ સાવદ્ય વ્યાપારને તજીને ફરી તેની ચાહના કરવી એ શરમ ભરેલું છે. જેમ અગંધન કુલના સર્પો ત્યાગ કરેલા ઝેરને પ્રાણાંતે પણ ચૂસતા નથી, તેમ તમારે પણ ભોગની ચાહના લગાર પણ ન જ કરવી જોઇએ. યાદ રાખજો કે મનથી પણ ભોગની ઇચ્છા કરનારા જીવો દુર્ગતિના ભયંકર દુઃખો ભોગવે છે. તમે ઇર્યાસમિતિથી ચૂકયા છો, તેનું આ ગંભીર પરિણામ આવ્યું છે. માટે ઇર્યા સમિતિમાં અને સંયમની આરાધનામાં સાવધાન રહો. પ્રભુની પાસે જઇને આ બાબતની આલોચના લઇને આત્માને નિર્મલ બનાવો. આ પ્રમાણે સાધ્વી રાજીમતીના વચનો સાંભળીને રથનેમિ સંયમમાં સ્થિર થયા. આલોચનાથી નિર્મલ બનીને તેમણે આત્મ કલ્યાણ કર્યું. અહીં દૃષ્ટાંત પૂરૂં થાય છે. તેમાંથી સાર એ લેવો કે સૌથી પ્હેલાં મનને વશ કરવું જોઇએ, સારા નિમિત્તમાં જોડીને મનોબલ ટકાવવા પૂર્વક દરેક ધાર્મિક ક્રિયા કરવી, જેથી પરિણામે આત્મહિત જરૂર સાધી શકાય છે. ૫૩

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં દુર્જનોને સન્માર્ગે લાવવા એ દુષ્કર કાર્ય છે અને તે કોના જેવું દુષ્કર છે તે આ શ્લોકમાં જણાવે છે—

१२   १०   ९   ११   १३
रोध्धुं बालमृणालतंतुभिरसौ मत्तेभमुज्जृंभते ।
१६   १५   १४   १७
भेत्तुं वज्रमणीन् शिरीषकुसुमप्रान्तेन सन्नह्यति ॥

२० १८ २१ १९ २२
माधुर्यं मधुबिंदुना रचयितुं, क्षारांबुधेरीहते ।
७ ८ १ ५ ६ २ ४ ३
नेतुं वांछति यः सतां पथि खलान्, सूक्तैः सुधास्यन्दिभिः ॥५४॥

रोद्धुं=રોકવાને
बालमृणाल=કુમળા કમળના તાંતણા વડે
असौ=તે પુરૂષ
मत्तेभं=મદોન્મત હાથીને
उज्जृंभते=ઉદ્યમ કરે છે, મ્હેનત કરે છે
भेत्तुं=ભેદવાને
वज्रमणीन्=વજ્ર રત્નોને
शिरीषकुसुम=શિરષના ફૂલના
प्रान्तेन=છેડાથી, અણીથી
सन्नह्यति=તત્પર થાય છે
माधुर्य=મધુરતા, મીઠાશ ।
मधुबिंदुना=મધના ટીપાથી
रचयितुं=બનાવવાને, કરવાને
क्षारांबुधेः=ખારા સમુદ્રને, લવણ સમુદ્રને
ईहते=ઇચ્છે છે
नेतुं=લાવવાને
वांछति=ઇચ્છે છે
यः=જે પુરૂષ
सतां=સજ્જનોના
पथि=રસ્તે, માર્ગમાં
खलान्=ખલ પુરૂષોને, દુર્જનોને
सूक्तैः=ઉત્તમ વચનો વડે
सुधा=અમૃતને
स्यन्दिभिः=ઝરાવનારાં, ઝરનારાં

ખલ પુરૂષને અમૃત વચને લાવવા શુભ માર્ગમાં,
જે ચહે તસ ભેદ ના ત્રણ કાર્યના કરનારમાં;
કમલ કોમલ તંતુએ મદમત્ત કરિને રોકવા,
શિરીષ ફૂલ તણી અણીએ વજ્રમણિને ભેદવા. ૨૨૧

ક્ષારાબ્ધિને મધના જ ટીંપે મિષ્ટ કરવા ચાહતા,
પુરૂષ મૂર્ખ ગણાય તે ખલ સુજન કરવા ચાહતા;
ખલ કાર્ય જેમ અશક્ય છે તિમ ખલ તણી જ સુધારણા,
ખલ તણા સંગે રહેવું ના કહે ઇમ શ્રી જિના. ૨૨૨

અક્ષરાર્થ—જે સજ્જનો અમૃત ઝરતાં સદ્‌વચનો કહીને પણ દુર્જન પુરૂષોને સન્માર્ગે લાવવા ઇચ્છે છે તેઓ હાથીને કુમળા કમળ નાળના તંતુથી બાંધીને રોકવા ઇચ્છે છે, તથા શિરીષ ફૂલની અણીથી વજ્રરત્નને ભેદવા ( છેદ પાડવા ) તૈયાર થાય છે, અને મધના એક જ ટીંપાથી આખા લવણ સમુદ્રને મીઠો બનાવવા ઇચ્છે છે. એટલે આ ત્રણ કાર્ય કરવા જેમ અશક્ય છે, તેમ દુર્જનને સન્માર્ગમાં લાવવો તે કામ પણ અશક્ય છે. ૫૪

સ્પષ્ટાર્થ—દુર્જન પુરૂષોને ગમે તેટલો ઉપદેશ આપો, મીઠે વચને સમજાવો તો પણ કડવી તંબુડીને અડસઠ તીર્થમાં ન્હવરાવ્યા છતાં તેની કડવાશ ન જાય તેમ દુર્જનની દુર્જનતા જાય જ નહિં. તેથી કવિ આ શ્લોકમાં કહે છે કે કમળની નાળના તાંતણાં અતિ કોમળ ને નરમ હોવાથી તેનાથી મદોન્મત્ત હાથીને રોકી શકાય જ નહિં છતાં કોઇ રોકવાને ઇચ્છે તો તે એક જાતની મૂર્ખાઇ ગણાય તેમ દુર્જનને સદુપદેશ આપી સજ્જન બનાવવા ઇચ્છા રાખવી તે પણ મૂર્ખાઇ છે. તેમજ શિરીષના કોમળ ફૂલની અતિ કોમળ અણીથી વજ્ર રત્ન જેવા કઠીન રત્નમાં બાકું પાડી શકાય

નહિં છતાં જો કોઇ તેમ કરવા ઇચ્છે તો જેમ તેની મૂર્ખાઇ ગણાય, તેમજ બે લાખ જોજન વિસ્તારવાળા અને પંદર લાખથી અધિક યોજન પ્રમાણ ઘેરાવાવાળા ખારા લવણ સમુદ્રને મધના એક જ ટીપા માત્રથી કદી મીઠો થાય જ નહિં, છતાં કોઇ મધના એક ટીપાથી મીઠો કરવા ઇચ્છે તો તેની જેમ મૂર્ખાઈ ગણાય તેમ દુર્જનને સદુપદેશ આપી સજ્જન બનાવવાની ઈચ્છા રાખવી તે પણ મૂર્ખાઇ છે. અહિં તાત્પર્ય એ છે કે જગતમાં અગ્નિ જેમ સેંકડો ઉપાયે શીતલ ગુણવાળો ન થાય તેમ દુર્જન પુરૂષ સ્વભાવે જ દુર્જન હોવાથી ઘણાં ઉપદેશથી પણ સજ્જન થાય જ નહિં. આ શ્લોકનું રહસ્ય એ છે કે અહીં જણાવેલા ત્રણ કાર્યો કરનાર પુરૂષ જેમ મૂર્ખ કહેવાય, તેવી રીતે ઉપદેશ દઈને દુર્જનને સુધારવા માટે પ્રયત્ન કરનાર પુરૂષ પણ જરૂર મૂર્ખ ગણાય. જેવી રીતે કાગડાને ઘણો સાબુ લગાવીને ધોઇએ તો પણ તે સફેદ થાય જ નહિ. અને લસણ વિગેરે દુર્ગંધ મય પદાર્થોને સારા સુગંધમય બનાવવાને ગમે તેટલો પ્રયત્ન કરીએ તો પણ તે સુગંધમય બને જ નહિ, તેવી રીતે દુર્જન પણ સુધરી શકે જ નહિ. આ બાબતમાં રાજા શ્રેણિક અને કપિલા દાસી તથા કાલસૌકરિક કસાઇની બીના જાણવા જેવી છે. તે ટૂંકામાં આ પ્રમાણે જાણવી-સાંસારિક સગાઇની અપેક્ષાએ પ્રભુ શ્રી મહાવીર દેવના રાજા શ્રેણિક બનેવી થાય. કારણ કે ત્રિશલા માતા અને ચેડા રાજા બંને સગા ભાઈ બેન થાય. અને ચેડા રાજાની પુત્રીને રાજા શ્રેણિક પરણ્યા હતા. એક વખત પ્રભુ દેવની દેશના સાંભળ્યા

બાદ રાજા શ્રેણિકે પરભવ સંબંધી પ્રશ્ન કર્યો કે-હે પ્રભો ! હું અહીંથી મરીને કયાં જઈશ? જવાબ દેતાં પ્રભુ દેવે જણાવ્યું કે હે રાજન્ ! શિકાર કરતી વખતે તમે બે જીવ વાળી ( ગર્ભવંતી ) હરિણીનો બાણ મારીને નાશ કર્યો હતો. એ પંચેન્દ્રિય જીવને હણતાં તમે નરકાયુષ્યને બાંધ્યું હતું. ત્યાર બાદ ક્ષાયિક સમ્યકત્વને પામ્યા છો. સમ્યકત્વ પામ્યા પ્હેલાં આયુષ્યનો બંધ પડી ગયો છે. તેથી તમે અહીંથી મરીને પ્હેલી નરકમાં જશો. ત્યાં તમારે દુઃખ ભોગવવું પડશે. આવું અવધિજ્ઞાનથી જાણીને પ્હેલાં અહીં સમવસરણમાં જ્યારે તમને છીંક આવી હતી, ત્યારે કોઢીયાનું રૂપ ધારણ કરનાર દર્દુરાંક દેવે કહ્યું હતું કે હે રાજન્! તમે લાંબા કાળ સુધી જીવો. આમ કહેવામાં મુદ્દો એ હતો કે તમારે મર્યા પછી નરકમાં દુઃખ ભોગવવાનું છે.

રાજા શ્રેણિક—હે પ્રભુ ! જેથી મારે નરકમાં જવાનું ન થાય તેવો કોઈ ઉપાય છે. ?

પ્રભુ શ્રી મહાવીર દેવ—હે રાજન્! નરક ગતિના આયુષ્યનો બંધ પડયા પછી તેને ભોગવવા માટે નરકમાં જવું જ પડે. એ પ્રમાણે બીજી ગતિના ત્રણ આયુષ્યની બાબતમાં પણ સમજી લેવું. કારણ કે આયુષ્ય સિવાયના બીજા કર્મો અમુક જ ગતિમાં ભોગવાય એવો નિયમ નથી. તેવો નિયમ તો એક આયુષ્ય કર્મની બાબતમાં જ હોય છે. માટે અહીંથી તરતના ભવમાં તો તમારે નરકમાં જવું જ પડશે. પ્રભુદેવના આ વચન સાંભળીને શ્રેણિક રાજા બહુ

વિલાપ કરે છે. ત્યારે તેને આશ્વાસન ગર્ભિત બોધ આપવાની ખાતર જ પ્રભુ દેવે કહ્યું કે હે રાજન્! કપિલાદાસી જો મુનિને દાન આપે, અને કાલસૌકરિક કસાઇ જે દરરોજ ૫૦૦ પાડાને મારે છે, તે એક દિવસ પાડાનો વધ બંધ કરે, તો તારે નરકમાં જવાનું ન થાય

રાજા શ્રેણિક—આ બંને કાર્ય ખૂશીથી બની શકશે. એમ કહીને રાજા શ્રેણિક નગર તરફ ચાલ્યા. રસ્તામાં દર્દુરાંક દેવે દૈવિક શક્તિથી રાજા શ્રેણિકની પરીક્ષા કરવા માટે નદીમાં જાળ નાંખીને એક મુનિ માછલાં પકડી રહ્યા છે, અને તે માછલાંનું માંસ ખાય છે આવો બનાવ દેખાડયો. દેવતાઇ શક્તિના પ્રભાવને નહિ જાણતા એવા રાજાએ મુનિને નમ્રતાથી કહ્યું કે હે મુનિ! આવું નીચ કાર્ય તમારા જેવાએ ન જ કરવું જોઇએ. જલદી આ કામ છોડી દો. કારણ કે આ કામથી તમારે દુર્ગતિના દુઃખો ભોગવવાં પડશે.

મુનિ—હું એકલો જ ક્યાં આવું કામ કરૂં છું. પ્રભુ મહાવીરના તમામ સાધુઓ આ રીતે કરે છે.

રાજા—તું જ આવો નિર્ભાગ્ય શિરોમણી છેઃ બાકી પ્રભુદેવના તમામ ચેલાઓ તો નિર્મલ સંયમને સાધે છે.

આ પ્રમાણે તેનો તિરસ્કાર કરીને રાજા શ્રેણિક જ્યાં નગરીમાં પેસે છે, ત્યાં દેવે દૈવિક શક્તિથી એવું સ્વરૂપ દેખાડયું કે એક જુવાન સાધ્વી છે. તેણીએ પગે મેંદી

લગાડી છે. ઘરેણાં પ્હેરેલા છે. આંખમાં કાજળ આંજ્યું છે. તે મોંઢામાં નાગર વેલનું પાન ચાવી રહી છે. અને ગર્ભવતી છે. આ બનાવ જોઇને રાજાએ તે સાધ્વીને વિનયથી કહ્યું કે હે સાધ્વીજી! તમે આવું સંયમથી વિરૂદ્ધ વર્ત્તન કેમ કરો છો?

સાધ્વી—હું એકલી જ કયાં આવું કરૂં છું. પણ બધી સાધ્વીઓ મારા જેવું કામ કરે છે.

રાજા—હે પાપિણી! તું જ આવી નીચ જણાય છે. બાકી બીજી સાધ્વીઓ તો પરમ ઉલ્લાસથી નિર્મલ સંયમને સાધે છે. આ પ્રમાણે તેનો તિરસ્કાર કરીને રાજા આગળ ચાલે છે. તેવામાં તે દેવ પોતાનું મૂલ રૂપ દેખાડી રાજાને પ્રણામ કરીને કહે છે કે હે રાજન્! ઇંદ્ર મહારાજે તમારા સમ્યકત્વની જેવી પ્રશંસા કરી હતી, તેવા જ તમે છો. જેમ સમુદ્ર મર્યાદા ન મૂકે તેમ તમે સમ્યકત્વની મર્યાદા તજતા નથી. વિગેરે પ્રકારે સ્તુતિ કરીને હાર વિગેરેની ભેટ દઇને તે દેવ સ્વર્ગમાં ગયો. રાજા મ્હેલમાં આવી કપિલા દાસીને કહે છે કે તું તારા હાથે મુનિને દાન આપ.

કપિલા દાસી—હે સ્વામી! મને આવી આજ્ઞા ન આપો. હું દાન નહિ આપું, તમે આજ્ઞા ફરમાવો તો હું અગ્નિમાં પડીને બળી મરવા અથવા ઝેર ખાઇને મરવા તૈયાર છું. પણ મુનિને દાન તો આપીશ જ નહિં. આ પ્રમાણે કપિલા દાસીનાં વચન સાંભળીને શ્રેણિક મહારાજાએ કાલસૌકરિકને પોતાની પાસે બોલાવરાવ્યો. અને તેને કહ્યું કે તું

દરરોજ પાંચસો પાડાનો વધ કરે છે તે એક દિવસને માટે બંધ કર. શ્રેણિક મહારાજાની તેવી આજ્ઞા સાંભળીને કાલસૌકરિકે કહ્યું કે હે મહારાજ! હું ઘણાં વર્ષોથી પાંચસો પાડાઓનો વધ કરૂં છું. હવે મારૂં ઘણું આયુષ્ય ગયું છે અને થોડું આયુષ્ય બાકી છે તો થોડા કાલ માટે હું મારો કુળાચારનો ચાલતો આવેલો નિયમ શા માટે મૂકી દઉં? માટે આ આપનો હુકમ મારાથી કોઇ રીતે પાળી શકાશે નહિ. રાજાએ ઘણી રીતે સમજાવ્યા છતાં ન માન્યું ત્યારે રાજાએ તે કાલસૌકરિકને એક અંધ કુવામાં નંખાવ્યો. રાજાએ માન્યું કે કૂવામાં રહેલો તે કેવી રીતે પાડાનો વધ કરશે? બીજે દિવસે સવારે વીર પ્રભુની પાસે જઈ વંદન કરીને રાજાએ કહ્યું કે મેં કાલસૌકરિકને એક દિવસને માટે પાડાના વધથી રોકયો છે, ત્યારે પ્રભુએ કહ્યું કે તે કાલસૌકરિકે કૂવામાં રહ્યા છતાં પણ માટીના પાંચસો પાડાઓ બનાવીને તેનો વધ કર્યો છે. જો કે પાડાઓ માટીના હતા છતાં તેણે વધ કરવાની બુદ્ધિથી માર્યા છે માટે તેણે ભાવહિંસા કરી છે. આ પ્રમાણેનાં પ્રભુનાં વચનો સાંભળીને શ્રેણિક મહારાજાએ ખેદપૂર્વક કહ્યું કે હે પ્રભુ! આપને મૂકીને હું બીજા કોને શરણે જાઉં. ત્યારે પ્રભુએ કહ્યું કે હે રાજન્! તમે ખેદ કરો નહિ. કારણ કે આ ભવથી ત્રીજે ભવે તમે [1] પદ્મનાભ નામના પહેલા તીર્થંકર થવાના છો. તે સાંભળી શ્રેણિક રાજા હર્ષ પામ્યા. અહીં દૃષ્ટાંત પૂરૂં થાય છે, તેમાંથી

૧–વિશેષ બીના શ્રી સ્થાનાંગ સૂત્રમાં અને શ્રી સત્ય પ્રકાશમાં જણાવી છે.

સાર એ લેવો કે રાજા શ્રેણિકે દાન દેવરાવવા માટે કપિલા દાસીને ઘણી સમજાવી, અને એક દિવસ વધ અટકાવવા માટે કસાઇને બહુ સમજાવ્યો. છતાં રાજા શ્રેણિક નિષ્ફળ નીવડયા, કારણ કે, તે બંને અભવ્ય જીવ છે. તે રીતે દુર્જનને સજ્જન કરવાના પ્રયત્નો પણ નિષ્ફળ નીવડે છે. ૫૪

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં શ્રી રામચંદ્ર જે રીતે મુક્તિપદ પામ્યા તે રીતે હું પણ મુક્તિપદ પામીને મુક્તિ રૂપી સ્રીવાળો થઇશ એવી પોતાની ભાવના જણાવે છે—

૩ ૨ ૧ ૫ ૪
**मुक्त्वा दुर्मतिमेदिनीं गुरुगिरा संशील्य शीलाचलं ।**
૭ ૬ ૮ ૧૦ ૯
**बध्वा क्रोधपयोनिधिं कुटिलतालंकां क्षपित्वा क्षणात् ॥**
૧૩ ૧૧ ૧૨ ૧૫ ૧૪
**नीत्वा मोहदशाननं निधनतामाराध्य वीरव्रतं ।**
૧૬ ૧૭ ૧૯ ૨૦ ૧૮
**श्रीमद्राम इव ह्यमुक्तिवनितायुक्तो भविष्याम्यहम् ॥५५॥**

**मुक्त्वा**=છોડીને
**दुर्मतिमेदिनीं**=દુષ્ટ બુદ્ધિ રૂપ પૃથ્વીને
**गुरुगिरा**=સદ્‌ગુરૂ (વડીલ) ના વચન વડે-પિતાના વચનવડે
**संशील्य**=સેવીને
**शीलाचलं**=શીલ રૂપી પર્વતને
**बध्वा**=બાંધીને
**क्रोधपयोनिधिं**=ક્રોધરૂપી સમુદ્રને
**कुटिलतालंकां**=માયારૂપી લંકાને
**क्षपित्वा**=નાશ કરીને
**क्षणात्**=ક્ષણવારમાં
**नीत्वा**=પમાડીને
**मोहदशाननं**=મોહ રૂપ દશમુખી રાવણને
**निधनतां**=મરણ

**आराध्य**=આરાધીને
**वीरव्रतं**=વીર પુરૂષના વ્રતને
**श्रीमद्**=જ્ઞાનાદિ લક્ષ્મીવાળા
**रामः**=રામચંદ્ર (ની)
**इव**=પેઠે, માફક, જેમ
**द्यु**=સુંદર
**मुक्तिवनिता**=મુક્તિરૂપ સ્ત્રી વડે કરીને
**युक्तः**=સહિત
**भविष्यामि**=થઈશ
**अहं**=હું

**જનક વચને રાજ્ય છંડી રામ ગિરિ જિમ સેવતા,**
**જલધિ બાંધીને હણી લંકા દશાનન મારતા;**
**વીર વ્રત સાધી લહ્યા સુખ જેમ ઝટપટ સિદ્ધિના,**
**તેમ હું પણ કરીશ હોંશે વચનથી ગુરૂરાજના. ૨૨૩**

**દુર્મતિ ધરણી તજીને શીલ પર્વત સેવતા,**
**ક્રોધ સાગર બંધ બાંધી તેમ લંકા કુટિલતા;**
**નષ્ટ કરીને મોહ રાવણને હણી નીડરપણે,**
**વીર વ્રત સાધી લહીશ હું શ્રેષ્ઠ મુક્તિ રમણીને. ૨૨૪**

અક્ષરાર્થ:—ગુરૂના વચનથી દુર્મતિ રૂપ પૃથ્વીને છોડી, શીળ રૂપી પર્વતને સેવી, ક્રોધ રૂપ સમુદ્રને બાંધી, માયા રૂપી લંકાનો નાશ ક્ષણવારમાં કરી, મોહ રૂપી દશ મોંઢાવાળા રાવણને હણીને અને વીર પુરૂષને સેવવા લાયક વ્રતનું આરાધન કરીને હું પણ શ્રીમદ્ રામચંદ્રની પેઠે સુંદર મુક્તિ રૂપ સ્ત્રીવાળો થઈશ (એ પ્રમાણે કવિ અથવા કોઇ વૈરાગ્યવંત જીવ ભાવના ભાવે છે) ૫૫

સ્પષ્ટાર્થ—રામાયણ વિગેરે લૈકિક શાસ્ત્રોમાં શ્રી

રામચંદ્રજીને માટે કહેવાય છે કે ગુરૂના વચનથી (પિતાના વચનથી) રામચંદ્રે પોતાની રાજ્ય પૃથ્વી છોડી બાર વરસ વનવાસ સેવ્યો અને વનમાંથી શ્રી રામચંદ્રજીની સ્ત્રી સીતાને લંકાનો રાક્ષસ રાજા રાવણ અપહરણ કરી લંકામાં લઈ ગયો ત્યારે રામચંદ્રજીએ રાવણ સામે યુદ્ધ કરી સીતાને પાછી લાવવા માટે જ્યારે લંકા તરફ પ્રયાણ કર્યું, ત્યારે વચ્ચે આવતા સમુદ્રમાં પત્થરથી પાળ બાંધી સમુદ્ર ઉતરી લંકામાં જઇ પોતાની વીરતા દેખાડી રાવણ રાક્ષસને હણીને તે રામચંદ્રજી સીતાને પાછી લાવ્યા. આ દૃષ્ટાન્તને અનુસારે કોઇ વૈરાગ્યવંત જીવ ભાવના ભાવે છે કે રામચંદ્રજીએ પિતાના વચનથી જેમ રાજ્ય પૃથ્વીને છોડી વનવાસ સેવ્યો તેમ હું દુષ્ટ બુદ્ધિ રૂપ પૃથ્વીને ગુરૂના વચનામૃતથી છોડી યોગી બની શીલ રૂપ પર્વતને સેવીશ. તથા. રામચંદ્રજીએ જેમ સમુદ્ર બાંધ્યો તેમ હું ક્રોધ રૂપી સમુદ્રને બાંધીશ એટલે ક્રોધને વશ કરીશ. રામચંદ્રજીએ ક્ષણવારમાં લંકાનો નાશ કર્યો તેમ હું માયા રૂપી લંકા નગરીનો નાશ કરીશ. અને રામચંદ્રજીએ જેમ રાવણ રાક્ષસને હણી વીરવ્રત (યુદ્ધમાં પરાક્રમ) દેખાડયું તેમ હું પણ મોહ રૂપ રાક્ષસને હણી આત્મવીર્ય ફોરવીશ. તથા રામચંદ્રજી જેમ વીરતા દેખાડી સીતાને પાછી લાવ્યા તેમ હું પણ સંયમમાં પરાક્રમ ફોરવીને મુક્તિ રૂપ સ્ત્રીને મેળવીશ. આ શ્લોકનું રહસ્ય એ છે કે ચાર પ્રકારના ધર્મમાં ભાવધર્મની મુખ્યતા છે. તેમાં અપેક્ષા એ છે કે જેવી ભાવનાથી દાનાદિની સાધના કરવામાં આવે, તે પ્રમાણે તેનું ફલ મળી શકે છે. જ્યાં સુધી મોહનીય

કર્મનો નાશ ન થાય, ત્યાં સુધી બીજા કર્મોનો નાશ થઇ શકતો નથી. કારણ કે જેમ મસ્તકના તાળવામાં ( બ્રહ્મેન્દ્રમાં ) ઘા લાગવાથી પ્રાણનો વિયોગ ( મરણ ) થાય છે, તેવી રીતે મોહનીયનો નાશ કરવાથી બાકીના તમામ કર્મોનો નાશ કરી શકાય છે. માટે જ સર્વ કર્મ પ્રકૃતિઓ રૂપી લશ્કરના સેનાધિપતિના જેવું તે ( મોહનીય કર્મ ) કર્મ છે એમ ખૂશીથી કહી શકાય. જ્યારે જીવ બળીઓ થાય ત્યારે જ તે મોહને હઠાવી શકે છે. સારા આલંબનના પ્રતાપે ભોગ-તૃષ્ણાને દૂર કરનારા ભવ્ય જીવો જ આત્મિક વીર્યોલ્લાસને વધારી બળીયા થઇ શકે છે. અનંત શક્તિના માલિક છતાં અત્યારે આ સંસારી જીવો જે રાંકડાં જેવા બની ગયા છે, તેમાં મૂલ કારણ ભોગ તૃષ્ણા જ છે. આ મુદ્દા તરફ લક્ષ્ય રાખીને એક વૈરાગી આત્મા અથવા ગ્રંથકાર કવિ પોતે કેવી નિર્મલ ભાવના ભાવે છે, તે બીના આ શ્લોકમાં જણાવી છે. આ વિચારોને વર્ત્તનમાં મૂકવાથી મુક્તિના અવ્યાબાધ સુખ જરૂર મલી શકે છે. ૫૫

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં પ્રાણને ચપળ જાણીને દાન શીલ તપ અને વૈરાગ્ય ગુણની સેવના કરવી, તે જ મહાકલ્યાણકારી છે, એ બીના જણાવે છે—

१४ १३ १५ १६ १८ १७
आहारैर्मधुरैर्मनोहरतरैर्हारैर्विहारैर्वरैः ।
२० १९ २२ २१ २३
केयूरैर्मणिरत्नचारुशिखरैर्दारैरुदारैश्च किम् ॥

૩ ૪ ૫ ૬ ૨ ૧
**प्राणान्पद्मदलाग्रवारितरलांज्ज्ञात्वा जवाज्जीव रे।**
૭ ૮ ૧૦ ૯ ૧૧ ૧૨
**दानं देहि विधेहि शीलतपसी निर्वेदमास्वादय ॥ ५६ ॥**

**आहारैः**=ભોજન વડે કરીને
**मधुरैः**=મીઠાં
**मनोहरतरैः**=ઘણા મનોહર, બહુ સુંદર
**हारैः**=હારો વડે કરીને
**विहारैः**=વિહારો વડે, બગીચા વડે
**वरैः**=ઉત્તમ
**केयूरैः**=બાજુબંધો વડે
**मणिरत्न**=મણિરત્નના
**चारु**=મનોહર
**शिखरैः**=અગ્રભાગ વાળા
**दारैः**=સ્ત્રીઓથી
**उदारैः**=ઉદાર
**किं**=શું
**प्राणान्**=પ્રાણોને
**पद्मदलाग्र**=કમળના પત્રની ટોચે રહેલા
**वारि**=પાણીના જેવા (જળબિંદુ તુલ્ય)
**तरलान्**=ચપળ, ચંચળ, અસ્થિર
**ज्ञात्वा**=જાણીને
**जवात्**=શીઘ્ર, જલ્દી
**जीव रे**=હે જીવ!
**दानं**=દાન
**देहि**=આપ
**विधेहि**=કર
**शीलतपसी**=શીલ અને તપ
**निर्वेदं**=વૈરાગ્ય, સંસારથી ઉદ્વેગપણાને
**आस्वादय**=પામ, મેળવ

કમલ દલ જલ બિંદુ જેવા પ્રાણ જાણી જીવ હે !,
દાન દે તું શીલ તપ ને સાધ વૈરાગ્યે રહે;
ભોજ્ય મીઠાં હાર સુંદર ભૂષણો શા કામના,
વર વિહાર મનોજ્ઞ નારી આત્મહિતમાં નામના. ૨૨૫

**આંખ મીંચાયા પછી આ જીવ પરભવ જાય છે,**
**નારી પ્રમુખ છંડી અહીં શુભ અશુભ સાથે જાય છે;**
**ચાર ભેદે ધર્મ સાધન મોક્ષ સુખ પણ એહથી,**
**હે જીવ! નિશ્ચલ ધર્મ જાણી સાધજે ઉલ્લાસથી. ૨૨૬**

અક્ષરાર્થ—હે જીવ! શ્વાસોચ્છ્વાસ વિગેરે પ્રાણોને કમળના પત્રની અણી-ધાર ઉપર ઠરેલા પાણીનાં ટીંપા જેવા અતિશય ચપળ-અસ્થિર જાણીને તું હવે જલ્દી દાન દેજે, શીલ અને તપશ્ચર્યા કરજે અને સંસારથી ઉદ્વેગ પામવા રૂપ વૈરાગ્ય રસનો સ્વાદ લેજે, કારણ કે મધુર આહારોનું ભોજન કરવાથી, મનોહર રત્નાદિકના હાર પ્હેરવાથી, સારી રીતે મોજમજાહમાં ફરવા હરવાથી અને મણિરત્નોથી જડેલા બાજુબંધ વિગેરે પહેરવાથી તેમજ ઉદાર, સુંદર સ્ત્રીઓના વિલાસથી ત્હારૂં શું વળવાનું છે? (માટે એ બધા મોહ છોડીને ધર્મની સાધના કરવા તૈયાર થઈ જા.) ૫૬

સ્પષ્ટાર્થ—જેના અસંખ્યાતા પ્રદેશે ધર્મની ધગસ ઝળકી ઊઠી છે તેવો એક ભવ્ય જીવ પોતાના આત્માને ઉદ્દેશીને શ્લોકમાં કહ્યા મુજબ હિત કરનારી શિખામણ આપે છે. અથવા પરોપકારી દયા સિંધુ સ્વપરતારક શ્રી તીર્થંકર મહારાજા કે શ્રી ગુરૂ મહારાજા એક ભવ્ય જીવને ઉદ્દેશીને આ પ્રમાણે શીખામણ આપે છે. આવી પદ્ધતિને ગોઠવીને કવિરાજ જણાવે છે કે, હે ભવ્ય જીવ! તું સારાં સારાં ભોજન કરે છે, અને કાયમ તે તરફ જ લક્ષ્ય રાખે છે, એ પ્રમાણે ઉત્તમ હાર અને મણિ રત્નની રચનાથી જેઓનો

અગ્રભાગ ( ટોચ ) દીપી રહ્યો છે, તેવા ઘરેણાં પ્હેરવાનો શોખ કરે છે, તથા મોજ શોખની ખાતર બાગ વિગેરેમાં ફરવા જાય છે, તેમજ સુંદર સ્ત્રીઓના ભોગ વિલાસમાં રાતદિન બહુ જ તલ્લીન રહે છે, ને ધર્મનું તો નામ પણ લેતો નથી. આ રીતે જે વસ્તુઓ દુર્ગતિના દુઃખને આપનારી અને ક્ષણિક છે, એટલે પરભવમાં જતાં સાથે આવતી નથી, કારણકે અહીં બધું છોડીને જ પુણ્ય પાપને લઇને જીવ પરભવમાં એકલો જ જાય છે, તેવા પદાર્થોના મોહમાં તારી જીંદગીનો ઘણો ખરો ભાગ ચાલ્યો ગયો. અને હજુ સુધી પણ તું કંઈ ધર્મની આરાધના કરતો નથી. એ શું વ્યાજબી ગણાય? જીવનની ક્ષણભંગુરતા શું તું ભૂલી ગયો? કમલના પાંદડાની ઉપર રહેલું પાણીનું ટીપું જેમ અસ્થિર હોય છે. તેવી જ સ્થિતિ તારા જીવનની સમજી લેજે. તારી જીવન દોરી કયા ક્ષેત્રમાં કયા ટાઈમે ત્રૂટી જશે તેની તને તલભાર પણ વિચારણા થતી નથી, હવે તું જલ્દી ચેતીને દશ દૃષ્ટાંતે દુર્લભ એવા માનવ જન્મને સફલ કરવા માટે દાન શીલ તપની સાધના જરૂર કરી લે. અને સંસારની વિવિધ ઉપાધિમાંથી મુક્ત થઇ જા. સંસારને કેદખાના જેવો માનજે. એમાં આસક્તિ રાખનારા ઘણાં જીવો દુર્ગતિના દુઃખો ભોગવી રહ્યા છે. અને સંસારથી કંટાળીને નિર્મલ સંયમને સાધનારા ઘણાં જીવો મોક્ષ રૂપી મ્હેલમાં જઈને અવ્યાબાધ સુખને ભોગવી રહ્યા છે અને ભોગવશે. શ્રી દેશના ચિંતામણિના પ્હેલા ભાગમાં સંસારનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે. તથા દાન અને શીલનું

વિસ્તારથી સ્વરૂપ શ્રી શ્રાવક ધર્મ જાગરિકામાં તથા શ્રી ભાવના કલ્પલતામાં જણાવ્યું છે. તથા તપ અને ભાવનું સ્વરૂપ પણ તે શ્રી ભાવના કલ્પલતામાં જણાવ્યું છે. તે ત્યાંથી જોઈ લેવું. ૫૬

અવતરણ--હવે કવિ આ શ્લોકમાં સંસારના સર્વ પદાર્થો વિનશ્વર જણાવીને દાન ધ્યાન અને તપશ્ચર્યા કરવાનો ઉપદેશ કરે છે—

११ ४ ३ २ ५ ६
ज्ञात्वा बुद्बुदभंगुरं धनमिदं, दीपप्रकंपं वपु-
८ ७ ९ १०
स्तारुण्यं तरलेक्षणाक्षितरलं, विद्युच्चलं दौर्बलम् ॥
१ १२ १३ १८ १७
रे रे जीव ! गुरुप्रसादवशतः किंचिद्विधेहि द्रुतं ।
१४ १६ १५
दानध्यानतपोविधानविषयं, पुण्यं पवित्रोचितम् ॥५७॥

ज्ञात्वा=જાણીને
बुद्बुदभंगुरं=પાણીના પરપોટા સરખું ક્ષણ વારમાં નાશ પામી જાય તેવું
धनं=ધન
इदं=આ
दीप=દીવાની જેવું
प्रकंपं=ચપળ, અસ્થિર
वपुः=શરીર
तारुण्यं=જુવાની
तरलेक्षणा=ચપળ આંખો વાળી સ્ત્રી
अक्षि=આંખના જેવું
तरलं=ચપળ
विद्युच्चलं=વિજળીના જેવું ચપળ
दौर्बलं=ભુજાબળ
रे रे जीव=હે જીવ
गुरुप्रसादवशातः=ગુરૂની કૃપાથી
किंचित्=કંઈક શુભ કાર્ય
विधेहि=કર, કરી લે

**द्रुतं**=જલદી
**दानध्यानतपाविधानविषयं**=દાન ધ્યાન અને તપરૂપ સંબંધી

**पुण्यं**=ઉત્તમ કાર્ય
**पवित्रोचितं**=પવિત્ર પુરૂષોને કરવા લાયક

**હે જીવ ! ન સ્થિર દ્રવ્ય તારૂં જેમ પરપોટા જલે,**
**દેહ અસ્થિર દીપ જેવો ચપલ યૌવન તે ખરે;**
**સ્ત્રી નેત્ર જેવું બાહુ બળ પણ સ્થિર નહી વિજળી પરે,**
**એમ જાણી ગુરૂ પ્રસાદે પુણ્ય દાનાદિ કરી લે. ૨૨૭**

**અક્ષરાર્થ:**—હે જીવ ! આ ધન દોલત વિગેરે પાણીના પરપોટાની જેમ ક્ષણ માત્રમાં વિનાશ પામી જાય તેવું છે, આ શરીર તો દીવાના પ્રકાશની માફક કંપાયમાન-ચળાયમાન છે, તેમજ ચપળ આંખોવાળી સ્ત્રીની આંખ જેવી જુવાની પણ ચપળ છે અને ભુજા બળ પણ વિજળીની માફક ચંચલ છે. માટે હે જીવ ! ગુરૂ મહારાજની કૃપાથી આત્માને પવિત્ર કરવામાં લાયક એવું દાન ધ્યાન કે તપશ્ચર્યા રૂપ પુણ્ય કર્મ (ધર્મની સાધના) જલ્દી કરી લે. ૫૭

**સ્પષ્ટાર્થ**—જેમ પાણીમાં ઉત્પન્ન થયેલો પરપોટો ક્ષણ વાર રહી પાણીમાં વિનાશ પામી જાય છે તેમ મહા મહેનતે મેળવેલી ધન સુવર્ણાદિ સંપત્તિઓ પણ અમુક વખત સુધી રહી વિનાશ પામી જાય છે, તેથી ધનવાન તે નિર્ધન ભિખારી જેવો બની જાય છે. જેમ દીવાની જ્યોત વાયુથી આમ તેમ હાલ્યા કરે છે, એટલે અત્યંત સ્થિર રહેતી નથી તેમ સાત ધાતુનાં બનેલાં મનુષ્ય તિર્યંચનાં ઔદા-

રિક શરીર તેમજ દેવ નારકનાં ધાતુ વિનાનાં વૈક્રિય શરીર અને ચૌદ પૂર્વધર મુનિનું આહારક શરીર તે સમયે સમયે નાશ પામતાં અમુક વખતમાં સર્વથા નાશ પામી જાય છે, પણ કોઇ જીવને તે શરીર કાયમ સ્થિર રહેતું નથી સ્ત્રીની આંખો જેમ જુદા જુદા સ્થલે ચપળતાથી ફર્યા કરે છે તેમ જુવાની પણ ચપળ છે એટલે કાયમ ટકતી નથી. તેમજ વિજળીનો ઝબકારો જેમ જોત જોતામાં અદૃશ્ય થઈ જાય છે તેમ પુરૂષોનાં બળ પણ જોત જોતામાં નાશ પામે છે, તેથી વૃદ્ધાવસ્થામાં પગ સ્થિરતાથી ટકાવવા જેટલી પણ શક્તિ રહેતી નથી, એ પ્રમાણે ધન શરીર જુવાની ને બળ એ બધું ક્ષણભંગુર હોવાથી હે જીવ! એ વસ્તુઓ જ્યાં સુધી હયાત છે ત્યાં સુધીમાં દાનાદિક ધર્મ સાધી કંઈ પણ પુણ્યની મુંડી જરૂર પેદા કરી લે જે, જેથી પરભવમાં સુકુલમાં શ્રી જિન ધર્મનો લાભ વિગેરે સુખના સાધનો મલી શકે. ૫૭

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં દુર્જનનો સંગ અને સર્પનો સંગ એ બે સરખા છે તે વાત ઘટાવે છે—

૬ ૫ ૧૦ ૭ ૮ ૯
**श्रीखंडपादपेनेव, कृतं स्वं जन्म निष्फलं ।**
૧ ૨ ૩ ૪
**जिम्हगानां द्विजिव्हानां, संबंधमनुरुंधता ॥ ५८ ॥**

**श्रीखंड**=ચંદનના
**पादपेन**=ઝાડની
**इव**=જેમ, પેઠે, માફક
**कृतं**=કર્યું
**स्वं**=પોતાનો
**जन्म**=જન્મ
**निष्फलं**=નિષ્ફળ, ફોગટ

**जिह्मगानां**=વાંકું ચાલનારા (દુર્જન અને સાપ) ના
**द्विजिव्हानां**=બે જીભ વાળા (દુર્જન અને સર્પ) ના
**संबंधं**=સોબત
**अनुरंधता**=અનુસરનારાએ, કરનારાએ

**જેમ ચંદન ઝાડ ગતિમાં વક્ર બે જીભ સર્પના,**
**સંગે બગાડે જન્મ નિજ તિમ જીવ હે! દુર્જન તણા;**
**સંગે કર્યો તેં જન્મ નિષ્ફલ તેહ વાંકા ચાલતા,**
**બોલી ફરે તિણ સર્પ જેવા દુર્જનો કવિ બોલતા. ૨૨૮**

અક્ષરાર્થ—જેમ સર્પોનો સંબંધ (સંગ; સોબત) કરનાર સુખડના ઝાડે પોતાનો જન્મ ફોગટ ગુમાવ્યો, તેમ હે ભવ્ય જીવ! વાંકા ચાલનારા અને બે જીભવાળા દુર્જનોની સોબત કરી ત્હેં પણ ત્હારો જન્મ ફોગટ ગુમાવ્યો. (એમ કોઇ કુસંગી જીવને ઉદ્દેશીને કવિનો આ ઉપદેશ છે.) ૫૮

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં કવિએ દુર્જન પુરૂષને સર્પની ઉપમા આપી છે, કારણ કે સર્પ જેમ 'जिम्हग'= વક્ર ગતિએ (વાંકો વળીને) ચાલે છે તેમ દુર્જન પણ વાંકી ગતિ વાળો છે એટલે વાંકુ બોલનાર ને વાંકુ ચાલનાર હોય છે એટલે જૂઠા બોલો અને દુરાચારી હોય છે. તેમજ સર્પ જેમ 'द्विजिव्ह'=બે જીભવાળો હોય છે તેમ દુર્જન પણ બે જીભવાળો હોય છે એટલે ઘડીમાં કંઇ બોલે ને ઘડીમાં તેથી કંઇ જૂદું બોલે અથવા બોલીને ફરી જનારો વિશ્વાસઘાતી હોય છે, તેથી કવિ કોઇ ભવ્ય જીવને ઉપદેશ

આપે છે કે હે ભવ્ય જીવ! વક્ર ગતિવાળા અને બે જીભવાળા સર્પના સંગ વડે જેમ ઉત્તમ એવું ચંદન વૃક્ષ પોતાનો જન્મ ફોગટ ગુમાવે છે, એટલે ચંદનનું ઝાડ અતિશય સુગંધવાળું હોવાથી ગંધના રસીયા સર્પો એ વૃક્ષને વીંટાઇ વળે છે તેથી કોઇ એ ચંદનનો ઉપયોગ કરી શકતું નથી અને વનમાં ઉગી વનમાં વિનાશ પામી જાય છે. તેથી લોકના ઉપયોગ ( વપરાશ ) માં આવ્યા વિના એ ચંદન વૃક્ષ જેમ નકામું બની જાય છે તેમ સર્પ સરખા વાંકી ચાલવાળા અને બોલીને ફરી જનારા દુર્જનોની સોબતથી હે ભવ્ય જીવ! તેં પણ ત્હારો જન્મ ફોગટ ગુમાવ્યો. કારણ કે તું પણ દુર્જનનો સંગી હોવાથી લોક ત્હારો વિશ્વાસ રાખતા નથી, તેમજ તું કોઇ સત્કાર્યો કરી શકતો નથી તેથી ત્હારો જન્મ પણ નિષ્ફળ જાય છે. આ શ્લોકમાં સાર એ છે કે સજ્જન પુરૂષે કદી પણ દુર્જનની સોબત કરવી નહિ. ઉત્તમ પુરૂષોની સોબત કરવાથી કેવા લાભ અને દુર્જનની સોબત કરવાથી કેવું નુકશાન થાય છે તે બાબતમાં પ્રભાકર નામના બ્રાહ્મણની બીના જાણવા જેવી છે. તે ટૂંકામાં આ પ્રમાણે જાણવી–વીરપુર નામના નગરમાં દિવાકર નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે તેના ષટ્કર્મમાં તત્પર રહેતો. તેને પ્રભાકર નામે પુત્ર હતો. પરંતુ તે સાતે વ્યસનોમાં આસક્ત હતો, અને પોતાની મરજી મુજબ ભમ્યા કરતો હતો. એક દિવસ દિવાકરે પુત્રને પોતાની પાસે બોલાવી શિખામણ આપી કે હે પુત્ર! તું નીચ પુરૂષોની સોબત મૂકી દઇને સત્સંગ કર. અધમ પુરૂષોની સોબતથી સારૂં શીલ

પણ નાશ પામે છે, કારણ કે ઉત્તમ જાતિનો શંખ હોય પરંતુ જો તે અગ્નિનું સેવન કરે તો તે બીજી ચીજને બાળનાર થાય છે. તથા સત્સંગનું માહાત્મ્ય એવું છે કે પારસ પાષાણ ( પત્થર ) ના યોગથી લોઢું પણ સુવર્ણ થાય છે અને સુવર્ણના યોગથી કાચ પણ મણિ થાય છે, માટે તું ખરાબ સોબત છોડી દઈને સારા વિદ્વાન પુરૂષો પાસે શાસ્ત્રાભ્યાસ કર, કળાઓ શીખ, ધર્મ કાર્યો કર અને પોતાના કુળનો ઉદ્ધાર કર. એ પ્રમાણે ઘણી ઘણી રીતે શિખામણ આપી. પરંતુ તે પુત્ર કહેવા લાગ્યો કે શાસ્ત્રથી ભૂખનો નાશ થતો નથી, કાવ્ય રસથી તરસ મટતી નથી માટે ધન કમાવા સિવાયની બીજી બધી કળાઓ નકામી છે.

આવા પ્રકારનાં પુત્રનાં વચનો સાંભળી દિવાકર ખેદ પામ્યો અને ફરીથી શિખામણ આપવાનું માંડી વાળ્યું. જ્યારે પોતાનો મૃત્યુ સમય નજીક આવ્યો ત્યારે સ્નેહને લીધે પુત્રને પોતાની પાસે બોલાવીને કહ્યું કે હે પુત્ર! જો કે તને મારા વચન ( કહેવા ) ઉપર વિશ્વાસ નથી તો પણ મારા મરણ વખતના આ શ્લોકને તું ગ્રહણ કર તેથી મારૂં સમાધિ મરણ થાય.

“ कृतज्ञस्वामिसंसर्ग–मुत्तमस्त्रीपरिग्रहम् ।
कुर्वन्मित्रमलोभं च, नरो नैवावसीदति ॥ १ ॥ ”

અર્થ—કૃતજ્ઞ ( કર્યા કાર્યને જાણનાર ) સ્વામીનો સંગ કરનાર, ઉત્તમ કુળની સ્ત્રી સાથે વિવાહ કરનાર અને નિર્લોભી મિત્ર કરનાર મનુષ્ય ખેદ પામતો નથી ?

**उत्तमैः सह संगत्यं, पंडितैः सह संकथाम् ।**
**अलुब्धैः सह मित्रत्वं, कुर्वाणो नैव सीदति ॥ २ ॥**

**અર્થ**:—ઉત્તમ પુરૂષોની સોબત, પંડિતોની સાથે વાતચીત અને નિર્લોભી જનની સાથે ભાઇબંધી કરનાર કદી પણ ખેદ પામતો નથી. ૨

આ બેમાંથી એક શ્લોકને પિતાના આગ્રહથી પ્રભાકરે ગ્રહણ કર્યો. કેટલાક વખત પછી દિવાકર મરણ પામ્યો. ત્યાર પછી પિતાએ કહેલા તે શ્લોકની પરીક્ષા કરવા માટે પ્રભાકર પોતાનું ગામ છોડી પરદેશ તરફ ગયો. એક ગામમાં રહેવાનો નિશ્ચય કરી તે ગામમાં રહેતો સિંહ નામનો ક્ષત્રિય જે સ્વભાવે કૃતઘ્ની ( કર્યા કામની કદર નહિ કરનાર ) હતો તેને આશરે રહ્યો તે સિંહની એક અધમ દાસી હતી તેને પ્રભાકરે પોતાની સ્ત્રી તરીકે રાખી. અને લોભનંદી નામના ઘણા લોભી અને મૂર્ખ જનોમાં મુખ્ય એવા વણિકની સાથે મિત્રતા ( દોસ્તી ) કરી. આ પ્રમાણે પિતાના શ્લોકથી ઉલટા સ્વભાવવાળાની પ્રથમ પરીક્ષા કરવા માટે કર્યું.

એક વખતે તે નગરના રાજાએ સિંહને બોલાવ્યો, તે વખતે પ્રભાકર પણ રાજસભામાં ગયો. રાજા વિદ્વાનો ઉપર પ્રીતિવાળો છે એવું જાણીને પ્રભાકરે કહ્યું કે-મૂર્ખ મૂર્ખની સાથે, ગાયો ગાયોની સાથે, હરણિયાઓ હરિણોની સાથે અને પંડિતો પંડિતોની સાથે મિત્રતા કરે છે. એટલે સમાન સ્વભાવવાળાની જ મિત્રતા હોય છે. આ સાંભળીને પ્રસન્ન

થએલા રાજાએ પ્રભાકરને કેટલાંક ગામ ગરાસ વગેરે ઇનામમાં આપ્યાં. પ્રભાકરે તે બધું સિંહને આપી દીધું. એવી રીતે પ્રભાકરે સિંહ ઉપર અનેકવાર ઉપકાર કર્યો, તથા તે દાસી જેણીને તેણે સ્ત્રી તરીકે રાખી હતી તેણીને પણ વસ્ત્રાલંકાર વગેરે ઘણું આપ્યું. તથા લોભનંદી મિત્રને પણ ઘણું ધન આપીને સમૃદ્ધિવાળો ( પૈસાદાર ) બનાવ્યો.

આ સિંહની પાસે એક મોર હતો. તે તેને ઘણો જ વ્હાલો હતો. જે દાસીને પ્રભાકરે પોતાની સ્ત્રી તરીકે રાખી હતી તેને ગર્ભના પ્રભાવથી તે મોરનું માંસ ખાવાની ઇચ્છા થઇ. તેણે પ્રભાકર પાસે તે મોરની માગણી કરી. તે વખતે પ્રભાકરે પિતાએ આપેલા શ્લોકની પરીક્ષા કરવા માટે તે સિંહના મોરને કોઇક ગુપ્ત સ્થળે સંતાડી દીધો, અને બીજા મોરના માંસથી તેનો દોહલો પૂરો કર્યો. સિંહ જ્યારે ભોજન કરવા બેઠો ત્યારે તેણે મોરની બધે ઠેકાણે તપાસ કરાવરાવી. પણ તેનો પત્તો લાગ્યો નહિ તેથી તેણે ગામમાં પટહની ઉદ્‌ઘોષણા કરાવી કે જે કોઇ મોરના ખબર આપશે તેને સિંહ રાજા આઠસો સોના મહોરો આપશે. આવું સાંભળીને તે દાસી વિચાર કરવા લાગી કે મારા પતિએ મોરને માર્યાની ખબર જો હું સિંહને આપું તો મને ૮૦૦ મહોરો મળશે. અને પતિ તો સિંહ નહિ તો બીજો પણ થશે. આવું વિચારી ધનના લોભથી તે દાસી સિંહ પાસે જઇને કહેવા લાગી કે હે રાજા પ્રભાકરની બુદ્ધિ ભ્રષ્ટ થઇ છે, તેથી મારો દોહલો પૂરો કરવા

માટે મેં ના કહ્યા છતાં પણ બીજા મોરને બદલે આપના મોરને મારીને મારો દોહલો પૂરો કર્યો છે. આવું દાસીનું વચન સાંભળીને ક્રોધ પામેલા સિંહે પોતાના સેવકોને પ્રભાકરને પકડી લાવવા મોકલ્યા. તે વખતે કૃત્રિમ ભય પામીને તે પોતાના લોભનંદી મિત્ર પાસે ગયો, અને કહ્યું કે હે મિત્ર! મારૂં રક્ષણ કર, રક્ષણ કર. ત્યારે લોભનંદીએ ભયનું કારણ પુછતાં પ્રભાકરે તેને સ્ત્રીના દોહદને પૂર્ણ કરવા માટે પોતે સિંહના મોરને માર્યાની હકીકત જણાવી. તે સાંભળીને તે અધમ મિત્ર બોલ્યો કે તેં સ્વામીનો દ્રોહ કર્યો છે માટે નિર્ભય સ્થાન કયાંથી મળે. પોતાના ઘરમાં બળતો પૂળો કોણ નાંખે. એ પ્રમાણે મિત્રે કઠોર વચનો કહ્યાં. દિવાકર તેના ઘરમાં પેસવા ગયો ત્યારે લોભનંદીએ બૂમ પાડી તેથી રાજસેવકો દિવાકરને પકડીને સિંહની પાસે લઈ ગયા. સિંહે તેના ઉપર ગુસ્સે થઇને કહ્યું કે મારો વ્હાલો મોર લાવ નહિ તો ઇષ્ટ દેવનું સ્મરણ કર. તે વખતે પ્રભાકરે કહ્યું કે તમે જ મારા સ્વામી અને આશ્રયસ્થાન છો માટે મારો એક અપરાધ ક્ષમા કરો વગેરે નમ્ર વચનો કહ્યાં છતાં નીચ સ્વભાવવાળા સિંહે તેને મારી નાખવા માટે સુભટોને સોંપ્યો. પ્રભાકરની અરજ ઉપર કાંઇ ધ્યાન આપ્યું નહિ. આ વખતે પ્રભાકર વિચાર કરવા લાગ્યો કે પિતાના વચનનું ઉલ્લંઘન કરવાથી મને આવું ફળ મળ્યું. ત્યાર પછી ગુપ્ત સ્થાનમાં રાખેલો તે મોર સિંહને આપીને સ્ત્રી તથા મિત્રનો ત્યાગ કરીને તે ત્યાંથી ચાલી નીકળ્યો.

માર્ગમાં ચાલતાં પ્રભાકર વિચારવા લાગ્યો કે પંડિ-

તની સાથે રહીને મરવું તે સારૂં પણ મૂર્ખની સાથે રહીને રાજ્ય કરવું તે સારૂં નહિ. કારણ કે મૂર્ખની સોબત આ લોકમાં અને પરલોકમાં વિનાશ કરનાર છે.

ચાલતાં ચાલતાં પ્રભાકર સુંદરપુર નામના નગરમાં આવ્યો. અહીં દેવરથ નામે રાજા હતો. તેને ગુણસુંદર નામનો પુત્ર હતો. તે કુમાર કૃતજ્ઞ, ચતુર અને પ્રિયજનોની ઉપર પ્રીતિ રાખનારો અને વ્યસનોથી તથા નીચ પુરૂષોની સોબતથી દૂર રહેનાર હતો. નગરની બહાર શસ્ત્ર-શાસ્ત્રનો અભ્યાસ કરતા તે કુમારને પ્રભાકરે જોયો. એટલે તે કુમારની પાસે જઇને તેણે વિનય પૂર્વક પ્રણામ કર્યો. તે વખતે કુમારે પણ પ્રસન્ન દષ્ટિથી તેની સામું જોઇને તેનો સત્કાર કર્યો. પ્રભાકરે કુમારની સ્નેહ પૂર્વકની વાતચીત સાંભળીને તથા કુમારની મધુર આકૃતિ જોઇને અને જ્યાં મધુર આકૃતિ ત્યાં ગુણો હોય છે એવું વિચારીને કુમારની સેવાનો સ્વીકાર કર્યો. કુમારે પણ તેને ગામમાં રહેવા માટે મકાન આપ્યું. ત્યાં રહીને તે પ્રભાકર સારા સ્વભાવવાળી અને વિનયાદિક ગુણોવાળી કોઈક બ્રાહ્મણની પુત્રીને પરણ્યો. તથા નગરમાં મુખ્ય ગણાતા અને પરોપકારમાં તત્પર વસંત નામના એક ગૃહસ્થની સાથે મિત્રતા કરી.

કેટલોક કાળ ગયા પછી તે નગરનો હેમરથ રાજા મરણ પામ્યો ત્યારે તે ગુણસુંદર કુમાર રાજા થયો તે વખતે પ્રભાકર તેનો મુખ્ય મંત્રી થયો.

એક વખતે કોઇક રાજાએ ગુણસુંદર રાજાને ઉત્તમ

લક્ષણુવાળા બે ઘોડાઓ ભેટ મોકલ્યા. તે ઘોડાઓ વિપરીત શિક્ષા પામેલા હતા, તે વાત નહિ જાણનાર રાજા અને મંત્રી તે ઘોડા ઉપર બેસીને નગરની બહાર અશ્વક્રીડા કરવા માટે નીકળ્યા. ઘોડાનો વેગ જાણવા માટે તેઓએ ઘોડાને ચાબુકનો પ્રહાર કર્યો એટલે બંને ઘોડાઓ પુર વેગથી દોડયા. તેમનો વેગ ઓછો કરવા માટે જેમ જેમ લગામ ખેંચે છે તેમ તેમ વિપરીત શિક્ષા પામેલા તેઓ વધારે વધારે દોડવા લાગ્યા. એવી રીતે તે બંને નગરથી ઘણે દૂર ચાલ્યા ગયા. અને એક ગાઢ જંગલમાં આવી પહોંચ્યા. રસ્તામાં આવેલા એક આમળાના વૃક્ષ ઉપરથી વિચારવંત મંત્રીએ ત્રણ આમળાં લઈ લીધા. લગામ ખેંચવા છતાં ઘોડાઓ દોડતાં અટકયા નહિ ત્યારે તેમણે થાકીને લગામ ઢીલી મૂકી એટલે તે બંને ઘોડાઓ તરત ઉભા રહ્યા. ત્યાંથી તેઓ પાછા વળ્યા. રસ્તામાં રાજાને ઘણી તરસ લાગી ત્યારે મંત્રીએ રાજાને એક આમળું આપ્યું. થોડી વાર પછી ફરીથી તૃષા લાગી ત્યારે બીજું આમળું આપ્યું. ત્યાર પછી થોડી વારે ત્રીજું આમળું આપ્યું. એટલામાં સૈન્ય આવી પહોંચ્યું. પછી પાણી પી સ્વસ્થ થઇને તેઓ નગરમાં આવ્યા.

મંત્રીને પિતાના કહેલા શ્લોકની પરીક્ષા કરવાનો વિચાર થયો. તે માટે તેમણે રાજા ગુણસાગરનો પુત્ર જે પાંચ વર્ષનો હતો અને મંત્રીને ઘેર આવતો જતો હતો, તેને ગુપ્ત સ્થળે સંતાડયો. ભોજન સમયે રાજાએ સઘળે

શોધ કરાવી, પરંતુ કોઈ પણ સ્થાનેથી તેનો પત્તો લાગ્યો નહિ. તેથી રાજા ક્રોધ યુક્ત થયો. સેવક પરિવારના મુખ પણ ફીક્કાં પડી ગયાં. તે વખતે કોઈકે કહ્યું કે આજે કુમાર મંત્રીને ઘેર ગયા હતા. તે સાંભળીને બધાને મંત્રીની ઉપર શંકા થઇ. મંત્રી પણ તે વખતે દરબારમાં ગયા નહોતા. મંત્રીની પત્નીએ પણ મંત્રીને પૂછયું કે હે સ્વામી! આજે દરબારમાં કેમ ગયા નથી? ત્યારે મંત્રીએ કહ્યું કે હે પ્રિયે! હું રાજાને મોઢું બતાવવા સમર્થ નથી, કારણ કે મેં આજે રાજકુમારને મારી નાખ્યો છે. તે બોલી કે હે નાથ! આ શું? તો પણ હવે તમે ખેદ કરશો નહિ. હું જ રાજાને કહીશ કે મેં મારો ગર્ભના પ્રભાવે થયેલો દોહદ પૂર્ણ કરવા માટે મારી દૃષ્ટિને વૈરીની જેમ દાહ કરતા કુમારને મારી નાખ્યો છે. માટે તમે કોઇ રીતે ગભરાશો નહિ. આ અવસરે જે મંત્રીનો મિત્ર હતો, તે વસંત શેઠ ત્યાં આવ્યો. તેણે બધી વાત સાંભળીને કહ્યું કે હું જ રાજાનો કોપ દૂર કરીશ, તમે ફીકર કરશો નહિ. એવી રીતે મંત્રી તથા તેની સ્રીને આશ્વાસન આપી તે શેઠ રાજા પાસે ગયો અને રાજાને કહ્યું કે હે સ્વામી! કુમાર સંબંધી વિપરીત હકીકત બની છે પરંતુ તેમાં મંત્રીનો કોઇ દોષ નથી. તેટલામાં મંત્રીની સ્રીએ આવીને કહ્યું કે મારો દોહદ પૂર્ણ કરવા માટે મારાથી આ અકાર્ય થયું છે. ત્યારપછી મંત્રીએ આવીને ભયથી કંપતો હોય તેમ કહ્યું કે હે રાજન્! હું જ અપરાધી છું, માટે મારા જ પ્રાણ લેવા યોગ્ય છે. મેં કરેલા અકાર્યને લીધે દુઃખી થએલી મારી સ્રી પોતાનો

અપરાધ જણાવે છે, આ બધું સાંભળીને એક ગુન્હા માટે ત્રણ જણ તે કાર્ય પોતાને માથે લેતા હોવાથી રાજાએ વિચાર્યું કે આ મંત્રી ચતુર, હિતકારી અને આમળા આપી મારા પ્રાણનું રક્ષણ કરનાર છે, તેથી લોક સમક્ષ મંત્રીને કહ્યું કે–' હે મિત્ર તે દિવસે જો તેં મને આમળાં આપીને મારા પ્રાણ બચાવ્યા ન હોત તો આજે હું કયાંથી હોત? મારૂ રાજ્ય કયાંથી હોત? અને પુત્ર પણ કયાંથી હોત? તે વખતે મંત્રીએ કહ્યું કે હે રાજન્! આપ તો આપનું કૃતજ્ઞપણું દેખાડો છો, પરંતુ કુમારની હત્યા કરનાર એવા મને અવશ્ય દંડ કરવો જોઇએ. ત્યારે રાજાએ કહ્યું કે તેં મને ત્રણ આમળાં આપ્યાં હતાં તેમાંથી હજી તો એક વધ્યું. આ પ્રમાણેનાં રાજાનાં વચન સાંભળીને મંત્રીએ કહ્યું કે હે ગુણસાગર! જ્યારે આપ આમ કહો છો ત્યારે ત્રણ આમળાથી સર્યું. આપ પુત્ર સહિત ચિરકાળ રાજ્ય કરો. એ પ્રમાણે કહીને ગુપ્ત સ્થળેથી રાજકુમારને લાવી આપ્યો. પછી તેં આમ શા માટે કર્યું? એવું રાજાએ પૂછયું ત્યારે મંત્રીએ પોતાના પિતાએ આપેલા શ્લોકની સઘળી હકીકત કહી સંભળાવી. આ સાંભળીને બહુ રાજી થએલા રાજાએ મંત્રીને પોતાના અર્ધા આસન ઉપર બેસાડયો. અને કહ્યું કે હે મિત્ર! મેં એક આમળાને પુત્ર તુલ્ય ગણ્યું તે ઠીક કર્યું નથી, એ પ્રમાણે કહી મંત્રીનો સત્કાર કર્યો. એ પ્રમાણે તે બંનેએ સાથે રહીને ઘણો કાળ રાજ્યનું પાલન કર્યું. અહીં દૃષ્ટાંત પૂરૂં થાય છે. તેનો સાર એ છે કે જેમ બીજી વાર પ્રભાકરે સત્સંગ કરીને પોતાનું જીવન નિર્મલ બનાવ્યું,

તેવી રીતે ભવ્ય જીવોએ પણ સારા પુરૂષોની સોબત કરીને આત્મહિત સાધવું જોઇએ. ૫૮

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં હૃદયમાં જો પરમાત્માનું ધ્યાન ન રમતું હોય તો અનેક શાસ્ત્રોનું જ્ઞાન પણ નકામું છે. આ બીના જણાવે છે—

११ १० ९ १२ १३ १५ १४
**किं तर्केण वितर्कितेन शतशो, ज्ञातेन किं छंदसा ।**
१९ १७ १८ १६ २० २१
**किं पीतेन सुधारसेन बहुधा, स्वाध्यायपाठेन किम् ॥**
२३ २२ २४ २५ ८ ५ ७ १ ६
**अभ्यस्तेन च लक्षणेन किमहो, ध्यानं न चेत्सर्वथा ।**
२ ३ ४
**लोकालोकविलोकनैककुशलज्ञाने हृदि ब्रह्मणः ॥५९॥**

**किं**=શું
**तर्केण**=તર્કશાસ્ત્ર વડે
**वितर्कितेन**=વિતર્કેલા, ભણેલા
**शतशः**=સેંકડો વાર
**ज्ञातेन**=જાણેલા
**छंदसा**=છંદશાસ્ત્ર વડે
**पीतेन**=પીધેલા
**सुधारसेन**=અમૃત રસ વડે
**बहुधा**=ઘણી રીતે
**स्वाध्यायपाठेन**=સ્વાધ્યાય પાઠથી, સ્વાધ્યાયથી
**अभ्यस्तेन**=અભ્યાસ કરેલા, ભણેલા
**लक्षणेन**=લક્ષણ શાસ્ત્ર વડે, વ્યાકરણ શાસ્ત્રથી
**अहो**=અહો, અરે
**ध्यानं**=ધ્યાન
**न**= ન હોય
**चेत्**=જો
**सर्वथा**=સર્વ પ્રકારે
**लोकालोक**=લોક અને અલોક
**विलोकन**=જોવામાં, જાણવામાં
**एककुशल**=અતિ કુશળ
**ज्ञाने**=જ્ઞાનવાળા
**हृदि**=હૃદયમાં
**ब्रह्मणः**=પરમાત્માનું

લોક તેમ અલોકને પણ જાણવાનું જેહમાં,
જ્ઞાન ઉત્તમ છે રહ્યું તેવા શુભાશય હૃદયમાં;
ધ્યાન જો ન કરાય પરમોપકારી પરમાત્મા તણું
તો વિતર્કિત તર્ક કેરૂં જ્ઞાન પણ શા કામનું. ૨૨૯

સો વાર ભણતરમાં રમેલા છંદ પણ શા કામના,
કૃત અમીરસ પાન તિમ સ્વાધ્યાય પણ શા કામના;
બહુ ભણેલા શબ્દ કેરા શાસ્ત્ર પણ શા કામના,
સફલતા સૌની બને અનુભાવથી શુભ ધ્યાનના. ૨૩૦

ધ્યાન પ્રભુ ગુણ ચિંતના ધ્યેય સ્વરૂપ પણ ધ્યાનથી,
જ્ઞાન ક્રિયા બે ધ્યાનમાં પરિહાર એકેનો નથી;
જે ક્રિયા તરછોડતા ને ધ્યાનમાં આડંબરે,
મ્હાલતા તે રખડતા હોલી તણા બાલક પરે. ૨૩૧

અક્ષરાર્થ—જો લોક અને અલોક જાણવામાં અતિશય કુશળ જ્ઞાનવાળા હૃદયમાં પરમાત્માનું જ્ઞાન-ધ્યાન કોઇ પણ રીતે ન હોય તો એવાં તર્ક વિતર્કોથી ભરેલા તર્ક-શાસ્ત્રો-ન્યાય શાસ્ત્રો ભણવાથી શું ? સેંકડો વાર જાણેલાં છંદ શાસ્ત્રોથી પણ શું ? પીધેલા અમૃત રસથી પણ શું વળવાનું ? તથા ઘણા પ્રકારના કરેલા સ્વાધ્યાય પાઠથી પણ શું વળવાનું ? અરે બહુ અભ્યાસ કરેલાં વ્યાકરણ શાસ્ત્રોથી પણ શું વળવાનું ? ( એટલે પરમાત્માના ધ્યાન વિના એ બધું જ્ઞાન નકામું છે. ) ૫૯

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં કવિ પરમાત્માના ધ્યાનની પ્રધાનતા (મુખ્યપણું) જણાવે છે. અને કહે છે કે તે વિના સર્વ શાસ્ત્રોનું જ્ઞાન નકામું, કારણ કે આગમો અને પ્રકરણો ભણી જીવની અને કર્મની ઝીણી ઝીણી વાતો કરે, લોકાકાશ અને અલોકાકાશનું દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને ગુણથી ઝીણું ઝીણું સ્વરૂપ સમજાવે, દ્રવ્ય ગુણ પર્યાયની ઉંડી વાતો કરે પરન્તુ હૃદયમાં પરમાત્માની ભક્તિ ન હોય, પરમાત્માનો જાપ કરતો ન હોય, અને પરમાત્માનું સ્વરૂપ વિચારી તેની સાથે તલ્લીન ન બને તો એવા શૂન્ય હૃદયવાળાની લોકાલોકની વાતોથી શું? તેમજ મુક્તાવલી દિનકરી પંચ લક્ષણી વિગેરે મોટાં મોટાં ન્યાયશાસ્ત્રો ભણી તર્ક વિતર્ક કરી વાદીને હરાવે, ન્યાયાચાર્ય બની બેસે અને સભાઓ જીતે, પરન્તુ એજ ન્યાયથી જો પરમાત્માના સ્વરૂપનો નિર્ણય ન કરી શકે તો એવાં ન્યાયશાસ્ત્ર ભણીને કયો ગઢ જીત્યો? શાસ્ત્રો ભણવાનો સાર જ એ છે કે પરમાત્મ સ્વરૂપમાં લયલીન થવું અને તે રૂપે થવા પ્રયત્ન સેવવો, તેમાં બીજાને જોડવા. તે તો છે નહિં તો તેમાં આત્માનું શું કલ્યાણ થયું? તથા સેંકડો છંદ શાસ્ત્રો એટલે પિંગલ વૃત્ત રત્નાકર વિગેરે કાવ્યને બનાવવાના સાધન ભૂત છંદ શાસ્ત્રો ભણ્યો, પરન્તુ એ કાવ્ય રચના સ્ત્રીઓના શંગાર રસને પોષવામાં જ ઉતારે પરન્તુ પરમાત્માની ભક્તિનાં કાવ્યોથી પરમાત્મ સ્વરૂપ વિચાર્યું નહિં તો એવાં છંદ શાસ્ત્રો ભણવાથી શું વળ્યું, કેવળ લોકને દુરાચારમાં નાખ્યા, વિષયવિલાસી બનાવ્યા અને પોતે પણ દુર્ગતિમાં જવા લાયક થયો. ખરે-

અર એ રીતે આગમો ન્યાય અને કાવ્યશાસ્ત્રો ભણીને કેવળ લોકમાં પંડિત કહેવાયો, અને વાદ વિવાદથી લોકોને રંજન કર્યા, તેથી જ રત્નાકર પચ્ચીસીમાં કહ્યું છે કે 'धर्मोपदेशो जनरंजनाय' તથા 'वादाय विद्याध्ययनं च मेऽभूत्' એટલે હે પ્રભુ! લોકને રાજી કરવા માટે જ મેં ધર્મોપદેશ આપ્યો, પરંતુ તે મારા હિતને માટે ન થયો. અને હું વિદ્યા ભણ્યો તે કેવળ વાદવિવાદ કરવામાં કામ આવી પણ મારા આત્માને તેથી કંઇ પણ લાભ ન થયો. વળી પરમાત્મ ભક્તિ વિના કેવળ ઢોરની જેમ જીવન ગાળીને ઘણી વાર અમૃતરસ પીવાથી શું વળ્યું. તથા ઘણાં સ્વાધ્યાય (ભણવું) કર્યાં, તેમજ પાણીનિ સિદ્ધહેમ સારસ્વત વિગેરે ઘણાં વ્યાકરણ શાસ્ત્રો ભણી વ્યાકરણાચાર્યની પદવી લીધી પરન્તુ હૃદયમાં પરમાત્મ સ્વરૂપની ચિંતવનાનું મોટું મીડું હોય તો એવા વ્યાકરણના બરાડા પાડવાથી શું વળ્યું? આ શ્લોકનું રહસ્ય એ છે કે આગમ ન્યાય છંદ વ્યાકરણ વિગેરે શાસ્ત્રો ભણો કે ન ભણો પરન્તુ પરમાત્માના ધ્યાન વિના કદી પણ આત્મ કલ્યાણ થવાનું નથી. માટે જ્ઞાનીએ કે અજ્ઞાનીએ પરમાર્થથી તો પરમાત્માની ધ્યાન રૂપ ભક્તિ કરવી એ જ પરમ કલ્યાણકારી છે, અને જગતમાં સર્વ શાસ્ત્રની રચના પણ કેવળ પરમાત્મ સ્વરૂપ પામવાને જ થઈ છે છતાં મૂઢ પંડિતો તેનો લોકરંજન માટે ઉપયોગ કરે છે તે કેવળ અજ્ઞાનતા જ છે. ૫૯

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં સૂર્યના પ્રકાશથી

જેમ હિમનો નાશ થાય છે તેમ જ્ઞાનના પ્રકાશથી માયાનો નાશ થાય છે, એ વાત સમજાવે છે—

૪ ૨ ૩
मां बाल्याद्पि निर्निमित्तनिबिडप्रोद्भूतसख्यश्रियं ।
૧ ૬ ૫ ૭ ૮
दंभारंभ ! विहाय सत्वरतरं, दूरान्तरं गम्यताम् ॥
૯ ૧૪ ૧૦ ૧૧ ૧૨ ૧૩
पश्योन्मीलति मेऽधुना शुभवशाज्ज्ञानोष्णरश्मिप्रभा ।
૧૬ ૧૭ ૧૫ ૨૧ ૧૯ ૧૮ ૨૦
प्रालेयोत्करवद्धतंतमनया, द्रक्ष्याम्यहं त्वां कथम् ॥ ૬૦ ॥

**मां**=અને, મ્હારી સાથે
**बाल्यात् अपि**=બાળપણથી પણ
**निर्निमित्त**=વિના કારણે, સ્વાર્થ વિના
**निबिड**=ગાઢ
**प्रोद्भूत**=પ્રગટ થયેલી
**सख्यश्रियं**=મિત્રાઇ રૂપ લક્ષ્મી, (શોભા) જેને
**दंभारंभ**=હે દંભના વિસ્તાર ! હે દંભ !
**विहाय**=છોડીને
**सत्वरतरं**=અત્યંત શીઘ્ર, એકદમ તત્કાળ
**दूरान्तरं**=ઘણે દૂર
**गम्यताम्**=ચાલ્યો જા
**पश्य**=તું દેખ, જો
**उन्मीलति**=પ્રગટ થાય છે
**मे**=મારા
**अधुना**=હવે
**शुभवशात्**=પુણ્યના ઉદયથી
**ज्ञानोष्णरश्मिप्रभा**=જ્ઞાન રૂપી સૂર્યની કાંતિ
**प्रालेयोत्करवत्**=હિમના સમૂહની પેઠે
**हतंतं**=હણાયલા તે
**अनया**=એ સૂર્યપ્રભા વડે
**द्रक्ष्यामि**=દેખી શકીશ
**अहं**=હું
**त्वां**=તને
**कथं**=કેવી રીતે ?

હે દંભ! તેં મુજ સાથ બચપણથી જ નિષ્કારણપણે,
દોસ્તી જ બાંધી ગાઢ પણ ઝટ દૂર જા છંડી મને;
હાલ પુણ્યે જ્ઞાનરવિની કાંતિ મુજમાં ચળકતી,
નહિ જાય દૂર જો તું તદા આ સૂર્યકાંતિ પ્રસરતી. ૨૩૨

હિમ કણ સમૂહ તણી પરે હણશે તને તેં કેમ હું,
જોઇ શકીશ! સમજી જઈ જા દૂર ઇમ તેથી કહું;
સત્ય બોધ પ્રકાશ જ્યાં ત્યાં દંભ કદી ન ટકી શકે,
જિમ રવિના તેજ આગળ તિમિર ગણ ન ટકી શકે.
૨૩૩

**અક્ષરાર્થ**—હૃદયમાં ફેલાએલા હે દંભ! (કપટ) ત્હેં મારી સાથે બાળપણથી જ વિના કારણે ગાઢ મિત્રાઇ (દોસ્તી) બાંધી છે, પણ હવે ત્હારી મિત્રાઈવાળા મને છોડીને તું ઘણે દૂર નાસી જા, કારણ કે હવે પુણ્યના યોગે મ્હારામાં મ્હારી જ્ઞાન રૂપ સૂર્યની કાન્તિ પ્રગટ થાય છે, તેથી એ કાન્તિ વડે હિમના સમૂહની પેઠે વિનાશ પામેલા ત્હને હવે હું શી રીતે જોઇશ? (એટલે હવે ત્હારી મિત્રાઈ ક્ષણભર પણ ટકી શકવાની નથી) ૬૦

**સ્પષ્ટાર્થ**—કોઈ જ્ઞાની પુરૂષ દંભને કહે છે કે - હે દંભ! (હે માયા, કપટ!) ત્હારે ને મ્હારે આ ભવમાં બાળપણથી મિત્રાઈ છે, અને ભવોભવની અપેક્ષાએ અનાદિ કાળથી મિત્રાઇ ચાલી આવે છે, પણ હવે ઘણું થયું, તું

મ્હને છોડીને ચાલ્યો જા, કારણ કે હાલમાં પુણ્યના પ્રભાવથી મારા હૃદયમાં જ્ઞાન રૂપી સૂર્યનો પ્રકાશ પ્રગટ થયો છે, માટે જો તું દૂર નહિં જાય તો એ સૂર્યનો ગરમ પ્રકાશ તને હિમની માફક ઓગાળી દેશે, પછી તું મૃત્યુ પામીશ તો હું તને શી રીતે જોઈ શકીશ? કારણ કે તું મ્હારો બાળ મિત્ર છે તેથી તને કહું છું કે તારી મેળે તું સમજી જઇને જલ્દી દૂર ભાગી જા

અહિં કહેવાનું તાત્પર્ય એ છે કે જીવની સાથે માયા અથવા દંભ અનાદિ કાળથી લાગેલો છે. બોલવામાં દંભ, ચાલવામાં દંભ, દેવપૂજામાં દંભ, ગુરૂ વંદનમાં દંભ, સંજમ ક્રિયામાં દંભ એ પ્રમાણે ડગલે ને પગલે આ જીવ દંભમાં (કપટમાં)ને દંભમાં જ બધો કાર્યક્રમ ચલાવી રહ્યો છે, પરન્તુ જ્યારે હૃદયમાં ગુરૂના ઉપદેશને સાંભળવાથી પ્રકટ થયેલો જ્ઞાન રૂપી સૂર્ય ઝળકી ઉઠે છે, ત્યારે જેમ સૂર્યના ઉદયથી હિમ ઓગળી જાય છે તેમ કપટ પણ ચાલ્યો જાય છે. આ શ્લોકનું રહસ્ય એ છે કે, પુણ્યશાલી ભવ્ય જીવો જ (૧) પરોપકાર રસિક, સ્વપરતારક મહાગુણવંત ગુરૂનો સમાગમ, (૨) તેમના ઉપદેશનું શ્રવણ (સાંભળવું) (૩) સાંભળીને હૃદયમાં ઉતારીને તે પ્રમાણે નિર્દોષ જીવન ગુજારવું વિગેરે આત્મકલ્યાણને કરનારા સાધનો પામી શકે છે. ઉપદેશના પ્રસંગે શ્રી ગુરૂમહારાજ ભવ્ય જીવને સમજાવે છે, કે કપટ કરીને જે જીવો બીજાને છેતરે છે. છેતરીને મનમાં રાજી થાય છે, ધન વિગેરે થોડાં સુખનાં સાધનો મેળવે છે. પણ એમ

કરનારા જીવો સામાને છેતરવાને બદલે પોતાના આત્માને તો જરૂર છેતરે છે, કારણ કે ધાર્મિક પ્રસંગે પણ સ્હેજ માયા કરવાથી પ્રભુ શ્રીમલ્લિનાથને સ્ત્રીપણું પ્રાપ્ત થયું, કેટલાએક અજ્ઞાની જીવો "**સત્તર પાંચ પંચાણુ, બે મૂકયા છૂટના, લાવ પટેલ સોમાં બે ઓછા**" તથા "મુખમેં રામ બગલમેં છુરી ભગત ભલા પણ દાનત બૂરી" ૧ વેદ, (૪) વસુ (૮) ફોગ વિગેરે સંજ્ઞાથી વાતચિત કરીને વેપાર વિગેરેમાં પણ માયા પ્રપંચ ખેલે છે. પણ તેઓએ સમજવું જોઇએ કે, કપટ કરવાથી જે કર્મો બંધાય છે, તેના ફલ રીબાઈ રીબાઇને ભોગવવા પડે છે, દુઃખ ગમતું નથી તો દુઃખના કારણો જરૂર છોડવા જોઇએ. દંભ એ ભયંકર દુઃખનું કારણ છે, અને સરલતા મહાસુખનું કારણ છે. સરલ આત્માઓ થોડું ધર્માનુષ્ઠાન પરમ ઉલ્લાસથી વિધિપૂર્વક કરે છતાં પણ તેનો કર્મ નિર્જરા વિગેરે લાભ વધારે પ્રમાણમાં મેળવી શકે છે, એ સરલતાનો જ પ્રભાવ છે. ઘણાંએ પાપી આત્માઓ પણ જે થોડા કલાકમાં આત્મ કલ્યાણ કરી ગયા, કરે છે, અને કરશે તેમાં સરલતા ગુણનો પણ પ્રભાવ રહેલો જ છે. આવા શ્રી ગુરૂ મહારાજના વચનને સાંભળીને ભવ્ય જીવ જ્ઞાન ગુણને પ્રકટાવે છે. એટલે સમજણના ઘરમાં દાખલ થાય છે. ત્યારે દંભનો ત્યાગ કરે છે, અને સરલતા ગુણને ધારણ કરે છે. આ વાત લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ સરલતા ગુણ જરૂર ધારણ કરવો, બીજા ભવ્ય જીવોને સરલ બનાવવા અને જેઓ સરલતા ગુણનો ધારણ કરે છે તેમની અનુમોદના કરવી. ૬૦

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં સાચા અમૃતરસ ઝેર વિગેરે પદાર્થોનું સ્વરૂપ જણાવે છે—

૩ ૫ ૪ ૬ ૧ ૭ ૯ ૮
**कारुण्यान्न सुधारसोऽस्ति हृदय ! द्रोहान्न हालाहलं ।**
૧૦ ૧૩ ૧૨ ૧૧ ૨ ૧૪ ૧૬ ૧૫
**वृत्तादस्ति न कल्पपादप इह, क्रोधान्न दावानलः ॥**
૧૭ ૧૮ ૨૧ ૨૦ ૧૯ ૨૩ ૨૬ ૨૨ ૨૪ ૨૫
**संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।**
૨૯ ૨૮ ૨૭ ૩૦ ૩૧ ૩૨ ૩૩ ૩૪
**युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥ ६१ ॥**

**कारुण्यात्**=કરૂણા રસથી, દયા રસથી અન્ય
**न**=નથી
**सुधारसः**=અમૃતરસ
**अस्ति**=છે
**हृदय**=હે હૃદય !
**द्रोहात्**=દ્રોહથી, વિશ્વાસઘાતથી (અન્ય)
**हालाहलं**=વિષ, ઝેર
**वृत्तात्**=સદાચારથી (અન્ય)
**अस्ति न**=નથી
**कल्पपादपः**=કલ્પવૃક્ષ
**इह**=આ જગતમાં
**क्रोधात्**=ક્રોધથી (બીજો કોઇ)
**दावानलः**=દાવાગ્નિ, વનનો અગ્નિ
**संतोषात्**=સંતોષથી
**अपरः**=બીજો કોઇ
**प्रियसुहृत्**=વ્હાલો ભાઇબંધ
**लोभात्**=લોભથી
**अन्यः**=બીજો કોઇ
**रिपुः**=શત્રુ
**युक्तायुक्तं**=યોગ્ય કે અયોગ્ય, વ્યાજબી, ગેરવ્યાજબી
**इदं**=આ
**मया**=મેં
**निगदितं**=કહ્યું
**यत्**=જે કંઇ તજવા જેવું લાગે
**रोचते**=રૂચે, યોગ્ય લાગે
**तत्**=તે
**त्यज**=છોડી દે.

હે હૃદય ! કરણા સમું અમૃત ન બીજું દ્રોહથી,
ઝેર નહિ બીજું સુરદ્રુમ ન પર વિમલાચારથી;
અન્ય દાવાનલ ન હોવે ક્રોધથી સંતોષથી,
પ્રિય મિત્ર પર નહિ શત્રુ બીજો પરમ ભાખ્યો
લોભથી. ૨૩૪

યોગ્ય તેમ અયોગ્ય ભાખ્યું ઈમ હવે ધરી સ્વસ્થતા,
જે રૂચે તે ત્યાગ કર ને ગ્રહણ કર ધરી સ્વસ્થતા;
ગ્રાહ્ય કરૂણા વૃત્ત તિમ સંતોષ ત્રણ ગુણ જાણીએ,
દ્રોહ લોભ ક્રોધ તજવા યોગ્ય છે ઇમ ધારીએ. ૨૩૫

અક્ષરાર્થ—હે હૃદય! આ જગતમાં કરૂણારસથી (દયારસથી) બીજો કોઈ ઉત્તમ અમૃતરસ નથી, દ્રોહથી-વિશ્વાસઘાતથી બીજું કોઇ અધમ ઝેર નથી, સદાચાર જેવો બીજો કોઈ ઉત્તમ કલ્પવૃક્ષ નથી, ક્રોધથી અધિક (ચઢીયાતો) બીજો કોઇ દાવાનળ અગ્નિ નથી, સંતોષથી ઉત્તમ બીજો કોઈ પ્રીય મિત્ર નથી, અને લોભથી બીજો કોઇ શત્રુ નથી. એ પ્રમાણે મેં આજે કંઇ ઘટિત (ગ્રહણ કરવા લાયક) અને અઘટિત (તજવા લાયક) ઉપદેશ વચન કહ્યાં છે - તેમાંથી હે હૃદય! હવે તને જે ત્યાગ કરવા જેવું લાગે તે છોડી દે. (અને જે ગ્રહણ કરવા જેવું લાગે તે ગ્રહણ કર.) ૬૧

સ્પષ્ટાર્થ—કોઈ વૈરાગ્યવંત પુરૂષ પોતાના હૃદયને સમજાવે છે કે હે હૃદય! લોકશાસ્ત્રોમાં દેવોને અમૃતરસના

ભોજનવાળા કહ્યા છે. અને અમૃતરસ તો તે કહેવાય કે જે રસ પીધા પછી જીવનું મરણુ જ ન થાય. પરંતુ દેવો પોતાનું આયુષ્ય પૂર્ણ થયે મરી જાય છે, માટે એ અમૃતરસ તાત્ત્વિક અમૃતરસ નથી. તાત્વિક અમૃતરસ તો દયા જ છે, કે જેનાથી ભવ્ય જીવો જગતના તમામ જીવોને પોતાની જેવા ગણે છે એટલે બીજા જીવોને મારતા નથી, તેમજ તેવા વ્રતથી તે પુરૂષ પણુ સિદ્ધિગતિ પામીને કોઇ દિવસ મરતો જ નથી. માટે કરૂણા એજ ખરો અમૃતરસ છે.

તથા જેમ ઝેર જીવના પ્રાણુ એક જ વાર લે છે, પરન્તુ દ્રોહ–વિશ્વાસઘાત તો અનન્ત જન્મ મરણુ કરાવનારા હોવાથી ઘણીવાર મારે છે માટે સોમલ વિગેરે દ્રવ્ય ઝેર કરતાં વિશ્વાસ-ઘાત એ જ મોટામાં મોટું ઝેર છે અને તે ભાવ ઝેર કહેવાય છે. આ વિશ્વાસઘાત વચન ભંગ પ્રતિજ્ઞા ભંગ પ્રપંચ માયા વિગેરે અનેક દુર્ગુણોના ઘર રૂપ છે. માટે દ્રોહ–વિશ્વાસઘાત જેવું કોઈ અધમ ઝેર નથી. અથવા વિશ્વાસઘાત ભયંકર ઝેર સમાન છે.

તથા યુગલ ક્ષેત્રોમાં (૩૦ અકર્મ ભૂમિમાં) અને યુગલિક સમયમાં (૫ ભરત તથા ૫ ઐરવત એ ૧૦ કર્મ-ભૂમિમાં જે આરાઓમાં યુગલિક મનુષ્યો હોય છે તે સમયે) દશ જાતિનાં કલ્પવૃક્ષો ઉપરાન્ત બીજા પણુ અનેક ઉત્તમ વૃક્ષો યુગલિકોને ખાન પાન વિગેરે ઇષ્ટ પદાર્થો આપે છે, પરન્તુ તે ઇષ્ટ પદાર્થોની પ્રાપ્તિ કાયમને માટે તૃપ્તિ આદિ કરનારી થતી નથી, કારણુ કે એક વાર ખાન પાન મેળવ્યા બાદ ફરી

૧-૨-૩ દિવસે ખાન પાન મેળવવું પડે છે, જેથી વારંવાર ભૂખ અને તૃપ્તિ ભૂખ અને તૃપ્તિ ચાલ્યા કરે છે, તેથી એ ઇષ્ટ પ્રાપ્તિ અસ્થિર છે અને કેવળ ભૂખ તરસ વિગેરેની તૃપ્તિ પૂરતું અલ્પ સુખ આપે છે. પરન્તુ યમનિયમ આદિ સદાચાર રૂપી કલ્પ વૃક્ષ તો એવું છે કે આ લોક અને પરલોકનાં દરેક જાતનાં સુખો આપે છે, તે ઉપરાન્ત પરિણામે મોક્ષ સુખ પણ આપે છે, જેથી કાયમનું-નિત્ય આત્માનું સ્વાભાવિક સુખ પ્રાપ્ત થતાં અનંત કાળ પર્યન્ત આત્મા આત્મ સુખમાં તૃપ્ત રહે છે. આ બધો પ્રભાવ સદાચારનો જ છે.

તથા દાવાનળ અગ્નિ વનમાં ઘાસ ઝાડ વિગેરે વનસ્પતિઓને અને તેમાં રહેલા પશુ પક્ષી વિગેરે જીવોને બાળી દે છે, તે કરતાં પણ ક્રોધ રૂપ દાવાનળ તો જ્ઞાનદર્શન ચારિત્ર વિગેરે આત્માની ખરી ઋદ્ધિને બાળી મૂકે છે, ( આવરી નાખે છે) અને અનેક ભવ પર્યન્ત દુર્ગતિ આપનારો થાય છે, કારણ કે ક્રોધથી ઘણાં ચીકણાં પાપ કર્મો બંધાય છે. વળી દાવાનળથી દાઝેલો માણસ પોતે જ બળે છે, અને ઔષધિથી તે દાહ શાન્ત થઇ શકે છે; પરન્તુ ક્રોધ રૂપી દાવાનળથી બળતો મનુષ્ય રાત્ દિવસ બળતો રહે છે ને સાથે બીજા અનંત જીવોનો સંહાર કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે દાવાનળ રૂપી દ્રવ્ય અગ્નિ એટલો ભયંકર નથી કે જેટલો ક્રોધ રૂપી ભાવ અગ્નિ ભયંકર છે, માટે ક્રોધ જેવો ભયંકર દુઃખને દેનારો દાવાનળ અગ્નિ બીજો કોઇ નથી એમ કહ્યું છે.

તથા પોતે માનેલો પ્રીય મિત્ર આ ભવમાં જ સુખમાં

સહકારી થાય છે, પરન્તુ સંતોષ રૂપી મિત્ર તો આ ભવમાં અને પરભવમાં બન્ને ભવમાં સુખ આપનાર થાય છે, અને પરિણામે મોક્ષ સુખ પણ આપે છે, માટે સંતોષ જેવો પરમ (સારામાં સારો મહા હિતકારી) મિત્ર બીજો કોઇ જ નથી.

તથા શત્રુ તો આ ભવમાં એકવાર હણે છે. પરન્તુ લોભ રૂપી શત્રુ ભવોભવમાં હણે છે. માટે લોભ સરખો કોઇ શત્રુ નથી, રત્નોના લોભથી દેવો પણ એકેન્દ્રિય રત્નો રૂપ પૃથ્વીકાયમાં ઉપજે છે.

એ પ્રમાણે હે હૃદય! અમૃતથી પણ અધિક કરૂણા છે, ઝેરથી પણ અધિક દ્રોહ છે, કલ્પવૃક્ષથી પણ અધિક (વધારે સુખને આપનાર) સદાચાર છે. દાવાનળથી પણ અધિક ક્રોધ છે, મિત્રથી પણ અધિક સંતોષ છે, અને શત્રુથી પણ અધિક (વધારે દુ:ખ દેનાર) લોભ છે, એમ જાણીને કરૂણા સદાચારને સંતોષને ગ્રહણ કરવાનો ઉપદેશ અને દ્રોહ ક્રોધ તથા લોભને ત્યાગ કરવાનો ઉપદેશ કહ્યો-આપ્યો. હવે તને જે રૂચે તે ત્યાગ કર. એટલે આ શ્લોકમાં ત્રણ સદ્‌ગુણ આદરવા લાયક જણાવ્યા છે. ને ત્રણ દુર્ગુણ છોડવા લાયક જણાવ્યા છે. હાથીના ભવમાં દયાના પાલવાથી મેઘકુમાર શ્રેણિક રાજાના પુત્ર થયા. તથા સદાચારના જ પ્રભાવે મહાબલ કુમાર વિગેરે કેવલી થયા. સંતોષથી આનંદ વિગેરે શ્રાવકો દેવતાઇ ઋદ્ધિને પામ્યા. દ્રોહ કરવાથી અગ્નિ શર્માને ઘણીવાર સંસારમાં ભટકવું પડયું. ક્રોધથી મુનિને સર્પ રૂપે જન્મ લેવો પડયો. અને લોભથી મમ્મણ શેઠની

દુર્ગતિ થઈ. આ વાતને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ દુર્ગુણોનો ત્યાગ કરવો. અને સદ્‌ગુણોની સેવના કરીને દુર્લભ માનવ જન્મને સફલ કરવો. ૬૧

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં હે ચિત્ત! તને જો સ્ત્રીનો સંગ જ વ્હાલો લાગતો હોય તો આ ચામડાની સ્ત્રી કરતાં ક્ષમા રૂપી સ્ત્રીનો સંગ કર એ ઉપદેશ આપે છે—

૭ ૧ ૮
औचित्यांशुकशालिनीं हृदय हे शीलांगरागोज्वलां।
૯ ૧૦
श्रद्धाध्यानविवेकमंडनवतीं, कारुण्यहारांकिताम् ॥
૧૧ ૧૨
सद्बोधांजनरंजिनीं परिलसच्चारित्रपत्रांकुरां।
૪ ૩ ૫ ૨ ૧૩ ૬ ૧૪
निर्वाणं यदि वाञ्छसीह परमक्षान्तिप्रियां तद्भज ॥६२॥

**औचित्य**=ઉચિતાચરણ, યોગ્યતા રૂપી
**अंशुकशालिनीं**=વસ્ત્ર વડે શોભાયમાન
**हृदय हे**=હે હૃદય!
**शील**=બ્રહ્મચર્ય રૂપ
**अंगराग**=વિલેપન વડે
**उज्वलां**=ઉજ્વળ (બનેલી) મનોહર
**श्रद्धा**=પ્રભુના વચન ઉપર વિશ્વાસ

**ध्यान**=આત્મસ્વરૂપની ચિંતવના
**विवेक**=સ્વભાવની અને વિભાવની વ્હેંચણ કરવાની સમજણ રૂપ
**मंडनवतीं**=ઘરેણાં વાળી (પ્હેરનારી)
**कारुण्यहार**=કરૂણા-દયારૂપ હાર વડે
**अंकितां**=સહિત, શોભતી
**सद्बोधांजन**=ઉત્તમ જ્ઞાન રૂપી કાજળ વડે

**रंजिनीं**=બીજાને ખુશ કરનારી
**परिलसत्**=વિલસતા, દીપતા
**चारित्र**=ચારિત્ર રૂપ
**पत्रांकुरां**=પત્રાંકુર (વેલ) વાળી, પત્રરેખા વાળી, પીળવાળી
**निर्वाणं**=નિર્વાણ, મોક્ષ
**यदि**=જો
**वांछसि**=(તું) ઇચ્છે છે તો
**इह**=અહીં
**परमक्षान्ति**=પરમ ક્ષમા રૂપી
**प्रियां**=સ્ત્રીને
**तद्**=તો
**भज**=સેવ. (તેની સેવના કર)

**હે હૃદય ! જો મોક્ષ કેરી ચાહના તો ભજ સદા,**
**ઉત્તમ ક્ષમા રૂપ નારને જેથી ટળે સવિ આપદા;**
**વસ્ત્રાદિથી સ્ત્રી જેમ શોભે તિમ ક્ષમા સ્ત્રી શોભતી,**
**ઔચિત્ય રૂપ વસ્ત્રેજ શીલરૂપ અંગ રાગે શોભતી. ૨૩૬**

**શ્રદ્ધા વિવેક ધ્યાન ભૂષણ તિમ દયા હારે કરી;**
**દીપતી સદ્બોધ કાજળ આંજતી હોંશે કરી;**
**ચારિત્ર પીળે લાગતી જ મનોજ્ઞ જ્યાં હોવે ક્ષમા,**
**ઉચિતતાદિક આઠ ગુણ હોવેજ તેવા હૃદયમાં. ૨૩૭**

અક્ષરાર્થ—હે હૃદય ! જો તને મોક્ષ પદની ઇચ્છા હોય તો ઉચિત પ્રવૃત્તિ અથવા યોગ્યતા રૂપ વસ્ત્ર વડે શોભતી, શીલવ્રત રૂપી અંગવિલેપન વડે ઉજ્વળ દેખાતી, શ્રદ્ધા ધ્યાન અને વિવેક રૂપી ઘરેણાં વાળી, દયા રૂપી હારથી શોભાયમાન ( દયા રૂપ હારને પહેરનારી ), સદ્જ્ઞાન રૂપ કાજળથી ( બીજાને ) ખૂશ કરનારી, અને ચારિત્ર રૂપી પત્રવલ્લી વડે મનોહર એવી શ્રેષ્ઠ ક્ષમા રૂપ સ્ત્રીની સેવના કર. ૬૨

સ્પષ્ટાર્થ--કવિ આ શ્લોકમાં ક્ષમાને શૃંગારથી શોભતી મનોહર સ્ત્રીની ઉપમા આપે છે. જેમ એક સ્ત્રીએ વસ્ત્ર પહેરેલ હોય, ચંદનાદિકનું વિલેપન કરેલું હોય, આભરણો પહેર્યાં હોય, હૃદયમાં હાર પહેર્યો હોય, આંખમાં કાજળ આંજ્યું હોય અને હાથ વિગેરે અવયવો ઉપર કસ્તૂરી આદિકથી પત્રવલ્લીઓ ચિતરી હોય તો જેમ તે સ્ત્રી વ્યવહાર દષ્ટિએ ઘણી સુંદર શોભે છે; તેમ ક્ષમા રૂપી સ્ત્રી ઉચિતાચરણ રૂપ વસ્ત્રો પ્હેરે છે, શીલ વ્રત રૂપી ચંદનનું વિલેપન છે, શ્રદ્ધા ધ્યાન અને વિવેક વિગેરે સ્વરૂપ વિવિધ પ્રકારનાં ઘરેણાં શરીર ઉપર પ્હેરે છે, અને હૃદયમાં દયા રૂપી હાર પણ પ્હેરે છે. આંખમાં સદ્‌જ્ઞાન રૂપી કાજળ આંજે છે, અને ચારિત્ર રૂપી પત્રવલ્લી ( પીળ ) વડે તે શોભે છે, તેવી સ્ત્રીની સેવના કરજે, કારણ કે એવા શંગાર વાળી ક્ષમા રૂપી સ્ત્રીની જે ભવ્ય જીવો સેવના કરે છે તેઓ પરમ સુખને જરૂર પામે છે. આ વાતને લક્ષ્યમાં રાખીને હે ચિત્ત! તું એવા શૃંગાર વાળી ક્ષમા રૂપી સ્ત્રીની જ હંમેશાં પરમ ઉલ્લાસથી સેવના કરજે, જેથી પરિણામે તું પરમાનંદ પદ ( મુક્તિ ) ના અવિચલ સુખ જરૂર પામીશ. અને જો આ મનુષ્ય સ્ત્રીમાં મોહ પામીશ તો પરિણામે દુર્ગતિનાં દુઃખો સિવાય બીજું કંઇ જ મળવાનું નથી. ક્ષમા રૂપી સ્ત્રીની સેવના કરનારા દષ્ટાંતોમાં પ્રભુ શ્રી મહાવીર સ્વામી અને કૂરગડૂ મુનિ મુખ્ય ગણાય છે. તે બંનેની બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી—

(૧) પ્રભુ શ્રી મહાવીર દેવને સંગમ નામના અભવ્ય

દેવે એક રાત્રીમાં ભયંકર વીસ ઉપસર્ગો કર્યા; જેમાં કાલચક્ર મૂકીને પ્રભુને ભયંકર પીડા ઉપજાવી. ઢીંચણ પ્રમાણ પૃથ્વીમાં પેસી ગયા છતાં પણ અપૂર્વ ક્ષમા ગુણ ધારણ કરીને પ્રભુ દેવ તેનું (શત્રુનું-ઉપસર્ગ કરનારનું) ભલું ચાહવા લાગ્યા.

(૨) કૂરગડૂ મુનિ–કુંભ નામે રાજાના નાગદત્ત નામે પુત્ર હતા. તે અનુક્રમે યુવાવસ્થા પામ્યા, એક વખત તે મહેલની બારીમાં ઉભેલા હતા. તે વખતે ત્યાંથી જતા એક મુનિવરને જોઇને તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. વૈરાગ્ય આવવાથી માતા પિતાની પાસેથી મહા મહેનતે આજ્ઞા લઇ સુગુરૂની પાસે દીક્ષા લીધી. આ સાધુ આગલા ભવમાં તિર્યંચ (નાગ) હતા તેથી તથા ક્ષુધા વેદનીયનો ઉદય થવાથી પોરિસીનું પચ્ચખ્ખાણ પણ કરી શકતા નહોતા. તેથી ગુરૂએ તેમને કહ્યું કે હે વત્સ! તું ફક્ત એક ક્ષમાનું જ પાલન કર, કારણ કે તેમ કરવાથી તને સર્વ તપનું ફળ મળશે, તે ઉપરથી તે પણ ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તવા લાગ્યા. આ મુનિનું કૂરગડૂક એવું નામ પડયું હતું, કારણ કે તેઓ સવાર થતાં જ એક ગડુક (એક જાતનું માપ), પ્રમાણ કૂર એટલે ચોખા લાવીને વાપરતા હતા. તે ગચ્છમાં અનુક્રમે એક માસના, બે માસના, ત્રણ માસના અને ચાર માસના ઉપવાસી ચાર તપસ્વી સાધુઓ હતા, તેઓ આ કૂરગડૂ મુનિને નિત્યભોજી કહીને નિંદા કરતા હતા. પરંતુ તે મુનિ તો ક્ષમા ગુણ રાખતા હતા. એક વાર શાસન દેવીએ આવીને કૂરગડૂક મુનિને વંદના કરી અને અનેક પ્રકારે

તેની પ્રશંસા કરી, પછી બધા સાધુઓની સમક્ષ કહ્યું કે આ ગચ્છમાં આજથી સાતમે દિવસે એક મુનિને કેવલજ્ઞાન થશે. તે સાંભળી પેલા ચાર તપસ્વી મુનિઓએ દેવીને કહ્યું કે અમને તપસ્વીને મૂકીને તેં આ કૂરગડૂ સાધુને કેમ વંદના કરી? ત્યારે દેવીએ કહ્યું કે હું ભાવ તપસ્વીને વાંદુ છું. સાતમે દિવસે કૂરગડૂ મુનિએ શુદ્ધ આહાર લાવીને ગુરૂને તથા તપસ્વીઓને દેખાડયો. તે વખતે પેલા તપસ્વીઓના મુખમાં ક્રોધથી શ્લેષ્મ (બડખો) આવ્યો, તે તેમણે તે આહારમાં નાખ્યો. તે જોઇ કૂરગડુએ વિચાર કર્યો કે "મને પ્રમાદીને ધિક્કાર છે, હું હંમેશાં જરા પણ તપસ્યાથી રહિત છું. તથા આ તપસ્વીઓની વૈયાવચ્ચ પણ કરી શકતો નથી." એ પ્રમાણે નિંદા કરતાં અને નિઃશંકપણે તે આહાર વાપરતાં શુકલ ધ્યાનમાં ચઢેલા તે મુનિને કેવલજ્ઞાન થયું. દેવોએ તેનો મહિમા કર્યો. તે વખતે પેલા ચાર તપસ્વી મુનિઓને પણ વિચાર થયો કે 'અહો! આ કૂરગડુ જ ખરા ભાવ તપસ્વી છે. આપણે તો દ્રવ્ય તપસ્વી છીએ.' એમ વિચારી કેવળીને શુદ્ધ ભાવે ખમાવ્યા. તે વખતે તેમને પણ કેવલજ્ઞાન થયું. અનુક્રમે પાંચે જણા મોક્ષે ગયા. આ બિનાને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ ક્ષમા ગુણ ધારણ કરીને આત્મહિત કરવું એજ વ્યાજબી છે. ૬૨

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં ધ્યાન કરવા યોગ્ય કયું પદ છે? તે પ્રશ્નનો ખુલાસો કરે છે—

१ ३ २ ५ ४ ७ ६ ८ ९ ११ १२ १०
**यत्रार्तिर्न मतिभ्रमो न न रतिः, ख्यातिर्न नैवोन्नति-**
१३ १४ १५ १६ १७ १८ १९ २० २१ २२ २३ २४
**र्न व्याधिर्न धनं भयं न न वधो, ध्यानं न नाध्येषणा ॥**

२६ २५ २८ २७ ३१ २९ ३० २८ ३३ ३२ ३४
नो दास्यं न विलासिता न वदने हास्यं च लास्यं च नो ।
३६ ३५ ४८ ३८ १
तत्सांसारिकपुण्यपापरहितं ध्येयं पदं धीधनाः ! ॥६३॥

यत्र=જ્યાં, જેમાં
अर्तिः=પીડા
न=નથી
मतिभ्रमः=મતિનો ભ્રમ, બુદ્ધિની ભ્રમણા
रतिः=પ્રીતિ
ख्यातिः=વ્યાવહારિક પ્રસિદ્ધિ
उन्नतिः=આબાદી, ચઢતી
व्याधिः=રોગ
धनं=ધન
भयं=ભય
वधः=હિંસા
ध्यानं=ધ્યાન, ચિંતવન
अध्येषणा=ભણવાની ઇચ્છા
दास्यं=દાસપણું, સેવકપણું
विलासिता=ભોગ વિલાસ, મોજશોખ, મોજમજાહ
वदने=મુખમાં
हास्यं=હસવું
लास्यं=વિનોદવાર્તા, કૌતુક, કુતુહલ અથવા નાટક આદિ
तत्=તે
सांसारिक=સંસાર સંબંધિ, પૌદ્ગલિક
पुण्यपापरहितं=પુણ્ય અને પાપ એ બેથી રહિત
ध्येयं पदं=ધ્યાન કરવા યોગ્ય પદ
धीधनाः=હે બુદ્ધિ રૂપ ધનવાળા પુરૂષો! હે બુદ્ધિમાનો!

હે બુદ્ધિમંતા ! જ્યાં ન પીડા તિમ મતિનો ભ્રમ નથી,
પ્રીતિ ખ્યાતિ ઉન્નતિ તિમ વ્યાધિ ધન ભય વધ નથી;
ન ધ્યાન ભણવા ચાહના તિમ દાસપણું પણ જ્યાં નથી,
ન વિલાસ હાસ્ય વિનોદ ભવગત પુણ્ય પાપ જરા
નથી. ૨૩૮

ધ્યાન કરવા યોગ્ય તેહીજ મોક્ષપદ અવધારીએ,
મોક્ષ ચીજ શું ? ત્યાં રહેલા સિદ્ધ ભાવ વિચારીએ;
સિદ્ધિ શાથી હોય ? પુદ્ગલ રમણતાને ટાલીએ,
ધ્યાન ફલ નિજ ગુણ રમણતા શાશ્વતી ના ભૂલીએ.
૨૩૯

**અક્ષરાર્થ:**—હે બુદ્ધિ રૂપી ધનવાળા પંડિત પુરૂષો! જે પદમાં એટલે જે સ્થાને કોઇ પણ જાતની પીડા નથી, મતિનો ભ્રમ ( બુદ્ધિ ભ્રમ ) નથી, પ્રીતિ નથી, પ્રસિદ્ધિ નથી, ઉન્નતિ નથી, રોગ નથી, ધન નથી, ભય નથી, હિંસા નથી, શુભાશુભ ધ્યાન નથી, ભણવાની ઇચ્છા નથી, સેવકપણું નથી, વિલાસો નથી, મોંઢાથી હસવાનું નથી, વિનોદ કે કુતુહલ નથી, અને જે સંસાર સંબંધી પુણ્ય પાપ રહિત છે એવું જે પરમ પરમાત્માપદ એટલે મોક્ષપદ છે તે જ ધ્યાન કરવા લાયક છે. ૬૩

**સ્પષ્ટાર્થ:**—સંસારમાં આધિ વ્યાધિ ને ઉપાધિ રૂપ અનેક પ્રકારની પીડાઓથી જીવ પીડાયા કરે છે, અને મોક્ષમાં એવી કોઇ જાતની પીડા નથી, સંસારમાં સંસારી જીવો મોહથી મુંઝાઇ રહ્યા છે તેથી ભ્રમિત ચિત્તવાળા થઇ સુખને દુઃખ માને છે, દુઃખને સુખ માને છે, ધર્મને અધર્મ માને છે, અધર્મને ધર્મ માને છે. આવા પ્રકારનો બુદ્ધિનો ભ્રમ સંસારી જીવને હોય છે, અને મોક્ષમાં તો સિદ્ધ પરમાત્માને અનંતજ્ઞાન અનંતદર્શન હોવાથી કોઇપણ જાતનો ભ્રમ નથી, કારણ કે ભ્રમનું મૂળ જ્ઞાનાવરણી કર્મોનો ઉદય છે, તે કર્મ સિદ્ધ

પરમાત્માને નાશ પામ્યું છે, તેથી ભ્રમનો અભાવ છે. તથા સંસારી જીવને મોહનીય કર્મનો ઉદય હોવાથી એક બીજાની સાથે પ્રેમ અને દ્વેષનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. સિદ્ધ પરમાત્માને મોહનીય કર્મનો ક્ષય થયો છે માટે તેમને કોઈના તરફ પ્રેમ કે દ્વેષ હોતો નથી. તથા યશઃ નામ કર્મના ઉદયથી સંસારી જીવો યશઃકીર્તિવાળા એટલે લોકમાં ખ્યાતિવાળા થાય છે, અયશ નામ કર્મના ઉદયથી અપયશવાળા પણ થાય છે, પરન્તુ સિદ્ધ પરમાત્માને નામ કર્મનો ક્ષય થયો છે તેથી સિદ્ધ લોકમાં તેમની પ્રખ્યાતિ કે અપજશ ન જ કહેવાય. જો કે ત્રણે ભુવનના જીવો સિદ્ધ પરમાત્માના ગુણગાન કરે છે, તીર્થંકરની અને સિદ્ધની પૂજા ભક્તિ કરે છે, પરન્તુ તેમાં તીર્થંકરનો કે સિદ્ધનો યશનામ કર્મનો ઉદય કારણ તરીકે છે જ નહિ, પરન્તુ લોકનો એ પ્રકારનો ભક્તિ ભાવ જ છે, જે ભક્તિ ભાવથી ભવ્ય જીવો પણ તેવું પદ મેળવી શકે માટે તે આલંબન રૂપ છે. પણ સિદ્ધનો યશ નથી. તેમજ સિદ્ધ લોકમાં પણ એક બીજાનો યશ કે પ્રખ્યાતિ જેવું કંઇ નથી, કારણ કે એક વિવક્ષિત સિદ્ધ પરમાત્મા જેમ પુદ્ગલના અણુને દ્રવ્ય ગુણ પર્યાયથી સર્વ પ્રકારે જાણે છે તેમ બીજા સિદ્ધને પણ દ્રવ્ય ગુણ પર્યાયાદિકથી સર્વ પ્રકારે જાણે છે, અને એ રીતે સિદ્ધ પરમાત્માઓ એક બીજાનું સંપૂર્ણ સ્વરૂપ જાણતા હોય તો તેથી કંઇ સિદ્ધની પ્રખ્યાતિ છે એમ ન કહેવાય, જો એ જાણવું જશથી કે ખ્યાતિથી હોય તો પુદ્ગલ પરમાણુનું જ્ઞાન પણ પરમાણુની પ્રખ્યાતિથી જ ગણાય, પરંતુ તેમ તો છે જ નહિ, માટે જેમ પરમાણુને જાણે છે તેમ

બીજા સિદ્ધને જાણે છે. અને યશ અથવા પ્રખ્યાતિ એ ઔદયિક ભાવની વસ્તુ છે તે મોક્ષમાં કે સિદ્ધમાં હોય જ નહિ, આ રીતે પરમાત્મ પદ ખ્યાતિ વિનાનું રહ્યું છે.

તથા સંસારી જીવો જેમ મોટી ઋદ્ધિ સિદ્ધિવાળા અને ધનવાન હોવાથી ઉન્નતિવાળા કહેવાય છે, તેવી ધન કુટુંબ પરિવાર આદિકવાળી ઉન્નતિ સિદ્ધિમાં નથી. ત્યાં તો સંપૂર્ણ જ્ઞાન દર્શનાદિ આત્મઋદ્ધિ એક સરખી સર્વ સિદ્ધિની છે. તેથી સર્વે સિદ્ધો એક સરખા હોવાથી સિદ્ધ લોકમાં અમુક સિદ્ધ ઉન્નતિવાળા ને અમુક સિદ્ધ અવનતિવાળા એમ છે જ નહિં, સર્વ સિદ્ધ પરમાત્મા સરખી આત્મ ઋદ્ધિવાળા છે. સંસારી જીવોની અપેક્ષાએ સિદ્ધ પરમ ઉન્નતિવાળા છે એમ અપેક્ષાએ કહેવામાં દોષ નથી, પરન્તુ એ કથન આપેક્ષિક છે તાત્વિક નથી. જેમ અઢી દ્વીપમાં જ સમય વર્ષ પલ્યોપમ સાગરોપમ આદિ કાળ છે પણ બહાર નથી તો પણ અઢી દ્વીપની અપેક્ષાએ દેવ નારકનાં ૩૩ સાગરોપમ આદિક ગણીએ છીએ તેવી રીતે સિદ્ધને સંસારીની અપેક્ષાએ પરમોન્નતિવાળા ગણી શકીએ, પરન્તુ સિદ્ધ લોકમાં ઉન્નતિ અવનતિ ભાવ હોય જ નહિ.

તથા વ્યાધિ એટલે શરીરની પીડા, જેનાથી સંસારી જીવો અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે તે પણ મોક્ષમાં નથી, કારણ કે સિદ્ધ પરમાત્માને શરીર જ નથી તો શરીરની પીડા ક્યાંથી હોય?

તથા સિદ્ધ લોકમાં ધન ધાન્યાદિ સંપત્તિ નથી, ભય

મોહનીયનો ક્ષય કરેલ હોવાથી ભય નથી, શરીરના અભાવે વધ નથી. સિદ્ધપદથી બીજું કોઈ ઉત્તમ પદ નથી કે જે પદ મેળવવા માટે સિદ્ધને તેનું ધ્યાન કરવાનું હોય, માટે સિદ્ધને ધ્યાન પણ નથી, કારણ કે ચૌદમા ગુણ સ્થાને પરમ શુક્લ ધ્યાન હતું તેને પૂરૂં કરીને સિદ્ધિપદ પામ્યા છે. તથા અજ્ઞાનના અભાવે અધ્યેષણા એટલે ભણવાની ઇચ્છા એટલે કંઈક નવું તત્ત્વ જાણવાની જિજ્ઞાસા પણ સિદ્ધ પરમાત્માને નથી. સ્વામી સેવકભાવ નથી, કારણ કે તે સર્વે સિદ્ધો સરખી જ્ઞાનાદિ ઋદ્ધિવાળા છે. તથા મોહનીય કર્મનો ક્ષય થયેલ હોવાથી સિદ્ધ પરમાત્માને વિલાસ નથી હાસ્ય નથી કે વાર્તાવિનોદ પણ નથી. આ પીડા આદિ સર્વે સંસારના વિકાર ભાવો (બનાવો) છે તે સંસારથી અલગ થયેલા સિદ્ધ પરમાત્મામાં હોય જ નહિં, એટલું જ નહિં પરન્તુ ત્યાં વર્ણ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી, સ્રી નથી, ખાવું નથી, પીવું નથી, બાગ બગીચા વિગેરે નથી, નાટક સિનેમા વિગેરે મોજ શોખનાં સાધનો પણ નથી.

શંકા—જો ખાવું પીવું વિગેરે સુખનાં સાધન નથી તો સિદ્ધ પરમાત્માને અનંત સુખ કહ્યું છે તે કઇ અપેક્ષાએ સમજવું ?

ઉત્તર—સિદ્ધ પરમાત્માને આત્માનું જે સ્વાભાવિક સુખ છે તે જ અનંત સુખ છે. અને સંસારમાં ખાવા પીવા વિગેરેનું જે સુખ મનાય છે, તે પૌદ્ગલિક વિકાર-વાળું વિભાવિક અને ક્ષણિક છે, તેથી તત્ત્વથી તે દુઃખરૂપ

જ છે. જેમ શરીરમાં ખુજલીનો રોગ થતાં નખથી ખણીએ અથવા ગરમ પાણીની ધાર કરીએ તો આનંદ ઘણો જ આવે છે, પરન્તુ એ આનંદની મૂળ ભૂમિ અને પરિણામ બન્ને દુઃખ રૂપ જ છે, કારણ કે મૂળ ભૂમિ ખુજલીનો રોગ છે તે દુઃખ છે, ને ખરજથી પરિણામે ઘણી પીડા ઉપજે છે તે પણ દુઃખ છે, તેથી ખરજ ખણવાથી મળતો આનંદ એ તાત્ત્વિક આનંદ નથી. તાત્ત્વિક આનંદ તો શરીરમાં ખુજલી વિગેરે રોગનો સમૂળગો અભાવ થાય ત્યારે જ કહેવાય. તેમ સિદ્ધ પરમાત્માનું સ્વાભાવિક સ્વગુણ રમણતા રૂપ આત્મસુખ તે જ ખરૂં સુખ છે. શરીર બનાવવું અને તે શરીરથી વિષયવિલાસો કરી આનંદ પામવો એ ખરો આનંદ નથી, તે તો ભયંકર રોગના કારણ હોવાથી દુઃખ રૂપ જ છે. ખાવાથી જે આનંદ આવે છે તે ભૂખને દૂર કરવા માટે ક્ષણિક ઈલાજ કરવા રૂપ છે. પાણી પીવાથી આનંદ પામવો તે તૃષાના દુઃખને ટાળવાનો ઉપાય છે. વિષય વિલાસો કરવા તે પુરૂષ વેદાદિક કર્મના ઉદયનું ફલ છે. જેમ લીંબડો પીતાં મીઠો લાગે તે સાપના ઝેરને લીધે છે તેમ સર્વ સંસારિક સુખો ભવિષ્યના દુઃખોથી ભરેલા છે. એટલે પરિણામે વધારે દુઃખને ઉપજાવનારા છે, માટે એ સુખો તે ખરા સુખ રૂપ નથી, પરન્તુ સંસારના મોહી જીવોને દુઃખમાં સુખનો ભ્રમ ( અયથાર્થ જ્ઞાન-વિપરીત જ્ઞાન-ઉલટું જ્ઞાન ) થાય છે. ખરૂં સુખ તો જે આત્માની જ્ઞાન દર્શનાદિ પોતાના ગુણમાં રમણતા થાય છે તે જ છે. એક જ રાજાના ઈતિહાસનો એક જ અપૂર્ણ નકલી નાટક જોતાં જો સંસારી

જીવને ઘણો આનંદ આવે છે, તો જે સિદ્ધ પરમાત્મા ત્રણે જગતના સર્વ સંસારી જીવોનાં સંપૂર્ણ અને કુદરતી નાટક દરેક સમય જોઇ રહ્યા છે તેમજ સર્વ પદાર્થોનાં દરેક સમયનાં અનન્તા પરિવર્તનો (ગુણ પર્યાયના ફેરફાર) દરેક સમય પ્રત્યક્ષ જોઇ રહ્યા છે એવા સિદ્ધ પરમાત્મા કેટલો અનંત જ્ઞાનાનંદનો અથવા પરમ આનંદનો અનુભવ કરતા હશે તે આપણા જેવા છદ્મસ્થના ખ્યાલમાં પણ આવી શકવું મુશ્કેલ છે. જેમ વનમાં રહેતો અજ્ઞાન ભીલ નગરના સુખનો આનંદ કેટલો હશે તે શી રીતે જાણે ? તેમ વિષય કષાય રૂપી વિષ્ટાના કીડા જેવા સંસારી જીવો સિદ્ધ પરમાત્માના સુખનો ખ્યાલ કઇ રીતે કરી શકે? જેમને બાજરીનો રોટલો મળવો પણ દુર્લભ એવા ભીખારીઓ ઘેબરનો સ્વાદ શું જાણે ? આ પ્રસંગને અનુસરતી વધારે હકીકત સ્પષ્ટાર્થ સહિત શ્રી સિદ્ધચક્ર પૂજામાં જણાવી છે. આ બીનાને લક્ષ્યમાં રાખીને હે બુદ્ધિમાન પંડિતો ! પુણ્ય અને પાપરહિત સ્વાભાવિક આત્મસુખવાળા શ્રી સિદ્ધ પરમાત્માથી કોઈ ઉત્તમ પદ નથી, તેથી તે પરમાત્માનું જ ધ્યાન કરવું મહા કલ્યાણકારી છે, અને પરમાત્મ પદના ધ્યાનથી જ ક્રમે ક્રમે આત્મગુણોની ઉત્તરોત્તર અધિકાધિક વૃદ્ધિ થતાં સંપૂર્ણ આત્મ ગુણો પ્રગટ થાય છે. ત્યાર બાદ તે ધ્યાની જીવ પોતે પણ પરમાત્મ પદને જરૂર પ્રાપ્ત કરે છે. આ શ્લોકનું રહસ્ય એ છે કે પરમાત્મ સ્વરૂપની વિચારણા કરીને ભવ્ય જીવોએ પરમાત્માના પગલે ચાલીને એટલે જે રસ્તે પ્રભુ દેવ પરમાત્મપણાને પામ્યા તે રસ્તે ચાલીને પરમાત્મ સ્વરૂપ થવું. એ જ માનવ જન્મ પામ્યાનું ખરૂં ફલ છે. ૧૩

અવતરણ--હવે કવિ આ શ્લોકમાં જ્યાં સુધી ભાગ્ય અનુકૂળ હોય ત્યાં સુધી સારી વસ્તુઓ સારી લાગે છે અને દૈવ પ્રતિકૂળ હોય તો સારી વસ્તુ પણ ખરાબ લાગે છે તે જણાવે છે—

८ ९ १० ११ १२ १३
तावद्भानुकराः प्रकाशनपरा यक्षेश्वरोऽप्यर्थवान् ।
१४ १५ १६ १८ १७ १९
संपूर्णेन्दुमुखी प्रिया प्रियमही, माधुर्यहृद्या च वाक् ॥
२० २१ २२ २४ २३
सद्धर्मोद्यमता सुकर्मपरता मित्रं सहायः शुभो ।
१ ३ ४ ७ २ ६ ५
यावच्छक्तियुतं परं स्फुरति यद्दैवानुकूल्यं शुभम् ॥६४॥

तावत्=ત્યાં સુધી
भानुकराः=સૂર્યનાં કિરણો
प्रकाशनपराः=પ્રકાશ આપવામાં તત્પર છે
यक्षेश्वरः=કુબેર
अपि=પણ
अर्थवान्=ધનવાન
संपूर्णेन्दुमुखा=સંપૂર્ણ ચંદ્રના જેવા મુખ વાળી
प्रिया=વ્હાલી (લાગે)
प्रियमही=વ્હાલી પૃથ્વી
माधुर्य=મધુરતા વડે
हृद्या=મનોહર, સુંદર
वाक्=વાણી, વચન
सध्धर्मोद्यमता=શુભ ધર્મને સાધવામાં ઉદ્યમ, ધર્મમાં યત્ન
सुकर्मपरता=સત્કાર્યો કરવામાં તત્પરતા
मित्रं=મિત્ર
सहायः=સહાયક, મદદગાર
शुभः=સારો
यावत्=જ્યાં સુધી
शक्तियुतं=શક્તિવાળું
परं=અત્યંત
स्फुरति=સ્ફુરે છે
यद्=જે
दैवानुकूल्यं=ભાગ્ય અનુકૂળપણું
शुभं=સારૂં, શ્રેષ્ઠ.

ભાગ્ય અનુકૂલ જ્યાં સુધી કાર્યો બને છે ત્યાં સુધી,
સૂર્ય કિરણો દે પ્રકાશ કુબેર ધનપતિ ત્યાં સુધી;
શશિ મુખી ઘરનાર પણ સારી જ લાગે ત્યાં સુધી,
પૃથ્વી ગમે પર વેણુ સારા લાગતા પણ ત્યાં સુધી. ૨૪૦

સદ્ધર્મમાં સત્કર્મમાં ઉદ્યમ કરાએ ત્યાં સુધી;
મિત્ર કરનારા મદદ શુભ મેળવાએ ત્યાં સુધી;
ભાગ્ય હોવે પાંસરૂં તો સર્વ હોવે પાંસરૂં,
ભાગ્ય પલટાતાજ સીધું કાર્ય હોવે આકરૂં ૨૪૧

અક્ષરાર્થ—જ્યાં સુધી શક્તિશાળી ભાગ્યની અનુકૂળતા સારી રીતે (પુણ્યોદયવાળી) અત્યન્ત ચળકતી હોય છે ત્યાં સુધી જ સૂર્યનાં કિરણો (જગતના પદાર્થોની ઉપર) પ્રકાશ કરનારાં હોય છે, અને ત્યાં સુધી કૂબેર પણ ધનવાન ગણાય છે, ત્યાં સુધી જ પૂર્ણચંદ્રના જેવા મુખવાળી સ્ત્રી વ્હાલી લાગે છે, ત્યાં સુધી જ પૃથ્વી વહાલી લાગે છે, તથા ત્યાં સુધી જ વાણી મધુરતાવાળી મનોહર લાગે છે, ત્યાં સુધી જ શુભ ધર્મની સાધના કરવામાં સારો ઉદ્યમ થઈ શકે છે, [અથવા સુંદર ધર્મમાં ઉદ્યમ થાય છે], ત્યાં સુધી જ સત્કાર્યો કરવામાં સાવધાનપણું રહે છે, અને ત્યાં સુધી જ સારા મિત્ર અને સારા મદદમાર મલી શકે છે [અને દૈવ પ્રતિકૂળ હોય તો એ બધું અપ્રિય (અળખામણું) લાગે છે.] ૬૪

સ્પષ્ટાર્થ—જે પુરૂષે પૂર્વ ભવમાં દેવ ગુરૂ ધર્મની

આરાધનાથી કે વિરાધનાથી પુણ્ય પાપ ઉપાર્જન કર્યું છે તે પુણ્યનો કે પાપનો ઉદય તે જ અનુક્રમે અનુકૂળ અને પ્રતિકૂળ ભાગ્ય કહેવાય છે. પરન્તુ દૈવ શબ્દથી કોઇ સમર્થ દેવ લેવાનો નથી. સિદ્ધ પરમાત્મ સ્વરૂપવાળા ઇશ્વર લેવાના નથી, કારણ કે જે સમર્થ દેવ છે તેનું સામર્થ્ય પણ તેની પૂર્વ ભવની પુણ્યાઇથી છે, પરન્તુ પોતાનું સ્વતંત્ર સામર્થ્ય નથી. ઇશ્વર પરમાત્મા જે શુદ્ધ સ્વરૂપી છે તે જો કે સ્વતંત્ર અનંત સામર્થ્યવાળા છે, તો પણ તે રાગ દ્વેષ રહિત નિરંજન નિરાકાર અશરીરી હોવાથી જગતના જીવોનું ભલું કે ભુંડું કરવાની ઇચ્છાવાળા હોય જ નહિ, તેથી જીવોનાં પોતાનાં કરેલા જે પુણ્ય કર્મ કે પાપ કર્મ તેજ દૈવ શબ્દનો અર્થ; એટલે કર્મ એ જ દૈવ છે, અને એ કર્મને જ કોઇ દૈવ કહે છે તો કોઇ પ્રારબ્ધ કહે છે તો કોઇ ઇશ્વર કહે છે એમ જૂદા જૂદા નામથી ઓળખે છે. માટે દૈવ અનુકૂળ હોય એટલે પૂર્વ ભવની પુણ્યાઇ જ્યાં સુધી પહોંચતી હોય ત્યાં સુધી જ તે જીવને સૂર્યનાં કીરણો પ્રકાશ કરનારાં લાગે છે. પરન્તુ જ્યારે અચાનક પૂર્વ ભવનાં પાપ કર્મનો ઉદય થાય અથવા તો ચાલુ પુણ્યાઇ પૂરી થઇ જાય ત્યારે એ જ સૂર્યનાં કીરણો એને ઘુવડ વિગેરેના ભવમાં પ્રકાશ કરનારાં થતાં નથી, કારણ કે પુણ્ય કર્મ ખવાઇ જતાં પાપ કર્મનો ઉદય થાય ત્યારે ઘુવડ પણે ઉપજે, કાંતો આંખે આંધળો થાય, કાણો થાય, અથવા આંખો વિનાનો તેઇન્દ્રિય બેઇન્દ્રિય કે એકેન્દ્રિય જીવ થાય. તે વખતે એને સૂર્યના કિરણોનો પ્રકાશ શું કામનો? જેમ અંધા આગળ આરસી નકામી છે, બ્હેરા

આગળ ગીત નકામું છે, તેમ અંધની આગળ સૂર્યનો પ્રકાશ પણ નકામો છે. માટે જ કવિએ આ શ્લોકમાં કહ્યું છે કે જ્યાં સુધી દૈવ અનુકૂળ હોય ત્યાં સુધી જ તે જીવને સૂર્યનાં કીરણો પ્રકાશ કરી શકે છે.

એ પ્રમાણે કુબેર કે જે લોકમાં ઇન્દ્રિનો ખજાનચી મહા ઋદ્ધિવાળો ને ધનવાળો ગણાય છે, અને જૈન શાસ્ત્રમાં તે ઇન્દ્રના ચોથા લોકપાલ દેવ તરીકે પણ પ્રસિદ્ધ છે. તે ઘણી ઋદ્ધિવાળો છે. પરન્તુ એ દેવ કંઇ પોતાની ઋદ્ધિ બીજાને એકદમ દઇ દેતો નથી, પરન્તુ જો એ કોઇ જીવની પુણ્યાઇથી તુષ્ટમાન થાય અથવા ઇન્દ્ર આજ્ઞા કરે તો જગતમાં કૃપણો વિગેરેનું ઘણું ધન લાવી લાવીને તે પુણ્યવંત જીવના ઘરમાં ભરી દે છે. શ્રી તીર્થંકર ભગવંતના સંવત્સરી દાન વખતે પણ એ જ કૂબેર દેવ સર્વ પ્રકારનાં ધન લાવી લાવીને પૂરે છે પરન્તુ એ રીતે કૂબેર દેવ પણ જીવને ધન પૂરે છે, તે જ્યાં સુધી એ શ્રી તીર્થંકર વિગેરે ભવ્ય જીવોની પૂર્વ ભવની પુણ્યાઇ રૂપ દૈવ અનુકૂળ હોય ત્યાં સુધી જ ધન પૂરૂં કરે છે, અને પુણ્યાઇ ખવાઇ ગયા પછી તો સગો દીકરો પણ બાપને રોટલો ખવરાવતો નથી, તો સાવ પારકો કૂબેર દેવ એને ધન કયાંથી પૂરે? તેથી એ પુણ્યવંત જીવને માટે કૂબેર દેવ પણ ત્યાં સુધી જ ધનવાન ગણાય છે કે જ્યાં સુધી એ જીવનું પુણ્ય પહોંચે છે એમ કવિએ કહ્યું છે તે વ્યાજબી જ છે. અથવા કુબેરની પાસે પણ મહા ઋદ્ધિ જ્યાં સુધી

એની પુણ્યાઇ બળવાન હોય, ત્યાં સુધી જ રહે છે. તે પૂરી થયા પછી તે સ્થિતિ જરૂર પલ્ટાય છે.

તથા જ્યાં સુધી પૂર્વ ભવની પુણ્યાઈ પહોંચે ત્યાં સુધી શરીર નિરોગી અને સશક્ત રહે અને તેથી યુવાવસ્થામાં સ્ત્રી વ્હાલી લાગે, પરન્તુ પુણ્યાઇ તેવી ન હોય અથવા ખાલી થઇ ગઈ હોય તો યુવાન અવસ્થા હોવા છતાં પણ શરીરમાં અનેક વ્યાધિઓ ઉત્પન્ન થાય, જેથી તે વખતે સ્ત્રી ગમે તેવી સુંદર સ્વરૂપવાળી હોય તો પણ વ્હાલી ન જ લાગે, એટલું જ નહિં પરંતુ સ્ત્રીને દેખી દેખીને જીવ બળ્યા કરે. માટે દૈવ અનુકૂળ હોય ત્યાં સુધી જ સ્ત્રી વ્હાલી લાગે છે.

તથા પુણ્યાઇ પહોંચે ત્યાં સુધી જ પૃથ્વી એટલે ખેતર ઘર, હાટ, બાગ બગીચા વગેરે વહાલા લાગે છે, કંઠ સારો હોય તેથી બીજા શ્રોતાઓને વાણી મીઠી લાગે, ત્યાં સુધી જ ધર્મ સાધનમાં સારો ઉદ્યમ થઇ શકે છે અને ત્યાં સુધી જ પુણ્યકર્મો કરવાનો ઉત્સાહ જાગે છે, પરન્તુ પુણ્યાઈ ખવાઇ જતાં પૃથ્વી અપ્રિય થઈ પડે છે. રોગ વિગેરે કારણથી કંઠ બગડતાં બીજાને અપ્રિય લાગે એવો અવાજ થઇ જાય ધર્મ સાધનમાં જોઇતી સામગ્રીઓ ન મળે, તેમજ સામગ્રીઓ મળે તો આળસ આવે, પ્રમાદ વધે, મિત્ર પણ શત્રુ જેવો થઇ જાય, દુઃખમાં કોઈ ભાગ ન લે, મદદ ન કરે એ બધું પ્રતિકૂળ દૈવને લઇને જ બને છે, આ બીના જણાવીને ગ્રંથકાર કવિરાજ જે ભવ્ય જીવો, (૧) દયા ધર્મને પાલે છે.

(૨) મનમાં સંસારથી વૈરાગ્ય ભાવ ધારણ કરે છે. (૩) વિધિ પૂર્વક પ્રભુદેવની પરમ ઉલ્લાસથી સાત્ત્વિકી પૂજા કરે છે. (૪) ન્યાય માર્ગે ચાલીને સંતોષમય જીવન ગુજારે છે. (૫) કર્મ બંધના કારણોથી બચવાને માટે દિન પ્રતિ સાવચેત થઈને કર્મની નિર્જરા કરાવનારા સાધનોને સેવે છે, તે જીવો પુણ્યાનુબંધી પુણ્યને જરૂર ઉપાર્જન કરે છે. આ બાબતમાં મંત્રી વસ્તુપાલની બીના જાણવા જેવી છે. તે ટૂંકામાં આ પ્રમાણે જાણવી—એક વખત મંત્રી વસ્તુપાલ છ રી પાલતાં શ્રી સિદ્ધગિરિનો વિશાલ સંઘ કાઢે છે. રસ્તામાં મંત્રીને કોઈ માણસ ખબર આપે છે કે આવતી કાલના મુકામે ચોરનો ભય છે. આથી રાત્રિના સમયે લક્ષ્મીને જમીનમાં દાટવા માટે બંને (વસ્તુપાલ-તેજપાલ) બંધુઓ એક ખેતરમાં જઈને ખાડો ખોદાવરાવે છે, ત્યાં બીજો લક્ષ્મીનો ભરેલો ચરૂ નીકળે છે. કહેવત છે કે ભાગ્યશાલી જીવોને પગલે પગલે નિધાન હોય છે. હવે શું કરવું ? એમ બંને ભાઈઓ વિચારતાં મહા બુદ્ધિશાલી અનુપમાદેવીની સલાહ પ્રમાણે તેમણે આબુગિરિ વિગેરે તીર્થસ્થલમાં તે લક્ષ્મી વાપરીને વિશાલ-ભવ્ય શ્રી જિનમંદિરો બંધાવ્યાં. વિશેષ બીના ભાવના કલ્પલતામાંથી જાણવી. મહુવા રહીશ જગડુશાહે એકેક કરોડની કીંમતના ત્રણ રત્નો અનુક્રમે સિદ્ધાચલ ગિરનાર પ્રભાસ પાટણ તીર્થમાં વાપરીને પોતે તીર્થમાલ પ્હેરવાનો અપૂર્વ લ્હાવો લીધો. એ પ્રમાણે તેણે પોતાની માતાને અને સ્ત્રીને પણ તીર્થમાલ પ્હેરવાનો અપૂર્વ પ્રસંગ પ્રાપ્ત કરાવ્યો. પુણ્યાનુબંધી

પુણ્યના આ બનાવો સમજવા. પાપાનુબંધી પુણ્યવાળા જીવો આ પ્રમાણે કરી શકતા નથી. તેમાં મમ્મણ શેઠ સંકલ શેઠ વિગેરેની બીના જાણવી. સંકલ શેઠનું દૃષ્ટાંત શ્રીદેશના ચિંતામણીના પ્હેલા ભાગમાં જણાવ્યું છે. પ્રબલ પુણ્યાઇ વાળા જીવો સાતે ક્ષેત્રોને કઇ રીતે પોષે છે આ ખુલાસો દાખલ દલીલ સહિત શ્રી ભાવના કલ્પલતામાં કર્યો છે. જ્યાં સુધી પુણ્યાઇ જાગતી હોય, ત્યાં સુધી શરીરે આરોગ્ય, વિજય, સદ્બુદ્ધિ વિગેરે ગુણોને લઈને લોકપ્રિયતા પણ વધારે પ્રમાણમાં હોય છે અને પુણ્યાઈ ખાલી થઈ જાય, ત્યારે અનુકૂલ સંયોગો ખસવા માંડે છે, અને પ્રતિકૂલ સંયોગો વધતા જાય છે. આ બીનાને લક્ષ્યમાં રાખીને (૧) ભવ્ય જીવોએ શ્રી જિન શાસનની પૂર્ણ ઉલ્લાસથી આરાધના કરી પુણ્યાઈ મેળવવી. અને (૨) મેળવેલી પુણ્યાઇ ટકાવવી, (૩) સુખના સમયમાં સાવચેત થઇને ધર્મારાધન વધારે પ્રમાણમાં કરવું (૪) દુઃખના સમયમાં ધૈર્ય રાખીને મનથી અને કાયાથી વિશેષ ધર્મારાધન કરીને પુણ્યનું જોર વધારવું, અને પાપનું જોર ઘટાડવું. કારણ કે સુખના સમયમાં પુણ્યાઇ ખાલી થતી જાય છે. અને દુઃખના સમયમાં પાપનો કચરો ખાલી થાય છે. માટે તેવા પ્રસંગે જરા પણ હિંમત હારવી નહિ. એ આ શ્લોકનું ખરૂં રહસ્ય છે. ૬૪

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં ક્રોધનો ત્યાગ કરવા સંબંધી ઉપદેશ આપે છે—

૬ ૪ ૫ ૭ ૩ ૧ ૨
**पापमतिं यः क्रोधः, कारयते संगतः सदा हृदये।**
૯ ૧૦ ૧૧ ૮ ૧૨ ૧૩
**मंत्ररहस्योद्गारी, मंत्रीव स दूरतस्त्याज्यः ॥६५॥**

**पापमतिं**=પાપની બુદ્ધિને
**यः**=જે
**क्रोधः**=ક્રોધ
**कारयते**=કરાવે છે
**संगतः**=રહેલો
**सदा**=હંમેશાં
**हृदये**=હૃદયમાં, મનમાં
**मंत्ररहस्य**=છૂપી મંત્રણાને (વાતને)
**उद्गारी**=કહેનાર, બીજાની આગળ પ્રગટ કરનાર
**मंत्रीव**=મંત્રીની માફક
**स**=તે ક્રોધ
**दूरतः**=દૂરથી
**त्याज्यः**=ત્યાગ કરવા યોગ્ય છે; તજવા યોગ્ય છે; તજવો

**જેહ મંત્રી ભૂપ કેરી ગુપ્ત વાત પ્રકટ કરે,**
**ભૂપ તેને જેમ છંડે ક્રોધ પણ તેવું કરે;**
**પાપને અનુકૂલ બુદ્ધિ ક્રોધ આ પ્રકટાવતો,**
**દૂરથી તે યોગ્ય તજવા જેહ દુર્ગતિ આપતો. ૨૪૨**

**અક્ષરાર્થ**:—હૃદયમાં રહેલો જે ક્રોધ હંમેશાં પાપ બુદ્ધિ કરાવે ( પ્રકટાવે ) છે તેથી રાજ્યની છૂપી મંત્રણા (બીના-વાત ) ના મર્મ શત્રુ રાજાને કહી દેનાર ફુટેલા મંત્રીનો જેમ રાજા ત્યાગ કરે, તેવી રીતે તે ક્રોધનો દૂરથી જ ત્યાગ કરવો. ( એટલે અત્યંત ત્યાગ કરવો ) ૬૫

**સ્પષ્ટાર્થ**—પુરૂષના હૃદયમાં જ્યારે ક્રોધ ઉત્પન્ન થાય છે ત્યારે આત્માના ક્ષમા ગુણનો નાશ થાય છે, એટલું જ

નહિં પરન્તુ વિવેક બુદ્ધિનો પણ નાશ થાય છે. આ ક્રોધ ન કહેવાનાં વચન તેની પાસે બોલાવે છે અને ન કરવાનાં કાર્ય તેની પાસે કરાવે છે. ક્રોધી શિષ્ય ગુરૂને કે દેવને પણ ગણુતો નથી. ક્રોધી સેવક પોતાના માલિકને પણ ગણુતો નથી ને ગુરૂની આગળ તથા માલીકની આગળ અપશબ્દો બોલે છે, તેનો નાશ ઇચ્છે છે, અને બનતા પ્રયત્ને જેટલું નુકશાન થઇ શકે તેટલું નુકશાન કરે છે. પર પુરૂષની સાથે સ્નેહવાળી સ્ત્રીઓ પતિના ઠપકાથી ક્રોધી બનીને પતિને પણ મારી નાખે છે. ક્રોધી બનેલો પ્રધાન શત્રુ રાજ્યમાં જઇ શત્રુ રાજાની સાથે મળી પોતાના રાજાને મારી નંખાવે છે. ખરેખર એવું કયું અકાર્ય છે કે જે અકાર્ય ક્રોધી જીવ ન કરતો હોય? ક્રોધી જીવને અંધની ઉપમા શાસ્ત્રકારો આપે છે. જેમ અંધ પુરૂષ કંઇ દેખતો નથી તેમ ક્રોધી જીવ સગાં સંબંધી વિગેરે કોઈને દેખતો નથી, અને તેનું વૈર વાળવા આકાશ પાતાળ એક કરે છે. મદિરાથી ઉન્મત્ત બનેલા જાદવ પુત્રો વડે પરાભવ પામવાથી દ્વૈપાયન મુનિ કે જે મોટો તપસ્વી હતો તેણે અતિશય ક્રોધમાં આવતાં જાદવના પુત્રોને શિક્ષા કરવા જેવા ગુન્હાને સ્થાને આખી દ્વારિકા નગરી બાળી દેવાનું ક્રૂર નિદાન (નિયાણું) કર્યું, તેથી મરીને અગ્નિકુમાર દેવ થઇ પોતાની તપશ્ચર્યાના નિદાનથી (નિયાણાથી) આખી દ્વારિકા નગરી બાળી મૂકી, એટલું જ નહિ પરન્તુ જે નિરપરાધી પ્રજાજનો નગર બહાર નિકળવા લાગ્યા તે પ્રજાજનોને પણ પાછા નગરીમાં લાવી લાવીને બાળી મૂકયા. આ તે ક્રોધની કંઇ હદ!

આવા ક્રોધમાં વિવેક દયા વિગેરે ગુણો ક્યાંથી હોય? જગતમાં અનેક મનુષ્યનાં ખૂન થાય છે તેમાં ઘણું કરીને ક્રોધ પણ કારણ હોય છે. એક રાજ્ય બીજા રાજ્ય સામે લઢીને લાખો મનુષ્યોનો સંહાર કરી નાખે છે, તેમાં પણ ઘણું કરીને ક્રોધ કારણ હોય છે. એ પ્રમાણે ક્રોધી માણસમાં મોટી મોટી હિંસાઓ પ્રવર્તે છે, ક્રોધથી જૂઠું બોલે છે. ક્રોધથી જ સર્વ પ્રકારના કલેશો ઉત્પન્ન થાય છે, ક્રોધથી ચાડી ખાવાનો દુર્ગુણ પેદા થાય છે, ક્રોધથી નિંદાની ઉત્પત્તિ થાય છે, એમ ક્રોધથી અનેક દુર્ગુણોવાળો જીવ બને છે. માટે આ શ્લોકમાં કવિ કહે છે કે એ ક્રોધને હૃદયમાંથી દૂર કરવો એ જ કલ્યાણકારી છે. તે પણ કેવી રીતે દૂર કરવો તે સંબંધમાં કવિ દાખલો દઇ સમજાવે છે કે જેમ ફુટીને શત્રુ રાજ્ય સાથે મળી ગયેલા પ્રધાનને રાજાએ રાજ્યના સુરક્ષણ માટે રાજ્યથી ઘણે દૂર કાઢી મૂકવો જોઇએ અથવા રાજાએ પોતાના તાબામાં રાખવો જોઇએ અને તેનું કહ્યું ન માનવું જોઇએ. તેવી રીતે ભવ્ય જીવોએ અનેક પાપ બુદ્ધિઓને ઉત્પન્ન કરાવનાર અને અનેક દુરાચાર કરાવનાર એવા ક્રોધને પણ હૃદયમાંથી જલ્દી કાઢી મૂકવો જોઇએ, અથવા ક્રોધના કારણોને દબાવીને ક્ષમા ગુણ ધારણ કરવો જોઇએ. ક્રોધની ઉત્પત્તિ થવાનાં કારણો ઘણાં છે. તેમાંનું એક કારણ એ છે કે, જ્યારે પોતાને અરૂચતું કાર્ય બીજો માણસ કરે, અથવા પોતાને પ્રતિકૂલ (અણગમતા) પ્રસંગ ઉપસ્થિત થાય, ત્યારે ક્રોધ ઉત્પન્ન થાય છે. આ અવસરે સમજુ ભવ્ય જીવો ધોબીની સામે

ધોબી થતા નથી. એટલે સામો માણુસ ક્રોધ કરવા માંડે એટલે પોતે કરવા મંડી જતા નથી. પણ સામો માણુસ મારી ઉપર ક્રોધ શાથી કરે છે? તે કારણ તપાસે છે. તપાસમાં એમ જણાય કે મારી ભૂલ જોઇને તે ક્રોધ કરે છે, તો તત્કાળ પોતે પોતાની ભૂલ સુધારે છે. અને પોતાની ભૂલ ન હોય છતાં સામો ક્રોધ કરતો હોય તો એમ વિચારે કે એ જીવ કર્મને વશ છે, અવસરે હું એને યોગ્ય જણાશે તો શાંતિથી અને પ્રેમ ભરેલા વચનથી સમજાવીશ. કારણ કે અત્યારે તેનો અવસર નથી. મારે ક્રોધ કરીને શા માટે ચીકણાં કર્મ બાંધવા જોઇએ. આ ભાવનાથી ક્રોધને દબાવી શકાય છે. સારા નિમિત્તોની સેવના કરવાથી પણ ક્રોધને જીતી શકાય છે. તે પ્રમાણે નહિ વર્ત્તનારા જીવો ક્રોધ વશ રાખીને તપસ્વી સાધુની જેમ ઉત્તમ સામગ્રીનો લાભ લઇ શકતા નથી આ બાબતમાં ચંડકૌશિક સર્પનું દૃષ્ટાંત શ્રી કલ્પસૂત્રની ટીકા વિગેરેમાં જણાવ્યું છે. તેમાં કહ્યું છે કે સાધુ છતાં ક્રોધને લઇને સર્પનો ભવ પામે છે. માટે આત્મ કલ્યાણ કરવાની ચાહનાવાળા ભવ્ય જીવોએ ક્ષમા ગુણ રૂપ તરવારથી ક્રોધ શત્રુનો નાશ કરી મોક્ષ માર્ગને આરાધી માનવ જન્મ સફલ કરવો એ આ શ્લોકનું રહસ્ય છે. ૬૫

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં પ્રમાદ અને કંજૂસપણાથી જે જીવો ધર્મ અને સંસારિક ઉપભોગ પણ મેળવી શકયા નથી એવા તે પ્રમાદી અને કંજૂસ જીવો મોક્ષ જેવા પરમ અર્થને પણ શી રીતે મેળવી શકશે? તે વાત જણાવે છે--

૭ ૬ ૮ ૫ ૨ ૩ ૪
**धर्मोऽयं निहतः प्रमादवशतः प्राप्तेऽपि मानुष्यके ।**
૧૧ ૧૪ ૧૦ ૯ ૧ ૧૨ ૧૩
**कार्पण्येन विडंबितौ सति धने, यैरर्थकामावपि ॥**
૧૫ ૧૬ ૨૧ ૧૭૨૨ ૨૩
**अत्यंतं चलचित्तनिग्रहपरैरप्याप्यते तैर्न वा ।**
૨૦ ૧૯ ૧૮ ૨૫ ૨૬ ૨૪
**मोक्षः शाश्वतिकः प्रसादसदनं, तेषां दवीयान् पुनः ॥**

॥ ६६ ॥

**धर्मः**=ધર્મ
**अयं**=આ
**निहतः**=હણ્યો, નાશ કર્યો
**प्रमादवशतः**=પ્રમાદને લઇને, આળસથી
**प्राप्तेऽपि**=પામ્યા છતાં પણ
**मानुष्यके**=મનુષ્યપણું
**कार्पण्येन**=કંજૂસાઈથી
**विडंबितौ**=નષ્ટ કર્યા, મેળવ્યા નહિં
**यैः**=જેઓએ
**अर्थकामौ**=ધન અને કામ
**अपि**=પણ
**अत्यंतं**=અતિશય
**चलचित्त**=ચપળ મનને
**निग्रहपरैः**=વશ કરવામાં તત્પર, કાબૂમાં રાખવાને સાવધાન
**आप्यते**=પમાય, મેળવાય
**तैः**=તેઓ વડે
**न वा**=અથવા ન
**मोक्षः**=મોક્ષ
**शाश्वतिकः**=શાશ્વત, નાશ ન પામે તેવો
**प्रसादसदनं**=સ્થિર આનંદનું ઘર
**तेषां**=તેવા પુરૂષોને (પ્રમાદી અને કૃપણોને)
**दवीयान्**=ઘણોજ દૂર છે
**पुनः**=વળી

**મેળવ્યો નરભવ છતાં પણ બહુ પ્રમાદે ધર્મનો,**
**જેઓ કરે છે નાશ ધન છે તે છતાં અર્થાદિનો;**

ઉપભોગ ન કરે ને ચહે છે ચિત્તને વશ રાખીને,
મોક્ષના સુખ પામવાને તિમ બને કે ના બને. ૨૪૩

તેહમાં સંદેહ છે કારણ સુધર્મ ન જેમણે,
સાધ્યો ન તેઓ મોક્ષ સાધે થીર કરવું ચિત્તને;
તેમને છે શકય ના તિણ તેમનાથી મોક્ષ એ,
દૂર રહ્યો ઇમ જાણીને જિનધર્મને આરાધીએ. ૨૪૪

અક્ષરાર્થ—જે પુરૂષોએ મનુષ્યપણું મેળવ્યા છતાં પણ પ્રમાદના વશથી (પ્રમાદને લઈને, પ્રમાદી બનીને) ધર્મનો નાશ કર્યો છે અને કંજૂસાઈને લઈને જે પુરૂષો ધન છતાં પણ અર્થ અને કામ જેવી સાધારણ વસ્તુઓ મેળવી શકયા નથી. ચપળ ચિત્તને દમન કરવાને અતિશય સાવધાન થયાં છતાં પણ તેઓ (પ્રમાદી અને કંજૂસ જીવો) શાશ્વત એવો મોક્ષ મેળવી શકશે કે નહિ, તે સંદેહ છે, અથવા ન મેળવી શકે એટલે તેવા જીવોથી સ્થિર નિજ ગુણ રમણતા રૂપ આનંદના ઘર જેવો મોક્ષ ઘણો દૂરે રહ્યો છે. (એમ સમજવું) ૬૬

સ્પષ્ટાર્થ—જે મનુષ્યોએ મનુષ્યપણું મેળવ્યું એટલું જ નહિં પરન્તુ મહા પુણ્યના યોગે કર્મ ભૂમિમાં આર્યક્ષેત્રમાં ઉત્તમ કુળમાં અને ઉત્તમ જાતિમાં મનુષ્યપણું મેળવ્યું. તેમજ પાંચે ઇન્દ્રિયોની પૂર્ણ શક્તિ, શરીરનું આરોગ્ય (રોગરહિત-પણું) અને દેવ ગુરૂ ધર્મની સામગ્રી પણ મળી, છતાં પણ જેઓ મદિરાદિ વ્યસનોમાં એટલે ભક્ષ્યાભક્ષ્યના વિવેક રહિત

ખાનપાનમાં જીભના લાલચે થઈ ગયા, પાંચ ઇન્દ્રિયોના વિષયો સેવવામાં લોલુપી બન્યા, ક્રોધ માન માયા લોભ વિગેરે કષાયોમાં વ્યાકુળ ચિત્તવાળા થયા, અતિશય ઉંઘ વિગેરેથી આળસુ બની ગયા, સુખશીલીયા થઇ ગયા. નકામી કથા વાર્તાઓ ને કુથલીઓ સાંભળવામાં રસીયા બન્યા. એ પ્રમાણે મદ્ય વિષય કષાય નિદ્રા ને વિકથા એ પાંચ પ્રકારના પ્રમાદે કરીને પ્રમાદી બનીને પામેલી દેવ ગુરૂ ધર્મની સામગ્રીનો સદુપયોગ કરી શકયા નહિં અને ઉત્તમ ધર્મારાધનનો સમય ગુમાવી ધર્મનો નાશ કરે છે, એવા પ્રમાદી જીવો ચપળ ચિત્તને વશ કરવાને તૈયાર થાય તો પણ સંદેહ છે કે કદાચ વશ કરે અથવા ન પણ કરે, અને કદાચ એકવાર વશ કરે તો પણ વારંવાર પતિત થાય; તેથી એવા પ્રમાદી જીવો મોક્ષ મેળવી શકશે એ નક્કી નહિ. અહિં " નક્કી નહિં " એમ કહેવાનું કારણ એ છે કે કેટલાએક ભવ્ય જીવો તથાવિધ ભવ્યત્વના પરિપાકથી અતિશય ઉત્સાહવાળા થઇને અનંત-ગુણ વિશુદ્ધિએ નિરન્તર વૃદ્ધિમાં વર્તતા રહે તો ક્ષપક શ્રેણિ પામી મોક્ષે જાય પણ ખરા પરન્તુ ઘણાં જીવો તો પ્રમાદમાં રહી પતિત થઇ જાય છે, એ અપેક્ષા એ અહિં પ્રમાદી જીવને નક્કી મોક્ષ નથી એમ એકાન્ત વચન ન કહેતાં કેટલાએક પ્રમાદી એવા જીવોને આશ્રીને અનેકાન્ત વચન કહ્યું છે.

તથા કૃપણ જીવોમાં પણ કોઇક જ કૃપણ જીવ આસન્ન-સિદ્ધિક ભવ્ય હોય ને ભવ સ્થિતિનો પરિપાક થયો હોય તો તે કંજૂસાઇનો નાશ કરીને ઇન્દ્રિય નિગ્રહ કરી મોક્ષ મેળવી

શકે છે. પરન્તુ ઘણા જીવોની અપેક્ષાએ વિચારીએ તો કંજૂશ જીવો ઇન્દ્રિય નિગ્રહ કરી મોક્ષ મેળવી શકે નહિં, કારણ કે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવામાં ઇન્દ્રિયના વિષયોનો ત્યાગ એ જ મુખ્ય છે, અને તેવો ત્યાગ કંજૂશ જીવને હોય જ નહિં, કારણ કે કંજૂશ જીવો તો જેમ બને તેમ ઇન્દ્રિય સુખનાં સાધનો ઘણાં ભેગાં કરે ખરા પરન્તુ તે સાધનોને પોતે ઉપભોગ કરે નહિં ને બીજાને ઉપભોગ કરવા દે નહિં. અને એવા સ્વભાવનું નામ જ કંજૂસાઈ છે તેથી કંજૂશ જીવ પોતે ધનવાન હોવા છતાં પણ તે ધનને પોતાના કામ પુરૂષાર્થમાં એટલે વિષયોપભોગમાં પણ વાપરતો નથી, તેમજ અર્થ પુરૂષાર્થને માટે એટલે બીજું વધારે ધન ભેગું કરવામાં પણ ખર્ચી શકતો નથી, પરન્તુ મેળવેલા ધનનું કેવળ રક્ષણ જ કર્યા કરે છે. જેમ મમ્મણ શેઠને ત્યાં અનેક રત્નો હતાં છતાં પોતે તો તેલ ને ચોળા ખાઇને જ ગુજરાન ચલાવતો હતો. અને એ અભ્યાસ ( પ્રેકટીસ પડી જવા )થી તેની દેહ પ્રકૃતિ ( શરીરનો સ્વભાવ ) પણ એવી થઇ કે એ સિવાય બીજું ખાવા જાય તો માંદો પડે. તે મમ્મણ શેઠ બીજા રત્નો મેળવવાના લોભે અંધારી રાત્રે ભરવર્ષાદમાં નદીમાં લાકડાં કાઢતો હતો. એવા કંજૂશ અને લોભી જીવોને ત્યાગની પ્રધાનતાવાળા ચારિત્રનો ઉદય (લાભ) પણ કયાંથી હોય ? છતાં જો એ કંજૂશો ઇન્દ્રિયો વશ કરવાનો ઉદ્યમ કરે તો પણ પ્રબળ લોભનો ઉદય થતાં ફરી પણ પતિત થઇ જાય છે. ( હતા તેવા થઇ જાય છે ) તેથી મોક્ષ મેળવી શકતા નથી, કારણ કે જે કંજૂશ માણસો પોતાના સ્વાર્થથી ભરેલા અર્થ અને કામ

પુરૂષાર્થ સાધી શકતા નથી તેઓ પરમાર્થવાળા ધર્મ અને મોક્ષની સાધના કેવી રીતે કરી શકે ? જેમ બળવાન છતાં પણ બીકણ પુરૂષ એક ઉંદરથી ડરતો હોય તો તેવો બીકણ પુરૂષ બળવાન કેસરી સિંહને શી રીતે વશ કરે ? અર્થાત્ વશ ન કરી શકે; તેમ જે કંજૂશ માણુસ પોતાના પોષણુ માટે પણુ ખાઇ પી શકતો નથી તે કંજૂશ ઈન્દ્રિય નિગ્રહ કરી મોક્ષ જેવો પરમ પુરૂષાર્થ શી રીતે મેળવી શકે ? આ શ્લોકનું રહસ્ય એ છે કે ભવ્ય જીવોએ પ્રમાદનો ત્યાગ કરી પરમ-ઉલ્લાસથી ત્રિપુટી શુદ્ધ શ્રી જિન ધર્મની આરાધના કરીને મોક્ષના અવ્યાબાધ સુખ મેળવવા. અર્થ અને કામ તાત્ત્વિક દૃષ્ટિએ પુરૂષાર્થ તરીકે મનાતા નથી, વ્યાવહારિક દૃષ્ટિએ તે બંને પુરૂષાર્થ ગણાય છે. ૬૬

અવતરણુ—હવે કવિ આ શ્લોકમાં જીવોને હણુવામાં આત્મકલ્યાણુનો ગંધ પણુ નથી એ વાત જણુાવે છે—

૭ ૮ ૯ ૧૧ ૧૦ ૪ ૬ ૫
**आकाशेऽपि चिराय तिष्ठति शिला, मंत्रेण तंत्रेण वा ।**
१२ १३ १५ १४ २ ३ १
**बाहुभ्यामपि तीर्यते जलनिधिर्वेधाः प्रसन्नो यदा ॥**
२२ १६ १७ १८ १९ २० २१
**दृश्यन्ते ग्रहयोगतः सुरपथे प्राह्णेऽपि ताराः स्फुटं ।**
२४ २३ ३० २८ २६ २७ २९ २५
**हिंसायां पुनराविरस्ति नियतं, गंधोऽपि न श्रेयसः**
**॥ ६७ ॥**

आकाशेऽपि=આકાશમાં પણ
चिराय=ઘણા લાંબા વખત સુધી
तिष्ठति=અધર રહે છે
शिला=મોટો પત્થર
मंत्रेण=મંત્રથી
तंत्रेण वा=અથવા તંત્રથી
बाहुभ्यां अपि=બે ભુજાઓથી પણ
तीर्यते=તરી શકાય,
जलनिधिः=સમુદ્ર
वेधाः=ભાગ્ય
प्रसन्नो=અનુકૂલ હોય, ચઢતું, વધતું
यदा=જ્યારે
दृश्यन्ते=દેખાય છે
ग्रहयोगतः=ગ્રહના યોગે
सुरपथे=આકાશમાં
प्राह्णेपि=પરોઢીએ પણ
ताराः=તારાઓ
स्फुटं=સ્પષ્ટ
हिंसायां=હિંસામાં
पुनः=પરન્તુ
आविः=પ્રગટ થતો
अस्ति=છે
गंधः अपि=ગન્ધ પણ
न=નથી, નહિં
श्रेयसः=કલ્યાણનો, હિતનો

**મંત્રથી કે તંત્રથી બહુ કાલ અદ્ધર રહી શકે,**
**ગગને શિલા જો ભાગ્ય ચળકે તો જલધિ બે બાહુએ;**
**જલ્દી તરાય ગગન વિષે ગ્રહયોગથી જ પરોઢીએ,**
**દેખાય તારા પણ ન હિતનો ગંધ પણ હિંસા વિષે. ૨૪૫**

**અક્ષરાર્થ**—મંત્ર તંત્રના પ્રયોગે આકાશમાં પણ પત્થરની શિલા ઘણા લાંબા વખત સુધી અદ્ધર રહી શકે છે. જો દૈવ પ્રસન્ન હોય તો સમુદ્ર પણ બે હાથથી તરી જવાય, કોઇ ગ્રહ યોગથી આકાશમાં સવારે પણ તારાઓ સ્પષ્ટ દેખાય, પરન્તુ હિંસામાં તો કલ્યાણનો ગંધ પણ હોતો નથી. ૬૭

**સ્પષ્ટાર્થ**—જો કે પત્થરનો સ્વભાવ ગુરૂ પરિણામી હોવાથી આકાશમાં ક્ષણવાર પણ અદ્ધર ન રહી શકતાં નીચે પૃથ્વી ઉપર જ પડી જાય, છતાં મંત્રાદિ પ્રયોગથી મોટી શિલાને કદાચ આકાશમાં ઘણા લાંબા વખત સુધી અદ્ધર પણ રાખી શકાય. તેમજ દૈવ અનુકૂળ હોય એટલે કોઇ દેવાદિકની સ્હાય હોય કે ભાગ્ય ચળકતું હોય તો જે સમુદ્ર ભુજાબળથી તરી શકાતો નથી તે પણ કદાચ તરી શકાય, તેમજ સૂર્યોદયના લગભગ વખતમાં સૂર્યનો પ્રકાશ ફેલાતાં આકાશમાંના તારા સ્હવારમાં દેખી શકાય નહિં, છતાં પણ કદાચ એવા કોઇ ગ્રહના યોગે પ્રભાત કાળમાં પણ તારાઓ સ્પષ્ટ દેખાય, એ પ્રમાણે દુનિયામાં ન બનવા લાયક બનાવ કોઈ કોઇ વખતે અમુક સંયોગોમાં બને એમ માની શકાય, પરન્તુ હિંસામાં કલ્યાણ છે એમ તો કોઇ પણ રીતે માની શકાય જ નહિં. એટલે કવિ આ શ્લોકમાં હિંસાથી કલ્યાણનો અંશ માત્ર પણ છે એમ માનવાને ચોખ્ખી ના પાડે છે. ૬૭

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં સતી સ્ત્રીનું અને મુનિ મહાત્માનું વાસ્તવિક આભૂષણ શીલવ્રત છે તે બીના જણાવે છે—

२ ३ ४ १ ६ ५
निशानां च दिनानां च, यथा ज्योतिर्विभूषणम् ।
८ ९ १० ७ १२ ११
सतीनां च यतीनां च, तथा शीलमखंडितम् ॥ ६८ ॥

| | |
|---|---|
| **निशानां**=રાત્રિઓનું | **सतीनां**=સતી સ્ત્રીઓનું |
| **दिनानां**=દિવસોનું | **यतीनां**=મુનિ મહાત્માઓનું |
| **यथा**=જેમ | **तथा**=તેમ |
| **ज्योतिः**=પ્રકાશ એજ | **शीलं**=શીલવ્રત એજ |
| **विभूषणं**=આભૂષણ, ઘરેણું, આભરણ છે | **अखंडितं**=અખંડિત |

**રાતનું ને દિવસનું ભૂષણ શશી સૂરજ યથા,**
**શીલ અખંડિત પરમ ભૂષણ યતિ સતીનું છે તથા;**
**મુનિરાજ શીલે શોભતા ને સ્ત્રી પરિચય વારતા,**
**ને સતી સ્ત્રી શીલમંડન દીપતી કવિ ભાષતા. ૨૪૬**

અક્ષરાર્થ—રાત્રિઓનું અને દિવસોનું જેમ પ્રકાશ આભૂષણ છે તેમ સતી સ્ત્રીઓનું અને મુનિ મહાત્માઓનું અખંડ શીલવ્રત એ જ આભૂષણ-ઘરેણું છે. ૬૮

સ્પષ્ટાર્થ—રાત્રિના વખતે ચન્દ્રનો પ્રકાશ હોય તો તેવી ચાંદની રાત ઘણી જ સુંદર લાગે છે, પરન્તુ અંધારૂં વ્યાપી ગયું હોય, અથવા ગ્રહણ થતાં ચન્દ્ર પ્રકાશ ઢંકાઈ ગયો હોય તો તેવી રાત્રિ લોકને અલખામણી લાગે છે, તેથી ચંદ્રનો પ્રકાશ જેમ રાત્રિનું આભૂષણ છે તેમ સતી સ્ત્રીઓનું ખરૂં આભૂષણ (ઘરેણું) તથા યોગીઓનું ખરૂં આભૂષણ શીલવ્રત છે. એ જ પ્રમાણે સૂર્યનો પ્રકાશ જેમ દિવસનું આભૂષણ છે ને તેથી જ દિવસ શોભે છે પરન્તુ અકાળે ઘનઘોર મેઘ ચઢયો હોય અથવા તો સૂર્ય ગ્રહણ થવાથી સૂર્યનો પ્રકાશ ઢંકાઇ ગયો હોય તો તેવો દિવસ બહુજ

ખરાબ લાગે છે ને શોભતો નથી. માટે જ કહ્યું છે કે, જેમ સૂર્યના પ્રકાશથી દિવસ શોભે છે તેમ સતી સ્ત્રીઓ તથા મુનિ મહાત્માઓ અખંડ શીલવ્રતથી જ શોભે છે, માટે એ જ (શીલવ્રત જ) તેમનું આભૂષણ છે.

પ્રશ્ન—અહિં શ્લોકમાં **अखंडित** પદથી અખંડ **શીલ** કહેવાનું શું કારણ?

ઉત્તર—જેમ સ્ત્રીએ એકજ વાર શીલખંડન કર્યું હોય ને ત્યાર બાદ આખો ભવ પર્યન્ત શીલ પાળ્યું હોય તો પણ તે સ્ત્રી ખરી સતી ગણાતી નથી, તેમ યોગી મહાત્માએ પણ એકવાર શીલ ખંડિત કરીને પછી ભવ પર્યન્ત શીલવ્રત પાળ્યું હોય તો તે ખરા યોગી ન ગણાય. કારણ કે જ્યારથી દીક્ષા ગ્રહણ કરે ત્યારથી ભવ પર્યન્ત અખંડ શીલ પાળ્યું હોય તો જ તે બ્રહ્મચારી યોગી ગણાય આ મુદ્દાથી **શીલ** શબ્દના વિશેષણ તરીકે '**अखंडितम्**' પદ મૂક્યું છે. ૬૮

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં મુનિની શોભા સદાચારથી છે, એ બીના જણાવે છે—

૧ ૩ ૨ ૪ ૫
**मायया राजते वेश्या, शीलेन कुलबालिका ।**
૬ ૭ ૮ ૯
**न्यायेन मेदिनीनाथः, सदाचारतया यतिः ॥ ६९ ॥**

**मायया**=માયા વડે, કપટ વડે
**राजते**=શોભે છે
**वेश्या**=વેશ્યા, ગણિકા
**शीलेन**=શીલ વડે
**कुलबालिका**=ઉત્તમ કુળની બાલા (કુમારી)
**न्यायेन**=ન્યાય વડે
**मेदिनीनाथः**=રાજા
**सदाचारतया**=સદાચાર વડે
**यतिः**=સાધુ

**જેમ વેશ્યા કપટથી કુલબાલિકા જિમ શીલથી,**
**શોભતી નૃપ ન્યાયથી જિમ તેમ વિમલાચારથી;**
**સાધુ દીપે પંચવિધ આચારને નિત પાલતા,**
**અન્ય પાસ પલાવતા અનુમોદતા સુખ પામતા. ૨૪૭**

**અક્ષરાર્થ:**—જેમ માયા-કપટ વડે વેશ્યા શોભે છે, શીલવ્રતથી કુલવાન કન્યા ( કુલવતી સ્ત્રી ) શોભે છે, ન્યાયથી રાજા શોભે છે તેમ સાધુ સદાચારથી શોભે છે. ૬૯

**સ્પષ્ટાર્થ**—વેશ્યામાં માયા પ્રપંચ એ સ્વાભાવિક હોય છે. અને તેથી જ વેશ્યાની શોભા છે. તેમજ ઉત્તમ કુલમાં ઉપજેલી સ્ત્રી સ્વભાવથી જ શીલ સદાચારવાળી હોય છે, માટે જ જગતમાં કન્યા પરણુવી તો કુળવાન પરણુવી એવો વ્યવહાર છે, અને તેથી તે કુળવંતી સ્ત્રીઓ જેમ શીલ સદાચારથી શોભે છે, અને રાજા અન્યાયી ને ન્યાયી બે જાતના હોય છે પરંતુ જગતમાં શોભા ન્યાયી રાજાની જ હોય છે માટે ન્યાય નીતિ વડે જ રાજા શોભે છે. સજ્જનનું સંરક્ષણ, દુષ્ટનો દંડ કરવો, પ્રજાનું પોતાના પુત્ર પુત્રીની માફક પરિપાલન કરવું વિગેરે સ્વરૂપવાળા નીતિ ગુણથી જ જેમ રાજા શોભે છે તેમ સાધુ મહાત્મા અહિંસા આદિ પાંચ મહાવ્રત અને તેના ઉત્તર ગુણ રૂપી નિયમોથી શોભે છે. પરન્તુ સાધુ થઈને સંસારી જેવાં આચરણ રાખે તો તેવો કેવળ વેષધારી ખરાબ આચારવાળો સાધુ શોભતો નથી, એવા સાધુઓ પોતાની અને પોતાના ધર્મની નિંદા

કરાવે છે, અને મહા મોહનીય કર્મ બાંધે છે. સદાચારી સાધુ સ્વપર તારક બને છે. ૬૯

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં જ્યાં સુધી શરીર અને ઈન્દ્રિયોની શક્તિ નાશ પામી નથી ત્યાં સુધીમાં મુક્તિ પદનું અથવા પરમાત્મ પદનું ધ્યાન જરૂર કરી લેવું જોઈએ. એ વાત જણાવે છે—

१ २ ४ ३ ५ ६
यावद् व्याधिविबाधया विधुरतामंगं न संसेवते ।
७ १० ११ १२ ८ ९
यावच्चेन्द्रियपाटवं न हरति, क्रूरा जरा राक्षसी ॥
१३ १८ १५ १४
तावन्निष्कलनिश्चलामलपदं, कर्मक्षयायाधुना ।
२० १६ १९ १७
ध्येयं ध्यानविचक्षणैः स्फुटतरं हृत्पद्मसद्मोदरे । ७० ॥

यावत्=જ્યાં સુધી
व्याधि=રોગની
विबाधया=પીડા વડે
विधुरतां=વ્યાકુળતાને, ગભરામણ
न=ન, નથી
संसेवते=સેવે, પામે, થાય
यावच्च=વળી જ્યાં સુધી
इन्द्रियपाटवं=ઇન્દ્રિયોની શબ્દાદિને જાણવાની તાકાત
न हरति=ન હરે, ન હણે
क्रूरा=ક્રૂર
जरा=ઘડપણ રૂપ, ઘડપણ
राक्षसी=રાક્ષસી
तावत्=ત્યાં સુધીમાં
निष्कल=કર્મના અંશથી રહિત
निश्चल=અચળ, સ્થિર
अमल=ચોખ્ખું એવું
पदं=પદ, પરમાત્મ પદ, મોક્ષપદ

कर्मक्षयाय=કર્મોને ખપાવવાને માટે

अधुना=હવે, આપણે

ध्येयं=ધ્યાયવું, ધ્યાન કરવા યોગ્ય છે

ध्यानविचक्षणैः=ધ્યાન કરવામાં હોંશિયાર પુરૂષોએ

स्फुटतरं=બહુજ સ્પષ્ટ રીતે

हृत्=હૃદય રૂપ

पद्म=કમળના

सद्मोदरे=સ્થાનમાં

આ દેહ રોગતણા વશે પરવશ બન્યો ના જ્યાં સુધી,
તિમ જરા રૂપ રાક્ષસી ન હણે કરણ બલ જ્યાં સુધી;
ત્યાં સુધીમાં કર્મને વિણસાવવાના હેતુથી,
હૃદય કમલે સ્પષ્ટ રીતે ચિત્ત કેરા સ્થૈર્યથી. ૨૪૮

ધ્યાન કરવામાં કુશલતાવંત ભવ્યોએ સદા,
પરમ પદનું ધ્યાન કરવું હોય જિમ શિવ સંપદા;
તેહ નિષ્કલ શુદ્ધ નિશ્ચલ અગમ પદ અવધારીએ,
પુણ્ય પૂરાં હોય જો તો તેહવું પદ ધ્યાઇએ. ૨૪૯

**અક્ષરાર્થ**—જ્યાં સુધી વિવિધ પ્રકારના રોગથી શરીર વ્યાકુળતાવાળું થયું (ઘેરાયું) નથી. તથા ક્રૂર એવી વૃદ્ધાવસ્થા (ઘડપણ) રૂપ રાક્ષસીએ જ્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિ હરી-હણી નથી, (તે શક્તિનો નાશ કર્યો નથી) ત્યાં સુધીમાં ધ્યાન કરવામાં હોંશિયાર એવા ભવ્ય જીવોએ કર્મોને ખપાવવાને માટે હૃદય કમળ રૂપ ઘરના મધ્ય ભાગમાં (હૃદય કમલમાં, ચિત્તમાં) અગમ અચલ અને

નિર્મળ એવા પરમાત્મપદનું બહુ જ સ્પષ્ટતાથી ધ્યાન ધરવું-કરી લેવું જોઇએ. ૭૦

સ્પષ્ટાર્થ—નિર્મલ જ્ઞાન દર્શન ચારિત્રની આરાધના રૂપ મોક્ષ માર્ગનું આરાધન ત્યારે જ થઇ શકે છે કે જ્યારે શરીર નિરોગી હોય, પાંચે ઇન્દ્રિયો શક્તિવાળી હોય, અને યુવાવસ્થા હોય. કારણ કે પ્રબલ પુણ્યોદયે કદાચ સાધુપણામાં હોય પરંતુ શરીર જો રોગી હોય તો વિહાર થઇ શકે નહિં, પતિલેખનાદિ ( પડિલેહણ વિગેરે ) સાધુ ક્રિયાઓ થઇ શકે નહિ, મનની શાંતિ રહે નહિ ને પગલે પગલે અપવાદ સેવવાની જરૂરીઆત ઉભી થાય. અને જો ઇન્દ્રિયો અશક્ત હોય તો ( ચક્ષુ ઇન્દ્રિયની અશક્તિ હોય તો આંખમાં રોગ થયો હોય તો ) જીવ જંતુ નજરે પડે નહિં, શ્રોતેન્દ્રિયની અશક્તિથી શાસ્ત્ર વચન સાંભળી શકાય નહિ વિગેરે પ્રકારે સાધુ ધર્મની સાધનામાં પણ વ્યાઘાત ( વિઘ્ન ઉભું ) થાય અને ધર્મ વૃદ્ધિનો અભાવ થાય, તે કારણથી જ કાયાનું આરોગ્ય અને ઇન્દ્રિયોની પટુતા ધર્મ સાધનમાં બહુ જ સારી રીતે મદદ કરી શકે છે. તેમજ જો ઘડપણ હોય તો મુનિઓની વૈયાવચ્ચ થઇ શકે નહિં, વિહાર થઇ શકે નહિં, દેહકંપ શ્વાસ વિગેરે કારણથી પાત્રાદિક પણ પડી જાય, ધર્મ દેશનાનું સાંભળવું વિગેરે ધાર્મિક કાર્યોમાં શિથિલતા થાય, તેથી યુવાવસ્થા ધર્મ સાધનમાં વધારે મદદ કરી શકે છે. ઘણા અજ્ઞાન જનો એમ કહે છે કે " બાલ્યાવસ્થા " રમત ગમત કરવા માટે છે, યુવાવસ્થા ભોગના

સાધન અને ધન પેદા કરવા માટે છે. અને છેલ્લી વૃદ્ધાવસ્થા ( ઘડપણ ) જ ધર્મ સાધન કરવા માટે છે, ” પણ તેઓ એમ નથી જાણતા કે જે વૃદ્ધ ડોસો ( ઘરડો માણસ ) ઘર કામ માટે નાલાયક થયો એ ડોસો ધર્મારાધન જેવા પરમ પુરૂષાર્થને સાધવા લાયક કઈ રીતે થઇ શકશે ? એનો અર્થ તો એટલો જ કે બીન સમજણવાલા અને કંજૂશ જનો ઘરમાં લાવેલ ઉત્તમ ફળ પોતે ખાય ને નહિં ખાવા લાયક કોહેલાં ફળ પ્રભુની આગળ ધરે એ જેમ મહા મૂર્ખાઇ ગણાય છે તેમ શક્તિવાળું જીવન એશઆરામ ને ભોગમાં ગુમાવે અને વૃદ્ધાવસ્થા જેવું કોહેલું નિર્માલ્ય જીવન ધર્મ સાધનને માટે રાખે ( જણાવે ) તે પણ એક પ્રકારની મહા મૂર્ખાઇ છે. એવા નિર્માલ્ય જીવનથી ધર્મ સાધન કરવાનો ઉદ્યમ શી રીતે થઇ શકે? બળવાન શત્રુને જીતવાને માટે ખખડી ગયેલા ડોસા ડોસીઓનું નિર્માલ્ય લશ્કર ઉભું કરી કયો રાજા વિજય પામી શકે ? એટલે બળવાન શત્રુને જીતવા માટે એવું અશક્ત લશ્કર કામમાં આવે જ નહિ. જો એવું લશ્કર કામમાં ન આવે તો મોહ જેવા બળવાન શત્રુને જીતવામાં વૃદ્ધાવસ્થા જેવી મલિન ને નિર્માલ્ય અવસ્થા કઇ રીતે મદદ કરી શકે ? અર્થાત્ ન જ કરી શકે. માટે મોહ રાજા જેવા અતિ બળવાન રાજાને જીતવા માટે તો અધિક બળવાળી યુવાવસ્થા ( જુવાની ) જ ઉપયોગી ( વધારે મદદ કરી શકે ) છે, જે અજ્ઞાન જનો વૃદ્ધાવસ્થાને જ ધર્મ સાધનની અવસ્થા માને છે તેઓ ધર્મ વસ્તુને જ સમજતા નથી, અને ધર્મને

એક નિર્માલ્ય ( તુચ્છ ) બીન જરૂરી ચીજ માને છે, તેથી જ તેઓ એમ બોલે છે. જો ધર્મનું રહસ્ય અને મહા બળવાન મોહ રાજાને જીતવાની વધારે જરૂરીયાત માનતા હોત તો તેઓ કદી પણ ઉપર જણાવ્યું તે બોલે જ નહિં. કહેવાનું તાત્પર્ય એ છે કે જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવી નથી ત્યાં સુધી એટલે યુવાવસ્થામાં જ વ્હેલાં ચેતીને પરમ પદનું ધ્યાન કરવું, અને એ મોક્ષ રૂપ અથવા પર-માત્મ પદ રૂપ પરમ પદ કર્મના અંશથી પણ રહિત સ્થિર અને ચોખ્ખું છે, તેવા પદનું ધ્યાન પૂરેપૂરા સામર્થ્ય ( બલ શક્તિ ) વિના થઇ શકે જ નહિ. મોક્ષ પદના ધ્યાનમાં આ વિચારણા હોય છે. (૧) સ્યાદ્વાદ શૈલીએ મોક્ષનું સ્વરૂપ શું ? (૨) સિદ્ધશિલાનું પ્રમાણ કેટલું ? (૩) સિદ્ધ શિલાના પ્રમાણ જેવડા બીજા ત્રણ પદાર્થો કયા કયા સમ-જવા ? ( ઉ૦ સમય ક્ષેત્ર, ઉડુ વિમાન, સીમંતક નરકાવાસ. ) (૪) ચાર નિક્ષેપાએ અને આગમ, નોઆગમથી સિદ્ધનું સ્વરૂપ શું ? (૫) તેમનું ધ્યાન રક્ત વર્ણે કયા મુદ્દાથી કરાય છે. (૬) સિદ્ધ પરમાત્માએ કઇ રીતે સિદ્ધપણું મેળવ્યું ? (૭) એ રસ્તે મારો આત્મા હાલ ચાલે છે કે નહિ ? વિગેરે પ્રકારે વિચારણા અને શુભ ક્રિયા કરવા રૂપ ધ્યાનથી ઘણાં ચીકણાં કર્મોનો પણ નાશ થોડા કાલમાં જરૂર થઈ શકે છે. મોક્ષ પદની વિચારણાને અનુસારે જ પરમાત્મ પદની પણ વિચારણા કરવાની છે. જેમાં ક્રિયાનો અનાદર હોય તે ધ્યાન કહી શકાય જ નહિ. મુખ્યતાએ ધ્યાન જ્ઞાન સ્વરૂપ છે. અને મોક્ષનો લાભ શ્રી જૈનાગમમાં

ઉત્તમ સમ્યગ્દર્શનાદિ ત્રણની એકઠી આરાધના કરવાથી જ થઇ શકે છે. આ બીનાને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ ધન વિગેરે ક્ષણિક અને દુર્ગતિદાયક પદાર્થોનું ધ્યાન છોડી દઇને એક મોક્ષ પદનું અથવા પરમાત્મ પદનું ઉપર કહ્યા પ્રમાણે નિર્મલ ધ્યાન કરવું. અને તે સાથે સંયમાદિની સાધના પણ જરૂર કરીને માનવ જન્મને સફલ કરવો. ૭૦

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં "હે મોહ! મારા પર સદ્ગુરૂ પ્રસન્ન થયા છે માટે હવે તું મ્હારાથી દૂર ખસી જા" એ પ્રમાણે કોઇક ગુરૂ ભક્તિવંત આત્મા મોહને શું કહે છે? અથવા ગુરૂની કૃપાથી મોહ દૂર થાય છે એ બીના સ્પષ્ટ જણાવે છે.

४ ५ ६ २ १
अज्ञानवृतचेतसो मम महाव्यामूढतां मोह रे ।
७ ११ १२ ८ ९ ३
कृत्वा धर्मधनं हृतं यदनिशं, वाराणसीधूर्तवत् ॥
१५ १३ १४ १० १७ १८ १६ १९ २० २१ २२
युक्तं तद्विहितं त्वयेदमपि ते युक्तं भवेध्धि द्रुतं ।
२५ २४ २६ २७ २८ २३
मां पुण्याप्तगुरुप्रसादमधुना, संत्यज्य निर्गच्छ रे ॥७१॥

अज्ञानावृतचेतसः=અજ્ઞાનથી ઢંકાયું છે ચિત્ત જેનું એવા
मम=મને
महाव्यामूढतां=મોટો વ્યામોહ (બેભાન દશા)
मोह रे=હે મોહ!
कृत्वा=કરીને
धर्मधनं=ધર્મરૂપી ધન
हृतं=હર્યું, લૂંટયું
यत्=જે

अनिशं=દરરોજ, રાત દિન
वाराणसी=કાશીના
धूर्तवत्=ધૂતારાની માફક
युक्तं=વ્યાજબી
तद्विहितं=તેમ કર્યું
त्वया=તેં
इदमपि=આ પણ
ते=તારે (કરવું)
युक्तं=વ્યાજબી
भवेत् हि=હોય છે જ

द्रुतं=શીઘ્ર, જલ્દી
मां=મને
पुण्याप्त=પુણ્યથી પ્રાપ્ત થયેલ છે
गुरुप्रसादं=ગુરૂકૃપા જેને
अधुना=હવે
संत्यज्य=છોડીને
निर्गच्छ रे=અરે મોહ તું (મારા ચિત્તમાંથી) નિકળી જા, દૂર થા

પ્હેલાં હતો અજ્ઞાન હું તે કાલ કાશી નયરીના,
ધૂર્તની પેઠે બનાવ્યો મૂઢ મને ઘર કપટના;
હે મોહ ! અજ્ઞાને કરી ઢંકાઈ ગયું મન જેહનું,
તેવાજ મારા ધર્મ ધનને તેં હર્યું તે ઠીક કર્યું. ૨૫૦

તેવીજ રીતે હાલ પુણ્યે ગુરૂ પ્રસાદ મળ્યો મને,
તેથી મને છંડી જવું નીકળી ઉચિત પણ તે તને;
સૂર્ય ઉદયે તિમિર ન રહે ગુરૂ પસાએ ન રહે,
અજ્ઞાન તે ગુરૂ ચરણ સેવો રંગભર કવિ ઇમ કહે. ૨૫૧

અક્ષરાર્થ—હે મોહ ! તેં કાશીના ધૂતારાની પેઠે અજ્ઞાનથી ઘેરાયેલા ચિત્તવાળા મને ખોટા ભ્રમમાં રાખીને (બેભાન બનાવીને) મારૂં ધર્મ રૂપી ધન જે દરરોજ લુંટી લીધું, તે ત્હારે માટે યોગ્ય છે. તે પ્રમાણે હવે ત્હને આગળ હું કહું છું તે કરવું પણ યોગ્ય (વ્યાજબી) છે કે

હે મોહ! મને હવે શ્રી સદ્‌ગુરૂની કૃપા પુણ્યથી પ્રાપ્ત થઇ છે માટે તું હવે મ્હારા હૃદયમાંથી એકદમ નિકળી જા[ એમ પોતાની મેળે સમજી જઇને માનભર નિકળી જવું એ પણ તારે વ્યાજબી છે ]

**સ્પષ્ટાર્થ**—જૈન સિવાયના હિન્દુઓનું મોટામાં મોટું તીર્થધામ કાશીક્ષેત્ર છે, પુરાણ વિગેરે હિન્દુ શાસ્ત્રોમાં એ તીર્થનું ઘણું મહાત્મ્ય કહેલું છે. જેમ જૈનોનું મોટું તીર્થધામ શ્રી સિદ્ધાચલ છે, તેમ એ કાશી તીર્થધામ એ હિંદુઓનું મહાતીર્થ છે, તેથી ત્યાં હજારો યાત્રાળુઓ દેશ પરદેશથી યાત્રાએ જાય છે, એટલું જ નહિં પરન્તુ તે યાત્રાળુઓ દૂર પરદેશમાં મરણ પામેલા પુરૂષોનાં હાડકાં પણ કાશીક્ષેત્રમાં લઈ જઈ ગંગા નદીમાં પધરાવવાથી તથા માથે કરવત મૂકાવી વ્હેરાઈ જઇ મરણ પામવાથી પણ પરિણામે મુક્તિ મળે છે એવું માને છે. એવા તીર્થ ધામમાં પરદેશી યાત્રાળુઓને ઠગવા માટે પણ ત્યાં હજારો ધૂતારાઓ રહે છે ને ભોળા યાત્રાળુઓને પોતાની પ્રપંચ જાળમાં ફસાવી તેમનો ધનમાલ પડાવી લે છે અને ઘણાનો જાન પણ લે છે. તેથી લોકમાં એ ઠગો "કાશીના ઠગારા" એ નામથી પ્રસિદ્ધ થયેલા છે. અહિં કવિ મોહને પણ એવા કાશીના ઠગની સાથે સરખાવતાં કહે છે કે મોહ! જેમ કાશીના ઠગ ભોળા યાત્રાળુઓને ઠગી તેનો ધન માલ ને જાન લે છે તેમ તેં પણ મારા અજ્ઞાન વડે ઢંકાયેલા ભોળા ચિત્તને ઠગીને મારૂં નિર્મલ જ્ઞાન દર્શન ચરિત્ર રૂપ ધન પડાવી લઈ મને ભીખારી

બનાવ્યો, પરન્તુ વાસ્તવિક રીતે એમાં ત્હારો દોષ નથી પરન્તુ મ્હારો જ દોષ છે, કારણ કે હું અજ્ઞાન વડે બેભાન બની ગયો હતો, તેથી હું ત્હારા આ માયા પ્રપંચને સમજી શક્યો નહિં ને ભોળપણુથી ઠગાયો તેમાં મારી અજ્ઞાનતાનો અથવા બીન સમજણુનો દોષ માનું છું. ત્હેં મારી અજ્ઞાનતાનો લાભ ઉઠાવ્યો, અને ઠગવું એ તો ત્હારો જાતિસ્વભાવ જ છે, તેથી મારી અજ્ઞાન અવસ્થામાં ત્હેં મને ઠગ્યો તે તો તેં ત્હારા ઠગપણુાને છાજતું જ કર્યું છે, તેથી તેં ત્હારા સ્વભાવને અનુસારે યોગ્ય (વ્યાજબી) કર્યું છે, પરન્તુ હવે તો મારા કોઇ પૂર્વ ભવના પ્રબળ પુણ્યોદયને લીધે શ્રી સદ્‌ગુરૂની મ્હારા ઉપર પરમ કૃપા થઇ છે, તેથી તે સદ્‌ગુરૂ રૂપી સૂર્યના પ્રભાવથી મારો અજ્ઞાન રૂપ અંધકાર નાશ પામ્યો છે, ને હૃદયમાં સદ્‌જ્ઞાન રૂપી પ્રકાશ ચકચકાટ કરી રહ્યો છે. તો હવે ત્હારે મ્હારા હૃદયમાંથી નિકળી દૂર ચાલ્યા જવું તે પણુ વ્યાજબી જ છે, કારણુ કે મારી અજ્ઞાન દશામાં (હું અજ્ઞાની હતો, ત્યારે) ત્હારે જેમ મારા હૃદયમાં વસવું યોગ્ય હતું તેમ હવે હું સમજણો થયો, તેથી આ વખતે પણુ ત્હારે હૃદયમાંથી નિકળી જવું તે યોગ્ય જ છે.

આ શ્લોકનું રહસ્ય એ છે કે સંસારી જીવોના હૃદયમાં જ્યાં સુધી અજ્ઞાન વસી રહ્યું હોય ત્યાં સુધી જ મોહનું જોર હોય છે, પરન્તુ સદ્‌ગુરૂના પ્રતાપે જીવને સમ્યગ્ જ્ઞાન થયા બાદ મોહનું બળ આપોઆપ ધીરે ધીરે ઘટતું જ જાય છે અને પરિણામે મોહનો સર્વથા નાશ થતાં તેવા સત્યજ્ઞાની ભવ્ય જીવો વીતરાગ દશાને જરૂર પામે છે. અને અન્તે

કેવળજ્ઞાન પામી પરમપદ પણ મેળવે છે. આ બધું થવામાં ઉત્તમ જ્ઞાનનો જ રૂડો પ્રતાપ છે. આ બીનાને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ સદ્ગુણી મહારાજની સેવના જરૂર કરવી જોઈએ કારણ કે તે વિના જ્ઞાન ગુણ ટકી શકે નહિ, નિર્મલ ચારિત્ર ગુણની આરાધનામાં પણ સ્થિર રહી શકાય નહિ, 'મોહ રાજા અનેક રીતે આપણા ચાલુ જીવનને પણ બહુજ ખરાબ કરે છે' એમ સમજીને તેનો લગાર પણ વિશ્વાસ કરવો જ નહિ, અને ગુરૂ કુલ વાસ વિગેરે સારા સાધનોની સેવના કરીને નિર્મલ મોક્ષ માર્ગની સાધના કરવી. એ જ માનવ જીંદગીની ઉત્તમ સાધના કહેવાય. વિવેક ક્ષમા સમતા સંતોષ વિગેરે ગુણોની સેવના કરવામાં જ ખરૂં ડહાપણ ગણાય. યાદ રાખવું જોઈએ કે થોડા લાભને માટે આપણે ઘણો લાભ ઘણી વાર ગુમાવ્યો છે, ગુમાવીએ છીએ, તેમ ન થવું જોઈએ. પુદ્ગલ રમણતાને ઘટાડવાને અને નિજ ગુણ રમણતાને વધારવાને હે જીવ! તું હંમેશાં જરૂર પ્રયત્ન કરજે. આ બાબતમાં લગાર પણ પ્રમાદ કરીશ નહિ. અજ્ઞાનથી ગર્ભિત મોહથી મુંઝાઈને પતિત થયેલા આર્દ્રકુમાર, રથનેમિ વિગેરે જાણવા. અને ગુરૂમહારાજના પ્રતાપે જ્ઞાનગુણ પામીને મોહ જીતનારા શ્રી જંબૂસ્વામી, શાલિભદ્ર, ધન્યકુમાર, અવંતી સુકુમાલ, પ્રદેશી રાજા વિગેરે જાણવા. આ બધાની વિશેષ બીના ઉપદેશ પ્રાસાદમાં જ જણાવી છે. ૭૧

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં કામ વાસના વિનાના યોગીઓને જે ખરૂં સુખ હોય છે તે સુખ નાગ

કુમારના ઇન્દ્રો વાસુદેવો અને ઇન્દ્રોને પણ હોતું નથી તે બીના જણાવે છે—

७ ११ १० ९ ८
**तन्नो नागपतेर्भुजंगवनिताभोगोपचारैः परै ।**

१६ १७ १४ १३ १५ १२
**स्तन्नो श्रीसविलाससंगमशतैः सारैर्मुरारेः किल ॥**

२१ २२ २० १९ १८
**तन्नो वज्रधरस्य देववनिताक्रीडारसैर्निर्भरै ।**

५ ६ १ २ ४ ३
**यत्सौख्यं बत वीतकाममनसां तत्त्वार्थतो योगिनाम् ॥७२॥**

**तत्**=તે સુખ
**नो**=નથી
**नागपतेः**=નાગકુમારના ઇન્દ્રને
**भुजंगवनिता**=નાગકુમારની દેવીઓની સાથે
**भोगोपचारैः**=ભોગોની સેવનાથી
**परैः**=ઉત્કૃષ્ટ
**तत् नो**=તે સુખ નથી
**श्रीसविलास**=લક્ષ્મીના વિલાસ વાળા
**संगमशतैः**=સેંકડો સંગમો વડે, સેંકડો વારના સંગ વડે
**सारैः**=પ્રધાન, ઉત્તમ, શ્રેષ્ઠ
**मुरारेः**=કૃષ્ણને
**किल**=અવશ્ય, નિશ્ચયે કરીને
**वज्रधरस्य**=દેવેન્દ્રને
**देववनिता**=દેવીઓના
**क्रीडारसैः**=ક્રીડારસ વડે વિલાસો વડે
**निर्भरैः**=અત્યન્ત
**यत्**=જે
**सौख्यं**=સુખ
**वीतकाममनसां**=કામવાસનાથી રહિત મનવાળા
**तत्त्वार्थतो**=ખરી રીતે; તત્ત્વભૂત નિજ ગુણ રમણતાથી
**योगिनाम्**=મુનિ વિગેરે યોગી મહાત્માઓને

નિર્વિકારી ચિત્ત વાળા વિજયધર યોગીશ્વરો,
તત્ત્વાર્થ અમૃત સ્વાદ લઇ સુખ હર્ષ પામે જે ખરો;
તેહવો આનંદ ભોગે નાગકન્યાઓ તણા,
નાગપતિ પામે ન વિષ્ણુ સંગથી લક્ષ્મી તણા. ૨૫૨

ઈંદ્ર પણ દેવાંગનાના ભોગથી પણ તેહવો,
આનંદ પામે ના લહે મુનિ તત્ત્વ રંગે જેહવો;
તત્ત્વાર્થ ચિંતન સુખ ઘણું કર્મો હઠે બહુ તેહથી,
બંધાય કર્મો ચીકણાં ના એમ અનુભવ શાસ્ત્રથી. ૨૫૩

અક્ષરાર્થ—કામની વિષય વાસનાથી રહિત મનવાળા યોગી મહાત્માઓને નિષ્કામ વૃત્તિના સુખનો જે તાત્વિક (ખરો) અનુભવ હોય છે અથવા યોગી મહાત્માઓ જે તાત્વિક સુખ અનુભવે છે તેવું તાત્ત્વિક સુખ નાગકુમારની દેવીઓની સાથે ઉત્કૃષ્ટ વિષય સુખ ભોગવતા નાગેન્દ્રોને પણ હોતું નથી. તેમજ લક્ષ્મીની સાથે સેંકડો વિલાસો પૂર્વક સંગથી કૃષ્ણ વાસુદેવને પણ તેવું સુખ મળતું નથી, અને વૈમાનિક દેવાંગનાઓ સાથે અત્યંત ઉત્કૃષ્ટ ક્રીડારસ કરતા (વિષય સુખ ભોગવતા) સૌધર્મેન્દ્ર વિગેરે ઇન્દ્રોને પણ તેવું સુખ મળતું નથી. ૭૨

સ્પષ્ટાર્થ—પાંચ ઇન્દ્રિયોનું વિષય સુખ અલ્પ અને તુચ્છ ગણાય છે. કારણ કે ઔદારિક શરીર બહુ મલિન ને સાત ધાતુ વડે દુર્ગંધવાળું છે. તે કરતાં વ્યન્તર દેવોનું

વિષય સુખ અધિક છે, કારણુ કે તેમનું શરીર વૈક્રિય છે તેથી રત્ન સરખી કાન્તિવાળું નિર્મળ ને સાત ધાતુ રહિત સુગંધિ વાળું છે, અને વ્યન્તર દેવોને એટલું બધું સુખ કહ્યું છે કે દેવાંગનાઓના વાજીંત્રોના અને નાટક વિગેરેના સુખમાં કેટલો કાળ વ્યતીત થઇ ગયો તે પણુ દેવો જાણુતા નથી, અહિંના અસંખ્યાત વર્ષના એક પલ્યોપમ જેટલું વ્યન્તરોનું અને અર્ધા પલ્યોપમ જેટલું વ્યન્તરની દેવાંગનાઓનું ઉત્કૃષ્ટથી આયુષ્ય હોય છે. અને સુખમાં ને સુખમાં તે અસંખ્યાત વર્ષો તેમને એક ક્ષણુ જેવાં વ્યતીત થઇ જાય છે, તેથી કહ્યું છે કે—

**तहिं देवा वंतरिया, वरतरुणीगीयवाइयरवेणं ।**
**निच्चं सुहिया पमुइया, गयंपि कालं न याणंति ॥१॥**

અર્થ—ઉત્તમ દેવાંગનાઓનાં ગીતના અને વાજીંત્રના મધુર શબ્દને સાંભળવામાં હંમેશાં સુખ માનનારા અને ઘણાં આનંદમાં રહેનારા ત્યાં પાતાળ લોકમાં અથવા વ્યંતર દેવ લોકમાં રહેલ વ્યંતર દેવો ગયા કાળને પણુ જાણુતા નથી. એટલે ચાલુ નાટક જોવામાં કેટલો ટાઇમ ગયો ? તે પણુ જાણુતા નથી. (જ્ઞાનનો ઉપયોગ દેવાથી તો તેઓ જાણી શકે છે.) ૧

એ વ્યન્તરોના સુખથી પણુ નાગ કુમાર નામના ભવનપતિ દેવો નાગ કુમારી દેવીઓ સાથે જે સુખનો અનુભવ કરે છે તે અધિક છે. અહિં દશ ભવનપતિમાં

ફક્ત નાગ કુમારનું જ નામ લીધું તે બાકીના નવ ભવનપતિનો નિષેધ કરવા માટે (તે ન લેવા, એમ કહેવા માટે) નથી પરન્તુ નાગકુમારના ઉપલક્ષણથી (સામાન્ય કથનથી) "દશે ભુવનપતિ દેવો લેવા" એ વાત જણાવવા માટે (નાગ કુમારનું નામ લીધું) છે. જેથી વ્યન્તરો કરતાં ભવનપતિને સુખનો અનુભવ વધારે હોય છે, તે કરતાં જ્યોતિષી દેવોને અને તે કરતાં વૈમાનિક દેવોને સુખનો અનુભવ વધારે હોય છે. શ્લોકમાં જો કે વૈમાનિક કહ્યા નથી તો પણ અહિં વૈમાનિકનું સુખ ગ્રહણ કરવામાં લગાર પણ વાંધો નથી. એટલે નાગકુમાર માત્ર કહેવાથી પણ સર્વ દેવનું સુખ ગ્રહણ કરવું. અહિં કહેવાનું તાત્પર્ય એ છે કે દેવો દેવાંગનાઓ સાથે જે સુખનો ઉત્કૃષ્ટ અનુભવ કરે છે તે પુદ્‌ગલાનંદી સુખ કરતાં વિષય વાસના રહિત એવા યોગી મહાત્માઓનું સુખ અનંતગુણુ અને નિર્દોષ છે. દેવ લોકમાં પણ દેવાંગનાના કાયપરિચાર આદિ પાંચ પ્રકારના પરિચાર સુખથી પણ ગ્રૈવેયક અને અનુત્તર દેવોનું અપરિચારી સુખ (અવિષયી સુખ) અનન્તગુણુ કહ્યું છે. એ પ્રમાણે જો સંસારી ભોગી જીવોમાં પણ વિષય સુખથી કામવૃત્તિવાળું અવિષયી સુખ અનંત ગુણુ છે, તો પછી જેઓ સંસાર વાસના છોડી યોગી થયા છે તેવા યોગી મહાત્માઓનું કામવાસના વિનાનું અવિષયી સુખ અનંતગુણુ હોય તેમાં શું નવાઇ!

તથા લોકમાં અન્ય મતવાળાઓ વિષ્ણુને ભગવાન તરીકે

માને છે અને વિષ્ણુની સ્ત્રી લક્ષ્મી છે એમ પુરાણુ વિગેરે લોકશાસ્ત્રમાં આવે છે, તેમને રહેવાનું સ્થાન વૈકુંઠ છે, તેથી કવિ કહે છે કે વૈકુંઠ લોકમાં વિષ્ણુ ભગવાન પોતાની લક્ષ્મી નામની સ્ત્રી સાથે સેંકડો વાર વિષય વિલાસ કરીને સુખ અનુભવે છે તે વિષ્ણુ ભગવાનના વિષય સુખથી પણુ યોગી મહાત્મા નિષ્કામ વૃત્તિવાળું એટલે કામવાસના વિનાનું જે આત્મિક સુખ અનુભવે છે તે ઘણું જ વધારે અને નિર્મલ છે, કારણુ કે વિષ્ણુ ભગવાનનું લક્ષ્મી સાથેનું વિષય સુખ પુદ્ગલાનંદ રૂપ અને મલિન તથા પરાધીન છે ને યોગીનું નિષ્કામ સુખ આત્માનંદ રૂપ (નિજગુણુ રમણુતા રૂપ) છે, તે સ્વભાવિક સ્વાધીન સુખ છે માટે તે અનંત ગુણુ કહ્યું છે.

તથા સૌધર્મ ઇન્દ્રાદિ ઇન્દ્રોને કોઇને ચાર કોઇને આઠ વિગેરે જુદી જુદી સંખ્યામાં મુખ્ય ઇન્દ્રાણીઓ હોય છે, ને એકેક ઇન્દ્રાણીને હજાર હજાર દેવીઓનો પરિવાર હોય છે. તેમજ એકેક ઇન્દ્રાણી ઇન્દ્રની સાથે કામ ક્રીડા કરતી વખતે હજારો બીજાં રૂપો આબેહૂબ પોતાના રૂપ જેવાં નવાં બનાવે છે, ને આ પ્રમાણે લગભગ હજારો ઇન્દ્રાણીઓની સાથે ને પોતાના પરિવાર તરીકે ગણુાતી બીજી દેવાંગનાઓની સાથે કામક્રીડા કરવાના પ્રસંગે ઇન્દ્ર પણુ પોતાની વિશિષ્ટ વૈક્રિય લબ્ધિથી એકી સાથે પોતાના તેટલાં એક સરખાં રૂપ બનાવે છે. આ વખતે ઇન્દ્રને જેટલો સુખાનુભવ થાય છે તેથી પણુ અનંતગુણુ ખરા સુખનો અનુભવ તત્ત્વાર્થની વિચારણા કરવામાં લીન, નિષ્કામ યોગી મહાત્માઓને હોય છે, એટલું જ નહિં

પરન્તુ ત્રણે લોકનાં પૌદ્‌ગલિક સુખનો રાશિ એકત્ર કરીએ તો વીતરાગ યોગી મહાપુરૂષોના સુખના અનન્ત વર્ગ મૂળ જેટલો પણ ન થાય. એ પ્રમાણે કહેવાનું તાત્પર્ય એ છે કે કામ સુખ કરતાં નિષ્કામ વૃત્તિવાળું સુખ અનંત ગુણુ ને કોઇ અલૌકિક પ્રકારનું છે, આ બીનાને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ ભોગ તૃષ્ણાને તરછોડીને ત્યાગ ધર્મની સેવના જરૂર કરવી જોઇએ. કારણ કે ત્યાગ ધર્મની સેવનાથી અલૌકિક, સ્વાધીન,સ્થિર સુખનો અનુભવ થાય છે, આવું જ્ઞાનદૃષ્ટિથી નક્કી કરીને પરમ તારક શ્રી તીર્થંકર દેવો તેજ વર્તમાન ભવમાં મોક્ષે જવાનું જાણે છે, છતાં ત્યાગ ધર્મ (ચારિત્ર) ની પરમ ઉલ્લાસથી સેવના કરે છે. તો પછી જેમને ખબર પણ નથી કે અમારી કેટલામા ભવે મુક્તિ થશે? એવા આપણા જેવા પામર જીવોએ તે ત્યાગ ધર્મની સાધના જલ્દી ચેતીને વધારે પ્રમાણમાં જરૂર કરવી જ જોઇએ. જે સુખમાં અમુક ટાઇમે પાછું દુ:ખ આવીને ઉભું રહેતું હોય, અને જે પર વસ્તુને આધીન હોય, તે સુખને વાસ્તવિક સુખ તરીકે માની શકાય જ નહિ. આવીજ ભાવનાથી આ અવસર્પિણીમાં થયેલા બાર ચક્રવર્તિ રાજામાંના ઘણાં ચક્રવર્તિઓએ પણ ત્યાગ ધર્મની સાધના કરીને આત્મ કલ્યાણ કર્યું છે. વિશેષ બીના શ્રી દેશના ચિંતામણીના પ્હેલા ભાગમાં જણાવી છે. ચાલુ પ્રસંગે ગજસુકુમાલ, મહાબલ કુમાર વિગેરેના દૃષ્ટાંતો જરૂર યાદ કરવા. તે ઉપદેશ પ્રાસાદમાં વિસ્તારથી જણાવ્યા છે. ૭૨

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં યોગી મહાત્માઓ

તપશ્ચર્યાથી દુર્બળ થયા હોય તો પણ તેવી દુર્બળતાથી તેઓ વધારે શોભે છે તે વાત દૃષ્ટાંત દઇને સમજાવે છે—

२ १ ४ ३
**मध्यक्षामतया योषित्तपःक्षामतया यतिः ।**
७ ५ ६ ८ ११ ९ १०
**मुखक्षामतया चाश्वो, राजते न तु भूषणैः ॥७३॥**

**मध्य**=કેડનો ભાગ
**क्षामतया**=દુર્બળ, પાતળો હોવાથી
**योषित्**=સ્ત્રી
**तपः**=તપશ્ચર્યા વડે
**क्षामतया**=કૃશ, પાતળો, દુર્બળ થવાથી
**यतिः**=સાધુ
**मुखक्षामतया**=મુખ પાતળું હોવાથી
**अश्वः**=ઘોડો
**राजते**=શોભે છે
**न तु**=પરન્તુ નહિં, નથી જ
**भूषणैः**=આભૂષણોથી, ઘરેણાંથી

પાતળા કટિ ભાગથી નારી જ જેવી શોભતી,
તેવી ન આભૂષણ વડે તિમ પાતળા મુખથી થતી;
શોભાજ ઘોડાની વળી તપથી બને મુનિ પાતળા,
તેહવી કૃશતા વડે મુનિ શોભતા ગુરૂ વ્રતધરા. ૨૫૪

અક્ષરાર્થ—જેમ કેડનો ભાગ પાતળો હોયાથી સ્ત્રી શોભે છે, મુખ પાતળું હોવાથી ઘોડો શોભે છે, પરન્તુ એ બન્ને આભરણ અલંકારથી શોભતા નથી, તેમ સાધુ તપશ્ચર્યાથી પાતળા હોય તો પણ શોભે છે. (પણ વસ્ત્ર કંબલ આદિકથી તેવા શોભતા નથી). ૭૩

સ્પષ્ટાર્થ—સ્ત્રીની કેડ પાતળી હોય તો શોભે છે, અને તે કારણથી જ સ્ત્રીની કેડને કેસરી સિંહની કેડની ઉપમા આપવામાં આવે છે, કારણ કે સિંહની કેડ પણ બહુ જ પાતળી હોય છે (તેથી સિંહ વધારે શોભે છે), તેમજ ઘોડાનું મુખ પાતળું હોય તો તે ઘોડો શોભે છે, અર્થાત્ સ્ત્રીને અને ઘોડાને સારાં આભરણ પ્હેરાવ્યાં હોય છતાં અનુક્રમે જો કેડ જાડી હોય અને મુખ જાડું હોય તો આભરણ પ્હેર્યાં છતાં પણ સ્ત્રી અને ઘોડો શોભતાં નથી. એ પ્રમાણે જેમ સ્ત્રી અને ઘોડો અનુક્રમે પાતળી કેડથી અને પાતળા મુખથી શોભે છે તે પણ સ્વાભાવિક રીતે પાતળી કેડ અને મુખથી જ શોભે છે. પરન્તુ રોગાદિકના કારણે પાતળાપણું થયું હોય તો તેવા શોભતાં નથી, તેમ સાધુ પણ તપશ્ચર્યાથી પાતળા અથવા દુર્બળ થયા હોય તો ઘણા શોભનિક લાગે છે, પરન્તુ રોગાદિકના કારણથી પાતળા અથવા દુર્બળ થયા હોય તો તેવા શોભતા નથી, કારણ કે સાધુ મહાત્માનો તપશ્ચર્યા એ જ મુખ્ય ગુણ છે અને તપશ્ચર્યાથી શરીર પાતળું જ થાય પરન્તુ જાડું થાય નહિં, માટે ખાઈ પીને હૃષ્ટ પુષ્ટ રહેતા સાધુની પાસે ભલે કંબળ દંડ રજોહરણ (ઓઘો) વિગેરે સાધુનો વેષ હોય છતાં પણ ગુણ વિના તે શોભે કેવી રીતે? અર્થાત્ ન જ શોભે. અહિં સાર એ છે કે સાધુએ છતી શક્તિએ તપશ્ચર્યા કરવી, અને તેથી શરીર પાતળું થાય તો તેમાં કંઇ હીણપત નથી, પરન્તુ એ પાતળા પણું વધારે શોભા પાત્ર છે. ૭૩

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં જે યોગીશ્વર

સ્ત્રીઓના પ્રેમવાળા હાવભાવથી પણ ક્ષોભ પામતો **નથી** તે જ યોગીશ્વર યોગમાં વિજય પામે છે એ વાત જણાવે છે—

**तन्व्या श्रोत्ररसायनेन वचसा, सप्रेमसंभाषितः ।**
**सर्पत्कोपविपाकपाटलरुचा, संवीक्षितश्चक्षुषा ॥**
**सद्योगान्न तिलाग्रमात्रमपि यः, संक्षोभितुं शक्यते ।**
**रागद्वेषविवर्जितो विजयते, कोऽप्येष योगीश्वरः ॥७४॥**

**तन्व्या**=સ્ત્રીએ
**श्रोत्ररसायनेन**=કાનને અમૃત સરખાં મીઠાં લાગે એવા
**वचसा**=વચન વડે
**सप्रेम**=પ્રેમ સહિત
**संभाषितः**=બોલાવ્યા છતાં પણ
**सर्पत्**=ફેલાતા
**कोपविपाक**=ક્રોધ વિપાકથી, ક્રોધથી
**पाटलरुचा**=પાટલ વૃક્ષનાં લાલ પાંદડાં જેવી કાંતિવાળાં (વાળી)
**संवीक्षितः**=જોયા છતાં પણ
**चक्षुषा**=આંખે
**सद्योगात्**=પોતાના ઉત્તમ સંયમ યોગથી
**न**=નથી
**तिलाग्रमात्रं**=તલના અગ્રભાગ માત્ર પણ, લગાર પણ
**यः**=જે યોગી
**संक्षोभितुं**=ક્ષોભ પમાડી
**शक्यते**=શકાય
**रागद्वेषविवर्जितः**=રાગ અને દ્વેષ રહિત
**विजयते**=વિજય પામે છે, વિજયવંત વર્તે છે
**कोऽपि**=કોઇકજ
**एष**=એ, એવો
**योगीश्वरः**=યોગીશ્વર, યોગી મહાત્મા.

યોગમાંથી ભ્રષ્ટ કરવા સ્ત્રી ઘણાં સામર્થ્યને,
ધારતી તે કાનને અમૃત સરીખા વચનને;
ઉચ્ચારતી બહુ પ્રેમ સાથે યોગીને બોલાવતી,
ના બોલતા યોગીશ ત્યારે ક્રોધથી રાતી થતી. ૨૫૫

નાંખી કટાક્ષો દેખતી નિજ કાર્ય સિદ્ધિ સાધવા,
યોગીને ધમકાવતી કરતી વિવિધ રંગો નવા;
રાગના ને દ્વેષના આ અવસરે જે યોગથી,
લેશ પણ ખસતા નથી તે વંદનીય છે સર્વથી. ૨૫૬

કોઇ વિરલા તેહવા યોગી વિજયને પામતા,
પાવન કરે નિજ પાદ રજથી ભવ્ય જનને તારતા;
કાષ્ટ કેરા વ્હાણ જેવા તેહવા યોગીશ્વરા,
સેવવા મન રંગથી એવું કહે તીર્થંકરા. ૨૫૭

અક્ષરાર્થ—સુંદર અંગવાળી કોઈ નાજુક સ્ત્રી યોગીને કાનમાં અમૃત સરખાં મીઠાં લાગે એવાં મધુર વચનોથી પ્રેમ પુર્વક બોલાવે. અથવા ( યોગી પોતાને આધીન ન થવાથી ) ફેલાતા ક્રોધથી પાટલ વૃક્ષના લાલ પાંદડાં જેવા લાલ ચોળ સરખાં નેત્રોથી જુએ, છતાં પણ જે યોગી મહાત્માને તેવી પ્રેમી અથવા ક્રોધી સ્ત્રી તેમના ઉત્તમ ધર્મ યોગમાંથી-ધ્યાનમાંથી ચળાયમાન કરી શકે નહિં તેવા કોઈક જ ઉત્તમ યોગીઓ આ જગતમાં વિજયવંત વર્તે છે. કે જેઓ સ્ત્રીના પ્રેમથી કે ક્રોધથી ચળાયમાન થતા નથી. ૭૪

સ્પષ્ટાર્થ—ખરા યોગી મહાત્મા તે જ ગણાય કે જે યોગી મહાત્માઓને સુંદર સ્વરૂપવાળી સોલ શણગાર સજેલી અને મનોહર અભિનયવાળી (લટકા મટકાવાળી) એવી નાજુક સ્ત્રી જેની પાસે આવી હાવભાવ દેખાડી વિલાસનાં મધુર વચનો કહે કે જે કામીને મન અમૃત સરખાં લાગે અને પ્રેમ પૂર્વક બોલાવે તો પણ તેનાં પ્રેમવાળાં મધુર વિલાસી વચનો જેને ઝેર જેવાં લાગે અને તેની અવગણના કરી વિચારે કે અહો! કામદેવનું સામ્રાજ્ય! કે જેના સ્ત્રી રૂપી સુભટો ભલભલા દેવો દાનવો ઈન્દ્રોને પણ તાબે કરી નાખે છે. પાર્વતીનું મોહિની રૂપ દેખી જગતનો સંહાર કરનાર કહેવાતા મહાદેવ જેવા પણ ચળાયમાન થઈ ગયા. સાવિત્રીના મોહમાં જગતના સર્જનહાર કહેવાતા બ્રહ્મા પણ ફસાઈ ગયા, અને જગતનું રક્ષણ કરનાર ભગવાન કહેવાતા વિષ્ણુ તો સ્ત્રીઓને દેખીને જ ગાંડા ઘેલા થઇ ગયા, અને એક સાધારણ ગૃહસ્થને છાજે તેટલી પણ લાજ શરમ છોડીને બેશરમા બની ગયા, અને ભોગના દાસ થઈ ગયા. માટે હે આત્મા! એવા બળવાન સ્ત્રી સુભટથી બચવાને માટેજ તેં ઘરબાર છોડયું, ગામ છોડી જંગલમાં રહેવું પસંદ કર્યું, ઘરની મનગમતી રસવતીઓ છોડી ઘેરે ઘેર ભિક્ષા માગી લૂખું પાખું ખાવાનું અને અનેક પ્રકારની તપશ્ચર્યા કરવાની શરૂ કરી, માટે જો હવે તું આ નાજુક સુંદર સ્ત્રીનાં મધુર વચનોથી લોભાઇશ તો ત્હારી પણ એ મહાદેવ વિગેરેના જેવી બૂરી દશા થશે, અને તું ચોરાશીના ચક્કરમાં રખડી પડીશ, આ પ્રમાણે શુભ ધ્યાનમાં રહી

સ્ત્રીનાં વચનોની અવગણના કરે અને તેના મોહમાં ન ફસાય, સંયમમાં સ્થિર રહે, તે જ ખરો યોગી ગણાય.

તથા તેવી સ્ત્રી મીઠાં મધુર વચનોથી યોગીને-સાધુને લોભાવવાનો ઉદ્યમ કરે છતાં જો તે ઉદ્યમમાં નાસીપાસ થાય તો ( એટલે યોગી સ્ત્રીને આધીન ન થાય તો ) ક્રોધથી લાલ આંખો કરી સાધુની સામે તેવી પ્રેમ ભરી ક્રોધ નજર કરી ઠપકો આપે તો તેવા પ્રેમ ભર્યા કોપથી પણ જે ચળાયમાન ન થાય તેમ જ સ્ત્રી કદાચ ખરો ક્રોધ કરી પોતાને આધીન થવાને ડર બતાવે તો તે પણ ન ગણકારે, પરન્તુ પોતાના આત્મ સ્વરૂપમાં મગ્ન રહે તેજ ખરો યોગી મુનિ કે સાધુ કહેવાય.

એ પ્રમાણે એવી પ્રેમી અને પ્રેમ ગર્ભિત કોપ દેખાડતી સ્ત્રીઓ પણ જે યોગીને પોતાના ધર્મ યોગમાંથી ચળાયમાન ન કરી શકે તેવો યોગી જ ખરો યોગી મહાત્મા ગણાય. આ શ્લોકનું રહસ્ય એ છે કે યોગીએ એટલે પંચ મહાવ્રતધારી સાધુએ કોઇ પણ સ્ત્રીને રાગથી જોવી નહિ, તેમ તેના કામગર્ભિત શબ્દો પણ સાંભળવા જ નહિ. અને તપશ્ચર્યાદિકથી કામ વિકારોનો પરાજય કરવો. અહીં દૃષ્ટાંતો છે કે જે રૂકિમણીએ વજ્ર સ્વામીને વરવા પ્રતિજ્ઞા કરી હતી અને જેનાં માતાપિતા પણ ધન સાથે પુત્રીને બહુ વિનવણી કરતા હતાં છતાં પણ શ્રી વજ્રસ્વામીએ પોતાના પર અતિ પ્રેમવાળી શેઠની સ્વરૂપવતી પુત્રીને પણ ગણકારી નહિ, અને સમજાવીને સાધ્વી બનાવી. તેમજ અતિ સ્વરૂપવંત

આઠ ભવની પ્રીતિવાળી અને નવમા ભવમાં પણ પોતાની ઉપર જ અતિ પ્રેમવાળી રાજીમતીએ તોરણથી રથ પાછો ફેરવતી વખતે ઘણી ઘણી પ્રેમ ભરી વિનંતિ કરી છતાં શ્રી નેમિનાથ ભગવંતે તેનાં વચનો જરા પણ ગણકાર્યાં નહિં, અને તેનો ત્યાગ કરીને ચારિત્રમાં લયલીન થયા.

તેમજ રાણીની ઘણી પ્રેમ ભરી વિનંતિ છતાં એક શીલની જ ખાતર સુદર્શન શેઠે તેની દરકાર ન કરી અને પોતે નપુંસક છે એમ જણાવ્યું, પરંતુ પાછળથી નપુંસક નથી એમ રાણીને ખબર પડતાં ફરીથી પોતાના મહેલમાં બોલાવી તેણીએ ક્રોધમાં આવીને ઘણા ઉપસર્ગો કર્યા છતાં પણ સુદર્શન શેઠ શીલધર્મમાં અડગ રહ્યા, અને રાજાને આ વાતની ખબર પડતાં સુદર્શન શેઠને શૂળીએ ચઢાવ્યા, છતાં શીલના પ્રભાવે શૂળી તે સિંહાસન રૂપે થઈ ગઇ.

તથા એકને અંધારા પખવાડીઆમાં શીલ પાલવાની ને એકને અજવાળીઆ પખવાડીઆમાં શીલ પાલવાની પ્રતિજ્ઞા હતી. એક બીજાના અજાણપણમાં તે બંનેના લગ્ન થયા છતાં યાવજ્જીવ સુધી એક શયનમાં સૂવા છતાં પણ અખંડ શીલવ્રતને પાલનારા વિજય શેઠ ને વિજયા શેઠાણીને હું હંમેશાં હાથ જોડીને વારંવાર પરમ ઉલ્લાસથી વંદન કરૂં છું.

એ પ્રમાણે સ્ત્રીને વશ નહિં થનારા મહા શીલવ્રત ધારક ભવ્ય જીવો ભૂતકાળમાં ઘણાં થઇ ગયા છે, તેમનાં પવિત્ર જીવન યાદ કરીને પણ જે સ્ત્રીનાં પ્રેમ ભરેલાં વચનોથી

લોભાય નહિં તે જ ખરો યોગી કહેવાય, તે જ ખરા સાધુ કહેવાય, તે જ ખરા મુનિ કહેવાય. આ શ્લોકનું રહસ્ય એ છે કે નિર્વિકારી મનને લઈને જ ખરૂં યોગિપણું ટકી શકે છે, આ વાતને લક્ષ્યમાં લઈને જ શ્રી શય્યંભવ સૂરિમહારાજે શ્રીદશ વૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે—

कहण्णु कुज्जा सामण्णं, जो कामे न निवारए ॥
पए पए विसीअंतो, संकप्पस्स वसंग ओ॥ १ ॥

અર્થ—જે સાધુઓ સ્ત્રીઓના શબ્દ સાંભળવા, રૂપ જોવા વિગેરે કામવાસનાને પ્રકટ કરાવનારા સાધનોનો ત્યાગ ન કરે, તે સાધુ "ભોગના સ્ત્રી વિગેરે સાધનો મને કઈ રીતે મળે" આવા વિચારમાં પડીને ઠેકાણે ઠેકાણે ખેદ પામે છે, જ્યાં ખરૂં યોગિપણું છે, ત્યાં સ્ત્રી પરિચય હોય જ નહિ. સંયમથી ભ્રષ્ટ કરનારાં ઘણાં સાધનોમાં મુખ્ય સાધન સ્ત્રી પરિચય છે. નિરભિલાષ સંયમ જીવન રૂપી બગીચામાં ફરનારા મુનિ મહાત્માઓ, તેવા સ્ત્રી પરિચયાદિથી અલગ રહીને મુક્તિ રૂપી સ્ત્રીને મેળવવા માટે જ સતત પ્રયત્ન શીલ હોય છે, આ પ્રસંગને અમુક અંશે શ્રી સ્થૂલિભદ્રનું જીવન પણ મજબૂત બનાવે છે. તે શ્રીદેશના ચિંતામણીમાં જણાવ્યું છે. ૭૪

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં કામીજનોની ઘેલછા જણાવે છે—

६ ७
आताम्रायतलोचनातुरमिदं, न्यक्कारवाङ्निंदितं ।
८ ९
बद्धभ्रूकुटिभालभीममधरप्रस्पंददुर्दर्शनम् ॥
१० ३ ४ ५ १२ ११ २
व्यालोलालकसंकुलं कृशतनोः कोपेऽपि कान्तं मुखं ।
१३ २ १ १४ १५
पश्यन्ति स्मरविह्वलीकृतहृदो ही कामिनां मूढता ॥७५॥

आताम्र=અતિશય રાતાં
आयत=લાંબાં, વિશાળ
लोचनातुरं=નેત્ર (આંખ) વાળું
इदं=આ
न्यक्कारवाङ्=તિરસ્કારનાં વચનો વડે
निंदितं=નિંદનીય, નિંદા કરતું
बद्ध=બાંધેલ, ચઢાવેલ
भ्रूकुटि=ભ્રૂકુટિ, ભવાં છે, જેમાં એવા
भाल=કપાળ વડે
भीमं=ભયંકર (બીહામણું) લાગતું
अधर=હોઠના
प्रस्पंद=ફફડવા વડે, હાલવાથી
दुर्दर्शनं=દુઃખે કરીને દેખી શકાય એવું, નહિં જોવા લાયક
व्यालोल=ચપળ, છૂટા
अलक=વાળ વડે, કેશ વડે
संकुलं=વ્યાપ્ત, ભરેલું
कृशतनोः=દુર્બળ દેહવાળી સ્ત્રીનું
कोपेऽपि=ક્રોધમાં પણ; સ્ત્રીની ક્રોધી અવસ્થા છતાં પણ
कान्तं=મનોહર (છે)
मुखं=મુખ, મોઢું
पश्यन्ति=દેખે છે, માને છે
स्मर=કામદેવથી, વિષયવાસનાથી
विह्वलीकृत=ડામાડોળ થયેલ છે
हृदः=હૃદય જેમનું
ही=અરે, ખેદની વાત છે કે
कामिनां=કામી પુરૂષોની
मूढता=મૂઢતા, મૂર્ખાઈ, ઘેલછા

સ્ત્રીનું પ્રસન્ન મુખ જોઈ કામી જન ધરે આનંદને,
એમ હોવે પણ કદાપિ કોપવાળા વદનને;

પ્રિય ગણીને નિરખતા ધિક્કાર તેના રાગને,
ક્રોધવાળી નારના ધરતા નયન રાતાશને. ૨૫૮

તરછોડતા તે વચન બોલે આકરા અણછાજતા,
ભ્રકુટી ચઢાવીને બતાવે ભાલ ભીમ તિમ ફરકતા;
હોઠ તેણીના પરસ્પર વાળ વિખરી જાય છે,
કામ કેરા સંગથી બરબાદ જીવન થાય છે. ૨૫૯

**અક્ષરાર્થ**—કામદેવ વડે (વિષય વાસના વડે) ડામાડોળ બનેલ હૃદયવાળા કામીજનો ક્રોધથી અતિશય લાલચોળ બનેલું અને વિશાળ નેત્રવાળું, (સ્ત્રીનું મુખ) તથા તિરસ્કારનાં વચનોથી નિંદનીય, અથવા કામીજનને નિંદતું, તથા ક્રોધથી ચઢાવેલી ભમ્મરોવાળા કપાળ વડે ભયંકર દેખાતું, તથા હોઠના ફફડાટથી દુઃખે કરી જોઈ શકાય એવું અને બહુ હાલતા છૂટા કેશવાળું એવું ક્રોધ થાય તે વખતનું સ્ત્રીનું દુષ્ટ મુખ પણ બહુ સુંદર લાગતું હોય એમ (કામી જનો) દેખે છે, (માને છે) ખેદની વાત છે કે કામીજનોની આ કેવી મૂઢતા, મૂર્ખતા છે! ૭૫

**સ્પષ્ટાર્થ**—સ્ત્રીનું આનંદી મુખ જોઇને અને પ્રેમ ભરેલા મધુર વચનો સાંભળીને અને પ્રેમ ભર્યા હાવભાવ જોઇને કામીના હૃદયમાં આનંદ થાય અને પ્રેમ જાગે એ તો સાધારણ રીતે સમજાય તેવી વાત છે, પરન્તુ સ્ત્રીના કોપવાળા મુખને જોઇને પણ કામીજન આનંદ પામે એ કઇ જાતનો મોહ! કે જે વખતે સ્ત્રીએ ક્રોધથી લાલચોળ જેવી આંખો

કરી હોય. તે સ્ત્રી કામી પ્રત્યે (કામીને ઉદ્દેશીને) તિરસ્કારનાં વચનો બોલતી હોય એટલે હે મૂઢ! મારી પાછળ ભમનારા અને મને જ દેખી રહેલા તને ધિક્કારે છે, એમ બોલે છે. વળી ઘરમાં સ્ત્રીની સાથે કલેશ થાય છે ત્યારે પણ સ્ત્રી ધણીને અનેક દુર્વચનો બોલી નિર્ભ્રછના (તિરસ્કાર) કરે છે, હડકાયા કૂતરાની માફક હાંકી કાઢે છે, લોકને ભેગા કરી પુરૂષની ફજેતીના ફાળકા કરે છે, ભ્રકુટી ચઢાવી (ભવાં ચઢાવી) ભયંકર લલાટ કરે છે, હોઠ ફફડાવે છે, બડબડતી જાય છે, અને કેશ છૂટા રાખી ભૂતડીના જેવું ભયંકર રૂપ ધારણ કરે છે, તો પણ વિષયનો લાલચુ કામી પુરૂષ તેવા ભયંકર મુખને પણ સુંદર મુખની માફક જુએ છે, એટલે એમ માને છે કે– "આ સ્ત્રીનું મોઢું કેવું સુંદર છે? બહુ જ મનોહર છે." કામવાસનાના પાપથી દીન–ગરીબ ગાય જેવો અને રંક જેવો બની જાય છે, સ્ત્રી જે કહે છે તે હાજર કરી આપે છે, જ્યાં બેસવાનું કહે ત્યાં બેસે છે ને ઉભો રહેવાનું કહે તો ઉભો રહે છે. એ પ્રમાણે મદારીના માંકડાની માફક સ્ત્રી નચાવે છે, હાડ હાડ કરે છે, તો પણ ભટકતા ભૂતની માફક કામીજન તેવી સ્ત્રીની પાછળ પણ ભમ્યા કરે છે અને ગુલામગીરી ઉઠાવે છે. અહો! કામદેવને વશ થયેલા પુરૂષો કેટલા બધા દિઙ્‌મૂઢ બની જાય છે, આવા વિષયાંધપણાને ધિક્કાર છે. ધન્ય છે યોગી મહાત્માઓને કે જેઓ સ્ત્રીઓની ગુલામગીરીથી મુક્ત થઈ આત્મ સ્વરૂપમાં સદા આનંદી રહે છે, ભવ્ય જીવોએ સ્ત્રીની બાબતમાં કેવી વિચારણા કરીને શીલ ધર્મને ટકાવવો? આ બાબત શ્રી સૂત્રકૃતાંગ (સૂયગડાંગ) સૂત્રના ત્રીજા ઉપસર્ગાધ્યયનમાં કહ્યું છે કે—

जहा नई वेयरणी, दुत्तरा इह सम्मता ।
एवं लोगंसि नारीओ, दुरुत्तरा अमईमया ॥ १६ ॥

અર્થ—જેમ વૈતરણી નદી મધ્યમાં અતિશય વેગવાળી અને વિષમ કિનારાવાળી હોવાથી મહા દુઃખે કરીને તરી શકાય છે, તેમ આ લોકને વિષે વિવેક રહિત અલ્પ સત્ત્વવાળા જીવોથી સ્ત્રીઓ પણ દુઃખે તરવા યોગ્ય (બહુ જ મુશ્કેલીથી જાણી શકાય એવા હૃદયવાળી હોય) છે અથવા સ્ત્રીઓના ઉપસર્ગ (જુલમો) મહા દુઃખે કરીને હઠાવી શકાય તેવા છે. ૧૬

અહિં સાર એ છે કે સ્ત્રીનું ક્રોધવાળું મુખ પણ કામીજનને સુંદર લાગે છે તે એક મોહનીય કર્મની જ વિચિત્રતા (મોહનો જ પ્રભાવ) છે, અને તે કામીજનની હદપાર મૂઢતા (મૂર્ખાઈ, ઘેલછા) છે. આ બીનાને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ સ્ત્રીના સંગથી સર્વથા દુર રહી સ્વપર હિતકારી લોકોત્તર કલ્પવૃક્ષની જેવા શ્રી જિન ધર્મને સાધીને મુક્તિપદ મેળવવું જોઇએ. ૭૫

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં સમજુ ભવ્ય જીવોએ શોક એ અનેક દોષોને ઉત્પન્ન કરનાર છે એમ વિચારીને તે (શોક)ન કરવો જોઈએ, તે બીના જણાવે છે—

३ ४ ५ ६ ७
कौशल्यं प्रविलीयते विकलता, सर्वांगमाश्लिष्यते ।
८ ९ १० ११ १२ १३
ज्ञानश्रीः प्रलयं प्रयाति कुमतिः, प्रागल्भ्यमभ्यस्यति ॥

१४ १५ १६ २० १९ १८ १७
**धर्मोऽपि प्रपलायते कलयति, स्थेमानमंहः परं ।**
१ २ २४ २१ २२ २३ २५
**यस्माच्छोकवशात्कथं स विदुषा, संसेवितुं युज्यते ॥७६॥**

**कौशल्यं**=હોંશિયારી
**प्रविलीयते**=નાશ પામે છે
**विकलता**=ગાંડાપણું
**सर्वांग**=આખા શરીરને (માં)
**आश्लिष्यते**=ભેટે છે, ફેલાય છે
**ज्ञानश्रीः**=જ્ઞાનરૂપી લક્ષ્મી
**प्रलयं**=વિનાશને
**प्रयाति**=પામે છે
**कुमति**=દુર્બુદ્ધિ
**प्रागल्भ्यं**=મજબૂતાઈને
**अभ्यस्यति**=પામે છે
**धर्मोऽपि**=ધર્મ પણ
**प्रपलायते**=પલાયમાન થાય છે, નાશી જાય છે
**कलयति**=કરે છે
**स्थेमानं**=સ્થિરતા, દૃઢતા
**अंहः**=પાપ
**परं**=ઉત્કૃષ્ટ, વધારે, બહુ, અતિશય
**यस्मात्**=જે
**शोकवशात्**=શોકના વશથી
**कथं**=શી રીતે, કઈ રીતે
**स**=તે (શોક)
**विदुषा**=બુદ્ધિમાને
**संसेवितुं**=સેવવો, કરવો
**युज्यते**=જોઈએ

પ્રિય વસ્તુ ચાલી જાય કે પુત્રાદિ પામે મરણને,
તેવા પ્રસંગે મોહથી જ ન થઇ જતા વશ શોકને;
પણ શોકથી નાશે કુશળતા તન વિષે બેભાનતા,
પ્રકટે વિનાશે જ્ઞાન વધતી કુમતિ ધર્મ વિણાસતા. ૨૬૦

મજબૂત હોવે પાપ તેવો શોક જાણી સમજુએ,
કરવો ઉચિત ના તે પ્રસંગે વસ્તુ તત્ત્વ વિચારીએ;

જે છે વિનશ્વર તેજ વિણસે શાશ્વતો હું માહરી,
જ્ઞાનાદિ ચીજ ગઇ નથી મમતા તિહાં છે માહરી. ૨૬૧

**અક્ષરાર્થ**—જે શોકના વશથી એટલે જે શોક કરવાથી કુશળ (હોંશિયાર) પુરૂષોની હોંશિયારી નાશ પામે છે, ગાંડાપણું આખા શરીરમાં ફેલાય છે. જ્ઞાન રૂપી લક્ષ્મી નાશ પામે છે, દુર્બુદ્ધિ પોતાના ચાતુર્યને-મજબૂતાઇને વધવાનો અભ્યાસ કરે છે, એટલે દુર્બુદ્ધિ મજબૂત થાય છે અથવા વધે છે. ધર્મ પણ દૂર ભાગી જાય છે (અત્યંત નાશ પામે છે,) અને પાપ અતિશય સ્થિર થાય છે. એવો તે શોક પંડિત પુરૂષથી કઇ રીતે સેવી શકાય? એટલે જે પંડિત (સમજુ) હોય તે તો શોક કરે જ નહિ. ૭૬

**સ્પષ્ટાર્થ**:—આ શ્લોકમાં કવિ શોક ન કરવો જોઇએ. એમ જણાવે છે, કારણ કે શોક કરવાથી કુશળ (હોંશિયાર, ચતુર) પુરૂષોની કુશળતા (હોંશિયારી) નાશ પામે છે. અહિં શોક અથવા ચિંતા (આર્ત્ત ધ્યાનના વિચારો) એ એક જ છે, અને ચિંતાના જે અવગુણો લોક પ્રસિદ્ધ છે તે આ પ્રમાણે જાણવા--

चिंतासें चतुराइ घटे, घटे रूप ऑर रंग।
चिंता बडी अभागणी, चिंता चिता समान ॥१॥

**અર્થ**—ચિંતાથી ચતુરાઇ ઘટે છે, શરીરનું રૂપ રંગ ઘટે છે, માટે ચિંતા મોટી અભાગણી (નુકશાન કરનારી)

છે, અને ચિંતા એ ચિતા સરખી છે, એટલે ચિતામાં જેમ માણુસનું મુડદું બળી રાખ થઇ જાય છે તેમ ચિંતાથી પણ માણુસ મનમાં બળી બળીને ખાખ થઇ જાય છે, અને પરિણામે ( છેવટે ) મરણ પણ પામી જાય છે. માટે ચિંતા ન કરવી જોઇએ. વળી ચિંતાના સંબંધમાં કોઇ કવિ ચિતાની સાથે ઉત્પ્રેક્ષા કરે છે કે, જો ચિંતા ચિતા સરખી છે તો ચિતા શબ્દ અનુસ્વાર વિનાનો છે ને ચિંતા શબ્દ અનુસ્વારના અક્ષર વડે અધિક કેમ છે? તેનો ઉત્તર આપે છે કે ચિતા તો જીવને-મુડદાને એક જ વાર બાળનારી છે અને ચિંતા વારંવાર તથા ભવો ભવ બાળનારી છે. કારણ કે જીવતો મનુષ્ય ચિંતા વડે વારંવાર બળ્યા કરે છે, સુકાતો જાય છે તથા તે આર્ત ધ્યાન રૂપ ચિંતા વડે ઘણાં કર્મ બાંધી ભવો ભવ દુઃખી થાય છે. તેમજ ચિંતા એ દેખીતી બાહ્ય અગ્નિ છે, અને ચિંતા એ ન દેખાય એવો અંદરનો ( હૃદયનો ) અભ્યન્તર અગ્નિ છે, આ મુદ્દાને લક્ષ્યમાં રાખીને શબ્દ શાસ્ત્રના જાણકારોએ ચિંતામાં એક મીંડુ વધારે મૂક્યું છે.

તથા શોક ( ચિંતા ) થી તમામ શરીરમાં બેચેની (ગાંડાપણું) અને ગભરાટ ઉપજે ( થાય ) છે, તેથી જીવ આકુળ વ્યાકુળ બની જાય છે અને વિચાર શૂન્ય ( બેભાન ) બની જાય છે. તથા ચિંતાથી સ્મરણ શકિત ધીરે ધીરે ઘટી જતી હોવાથી પરિણામે ભણેલું શ્રુત જ્ઞાન અને તંત્રાદિક વિદ્યાઓ પણ નાશ પામે છે, અને તેથી દુર્બુદ્ધિ ઉત્પન્ન થાય છે, કારણ કે જેને સ્ત્રી અથવા ધન મેળવવાની ચિંતા

ઉત્પન્ન થઇ કે તરત જ તે જીવ સ્ત્રી વિગેરે પદાર્થોને મેળવવામાં રચ્યો પચ્યો રહે છે, તેથી શ્રુત જ્ઞાનાદિ નવું ભણતો નથી અને ભણેલું પણ સંભાળી નહિ શકવાથી ભૂલી જાય છે. તેમજ માયા પ્રપંચ કપટ વિગેરે અવગુણની દરકાર રાખ્યા વિના તેમજ લાજ શરમ વિગેરેની દરકાર કર્યા વિના જે તે પ્રકારે પણ સ્ત્રી અથવા ધન મેળવવાના જ વિચારમાં ને વિચારમાં એકતાન થઈ જાય છે. અને એ ચિંતા રૂપી આર્ત્ત ધ્યાન તથા રૌદ્ર ધ્યાન જેવાં દુર્ધ્યાનના પ્રતાપે ધર્મનો અથવા પુણ્યનો પણ નાશ થાય છે, એટલે શોક રહિત અવસ્થામાં જે ધર્મ સાધના ચાલુ હતી, તે પણ અટકી જાય છે, કારણ કે સ્ત્રી અને ધનની જ ચિંતામાં તલ્લીન બનેલા તે શોકવાળા જીવને ધર્મ ચિંતાનો અવકાશ જ ક્યાંથી હોય ? એટલું જ નહિં પરન્તુ ધર્માનુષ્ઠાનો કરતો હોય તે પણ પડતાં મૂકી દે છે, છ કાયની હિંસા કરે છે, જૂઠું બોલે છે, ચોરીઓ કરે છે, અને જીવ હિંસાની સાધન સામગ્રીઓ પણ ભેગી કરવા માંડે છે, અને એ પ્રમાણે કરવાથી એ સ્ત્રીલોભી અને ધનલોભીના હૃદયમાં ઉત્કૃષ્ટ પાપ સ્થિર વાસ કરી એટલે કાયમ વાસ (રહેઠાણ) કરીને રહે છે, અને પરિણામે એ જીવ દુર્ગતિએ જાય છે. આવા પ્રકારનો શોક એટલે ચિંતા અથવા દુર્ધ્યાન સાધારણ મનુષ્યને પણ કરવું વ્યાજબી નથી તો પછી શાસ્ત્રના જાણકાર પંડિતોને તો કરવા લાયક હોય જ ક્યાંથી ? પંડિત પુરૂષો તો જીવ અને કર્મનો સંબંધ હંમેશા વિચારે છે, અને તેથી તેઓ આ પ્રમાણે વિચારે છે કે ઈષ્ટ (વ્હાલા) સ્ત્રી ધન

વિગેરે પૂર્વ ભવની પુણ્યાઇના પ્રમાણે મળે છે, જો પૂર્વ ભવમાં સુકૃત (પુણ્ય) ઉપાર્જન કર્યું હશે તો આ ભવમાં સુખનાં સાધન મળ્યા વિના રહેવાનાં જ નથી, તો પછી તેની પાછળ શોક ચિંતા કરવી શા કામની? અને મુમુક્ષુ (મોક્ષને ચાહનારા) પંડિતો સ્ત્રી ધન વિગેરે સુખનાં સાધન મળ્યાં હોય તો પણ તેને ક્ષણિક જાણીને શાલિભદ્ર વિગેરે ભવ્ય જીવોની માફક છોડવા તૈયાર થાય છે, તો તેવા ત્યાગી પંડિતોને સ્ત્રી ધન વિગેરે પદાર્થોની ચિંતા ન જ હોય? કારણ કે ત્યાગમય જીવન એ જ તદ્દન શોક વિનાનું છે. ધન્ય છે તેવા યોગીઓને કે જે યોગીઓ ભૂમિપર શયન (સૂવું) વિગેરે પોતાનો આચાર પાલવામાં સાવધાન રહીને આર્ત્તધ્યાન રૂપ ચિંતા કરતા જ નથી. તેવા મહા પુરૂષોના ખરા હિતકારી માતા પિતા વિગેરે કુટુંબી જનો આ પ્રમાણે જાણવા—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

**धैर्यं यस्य पिता क्षमा च जननी, शान्तिश्चिरं गेहिनी,**
**सत्यं सूनुरयं दया च भगिनी, भ्राता मनःसंयमः ।**
**शय्या भूमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजनं,**
**एते यस्य कुटुंबिनो वद सखे कस्माद् भयं योगिनः ॥१॥**

અર્થ—જે યોગીનો પિતા ધૈર્ય છે, ક્ષમા એ માતા છે, શાન્તિ એ દીર્ઘ કાળની સ્ત્રી છે, સત્ય એ પુત્ર છે, દયા એ બ્હેન છે, અને મનનો સંયમ એ ભાઇ છે, ( એ કુટુંબી

જનો છે) તથા ભોંયતળીયું એ પથારી છે, દિશાઓ એ વસ્ત્ર છે, અને જ્ઞાન રૂપી અમૃતનું ભોજન છે, એ પ્રમાણે જે યોગીની પાસે કુટુંબી જનો કાયમ રહે છે, તો હે મિત્ર! તું કહે કે એવા મુમુક્ષુ યોગીઓને ભય કે શોક કયાંથી હોય? એટલે એવા યોગી મહાત્માઓને લગાર પણ ભય કે શોક હોતો જ નથી. આ શ્લોકનું રહસ્ય એ છે કે, સંસારમાં સર્વે પદાર્થોનો સંયોગ અસ્થિર છે. જ્યારે ઇષ્ટ પદાર્થ ચાલ્યો જાય, કે અચાનક અનિષ્ટ જ્વરાદિની વેદના ભોગવવી પડે, તે વખતે અજ્ઞાની જીવો એમ વિચારે છે કે "હવે મને ઇષ્ટ પદાર્થ મલવો જ જોઇએ, કેમ મળતો નથી? પણ પુણ્યાઇ વિના મલી શકે જ નહિ. જ્યાં સુધી તે (પુણ્યાઇ) હતી ત્યાં સુધી ઇષ્ટ પદાર્થ પોતાની પાસે હયાતિ ધરાવતો હતો. તે ખાલી થઇ એટલે તે ચાલ્યો જાય એમાં નવાઇ શી? તે અશાતા વેદનીય કર્મના ઉદયે તને તાવ આવ્યો છે, ભોગાંતરાય કર્મના ઉદયથી તારી લક્ષ્મી ચાલી ગઇ તે તારાં બાંધેલા કર્મના જ બનાવો છે. કર્મને બાંધતી વખતે કાળજી રાખી હોત તો આ દુઃખમય સ્થિતિ આવત જ નહિ. છતાં આવી તો સમતા ભાવે કર્મ ફલ ભોગવવા. શોક કે હાયવોય કરવાથી તો શોક મોહનીય વિગેરે બીજાં નવાં ચીકણાં કર્મો બંધાય છે. જુનાં કર્મોનો પાર આવતો નથી, ત્યાં તો હે જીવ! શોક ચિંતા કરીને પાછા વધારે પ્રમાણમાં નવાં કર્મો બાંધે છે, તો આ રીતે તારો કયારે આરો આવશે? કઇ રીતે તું સંસાર સમુદ્રને તરી શકીશ? પોતાના ઘણાં પુત્રો મરી ગયા, ત્યારે સગર

ચક્રવર્તિએ હદપાર શોક કર્યો હતો, પણ જેઓ મરી ગયા તે પુત્રો કંઈ પાછા આવ્યા નહોતા. મરનાર ચાલ્યો ગયો એમ આપણે પણ એક દિવસ જરૂર ચાલ્યા જવાનું છે. જલદી ધર્મ સાધન કરી લેજો. આપણને એ મરનાર માણસ મૌન સૂચના કરીને પરભવમાં ગયો એમ સમજીને ભવ્ય જીવોએ શોક કરવો જ નહિ. શ્રી જિન ધર્મની સાધના કરી માનવ જન્મ સફલ કરવો જોઈએ. ૭૬

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં કામી જનોની બુદ્ધિ કેટલી મંદ હોય છે તે જણાવે છે—

४   २   ३   १   ७   ५   ६
**क्व कफार्त्तं मुखं नार्याः, क्व पीयूषनिधिः शशी ।**
१२   १०   ११   ९   ८
**आमनन्ति तयोरैक्यं, कामिनो मंदबुद्धयः ॥ ७७ ॥**

**क्य**=ક્યાં
**कफार्त्तं**=કફથી ભરેલું, કફવાળું
**मुखं**=મુખ
**नार्याः**=સ્ત્રીનું
**पीयूषनिधिः**=અમૃતનો ભંડાર
**शशी**=ચન્દ્ર
**आमनन्ति**=માને છે
**तयोः**=તે બેનું
**ऐक्यं**=ઐકય, એકતા, સરખાપણું
**कामिनः**=કામી પુરૂષો
**मंदबुध्धयः**=મન્દ બુદ્ધિ વાળા

ચંદ્ર જેવું માનતા કામી જનો સ્ત્રી વદનને,
મંદ બુદ્ધિ તેમની બંને ધરે જૂઠાશને;
કફથી ભરેલું વદન ક્યાં ? ને ચંદ્ર અમૃતનિધિ કિહાં,
તત્ત્વ દૃષ્ટિ બન્ને વિચારો એકતા રજ ના ઈહાં. ૨૬૨

**અક્ષરાર્થ**:—કફથી ભરેલું સ્ત્રીનું મુખ ક્યાં? અને અમૃતના ખજાના જેવું ચન્દ્રનું બિંબ ક્યાં? તો પણ મંદ બુદ્ધિવાળા પુરૂષો એ બેને એક સરખા માને છે. (એટલે સ્ત્રીના મુખને ચન્દ્રની ઉપમા આપે છે. એ વ્યાજબી નથી.) ૭૭

**સ્પષ્ટાર્થ**—સ્ત્રીના મુખમાં થુંક અને બળખા જેવા મલિન અને દુર્ગંધનીય પદાર્થો ભર્યા છે. ચામડીમાં રૂધિર માંસ ભર્યાં છે, અને તે મોઢું હાડકાંના ઘણા કકડા મલીને બનેલું છે. તેથી ઘણું બિભત્સ છે. ફક્ત ઉપરના ચામડીના સુંવાળા ભાગને લઇને જ મૂઢ જીવોને તે (મોંઢું) સુંદર લાગે છે, ને અંદરનો ભાગ તો ઉપર કહ્યા મુજબ દુર્ગંધમય છે. ચંદ્રનું બિંબ શીતલ છે અને લોક વ્યવહારથી એમ કહેવાય છે કે સુખકારી અમૃતથી ભરેલું હોવાથી સોહામણું લાગે છે, છતાં કામી જનો સ્ત્રીના દુર્ગંધમય મુખને ચન્દ્રની ઉપમા આપે છે, એટલે કામી જનો સ્ત્રીના મુખને ચન્દ્ર સરખું સુખકારી માને છે, તેથી ખરેખર તેઓની બુદ્ધિની તુચ્છતા જણાય છે. જેમ છાણાને ઘેબર સરખું કહેવું, કાદવને ચંદન લેપ કહેવો, અને માટીના ઢેફાને રત્ન કહેવું એ મૂર્ખાઇ છે તેમ સ્ત્રીના મુખને ચન્દ્ર સરખું કહેવું એ પણ મૂર્ખાઇ જ છે.

**પ્રશ્ન**—સ્ત્રીના મુખને ચન્દ્ર સરખું માનવામાં કામી જનની મૂર્ખાઈ કઇ રીતે? કારણ કે કામી જનો જ એ પ્રમાણે માને છે એમ નથી, પરન્તુ છ એ દર્શનમાં થયેલા

મહા પંડિતોએ કાવ્ય રચનાઓમાં ઠેકાણે ઠેકાણે સ્ત્રીના મુખને ચન્દ્રની ઉપમા સ્પષ્ટ આપેલી છે, અને એ રીતે જ કામીજનો પણ માને છે.

**ઉત્તર**—નવ રસના વર્ણનવાળા સાહિત્ય શાસ્ત્રમાં અને ચરિત્ર વિગેરેમાં પૂર્વના પંડિતોએ શૃંગાર રસને પોષવાના મુદ્દાથી જ સ્ત્રીના મુખને ચન્દ્રની ઉપમા આપી છે. પરન્તુ કામી જનોને તે પ્રમાણે મનાવી શૃંગાર રસમાં લુબ્ધ કરવા માટે નથી. એક જ ચરિત્રમાં આવતા વિવિધ રસોને તે રસના સ્વરૂપમાં પૂરીને પરિણામે જે રસો અનાદરણીય હોય છે તેમને છોડાવવાને અને આદરણીય ( આદર આપવા લાયક ) ઉપાદેય ( ગ્રહણ કરવા લાયક ) રસોને ( કરૂણા આદિક ઉપાદેય રસોને ) ગ્રહણ કરાવવા માટે તે તે કાવ્યાદિમાં તે સ્વરૂપે મુખાદિનું વર્ણન આવે છે, કારણ કે શાસ્ત્રોનું છેવટનું સાધ્ય ( લક્ષ્ય ) " સંસાર રૂપી કાદવમાં ખૂંતી ગયેલા જીવોને બ્હાર કાઢવા એ જ હોય છે. માટે તેવી હિત બુદ્ધિવાળા પંડિતો સ્ત્રીના મુખને ચંદ્ર સરખું કહે છે તેમાં એમની મૂર્ખાઇ નથી, પરન્તુ કામી જનોની બુદ્ધિ કામરસ તરફ વધારે વળી ગઇ છે, તેથી તેઓ અતિ મંદ બુદ્ધિને લઇને એવાં શાસ્ત્રોનું આપેક્ષિક કથન પણ પોતાના શૃંગાર રસમાં જ સમાપ્તિવાળું માને છે, તેથી શૃંગાર રસમાં પોતે વિશેષ તલ્લીન બને છે અને સ્ત્રીઓનાં મુખ વિગેરે અંગોપાંગને કામદૃષ્ટિના રાગથી વખાણે છે એ જ કામી જનોની મંદ બુદ્ધિ છે. જો એ શાસ્ત્ર કર્તા યોગીઓ પોતે જ સ્ત્રીના મુખને ચંદ્ર સરખું કહે છે અને સ્ત્રીનાં

અંગોપાંગને સુંદર વર્ણવે છે તો એવી સુંદર અંગવાળી સ્ત્રીનો તેઓ પોતે પણ ત્યાગ જ શા માટે કરે? અને અતિશય દુઃખે દમન કરવા યોગ્ય કામદેવને શા માટે દમે? આથી સાબીત એ થયું કે શાસ્ત્રકર્તાઓએ સ્ત્રીનાં અંગ ઉપાંગ ચંદ્રાદિકની ઉપમાથી વર્ણવ્યાં છે તે સ્ત્રી પ્રત્યેનો રાગ વધારવા નહિં, પરન્તુ એવી સુંદર અંગવાળી સ્ત્રી પણ ત્યાગ કરવા યોગ્ય છે એવી ભાવના પ્રગટ કરાવવા માટે જ વર્ણવ્યાં છે. માટે કાવ્ય કર્તાઓ મંદ બુદ્ધિવાળા નથી પરન્તુ સ્ત્રીના મુખને ચંદ્ર સરખું માનીને સ્ત્રી વશ થનારા કામી જનો જ મંદ બુદ્ધિવાળા છે. આ વાતને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ કામ વાસનાનો ત્યાગ કરી પરમ ઉલ્લાસથી શ્રી જૈનેન્દ્ર શાસનની આરાધના કરવી. જેથી મુક્તિના અવ્યાબાધ સુખ મળી શકે. ૭૭

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં મોહનીય કર્મની વિચિત્રતા જણાવે છે--

૩ ૨ ૪ ૧
पाशे कुरंगनिवहो निपतत्यविद्वा-
५ ६ ७ ८
न्दाहात्मतामकलयन् शलभः प्रदीपे ।
१३ १४ ९ ११
जानन्नहं पुनरमून्करिकर्णलोला-
१२ १६ १५ १० १८ १७ १९
न्भोगांस्त्यजामि न तथापि क एष मोहः ॥ ७८ ॥

**पाशे**=પારધીની જાળમાં
**कुरंगनिवहः**=હરિણોનો (હરણિ-યાનો) સમુદાય
**निपतति**=પડે છે
**अविद्वान्**=અજાણ, અજ્ઞાન
**दाहात्मतां**=દાહકપણું, દીવાનું બાળવાપણું
**अकलयन्**=નહિં જાણતો
**शलभः**=પતંગીઓ
**प्रदीपे**=દીવામાં
**जानन्**=જાણતા છતાં
**अहं**=હું
**पुनः**=પરન્તુ
**अमून्**=આ
**करिकर्णलोलान्**=હાથીના કાનના જેવા ચપળ
**भोगान्**=ભોગોને, વિષયોને
**त्यजामि**=ત્યજતો, છોડતો
**न**=નથી
**तथापि**=તોપણ
**कः**=કયા પ્રકારનો છે (તે હું સમજી શકતો નથી)
**एष**=આ
**मोहः**=મોહ

**હરિણનો સમુદાય અજ્ઞાને પડે છે પાશમાં,**
**દાહ શક્તિ કલ્યા વિના જ પતંગ પડતો દીપમાં;**
**ભોગ કરિના કાન જેવા ચપલ ઇમ જાણું છતાં,**
**છંડુ ન તેને મોહ કેવો? માહરો ઇમ ભાવતા. ૨૬૩**

**આસન્ન સિદ્ધિક જીવ ચેતી ભોગ જલ્દી છોડતા,**
**શુદ્ધ સંયમ સાધનામાં અપ્રમત્ત બની જતા;**
**નૃપ ઉદાયન જીવનને નિત્ય પ્રભાતે ભાવતા,**
**અન્યને સમજાવતા ચારિત્ર પંથે દોરતા. ૨૬૪**

અક્ષરાર્થ:—બીન સમજણવાલા હરણોનો સમૂહ પારધીની જાળમાં આવીને પડે છે (ફસાય છે) તે અને પતંગીયાં "દીવામાં બાળવાનો ગુણ છે એમ જાણતાં

નથી" તેથી દીવામાં પડે છે, પરન્તુ હું તો, ભોગના સ્વરૂપને જાણું છું તો પણ આ હાથીના કાન સરખા ચંચળ-ચપળ વિષય ભોગોને છોડતો નથી, એ મારો કઇ જાતનો મોહ છે! (અર્થાત્ મોહનું સામર્થ્ય કેટલું છે કે જે પરાક્રમી મોહ જાણકાર વિદ્વાનોને પણ મુંઝવે છે.) ૭૮

**સ્પષ્ટાર્થ**—પારધિઓ વનમાં જાળ પાથરે છે, તેમાં હરણો આવી આવીને જાળમાં ફસાઇ જાય છે તેનું કારણ એ કે પશુઓ જાણતાં નથી કે "આ પારધિઓ અમને પકડવાને આવ્યા છે અને આ જાળમાં પડીશું તો ફરીથી નિકળાશે નહિ" એ રીતે હરણો સમજણ વગરના હોવાથી જ પારધિઓની-શિકારીઓની જાળમાં ફસાય છે. તેમજ પતંગીઆં બળતી દીવાની જ્યોતિમાં ઝંપલાય છે. કારણ કે તેઓ એમ જાણતાં નથી કે આ દીવો એ અગ્નિ છે અને અગ્નિમાં વસ્તુઓને બાળી ભસ્મ કરવાનો સ્વભાવ છે, પરન્તુ હું તો હરિણોના જેવો અજ્ઞાન પશુ નથી તેમજ પતંગીઆ જેવો અજ્ઞાન ક્ષુદ્ર જીવ નથી, પરન્તુ મનુષ્ય છું, મારામાં એ પશુથી અને પતંગીઆંથી વિશેષ બુદ્ધિ છે. શ્રી સદ્‌ગુરૂ મહારાજનો સમાગમ કરૂં છું, તેમનો ઉપદેશ પણ સાંભળું છું. અને શ્રી ગુરૂદેવના ઉપદેશથી આ સંસારનું તથા ભોગનું ભયંકર સ્વરૂપ પણ જાણું છું, પાંચે ઇન્દ્રિયોના વિષયમાં પડેલા પ્રાણીઓની શી દુર્દશા થાય છે તે પણ હું જાણું છું. એટલું જ નહિં પરન્તુ હું જાતે જ "પાંચે ઈન્દ્રિયોના વિષયો મેળવવામાં કેટલો અથાગ પરિશ્રમ છે, વિષયો મેળવ્યા બાદ તે વિષયોનો ઉપભોગ કરવામાં કેટલો પરિશ્રમ

ને કેટલું દુર્ધ્યાન થાય છે.” તે હું સાક્ષાત્ અનુભવી રહ્યો છું, અને પરિણામે આ વિષયો નહિં છોડીશ તો મારી પણ પૂરી દુર્દશા થવાની છે, તે પણ હું જાણું છું. વળી આ વિષયો અથવા ભોગના સાધનો મારી પાસે સ્થિર ટકવાના નથી પરન્તુ જેમ હાથીના કાન હાલ્યા કરે છે એટલે સ્થિર રહેતા નથી માટે ચપળ વૃત્તિવાળા છે તેમ આ વિષયો પણ ચપળ વૃત્તિવાળા હોવાથી અથવા વિજળીના ઝબકારા સરખા ચપળ હોવાથી ક્ષણ માત્રમાં વિનાશ પામનારા છે એમ પણ હું જાણું છું. તો પણ એ ચપળ અને દુષ્ટ વિષયોને હું છોડતો નથી એ મારો કઇ જાતનો મોહ છે? ખરેખર વિષયો કોઇ એવી શક્તિવાળા છે કે ભલા ભલા વિદ્વાનોને પણ ભૂલાવામાં નાખી દે છે. સ્ત્રી ધન વિગેરે પદાર્થો પોતાના તાબે થતા જોઇને મૂઢ જીવો ગાંડા ઘેલા થઇ જાય છે. ખરેખર મોહનીય કર્મનો ઉદય કોઇ વિચિત્ર પ્રકારનો જણાય છે. જેથી હું જાણકાર છતાં પણ વિષયોમાં મૂઢ થઈ ગયો છું. એ પ્રમાણે કોઇ વૈરાગી પુરૂષ વૈરાગ્ય ભાવના ભાવે તે જ ભાવાર્થ કવિએ આ શ્લોકમાં જણાવ્યો છે. આ શ્લોકનું રહસ્ય એ છે કે અજ્ઞાની જીવો તો વિષયને વશ થાય તે બનવા જોગ છે, પરન્તુ ભણેલા ગણેલા ડાહ્યા જ્ઞાનીઓ પણ જ્યારે વિષયને વશ થાય, તે હૃદયમાં બહુ જ ખટકે છે. સમજુ હોવાથી તેવા જીવો પણ ઉપદેશ દ્વારા મોક્ષ માર્ગમાં લાવી શકાય છે. આ મુદ્દાથી કવિ સ્પષ્ટ જણાવે છે કે ખરા જ્ઞાનીઓએ વિષયોમાં મુંઝાવું જ ન જોઇએ, અને

કદાચ ખરાબ નિમિત્તના સંસર્ગથી કે મોહનીયના બળથી મુંઝામણ થવાનો પ્રસંગ આવે, તો વિષયોનાં પરિણામનો અને શીલના મહિમાનો વિચાર કરી ઝટ પાછા હટી જવું અને પોતાના આત્માને સંયમાદિ સારા આલંબનોની સેવનામાં બહુ જ સાવધાન બનાવી દેવો. જેથી છેવટે મોક્ષ માર્ગની સાધના કરીને મોક્ષ પદ જલ્દી મેળવી શકાય. આવી ભાવનાથી નંદિષેણ મુનિને અપૂર્વ લાભ થયો હતો. તે મુનિ સમજુ હતાં તેથી અવસરે પોતાની ભૂલ સુધારીને અને સન્માર્ગને પામીને આત્મ કલ્યાણ કરી શકયા હતા. વિશેષ બીના ઉપદેશ પ્રાસાદમાંથી જાણી લેવી. ૭૮

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં મિત્ર શત્રુ ધર્મ ને વૃદ્ધાવસ્થા કઇ તે જણાવે છે.

૩ ૪ ૧ ૨ ૭ ૮ ૫ ૬
**ज्ञानमेव परं मित्रं, काम एव परो रिपुः ।**
૧૧ ૧૨ ૯ ૧૦ ૧૫ ૧૬ ૧૩ ૧૪
**अहिंसैव परो धर्मो, योषिदेव परा जरा ॥ ७९ ॥**

**ज्ञानं**=જ્ઞાન
**एव**=જ
**परं**=ઉત્તમ-સારો
**मित्रं**=મિત્ર (છે)
**काम एव**=કામદેવ જ
**परो रिपुः**=ઉત્કૃષ્ટ (મોટો) શત્રુ
**अहिंसा एव**=જીવદયા જ
**परः**=ઉત્તમ, શ્રેષ્ઠ
**धर्मः**=ધર્મ છે
**योषित्**=સ્ત્રી
**एव**=જ
**परा**=ઉત્કૃષ્ટ, મોટામાં મોટી
**जरा**=વૃદ્ધાવસ્થા, ઘડપણ (ઘડપણનું કારણ)

જ્ઞાન સાચો મિત્ર સાચો શત્ર કામ ન ભૂલીએ,
ધર્મ સાચો છે દયા સાચી જરા રમણી ખરે;
મિત્ર ટાળે આપદા શુભ બોધ આપે સંપદા,
વિવિધ હાનિ કરે જ શત્રુ કામ તેમ કરે સદા. ૨૬૫

બહુ રીત કરતી ક્ષીણતા જિમ દેહીમાંહી વૃદ્ધતા,
નાર પણ તેવું કરે આ દેહમાં પણ ક્ષીણતા;
મિત્ર પાસે રાખવો ને ધર્મ પ્રતિદિન સેવવો,
શત્રુ નારી સંગ આપે કષ્ટ તજવા જેહવો. ૨૬૬

અક્ષરાર્થ--જ્ઞાન એ જ પરમ મિત્ર છે, કામદેવ એ જ પરમ શત્રુ છે. અહિંસા એ જ પરમ ધર્મ છે, અને સ્ત્રી એ જ પરમ વૃદ્ધાવસ્થા (જલ્દી ઘડપણ લાવનારી) છે. ૭૯

સ્પષ્ટાર્થ—જેમ સાચો મિત્ર પોતાના મિત્રની આપદા દૂર કરે છે, અને સુખ આપે છે, કષ્ટ વખતે હાજર થાય છે. અને રક્ષણ કરે છે તેમ જ્ઞાન પણ સર્વ પ્રકારનાં દુઃખ દૂર કરે છે, સુખ આપે છે અને આત્મ ગુણનું સંરક્ષણ કરે છે. કારણ કે સંસારના તાપથી તપેલો જીવ સદ્‌ગુરૂ પાસે શ્રુતજ્ઞાનનું શ્રવણ કરી શાન્તિ પામે છે, અથવા પોતે પૂર્વ પુરૂષોના ચરિત્રો વાંચીને અથવા કર્માદિકનું સ્વરૂપ વિચારીને શાન્તિ પામે છે, અને જ્ઞાનના પ્રભાવથી પરિણામે સંસારની સર્વ ઉપાધિ છૂટતાં ચારિત્ર ગ્રહણ કરીને જીવ દયા વિગેરે ધર્માનુષ્ઠાનોથી યોગી આત્મા પરમ શાન્તિ અનુભવે

છે, માટે સાચો મિત્ર મળવાથી જેમ પરમ શાન્તિ થાય છે, તેમ જ્ઞાનથી પણ પરમ શાન્તિ મળતી હોવાથી જ્ઞાન એ જ પરમ મિત્ર છે.

તથા જેમ સામા પુરૂષને શત્રુ અનેક પ્રકારનું નુકશાન કરી છેવટે તેને ઠાર મારી પણ નાખે છે, તેમ કામદેવ આત્માનું નિર્વિકારી જ્ઞાનાદિ ધન લૂંટી શાન્તિ ક્ષમા આર્જવ માર્દવ મુક્તિ આદિ કુટુંબને રંજાડી સ્ત્રી રૂપી સુભટો દ્વારા નિર્મલ ધાર્મિક જીવનનો નાશ કરે છે. અને એ કામદેવ એવો બળવાન શત્રુ છે કે જેણે જગતમાં પ્રભુ અથવા ભગવાન તરીકે મનાતા બ્રહ્મા વિષ્ણુ અને મહાદેવ જેવા જીવોને પણ પોતાને તાબે કર્યા છે તો સાધારણ પુરૂષોની શી વાત? ફક્ત કેટલાક સમર્થ શ્રી સ્થૂલિભદ્ર મહારાજ જેવા યોગી મહાત્માઓએ જ સર્વજ્ઞ પ્રભુનાં વચન રૂપ શાસ્ત્રોથી એને હરાવ્યો છે, આ મુદ્દાથી કામદેવ જેવો બળવાન શત્રુ જગતમાં બીજો કોઇ નથી, અર્થાત્ એ જ બળવાન શત્રુ છે.

તથા અહિંસા એટલે દયા સરખો ઉત્કૃષ્ટ ધર્મ નથી. કારણ કે દયા વડે સર્વ જીવોને અભયદાન મળે છે, અને સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ વર્તતો હોય તો જ દયા ગુણ હૃદયમાં ઉત્પન્ન થાય છે. સર્વ ધાર્મિક આચારની સાધનામાં પણ દયાની જ મુખ્યતા હોય છે. યમ નિયમો એ પણ દયા ધર્મના ઉદ્દેશથી જ છે, અને એવી દયા આ જીવને પરિણામે પરમ પદ આપે છે. સર્વ દર્શનોમાં કોઈ દર્શન એવું નથી કે જે દયાને ધર્મ તરીકે ન માનતું હોય, તથા

ધર્મ શબ્દ નહિં સમજનારા એવા અનાર્ય મનુષ્યો પણ દયા ગુણને જરૂર માન આપે છે. શિકારી શિકાર કરતો હશે તો પણ તેને પોતાનો કુલ ધર્મ કહેશે પણ તે અહિંસાને ધર્મ તરીકે જરૂર માનશે પણ હિંસાને આત્મ ધર્મ તરીકે નહિં જ માને. તથા મૃષાવાદનો ત્યાગ ( સાચું બોલવું ) વિગેરે ચાર યમ ( વ્રત ) તે પણ પ્હેલા અહિંસા યમને જ પોષવા માટે છે, તેથી કહ્યું કે અહિંસા એ જ પરમ ધર્મ છે.

તથા સ્ત્રી સરખી વૃદ્ધાવસ્થા કોઈ નથી, કારણ કે વૃદ્ધાવસ્થાથી જેમ ઇન્દ્રિયો શિથિલ થાય છે, બળનો નાશ થાય છે, અને કંઈક બુદ્ધિનો પણ નાશ થાય છે તેમ સ્ત્રીના સંગથી પણ ઇન્દ્રિયો અશક્ત થાય છે, મનબળ વચનબળ ને કાયા બળ નાશ પામે છે. ને બુદ્ધિનો પણ નાશ થાય છે. માટે સ્ત્રી એ જ પરમ વૃદ્ધાવસ્થા છે. અથવા જલ્દી ઘડપણ લાવવાના અનેક કારણોમાં તે મુખ્ય કારણ કહેવાય છે. આ પ્રસંગે ભવ્ય જીવોએ જ્ઞાન મિત્રને પાસે રાખનારા રતિસારનું અને મલયાસુંદરીનું દૃષ્ટાંત જરૂર વિચારવું, અને કામને શત્રુ માનીને તેનો ત્યાગ કરનારા શ્રી મલ્લિનાથ, નેમિનાથ, રાજીમતી, ચંદનબાલા વિગેરેના પણ દૃષ્ટાંતો વિચારવા જોઇએ. તથા અહિંસા ધર્મના પ્રતાપે સુખિયા થયેલા શ્રી શય્યંભવ સૂરિ, હરિભદ્ર સૂરિ મહારાજ વિગેરેના દૃષ્ટાંતો જાણીને અને સ્ત્રીને મોટી જરા (ઘડપણ) સમજીને તેનો ત્યાગ કરનારા ધન્ય કુમાર વિગેરેના દૃષ્ટાંતો જરૂર વિચા-

રવા. અને વિચારીને સાચા જ્ઞાનની અને દયાની સેવના કરવી તથા કામવાસનાનો અને સ્ત્રી સંગનો સર્વથા ત્યાગ કરીને મોક્ષ માર્ગને સાધીને સિદ્ધિના સુખ મેળવવા જોઇએ. અને તેમ કરવું એ જ માનવ જીંદગી પામ્યાનું ખરૂં કર્ત્તવ્ય છે. ૭૯

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં કામદેવને ધિક્કારે છે—

૪ ૧ ૨ ૩
**धिक्कंदर्प ! जगत्रयीविजयिनो दोःस्थामविस्फूर्जितं ।**
૮ ૭ ૫ ૯ ૬ ૧૧ ૧૦
**विद्वान् कः किल तावकीनमधुना, व्यालोकतामाननम् ॥**
૧૭ ૧૫ ૧૪ ૧૩
**दृष्ट्वा यौवनवर्जितं खलु भवान् सर्पज्जरा राक्षसी ।**
૧૬ ૨૦ ૧૯ ૧૨ ૧૮
**वक्त्रांतःपतितं विमुंचति न यः, कोदंडकेलिक्रमम् ॥८०॥**

**धिक्**=ધિક્કાર છે
**कंदर्प**=હે કામદેવ! વિષયવાસના
**जगत्रयी**=ત્રણ જગતમાં
**विजयिनः**=વિજય પામનાર
**दोःस्थाम**=ભુજાબળનું
**विस्फूर्जितं**=વિસ્ફુરણ, વિસ્તાર, ફેલાવો
**विद्वान्**=પંડિત
**कः**=કોણ, કયો
**किल**=જરૂર
**तावकीनं**=ત્હારા
**अधुना**=હમણાં, હવે
**व्यालोकताम्**=જુએ
**आननं**=મુખ, મોઢું
**दृष्ट्वा**=દેખીને, જોઇને
**यौवनवर्जितं**=યૌવન રહિત
**खलु**=નિશ્ચયે કરીને
**भवान्**=તું
**सर्पत्**=ફેલાતી
**जरा**=વૃદ્ધાવસ્થા (ઘડપણ) રૂપ

**राक्षसी**=રાક્ષસી(ના)
**वक्त्रांतः**=મુખની અંદર
**पतितं**=પડેલા
**विमुंचति**=છોડતો
**न**=નથી
**यः**=જે
**कोदंड**=ધનુષ(ની)
**क्रीडा**=ક્રીડાનો, ખેલવાનો
**क्रमः**=ક્રમ, રીતિ, પરંપરા

હે કામ! જીતે ત્રણ જગતને તું તથાપિ તાહરા,
ધિક્કાર છે બળને ભુજાના કોઇ પંડિત તાહરા;
જોશે ન મુખને હેતુ એ જે યૌવને દીધો તજી,
વૃદ્ધતા રૂપ રાક્ષસીના મુખ પડેલાને હજી. ૨૬૭

જોઇને તું બાણ મારે ના અટકતો એહથી,
ધિક્કાર હો ધિક્કાર હો કરૂણા લગારે પણ નથી;
ઘડપણે પણ કામ કેરા પાપથી ઘરડા ચહે,
નાર બીજી પરણવાને ભોગથી દુર્ગતિ લહે. ૨૬૮

અક્ષરાર્થ—હે કામદેવ! ત્રણ જગતનો વિજય કરનારા ત્હારા ભુજાબળના ફેલાવાને અથવા ત્હારી ભુજાના બળને ધિક્કાર થાવ, હવે કયો પંડિત પુરૂષ ત્હારા મ્હોં સામું જોશે? કારણ કે (તેં નીચ કામ એ કર્યું છે કે) યુવાની રહિત અને પ્રસરતી વૃદ્ધાવસ્થા રૂપ રાક્ષસીના મ્હોંમાં આવી પડેલા આવા પુરૂષોને પણ જોઇને તું ત્હારા ધનુષની રમતનો ક્રમ (ક્રમસર બાણ ફેંકવાનું કામ) હજી સુધી છોડતો નથી (એટલે આ કામદેવની કેવી નીચતા છે કે જે ઘરડા માણસને પણ છોડતો નથી.) ૮૦

સ્પષ્ટાર્થ—કામદેવે પોતાના ભુજાબળનો પ્રતાપ ત્રણે લોકમાં ફેલાવ્યો છે, કારણ કે ઉર્ધ્વ લોકમાં દેવાંગનાઓ રૂપી સુભટોને મોકલી પોતાની અખંડ આજ્ઞા પ્રવર્તાવી છે, સૌધર્મ ઇન્દ્ર વિગેરે દશ ઇન્દ્રોને અને તે ઇન્દ્રોના સામાનિક વિગેરે દેવોને પણ પોતાને તાબે કરી દીધા છે. જો કે એની આજ્ઞાનું જોર બધે એક સરખું નથી, ઓછું વત્તું છે, તો પણ કોઇ દેવને સ્વતંત્ર તો રહેવા દીધો જ નથી. તેમા પ્હેલા બીજા દેવલોકના ઇન્દ્રો ને દેવોને તો એવા વિષયાંધ કરી નાખ્યા છે કે જેમ મનુષ્યો અને તિર્યંચો સ્ત્રી સાથે કાયાથી કામ-સેવન કરે છે. જેને સંગ્રહણી સૂત્રમાં **कायपरिचारणा** કહી છે, એવી કાયપરિચારણા ભવનપતિ વ્યન્તરો અને જ્યોતિષી દેવોમાં પણ છે. (અને મનુષ્ય તિર્યંચોમાં તો કાયપરિચા-રણા છે જ.) એથી ઉપરના ત્રીજા ચોથા એ બે દેવલોકમાં **स्पर्शपरिचारणा** છે, એટલે કે એ દેવો સ્ત્રીઓનાં અંગ મર્દન માત્રથી જ આનંદ પામે છે, પરન્તુ પશુક્રિયામાં આસક્ત બનતા નથી. એથી ઉપરના પાંચમા છઠ્ઠા એ બે દેવલોકમાં **शब्दपरिचारणा** છે, એટલે કે એ દેવો અધિક વિવેકી હોવાથી પશુક્રિયા અને અંગમર્દન જેવી બિભત્સ ચેષ્ટાઓ કરતા નથી, પરંતુ દેવાંગનાઓનાં ગીત નૃત્ય વિગેરે સાંભળીને જ આનંદ પામે છે. એથી ઉપરના સાતમા આઠમા એ બે દેવલોકના દેવો તેથી પણ અધિક વિવેકી હોવાથી દેવાંગનાઓનું રૂપ માત્ર દેખીને જ આનંદ પામે છે, તેથી તેઓમાં **रूपपरिचारणा** જેટલો અલ્પ વિષય છે, અને તેથી ઉપરના આનત એટલે નવમા, દશમા, અગિઆરમા અને

બારમા એ ચાર દેવલોકના દેવો તેથી પણ અધિક વિવેકી હોવાથી દેવાંગનાઓનું માત્ર મનથી જ ચિંતવન કરે અને દેવાંગનાઓ એ દેવોને કામબુદ્ધિથી ચિંતવે એટલા અલ્પ વિષયાભિલાષથી આનંદ માને છે માટે તે દેવો **મનઃપરિચારી** કહેવાય છે. અને તેથી ઉપરના નવ ગ્રૈવેયકના તથા પાંચ અનુત્તરના દેવો તો દેવાંગનાઓને મન માત્રથી પણ ઈચ્છતા નથી તેથી તેઓને **અપરિચારી** કહ્યા છે, એ પ્રમાણે સ્થૂલ કામક્રીડાની અપેક્ષાએ ઉપર ઉપરના દેવો અલ્પ અલ્પ કામવિકારી અને અવિકારી હોય છે. એમાં ગ્રૈવેયક અનુત્તર દેવોને જો કે અવિકારી કહ્યા છે તે કેવળ પ્રગટ મનોભિલાષના અભાવે જ અપરિચારી જાણવા. પરન્તુ અવ્યક્ત થોડો મનોભિલાષ તો છે જ. તેઓ વીતરાગ પ્રભુની જેમ વેદવિકારથી સર્વથા રહિત નથી.

વળી દેવીઓની ઉત્પત્તિ (જન્મ) તો પ્હેલા બે દેવલોક સુધી જ થાય છે. તેમાં જે ગણિકા (વેશ્યા) જેવી અપરિગ્રહિતા દેવીઓ છે, તે આઠમા દેવલોક સુધી વિકારની તૃપ્તિને માટે જાય છે, તેમાં પણ પ્હેલા દેવલોકની અપરિગ્રહિતા દેવીઓ ત્રીજા પાંચમા ને સાતમા દેવલોક સુધી જાય છે અને નવમા અને અગીઆરમા કલ્પના દેવોને પોતાના જ સ્થાનમાં રહીને વિકાર વૃત્તિથી ચિંતવે છે. તેથી એ દેવીઓ ૩–૫–૭–૯–૧૧ મા કલ્પના દેવોને ઉપભોગ કરવા લાયક ગણાય છે, અને એ રીતે જ બીજા દેવલોકની અપરિગ્રહિતા દેવીઓ ૪–૬–૮–૧૦–૧૨ મા કલ્પના દેવોને ઉપભોગ કરવા લાયક ગણાય છે. એ દેવીઓમાં

તે દેવોની શુક્ર ધાતુનો અસંખ્ય યોજનો દૂરથી પણ દિવ્ય શક્તિ વડે પ્રવેશ થાય છે, અને તે દેવાંગનાની પાંચે ઇન્દ્રિયોને આલ્હાદકારી અને પોષણ કરનાર થાય છે, પરન્તુ એ ધાતુ મનુષ્ય તિર્યંચ જેવી ઔદારિક પરિણામી ન હોવાથી ગર્ભધારણ કરાવવા સમર્થ નથી. એ પ્રમાણે ઉર્ધ્વ લોકમાં કામદેવની ભુજાનું અખંડ પરાક્રમ કઈ રીતે પ્રવર્તે છે તે વાત જણાવી દીધી.

તથા અધોલોકમાં નપુંસક વેદના ઉદયવાળા નારક જીવો તો સ્ત્રી અને પુરૂષ બન્નેની સાથે કામક્રીડા કરવાની તીવ્ર ઉત્કંઠાવાળા હોવા છતાં કામક્રીડા કરવા સમર્થ નથી, પરન્તુ તેમને કામની ઇચ્છા તો ધગધગતી અગ્નિ સરખી અતિશય પ્રબળ (વધારે પ્રમાણમાં) હોય છે. તેમજ ભવનપતિ દેવો સૌધર્મ દેવોની માફક કાયપરિચારણા વાળા છે માટે તે અધોલોકમાં પણ કામદેવે પોતાની ભુજાનું બળ-પરાક્રમ ખૂબ ફેલાવ્યું છે.

તથા તીર્ચ્છાલોકમાં વ્યન્તરો મનુષ્યો અને તિર્યંચો કાયપરિચારણાવાળા છે, માટે તીર્ચ્છાલોકમાં પણ કામદેવની આણ વર્તી રહી છે. તફાવત એટલો જ છે કે તીર્ચ્છાલોકમાં તો કેટલાક યોગી મહાત્મા તથા મહાશ્રાવક વિગેરે પોતાના હૃદયમાં વિવેક રૂપી સૂર્યના પ્રકાશથી એવા બળવાન અને મહાજ્ઞાની-પ્રભાવશાલી હોય છે કે જેઓ કામદેવના ભુજા-બળની અવગણના કરી તેણે મોકલેલા સ્ત્રી રૂપી સુભટોને વશ થતા નથી, પરન્તુ કામદેવની આજ્ઞાને જડમૂળથી ઉખેડી

ફેંકી દઇ સ્વતંત્ર બનેલા છે, અને તેથી તેઓ પરમ સુખી ને પરમ સંતોષી બની પરમાનંદને જ જલ્દી પામે છે, પામેલા છે, અને પામશે. એવા મહાયોગી વિગેરે મહાત્માઓને લાખો વાર નમસ્કાર થાઓ.

એ પ્રમાણે હે કામદેવ! તેં ત્રણે લોકનો વિજય કર્યો છે, તેથી ત્હારા એ ભુજાબળને ધિક્કાર છે, કારણ કે તેં સર્વને ત્હારે આધીન કર્યાં છે અને તેઓને તારી વિકારજાળમાં ફસાવી બહુ દુઃખ આપ્યું છે તો હવે ત્હારી સામું માન નજરથી જોનાર કોઈ રહ્યું નથી. વળી બીજી વાત એ છે કે તેં તારી વિકારજાળમાં કેવળ જુવાનોને જ ફસાવ્યા હોત તો વૃદ્ધ પુરૂષોને બાકી રાખવાથી અને તેઓને દુઃખ ન દેવાથી કદાચ વિદ્વાનો તારો એટલો પણ (વૃદ્ધોને બચાવવા જેટલો) દયાગુણ વિચારી ત્હારી તરફ માન રાખત કે ઉછાંછળી વૃત્તિવાળા અણુસમજુ ને અલ્પ સમજવાળા જુવાનોને તો કબજે કર્યા પરંતુ વૃદ્ધો પર તેં ત્હારાં પુષ્પબાણુ ચલાવ્યાં નથી, પરંતુ તેં તો વૃદ્ધોને પણ બાકી રાખ્યા નથી, કે જે વૃદ્ધ પુરૂષો જગતમાં વડીલ અને પૂજ્ય મનાય છે, તેમજ મરણ પથારીએ પડયા છે તેવા વડીલ અને વૃદ્ધ પુરૂષોને પણ જ્યારે તેં કબજે કર્યા અને હજી પણ તું તેઓને છોડતો નથી, તો પછી કયો વિદ્વાન્ માનદૃષ્ટિથી તારી સામું જુએ? જગતમાં મરતાને મારે તે બળવાન ગણાય નહિં પરન્તુ હીચકારો (હલકો) ગણાઈ તિરસ્કારપાત્ર થાય છે, માટે હવે મરતા વૃદ્ધોને મારનાર ત્હારી સામે વિદ્વાનો તિરસ્કારની દૃષ્ટિથી જ જોશે. આ શ્લોકનું રહસ્ય

એ છે કે વૃદ્ધો પણ કામવશ થઇ જાય છે માટે કામદેવનો પંજો લગભગ બધાની ઉપર ફરી વળ્યો છે. તે જોઇને કોઈ વિરલા પંડિત પુરૂષો જ કામદેવને હરાવીને કામને જીતનારા ગણાય છે. ભવ્ય જીવોએ આ બીનાને લક્ષ્યમાં રાખીને નિર્મલ બ્રહ્મચર્યને પરમ ઉલ્લાસથી પાલીને પ્રભુદેવ શ્રી મલ્લિનાથ-નેમિનાથ ભગવંતના માર્ગે ચાલી મોક્ષપદ મેળવવું જોઇએ. અહીં આષાઢાભૂતિ અને કંડરીકમુનિ, તથા નાગિલાના પતિ ભવદેવમુનિનું દૃષ્ટાંત વિચારવાની ખાસ જરૂર છે. તે ઉપદેશ પ્રાસાદમાંથી જોઇ લેવું. ૮૦

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં ડાહ્યા પુરૂષો કઇ શુભ ભાવનાથી સ્ત્રીસેવનને ઇચ્છે જ નહિ, તે વાત જણાવે છે—

४
तृष्णावारितरंगभंगविलसत्कौटिल्यवल्लीरुह-
५
स्तिर्यक्प्रेक्षितवाक्प्रपंचकबरीपाशभ्रुवः पल्लवाः ।
१ ७ ६ २ ३ ८ १० ९ ११
यासां मान्ति न तुच्छके हृदि ततः स्थानं बहिः कुर्वते ।
१५ १२ १३ १६ १४ १६
कस्तांश्चंचलचक्षुषः कुशलधीः, संसेवितुं वांछति ॥८१॥

**तृष्णा**=ભોગની ઇચ્છા
**वारि**=પાણીના
**तरंग**=તરંગ, મોજાં
**भंग**=રચના
**विलसत्**=સારા દેખાતા
**कौटिल्य**=કુટિલતા, કપટ
**वल्लीरुहः**=ઝાડના
**तिर्यक्**=આડું, તીરછું

**प्रेक्षित**=જોવું
**वाक्प्रपंच**=વાણીનો વિસ્તાર, કપટથી ભરેલી વાણી વચનજાળ
**कबरीपाश**=અંબોડો, સેંથો પાડવો વિગેરે
**भ्रुवः**=ભ્રકુટિ, ભવાં
**पल्लवाः**=પલ્લવ, નવાં પાંદડાં, અંકુરા
**यासां**=જે સ્ત્રીઓના
**नमान्ति**=માતા નથી, સમાતા નથી
**तुच्छके**=તુચ્છ, હલકા
**हृदि**=હૃદયમાં
**ततः**=તેથી
**स्थानं**=સ્થાન, રહેવાનું
**बहिः कुर्वते**=( હૃદયની ) બહાર કરે છે
**कः**=કોણ ?
**ताः**=તે સ્ત્રીઓને
**चंचलचक्षुष** =ચંચળ નેત્ર (આંખ) વાળી
**कुशलधीः**=કુશળ (નિપુણ) બુદ્ધિવાળો પુરૂષ
**संसेवितुं**=સેવવાને
**वाञ्छति**=ઇચ્છે.

કપટ રૂપી ઝાડ તૃષ્ણા રૂપ જલે મોટું બને,
ઝાડને જિમ પાંદડાં તિમ પાંદડાં આ કપટને;
દેખવું વાંકુ વચન ચાલાકીના ભ્રકુટી અને,
કેશ પાશ પ્રમુખ રહ્યા છે આશરી સ્ત્રી હૃદયને. ૨૬૯

ત્યાં ન માએ તેહથી તે બાહ્ય અંગે નારના,
સ્થાન કરીને છે રહ્યા પુષ્કલ કપટ ધર નારના;
વિશ્વાસમાં ન રહે વિચક્ષણ તેહથી દૂરે રહે,
સેવવાની ચાહના પણ ના કરે કવિ ઇમ કહે. ૨૭૦

**અક્ષરાર્થ**—તૃષ્ણા એટલે ભોગની ઈચ્છા રૂપ પાણીના તરંગોની રચનાથી શોભતા (ઉત્પન્ન થયેલા) કપટ રૂપી ઝાડના (૧) આડું જોવું (કટાક્ષ), (૨) વચન જાળ, (૩) કેશ રચના (અંબોડો વાળવો) અને (૪) ભ્રકુટિ ચઢાવવી, એ પલ્લવો જેણીઓના (સ્ત્રીઓ) હલકા હૃદયમાં સમાતા નથી તેથી (હૃદયની) બહારના અવયવોમાં નિવાસ કરી રહ્યા છે. અને જેની આંખો અસ્થિર છે. આવી સ્રીઓને સેવવાને કયો નિપુણ (આત્મહિતને કરનારી) બુદ્ધિવાળો પુરૂષ ઈચ્છે? (અર્થાત્ ખરો શુદ્ધ બુદ્ધિવાળો પુરૂષ એવી સ્ત્રીઓને સ્વપ્ને પણ ઇચ્છે જ નહિ.) ૮૧

**સ્પષ્ટાર્થ**—કવિએ આ શ્લોકમાં સ્ત્રીઓના કપટને ઝાડની ઉપમા આપી છે, અને (૧) કટાક્ષ. (૨) માયાવી વચનો (૩) કેશ રચના (સેંથા અંબોડાની ગુંથણી વિગેરે) અને (૪) ભ્રકુટિ ચડાવવી વિગેરે એ બધાને પલ્લવોની એટલે કપટ રૂપી વૃક્ષનાં નવાં પાંદડાંની ઉપમા આપી છે.

**પ્રશ્ન**—કપટ એ હૃદયમાં હોય છે. તેથી કપટ રૂપી ઝાડનાં એ પાંદડાં પણ હૃદયમાં જ હોવાં જોઈએ, પરન્તુ કવિ તેમ કહેતા નથી, એ કટાક્ષ વિગેરે પાંદડાં તો સ્ત્રીના શરીરનાં બહારના અવયવોમાં દેખાય છે તેનું કારણ શું?

**ઉત્તર**—આ બાબતમાં કવિ એવી ઉત્પ્રેક્ષા કરે છે કે, સ્ત્રીની હૃદય ભૂમિમાં ઉગેલા કપટ રૂપી ઝાડનાં એ પાંદડાં જો કે હૃદયમાં જ હોવાં જોઈએ એ વાત સત્ય છે,

પરન્તુ તે એટલાં બધાં છે કે હૃદયમાં સમાઈ શકતાં નથી તેથી બહાર આવી ગયેલાં હોવાથી બહારના અવયવોમાં દેખાય છે. અર્થાત્ સ્ત્રીના હૃદયમાં ઉગેલું કપટ રૂપી ઝાડ એટલું બધું ફેલાઇ ગયું છે કે જે હૃદયમાં પણ સમાતું નથી માટે હૃદયની બહાર નીકળી આવ્યું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સ્ત્રીના હૃદયમાં કપટ ઘણું જ છે.

એ પ્રમાણે એક તો સ્ત્રી અતિશય માયા કપટથી ભરેલી છે, અને તે સાથે વળી એનાં નેત્ર ( આંખ ) પણ બહુ ચંચળ ( અસ્થિર ) છે, તો એવી અનેક દુર્ગુણોવાળી સ્ત્રીનો સંગ કયો બુદ્ધિમાન પુરૂષ ઇચ્છે ? અર્થાત્ નિર્મલ બુદ્ધિવાળા પુરૂષો તો સ્ત્રીના સંગને ઇચ્છતા જ નથી.

**પ્રશ્ન**—સ્ત્રીનો સંગ તો ઘણાએ બુદ્ધિમાન પુરૂષો પણ કરે છે, ઇન્દ્રો તથા ગૃહસ્થ તીર્થંકરો પણ સ્ત્રીનો સંગ કરે છે તો શું એ સર્વે બુદ્ધિ વિનાના જાણવા ?

**ઉત્તર**—અહિં સ્ત્રીઓના સંગ માત્રથી જ બુદ્ધિ રહિત પણું છે એમ નહિં, પરન્તુ જે ભોગ રસિક અજ્ઞાની જીવો સંસારનું સ્વરૂપ સમજતા નથી અને સ્ત્રી સંગમાં જ પોતાના અમૂલ્ય માનવ જીવનને બરબાદ કરે છે, એવા મિથ્યાદૃષ્ટિ જીવો બુદ્ધિ વગરના ગણાય, કારણ કે તેઓ મિથ્યાત્વના જોરથી સ્ત્રી સંગ ત્યાગ કરવા લાયક છે એમ સમજતા જ નથી, અને ઇન્દ્રો તથા તીર્થંકર વિગેરે સમ્યગ્દૃષ્ટિ જીવો જો કે બંધાયલા ભોગ કર્મના ઉદયથી

સ્ત્રી સંગને કરે છે પરન્તુ તે આત્માઓ વિવેકી હોવાથી સ્ત્રી સંગ એ ત્યાજ્ય (ત્યાગ કરવા લાયક) વસ્તુ છે એમ જરૂર સમજે છે. તેમજ સ્ત્રીના ત્યાગીઓનું બહુમાન પણ કરે છે, અને એવા ઉત્તમ સંસ્કારથી શ્રી તીર્થંકર વિગેરે પોતે પણ છેવટ સ્ત્રીનો સંગ છોડે છે, તથા ગૃહસ્થ તીર્થંકરો વિગેરે કેટલાએક સમ્યગ્દૃષ્ટિ આત્માઓ તો એવા ઉત્તમ સંસ્કારી હોય છે કે જેઓ અભ્યંતર દૃષ્ટિએ (મનોભાવની અપેક્ષાએ) રત્નની માફક નિર્લેપ (નિર્વિકારી) હોય છે. અને ભોગના સાધનોને ભોગાવલિ કર્મોનાં ફલ તરીકે ગણીને બાહ્ય વૃત્તિથી જ સેવે છે. તેમણે પૂર્વ ભવમાં દાન વિગેરે મજબૂત ધર્માનુષ્ઠાનોની સાધના કરીને એવા નિકાચિત પુણ્ય કર્મો અથવા ભોગ કર્મો બાંધ્યા છે કે જે ભોગવવા જ પડે. તે વિના ચાલે જ નહિ. તેથી એ પુણ્ય કર્મ જેમ ભોગવાતું જાય છે તેમ ક્ષય પામતું જાય છે, અને એ ભોગોમાં શ્રી તીર્થંકર વિગેરે મહા પુરૂષોને રાગ ન હોવાથી નવું ભોગ કર્મ બંધાતું નથી તેથી કેવળ નિર્જરાજ થતી જાય છે. સમ્યગ્ દર્શનનો એ વિશાલ પ્રભાવ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવો રાગનાં સાધનો સ્વાધીન છતાં પણ તેમાં તીવ્ર રાગ ધારણ કરતા નથી. એટલે તેમાં તીવ્ર રસિયા કે બહુ લાલચુ બનતા નથી, અને મિથ્યાદૃષ્ટિ જીવો તો વિષયના તીવ્ર રસિયા અને તીવ્ર લાલચુ હોવાથી નવાં પાપ કર્મ બાંધી દુર્ગતિમાં જાય છે અને સંસાર ભ્રમણને વધારે છે. આ મુદ્દાથી નિર્મલ બુદ્ધિવાળા ભવ્ય જીવો સ્ત્રી સંગને ચાહતા નથી. ખરો સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારને અને સંસાર

(ચાર ગતિમાં ભટકવાના) સાધનોને કેદખાનાની જેવા માને છે. રાજકુંવરને ધવરાવતી ધાવ માતાની માફક અંતર્વૃત્તિથી ન્યારો રહીને કુટુંબનું પોષણ કરે છે. કહ્યું છે કે--

દુહો—સમકીતવંતા જીવડા, કરે કુટુંબ પ્રતિપાલ,
અંતર્ગત ન્યારા રહે, જિમ ધાવ ખેલાવત બાલ. ૧

મિથ્યાદૃષ્ટિ જીવોની પ્રવૃત્તિમાં અને સમ્યગ્દૃષ્ટિ જીવોની પ્રવૃત્તિમાં લાખ ગુણો તફાવત હોય છે. માટે જ ચોસઠ ઇંદ્ર વિગેરે ભવ્ય જીવો પ્રભુ દેવના કલ્યાણકાદિ મહોત્સવોમાં પૂર્ણ ઉલ્લાસથી ભાગ લે છે. અહીં પ્રસંગે યાદ રાખવા જેવી બીના એ છે કે દેવલોકમાં ઇંદ્ર સિવાયના દેવોમાં કેટલાએક દેવો ભવ્ય અને સમ્યગ્દૃષ્ટિ હોય છે. અને કેટલાએક, સંગમ દેવ વિગેરેની માફક અભવ્ય મિથ્યાદૃષ્ટિ હોય છે. તમામ ઇંદ્રો નિશ્ચયે કરીને ભવ્ય જ હોય અને સમ્યગ્દૃષ્ટિ જ હોય. કારણ કે અભવ્ય જીવો અને મિથ્યાદૃષ્ટિ જીવો ઇંદ્રપણે ઉપજે જ નહિ.

પ્રશ્ન--અભવ્ય જીવો ઇંદ્રપણાની માફક બીજા કયા કયા વાનાં પામી શકે નહિ ?

ઉત્તર--૧. ઇંદ્ર પણું, ૨. અનુત્તર વિમાનવાસી દેવ પણું, ૩. શલાકા પુરૂષપણું, ૪. નારદપણું, ૫. કેવલી ભગવંતના અને ગણધર ભગવંતના હાથે દીક્ષા, ૬. શ્રી તીર્થંકર પ્રભુ છ અતિશયવાળું વાર્ષિક દાન આપે છે. તે દાનની વસ્તુ. પ્રસંગે છ અતિશયો આ પ્રમાણે જાણવા. ૧.

જ્યારે પ્રભુશ્રી તીર્થંકર દેવ સોનૈયાની મુઠ્ઠી ભરીને દાન આપવા માંડે છે, ત્યારે સૌધર્મેન્દ્ર પ્રભુના જમણા હાથમાં મહા શક્તિને સ્થાપન કરે છે ( ઠવે છે ) એમાં ઇંદ્રની ભાવના એ હોય છે કે દાન દેતાં પ્રભુ દેવને થાક ન લાગે. જો કે મહા પરાક્રમશાલી પ્રભુને થાક લાગે એવું બને જ નહિ. છતાં ઇંદ્રનો ઉપર કહ્યા પ્રમાણે કરવાનો શાશ્વતો આચાર છે. અને તેમાં ઇંદ્રનો ભક્તિ ભાવ રહેલો છે. ૨. ઇશાનેન્દ્ર સોનાની છડી લઇને વચમાં દાનને ગ્રહણ કરતા બીજા દેવોને ખસેડીને જે ભવ્ય જીવો દાન લેવાને લાયક છે તેમને પ્રભુની આગળ ઉભા રાખે છે. ઈશાનેન્દ્રના કહેવાથી તેઓ એમ બોલે છે કે-હે પ્રભો! અમને આપો. જે ગ્રાહકના ભાગ્યમાં જેટલું ધન વિગેરે હોય તેટલું જ ઈશાનેન્દ્ર પ્રભુના હાથે દેવરાવે છે. ( અપાવે છે ) ૩. ચમરેન્દ્ર અને બલીન્દ્ર પ્રભુ મુઠી ભરીને દાન આપે, એમાં લેનારના ભાગ્ય કરતાં મુઠીમાં વધારે હોય તો કાઢી નાંખે, અને ઓછું હોય તો પૂરૂં કરે. ૪. ભુવનપતિ દેવો દાન લેવાને લાયક દૂર રહેલા ભવ્ય જીવોને પ્રભુ પાસે લાવવાનું કામ કરે છે. ૫. વ્યંતર દેવો તેઓને (દાન લેવા જે દૂરના અહીં આવ્યા છે તેમને) સ્વસ્થાને પ્હોંચાડવાનું કામ કરે છે, ૬. જ્યોતિષી દેવો, વિદ્યાધર રાજાઓને કહે છે કે, તમે આ વાર્ષિક દાન ગ્રહણ કરો, તેમના કહેવાથી તેઓ તે પ્રમાણે કરે છે. વળી તમામ ઇંદ્રો પણ આ દાનને મંગલિક માનીને ગ્રહણ કરે છે. તેના પ્રભાવથી દેવલોકમાં બાર વર્ષ સુધી કોઇ પણ જાતનો વિગ્રહ ( ટંટો ફિસાદ-યુદ્ધ વિગેરે ) થતા નથી. ચક્રવર્ત્તી વિગેરે

રાજાઓ પણ પોતાના ભંડારને અક્ષય (ન ખૂટે એવો) બનાવવાના મુદ્દાથી આ દાનની વસ્તુઓ ગ્રહણ કરે છે. નગર શેઠ વિગેરે પોતાના યશકીર્તિ વધારવાના મુદ્દાથી આ દાન લે છે. રોગી જીવો પણ આ દાન લે છે. તેના પ્રભાવે ચાલુ રોગ મૂલમાંથી નાશ પામે છે. અને ૧૨ વર્ષ સુધી નવા રોગ થતા નથી. તમામ ભવ્ય જીવો આવા ઉત્તમ અવસરને પામીને આ દાન લે છે. જેથી તેમના બધા મનોરથ પૂરા થાય છે. આ પ્રસંગે પ્રભુના માતા પિતા પણ દાનશાલાની ગોઠવણ કરે છે. જેમાં અનુક્રમે અન્નપાન, વસ્ત્ર, ઘરેણાં અપાય છે. ૭. પ્રવચનનું અધિષ્ઠાયક દેવીપણું. ૮. લોકાંતિક દેવનું સ્વામિપણું, ૯. ત્રાયસ્ત્રિંશક દેવપણું, ૧૦. પરમાધામીપણું, ૧૧. યુગલિયા મનુષ્યપણું, ૧૨. સંભિન્નશ્રોતો લબ્ધિ, ૧૩. પૂર્વધર લબ્ધિ, ૧૪. આહારક લબ્ધિ, ૧૫. પુલાક લબ્ધિ, ૧૬. મતિજ્ઞાનાદિ લબ્ધિ, ૧૭. સુપાત્રને દાન દેવું, ૧૮. સમાધિ મરણ, ૧૯. જંઘાચારણ પણું, ૨૦. વિદ્યાચારણ પણું, ૨૧. મધ્વાશ્રવ લબ્ધિ, ૨૨. સર્પિરાશ્રવ લબ્ધિ, ૨૩. ક્ષીરાશ્રવ લબ્ધિ, ૨૪. ક્ષીણ મોહ ગુણઠાણું, ૨૫. જે પૃથ્વીકાય (પાષાણ) વિગેરે સાધનોથી શ્રી તીર્થંકરાદિની પ્રતિમા બનાવી શકાય તેવા પૃથ્વી–કાયાદિ પણે ઉપજવું, ૨૬. ચક્રવર્તિના ચૌદ રત્નપણે ઉપજવું, ૨૭. વિમાનના સ્વામીપણું, ૨૮. ઔપશમિક તથા ક્ષયોપશમિક ભાવના અને ક્ષાયિક ભાવના સમ્યક્ત્વ જ્ઞાન, સંયમ તપ વિગેરે, (અભવ્યને દ્રવ્યથી જ્ઞાનાદિ હોય) ૨૯. પ્રભુની અનુભવ યુક્ત ભક્તિ, ૩૦. સાધર્મિક વાત્સલ્ય, ૩૧.

સંવિગ્નપણું, ૩૨. શુકલ પાક્ષિકપણું. જેઓ મોડામાં મોડા અર્ધ પુદ્ગલ પરાવર્ત્ત કાલે પણ જરૂર મોક્ષે જવાની લાયકાત ધરાવે છે તે ભવ્ય જીવો શુકલ પાક્ષિક કહેવાય. એથી વધારે કાલ પ્રમાણ સંસારવાળા જીવો, કૃષ્ણપાક્ષિક કહેવાય, ૩૩. શ્રી દ્રવ્ય તીર્થંકરના માતાપણું પિતાપણું વિગેરે, ૩૪. યુગ પ્રધાનપણું, ૩૫. આચાર્ય પદ વિગેરે દશ પદ, ૩૬. પારમાર્થિક ગુણવાળાપણું, ૩૭. અનુબંધ દયા, હેતુ દયા, સ્વરૂપ દયા, આ બધા વાનાં ભવ્ય જીવો પામી શકે છે. ભવ્ય જીવોમાં કેટલાએક આસન્ન સિદ્ધિક ભવ્ય જીવો આ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે સ્ત્રીનું સ્વરૂપ વિચારીને સ્વપ્ને પણ સ્ત્રીનો સંકલ્પ કરતા નથી. આ પ્રસંગને અનુસરતી બીના પાક્ષિક સૂત્રની ટીકામાં વિસ્તારથી જણાવી છે તે ટુંકામાં આ પ્રમાણે જાણવી–એક નગરમાં મિથ્યાદૃષ્ટિ રાજા હતો અને તેની રાણી સમકિત દૃષ્ટિ અને જૈન મત ઉપર દૃઢ આસ્થાવાળી હતી. એક વખતે પ્રસંગે રાણીએ રાજાને કહ્યું કે સંપૂર્ણ નિર્મલ શીલવ્રતને ધારણ કરવામાં જૈન મુનિઓ જ સમર્થ હોય છે, બીજા હોતા નથી. તે વખતે રાજાએ ઈર્ષ્યાથી રાણીને કહ્યું કે હે પ્રિયા! જૈન મુનિઓ પણ શીલ વ્રતમાં તેવા હોતા નથી. તેમનું સ્વરૂપ હું તને કોઇ વખત દેખાડીશ. ત્યાર પછી રાજાએ પોતાના એક સેવકને કહ્યું કે આપણા નગરમાં ઘણા રૂપવાળી સૂર્યકાન્તા નામની વેશ્યા છે તેને મારી આજ્ઞા જણાવીને સાથે લઇને રાત્રીની શરૂઆતમાં બગીચામાં આવેલા કામદેવના ચૈત્યમાં જજે. ત્યાર પછી કાંઇક ધર્મ સંભળાવવાનું

બ્હાનું જણાવીને જૈન મુનિને તે ચૈત્યમાં લઇ જજે. તે બંનેને તે ચૈત્યમાં દાખલ કરી તું બહાર નીકળીને બારણાં બંધ કરીને બહારથી મજબૂત તાળું વાસજે. અને ચૈત્યમાં એક પલંગ તથા અનેક પ્રકારની ભોગ સામગ્રીઓ મૂકી રાખજે. તે સેવકે પણ રાજાના કહ્યા પ્રમાણે બધું કર્યું. પેલા સરલ અને અજાણ્યા જૈન મુનિ ચત્યમાં પૂરાયા. તેમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ મળ્યો નહિ. તે વખતે વેશ્યાએ મુનિને વિષયાસક્ત કરવા માટે અનેક પ્રકારના હાવ ભાવ કર્યા. અનેક જાતનાં કામ વાસનાને વધારનારાં વચનો કહ્યાં પણ મુનિ શીલવ્રતથી લગાર પણ ચલાયમાન થયા નહિં.

મુનિ વિચારવા લાગ્યા કે વેશ્યાના હાવભાવ વગેરેનો તો મને જરા પણ ભય નથી. પરંતુ સવારે જૈનમુનિને અને વેશ્યાને લોકો એક સાથે ચત્યમાં રહેલા જોશે ત્યારે જૈન શાસનની અપભ્રાજના (હલકાઈ, નિંદા) થશે તેની મને મોટી ચિંતા છે. વેશ્યા પણ મુનિને ચલિત કરવાને અનેક પ્રયત્નો કરીને થાકીને ઉંઘી ગઈ.

ત્યાર પછી મુનિએ જૈનશાસનની ખોટી અપભ્રાજના થતી અટકાવવા માટે જ શુદ્ધ બુદ્ધિથી પોતાના રજોહરણ વગેરે સાધુના વેષને દીવાથી સળગાવીને બાળી નાખ્યો. અને પરિણામે લાભ જોઇને તેની રાખ પોતાના આખા શરીરે ચોળીને અવધૂત (બાવાનો) વેશ ધારણ કર્યો. સાધુના ભાવલિંગ (ભાવચારિત્ર) ને ધારણ કર્યું, પછી આખી રાત્રી ધ્યાનમાં ગાળી.

સવાર થતાં રાણીને જૈન મુનિનું સ્વરૂપ દેખાડવા માટે રાજા રાણીને તથા નગરજનોને સાથે લઇને તે કામદેવના ચૈત્ય પાસે આવ્યો. સેવકે તાળું ઉઘાડયું તો અંદરથી 'અલખ નિરંજન જગન્નાથને નમસ્કાર' એ શબ્દને મોઢેથી બોલતો, આખા શરીરે નગ્ન અને જેણે શરીર પર રખ્યા ચોળેલ છે એવો તે અવધૂત (બાવો) બહાર આવ્યો. તેને જોઇને સર્વ લોક ચમત્કાર પામ્યા. રાણીએ રાજાને કહ્યું કે તમે મને જૈન મુનિનું સ્વરૂપ દેખાડવા અહીં લાવ્યા અને આ તો કોઈ બીજો જ નીકળ્યો, તમારૂં કહેવું અસત્ય ઠર્યું. કારણ કે આ તો જૈન સાધુને બદલે કોઈક બાવો નીકળ્યો.

ત્યાર પછી રાજાએ સેવકને પૂછયું કે જૈન સાધુને બદલે યોગી કયાંથી નીકળ્યો? તેં મારા કહેવાથી ઉલટું કેમ કર્યું? ત્યારે સેવકે કહ્યું કે મેં તો તમારા કહ્યા પ્રમાણે જ કર્યું હતું. પરંતુ ત્યાર પછી શું થયું તેની મને ખબર નથી. ત્યાર પછી રાજાએ વેશ્યાને રાત્રીનું વૃત્તાંત પૂછયું, ત્યારે તેણે કહ્યું કે મેં તો તેને ચલિત કરવાને અનેક જાતના હાવભાવ વિગેરે બહુજ પ્રયત્નો કર્યા પરંતુ તે તો નિશ્ચલ રહ્યા અને મારા સામી આંખ પણ ઉંચી કરી નથી, અને મારી કોઇ યુક્તિ કામ આવી નહિ. માટે ત્રણ જગતમાં એમના જેવો કોઇ મહા શક્તિશાળી પ્રખર બ્રહ્મચારી બીજો મુનિ નથી, એમ હું ખાત્રી પૂર્વક કહું છું. આ પ્રમાણેની હકીકત જાણીને રાજા રાણીનું વચન માનીને પણ પ્રતિબોધ પામ્યો. તેણે પોતે જૈન ધર્મ અંગીકાર કર્યો

અને બીજા અનેક નગરના લોકોને પણ જૈન ધર્મમાં જોડયા. જૈન સાધુઓની ઘણી પ્રશંસા થઇ. આ પ્રમાણે તે મુનિએ જૈન શાસનની પ્રભાવના કરીને ફરીથી મુનિવેશ ધારણ કર્યો. અહીં દૃષ્ટાંત પૂરૂં થાય છે. તેમાંથી સાર એ લેવાનો કે ખરા વૈરાગ્યશીલ વિગેરે સદ્‌ગુણોને ધારણ કરનારા મહાવ્રતધારી મુનિરાજ વિગેરે ભવ્ય જીવો આ શ્લોકમાં કહેલી બીનાને વિચારીને સ્ત્રીના સામું પણ જોતા નથી. ખરેખર ખરી કસોટીના પ્રસંગે મન વચન કાયાથી શીલ વ્રતને ટકાવનારા જીવો દુનિયામાં વિરલા જ હોય છે. હું તેમને ક્રોડ ક્રોડવાર ભાવથી હાથ જોડીને નમસ્કાર કરૂં છું. આવી ઉત્તમ ભાવના ભાવીને, સ્ત્રીને મોક્ષમાર્ગની સાધનામાં મહા વિઘ્નભૂત જાણીને ભવ્ય જીવોએ તેથી સર્વથા અલગ રહીને મોક્ષમાર્ગની સાધના કરી આત્મકલ્યાણ કરવું એજ વ્યાજબી છે. ૮૧

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં કોઇ સદ્‌ગુરૂના કહ્યા પ્રમાણે ચાલનારો મહા પરાક્રમી પુરૂષ મોહનો કઇ રીતે તિરસ્કાર કરે છે? તે વાત જણાવે છે—

१ ३ २ ४
रे रे मोह हताश ! तावकमिदं धिक्पौरुषोज्जृंभितं ।
८ ११ ६ ७ १० ९ १२
विस्रब्धं भवसागरे किल भवान्, संयम्य मां क्षिप्तवान् ॥
१३ १४ १६ १७ १८ १५
संप्रत्याप्तगुरूपदेशफलकः, पारं प्रयातोऽस्म्यहं ।
२३ २१ २४ १९ २० २२ २५ २६
शौंडीर्यं तव विद्यते यदधुना, दोष्णोस्तदा दर्शय ॥८२॥

रे रे=અરે, (એ ખેદ જણાવનાર શબ્દ છે)
मोह=મોહ !
हताश=નિર્ભાગી
तावकं=તારૂં
इदं=આ
धिक्=ધિક્કાર થાઓ
पौरुष=બળ, પરાક્રમના
उज्जृंभितं=વિસ્તારને, ફેલાવાને
विस्त्रब्धं=(તારી ઉપર) વિશ્વાસ રાખતા, વિશ્વાસુ
भवसागरे=ભવ સમુદ્રમાં
किल=અવશ્ય, જરૂર
भवान्=તું
संयम्य=બાંધીને
मां=મને
क्षिप्तवान्=(પ્હેલાં) ફેંકતો હતો (તેં મને ફેંકી દીધો હતો)
संप्रति=હવે
आप्त=મેળવ્યું છે
गुरूपदेश=ગુરૂના ઉપદેશ રૂપ
फलकः=પાટીયું જેણે
पारं=પાર, કિનારો
प्रयातः=પામ્યો
अस्मि=છું
अहं=હું
शौंडीर्यं=પરાક્રમ
तव=તારૂં
विद्यते=હોય
यत्=જે
अधुना=હમણાં
दोष्णोः=બે ભુજાનું
तदा=તો
दर्शय=દેખાડ

હે ભાગ્યહીણા મોહ ! તેં વિશ્વાસ કરનારા મને,
નાંખી દીધો ભવસાગરે રાગાદિ બંધન બાંધીને;
ધિક્કાર છે ધિક્કાર છે આ તાહરી નીચ શક્તિને,
પણ પુણ્યથી મેં સાંભળ્યો ગુરૂરાજના ઉપદેશને. ૨૭૧

તે પાટીયાથી ભવજલધિના હું લહ્યો ઝટ પારને,
જો હોય બલ તારી ભુજાનું તો બતાવ હવે મને;

**વિશ્વાસઘાતક તું ખરેખર ઇમ હવેથી જાણતો,**
**શા થાત મારા હાલ જો ઉપદેશ ગુરૂનો ના થતો. ૨૭૨**

**અક્ષરાર્થ**—હે નિર્ભાગી મોહ ! ત્હારા આ વિસ્તાર પામતા પરાક્રમને ધિક્કાર થાવ. કારણ કે તેં વિશ્વાસુ એવા મને બાંધીને આ ભવ સમુદ્રમાં નાખ્યો. પણ હવે તો હું શ્રી ગુરૂ મહારાજના ઉપદેશ રૂપી પાટીયું પામ્યો છું તેથી ભવ સમુદ્રનો પાર પામ્યો છું, માટે હે મોહ! હવે જો ત્હારૂં ભુજા બળ હોય (તારી તાકાત હોય) તો મને બતાવ (એટલે હવે મને સંસારમાં નાખે ત્યારે તું ખરો.) ૮૨

**સ્પષ્ટાર્થ**—જે રાજા જ્યારે પ્રજાને અમુક અમુક આજ્ઞાઓ ફરમાવે, કાયદાઓ ઘડે અને તે કાયદાઓનો અમલ કરવાનું (પાલવાનું) કહે, ત્યારે પ્રજા તેમાં આપણું હિત હશે એમ જાણી તે આજ્ઞા પ્રમાણે ચાલે અને કાયદાઓનું પરિપાલન કરે, અને એ જ પ્રજાને તે રાજા કપટ જાળમાં ફસાવીને ખોટી રીતે આજ્ઞાના પાલન કરવાની બાબતમાં ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરે તો એ જેમ મોટો વિશ્વાસઘાત ગણાય છે, તેમ મોહ રાજા પણ એવો મોટામાં મોટો વિશ્વાસઘાતી છે કારણ કે પોતાના તાબામાં રહેલા વિશ્વાસુ-અજ્ઞાની-મૂઢ લોકોને મોહ રાજા મિથ્યાત્વ કષાય વેદ વિગેરે દુર્ગુણોને ધારણ કરવાનું ફરમાવે છે, અને તે ફરમાન પ્રમાણે વર્તતા લોકને એટલે મોહ રાજાની આજ્ઞામાં રહી મિથ્યાત્વ સેવતા, ક્રોધાદિ કષાયોને સેવતા,

પુરૂષ વેદાદિકના પરવશપણાથી વિષયો સેવતા એવા લોકોને ગુન્હેગાર ઠરાવી દુર્ગતિમાં હડસેલી મૂકે છે. ત્યાં ઘણી પીડાઓ આપે છે. આ રીતે ખરો રાજા કદાચ પ્રજાનું હિત ન કરી શકે, પણ અહિત તો કરે જ નહિ, પણ આ નીચ મોહ રાજા વિશ્વાસુના ગળા કાપતો હોવાથી ખરેખર વિશ્વાસઘાતી જ છે, તેથી કોઇ વૈરાગ્યવંત જીવ આવા વિશ્વાસઘાતી મોહ રાજાને કહે છે કે હે મોહ! ત્હારા આ વિશ્વાસઘાત-વાળા પરાક્રમને હજાર વાર ધિક્કાર છે, કારણ કે તેં મને વિશ્વાસ પમાડયો ને વિશ્વાસુ એવા મેં ત્હારી સર્વ આજ્ઞા-ઓનું પાલન કર્યું, ત્યારે પરિણામે (છેવટે) ત્હેં મને ગુન્હેગાર ઠરાવી નરકગતિ અને તિર્યંચગતિ જેવી દુર્ગતિ-ઓમાં મોકલ્યો, અને મને રાગ દ્વેષના બંધનથી બાંધીને આ ભવ સમુદ્રમાં નાખ્યો, પણ હવે પુણ્ય યોગે મારા આંતર ચક્ષુ (ખરી સમજણ શક્તિ) ઉઘડી ગયા છે તેથી ત્હારો આ પ્રગટ વિશ્વાસઘાત જોઇને મેં સદ્ગુરૂની સોબત કરી, તેમનો સદુપદેશ સાંભળ્યો, અને એ સદુપદેશ રૂપી પાટીયાથી આ ભવ સમુદ્રનો હું લગભગ પાર પામી ગયો છું એટલે અલ્પ સંસારી થયો છું. અને તે સદુપદેશ મને એવો રગે રગે વ્યાપી ગયો છે કે હવે ત્હારૂં ભુજા બળ (તારી તાકાત) મ્હારા આગળ લગાર પણ ચાલશે નહિં, અને જો તને વિશ્વાસ ન આવતો હોય તો હજી પણ ત્હારૂં પરાક્રમ દેખાડી આપ. અને એ પરાક્રમ દેખાડીને ફરીથી મને ભવ સમુદ્રમાં નાખે એટલે દીર્ઘ સંસારી બનાવે ત્યારે તું ખરો, હવે તારૂં કંઈ પણ ચાલે એમ છે જ નહિ. તે

ઉપકારી શ્રી ગુરૂ મહારાજનું કલ્યાણ થજો, કે જેમના ઉપદેશથી હું ભયંકર ભૂલ સુધારીને ઠેકાણે આવ્યો. હવે તને હરાવે એવા મારા જેવા ઘણાં જીવોને હું તૈયાર કરીશ. તારી પોલંપ્રોલ હવે ચાલે એમ છે જ નહિ.

આ શ્લોકમાંથી સાર એ લેવાનો છે કે અજ્ઞાનથી અને મોહથી વિષય કષાય વિગેરે સેવતાં શરૂઆતમાં મીઠાં લાગે છે, અને તે છેવટ સુધી જાણે મીઠાં જ હશે એવા વિશ્વાસ ગર્ભિત ખોટા વિચારો પણ કેટલાએકને આવે છે. પરન્તુ ખરી બીના એ છે કે પરિણામે તે (વિષય કષાય વિગેરે) દુર્ગતિના આકરા દુઃખ આપનારા જ થાય છે. અને ભવિષ્યમાં પણ તે જીવો ભવ સમુદ્રમાં ડૂબે છે, પરન્તુ જો શ્રી ગીતાર્થ મહા ગુણવંત ગુરૂ જેવા સદ્ગુરૂનો ઉપદેશ સાંભળવામાં આવે અને તે ઉપદેશમાં દૃઢ વિશ્વાસ ચોંટે તો તે ઉપદેશના પ્રભાવે ભવ્ય જીવો દીર્ઘ સંસારી મટી ચરમ પુદ્ગલ પરાવર્ત પામી અલ્પ સંસારી જરૂર થાય છે. ત્યાર બાદ તેમને દેવ પૂજા વિગેરે શુભ સાધનોની પૂર્વસેવા કરવાના પ્રતાપે સમ્યગ્ દર્શન પામતાં અર્ધ પુદ્ગલ પરાવર્તથી ઓછો સંસાર રહે છે. અને તે સમ્યગ્ દર્શનના પ્રભાવે અનુક્રમે તે ભવ્ય જીવો ચારિત્ર પામીને વધારેમાં વધારે સાત આઠ ભવમાં પણ અવશ્ય મોક્ષ ગતિ પામે છે. આ બધો સદ્ગુરૂના ઉપદેશનો પરમ પ્રભાવ જ સમજવો. આ બીનાને લક્ષ્યમાં રાખીને પરમાત્મ પ્રભુના શાસનના રસિયા ભવ્ય જીવોએ મહા નીચ મોહ રાજાનો વિશ્વાસ

લગાર પણ કરવો જ નહિ. માનવ જીંદગીને બહુ બરબાદ કરનાર આ મોહ છે, એમ સમજીને મોહિત જીવોની પણ સોબત કરવી નહિ, અને શ્રી ગુરૂ મહારાજના ઉપદેશ પ્રમાણે મોક્ષ માર્ગની નિર્દોષ સાત્ત્વિકી આરાધના કરીને કરાવીને અનુમોદીને સ્વપર તારક થવું જોઇએ. ૮૨

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં એક વિવેકી પુરૂષ કામદેવને કેવો ઠપકો આપે છે તે વાત જણાવે છે—

१ ७ ३ ५ ८ ४ २ ६
**रे कंदर्प ! किमाततज्यमधुना धत्से धनुस्त्वं मुधा ।**
१२ १० ९ ११ १३
**किं भ्रूलास्यकलासु पक्ष्मलदृशः, प्रागल्भ्यमभ्यस्यसे ॥**
१५ १६
**वैराग्यांबुजिनीप्रबोधनपटुः, प्रध्वस्तदोषाकरः ।**
१८ १४ १७ २० १९ २१
**खेलत्येष विवेकचंडकिरणः, कस्त्वादृशामुत्सवः ॥८३॥**

**कंदर्प**=હે કામદેવ!
**किं**=શા માટે
**आततज्यं**=જેને દોરી (પણછ) ચઢાવેલી છે એવું
**अधुना**=હમણાં, હવે
**धत्से**=ધારણ કરે છે
**धनुः**=ધનુષ્ય, બાણ
**त्वं**=તું
**मुधा**=ફોકટ, નાહક, નકામું
**किं**=શા માટે
**भ्रूलास्य**=ભૃકુટિ નચાવવાની
**कलासु**=કળાઓમાં (નો)
**पक्ष्मलदृशः**=સુંદર નેત્ર લોમ (આંખની ઉપરના ભાગના વાળ) વાળી સ્ત્રીની
**प्रागल्भ्यं**=ચતુરાઇનો, ધૃષ્ટતાનો, ધીઠાઇનો
**अभ्यस्यसे**=અભ્યાસ કરે છે
**वैराग्य**=વૈરાગ્ય રૂપી
**अंबुजिनी**=કમલિનીને

**प्रबोधन**=વિકસ્વર કરવામાં ખીલવવામાં
**पटुः**=કુશળ, હોંશિયાર
**प्रध्वस्त**=નાશ કરેલ છે, નિસ્તેજ કરેલ છે
**दोषाकरः**=(સૂર્યપક્ષે) ચંદ્ર અથવા (વિવેકપક્ષે) દોષની ખાણ

**खेलति**=ખેલે છે, રમે છે
**विवेकचंडकिरणः**=વિવેક રૂપી સૂર્ય
**कः**=કોણ માત્ર, શાનો
**त्वादृशां**=ત્હારા જેવાને
**उत्सवः**=આનંદ, હર્ષ

**હે કામ ! દોરીને ચઢાવી બાણ સજ્જ તું શીદ કરે?,**
**સ્ત્રીની ભ્રકુટીના નૃત્યનો અભ્યાસ પણ તું શીદ કરે?;**
**વૈરાગ્ય રૂપી કમલિની વિકસાવનારા દોષની,**
**ખાણ ચંદ્ર વિનાશ કરતો વર વિવેક દિવસમણી. ૨૭૩**

**ઉગ્યો હૃદયમાં માહરા તેથી ન તારા જેહવા,**
**બનશે ન આનંદી કહે ઇમિ તે વિરાગી જાણવા;**
**કામદેવ હરાવવાને વર વિવેક સદા ધરો,**
**હે ભવ્ય જીવો ! તે મળે જો લેઇએ ગુરૂ આશરો. ૨૭૪**

અક્ષરાર્થ—હે કામદેવ! હમણાં તું જેને દોરી (પણુછ) ચઢાવેલી છે, એવા ધનુષ્યને ફોગટ (નાહક) શા માટે ધારણ કરે છે (ઉપાડે છે) અને સુંદર નેત્રના વાળ-વાળી સ્ત્રીની ભ્રકુટિ (નેણુ) નચાવવાની ચતુરાઈનો અભ્યાસ શા માટે કરે છે? કારણ કે વૈરાગ્ય રૂપ કમલિનીને (પોય-ણીને) ખીલવવામાં હોંશિયાર અને દોષાકરનો [ ચન્દ્રનો અથવા દોષની ખાણ (સમૂહ)નો ] અસ્ત કરનાર અથવા નાશ

કરનાર વિવેક રૂપી સૂર્ય (મારા હૃદય રૂપી આકાશમાં) ઉગ્યો છે અને તે મારા હૃદયમાં પ્રકાશ કરી રહ્યો છે તો હવે ત્હારા જેવાને આનંદ ક્યાંથી (શો) થવાનો છે? ૮૩

સ્પષ્ટાર્થ—હૃદયમાં જ્યારે વિવેક રૂપી સૂર્યનો ઉદય થાય છે ત્યારે કામદેવનું એટલે કામ વિકારોનું જોર નરમ પડી જાય છે, તેથી કોઈ વૈરાગ્યવંત પુરૂષ એ સંબંધમાં કામદેવને આક્ષેપ અથવા તિરસ્કાર કરવા પૂર્વક કહે છે કે, હે કામદેવ! હવે તું મારા હૃદયને વીંધવા માટે ધનુષને દોરી શા માટે ચઢાવી રાખે છે? કારણ કે ત્હારાં શબ્દાદિ રૂપ ધનુષ્ય (બાણ) હવે મારા હૃદયમાં વાગશે નહિં, એટલે સર્વથા નિષ્ફળ જ જશે એમ તું જરૂર સમજી લેજે. કારણ કે મારા હૃદયમાં શ્રી સદ્ગુરૂના ઉપદેશથી અને શ્રુત જ્ઞાનના આરાધનથી વિવેક રૂપી સૂર્યનો પ્રકાશ પ્રસરી રહ્યો છે, તેથી મારા આત્મ સ્વરૂપને મેં જાણ્યું છે અને ત્હારે આધીન (તાબે) રહેવામાં જે ભયંકર પરિણામ આવે છે તેને પણ હું સમજી ગયો છું, હવે હું માનું છું કે ત્હારા ધનુષ્ય (બાણ) થી વિંધાયલા પુરૂષો મરણ પામીને દુર્ગતિમાં જ જાય છે, અને આ ભવમાં પણ આત્મસ્વરૂપને ભૂલાવી બેભાન કરી ન કરવા યોગ્ય ખરાબ કામ્ર કરાવે છે. મ્હેં પણ ત્હારે આધીન રહી અનેક દુઃખો આ ભવમાં ને પાછલા ભવમાં ભોગવ્યાં છે, હજી સુધી તું મારા હૃદયમાંથી ખસતો નથી અને ત્હારી સ્હેજ પણ અવગણના કરવાનો પ્રસંગ આવે છે કે તુર્તજ તું ત્હારાં શબ્દ રૂપ રસ ગંધ સ્પર્શરૂપ ધનુષ્ય પર બાણ ચઢાવી મને હેરાન કરવા

તૈયાર થાય છે, પણ હવે મને ત્હારા ધનુષ્યની પરવા (બીક) છેજ નહિ, નકામો ધનુષ્ય પર બાણ ચઢાવી સામે શા માટે તાકી રાખે છે? શ્રી શ્રુતજ્ઞાનના પ્રભાવથી ઉગેલા વિવેકરૂપી સૂર્યના પ્રકાશથી મારા નક્કર હ્રદયમાં ત્હારા ધનુષ્યમાંથી છૂટેલું બાણ અફળાઈને ભાગી ભૂકો થશે, માટે હવે તારે એવું સાહસ કરવું વ્યાજબી નથી (અહિં કામદેવનું ધનુષ્ય પુષ્પ છે તે કોમળ છે અને સૂર્યના પ્રકાશથી નરમ વસ્તુ સૂકાઈને અત્યંત કઠિન થઈ જાય છે, તેથી કઠણ પદાર્થમાં (હૃદયમાં) પુષ્પનો ઘા લાગે નહિં, એ ઉપનય વિચારવો.)

વળી તું મારૂં હ્રદય વિંધવાને પુષ્પ બાણ મારે છે એટલું જ નહિં પરન્તુ સુંદર નેત્રવાળી સ્ત્રીઓની ભ્રકુટિઓ નચાવી નચાવીને પણ તું મ્હને (ત્હારે) વશ કરવા ઈચ્છે છે, કારણ કે સુંદર સ્ત્રીઓની આંખોના પ્રેમ ચાળાથી વિષયી મનુષ્યો કામવશ બની જાય છે, તેથી તું એ ઉપાયને કેળવવામાં જે ડહાપણ વાપરે છે, તે પણ નકામું છે. કારણ કે હું વિવેક સૂર્યનો પ્રકાશ થવાથી સ્ત્રીઓનું સ્વરૂપ અને તે સ્ત્રીઓના પ્રેમ ચાળામાં લોભાઇ જનાર જીવોની શી બૂરી દશા થાય છે તે પણ બહુ જ સારી રીતે જાણું છું. માટે તું એવી ચતુરાઈનો અભ્યાસ નકામો જ કરે છે. કારણ કે મારા હ્રદયમાં ઉગેલા વિવેક રૂપી સૂર્યથી વૈરાગ્ય રૂપી કમલિની (પોયણી) વિકસ્વર થઇ છે એટલે મારા હ્રદયમાં વૈરાગ્ય ભાવ પૂર જોસમાં પ્રકટ થયો છે, તેથી દોષાકરનો એટલે ચન્દ્રનો (ચન્દ્રના ઉદય કાળવાળી અજ્ઞાનતા

રૂપ રાત્રિનો) અસ્ત (વિનાશ) થઇ સમ્યગ્ જ્ઞાન રૂપી પ્રભાત પ્રગટ થયું છે. અથવા દોષાકરનો એટલે અવિવેક વિગેરે ઘણા દોષ સમૂહનો પણ નાશ થયો છે (અહિં दोषाकर=શબ્દનો दोषा=રાત્રિનો, कर=કરનાર તે ચન્દ્ર, અને दोष=દોષનો आकर=સમૂહ તે અવિવેક આદિ દોષોનો સમૂહ એવા બે અર્થ થાય છે) એ પ્રમાણે વિવેક રૂપી સૂર્ય મારા હૃદયમાં ઉગવાથી અજ્ઞાનતા રૂપ રાત્રિનો કરનાર અથવા દોષનો સમૂહ નાશ પામ્યો છે–અસ્ત પામ્યો છે, માટે હે કામદેવ! હવે ત્હારી એ બધી વારંવાર કરાતી ચાલાકીને છોડી દે, હવે તને મારા પરાજયથી (મને હરાવવાથી) થતો લેશ પણ આનંદ થવાનો જ નથી. કારણ કે હવે તું મને જીતી શકવાનો જ નથી.

આ શ્લોકનું રહસ્ય એ છે કે, જેમ સૂર્યના તેજથી ચંદ્રના તેજનો નાશ થાય છે, તેવી રીતે ભવ્ય જીવોના હૃદયમાં જ્યારે વિવેક ગુણ પ્રકટ થાય છે ત્યારે આત્માના અનાદિ કાળના દુર્ગુણો ખસવા માંડે છે અને તે સાથે કામદેવ (વિષય વાસનાનું, ભોગ તૃષ્ણાનું) જોર પણ ઘટી જાય છે, અને આત્માના સ્વાભાવિક સદ્ગુણો પ્રગટ થાય છે, અને તદ્દન ચોખ્ખા ચળકતા જ્ઞાન દર્શન ચારિત્ર વિગેરેની એકઠી આરાધના કરવા રૂપ મોક્ષ માર્ગની અપૂર્વ આરાધના થાય છે, અને છેવટે તેવા આસન્ન સિદ્ધિક ભવ્ય જીવો વિવેક રૂપી સૂર્યોદયના પ્રતાપે જ પરમાત્મ પદ (મોક્ષ) પણ પામે છે, જેમ જેમ મિથ્યાત્વનું જોર ઘટતું જાય, તેમ તેમ વિવેક

ગુણ વધતો જાય છે. આ વખતે જીવ ગુણ સ્થાનક શ્રેણિમાં આગળ વધતો જાય છે. વિવેક શબ્દનો અર્થ એ કે–જેનાથી પોતાની ચીજ કઇ છે? અને પર ( જે પોતાની ન હોય, એવી ) ચીજ કઇ છે? આનો નિર્ણય કરીને એટલે નિર્મલ જ્ઞાનાદિકનું સ્વરૂપ હું છું, ઘર બાગ મ્હેલ સંપત્તિ વિગેરે વિભાવ પદાર્થોનો હું માલીક નથી. મારા નિર્મલ જ્ઞાન દર્શન ચારિત્ર ગુણો છે, બીજા પદાર્થો મારા નથી. હે જીવ! જ્યારે તને દુઃખ ગમતું નથી, તો દુઃખના કારણ શા માટે સેવે છે? જોઈએ છે સુખ અને સેવે છે દુઃખના કારણ. આ વિરૂદ્ધ વર્ત્તનથી જ તું સુખને બદલે દુઃખ ભોગવે છે. હવે તું શ્રી ગુરૂ મહારાજના પસાયથી સમજણો થયો. માટે બાલ ચેષ્ટાનો ત્યાગ કરીને શરીરાદિનો મોહ ઘટાડીને નિજ-ગુણ રમણતાને વધારવા માટે મોક્ષ માર્ગની સાધના કરજે. આવી શુભ ભાવના અને ઉત્તમ વર્ત્તનનું નામ વિવેક કહેવાય. આવો વિવેક ગુણ પ્રબલ પુણ્યશાલી જીવો જ પામી શકે છે. અહીં પ્રભુશ્રી નેમિનાથ, જંબૂસ્વામી, વિજયશેઠ, વિજયારાણી, ભતૃહરીના દૃષ્ટાંતો જાણવા. તે શ્રી ઉપદેશ પ્રાસાદ વિગેરેમાં વિસ્તારથી કહ્યા છે. ગ્રંથ વધી જવાના ભયથી અહીં જણાવ્યા નથી. ઉપર જણાવેલી બીનાને યાદ રાખીને ભવ્ય જીવોએ વિવેક ગુણના પ્રતાપે દુર્ગુણોને દૂર કરી સદ્ગુણોની સેવના કરી આત્મ કલ્યાણ કરવું જોઈએ. ૮૩

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં સ્ત્રીઓના મન વચન કાયા કેવા ચપળ હોય છે તે જણાવીને સ્ત્રીની ચંચલ વૃત્તિને ધિક્કારે છે—

५ ४ ६ ८ ७ ९ १०
अन्यं प्रियालापपथं नयंते, कञ्चित्कटाक्षैरपरं स्पृशन्ति ।
१३ ११ १२ १४ ३ १ २
अन्यं हृदा कंचन मंत्रयंते, धिग्योषितां चंचलचित्तवृत्तिम्
॥ ८४ ॥

**अन्यं**=બીજા પુરૂષને
**प्रियालापपथं**=પ્રિય વચનના માર્ગમાં, વાતચીત કરવામાં
**नयंते**=જોડે છે
**कञ्चित्**=કોઈક
**कटाक्षैः**=કટાક્ષો વડે
**अपरं**=બીજા પુરૂષને
**स्पृशन्ति**=સ્પર્શે છે; સ્પર્શ કરે છે, અડે છે
**हृदा**=હૃદયવડે, મનમાં
**कञ्चन**=કોઇ
**मंत्रयंते**=વિચારે છે, ધ્યાનમાં રાખે છે
**धिग्**=ધિક્કાર છે
**योषितां**=સ્ત્રીઓની
**चंचल**=ચપળ, અસ્થિર
**चित्तवृत्तिं**=મનોવૃત્તિને, મનના વિચારને

નાર કેરા હૃદયનું ચંચલપણું ઇમ જાણીએ,
મધુર વચને અન્ય સાથે વાત કરતી દેખીએ;
ને કટાક્ષો મારતી તે અન્ય સામા ઘડીકમાં,
સાથ ત્રીજાની કરત સંકેત મેલા હૃદયમાં. ૨૭૫

ધિક્કાર આવી નારને ધિક્કાર ચંચળ વૃત્તિને,
ધિક્કાર તેમ વિશેષથી તે નારમાં આસક્તને;
મન વચન કાયા થકી સ્ત્રી સંગ જેઓ છંડતા,
તેમને સુખિયા ગણીને સર્વ જીવો વંદતા. ૨૭૬

**અક્ષરાર્થ**—સ્ત્રીઓ બીજા કોઇ પુરૂષ સાથે જે વખતે પ્રિય વચનોથી બોલતી હોય (વાતચીત કરતી હોય) અથવા બોલાવતી હોય, એ જ વખતે તેઓ બીજા કોઈ પુરૂષ ઉપર કટાક્ષ નાખતી હોય (ફેંકે) છે. અને હૃદયમાં કોઈ બીજા પુરૂષને જ ચિંતવતી હોય છે, એ પ્રમાણે મનથી વચનથી અને કાયાથી જૂદા જૂદા વ્યાપારવાળી સ્ત્રીઓની એ અસ્થિર મનોવૃત્તિને ધિક્કાર છે. ૮૪

**સ્પષ્ટાર્થ**—આ શ્લોકમાં સ્ત્રીઓની મન વચન કાયાની વૃત્તિઓ (વ્યાપાર) એક સરખી નથી હોતી પરન્તુ ભિન્ન ભિન્ન (જૂદી જૂદી) હોય છે તે જણાવે છે, જયારે કોઈ સ્ત્રી અમુક એક પુરૂષની સાથે પ્રેમ વચનોથી બોલતી હોય છે ત્યારે તે જ વખતે એની આંખના ચાળા કોઈ બીજા પુરૂષ સામે ચાલતા (થતા) હોય છે, અને મનમાં વળી કોઈ ત્રીજા જ પુરૂષને ચિંતવતી-ચાહતી હોય છે. એ પ્રમાણે સ્ત્રીના મનમાં કંઈ વચનમાં કંઇ ને તેને કરવાનું કંઇ હોય છે. તેથી કુટિલ વૃત્તિ એટલે માયાવી વૃત્તિવાળી સ્ત્રીને અહિં ધિક્કાર પાત્ર કહી છે. સ્ત્રીઓની એ કુટિલ વૃત્તિને મોહની-યનો ક્ષય કરવા તત્પર થયેલા યોગીઓ જ સમજી શકે છે. મોહી પુરૂષો તો એ માયાવી વૃત્તિને પણ પ્રેમ રૂપ માની મોહમાં ફસાય છે. વ્યવહારમાં પણ કવિઓએ માયા પ્રપં-ચવાળા જીવોના નંબરો ગોઠવવામાં સ્ત્રી ચરિત્રનો નંબર સૌથી મુખ્ય ગણ્યો છે. વ્યાપારીઓમાં વણિક કળાને પ્હેલા નંબરની ગણી છે, તેથી પણ સ્ત્રી ચરિત્ર ચઢીયાતું છે, કારણ

કે વણિક જેવા હુંશિયાર પુરૂષ પણ સ્રીથો છેતરાય છે. આ બાબતમાં શ્રેણિક રાજાના પુત્ર અભયકુમારની અને વેશ્યાની તથા નૂપુર પંડિતાની બીના જાણવા જેવી છે. તેમાં પ્હેલા દૃષ્ટાંતનો મુદ્દો એ છે કે, અભયકુમાર જેવા બુદ્ધિમાનને પણ એક ગણિકાએ જ છેતરવાનું કામ માથે લઈ અભયકુમારને આબાદ રીતે છેતર્યા હતા. બંને દૃષ્ટાંતની વિશેષ બીના શ્રી ઉપદેશ પ્રાસાદ વિગેરેમાં જણાવી છે. અભય કુમારની બુદ્ધિનું ચાતુર્ય શ્રી ઉપદેશ પ્રાસાદના પાંચમા વ્યાખ્યાનમાં જણાવ્યું છે. આ બીનાને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ તેવી સ્રીઓનો પરિચય સર્વથા તજીને નિર્દોષ માનવ જીવનને મોક્ષ માર્ગની સાધનામાં જોડીને મુક્તિના શાશ્વતા સુખ મેળવવા. એ જ ખરા વિવેકી પુરૂષોનું મુખ્ય કર્ત્તવ્ય છે. ૮૪

અવતરણ--હવે કવિ આ શ્લોકમાં કોઈ વૈરાગ્યવંત પુરૂષ નિર્દય વિધાતાને ઠપકો આપે છે કે તેં મારી ઉપર દયા રાખ્યા વિના મ્હારાં મોંઢું પગ ને આંખ બનાવ્યાં. તેથી તેનો સદુપયોગ થવાને બદલે દુરૂપયોગ થાય છે. તે તરફ બીલકુલ લક્ષ્ય રાખ્યું નહિ, એટલું જ નહિ પણ તેં ત્હારા એ અંગોને બનાવવાના પરિશ્રમ તરફ પણ જોયું નહિ, તે વાત જણાવે છે—

२ ३ ११ ५ ४
यांचायै वचनक्रमं रचयतः, पादौ परिभ्रान्तये ।
१० ७ ८ ९ ६
नेत्रे रोषकषायितानि वदनान्यालोकितुं स्वामिनाम् ॥

१ १५ १८ १४ १२ १३ १७ १९ १६
**धातश्चेन्न दयालुता तव हृदि स्थानं बबंध क्षणं ।**
२१ २५ २० २३ २४ २२ २६ २७
**तत्किं हंत परिश्रमोऽपि निकटीभूतो न संपन्नवान् ॥ ८५ ॥**

**यांचायै**=માગવા માટે
**वचनक्रमं**=વચનની પરંપરાને વાણીના વિસ્તારને,
**रचयतः**=બનાવતા
**पादौ**=બે ચરણ, બે પગ
**परिभ्रान्तये**=ભમવાને માટે
**नेत्रे**=બે આંખ
**रोष**=ક્રોધ વડે
**कषायितानि**=લાલચોળ થયેલ
**वदनानि**=મોઢાં
**आलोकितुं**=જોવાને
**स्वामिनां**=માલિકોનાં, શેઠ વિગેરેનાં
**धातः**=હે ધાતા !, વિધાતા હે કર્મ !
**चेत्**=જો
**न**=નથી
**दयालुता**=દયાળુપણું; દયા
**तव**=તારા
**हृदि**=હૃદયમાં, મનમાં
**स्थानं**=સ્થાન
**बबन्ध**=બાંધતું, કરતું
**क्षणं**=ક્ષણ વાર
**तत् किं**=તો શું !
**हंत**=ખેદની વાત છે કે
**परिश्रमोऽपि**=મહેનત પણ
**निकटीभूतः**=પાસે રહેલો, અનુભવેલો
**न**=નહિ
**संपन्नवान्**=થયો, જાણ્યો

**હે વિધાતા ! ભીખ માટે વચનને પગ ભટકવા,**
**સ્વામિના ક્રોધે બનેલા રક્ત મુખને નિરખવા;**
**બેઉ આંખ બનાવતા ક્ષણ વાર પણ કરૂણા તને,**
**તારા હૃદયમાં કેમ નાવી શું કહું હું બહુ તને. ૨૭૭**

ખેર કરૂણા ના ધરી પણ ચરણ આદિ બનાવતા,
જે પરિશ્રમ તેં કર્યો કિમ તસ વિચારો ના થતા ?;
જેવા કરેલા પાપ હોવે તેહના ઉદયે કરી,
ઇમ બનેજ વિધાતૃ શબ્દે કર્મ લેવું મન ઠરી. ૨૭૮

**અક્ષરાર્થ**—હે વિધાતા ! ( હે કર્મ ! ) ભીખ માંગવાને માટે વચનની શ્રેણીને અથવા મોંઢાને અને ભ્રમણ કરવાને ( ભટકવાને માટે ) બે પગ, અને ક્રોધથી લાલચોળ થએલાં માલિકોનાં મોઢાં જોવાને બે આંખ બનાવતા એવા ત્હારા હૃદયમાં દયા કેમ ન આવી ? અને કદાચ જો દયા ન આવી તો ખેર, પણ મારાં એ મોંઢું વિગેરે અંગોને બનાવવામાં ત્હને જે મ્હેનત પડી તે મ્હેનત પણ તારા જાણવામાં ન આવી ? ( કે મારી આ બનાવવાની મ્હેનત કે રચના ફોગટ જાય છે એ પણ તેં ન જાણ્યું. ) ૮૫

**સ્પષ્ટાર્થ**—લોકમાં એમ કહેવાય છે કે વિધાતાએ ( વિધિએ-બ્રહ્માએ ) આ સૃષ્ટિ ( દુનિયા ) બનાવી, તે લોકોક્તિ ઉપરથી કોઇ વૈરાગ્યવંત જીવ તે વિધાતાને ઠપકો આપે છે કે–હે વિધાતા! તું સૃષ્ટિનો સર્જનહાર ( દુનિયાનો બનાવનાર ) છે, મનુષ્ય વિગેરે પ્રાણીઓ તેં બનાવ્યા એ બધી વાત ઠીક પણ તેમાં હું તને પૂછું છું કે મને તેં જે વચનશક્તિ આપી તે કયા કયા શુભ કાર્યમાં જોડવા માટે આપી ? તેમજ મારૂં મુખ, બે પગ, વિગેરે અંગો કયા કયા શુભ કાર્યો કરવા માટે બનાવ્યા ? કારણ કે અત્યારે તો

મારી એ વચનશક્તિ ગુરૂદેવની સ્તુતિ વિગેરે કરવાના કામમાં નહિ પણ કેવળ બીજા ધનવાનની આગળ વિનંતિ પૂર્વક ભીખારીની પેઠે ભીખ માગવાના કામમાં આવે છે. આ મનુષ્ય ભવ જેવી મોંઘી જીંદગીમાં પણ મારે બીજા રાજાની અને શેઠ શાહુકારોની સેવા કરવી પડે છે અને તે સેવામાં વફાદારી બતાવવા માટે અને વફાદારી બતાવી રાજા વિગેરે મારા પર ખુશ રહે તો મારે સારા પ્રમાણમાં (વધારે) ધન વિગેરેનો લાભ થાય એ આશાએ ને આશાએ યાચના (ઇષ્ટ વસ્તુની માગણી કરવા) નાં નમ્ર વચનો બોલવાં પડે છે, એટલે ખુશામતનાં વચનો બોલવાં પડે છે, અને તેથી મારૂં મુખ હંમેશાં ઉદાસીન જ રહે છે, તો એવું ઉદાસીન મોઢું તેં શા માટે બનાવ્યું ? તેમ જ તેં મારા બે પગ બનાવ્યા, તેનાથી મારે દેશ પરદેશમાં ધન વિગેરે ઈષ્ટ પદાર્થો કમાવવાને માટે ભ્રમણ કરવું-ભટકવું પડે છે, અને નાટક સિનેમાઓમાં લોકની આગળ નાચવૂં પડે છે, શું એ પ્રમાણે ઠામ ઠામ ભટકવા તથા નાચવા માટે જ તેં મારા બે પગ બનાવ્યા છે? તેમ જ ઘણી જાતની મુશ્કેલીઓ વેઠીને શેઠની કે રાજાની સેવા કરતાં અને વફાદારી સાચવતાં પણ તેમાંના કેટલાએક રાજાને કે શેઠને સેવાની કે વફાદારીની લગાર પણ કિંમત હોતી નથી, ને વાત વાતમાં દરેક કામમાં આંખો લાલચોળ કરી ગુસ્સામાં આવી જઈ ઠપકો જ આપ્યા કરે છે. તે વખતે તેમનાં ક્રોધથી લાલચોળ થયેલાં અને તોબરા જેવાં ચઢેલાં મોઢાં પણ દીન દૃષ્ટિએ ફક્ત સ્વાર્થની જ ખાતર જોવાં પડે છે, તો હે વિધતા! શું ત્હેં

મ્હારી આંખો એ માલિકોનાં ચઢેલાં અને ક્રોધી મોંઢાં જોવાને માટે જ બનાવી છે? અને જો એ પ્રમાણે મારી વચનશક્તિ અથવા મુખ, બે પગ, અને આંખો એવાં તુચ્છ કામો માટે જ બનાવેલ હોય તો ખરેખર ત્હારામાં દયાનો અંશ લગાર પણ નથી, એટલે શું એ અંગો બનાવતી વખતે તને જરા પણ દયા ન આવી! અને કદાચ દયા ન આવી તો ખેર, પણ ત્હને મુખ વિગેરે અંગો બનાવતી વખતે જે મ્હેનત પડી હશે તે મ્હેનતનો પણ ખ્યાલ ન આવ્યો? અને તને એટલો પણ વિચાર ન આવ્યો કે આ અંગોની રચનાનો ઉપયોગ ભીખમાં ભટકવામાં અને માલિકોનાં ચઢેલાં મોઢાં જોવામાં થશે, તેથી મ્હારી મ્હેનત ફોગટ જશે, તેમ ન થાય, માટે ખાસ કાળજી એ રાખવી જરૂરી હતી કે મુખ એવું બનાવું કે જે મુખથી દીન વચનો બોલવા પડે નહિ. પણ પ્રભુનાં તથા ગુરૂ વિગેરે પૂજ્ય પુરૂષોના ગુણગાન કરાય. પગ એવા બનાવું કે જે પગનો ઉપયોગ ધન માટે દેશ પરદેશ કે વનમાં ને પ્હાડમાં ભટકવામાં ન થાય, પરન્તુ અનેક તીર્થયાત્રાઓ કરવામાં થાય, પ્રભુની આગળ નૃત્ય વિગેરે કરવામાં થાય. તથા બે આંખો પણ એવી બનાવું કે એ આંખોનો ઉપયોગ માલિકોનાં ચઢેલાં મોઢાં જોવામાં ન થાય, પરન્તુ દેવ ગુરૂ વિગેરે પૂજ્ય પુરૂષોનાં દર્શન અને શાસ્ત્રો વાંચવા વિગેરેમાં થાય, એ પ્રમાણે મારાં અંગો સારા ઉપયોગમાં આવે એવાં બનાવ્યાં હોત તો ખરેખર ત્હારી અંગો બનાવવાની મહેનત પણ સફળ થાત અને મ્હારો પણ ઉદ્ધાર થાત, પરંતુ તેં એ સંબંધી કંઈ પણ વિચાર કર્યા વિનાજ મારાં અંગો

બનાવ્યાં માટે હે વિધાતા! મારાં અંગ બનાવવામાં અને સૃષ્ટિ બનાવવામાં તું દયા વગરનો અને વિચારશૂન્ય લાગે છે. એ પ્રમાણે કોઇ વૈરાગી જીવ વિધાતાને ઠપકો આપે છે. આ પ્રમાણે બીજા મતવાળા આ શ્લોકનો અર્થ કરે છે, પણ જૈન દૃષ્ટિએ વિધાતા શબ્દનો કર્મ અર્થ કરીને શ્લોકની બીના ઘટાવવી. સૃષ્ટિ અનાદિ કાલની છે. તેનો કર્તા કોઈ છે જ નહિ. તેમાં રહેલા જીવોની વિચિત્રતા કર્મના ઉદયથી થાય છે, એમ જૈન દર્શન માને છે.

આ શ્લોકનો સાર એ છે કે સંસારમાં વિષયાભિલાષી જીવો બે પગનો ઉપયોગ કેવળ ધન અને સ્ત્રી વિગેરે વિષયના સાધનો મેળવવાને ઠામ ઠામ ભટકવા માટે જ કરે છે, અને મુખથી દીનતા ધારણ કરી યાચના કરે (ભીખ માગે) છે, અને પોતાનો સ્વાર્થ સાધવાને માટે આંખોથી માલિકોનાં મોઢાં તરફ દીન વૃત્તિએ જોયા કરે છે, કાનથી શૃંગારી બાયનો સાંભળ્યા કરે છે, જીભનો ઉપયોગ મીઠા આહાર ખાવામાં કરે છે, આ રીતે શરીરનો પણ ઉપયોગ વિષયવિલાસ વિગેરે પાપ કરવામાં કરે છે એ બધું મોહ અને અજ્ઞાનને લઈને જ થાય છે પરન્તુ એ જ અંગોનો ઉપયોગ જો નિર્મલ જ્ઞાન દર્શન ચારિત્રનાં અનુષ્ઠાનો (ક્રિયા) કરવામાં તેમ જ ઈન્દ્રિય દમન દાન, તપ, કરવામાં કરે તો ભવ્ય જીવો આત્માનું પરમ કલ્યાણ જરૂર કરી શકે, એટલે પરમાનંદ પદને (મોક્ષને) જરૂર પામી શકે. આવી વિચારણા કરીને મળેલા દુર્લભ માનવ દેહનો ઉપયોગ સાંસારિક વિલાસોમાં ન કરતાં જ્ઞાન દર્શન ને ચારિત્રની આરાધના કર-

વામાં કરવો જોઇએ. અને ભવ્ય જીવોએ યાદ રાખવું જોઇએ કે આ શ્લોકમાં કવિએ જૈન દર્શનને માનનાર એક ભવ્ય જીવ કર્મ રાજાને કેવો ઠપકો આપે છે તે બીના મુખ્ય પણે જણાવી છે. પણ વિધાતા શબ્દનો અર્થ બ્રહ્મા કરીને બીજાઓ શો અર્થ કરે છે તે પહેલાં જણાવી દીધું. જૈન દર્શનની અચલ માન્યતા એ છે કે, તમામ સારા બનાવો પુણ્યના ઉદયથી બને છે, અને ખરાબ બનાવો પાપના ઉદ-યથી બને છે. પુણ્યાઇનો વધારો કરવા માટે શ્રી જિનધર્મની આરાધના પરમ ઉલ્લાસથી કરવી જ જોઇએ, તેવા ધર્મી જીવો પોતાના સુખ વિગેરેને ધર્મ કાર્યમાં જોડીને જરૂર સફલ કરી શકે છે. આ બીનાને યાદ રાખીને ભવ્ય જીવોએ સારા નિમિત્તોની સેવના કરીને મોક્ષના સુખ મેળવવા. એ આ શ્લોકનું રહસ્ય છે. ૮૫

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં ધનના વિનાશની ચિંતા રાખીને અજ્ઞાની જીવો ધનના રક્ષણ ( બચાવવા ) માં બહુ સાવચેત રહે છે, પરન્તુ આયુષ્યનો નાશ થતો જાય છે તેની ચિંતા લગાર પણ કરતો નથી તે વાત જણાવે છે—

५ ४ १
रक्षाकृते धनलवस्य विमूढचेता ।
३ २ ६ ७ ९ ८
लोभाज्जनः किमपि संतनुते प्रयत्नम् ॥
१३ १० ११ १२ १४ १५
तल्लक्षकोटिभिरलभ्यमपीदमायुः ।
१६ १७ २२ १८ १९ २० २१
कालो निकृंतति न तन्ननु शंकतेऽपि ॥ ८६ ॥

रक्षाकृते=બચાવવા માટે
धनलवस्य=થોડા ધનને
विमूढचेताः=મૂઢ મનવાળો
लोभात्=લોભથી
किमपि=કંઇ પણ (કહી શકાય નહિ એવો અથાગ)
संतनुते=કરે છે
प्रयत्नं=મ્હેનત, ઉદ્યમ
तल्लक्षकोटिभिः=તે લાખો અને ક્રોડા ગમે (પ્રમાણ) ધનથી
अलभ्यं=ન મેળવાય એવા
अपि=પણ
इदं=આ
आयुः=આયુષ્યને, જીવતરને
कालः=કાળ
निकृतंति=છેદે છે, કાપે છે
न=નહિ
तत्=તે (આયુષ્ય) ની
ननु=નક્કી
शंकतेऽपि=ચિંતા પણ કરે (કરતો નથી)

લોભથી ધનમૂઢ માણસ હોય થોડું ધન છતાં,
તેહનેજ બચાવવા મ્હેનત કરે રાજી થતાં;
પણ મૂર્ખ તે જાણે નહી લાખો કરોડો ખરચતા,
પણ મળે ના જેહ આયુષ તેહને ઓછા થતા. ૨૭૯

કાળ ઓચિંતો જ છેદે આંખ મીંચાઈ જતાં,
સર્વ છંડીને જવાનું કોઇ સાથ ન આવતાં;
ક્ષણિક વસ્તુ કાજ જીવો ધમપછાડા બહુ કરે,
શાશ્વતા જ્ઞાનાદિ કાજે રજ પ્રયત્નો નાદરે. ૨૮૦

અક્ષરાર્થ—મૂઢ મનવાળો મનુષ્ય બહુ થોડા ધનને પણ બચાવવાને માટે લોભથી કંઇ ને કંઈ ઉદ્યમ કર્યા કરે છે, પરન્તુ લાખો અને ક્રોડો ગમે ધનથી પણ ન મેળવી

શકાય એવા આયુષ્યને કાળ છેદે છે, નાશ પમાડે છે, તેની જરા પણ શંકા રાખતો ( ચિંતા કરતો) નથી. અને આવી સ્થિતિના સંસારી જીવો કંઇ પણ ધર્મ ક્રિયા પણ કરી શકતા નથી. ૮૬

સ્પષ્ટાર્થ—મનુષ્ય આયુષ્યના ઉદયથી મનુષ્ય ભવ પ્રાપ્ત થાય છે, અને જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ ધર્મની અથવા દાન શીલ તપ અને ભાવના એ ચાર પ્રકારના ધર્મની આરાધના મનુષ્ય ભવમાં જ સારી રીતે થઈ શકે છે. પરમાનંદ પદની (મોક્ષ પદની) પ્રાપ્તિ મનુષ્ય ભવથી જ મળે છે, માટે મનુષ્ય ભવ સંબંધી મનુષ્ય આયુષ્યની કિંમત લાખો અને ક્રોડો સોના મ્હોરથી પણ બહુ જ વધારે (અનંત ગુણી) અંકાય (ગણાય) છે. પુણીયા શ્રાવકના એક જ સામાયિકની કિંમતમાં શ્રેણિક રાજાનું મગધ દેશનું રાજ્ય પણ સમાઈ જાય તો પણ તેના એક સામાયિકની કિંમત ન પૂરી શકાય એમ શ્રી મહાવીર સ્વામીએ શ્રેણિક રાજાને કહેલા વચનથી સમજી શકાય તેમ છે, તો યાવજ્જીવ પર્યન્ત સર્વવિરતિ સામાયિકની કિંમતનો આંકડો શું કલ્પી શકાય ? અને તેવા અમૂલ્ય સર્વ વિરતિ સામાયિકવાળા મનુષ્યના આયુષ્યની પણ કિંમત શું કલ્પી શકાય ? અર્થાત્ મનુષ્ય ભવનું આયુષ્ય ત્રણ જગતની સર્વ ઋદ્ધિ કરતાં પણ બહુ જ અધિક કિંમતી છે, આ વાતને લક્ષ્યમાં રાખીને કવિ આ શ્લોકમાં ઉપદેશ આપે છે કે હે મનુષ્ય! તું મનુષ્ય ભવમાં જન્મીને હજાર લાખ ક્રોડ કે અબજ જેટલી

પેદાશને માટે ત્હારૂં સર્વ આયુષ્ય એમાં વેડફી નાખે છે, ટાઢ તડકો વેઠે છે, માન અપમાનની દરકાર કરતો નથી. પરન્તુ એથી પણ અનંતગુણી કિંમતવાળું ત્હારૂં આયુષ્ય આ કાળ નામનો રાક્ષસ સમયે સમયે છેદે છે. એટલે ક્ષણે ક્ષણે આઉખું ઘટતું જાય છે, તેની તો તને લગાર પણ દરકાર નથી. વળી કરોડો અબજોની વાત તો દૂર રહી પણ એક સો હજાર જેટલા થોડા ધનને સાચવવાને માટે પણ તું પ્રાણાન્ત કષ્ટમાં ઉતરે છે, ખાવા પીવા વિગેરેના અલ્પ સાધનો મેળવવા પાછળ પણ ત્હારૂં આયુષ્ય ગુમાવે છે છતાં તેટલું પણ મળવું કે ન મળવું તે નક્કી નથી છતાં એટલી થોડી પેદાશને માટે ત્હારી મહેનતનો તો કંઇ પાર જ નથી, તો હે મનુષ્ય! એ થોડા ધન મેળવવામાં ઉદ્યમ કરવા કરતાં ત્હારૂં કિંમતી આયુષ્ય સફળ કરવા તું ઉદ્યમ કર, નિર્મલ ભાવથી બની શકે તેટલી દેવ ગુરૂ ધર્મની આરાધના કર, બની શકે તેટલી તપશ્ચર્યા કર અને એ પ્રમાણે કરીને ત્હારા કિંમતી આયુષ્યને સફલ કર. તું એમ જાણતો નથી કે મ્હારૂં જીવન કેટલું કિંમતી છે, તેથી તે જીવનને જ આયુષ્યને ઘટાડનારા સાધનોથી બચાવું. યાદ રાખજે કે જીવનનું રક્ષણ તો ધર્મની આરાધનાથી જ થાય છે. વિષયોપભોગ કરવાથી તો જીવનની કેવળ બરબાદી જ થાય છે. જો ખાન પાન મૉજ શોખ ને ઍશઆરામથી જ મનુષ્ય જીવનની કિંમત તું માનતો હોય તો વિચાર કર કે પશુ પક્ષી જેવાં જાનવરોના જીવનમાં અને ત્હારા મનુષ્ય જીવનમાં ફેર શો? તેમજ અનુત્તર વિમાનવાસી દેવો જેવા વિશાલ ઋદ્ધિવાળા

અને મહા સુખવાળા દેવો પણ મનુષ્ય ભવની જ ચાહના શા માટે રાખે? આ પ્રમાણે નિર્મલ-સંપૂર્ણ ધર્મારાધન કરવાની અપેક્ષાએ જ મનુષ્ય જીવન બહુ જ કિંમતી ગણાય છે. આ પ્રસંગે ધનનો મોહ છોડનાર દશાર્ણભદ્રનું, અને ધનનો તીવ્ર મોહ રાખનાર મમ્મણ શેઠનું દૃષ્ટાંત વિચારીને ભવ્ય જીવોએ ધન વિગેરેમાં મોહ ન રાખતાં માનવ જીવનને દશાર્ણભદ્રની માફક નિર્મલ જ્ઞાન દર્શન ચારિત્રની આરાધના કરીને સફલ કરવું. આ શ્લોકનું રહસ્ય છે. ઉપર જણાવેલા બે દૃષ્ટાંતો ઉપદેશ પ્રાસાદ વિગેરેમાં વિસ્તારથી જણાવ્યા છે. ૮૬

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં કોઇ વૈરાગ્યવંત જીવ સદ્‌ગુરૂ મહારાજના પસાયે શાંત રસને પામીને ક્રોધાદિ કષાયોને પોતાના હૃદયમાંથી ચાલ્યા જવાનું કઇ રીતે કહે છે? તે વાત જણાવે છે—

૮ ૯ ૧૪ ૧૨ ૧૩ ૧૦ ૧૧
बंधो ! क्रोध विधेहि किंचिदपरं, स्वस्याधिवासास्पदं ।
१५ १६ १७ १८ १९ २२ २० २१ २३
भ्रातर्मान ! भवानपि प्रचलतु त्वं देवि माये व्रज ॥
२४ २५ २६ २७ २९ २८ ६
हंहो लोभ सखे ! यथाभिलषितं गच्छ द्रुतं वश्यतां ॥
७ २ ५ १ ३ ४
नीतः शान्तरसस्य संप्रति लसद्वाचा गुरूणामहम् ॥८७॥

**बंधो**=હે ભાઈ
**क्रोध**=ક્રોધ
**विधेहि**=કર
**किंचिदपरं**=કોઈ બીજું
**स्वस्य**=તારે પોતાને
**अधिवास**=રહેવાનું
**आस्पदं**=સ્થાન
**भ्रातः**=હે ભાઈ
**मान !**=માન, મદ, અભિમાન
**भवानपि**=તું પણ
**प्रचलतु**=ચાલ્યો જા
**त्वं**=તું
**देवि**=દેવી !
**माये**=હે માયા
**व्रज**=ચાલી જા
**हं हो**=અરે, હે
**लोभ !**=લોભ
**सखे**=હે મિત્ર
**यथाभिलषितं**=જ્યાં બીજે જવાની મરજી હોય ત્યાં
**गच्छ**=જા
**द्रुतं**=જલ્દી
**वश्यतां**=વશપણાને, સ્વાધીનપણાને
**नीतः**=પામ્યો છું
**शान्तरसस्य**=શાન્ત રસને
**संप्रति**=હવે, હમણાં
**लसत्**=ચળકતી, સુંદર
**वाचा**=વચન વડે
**गुरूणां**=ગુરૂની
**अहम्**=હું

હે ક્રોધ બંધુ ! પર થલે તું કર નિવાસ સ્થાનને;
હે ભાઇ માન ! પ્રયાણ કર તું દેવિ માયા તજ મને;
પર સ્થાન નાસી જા વલિ હે મિત્ર લોભ ! હવે અહીં,
ટકવું નહીં મરજી પ્રમાણે શીઘ્ર ચાલ્યો જા સહી. ૨૮૨

આમ જે હું ઉચ્ચરૂં ત્યાં હેતુ આ છે ગુરૂ કને,
સાંભળેલા વેણથી હું શાંત રસ પામ્યો મને;
તે ગમ્યો બહુ તેહથી ક્રોધાદિ કેરા દુઃખને,
જાણતો તરછોડતો અહો ધન્ય ગુરૂના વચનને. ૨૮૩

**અક્ષરાર્થ**:—હે ભાઇ ક્રોધ! હવે ત્હારૂં રહેવાનું સ્થાન કોઇ બીજું કર-શોધી લે, હે ભાઇ માન! તું પણ ચાલ્યો જા. હે દેવી માયા! તું ચાલી જા, અને હે મિત્ર લોભ! તું પણ ત્હારા ઇચ્છિત સ્થાને ચાલ્યો જા, કારણ કે શ્રી સદ્‌ગુરૂના વચન વડે હવે હું શાન્ત રસને આધીન (તાબે) થયો છું (અર્થાત્ મારામાં શાન્તરસ ઉત્પન્ન થયો છે) ૯૭

**સ્પષ્ટાર્થ**—શાન્તરસ અને સમતારસ એ બે રસ લગભગ સરખા છે. કારણ કે અનાદિ કાળથી જીવ ક્રોધાદિ ચાર કષાયો વડે આકુળ વ્યાકુળ થઇ રહ્યો છે, તેથી ચાર કષાયો જેમ જેમ જેટલા પ્રમાણમાં ઓછા થતા જાય તેમ તેમ તેટલા પ્રમાણમાં શાન્તરસ (સમતા ભાવ) ઉત્પન્ન થતો જાય છે, એટલે ક્રોધાદિ ચાર કષાયોની અથવા મોહનીય કર્મ રૂપ દાવાનલની ઉપશાન્તિ થવી તેજ ઉપશાન્ત રસ અથવા શાન્તરસ કહેવાય છે, અને તેવો શાન્તરસ પ્રગટ થતાં શત્રુમાં ને મિત્રમાં, સોનામાં ને પત્થરમાં, રત્નમાં ને કાચમાં સમાન દૃષ્ટિ (સરખી નજર થવા) રૂપ સમતા રસ પણ પ્રગટ થાય છે, તેથી ભેદ ભાવવાળી વસ્તુઓમાંથી પણ ભેદભાવ પણ ઘટી જાય છે. વળી એ ક્રોધાદિકની ઉપશાન્તિ ઘણું કરીને સ્હેજે થતી નથી, પરન્તુ જ્યારે ઘણા કાળ સુધી શ્રી સદ્‌ગુરૂના મુખથી શાસ્ત્રનાં વચનો સાંભળવામાં આવે, દેવ ગુરૂ ધર્મની વારંવાર સેવના કરવામાં આવે, દેવ ગુરૂ ધર્મનું યથાર્થ રહસ્ય નસે નસમાં ફેલાય, અને આત્મ રંગ વધે ત્યારે જ કષાયો ધીમે ધીમે ઠંડાગાર થાય છે. તેમજ જેમ જેમ કષાયો ઉપ-શાન્ત થતા જાય છે તેમ તેમ જીવ પુદ્‌ગલ રમણતાને બહુ

જ પ્રમાણમાં ઘટાડીને પોતાના આત્મ ગુણની રમણતામાં પણ આગળ આગળ જ વધતો જાય છે. આવા વસ્તુ તત્ત્વને અને સદ્‌ગુરૂના વચનોથી શાન્તરસને પામેલો કોઇ વૈરાગ્યવંત ભવ્ય જીવ અનાદિ કાળથી પોતાના આત્મામાં દૃઢ સ્થિરવાસ કરી ( અડ્ડો જમાવીને ) રહેલા ક્રોધ માન માયા અને લોભ એ ચાર કષાયોમાંના દરેક કષાયને પોતાના આત્મારૂપ સ્થાન છોડી દઇને ચાલ્યા જવા માટે આ પ્રમાણે કહે છે કે—હે ક્રોધ બંધુ ! તું મારા આત્મામાં અનાદિ કાળથી નિવાસ કરી રહ્યો છે, પરન્તુ હવે હું સદ્‌ગુરૂના ઉપદેશથી ક્ષમા ગુણરૂપ ઉપશમ રસને પામ્યો છું, માટે હવે તું ત્હારૂં સ્થાન બીજે શોધી લે અને અહિંથી નિકળી જા. અહિં ક્રોધને બંધુ કહેવાનું કારણ એ કે કુટુંબમાં બંધુઓ જ્યાં સુધી પરસ્પર બનાવ ( સંપ ) રહે છે ત્યાં સુધી ભેગા રહે છે, અને ખટપટ વિગેરેથી બનાવટ ન આવતાં ( એક બીજાના મન જૂદા થતાં ) એકબીજાનું વ્હેંચી લઇ જૂદા પડી જાય છે. એ પ્રમાણે ક્રોધ પણ ભાઇની માફક મૂઢ અજ્ઞાની આત્માની ભેગો ઘણા કાળ સુધી રહ્યો છે, પરન્તુ શ્રી સદ્‌ગુરૂના ઉપદેશથી ભવ્ય જીવ ક્રોધના વિપાક વિગેરે બીના જાણે છે, તેથી ભવ્ય જીવને તેની સાથે બનાવ ન આવ્યો, તેથી તે વૈરાગી આત્મા ક્રોધને જૂદો થઈ જવા કહે છે, અને એ રીતે માન નામના ભાઇને પણ જૂદો થઇ જવા કહે છે, તેમજ અંબા ભવાની વિગેરે પ્રચંડ દેવીઓની માફક આત્મામાં પ્રવેશ કરી રહેલી ( દાખલ થઇ ગયેલી, પેસી ગયેલી ) હોવાથી માયા-દેવીને પણ જૂદી થઈ જવા કહે છે, અને મિત્રની માફક

ઘણા કાળથી સોબતી બનેલા લોભ મિત્રને પણ જુદો પડી જવા કહે છે, કારણ કે વૈરાગ્યવંત ભવ્ય જીવ એ ચારે કષાયના જુલ્મોને ગુરૂ મહારાજની કને સાંભળીને પોતાના આત્મામાં ઘર કરીને રહેલા કષાયોને જોઇને આકુળવ્યાકુળ થાય છે, અને એ ચારેના જવાથી તે આકુળતા મટીને જીવ શાન્તરસ પામે છે. આ શ્લોકનું રહસ્ય એ છે કે ગુરૂના ઉપદેશથી ઉપશમ રસને પામેલો જીવ ક્રોધાદિ કષાયોમાં વર્તતો નથી. આ પ્રસંગે ભવ્ય જીવોએ વિચારવું જોઇએ કે (૧) ક્રોધના કડવા ફલ એક તપસ્વી સાધુને ભોગવવા પડયા, તે સર્પનો ભવ પામ્યા. ક્ષમા ગુણને ધારણ કરવાથી કૂરગડુ મુનિને કેવલ જ્ઞાન થયું. (૨) માન કરવાથી રાજા રાવણનું રાજ્ય ગયું. બાહુબલિ મુનિરાજને કેવલ જ્ઞાન થતાં અટકી ગયું હતું, જે સમયે તેમણે માનનો ત્યાગ કર્યો તેજ સમયે કેવલી થયા. (૩) પાછલા ભવમાં માયા કરવાથી શ્રી મલ્લિનાથ સ્ત્રીવેદી થયા. અને સરલતા અને સમતા ગુણને ધારણ કરવાથી માસતુષમુનિ-અતિમુક્તમુનિ કેવલી થયા. (૪) લોભ કરવાથી મમ્મણ શેઠ સાગર શેઠ સુભૂમ ચક્રવર્ત્તી વિગેરે દુર્ગતિના દુઃખો પામ્યા. અને સંતોષ વૃત્તિને ધારણ કરવાથી વિદ્યાપતિ પેથડ શ્રાવક વિગેરે આત્મ હિતકર કાર્યો સાધીને સુખિયા થયા. આવશ્યક નિર્યુક્તિમાં શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજે કહ્યું છે કે કષાયોના ક્ષયથી કેવલ જ્ઞાન થાય છે, કષાયી જીવોનું આયુષ્ય ઘણું કરીને અલ્પ (થોડું) હોય છે. માટે જ સૂર્યના આયુષ્ય (૧ પલ્યો૦ ને હજાર વર્ષ) કરતાં ચંદ્રનું આયુષ્ય વધારે (૧ પલ્યો૦ ૧ લાખ વર્ષ) કહ્યું છે.

કારણ કે ચંદ્ર શાંત હોય છે. આવા ગુરૂ મહારાજના ઉપદેશને હૃદયમાં ધારણ કરીને હે જીવ! તું કષાયોનો ત્યાગ કરજે. **અને** સદ્ ગુણોની સાધના કરીને આત્મ કલ્યાણ કરજે. ૮૭

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં વૈરાગ્ય ગુણ વિનાના દાન અને તપ નકામા છે, એ વાત જણાવે છે—

२ ४ ३ १ ७ ५ ६
**मनो न वैराग्यतरंगितं चेद्, वृथा तदा दानतपःप्रयासः ।**
११ १० ८ १२ ९ १५ १३ १४
**लावण्यमंगे यदि नांगनानां, मुधा तदा विभ्रमवल्गितानि**
॥ ८८ ॥

**मनः**=મન
**न**=ન હોય
**वैराग्यतरंगितं**=વૈરાગ્યરસના તરંગવાળું; વૈરાગ્યથી ભરેલું
**चेत्**=જો
**वृथा**=ફોગટ, નકામો
**तदा**=તો
**दानतपः**=દાનનો અને તપનો
**प्रयासः**=પ્રયાસ, મહેનત
**लावण्यं**=લાવણ્ય, સુંદરતા
**अंगे**=શરીરે
**यदि न**=જો ન હોય
**अंगनानां**=સ્ત્રીઓના
**मुधा**=ફોગટ
**तदा**=તો
**विभ्रम**=વિલાસની
**वल्गितानि**=ચેષ્ટાઓ

**વૈરાગ્ય વાળું મન નથી જો દાન તપ તું શીદ કરે?,**
**લાવણ્ય નારીને નથી ને બહુ વિલાસ તણી કરે;**
**ચેષ્ટા પરંતુ દેખનારો જોઇ ના ખૂશી ધરે,**
**લાવણ્ય વિણ નારી યથા વૈરાગ્ય વિણ તિમ બે ખરે.**
૨૮૪

**અક્ષરાર્થ**—જેમ સ્ત્રીઓના શરીરમાં લાવણ્ય-સુંદરતા ન હોય તો તેના હાવ ભાવ વિગેરેની ચેષ્ટાઓ નકામી ગણાય છે, તેમ જીવનું મન જો વૈરાગ્ય રસના તરંગવાળું (વૈરાગ્ય રસથી તરબોળ) ન હોય તો દાન અને તપ વિગેરે કરવાના પ્રયાસ-પરિશ્રમ પણ નકામા છે. ૮૮

**સ્પષ્ટાર્થ**—સ્ત્રીઓમાં જો શરીરની સુંદરતા હોય તો જ કામી જનો તેના હાવ ભાવ વિગેરેથી મોહ પામી તેના પ્રેમપાસમાં પડે છે, પરન્તુ ચીબા નાકવાળી, કોયલ જેવા કાળા રંગવાળી અને ઠુંઠી કે લંગડી સ્ત્રી અનેક હાવ ભાવ કરે તો પણ કામી જનને તેના પર મોહ-પ્રેમ થતો નથી, તેમ દાન શીલ તપ વિગેરે ધર્મની સાધનામાં વૈરાગ્ય વાસના રૂપ સુંદરતા હોય તો જ એ ધર્મો શોભે છે, પરન્તુ વેશ્યાઓને ત્યાં રખડતા અને પરસ્ત્રી લંપટ જેવા સંસાર વાસનામાં નિમગ્ન બનેલા જીવો હજારો કે લાખોનું ધર્મ દાન આપે તેમાં શું વળ્યું? તથા સ્ત્રીઓની સાથે પ્રેમની વાતો વિગેરે કરવાનો રસિયો અને જીભ્હા ઇન્દ્રિયનો લાલચુ બની સારા સારા માલ મલીદા ખાનારો વૈરાગ્ય રહિત જીવ શીલ વ્રત પાલવાનો ડોળ કરે તેમાં શું વળ્યું? તેમ જ ક્રોધની જ્વાળાથી ધમધમતો અભિમાની પ્રપંચી ને લોભીયો વૈરાગ્ય વિનાનો જીવ છઠ્ઠ અઠ્ઠમ વરસી તપ વિગેરે તપશ્ચર્યાઓ કરે તેમાં શું વળ્યું? એવા વૈરાગ્ય શૂન્ય જીવો દાનાદિક ધર્મ ક્રિયાઓ કરે તો પણ લોકમાં હાંસી પાત્ર અને ધર્મની નિંદા કરાવનાર થાય છે, માટે ખરી રીતે તો જેના ક્રોધ માન માયા ને લોભ એ ચારે કષાયો પાતળા

પડયા હોય, અને જે સંસારની અસારતા જાણી સંસારમાં રાચી માચીને ન રહેતો હોય, કોઈ ગાળ દે તો પણ છતી શક્તિએ ક્ષમા કરનારો હોય, સમદૃષ્ટિવાળો હોય, શાન્ત રસ (સમતા) વાળો હોય, અને તેથી બીજા જીવો પણ એને દેખીને કે એના સહવાસથી વૈરાગ્ય ભાવ પામતા હોય, મધ્યસ્થ લોકોમાં ઉત્તમ જન તરીકે પ્રસિદ્ધ હોય, એવા વૈરાગ્યવંત જીવનો જ દાનાદિક ધર્મ લોકમાં વખણાય છે. અને એના પોતાના આત્માને હિતકારી થાય છે. કારણ કે દાન આપવાનો મુખ્ય ઉદ્દેશ પરિગ્રહ પરની મમતા ઓછી કરવાનો છે, શીલ ધર્મનો મુખ્ય ઉદ્દેશ વિષયવાસનાની વૃત્તિઓ ઓછી કરવાનો છે, અને તપશ્ચર્યાનો ઉદ્દેશ આહારની લોલુપતા ઘટાડવાનો છે. ધન-વિષય સાધનાદિની મમતાઓ ઘટાડવી એ જ વૈરાગ્ય છે, એવા વૈરાગ્ય વિનાનો જીવ દાન શીલ તપ આદિ કોઈ પણ ધર્મ ક્રિયાઓ કરે તે ઉકરડામાં ધૂપ પ્રગટાવવા જેવી અસાર ક્રિયાઓ છે. અથવા જીર્ણ ઘરમાં રંગ રોગાન જેમ શોભતો નથી, અથવા દુરાચારી સાધુઓનો શાસ્ત્રોપદેશ જેમ શોભતો નથી, અથવા ગણિકાનાં ઘરેણાં જેમ તાત્વિક ઘરેણાં નથી તેમ વૈરાગ્ય શૂન્ય અને વિલાસી જીવોથી કરાતી દાન વિગેરે ધર્મની સાધના પણ શોભતી નથી. આ શ્લોકનું રહસ્ય એ છે કે જ્યારે ભવ્ય જીવ જે જે દાનાદિક ધર્મ ક્રિયા કરે, ત્યારે તે તે ધર્મ ક્રિયાને અનુસરતો દેવ ગુરૂ ધર્મ પ્રત્યેનો હૃદય રાગ પણ જોઇએ. તેમજ ક્રોધાદિ કષાયોની ઓછાશ પણ જોઇએ, પરન્તુ હૃદય રાગ વિનાની અને વૈરાગ્ય વિનાની એ ધર્મ

ક્રિયાઓ કરવામાં આવે તો ઉદ્દેશ શૂન્ય હોવાથી નકામી છે. આ બીનાને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ વૈરાગ્ય સહિત શ્રેયાંસ કુમારાદિના દાનાદિ ધર્મની અનુમોદના કરીને વૈરાગ્ય ભાવ પૂર્વક દાનાદિની સાધના કરી મુક્તિના સુખ મેળવવા. ૮૮

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં વિવેક કલા વિનાનાં કળાનાં જ્ઞાન તપ અને કીર્તિ એ બધા નકામા છે એ વાત જણાવે છે—

૮ ૯ ૧૦ ૬ ૭ ૧૧ ૧૨
**विश्वाः कलाः परिचिता यदि तास्ततः किं ।**
१७ १६ १३ १४ १५ १८ १९
**तप्तं तपो यदि तदुग्रतरं ततः किम् ।**
२३ २२ २० २१ २४ २५
**कीर्तिः कलंकविकला यदि सा ततः कि- ।**
२ ३ १ ४ ५
**मन्तर्विवेककलिका यदि नोल्लुलास ॥ ८९ ॥**

**विश्वाः**=બધી
**कलाः**=કળાઓ
**परिचिताः**=પરિચયવાળી કરી, ભણ્યા
**यदि**=જો
**ताः**=તે (પ્રસિદ્ધ એવી)
**ततः**=તો, તેથી
**किं**=શું થયું
**तप्तं**=તપ્યું, કર્યું
**तपः**=તપ, તપસ્યા
**तत्**=તે (શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવું)
**उग्रतरं**=ઘણું આકરૂં
**ततः किं**=તેથી શું
**कीर्तिः**=કીર્તિ
**कलंकविकला**=કલંક વગરની, નિર્મળ, ચોખ્ખી
**सा**=તે કીર્તિ, તેવા પ્રકારની
**ततः किं**=તેથી શું
**अन्तः**=અંદર, પોતાના આત્મામાં

विवेक=વિવેક રૂપી
कलिका=દીવાની કલા-કળી
न उल्ललास=ઉલ્લાસ પામી નહિ, ઝગમગી નહિ, પ્રગટી નહિ, પ્રકાશિત ન થઈ.

**જો વિવેક કળી ન અંદર પ્રકટતી તો સવિ કળા,**
**મેળવી શા કામની ? તિમ તપ તપ્યા બહુ આકરા;**
**શા કામના ? નિર્દોષ કીર્ત્તિ મેળવી શા કામની ?,**
**સવિ કલા તપ કીર્ત્તિ પણ પાછળ ભમે જ વિવેકની.**
**૨૮૫**

અક્ષરાર્થ—જો અન્તરમાં (પોતાના આત્મામાં) વિવેક રૂપી દીવાની જ્યોત ન પ્રગટી હોય તો તેવા વિવેક શૂન્ય હૃદયવાળા પુરૂષે સર્વ કળાઓનો અભ્યાસ કર્યો હોય તો તેથી શું ? તથા જો ઘણો આકરો તપ કર્યો હોય તો તેથી પણ શું ? અને જગતમાં ઉજ્વલ કીર્તિ મેળવી હોય તો તેથી પણ શું ? (એટલે વિવેકવિનાનાં એ કળા વિગેરે સર્વ નિષ્ફળ છે.) ૮૯

સ્પષ્ટાર્થ—દરરોજ સવારે ભવ્ય જીવોએ વિચારવું જોઈએ કે આ કાર્ય હિતકારી છે, અને આ કાર્ય અહિતકારી છે. એ સમજીને પોતાના હિત કરનારા કાર્યો કરવા, અને અહિતકારી કાર્યોનો ત્યાગ કરવો. આનું નામ વિવેક કહેવાય જેમ કે ઇન્દ્રિયના વિષયો કષાયો વિગેરે આત્માને અહિતકારી છે. અને વ્રત નિયમો, નિર્મલ જ્ઞાન દર્શન ચારિત્રની અને દાનાદિની આરાધના, દેવગુરૂ ધર્મની આરાધના અને શાસ્ત્રશ્રવણ વિગેરે કાર્યો આત્માને હિતકારી

છે એમ સમજીને નિર્દોષ પ્રવૃત્તિ કરવી તે વિવેક કહેવાય. અથવા તત્ત્વ નવ જ છે. અને તેમાં પણ જીવ તત્ત્વ અને અજીવ તત્ત્વ જ્ઞેય છે, પાપ પુણ્ય આશ્રવ ને બંધ એ ચાર તત્ત્વ હેય-છોડવા યોગ્ય છે. તથા સંવર નિર્જરા અને મોક્ષ એ ત્રણ તત્ત્વ ઉપાદેય-આદરવા યોગ્ય છે; એમ સમજી જીવ અજીવને જાણે, પાપ વિગેરે ચાર તત્ત્વોને છોડે અને સંવર વિગેરે ત્રણ તત્ત્વોનો આદર કરે, (ગ્રહણ કરે, સેવે) એ પ્રમાણે જ્ઞેયને જ્ઞેયપણે હેયને હેયપણે, અને ઉપાદેયને ઉપાદેયપણે અંગીકાર કરે (માને, જાણે) તે વિવેક કહેવાય. તથા ભક્ષ્યનો (ખાવા લાયકનો) આદર કરી અભક્ષ્યને વર્જે, (ત્યાગ કરે) પેયનો આદર કરી અપેયને (નહિં પીવા યોગ્ય મદિરાદિકને) વર્જે (ત્યાગ કરે) આવું જે વર્તન (વ્યાપાર) તે વિવેક કહેવાય. એટલે સારા નરસાની વ્હેંચણ કરીને નિર્દોષ પ્રવૃત્તિ કરવી, તે વિવેક કહેવાય. જો એવા પ્રકારનો વિવેક હૃદયમાં જાગ્યો ન હોય તો સર્વ કળાઓનું જ્ઞાન મેળવેલું પણ શા કામનું? કારણ કે સર્વ વિદ્યા કળાઓ ભણીને મોટો પંડિત કહેવાતો હોય અને દારૂના બાટલા ચઢાવતો હોય તો એવા દારૂડીયાની પંડિતાઇ શું કામની? લોક તો ભદ્રક પરિણામી હોવાથી એવા વિદ્વાનને માન આપી તેની પાસે શાસ્ત્રનું રહસ્ય સાંભળવા ઇચ્છતા હોય ને પંડિતજી પણ ન્હાઇ ધોઇ ટીલાં ટપકાં કરી સુંદર વસ્ત્ર પહેરી લોક સભામાં શાસ્ત્રનાં મોટાં મોટાં વાક્યોનો ગૂઢાર્થ સમજાવતા હોય, વિવિધ તપશ્ચર્યાનું મહાત્મ્ય વર્ણવતા (જણાવતા) હોય, રામ પાંડવાદિ

મહાપુરૂષોની કથા કહેતા હોય, અને લોકને રંજન કરી મોટા પંડિત શાસ્ત્રી પુરાણી અથવા મહારાજ આ રીતે ભક્તોની પાસે કહેવરાવતા હોય, પરન્તુ ઘેર જાય ત્યારે રિંગણાં આદુ મૂળા ગાજર ને સક્કરીયાંના શાકની લ્હેજત લેતા હોય, શરીર ઠીક નથી એમ જણાવી મદિરાપાન કરી મસ્ત બનતા હોય, અને યજ્ઞ વિગેરે પ્રસંગે પશુ વધ કરી માંસનો પણ સ્વાદ ચાખતા હોય તો કહો એ પંડિતાઈ કઇ જાતની? કદાચ એવા પંડિતો ઉપવાસ વિગેરે તપશ્ચર્યા ચાંદ્રાયણાદિ વ્રતો કરે તો એ કઈ જાતનાં વ્રતો સમજવા? અને જગતમાં ધુરંધર પંડિત તરીકે પ્રસિદ્ધિ મેળવી હોય, અનેક પ્રતિવાદીઓને વાદવિવાદ કરીને હરાવ્યા હોય તો એ પ્રસિદ્ધિ વા કીર્તિ શા કામની? અને એ વાદ પણ શા કામનો? ખરેખર પોથીમાંનાં રિંગણાં કહેનારા પંડિતની જેવા જ એ પંડિતો લગાર પણ પોતાનું ભલું કરી શકતા નથી. તો પછી તેઓ બીજાનું ભલું કઇ રીતે કરી શકે? કારણ કે એ પંડિતોના હૃદયમાં હેયોપાદેય વિવેકનો છાંટો પણ હોતો નથી, માટે એવા ઠગ પંડિતો પોતાના આત્માને અને લોકને પણ દુર્ગતિમાં જ લઈ જાય છે. જે પંડિતો પોતે જ સંસાર રૂપી કીચડમાં ખુંતી ગયા છે તે બીજાને શી રીતે તેમાંથી બહાર કાઢી શકે? એ પ્રમાણે વિવેક ગુણની સાથે રહેલી તપશ્ચર્યા અને કીર્ત્તિ ઉત્તમ ગણાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવો એમ માને છે કે આ દેહ અને આત્મા બંને અલગ અલગ પદાર્થ છે. કારણ કે બંનેના ગુણો જૂદા જૂદા છે. તેથી જયારે રોગ વિગેરેની પીડાને ભોગવવાનો

પ્રસંગ આવે, તે વખતે મુંઝાવું નહિ. એના કરતાં પણ અધિક પીડા આ જીવે નરકમાં ભોગવી છે. સમતા ભાવે ડાંસની પીડાને સહન કરવાથી શ્રી શ્રમણભદ્રમુનિ અપૂર્વ લાંબી સ્થિતિવાળા દેવતાઇ સુખને પામ્યા. વિશેષ બીના ઉપદેશ પ્રાસાદના ૩૧૮ મા વ્યાખ્યાનમાંથી જાણવી. શ્રી જૈનેન્દ્રાગમમાં વિવેકના દ્રવ્ય વિવેક, ભાવ વિવેક, બાહ્ય વિવેક અભ્યંતર વિવેક વિગેરે ભેદો જણાવ્યા છે. તેમાં પ્રસંગે ૧ બાહ્યાત્મા જે દેહ વિગેરે પર વસ્તુને આત્મસ્વરૂપ માને તે બાહ્યાત્મા કહેવાય. તેને પ્હેલું ગુણઠાણું હોય છે ૨ અંતરાત્મા- જે આત્માને આત્મા તરીકે માને એટલે સ્વભાવને સ્વભાવ તરીકે અને વિભાવને વિભાવ તરીકે માને. તે અંતરાત્મા ચોથા ગુણ સ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધી હોય છે. ૩. પરમાત્મા-કેવલ જ્ઞાનાદિના ગુણવાળા પરમાત્મા કહેવાય. તે તેરમા ચૌદમા ગુણસ્થાને હોય છે. આ બીના પણ જરૂર વિચારવા જેવી છે. શ્લોકના આ રહસ્યને યાદ રાખીને ભવ્ય જીવોએ મહા વિવેકી કપિલ કેવલીની માફક વિવેકથી મોક્ષ માર્ગને સાધીને આત્મ કલ્યાણ કરવું એ જ વ્યાજબી છે, ૮૯

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં જે સંસાર રૂપી અટવીમાં મોહ રૂપી કેસરીસિંહ રહેતો હોય તે સંસાર અટવીમાં રહેનારા જીવો સુખી કઇ રીતે કહેવાય? તે વાત જણાવે છે—

स्फुर्[१]जल्लोभकरालवक्त्र[२]कुहरो, हुंकार[३]गर्जारवः।
कामक्रोधविलोललोचनयुगो[४] मायानख[५]श्रेणिभाक्॥

१० १ ६ ११ ९ ७ ८
स्वैरं यत्र स बंभ्रमीति सततं, मोहाह्वयः केसरी ।
१२ १३ १४ १५ १६ १७
तां संसारमहाटवीं प्रतिवसन्को ? नाम जंतुः सुखी ॥ ९० ॥

स्फुर्जत्=સ્ફુરાયમાન, વધતા
लोभ=લોભરૂપી
कराल=વિકરાળ
वक्त्रकुहरः=મુખ રૂપી બાકાં વાળો
हुंकार=અહંકાર રૂપ
गर्जारवः=ગર્જના વાળો
कामक्रोध=કામ અને ક્રોધ રૂપી
विलोल=ચપળ, ડગમગતી
लोचनयुगः=બે આંખવાળો
मायानखश्रेणीभाक्=માયા રૂપી નખના સમૂહ વાળો
स्वैरं=સ્વેચ્છાએ, મરજી મુજબ
यत्र=જ્યાં
स=તે (સિંહ)
बंभ्रमीति=વારંવાર ભમે છે
सततं=નિરન્તર
मोहाह्वयः=મોહ નામનો
केसरी=સિંહ
तां=તે
संसारमहाटवीं=સંસાર રૂપી અટવીમાં
प्रतिवसन्=રહેતો
को नाम=કોણ, કયો
जंतुः=સંસારી જીવ
सुखी=સુખી હોય

જેહ જંગલમાં રહે છે સિંહ ત્યાં સ્થિતિ પુરૂષની,
દુઃખ ભરેલી જેમ તિમ ભવજંગલ વિષે પણ જીવની;
સંસાર જંગલમાં વસે છે મોહરૂપી સિંહ આ,
લોભ રૂપ વિકરાળ મોઢું તેહનું તિમ તેહના. ૨૮૬

બે નેત્ર ક્રોધ મદન સ્વરૂપી કપટ પંઝા નખ તણા,
બહુ કરે તે માનના હુંકાર રૂપી ગર્જના;

**સંસાર જંગલ તેહવું તેમાં રહેલો જન કયો ?,**
**હોય સુખિયો કોઇ ના તેથી કહ્યો તે દુઃખભર્યો. ૨૮૭**

**અક્ષરાર્થ**—આ સંસાર રૂપી જંગલમાં સ્ફુરાયમાન (વધતા) લોભ રૂપી વિકરાળ મુખવાળો, અહંકાર રૂપી ગર્જારવ (સિંહનાદ) કરનારો, કામ અને ક્રોધ રૂપી બે ચપળ આંખોવાળો, અને માયા રૂપી નખના સમૂહવાળો (પંજાવાળો) એવો મોહ નામનો કેસરીસિંહ નિરન્તર મરજી મુજબ વારંવાર ભમ્યા કરે છે, એવા સંસાર રૂપી મોટા જંગલમાં રહેતો કયો પ્રાણી સુખી હોય? (એટલે કોઇ પણ સુખી હોય જ નહિ.) ૯૦

**સ્પષ્ટાર્થ**—આ શ્લોકમાં કવિએ મોહને સિંહની ઉપમા આપી છે, અને સંસારને અટવીની ઉપમા આપી છે તે બરાબર છે. કારણ કે જંગલમાં જેમ મુસાફરોને દુઃખ આપનાર વિકટ ઝાડી ખાડા ટેકરા કાંટા પથરા વિગેરે હોય છે તેમ સંસારમાં પણ રાગ દ્વેષ વિગેરે મોહના નોકરો જીવ રૂપી મુસાફરને અતિશય કનડગત કરે છે. તથા જંગલમાં જેમ સિંહ વાઘ વરૂ વિગેરે ક્રૂર અને હિંસક પ્રાણીઓ હોય છે તેમ સંસારમાં પણ કામદેવ વિગેરે (સ્વરૂપ હિંસક જીવો) હોય છે. અને સિંહ જેમ અતિશય ક્રૂર છે અને જંગલનાં અનેક પ્રાણીઓને મારી નાંખે છે, તેમ મોહ પણ અતિશય ક્રૂર છે, તેથી મનુષ્ય રૂપી હરણોને મારી નાખે છે, એટલે આત્માનું જ્ઞાન દર્શન ચારિત્ર વિગેરે સદ્‌ગુણો રૂપ આત્મ સ્વરૂપનો નાશ કરે છે. વળી એ સિંહને હંમેશા

પ્હોળા કરેલા અને વિકરાળ–ભયંકર લોભ રૂપી મુખવાળો કહ્યો છે તેનું કારણ એ છે કે લોભનો થોભ (અટકવું) નથી, તેથી જેમ સિંહનું મુખ ફાડેલું હોવાથી વિશાળ કહેવાય છે, તેમ લોભ પણ વિશાળ છે. અને સંસાર અટવીમાં ભ્રમણ કરતાં મૃગલાંને જેમ એનું ફાડેલું મોઢું ભયંકર ત્રાસ ઉપજાવે છે તેમ સંસારી જીવોને લોભ પણ ભયંકર ત્રાસ ઉપજાવે છે. એટલે સંસારી જીવો મોહ રૂપી સિંહના લોભ રૂપી મોંઢામાં ઝડપાઇ જાય છે. આમ કહેવાનું તાત્પર્ય એ છે કે સંસારી જીવો અપાર લોભને વશ થઇને આત્મ સ્વરૂપનો નાશ કરે છે. તથા એ મોહ રૂપી સિંહનો અહંકાર એ જ ગર્જારવ અથવા સિંહનાદ છે. જેમ સિંહ અભિમાનમાં આવી ગર્જારવ કરે છે, તેમ મોહમાં ફસાયલા જીવો પણ અહંકાર–અભિમાનમાં આવી હું મોટો અને જગતમાં ડાહ્યો હું જ છું, મને કહેનાર કોણ? સામો માણસ શું જાણે છે? આવો ગર્જારવ કરે છે. તથા મોહ રૂપી સિંહને કામ અને ક્રોધ એ બે ચપળ નેત્ર (આંખ) છે, તેથી જ મોહમાં ફસાયલા જીવોની દૃષ્ટિ કામવૃત્તિ (વાસના) વાળી અને ક્રોધથી ભરેલી હોય છે, અને તેથી તેઓ બહુ ચંચળ વૃત્તિવાળા (અસ્થિર મનવાળા) હોય છે. તથા મોહ રૂપી સિંહને માયા રૂપી વાંકા નખના સમુદાયવાળો પંજો હોય છે, કારણ કે માયા શબ્દનો કુટિલતા અથવા વક્રતા અર્થ થાય છે, અને સિંહનો પંજો જેમ જીવના શરીરને વલૂરી (ઉઝરડી) નાખે છે તેમ કુટિલ વૃત્તિ રૂપ માયા પણ એ માયાવી જીવના સ્વરૂપને ઉઝરડી નાખે છે, એ પ્રમાણે સંસાર

રૂપી અટવીમાં લોભ રૂપી ફાડેલા ભયંકર મોંઢાવાળો, અહંકાર રૂપી ગર્જનાવાળો, કામ ક્રોધ રૂપ બે નેત્ર (દષ્ટિ) વાળો અને માયા રૂપી પંજાવાળો એ મોહ રૂપી સિંહ નિરન્તર મરજી મુજબ ભમ્યા કરે છે, કારણુ કે સંસારી જીવો એની આગળ મૃગલાં સરખા હોવાથી એને કોઇની પણ બીક હોતી નથી. જેમ સિંહને સરકસના પ્રોફેસર વિગેરે વશ કરી શકે છે તેમ મોહ રૂપી સિંહને પણ ફક્ત કોઈક મહા પરાક્રમી યોગી મહાત્મા હોય તે જ વશ કરી શકે છે. આ શ્લોકનું રહસ્ય એ છે કે ભવ્ય જીવોએ મોહ એ સિંહના જેવો છે માટે તેનાથી સાવચેત રહીને જ્ઞાન દર્શનાદિ શસ્ત્રોથી તેનો નાશ કરી સંસાર રૂપી અટવીનો પાર પામવો, પમાડવો, અને પામતા હોય તેની અનુમોદના કરવી. અહીં આવા સંસારમાં રહેવાથી દુઃખી થનાર અને તેનો ત્યાગ કરવાથી મોક્ષે જનાર શ્રીદત્તનું દષ્ટાંત બહુ જ વિચારવા યોગ્ય છે. તે બહુ જ વૈરાગ્યમય છે, અને કર્મની વિચિત્રતાને સાબીત કરનારૂં છે. ઉપદેશ પ્રાસાદ વિગેરેમાં વિસ્તારથી જણાવ્યું છે. ૯૦

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં સૂર્ય જેવી સમદષ્ટિ (સમાનભાવ) રાખવાનું જણાવે છે—

૩ ૧ ૨ ૪ ૫ ૭ ૬ ૯ ૮
एक स वैवस्वत एव देवः, शौंडीर्यशाली च महाव्रती च ।
११ १० १३ १२ १४ १५ १६ १७
पशौ च गीर्वाणपतौ च यस्याविभिन्नमुद्रस्य दृशः पतंति ॥९१॥

**एकः**=એક
**स**=તે
**वैवस्वतः**=સૂર્ય
**एव**=જ
**देव**=દેવ છે
**शौंडीर्यशाली**=વીર, પરાક્રમી, ઉદાર
**महाव्रती**=મોટી પ્રતિજ્ઞાવાળો
**पशौ**=પશુ ઉપર
**गीर्वाणपतौ**=ઇન્દ્ર ઉપર
**यस्य**=જેની
**अविभिन्न**=એક સરખી, ભેદ-ભાવ રહિત, સમાન
**मुद्रस्य**=સમભાવ રૂપ મુદ્રાવાળા
**दृशः**=દૃષ્ટિઓ, કિરણો
**पतंति**=પડે છે

**સર્વ ઉપર સમાન દૃષ્ટિ રાખતા દાની જ એ,**
**તિમ ઉદાર ગુરૂ વ્રતી રવિ તેહવો અવધારીએ;**
**સમ ભાવ રાખી તેહ પશુ તિમ ઇંદ્રની ઉપર સદા,**
**સરખી જ રીતે કિરણને ફેલાવતો હરી આપદા. ૨૮૮**

અક્ષરાર્થ—જગતમાં એક સૂર્યદેવ જ એવો અતિ ઉદાર અને મહા સમભાવરૂપ પ્રતિજ્ઞાવાળો છે કે ભેદભાવ રહિત ( એક સરખી ) સમતા રાખવા રૂપ પ્રતિજ્ઞાવાળી એવી જેની દૃષ્ટિઓ ( જેનાં કિરણો ) પશુ ઉપર અને ઇન્દ્ર ઉપર એક સરખી રીતે પડે છે ( એની જેમ શત્રુ વિગેરેમાં અને મિત્ર વિગેરેમાં સમતાભાવ રાખવો.) ૯૧

સ્પષ્ટાર્થ—સૂર્યનાં કિરણો પશુ ઉપર તેમજ ઇન્દ્ર ઉપર એક સરખી રીતે પડે છે, પરન્તુ સૂર્ય એમ વિચારતો નથી કે આ ગરીબ પશુ છે તેથી એના ઉપર પ્રકાશ શા માટે પાડું અથવા ઓછો પ્રકાશ પાડું અને આ ઇન્દ્ર છે તેથી

મહા ઋતિવંત અને બળવાન છે માટે એના પર વધારે પ્રકાશ પાડું. એ રીતે પશુમાં અને ઇન્દ્રમાં લેશમાત્ર પણ ભેદભાવ રાખ્યા વિના જેમ બન્ને ઉપર સરખો પ્રકાશ કરે (પાડે) છે તેમ અહિં સાર એ લેવાનો છે કે યોગી મહાત્માએ અથવા સાધુએ પણ ગરીબમાં અને તવંગરમાં ભેદભાવ વિચાર્યા વિના બન્ને ઉપર જ્ઞાનનો પ્રકાશ એક સરખો કરવો જોઇએ (પાડવો જોઇએ) અથવા બન્નેને સરખા ગણીને ધર્મોપદેશ આપવો જોઇએ. પરન્તુ આ તો ગરીબ છે એમ જાણી તેને ધર્મોપદેશ ન આપવો, અને આ તવંગર છે તેથી કોઇ પણ વખતે કામનો છે એમ જાણી તેની આગળ તેને સારૂં લાગે એવો ધર્મોપદેશ આપવો એવો ભેદભાવ રાખવો નહિં એમ શત્રુમાં અને મિત્રમાં પણ સમભાવ સમજવો. શ્રી મહાવીર સ્વામીએ પોતાને જ ડંખ દેનારા એવા ઝેરી ચંડકોશિક સર્પની ઉપર અતિશય સમતા સહિત દયા લાવી "બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિય" વિગેરે ધર્મોપદેશ આપ્યો. અને ઇન્દ્રે ઉપસર્ગો થશે માટે હું આપની સહાયમાં રહું એમ કહ્યું છતાં "કર્મક્ષયમાં ઇન્દ્રની સ્હાયની જરૂર ન હોય" વિગેરે સમભાવથી કહીને ઇન્દ્રને પણ સમજાવ્યું કે કર્મક્ષય તો પોતાના જ બળ પરાક્રમ ફોરવીને ઉપસર્ગો સહન કરવાથી થાય પણ બીજાની મદદથી ન થાય વિગેરે ધર્મોપદેશ આપ્યો. તેમજ શ્રી પાર્શ્વનાથ ભગવંતે કમઠ તાપસે સળગાવેલા કાષ્ટમાંથી બળતા સર્પને બહાર કઢાવી નવકાર મંત્ર સંભળાવી ઇન્દ્ર પદવી આપી ઉપકાર કર્યો અને કમઠ તાપસ મરી ભવનપતિ દેવ થયો તેણે પ્રભુને જળમાં ડુબાડવા માટે ધોધમાર વર્ષાદ

વરસાવી જળનો ઉપસર્ગ કર્યો અને નાક સુધી પાણી આવી ગયાં તે વખતે એજ ધરણેન્દ્રે સર્પના ભવનો ઉપકાર વિચારી પ્રભુને સર્પનું રૂપ કરી પાણીથી અધર ઉંચકયા છતાં પ્રભુને કમઠ ઉપર જરા પણ દ્વેષ ન થયો અને ધરણેન્દ્ર ઉપર રાગ ન હતો, પરન્તુ બન્ને ઉપર સમભાવ હતો. કહ્યું છે કે-

**कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति ।**
**प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥ १ ॥**

**અર્થ**—પોતપોતાને લાયક કર્મ કરનારા એવા કમઠ દેવ ઉપર અને ધરણેન્દ્ર ઉપર જે પ્રભુની મનોવૃત્તિ (ભાવના) એક સરખી હતી તે શ્રી પાર્શ્વનાથ પ્રભુ તમોને લક્ષ્મીને માટે થાવ. ૧

આ શ્લોકનું રહસ્ય એ છે કે કવિએ જે એકલા સૂર્યને જ ઉદાર કીધો છે તે જગતના જીવોને નિત્ય પરોપકારી હોવાથી અને પ્રત્યક્ષ હોવાથી કહ્યો છે અને સૂર્ય સર્વ લોકમાં પ્રસિદ્ધ છે, માટે દૃષ્ટાન્ત રૂપે કહ્યો છે. તે સૂર્યની બીના કહીને બીજા જીવોને એ દૃષ્ટાન્ત દ્વારા ઉપદેશ આપે છે કે હે ભવ્ય જીવો! તમો પણ એવા ઉદાર પરાક્રમી અને જગતના સર્વ જીવો પ્રત્યે સમદૃષ્ટિવાળા થાઓ અને ભેદભાવનો નાશ કરો. ૯૧

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં વિવેક બુદ્ધિવાળા

પુરૂષોને સ્ત્રીના કટાક્ષો લગાર પણ મોહ ઉપજાવી શકતા નથી એ વાત જણાવે છે—

४ ३ ५
एतानि तानि मदनज्वलनेंधनानि
७ २ ६
दूरीकुरुष्व मयि वक्रविलोकितानि ॥
१३ १ ८ १० ११
उन्मीलतिस्म ललितांग्यधुना स एव
९ १२
मन्मानसे शुचिविवेककलाविलासः ॥ ९२ ॥

**एतानि**=એ, આ
**तानि**=તે
**मदन**=કામદેવ રૂપી
**ज्वलन**=અગ્નિને વધારવાને
**इंधनानि**=ઈંધણાં જેવા, બાળવાના લાકડાં જેવા
**दूरीकुरुष्व**=દૂર કર
**मयि**=મારા ઉપર (ફેંકેલા)
**वक्रविलोकितानि**=વાંકી નજરે જોવાનું, કટાક્ષો
**उन्मीलतिस्म**=પ્રગટ થયો છે
**ललितांङ्गि**!=હે સુંદર અંગવાળી સ્ત્રી!
**अधुना**=હમણાં, હવે
**स एव**=તેજ
**मन्मानसे**=મારા મનમાં
**शुचि**=પવિત્ર
**विवेक**=વિવેક, સમજ (ભેદજ્ઞાન) રૂપી વ્હેંચણીના જ્ઞાનરૂપી.
**कला**=કળાનો
**विलासः**=વિલાસ, વિસ્તાર, પ્રકાશ

સુંદરાંગિ નાર! તારા છે કટાક્ષો ઈંધણા,
કામ અગ્નિ વધારવા તિણ ઉપર મારી ફેંક ના;

**હાલ ચિત્તે માહરા ઉત્તમ વિવેક કલા તણા,**
**પ્રકટ્યા વિલાસો નિષ્ફલા હોશે જ ચાળા આંખના.**

૨૮૯

અક્ષરાર્થ—હે સુંદર અંગવાળી સ્ત્રી! મારી ઉપર ફેંકેલા કામદેવ રૂપી અગ્નિને પ્રદીપ્ત કરવામાં ઈંધણાં (બાળવાના લાકડાં જેવા) ની જેવા આ ત્હારાં વાંકી નજરે જોવા રૂપ કટાક્ષો (મારાથી) દૂર કર, કારણ કે હવે મ્હારા મનમાં વિવેકની (સમજણની) કળાનો વિલાસ (ઉત્તમ વિવેક ગુણ) પ્રગટ થયો છે (એટલે મારામાં ભોગ તૃષ્ણાને ત્યાગ કરવાની સમજણ આવી છે.) ૯૨

સ્પષ્ટાર્થ—લાકડાં જેમ અગ્નિને વધારે વધારે પ્રદીપ્ત (તેજવાળો, સળગતો, તાપવાળો) કરે છે એટલે અગ્નિને વધારે સળગાવે છે, તેમ સ્ત્રીનાં કટાક્ષ રૂપી લાકડાંથી કામીજનનો કામદેવ રૂપી અગ્નિ વધારે સળગે છે. અહિં સ્ત્રીઓ કામી પુરૂષો સ્હામે જે વાંકી નજરથી જુએ છે તે વાંકી નજર કટાક્ષ કહેવાય છે. બીજા શાસ્ત્રોમાં કટાક્ષને અગ્નિની ઉપમા આપી છે, (અગ્નિની જેવા કહ્યા છે) કારણ કે અગ્નિ જેમ બધી વસ્તુઓને બાળી મૂકે છે તેમ સ્ત્રીઓની પ્રેમવાળી વાંકી નજર (કટાક્ષ) થી કામાતુર જનોનાં હૃદય બળે છે અને તેથી હૃદયમાં રહેલી ધર્મવાસનાઓ પણ બળીને ભસ્મ (ખાખ) થઇ જાય છે, પરન્તુ જેમના હૃદયમાં વિવેક કળાનો વિલાસ (વિવેક જ્ઞાનનો પ્રકાશ) જાગ્યો હોય એટલે વિવેક પ્રગટ્યો હોય તેમને સ્ત્રીઓની વાંકી નજર રૂપી કટાક્ષો કંઇ

પણ અસર કરી શકતા નથી, કારણ કે તેવા વિવેકી પુરૂષના હૃદયમાં તો આવી જ ભાવના ઠસેલી હોય છે કે સ્ત્રી એ મહા બંધન રૂપ છે, સ્ત્રી એજ સંસારનું મૂળ છે, સ્ત્રી એજ જૂદી જૂદી જાતના ભયંકર દુઃખોનું કારણ છે, અને સ્ત્રી એજ આત્માના (નિર્મલ ચારિત્રાદિ રૂપ) ધનનો નાશ કરનારી છે. પ્રાચીન શાસ્ત્રકાર મહર્ષિ ભગવંતોએ પણ મોક્ષની ઇચ્છાવાળા મુમુક્ષુ જનોને સ્ત્રીઓનું દુરન્ત સ્વરૂપ સમજાવી તેનો ત્યાગ કરવા ઉપદેશ આપ્યો (ત્યાગ કરવાનું જણાવ્યું) છે. શ્રી સૂત્રકૃતાંગ સૂત્રમાં સ્ત્રીપરિજ્ઞા નામના અધ્યયનમાં કહ્યું છે કે-

जहा नई वेयरणी दुत्तरा इह संमता ।
एवं लोगंसि नारीओ, दुत्तरा अमईमया ॥१६॥

અર્થઃ—જેમ વૈતરણી નદી મધ્યમાં અતિ વેગવાળી હોવાથી અને વસમા (વિષમ) કિનારા વાળી હોવાથી દુઃખે તરી શકાય એવી કહી છે, તેમ અલ્પ મતિવાળા (અથવા અલ્પ સત્ત્વવાળા) જીવોથી આ લોકમાં સ્ત્રીઓ પણ દુઃખે તરી શકાય એવી (દુઃખે જીતી શકાય એવી) છે. કારણ કે જે મહા પરાક્રમી હોય તે જ સ્ત્રીના વિષયોથી વિરક્ત થઇ શકે છે, અને કાયર પુરૂષો સ્ત્રીના દાસ બની જાય છે. તથા

जेहिं नारीण संजोगा, पूयणा पिट्ठतो कया ।
सव्वमेयं निराकिच्चा, ते ठिया सुसमाहिए ॥१७॥

**અર્થ:**—સ્રી સંગનો દારૂણ વિપાક જાણનારા એવા જે સત્ત્વવંત પુરૂષોએ સ્રીના સંગમો (પરિચય વિગેરે છોડી દીધા છે,) તેમ જ સ્રીનો સંગ કરવાની ઇચ્છાને વધારનારી વસ્ત્ર અલંકાર માળા વિગેરે કામોદ્દીપન (કામની વૃદ્ધિ =વધારો) કરનારી વિભૂષાઓ-શોભાઓ (શોભાના સાધનો ઘરેણાં વિગેરે છે) જેમણે પાછળ કરી છે એટલે છોડી દીધી છે તેમજ એ સર્વથી વિરક્ત થઈને એટલે સ્રી સંગ વિગેરે અનુકૂળ ઉપસર્ગોને અને ક્ષુધાદિ પ્રતિકૂળ ઉપસર્ગોને જીતીને જેઓ મહા પુરૂષોના માર્ગે વળ્યા તે જ પુરૂષો અત્યંત સમાધિમાં રહી શકે છે (એટલે અતિશય સુખી થયા).

કહેવાનું તાત્પર્ય એ છે કે ઉપર કહેલા સ્વરૂપવાલો વિવેક જેમના હૃદયમાં જાગ્યો હોય તે ભવ્ય જીવો જ સ્રીના કટાક્ષોની પરવા કરતા નથી. આ બીનાને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ વિવેક ગુણને ધારણ કરીને સ્રી પરિચયનો સર્વથા ત્યાગ કરીને મોક્ષ માર્ગને સાધીને મુક્તિના સુખો મેળવવા જોઇએ, એ આ શ્લોકનું રહસ્ય છે. આવો વિવેક ગુણ શ્રી સ્થૂલિભદ્ર મહારાજ વિગેરે મહા પુરૂષોમાં હતો. તે બીના વિચારવાથી વિવેક ગુણ જરૂર પ્રગટ થાય છે. ૯૨

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં વિદ્વાનો પરાધીનતાને નરકના જેવી કહે છે, તો પછી સ્રીઓની પરાધીનતાને કેમ છોડતા નથી. તે વાત જણાવે છે—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

९ १० ५ ६ ८ ४
प्रत्यक्षो नरकः स एव वसुधापीठे परायत्तते ।
११ १३ ३ १२ १ २ ७
त्येवं पूत्कुरुते जनः प्रतिकलं, सर्वोऽपि विद्वानिह ॥
१५ १६ १७ १४ १९
तन्नारीवशवर्तिनोऽपि विषयान्कंडूतिकल्पानयं ।
१८ २० २१ २२
रोमांचांकुरचर्वितांगलतिकः, किं नाम नैवोज्झति ॥९३॥

प्रत्यक्षः=પ્રત્યક્ષ
नरकः=નરક
स एव=તેજ
वसुधापीठे=પૃથ્વીમાં
परायत्तता=પરાધીનતા, પારકાની તાબેદારી
इति एवं=એ પ્રમાણે જ
पूत्कुरुते=પોકારે છે
जनः=લોક
प्रतिकलं=વારંવાર
सर्वोऽपि=સર્વે પણ, બધાએ
विद्वान्=પંડિત
इह=અહિં
तत्=તો (પછી)
नारीवशवर्तिनोऽपि=સ્ત્રીઓને વશવાળા (તાબે રહેનારા) પણ,
विषयान्=વિષયોને
कंडूतिकल्पान्=ખુજલી (ખરજ-ચળ) જેવા
अयं=આ
रोमांचांकुर=રોમાંચ રૂપી અંકુરા વડે કરીને
चर्वित=ભરેલી છે, વાળો
अंगलतिकः=અંગરૂપ લતા વેલડી (શરીર) જેનું, પુરૂષ
किं नाम=શા માટે
नैव=નથી જ
उज्झति=છોડતો

ભાન કાર્યાકાર્યનું જે તે વિવેક વિચારીએ,
સ્ત્રી કટાક્ષ તરફ નિરખવું તે અકારજ માનીએ;

કાર્ય લક્ષ્ય ટકે ઘણું અનુભાવથી જ વિવેકના,
આ વિવેક વધારતો વૈરાગ્યને ભવ વિષયના. ૨૯૦

જે પરાધીનતા જગતમાં તે નરક પ્રત્યક્ષ આ,
ઇમ બધા પંડિત વદે હંમેશ તો આ વિષયને;
તેવાજ ભાખ્યા રમણીને આધીન તે ખૂજલી સમા,
ઇમ જાણતો નર તેહને કિમ ના તજે રહી હર્ષમાં. ૨૯૧

અક્ષરાર્થ—બધા પંડિત લોકો જગતમાં પરાધીનતા (પરાધીનપણું, બીજાના તાબે રહેવાપણું) એ પ્રત્યક્ષ (દેખાય એવો) નરક છે (નરકની વેદના જેવું છે) એમ વારંવાર પોકારે છે, તો પછી આ ખુજલી (ચળ, ખરજ) ના જેવા વિષયો પણ સ્ત્રીને આધીન રહેલા છે. (અને તેથી જ તે સ્ત્રી વિલાસી પંડિતો પોતે સ્ત્રીને આધીન થઇ રહ્યા છે.) તે પંડિત પુરૂષ તો તે વિષયોને રોમાંચિત શરીરવાળો થયો છતો (રાજી થઇને) કેમ છોડતો નથી? ૯૩

સ્પષ્ટાર્થ—લોકમાં કહેવત કે "પરાધીનને સ્વપ્ને સુખ નહિં" એટલે પરાધીન મનુષ્યને સ્વપ્ને પણ સુખ હોય નહિ. હાથીઓ મ્હાવતને વશ થઈ અંકુશના ઘા ખમે છે, શિકારીઓને વશ થયેલ સિંહ હરિણ વિગેરે પશુઓ પાંજરા વિગેરેમાં પૂરાવવું વિગેરે દુઃખ ભોગવે છે. સેવકો માલિકને આધીન થઇ અનેક વિટંબનાઓને અને અપમાનને સહન કરે છે, એ રીતે જગતમાં પરાધીનતા પ્રગટ દુઃખ રૂપ છે, આત્મા પણ કર્મને આધીન થઈ ચારે ગતિમાં રખડે છે,

દેવેન્દ્રો દેવઋદ્ધિને આધીન બની લોભ લાલચમાં ચિંતાતુર રહે છે, ચક્રવતીઓ છ ખંડ ઋદ્ધિ વિગેરેને આધીન બની તેની વ્યવસ્થામાં ચિંતાતુર રહે છે, એ રીતે તત્ત્વદૃષ્ટિએ જોતાં ખરા ત્યાગી મહાત્માઓ સિવાયના લગભગ બધાએ સંસારી જીવો પરાધીન દશાને ભોગવે છે, તેથી મનધાર્યું કામ કરી શકતા નથી અને સ્વાધીનતાના પરમ સુખને ભોગવી શકતા નથી, તેથી જગતમાં પંડિતો કહે છે કે "પરાધીનતા એ પૃથ્વી ઉપર (જગતમાં) સાક્ષાત્ નરક છે." નીતિ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે को नरकः ? પરવશતા–પરાધીનપણું એ નરક છે. એમ વારંવાર પોકાર કરીને કહે છે તો પણ એ જ વિદ્વાનો પુનઃ સ્ત્રીને આધીન (સ્ત્રીના તાબેદાર, ગુલામ) બનીને જાણે મોટો આનંદ અનુભવતા હોય તેવો આડંબર–ડોળ કરે છે. હજારો લોકની સભામાં મોટા માનપાનથી શાસ્ત્રના રહસ્યને સંભળાવનાર શાસ્ત્રીજી થઇને તે પંડિતજી લોકની આગળ મોટા રાજા જેવા થઇને મ્હાલે છે. પરન્તુ ઘેર જાય તો સ્ત્રીની આગળ બકરી બેં. વાદીઓની સભામાં મોટા ન્યાય-વાચસ્પતિ ગણાય છે. અને વાદ કરવામાં કઠણ પત્થર જેવા પરન્તુ ઘરમાં સ્ત્રીની આગળ નરમ ઘેંસ જેવા બની જાય છે. વ્યાકરણાચાર્યો સભામાં વ્યાકરણના બળથી ભિન્ન ભિન્ન અક્ષરોની સંધિ સમાસ વિગેરેના પ્રયોગો સિદ્ધ કરીને મોટા મોટા સમાસાન્ત વાકયોની ગર્જના કરે, પરન્તુ ઘરમાં તો સ્ત્રી આગળ ચેં કે ચું ન કરી શકે. રાજાધિરાજ (મોટા રાજાઓ પણ) સભામાં મહારાજા મહારાજા કહેવાય, પણ એ જ રાજા રાણીની આગળ એક સામાન્ય સિપાઇ જેવો

બની જાય છે આનું કારણ શું? કારણ એ જ કે પાંચ ઇન્દ્રિયના વિષયો અને તેમાં પણ ખુજલીની ચળ સરખો જે સ્પર્શેન્દ્રિયનો વિષય, તેને અત્યંત પરાધીન બનેલા એ પંડિતો વિગેરે બધા એ વિષયની તૃપ્તિ માટે સ્ત્રીની આગળ દાસ–ગુલામ જેવા પરાધીન બની જાય છે. સ્ત્રી રાત કહે તો રાત ને દિવસ કહે તો દિવસ કહેવા તૈયાર થઇ જાય છે. તેથી કવિ કહે છે કે જગતમાં જે પંડિતો લોકને એમ ઉપદેશ આપે છે કે પરાધીનતા એ ખુલ્લી નરકની વેદના જેવી છે તે જ પંડિતો વિષયાધીન બનીને સ્ત્રીની પરાધીનતા છોડતા નથી? છોડતા નથી એટલું જ નહિ પરન્તુ ઉલટા રોમાંચિત દેહવાળા થઇને ( હર્ષ ઘેલા થઇને ) સ્ત્રીઓની પરાધીનતામાં જ રાત દિવસ મશગુલ બન્યા રહે છે. આ શ્લોકનું રહસ્ય એ છે કે મૂર્ખ જનો તો સ્ત્રીની પરાધીનતામાં સપડાઇ જાય એ વાત સંભવી શકે છે, પરંતુ વિદ્વાનોએ તો સ્ત્રીની પરાધીનતામાં ન જ રહેવું એટલે સ્ત્રીસંગ ન કરવો. કારણ કે ખરી પંડિતાઇ તે જ કહેવાય કે, જેને પામીને ભવ્ય જીવોની વિષય કષાય તરફ પ્રવૃત્તિ દિનપ્રતિદિન ઓછી જ થાય, અને અંતે સંપૂર્ણ રીતે નિવૃત્તિ માર્ગમાં પણ જરૂર જોડાય. વિષય કષાયથી અલગ રહેનાર જીવ થોડા શાસ્ત્રીય જ્ઞાનને ધારણ કરતો હોય, તો પણ તત્ત્વ દૃષ્ટિએ તો ખરો પંડિત જ ગણાય. અને શાસ્ત્રની મોટી મોટી વાતો કરે પણ પોતાને તેમાંનું કરવાનું કંઇ નહિ. આવા અંધારામાં અથડાનારા કહેવાતા પંડિતો તત્ત્વદૃષ્ટિએ મૂર્ખ શિરોમણિ જ કહેવાય. ઘણું કરીને બહુલ સંસારી

જીવોને જ ભોગના સાધનો વ્હાલા લાગે છે. કેટલાએક શુભ સંસ્કારી જીવોને અતિમુક્ત મુનિ અને વજ્રસ્વામી તથા હેમચંદ્રાચાર્ય સૂરિજી મહારાજની માફક બાલ્યવયમાં પણ ભોગના સાધનો લલચાવી શકતા નથી. ભર જુવાન વયમાં શ્રી ગુરૂ મહારાજના ઉપદેશથી ભોગના સાધનોની પરાધીનતાને તિલાંજલી આપનાર શ્રી શાલિભદ્ર વિજયશેઠ વિગેરે જાણવા. તેઓ સમજતા હતા કે પર વસ્તુના મોહથી જીવનની ભયંકર ખરાબી થાય છે. આ બીનાને યાદ રાખીને શ્લોકમાં જણાવેલી પરાધીનતાનો ત્યાગ કરીને ભવ્ય જીવોએ પ્રમાદનો ત્યાગ કરવા પૂર્વક પરમ ઉલ્લાસથી મોક્ષ માર્ગની આરાધના કરીને મોક્ષપદના અવ્યય સુખ મેળવવા. એજ ખરી પંડિતાઈ છે. ૯૩

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં હૃદયમાં તત્વ રૂપી દીવાનો પ્રકાશ થાય ત્યારે પ્હેલાં જે રાગી હતું એ જ હૃદય યુવાવસ્થાની લીલાને હસી કાઢે છે, તે વાત જણાવે છે—

२ ३ ४ १ ७ ८ ६ ५
ता एवैताः कुवलयदृशः, सैष कालो वसंत-
१२ ११ ९ १० १४ १३ १६ १५
स्ता एवांतःशुचिवनभुवस्ते वयं ते वयस्याः ॥
१७ २२ २० १८ १९ २१
किंतूद्भूतः स खलु हृदये तत्त्वदीपप्रकाशो ।
२३ २४ २७ २५ २६
येनेदानीं हसति हृदयं यौवनोन्मादलीलाः ॥ ९४ ॥

ता एव=તેજ
एताः=આ
कुवलयदृशः=કમળ સરખા નેત્રવાળી સ્ત્રીઓ
स एष=તેજ આ
कालः=કાળ, સમય
वसंतः=વસન્ત ઋતુ
ता एव=તે જ
अंतः=અંદરની
शुचि=પવિત્ર
वनभुवः=વનની ભૂમિઓ
ते वयं=અમે તે જ
ते वयस्याः=મિત્રો પણ તેજ છે
किंतु=પરન્તુ
उद्‌भूतः=ઉત્પન્ન થયો છે
स खलु=તે જ
हृदये=મનમાં, હૃદયમાં
तत्त्वदीपप्रकाशः=તત્ત્વ રૂપી દીવાનો પ્રકાશ, લાઈટ, જ્યોતિ
येन=જેથી
इदानीं=હવે, હમણાં
हसति=હસે છે
हृदयं=હૃદય, મન
यौवन=યુવાનીના
उन्मादलीलाः=ઉન્માદ (તોફાન, તોર) ની લીલા, ભોગવિલાસ

કોઈ વૈરાગી પુરૂષના હૃદય માંહી પ્રસરતો,
તત્ત્વ દીપ પ્રકાશ જ્યારે તે સમય તે બોલતો;
કમળ જેવા નેત્રવાળી નાર તેની તેજ છે,
વસંત ઋતુ પણ તેજ છે વન ભૂમિઓ પણ તેજ છે. ૨૯૨

ને અમે મિત્રો અમારા જે હતા તે છે અને,
પણ હાલ તત્ત્વજ્ઞાન રૂપી દીપ પ્રકાશે ચિત્તને;
તેથી જ નાર વસંત આદિક સર્વ જૂદા ભાસતા,
મોહ રૂપ અંધકાર ભાગે તત્ત્વદીપ પ્રકાશતા. ૨૯૩

જે જુવાની કાલમાં મદ તેહની લીલા મને,
પ્હેલાં હૃદયમાં લાગતી વ્હાલી લઇને મોહને;
જ્ઞાન તત્ત્વોનું થતાં તેને હસીને કાઢતું,
હૃદય મારૂં સ્વપ્નમાં પણ ના હવે તેમાં જતું. ૨૯૪

**અક્ષરાર્થ**—કમળ સરખા નેત્રવાળી તે સ્ત્રીઓ તેની તે જ છે, વસન્ત ઋતુનો કાળ પણ એનો એ જ છે, અંદરથી પવિત્ર એવી વનભૂમિઓ પણ તેની તે જ છે, અને અમે તથા અમારા મિત્રો પણ તેના તે જ છીએ, પરન્તુ અત્યારે ખરેખર હૃદયમાં તે તત્ત્વ રૂપી દીવાનો પ્રકાશ ઉત્પન્ન થયો (ઝગમગી રહ્યો) છે. તે (જે) થી જ એ હૃદય હવે જુવાનીની ઉન્માદ લીલાને (જુવાનીના તોરમાં આવીને કરેલી ક્રીડાઓને) હસી કાઢે છે. (એટલે તેને તુચ્છ અને નહિ કરવા લાયક માને છે.) ૯૪

**સ્પષ્ટાર્થ**—કમળનાં પત્રની જેવા લાંબાં અને વિશાળ અંજન કરેલાં મનોહર નેત્રવાળી, તેમ જ ચન્દ્ર સરખા મુખવાળી, કમળની નાળ સરખી ભુજાવાળી અને સિંહ સરખી પાતળી કેડવાળી સુંદર સ્ત્રીઓને જોઈ યુવાન પુરૂષોની જુવાની ઉન્માદે (તોફાને ચઢે છે. કામ ક્રીડા કરવા તરફ દોરાય છે) તથા વનની અંદરના ભાગમાં વનસ્પતિ આદિકથી પવિત્ર એવી વનભૂમિઓમાં રહેલી લતાઓ કે જે વૃક્ષોને વીંટાયલી હોય છે એવાં લતાયુક્ત વૃક્ષોની નિકુંજ પણ જુવાન પુરૂષોની જુવાનીને ઉન્માદે ચઢાવે છે, તથા અનેક વનસ્પતિઓને નવા પલ્લવોથી શોભાવનારી જૂદી અને

જૂદી જાતનાં ફૂલોને વિકસ્વર કરનારી વસન્ત ઋતુ પણ જુવાન કામી જનોના યુવાન હૃદયને ઉન્માદી બનાવી મૂકે છે. એ પ્રમાણે એકેક વસ્તુ જ્યારે યૌવનનો ઉન્માદી બનાવે છે તો પછી જે તેવી સ્ત્રીઓ સાથે વનના નિકુંજમાં વસન્ત ઋતુમાં વિહાર કરતો હોય, તેવા યુવાનના યૌવનને ઉન્માદની વાત જ શી કરવી ? એટલે એ વખતે યૌવનની ઉન્માદ લીલાનો પાર રહેતો નથી. તેમજ સરખી ઉમ્મરના યુવાન દોસ્તદારો પણ વસન્ત ઋતુમાં વન ક્રીડા કરતા હોય તે વખતે પરસ્પર અનેક પ્રકારની હાંસી મશ્કરી કરી ઉદ્ધત બની ઉન્માદી લીલાઓ કરે છે, એ ઉન્માદની લીલાઓમાં પણ ઉદ્ધતાઈનું મુખ્ય કારણ ચઢતી જુવાની જ છે. અને જુવાની એ દિવાની (કામ વાસનાથી મૂઢ બનાવનારી) છે, એને ગદ્ધાપચીસીના નામથી પણ જગત ઓળખે છે. એ ગદ્ધાપચીસી વખતે તત્ત્વ જ્ઞાન વિનાના પુરૂષોમાં વિનય નમ્રતા ઠરેલતા ગંભીરતા સ્થિરતા વિગેરે ઉત્તમ ગુણો લગાર પણ હોતા નથી. પરન્તુ તોછડાઈ, અને અભિમાન કદાગ્રહ વિગેરે દુર્ગુણો ઘણાં પ્રમાણમાં હોય છે, એટલે વાત વાતમાં મગજનું ઉશ્કેરાઈ જવું, અને ચપળતા અવિવેક વિગેરે દુર્ગુણોનો ઉછાળો એ ચઢતી જુવાનીમાં વિશેષે કરીને હોય છે. સ્ત્રીઓની સાથે મોજશોખમાં રહેવું અને વૃદ્ધ પુરૂષોને અવગણી પોતે મહા બુદ્ધિવાળા છે એવો ડોળ ને દંભ કરવો એ અજ્ઞાનતાથી ભરેલી ભર જુવાનીના જ ઉન્માદ છે. આવી ભર જુવાનીમાં પણ કેટલાએક લઘુ કર્મી જીવો સદ્ગુરૂનો અમૃતમય ઉપદેશ સાંભળીને માનવ જીવનનું રહસ્ય સમજતા થાય છે. તે અવસરે તત્ત્વજ્ઞાનને પામેલા તે ભવ્ય જીવોને એ બધી

ઉન્માદ લીલાઓ ભયંકર દુર્ગુણ રૂપે ભાસે છે, અને મનમાં પશ્ચાત્તાપ કરે છે કે અરેરે અમે આ શું કર્યું? કઈ રીતે આ પાપથી છૂટીશું. હવે અમે તે લીલાઓને (ક્રીડાઓને) સ્વપ્ને પણ નહિ ચાહીએ. કહેવાનું તાત્પર્ય એ છે કે સદ્‌ગુરૂના ઉપદેશથી જીવન તત્ત્વને સમજેલા વૈરાગ્યવંત યુવાન ભવ્ય જીવો પોતાની પ્હેલાંની (ભૂત કાલમાં કરેલી) ઉન્માદ લીલાઓનો પશ્ચાત્તાપ કરતા કહે છે કે ખરેખર! એની એ જ સ્ત્રીઓ, એ જ વસન્ત ઋતુ, એ જ વનભૂમિ અને એ જ મિત્રો એના એ જ છે, પરન્તુ હવે હૃદયમાં તત્ત્વજ્ઞાન રૂપ દીવાનો પ્રકાશ થવાથી તે ઉન્માદી લીલાઓ જોઇને અમને બહુ જ હસવું આવે છે (તે કલાઓને જોતાં તિરસ્કાર છૂટે છે) કે અહો! અમે તે વખતે કેવા ઉન્માદી હતા? આ શ્લોકનું રહસ્ય એ છે કે, હૃદયમાં તત્ત્વજ્ઞાન પ્રગટ થવાથી યૌવનનો ઉન્માદ એટલે જુવાનીના તોફાનો જરૂર આપો આપ શમી જાય છે. તત્ત્વદૃષ્ટિના પ્રભાવે સંસારના કારણો પણ વૈરાગ્ય ઉપજાવી શકે છે. આ બાબતમાં શ્રી ઉપદેશ પ્રાસાદમાં ૩૨૨ મા વ્યાખ્યાનમાં એક આચાર્યનું દૃષ્ટાંત જણાવ્યું છે. તે ગ્રંથમાંથી તેનો સાર ગ્રહણ કરીને ભવ્ય જીવોએ જીવાદિ નવ તત્ત્વોનો જરૂર બોધ મેળવવો જોઈએ, અને તે તત્ત્વોને જાણીને ભોગના સાધનોનો ત્યાગ કરીને નિર્મલ મોક્ષ માર્ગની આરાધના કરી મુક્તિના સુખો મેળવવા એ જ માનવ જીંદગી પામ્યાનું ખરૂં કર્ત્તવ્ય છે. ૯૪

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં પ્રશ્નોત્તર રૂપે દેવ ગુરૂ અને વિજ્ઞાનનું સ્વરૂપ જણાવે છે—

२ १ ३ ५ ४ ६
**को देवो वीततमाः, कः सुगुरुः शुद्धमार्गसंभाषी ।**
९ ७ ८ १०
**किं परमं विज्ञानं, स्वकीयगुणदोषविज्ञानम् । ९५ ॥**

**कः**=કોણ
**देवः**=દેવ
**वीततमाः**=અજ્ઞાન અને મોહરૂપ અંધકાર રહિત
**सुगुरुः**=ઉત્તમ ગુરૂ
**शुद्धमार्गसंभाषी**=શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરનાર, શુદ્ધ માર્ગને સમજાવનાર
**परमं**=ઉત્કૃષ્ટ
**विज्ञानं**=ઉત્તમ જ્ઞાન
**स्वकीय**=પોતાના આત્માના જ
**गुणदोषविज्ञानं**=ગુણદોષ જાણવા તે

**ત્રણ પ્રશ્ન પૂછીને કવિ ઉત્તર દીએ આ શ્લોકમાં,**
**દેવ કોણ? ન હોય રાગ દ્વેષ રૂપ તમ જેહમાં;**
**કોણ ગુરૂ? સન્માર્ગ પાલે જે કહે તે જાણીએ,**
**કોણ પરમ જ્ઞાન? નિજ ગુણ દોષ જેથી જાણીએ. ૨૯૫**

**અક્ષરાર્થ**—(૧) **પ્રશ્ન**-દેવ કોણ કહેવાય!

**ઉત્તર**—રાગ દ્વેષ અથવા અજ્ઞાન રૂપી અંધકાર (વિનાના) રહિત જે હોય તે દેવ કહેવાય.

(૨) **પ્રશ્ન**—સદ્‌ગુરૂ કોણ કહેવાય.?

**ઉત્તર**—ધર્મનો શુદ્ધ માર્ગ કહેનારા-સમજાવનારા જે હોય, તે ગુરૂ કહેવાય.

(૩) **પ્રશ્ન**—પરમ જ્ઞાન કયું?

ઉત્તર—જે ( જ્ઞાન ) થી પોતાના જ આત્માના ગુણ દોષ જાણવામાં આવે તે ઉત્તમ જ્ઞાન કહેવાય. ૯૫

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં કવિ ઉત્તમ દેવ ઉત્તમ ગુરૂ અને ઉત્તમ જ્ઞાનનું સ્વરૂપ કહે છે. ત્યાં રાગ દ્વેષ ક્રોધ માન માયા લોભ અજ્ઞાન વિગેરે ૧૮ દોષ રહિત જે આત્મા હોય તે જ સુદેવ કહેવાય. રાગ દ્વેષ વિગેરે દોષો મોહનીય કર્મના ઉદયથી હોય છે. તેનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે જ આત્મા વીતરાગ દશાને પ્રાપ્ત કરે ( મેળવે ) છે, ને ત્યાર બાદ જ્ઞાનાવરણીય દર્શનાવરણીય તથા અન્તરાય એ ત્રણ કર્મનો સંપૂર્ણ ક્ષય થતાં આત્મા કેવળજ્ઞાની કેવળદર્શની અને અનન્ત દાનાદિ લબ્ધિવાળો અને અનન્ત વીર્યવાળો થાય છે. કેવળજ્ઞાન અને કેવળદર્શનથી કેવળજ્ઞાની આત્મા સર્વ સચરાચર જગતને જાણે છે ને સાક્ષાત્ દેખે છે જગતમાં એવો કોઇ પદાર્થ કે પદાર્થના ગુણ પર્યાય કે ક્રિયા નથી જેને કેવલી પરમાત્મા ન જાણે એકેક પદાર્થના અનંત અનંત ગુણ તથા ત્રણે કાળના અનન્ત અનન્ત પર્યાય એક જ સમયમાં અથવા દરેક સમયે જાણે છે દેખે છે. ત્યાર બાદ નામ કર્મ ગોત્રકર્મ વેદનીય કર્મ અને આયુષ્ય કર્મ એ ચારેનો સંપૂર્ણ ક્ષય થતાં એજ કેવલી ભગવાન નિર્વાણ પદને પામીને પરમાત્મપદ એટલે સિદ્ધ સ્વરૂપને મેળવે છે, ત્યાં અરૂપી અગુરૂલઘુ અનંત સુખ અને અક્ષય સ્થિતિ ( સાદિ અનંત સ્થિતિ ) વાળા થાય છે. ત્યાંથી તે સિદ્ધ ફરીથી સંસારમાં ઉત્પન્ન થતા નથી, કારણ કે સંસારમાં ઉત્પન્ન થવાનું કારણ કર્મ છે તેનો તેમણે સર્વથા ક્ષય કર્યો છે. એવા શ્રી સિદ્ધ

પરમાત્મા અથવા સંસારમાં વર્તતા શ્રી કેવલી ભગવંત એ એજ સુદેવ કહેવાય છે. તેમાં નિર્વાણુ નહિં પામતા સુધી સંસારમાં વર્તતા શ્રી કેવલી ભગવંત અરિહંત દેવ કહેવાય છે. અને નિર્વાણુ પામ્યા બાદ સિદ્ધિ ગતિમાં વર્તતા કેવલી ભગવંતો સિદ્ધ પરમાત્મા કહેવાય છે. એ પ્રમાણે જૈન દર્શનમાં સુદેવનું સ્વરૂપ કહ્યું છે. અને અન્ય દર્શનમાં તો મહાદેવ વિગેરે દેવોના જે ચરિત્ર કહ્યાં છે તે ચરિત્રોમાં એવું પરમાત્મ સ્વરૂપ લગાર પણ દેખાતું નથી. પ્રથમ તો તેઓ ( અન્ય દેવો ) સંસારમાં મહામોહિની રૂપ સ્ત્રીનો જ ત્યાગ કરી શકયા નથી તો બીજી સામાન્ય રાગદશાઓનો ત્યાગ શું કરી શકે? મહાદેવને પાર્વતી, બ્રહ્માને સાવિત્રી, વિષ્ણુને લક્ષ્મી વિગેરે સ્ત્રીઓ છે, તો એવા દેવો સુદેવ કેમ કહેવાય? છતાં જગતમાં ઘણાએ લોક મહાદેવના સ્વરૂપથી અજાણુ હોવાથી મહાદેવ વિગેરેને પરમાત્મા રૂપ માને છે. વળી અન્ય શાસ્ત્રોના પરિચયથી જાણી શકાય છે કે બ્રહ્મા તો જગતને બનાવે છે વિષ્ણુ જગતનું રક્ષણુ કરે છે અને મહાદેવ જગતનો સંહાર કરે છે તો રાત દિવસ એવી ખટપટમાં પરોવાયલા દેવોને પરમાત્મ સ્વરૂપવાળા સુદેવ કઇ રીતે કહી શકાય? તત્વથી વિચારીએ તો જે આત્મા નિરંજન નિરાકાર જગતની માયા જાળથી મુક્ત શત્રુ પર દ્વેષ ન રાખે ને ભક્ત પર રાગ પણુ ન રાખે, શત્રુનો નાશ કરે નહિં ને ભક્તને તારવાની ઇચ્છા કરે નહિં તેજ સુદેવ અથવા પરમાત્મા કહી શકાય. અહીં શ્રી તીર્થંકરાદિ તારક મહાપુરૂષોના દૃષ્ટાંતો વિચારવા. તથા જે મુનિ મહાત્માઓ પાંચ મહાવ્રત પાળતા હોય, તે

સાથે જ્ઞાનાચાર દર્શનાચાર ચારિત્રાચાર તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચારને પણ પાળતા હોય, પાંચ ઇન્દ્રિયોનું દમન કરતા હોય, ચાર કષાયને ઘટાડતા હોય, પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિવાળા હોય, સ્ત્રી ધન ધાન્ય કંચન આદિ પરિગ્રહ રહિત હોય, શાસ્ત્રના જ્ઞાની હોય, અને જગતના જીવોને ધર્મોપદેશ આપી સંસાર બંધનમાંથી મુક્ત કરતા હોય એવા સાધુઓ તેજ સુગુરૂ કહેવાય. પરન્તુ સ્ત્રી રાખતા હોય, ધન રાખતા હોય, જગતની માયા જાળમાં ગુંથાયલા હોય, ધાગા-દોરા જંતર મંતર વિગેરે વિદ્યાઓથી લોકને છેતરતા હોય તેવા વેષધારી સાધુઓ સુગુરૂ કહેવાય જ નહિ. પરંતુ કુગુરૂ કહેવાય. અહીં પ્રદેશી રાજાને બૂઝવનાર શ્રી કેશી ગણધર વિગેરેની બીના વિચારવી. તથા જે જ્ઞાનથી પોતાનો આત્મા અને શરીર અલગ અલગ સમજાતાં હોય, આત્મ સ્વરૂપ જે કર્મોથી અવરાઈ ગયું છે તે કર્મોનો નાશ કરવાનો ઉપાય જાણવામાં આવતો હોય, જગતના નવ તત્ત્વોમાં વિશ્વાસ બેસતો હોય, કાયાની માયામાં તલ્લીન ન થવાતું હોય, વૈરાગ્ય ભાવના જાગ્રત થતી હોય, હેય પદાર્થો હેયપણે અને ઉપાદેય પદાર્થો ઉપાદેયપણે સમજાતા હોય, વિનય વિવેક નમ્રતા ઉદારતા ગંભીરતા સ્થિરતા સમદૃષ્ટિ વિગેરે અનેક સદ્ગુણો જે જ્ઞાનથી વિકાશ પામતા હોય અથવા વિકાસ પામ્યા હોય અને શાસ્ત્રોનું સમ્યગ્ રહસ્ય સમજાતું હોય તેમજ પર્યન્તે પરમાત્મપદ આપવામાં જે જ્ઞાન સમર્થ હોય તેજ જ્ઞાન પરમ જ્ઞાન કહેવાય છે. ક્રિયાવાળું જ જ્ઞાન મોક્ષને આપી શકે છે. પણ એકલા જ્ઞાનથી મોક્ષ મળે જ નહિ.

આ બીનાને લક્ષ્યમાં રાખીને જ કવિરાજે જ્ઞાન એમ કહ્યું નથી પણ 'વિજ્ઞાન' એમ કહ્યું છે. આ રીતે જ્ઞાન ક્રિયાની મદદથી જ અનંતા જીવો મુક્તિપદને પામ્યા છે, મહાવિદેહ ક્ષેત્રમાં પામે છે, અને કેવલીપણે વિચરતી અનુપમાદેવી વિગેરે ભવ્ય જીવો ભવિષ્યમાં પણ સિદ્ધિપદને પામશે. આ બીનાને યાદ રાખીને ભવ્ય જીવોએ સુદેવ સુગુરૂની ભક્તિ કરીને પરમ વિજ્ઞાન સ્વરૂપ કેવલજ્ઞાન મેળવીને સિદ્ધિપદ મેળવવું જોઇએ. તેજ દુર્લભ માનવ જન્મ પામીને કરવા લાયક ખરૂં કર્તવ્ય છે. માનવ જીવનની દુર્લભતા સમજાવવાને માટે જરૂરી ચુલ્લક વિગેરે દશ દૃષ્ટાંતોની બીના શ્રી દેશના-ચિંતામણીના પ્હેલા ભાગમાં વિસ્તારથી જણાવી છે. ૯૫

અવતરણ—હવે કવિ આ શ્લોકમાં મનુષ્ય ભવ રૂપી દાણાનો સમૂહ કુપાત્રમાં રહ્યો હોય તો સીઝે શી રીતે તે વાત બે રીતે ઘટાવીને જણાવે છે—

૧ ૨ ૩ ૬ ૪ ૫
यत्कारुण्यहिरण्यजं न न च यत्सन्मार्गताम्रोद्भवं ।
૧૦ ૮ ૯ ૧૩ ૭ ૧૧ ૧૨
नो यत्संयमलोहजन्म न च यत्संतोषमृत्स्नामयम् ॥
૧૪ ૧૬ ૧૭ ૧૫
यद्योग्यं न तपोविधानदहनज्वालावलीतेजसां ।
૨૩ ૨૪ ૨૨ ૨૧ ૧૮ ૧૯ ૨૦
सिद्धिं याति कथं नृधान्यनिकरस्तस्मिन्कुपात्रे स्थितः
॥ ९६ ॥

यत्=જે (પાત્ર)
कारुण्य=દયા રૂપી
हिरण्यजं=સોનાનું બનેલું
न=નથી
न च=અને નથી
सन्मार्ग=ઉત્તમ માર્ગ રૂપી
ताम्रोद्भवं=તાંબાનું બનેલું
नो=નથી
संयमलोहजन्म=સંયમ રૂપી લોહનું બનેલું
संतोष=સંતોષ રૂપી
मृत्स्नामयं=માટીનું બનેલું
यत् योग्यं=જે (સ્થાપન કરવા) યોગ્ય
तपोविधान=તપ કરવા રૂપ
दहनज्वालावली=અગ્નિની જવાળાઓના સમૂહના
तेजसां=તેજને
सिद्धिं=સિધ્ધિ, મોક્ષ, સીઝવું, રંધાઇને તૈયાર થવું
याति=પામે
कथं=કેવી રીતે
नृ=મનુષ્યના જન્મ રૂપી, મનુષ્ય રૂપી
धान्य=ધાન્યનો
निकरः=સમૂહ
तस्मिन्=તે
कुपात्र=નાલાયક જીવમાં, ખરાબ વાસણમાં
स्थितः=રહેલો

જે કુપાત્ર નથી બનેલું જીવદયા કંચન તણું,
સન્માર્ગ રૂપ તાંબા તણું ના તેમ સંયમ લોહનું;
સંતોષ રૂપ માટી તણું ના જે કુપાત્ર બનેલ છે,
તપ રૂપ અગ્નિ માંહી મૂકવાને ન લાયક જેહ છે. ૨૯૬

તેવા કુપાત્ર વિષે રહેલો નૃભવ ધાન્ય સમૂહ આ,
સિદ્ધિને કિમ પામશે? નરભવ દીએ સુખ સિદ્ધિના;
જિમ કુપાત્રે ધાન્ય રાંધ્યું તે કદી સીઝે નહી,
ઇમ કુપાત્ર મનુષ્ય સિદ્ધિ સુખભરી પામે નહી. ૨૯૭

**સત્પાત્રને સત્પાત્રતા કરૂણાદિ સદ્‌ગુણથી મલે,**
**ગુણવંત તેવો વિરલ જગમાં જેહથી વાંછિત ફલે;**
**મુનિ અનાથી તેહવા શ્રેણિક નૃપતિ પ્રતિબોધતા,**
**સાધતા ચારિત્ર રંગે મુક્તિના સુખ પામતા. ૨૯૮**

અક્ષરાર્થ—જે કુપાત્ર (ખરાબ મનુષ્ય અને ખરાબ વાસણ) દયા રૂપી સોનાનું બનેલું નથી, અને સન્માર્ગ રૂપી ત્રાંબાનું ઘડેલું (બનેલું) નથી, અને સંયમ રૂપી લોહનું પણ બનેલું નથી, તેમ જ સંતોષ રૂપી માટીનું બનેલું નથી, તેમ જ જે તપશ્ચર્યાની સાધના (કરવા) રૂપ અગ્નિની જ્વાળાઓના તેજને લાયક નથી (એટલે તપશ્ચર્યા રૂપ અગ્નિનો તાપ ખમી શકે એવું નથી), તો તેવા કુપાત્રમાં ભવ્ય મનુષ્ય (જીવો) રૂપી દાણાનો સમૂહ સિદ્ધ શી રીતે થાય (અથવા ચઢે-સીઝે શી રીતે?) એટલે કુપાત્રમાં જેમ ધાન્ય ન રંધાય તેમ કુપાત્ર (અભવ્ય વિગેરે દુર્ગુણી મનુષ્યો) માં મુક્તિ પણ ન હોય. ૯૬

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં કવિએ કુપાત્ર મનુષ્યને કુપાત્ર સાથે એટલે ખરાબ વાસણ સાથે [ કુ=ખરાબ પાત્ર=વાસણ એ અર્થ પ્રમાણે ખરાબ (ફૂટેલા; કાચા) વાસણ સાથે ] સરખાવ્યો છે, તે આ પ્રમાણે-જે વાસણ સોનાનું ત્રાંબાનું કે લોખંડનું અથવા માટીનું પણ બનેલું નથી તેવું લાકડાં વિગેરેનું જે વાસણ તેમાં રંધાય નહિં, કારણ કે રાંધવા માટેનું વાસણ ધાતુનું અથવા માટીનું હોય તો તેમાં પાણી અને અનાજ નાખી ચૂલા ઉપર ચઢાવાય, ને એ ધાતુ અથવા

માટી અગ્નિનો તાપ ખમી (સહી=સહન કરી) શકે છે તેથી અગ્નિથી તપાવીને એમાં નાખેલું અનાજ રાંધી શકાય. પરન્તુ કલાઇ જેવી કાચી ધાતુનું વાસણ ચૂલા પર મૂક્યું હોય તો વાસણ પોતે જ ઓગળીને રસ થઇ જાય અને એમાં નાખેલા દાણા પણ અગ્નિમાં પડીને બળી જાય, અને જો લાકડાનું વાસણ હોય તો તે વાસણ બળીને રાખ થઈ જાય અને તેમાં નાખેલા દાણા પણ અગ્નિમાં ભસ્મ (ખાખ) થઈ જાય, તેથી અનાજને સીઝવવા (રાંધીને ખાવા લાયક બનાવવાની) બાબતમાં કલાઈનાં અને લાકડાનાં વાસણ કુપાત્ર કહેવાય છે. આવા કુપાત્રમાં જેમ અનાજના દાણા સીઝે (ચઢે) નહિં તેમ દયા સન્માર્ગ સાધના સંયમ સંતોષ તપ વિગેરે સદ્‌ગુણો રહિત કુપાત્ર જીવ પણ સીઝે નહિં એટલે સિદ્ધ થાય નહિં. શ્રી જૈનેન્દ્ર પ્રવચનમાં દયા ગુણ-વાળા જીવો સોનાના વાસણ જેવા કહ્યા છે, મોક્ષ માર્ગ રૂપ સન્માર્ગે ચાલનારા જીવો ત્રાંબાના વાસણ જેવા કહ્યા છે, નિર્મલ સંયમવંત જીવો લોખંડના વાસણ જેવા કહ્યા છે. અને સંતોષ ગુણવાળા જીવો માટીના વાસણ જેવા કહ્યા છે. તેથી એ સોનું વિગેરે ધાતુઓનાં અને માટીનાં વાસણ જેમ ચૂલાની અગ્નિને ખમી શકે છે, પરન્તુ કલાઇ વિગેરે અને કાષ્ટ વિગેરેના વાસણની પેઠે ઓગળી કે બળી જતાં નથી તેમ એ દયા વિગેરે ગુણવાળા ભવ્ય જીવો તપશ્ચર્યાની સાધના રૂપ અગ્નિનો તાપ ખમી શકે છે, તેથી તે તપશ્ચર્યા રૂપ અગ્નિમાં પોતે ઓગળતા કે બળતા નથી, પરન્તુ કર્મ રૂપી પાણીને બાળી મનુષ્ય ભવ રૂપી દાણા

અથવા પોતાના નિર્મલ જ્ઞાન દર્શન ચારિત્ર વિગેરે ઘણાં આત્મગુણ રૂપી દાણાઓને પકવી સિદ્ધ (તૈયાર) કરે (મોક્ષના સુખ દઇ શકે એવા કરે) છે, એટલે દયા વિગેરે ગુણોને ધારણ કરનારા સુપાત્ર જીવો ઉપર જણાવ્યા મુજબ ક્રમસર મોક્ષના સુખ જરૂર મેળવે છે. ગુણ વિનાનું માનવ જીવન કોઇ પણ ઉપમાને લાયક છે જ નહિ એટલે તેવું જીવન પશુ કરતાં પણ હલકું જીવન ગણાય છે. વિશેષ શ્રી ઉપદેશ પ્રાસાદના ૨૩૩ મા વ્યાખ્યાનમાંથી જાણવું. આ શ્લોકનું રહસ્ય એ છે કે કુપાત્રમાં એટલે અગ્નિથી બળી જાય તેવા વાસણમાં જેમ રંધાય નહિં (અનાજ સીઝે નહિ) તેમ કુપાત્ર (નિર્ગુણી) જીવોને મુક્તિના સુખ પણ ન મળે. માટે મુક્તિ પદ જેવું પરમાનંદ પદ પામવાને માટે ભવ્ય જીવોએ દયા માર્ગાનુસારિતા મોક્ષ માર્ગની સાધનાં સંયમ સંતોષ ને તપશ્ચર્યા વિગેરે સત્ક્રિયાઓનું આરાધન કરવું જોઇએ, અને એવી ઉત્તમ ક્રિયાની પરમ ઉલ્લાસથી આરાધના કરવાથી ભવ્ય જીવો સિદ્ધિ પદને પામે છે. હે જીવ! કવિએ આ શ્લોકમાં જણાવેલા સદ્ગુણોની સાધના કરીને તું મોક્ષના સુખ મેળવવાને જલદી તૈયાર થજે. આટલી હદે આવ્યા પછી વિષય કષાય રૂપી કાદવમાં પડી રહેવું એ શું વ્યાજબી કહેવાય? આવી વિચારણા સુપાત્ર મનુષ્યો જ કરી શકે છે. બીજાઓને સ્વપ્ને પણ માનવ જીંદગીને સફલ કરવાનો સંકલ્પ થતો નથી. ૯૬

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં કોઇ જીવે આ મનુષ્ય જન્મ ફોગટ ગુમાવ્યો તે સંબંધમાં પ્રશ્નોત્તર રૂપે ઉપદેશ કરે છે—

१ २ ४ ३ ६ ७ ५ ८
हे मोहाहतजीव ! हुं श्रुणु वचः श्रद्धास्ति चेत्कथ्यतां ।
१४ १२ १३ ९ ११ १०
प्राप्तं ! किंचन सत्फलं भवमहाटव्यां त्वया भ्राम्यता ॥
१५२०२१ १७ १९ १६ १८ २२ २३
भ्रातर्नैव तथाविधं किमपि तन्निर्वाणदं तर्हि किं ।
२५ २६ २४ २७ २८ २९ ३०
शून्यं पश्यसि पंगुवन्ननु गतं नोपक्रमे तिष्ठति ॥९७॥

हे मोहाहत जीव !=મોહથી હણાએલા (મોહને વશ પડેલા) હે જીવ !
हुं=હો, કોઈ બોલાવે ત્યારે ઓ, હો એમ પણ બોલાય છે
श्रुणु=સાંભળ
वचः=વચન
श्रद्धा=શ્રદ્ધા, વિશ્વાસ
अस्ति=છે, હોય
चेत्=જો
कथ्यतां=કહો
प्राप्तं=પ્રાપ્ત કર્યું, મેળવ્યું
किंचन=કંઈ પણ
सत्फलं=ઉત્તમ ફળ, શુભ ફળ
भव=ભવ રૂપી
महाटव्यां=મોટી અટવીમાં, મોટા જંગલમાં
त्वया=તેં
भ्राम्यता=ભમતાં
भ्रातः=હે ભાઈ !
नैव=નહિં જ
तथाविधं=તથા પ્રકારનું
किमपि=કંઈ પણ
तत्=તે
निर्वाणदं=મોક્ષને દેનારૂં
तर्हि=તો
किं=કેમ
शून्यं=ફોગટ
पश्यसि=જુએ છે
पंगुवत्=પાંગળાની માફક
ननु=નિશ્ચયે કરીને, નક્કી
गतं=ગયું
न=ન
उपक्रमे=ઉદ્યમમાં
तिष्ठति=રહે છે, વર્તે છે

આત્મહિતની સાધના જીવ એક ભૂલ્યો મોહથી,
તેહને વૈરાગ્ય વાસિત પુરૂષ પૂછે પ્રેમથી;
હે મોહથી જ હણાયલા જીવ! જીવ કહે શું છો કહો,
પુરૂષ બોલે કંઇ કહું છું જીવ કહે મોઝે કહો. ૨૯૮

પુરૂષ પૂછે ભવ સ્વરૂપ આ અટવી માંહી ભટકતા,
તેં મેળવ્યું શું ? શ્રેષ્ઠ ફળ જીવ બોલતો હિત ચાહતા;
હે ભાઈ! મારા મુક્તિદાયક મેળવ્યું કંઇ મેં નથી,
પુરૂષ પૂછે ભાનહીન થઈ શું જુવે છે આંખથી. ૨૯૯

જીવ કહે શરૂઆતથી જ હું પાંગળા પેરે ચલ્યો,
તિણ કાંઈ સૂઝતું ના મને આ જન્મ ફોગટ વહી ગયો;
હે જીવ! તારૂં તેમ ન બને તે પ્રમાણે ચાલજે,
અપ્રમાદી મોક્ષ સાધન પૂર્ણ રંગે સાધજે. ૩૦૦

અક્ષરાર્થ—(૧) કોઈ વૈરાગ્ય વંત પુરૂષ કોઇ જીવને પૂછે છે કે, હે મોહથી હણાયલા જીવ! જીવ-ઓ શું કહો છો ? (૨) પુરૂષ-જો તને મારામાં વિશ્વાસ આવતો હોય તો એક વચન સાંભળ. જીવ-કહો. (૩) પુરૂષ-તેં આ ભવ રૂપી જંગલમાં ભમતાં મોક્ષ આપનારી કોઇ વસ્તુ (જ્ઞાનાદિ ત્રણની સાધના) મેળવી? (કરી છે?). જીવ-હે ભાઈ! જેનાથી મોક્ષ મળે એવી કોઈ પણ વસ્તુ (ધર્માનુષ્ઠાનની સાધના) મેં મેળવી નથી. (કરી નથી) (૪) પુરૂષ-ત્યારે તું શૂન્ય થઇને શું જોયા કરે છે? જીવ-હે ભાઈ! હું પ્રથ-

મથી જ પાંગળાની માફક ચાલ્યો છું તેથી કંઇ પણ ઉદ્યમમાં રહ્યો (કરી શકતો) નથી, તેથી કંઇ સૂઝતું નથી કે હવે શું કરવું, એટલે મેં આ રીતે આખો મનુષ્ય ભવ ફોગટ (નકામો) ગુમાવ્યો છે. ૯૭

**સ્પષ્ટાર્થ**—આ શ્લોકમાં કોઇ વૈરાગ્યવંત પુરૂષે (આગળ કહેવાશે એવા) પૂછેલા પ્રશ્નોનો ઉત્તર આપનાર જીવ કહે છે કે હું આ મનુષ્ય ભવમાં પાંગળાની માફક વર્ત્યો છું એટલે પાંગળો માણસ જેમ કંઇ ચાલી શકે નહિં તેમ હું પણ પ્રમાદ વિષય કષાયાદિના પરવશપણાથી ધર્મના કામમાં પાંગળા જેવો થઇ ગયો. જેથી ધર્મ માર્ગમાં ચાલવાનો ઉદ્યમ કરી શકયો નથી તેથી હવે શું કરવું તેની કંઇ સૂઝ પડતી નથી, અરે રે ! મેં મનુષ્ય ભવ ફોગટ ગુમાવ્યો.

આ ઉત્તરનો સાર એ છે કે સંસારમાં મહાન્ દુર્લભ મનુષ્ય ભવ પ્રાપ્ત થયો, અને જ્ઞાન દર્શન ચારિત્ર રૂપી મોક્ષ માર્ગને આ મનુષ્ય ભવમાં જ સાધી શકાય છે છતાં પણ મોહ મૂઢ સંસારી જીવો વિષય કષાયને આધીન થઈ ને એવા પાંગળા બની જાય છે કે જેમાંથી એક ડગલું પણ આગળ ખસી શકતા નથી, એટલે કંઈ પણ પરમ પવિત્ર શ્રી જિનધર્મની આરાધના કરી શકતા નથી. પાંચે ઇન્દ્રિયોના વિષય સુખનાં સાધનો મેળવવાને માટે તો તે જીવોના પગ જાણે લોખંડના હોય તેવા મજબૂત થઈ જાય છે. અને શરીર પણ જાણે લોઢા જેવું કઠીન હોય તેમ તેઓ દેશ પરદેશમાં દોડાદોડ કરી મૂકે છે. ઘડી પણ જંપીને બેસતા નથી, લાગેલા થાકની પણ બિલકુલ

દરકાર કરતા નથી. અને ઉન્હાળાના આકરા તાપ, શીયાળાની આકરી ટાઢ અને ચોમાસાની શરદી હસતે મોઢે સહન કરે છે. પરન્તુ જ્યારે નિર્મલ જ્ઞાન દર્શન ચારિત્રની આરાધના કરવા માટે શ્રી ગુરૂ મહારાજ વિગેરે વડીલો તરફથી કહેવામાં આવે તો મારૂં શરીર કષ્ટ સહન કરી શકે એવું નથી, મન ઠેકાણે નથી વિગેરે ઘણાં બહાનાં બતાવીને બચાવ કરે છે. કદાચ તેઓ ધાર્મિક અનુષ્ઠાનોમાં (પૌષધ પૂજા ઉપધાન દેશવિરતિ સર્વવિરતિ વિગેરેને સાધવામાં) લજ્જાદિકથી જોડાય તો ગળીયા બળદની માફક ઢીલા થઈ જાય છે, વેઠ કરવા જેવું કરે છે, અને જરા જરામાં થાકી જાય છે. એ પ્રમાણે શ્રી જિન ધર્મની આરાધના કરવામાં બે પગે જાણે અપંગ હોય એવા પાંગળા જેવા બની જાય છે, અને તેથી મોટા પુન્યના ઉદયે મળેલો મનુષ્ય ભવ વિષય કષાયાદિ પાપ કર્મની સેવનામાં ફોગટ હારી જાય છે. આ શ્લોકનું રહસ્ય એ છે કે આવો મનુષ્ય ભવ પામીને ભવ્ય જીવોએ ધર્મની આરાધના કરવમાં પાંગળા જેવા ન બનવું જોઈએ, પણ ધર્મની સાધના કરતી વખતે પ્રમાદને દૂર કરીને પરમ ઉલ્લાસથી પ્રયત્ન કરવો જોઈએ. જેથી છેવટે આઠે કર્મો દૂર થતાં મુક્તિના પદના શાશ્વતા સુખો જરૂર પામી શકાય છે. જેમ ઔષધ કડવું લાગ્યા છતાં પણ રોગ નિવારણ માટે મને કમને પીવું જ જોઈએ તેમ દુઃખ ભોગવવા રૂપ ભાવ રોગને ઉતારવા માટે (નષ્ટ કરવા માટે) બીન સમજણથી ધાર્મિક અનુષ્ઠાનો કદાચ કડવાં લાગે તો પણ સાવધાન બનીને ધર્મ ક્રિયા કરવાનો અભ્યાસ જરૂર પાડવો જોઈએ, એમ અભ્યાસે

અભ્યાસે કોઈ વખતે પણ યથાર્થ વિધિ પૂર્વક સાત્ત્વિકી દેવ પૂજા વિગેરે ધાર્મિક સાધનોની પરમ ઉલ્લાસથી સેવના કરવાનો પ્રસંગ મળે છે, અને અનુક્રમે મોક્ષ પદને પણ પામી શકાય છે. આ રીતે વર્ત્તનારા ભવ્ય જીવો જ માનવ ભવને સફલ કરી શકે છે. આ બીનાને યાદ રાખીને ભવ્ય જીવોએ પરમ ઉલ્લાસથી શ્રી જૈનેન્દ્ર શાસનની આરાધના કરીને માનવ જન્મ સફલ કરવો. અહીં દૃષ્ટાંત તરીકે વિપાક સૂત્રના દુઃખ વિપાક શ્રુતસ્કંધમાં જણાવેલી જરૂરી કથાઓ વિચારવી. અને માનવ જન્મને સફલ કરનારા સુબાહુ કુમાર વિગેરેના દૃષ્ટાંતો (જે સુખ વિપાકમાં જણાવ્યા છે તે) પણ જરૂર વિચારવા. તે શ્રી ઉપદેશ પ્રાસાદ વિગેરેમાં વિસ્તારથી જણાવ્યા છે. ૯૮

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં મનુષ્યપણું સરખું હોવા છતાં સદ્‌ગુણ વડે અને દુર્ગુણ વડે અનુક્રમે સજ્જન મનુષ્યમાં અને દુર્જન મનુષ્યમાં તફાવત પડે છે તે વાત જણાવે છે—

**शौक्ल्ये हंसबकोटयोः सति समे यद्वद्गतावन्तरं ।**
**कार्ष्ण्ये कोकिलकाकयोः किल यथा भेदो भृशं भाषिते ॥**
**पैत्ये हेमहरिद्रयोरपि यथा मूल्ये विभिन्नार्घता ।**
**मानुष्ये सदृशे तथार्यखलयोर्दूरं विभेदो गुणैः ॥९८॥**

**शौक्ल्ये**=શુકલ વર્ણમાં, સફેદાઈમાં
**हंसबकोटयोः**=હંસ અને બગલામાં
**सति**=હોતે છતે
**समे**=સમાનતા, સરખામણું
**यद्वत्**=જેમ
**गतौ**=ગતિમાં, ચાલમાં
**अन्तरं**=ફરક, તફાવત, જૂદાશ
**कार्ष्ण्ये**=કૃષ્ણતામાં, કાળાશમાં
**किल**=અવશ્ય, જરૂર
**यथा**=જેમ
**भेदः**=ભેદ, તફાવત
**भृशं**=ઘણો
**भाषिते**=બોલવામાં
**पैत्ये**=પીળાશમાં
**हेमहरिद्रयोः**=સુવર્ણમાં અને હળદર (એ બે) માં
**अपि**=પણ
**यथा**=જેમ
**मूल्ये**=મૂલ્યમાં, કિંમતમાં
**विभिन्नार्घता**=જૂદી જૂદી કિંમત વાળા, મોંઘા સોંઘા (છે)
**मानुष्ये**=મનુષ્યપણું
**सदृशे**=સરખું હોવા છતાં પણ
**तथा**=તેવી રીતે
**आर्यखलयोः**=આર્ય (સજ્જન) અને દુર્જનમાં
**दूरं**=ઘણો જ
**विभेदः**=વધારે ભેદ, ફરક, જૂદાશ
**गुणैः**=ગુણો વડે

હંસ ને બગલા વિષે ધોળાશ સરખી હોય છે,
પણ ગતિમાં ભેદ કોયલ કાક સરખા હોય છે;
દેખાવમાં પણ વચન માંહી ભેદ ચોખ્ખો હોય છે,
હળદર અને સોના વિષે સરખામણી રંગે જ છે. ૩૦૧

પણ તફાવત મૂલ્યમાં તેવીજ રીતે સજ્જને,
દુર્જને પણ નરપણું દેખાય સરખું આંખને;
ગુણ અગુણથી ભેદ પુષ્કલ સજ્જને સદ્‌ગુણ ઘણા,
દુર્જને દુર્ગુણ ઘણાં આ ફરક સમજો ભવિજના! ૩૦૨

આત્મ હિતકર સદ્‌ગુણોને પામવાને સજ્જનો,
સેવવા હિત કામીએ તજવા નિરંતર દુર્જનો;
બક કાક હળદર જેહવા છે દુર્જનો તિમ સજ્જનો,
હંસ કોયલ કંચનાદિક જેહવા ગુણ દે ઘણો. ૩૦૩

અક્ષરાર્થ—જેમ હંસ અને બગલો એ બેનો ધોળો વર્ણ સરખો છે તો પણ તેમની ચાલમાં તફાવત છે, તેમજ કોયલ અને કાગડો કાળા વર્ણમાં સરખા છે તો પણ તેમની વાણીમાં તફાવત છે, તેમ જ સોનું અને હળદર એ બે પીળા રંગથી (પીળાશની અપેક્ષાએ) સરખા છે તો પણ તે બેની કિંમતમાં મોંઘા સોંઘાનો તફાવત છે તે પ્રમાણે સજ્જનમાં અને દુર્જનમાં મનુષ્યપણું જો કે સરખું છે પરન્તુ સદ્‌ગુણથી અને દુર્ગુણથી મોટો તફાવત જાણવો. ૯૮

સ્પષ્ટાર્થ—આ શ્લોકમાં કવિએ દૃષ્ટાંત દઈને સજ્જનમાં અને દુર્જનમાં તફાવત જણાવ્યો છે. અને તે તફાવત જણાવવા હંસ અને બગલા વિગેરેની બીના જણાવી છે. તે આ પ્રમાણે—

જેમ હંસ ધોળા વર્ણનો છે તેમ બગલો પણ ધોળા વર્ણનો છે તેથી રંગમાં બન્ને સરખા છે, પરન્તુ રંગમાં સરખા હોવાથી સ્વભાવમાં પણ એક સરખા હોય છે એમ નથી, કારણ કે હંસનો સ્વભાવ મોતી વિગેરેને ખાવાનો છે ત્યારે બગલાનો સ્વભાવ માછલાં ખાવાનો છે, તે પણ પાણીના કિનારે ધ્યાની ઋષિની માફક કપટી બનીને હાલ્યા

ચાલ્યા વિના સ્થિર રહે છે. એટલે જાણે ધ્યાની બની ગયો હોય તેવો ડોળ કરીને જ્યાં માછલું પાસે આવ્યું કે તુર્ત ચાંચ મારીને ઉંચકી લે છે, તેથી જ લોકમાં પણ ખોટી ઈશ્વર ભક્તિવાળા ઠગ ભક્ત જનો બગધ્યાની સરખા કહેવાય છે. કારણ કે માછલાં લેવાને માટે બગલો જેમ માયાવી ધ્યાન કરે છે તેમ ઠગ ભક્તો પણ માયાવી ધ્યાન કરે છે, ઈશ્વર ભકિતના બહાને જગતમાં ભકત કહેવડાવી અનેક ભોળા જનોને ઠગે છે માટે એવા ઠગ ભકતો તે બગલા સરખા હોવાથી દુર્જન છે. અને હંસો જેમ મોતી વિગેરે પદાર્થોનો ઉત્તમ આહાર કરે છે અને ઉત્તમ સ્વભાવવાળા હોય છે તેથી ઉત્તમ પક્ષી ગણાય છે. તેમ સજ્જનો પણ સાત્વિક પ્રમાણોપેત આહાર વિહાર કરે છે. અને ઉત્તમ સ્વભાવવાળા હોય છે. તેથી તેઓ હંસના જેવા કહેવાય છે.

વળી ચાલમાં પણ તફાવત એ છે કે જેમ હંસોની ચાલ-ગતિ મંદ મંદ-ધીરી અને મલપતી હોય છે, અને બગલાની ચાલ ઠેકડા મારતી કઢંગી હોય છે, તે પ્રમાણે ઉત્તમ મનુષ્યોની ચાલ આચાર અથવા વર્તન ઉત્તમ હોય છે, અને બગલાની ચાલ જેવી દુર્જનોની ચાલ એટલે આચાર અથવા વર્તન વાંકુ હોય છે.

તથા હંસની શકિત દૂધ અને પાણી જૂદાં પાડવાની હોય છે કારણ કે તેની જીભમાં ખટાશ હોય છે. તેમ સજ્જનોની બુદ્ધિ સત્ય સ્વરૂપને અને અસત્ય સ્વરૂપને યથાર્થ જાણવામાં વિવેકવાળી હોય છે, અને જેમ બગલામાં તેવી

શકિત નથી, તેવી રીતે દુર્જનોમાં પણ સત્ય સ્વરૂપને અને અસત્ય સ્વરૂપને યથાર્થ જાણવાની અથવા હેય વસ્તુને અને ઉપાદેય વસ્તુને જાણવાની શકિત નથી; માટે દુર્જનો બગલા સરખા અવિવેકી જાણવા. એ પ્રમાણે હંસ અને બગલો દેખાવમાં જો કે ધોળા હોવાથી એક સરખા છે, પરન્તુ બંનેની ચાલ આહાર અને શકિત અથવા સ્વભાવ જૂદા હોય છે તેમ સજ્જન અને દુર્જન દેખાવમાં તો એક સરખા મનુષ્ય જ છે પરન્તુ બન્નેનાં વાણી વર્તન વિગેરે અલગ અલગ હોય છે, તેથી એ બે જૂદા ગણાય છે.

તથા કોયલ અને કાગડો રંગમાં કાળા હોવાથી દેખાવમાં લગભગ સરખા છે તો પણ વાણીથી જૂદા છે, કારણ કે કોયલનો સ્વર પંચમ સ્વરના નામથી ઓળખાય છે, અને તે ઘણો મીઠો ( સાંભળવામાં કાનને ગમે એવો ) લાગે છે. વસન્ત ઋતુમાં આંબાનો મોર ખાઇને પુષ્ટ બનેલી કોયલ આંબાની ડાળ ઉપર બેસીને જ્યારે કુહૂ કુહૂ કરીને ટહુકારા કરે છે ત્યારે રસ્તે જનારા વટેમાર્ગુઓને તેના ટહુકારાથી બહુ જ આનંદ થાય છે તે બધાએ જાણે છે. અને કાગડાનો કા કા કરતો સ્વર એવો કર્કશ અને ન ગમે એવો લાગે છે કે જે લોકને ઘણો અપ્રીય (સાંભળવો ન ગમે એવો) લાગે છે. તેમ સજ્જન અને દુર્જન મનુષ્ય દેખાવમાં સરખા છે તો પણ સજ્જનોની વાણી મીઠી મધુર ખપ પૂરતી અને પરને હિતકારી હોય છે ત્યારે દુર્જનોની વાણી કડવી તોછડી ક્રોધાદિ વિકારવાળી માયાવી અને પ્રમાણ

વિનાની તથા પરનું અહિત કરનારી હોય છે. એ રીતે સજ્જન અને દુર્જન વાણીથી જૂદા પડતા છે. જેથી સજ્જનને વાણીમાં કોયલના જેવો કહ્યો છે અને દુર્જનને કાગડાના જેવો કહ્યો છે.

તથા સોનું અને હળદર એ બન્ને પીળા રંગવાળાં હોવાથી દેખાવમાં જો કે સરખાં છે, તો પણ સોનું તેજવંત ભારે નક્કર અને બીજાં અનેક સુંદર ગુણોથી ઘણું કિંમતી છે, કે જેના એક રૂપીઆભારના વીસથી પીસ્તાલીસ રૂપીઆ ઉપજે છે. તથા સોનામાં આઠ ગુણો રહેલા છે. તે બીજી આવૃત્તિની શ્રાવક ધર્મ જાગરિકામાં જણાવ્યા છે. અને હળદર નિસ્તેજ હલકી પોચી અને સોનાના જેવા સુંદર ગુણ વાળી હોતી નથી તેથી એક રૂપિઆની આઠ શેર જેટલી સસ્તી મળે છે. તેમ સજ્જન અને દુર્જન મનુષ્ય દેખાવમાં એક સરખા છે તો પણ સજ્જનો સોના સરખા કિંમતી સદ્‌ગુણો વાળા હોય છે અને દુર્જનો દુષ્ટ સ્વભાવવાળા હોવાથી હળદરના જેવા હોય છે, તેથી બન્ને જૂદા છે. એ પ્રમાણે આ શ્લોકમાં ત્રણે ઉપમાઓમાં રંગની સમાનતા છતાં ગતિ વિગેરે ગુણોથી જૂદાશ જણાવીને સજ્જનનો અને દુર્જનનો ભેદ (ફરક) જણાવ્યો છે, આ બીનાને યાદ રાખીને ભવ્ય જીવોએ સજ્જનતાને ધારણ કરવી, તેવા પુરૂષોના માર્ગે ચાલીને આત્માને નિર્મલ બનાવવો. ૯૮

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં કોઈ વૈરાગ્યવંત પુરૂષ (જેમાં પોતે પણ આવી જાય, એવા) વૈરાગ્યવંત

પુરૂષોની પાસે હાવ ભાવ કરતી સ્ત્રીને ઉદ્દેશીને કેવી શીખામણ આપે છે, તે વાત જણાવે છે--

३ ७ ६ ८ ९
त्वद्दृष्टिपातनिहताः खलु तेऽन्य एव ।
४ १ २ ५
धैर्यव्रतं सुतनु ये परिमार्जयन्ति ॥
१३ १० १२ ११
अन्ये त्वमी शुचिविवेकपवित्रचित्ता-।
१४ १७ १८ १५ १६
स्तत्किं विडंबयसि ! मन्मथविभ्रमैः स्वम् ॥ ९९ ॥

त्वत्=ત્હારી
दृष्टिपात=દૃષ્ટિ પડવાથી, નજરથી (કટાક્ષોથી)
निहताः=હણાયલા
खलु=નિશ્ચયે
ते=તે પુરૂષો
अन्य एव=બીજા જ છે ( એમ સમજજો)
धैर्यव्रतं=ધીરતા, ધીરજ
सुतनु=હે સુંદર અંગવાળી સ્ત્રી
ये=જે પુરૂષો
परिमार्जयन्ति=સાફ કરે છે, છોડી દે છે, તજી દે છે
अन्ये=બીજા
तु=વળી, પરંતુ
अमी=આ
शुचिविवेक=પવિત્ર વિવેકથી
पवित्रचित्ताः=પવિત્ર ચિત્ત જેઓનું
तत्=તો
विडंबयसि=વિડંબના પમાડે છે, દુઃખી કરે છે
मन्मथविभ्रमैः=કામદેવના વિલાસો વડે, જૂદા જૂદા હાવભાવો વડે
स्वं=પોતાને, (તું તારા આત્માને)

હે નાર ! અમને કામચેષ્ટાએ જ મોહ પમાડવા,
તું ચહે જૂદા જ અમને વર વિવેકી જાણવા;
દીલ પવિત્ર થયા અમારા તે વિવેક પ્રતાપથી,
તારા વિલાસ તણી અસર અમને થવાની રજ નથી.
૩૦૪

તારા કટાક્ષ સ્વરૂપ બાણે જે થયા ઘાયલ નરા,
ધૈર્યવ્રતને છંડનારા તેહ બીજા ગાભરા;
ના અમે તેવા સમજજે આમ કરવું વ્યર્થ છે,
રોગ કારણ ભોગ જાણી ધર્મ કરવો ઉચિત છે. ૩૦૫

અક્ષરાર્થ—હે સુંદર શરીરવાળી સ્ત્રી! જે પુરૂષો ત્હારી વાંકી દૃષ્ટિ પડવાથી એટલે કટાક્ષથી હણાયા છતા ધીરતાને ખોઇ બેસે છે તે પુરૂષો તો બીજા જ સમજવા. અને ઉજ્વળ વિવેકથી જેમનું મન પવિત્ર થયેલું છે તે અમે જૂદા જ–બીજા જ છીએ, તેથી કામદેવના વિલાસો (હાવ ભાવ) વિગેરેથી તું ત્હારા આત્માને ફોગટ–નાહક શા માટે દુઃખી કરે છે ? ૯૯

સ્પષ્ટાર્થ—એકંદર દૃષ્ટિએ પુરૂષોના રૂપ કરતાં સ્ત્રીઓનું રૂપ સુંદર હોય છે તે કારણથી અથવા સ્ત્રી વિલાસી જનોને સ્ત્રીઓનું શરીર સુંદર જ લાગે છે તે કારણથી અહિં સ્ત્રીને ઉદ્દેશીને સુતનુ !=હે સુંદર શરીરવાળી સ્ત્રી ! એમ કહ્યું છે. તેથી જેઓનું ચિત્ત શુદ્ધ વિવેક રૂપ જળથી પવિત્ર થયેલ છે એવા કોઇ વૈરાગ્યવંત પુરૂષો એવી સુંદર

શરીરવાળી સ્ત્રીને સંબોધીને કહે છે કે–હે સુંદર અંગવાળી સ્ત્રી! ત્હારી વાંકી દૃષ્ટિ રૂપ કટાક્ષોથી જેનાં કાળજાં તું વીંધી નાખે છે, અને ચિત્તમાં ખળભળાટ (કામવાસનાનું તોફાન) મચાવી મૂકે છે, તેમજ જેમના ધીરતા ગુણને ભગાડી દઈને અધીરા ને આકળા બનાવી દે છે તે કાચા હૃદયવાળા અને કાયર પુરૂષો તો બીજા જ છે, એમ તું નક્કી સમજી લેજે. અમે તેવા નથી. કારણ કે જેઓનાં હૃદય વિવેક રૂપી જળથી શુદ્ધ થયાં નથી, પરન્તુ અવિવેકથી કાળાં મેશ જેવાં મલિન બની ગયાં છે તેવા મલિન ચિત્તવાળા પુરૂષો જ ત્હારાં કટાક્ષોથી વિંધાય છે, ખળભળે છે અને તારા પ્રેમ માટે અધીરા બની જાય છે. પરન્તુ અમે તેવા કાયર અને કાચા હૃદયવાળા નથી કે જેથી ત્હારાં કટાક્ષો અમારા મનને જરા પણ અસર કરી શકે. ત્હારાં કટાક્ષોની વાત તો દૂર રહી પરન્તુ એ કટાક્ષો સાથે તું ગમે તેટલાં પ્રેમ વચનો અને હાવ ભાવ વિગેરે વિલાસોથી અમને તાબે કરવા કદાચ ઇચ્છતી હોય તો પણ અમે ત્હારે આધીન બનીએ કે અધીરા બનીએ કે લોભાઈ જઈએ એવા નથી, એમ તું નથી સમજી લેજે. કારણ કે શ્રી જિનેશ્વર પરમાત્મા પ્રત્યેની અચલ શ્રદ્ધા રૂપ સમ્યક્ત્વથી અને શ્રી સદ્ગુરૂ પાસે શ્રવણ કરેલા એ જ પરમાત્માના આગમ વચનથી અમે જગતનું અને સ્ત્રીની માયા જાળનું સ્વરૂપ જાણ્યું છે, અને તે જાણવાથી અમારા હૃદયમાં હિતાહિતને તથા હેયોપાદેયને જાણ્યા છે, અને જાણીને હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કરવા રૂપ તથા હેયથી નિવૃત્તિ અને ઉપાદેયને

આદરવાની પ્રવૃત્તિ રૂપ વિવેક પ્રગટ થયો છે. તો એવા વિવેક રૂપી જળથી શુદ્ધ થયેલા અમારા હૃદયમાં ત્હારાં કટાક્ષો કે પ્રેમ વચનો શું અસર કરી શકે એમ છે! એટલે અમને તેની અસર લગાર પણ થવાની જ નથી. માટે હે સુંદર અંગવાળી સ્ત્રી! તું અમારા તરફ કટાક્ષો ફેંકવાનો ફોગટ પ્રયત્ન કરી તારા આત્માને નકામી વિટંબના શા માટે પમાડે છે? કારણ કે અમારે માટે (અમને વશ કરવા માટે) ત્હારો કંઇ પણ ઉદ્યમ સફળ થવાનો નથી તો પછી ફોગટ ઉદ્યમ શા માટે કરવો!

આ શ્લોકનું રહસ્ય એ છે કે પુરૂષના હૃદયમાં પ્રેમ ઉપજાવવાના સ્ત્રીઓના પ્રયત્નો અવિવેકી જનોની આગળ જ સફળ નીવડે છે (મોહ ઉપજાવનારા થાય છે.) પરન્તુ વિવેકી જનોને કંઇ પણ અસર કરી શકતા નથી, માટે સ્ત્રીના મોહમાં નહિ ફસાવવાની ઇચ્છાવાળા ભવ્ય જીવોએ શ્રી શ્રુતજ્ઞાનના બળ વડે હૃદયમાં વિવેક ગુણ પ્રકટાવવો જોઇએ. આવો વિવેક શ્રી ગુરૂમહારાજના ઉપદેશને સાંભળ-વાથી પ્રકટ થાય છે. આ વિવેક ગુણથી ભોગ તૃષ્ણાને ગુલા-મડી બનાવી. નીડરપણે મોક્ષ માર્ગને સાધીને મુકિતના સુખો મેળવવા. એ જ ખરૂં કર્ત્તવ્ય છે. અહીં સ્ત્રીના કટા-ક્ષમાં ફસાએલા અરણિક મુનિ, નંદિષેણ મુનિ, શ્રીસ્થૂલિ-ભદ્ર મહારાજના ગુરૂભાઇ સિંહની ગુફામાં ચોમાસું રહેનારા અને સ્થૂલિભદ્રજીની ઇર્ષ્યાથી કોશા વેશ્યાને ત્યાં ચોમાસું કરવા જનાર મુનિ વિગેરે જાણવા અને તે સ્ત્રીઓના કટા-

ક્ષોથી નહિ મુંઝાએલા શેઠ સુદર્શન મહાબલ કુમાર વિગેરે જાણુવા. ૯૯

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં એવો દિવસ કયારે આવશે કે જે દિવસે મારા પર મુક્તિ રૂપી સ્રીની દૃષ્ટિ પડે! આવો પોતાનો મનોરથ જણાવે છે—

૭ ૨ ૩ ૪ ૫ ૬
**संपत्स्यते मम कदाचन तद्दिनं किं ।**
૧ ૧૪ ૧૫
**सद्ध्यानरूढमनसः सततं भवेयुः ॥**
૧૦ ૧૧
**आनंदबिंदुविशदानि सुधामयानि ।**
૮ ૧૨ ૧૩ ૯
**यत्रेक्षितानि मयि मुक्तिमृगेक्षणायाः ॥ १०० ॥**

**संपत्स्यते**=પ્રાપ્ત થશે, આવશે
**मम**=મારો
**कदाचन**=કયારેક, કોઈ દિન
**तद्दिनं**=તે દિવસ
**किं**=શું
**सद्ध्यान**=ઉત્તમ ધ્યાનમાં
**रूढमनसः**=ચઢેલા મનવાળા
**सततं**=નિરન્તર, વારંવાર
**भवेयुः**=હોય, થાય, પડે
**आनंदबिंदु**=આનંદનાં બિંદુઓ જેવા
**विशदानि**=નિર્મળ, સ્વચ્છ, ચોખ્ખા
**सुधामयानि**=અમૃતમય, અમૃતના જેવા મીઠાં
**यत्र**=જે દિવસે
**ईक्षितानि**=દૃષ્ટિઓ, નજર
**मयि**=મારા પર
**मुक्ति**=મુક્તિ રૂપી
**मृगेक्षणायाः**=સ્રીના

કોઈ વૈરાગી પુરૂષ મુક્તિ રમણીને ચાહતો,
ઇમ વિચારે શ્રેષ્ઠ શુક્લ ધ્યાનમાં આરોહતો;
ક્યારેક શું તે દિન લહીશ હું સિત કટાક્ષ સુધા સમા,
આનંદ બિંદુ વિમલ કટાક્ષો મુક્તિ સ્ત્રીના મનગમા.
૩૦૬

મુજ ઉપર પડતા રહે જે દિવસમાં ત્યારે જ હું,
ધન્ય પોતાને ગણીશ કવિના વરાશયને કહું;
મુક્તિ રમણી જેહને દેખે પ્રવર તે જાણવો,
જે દિને જોશે જ ક્યારે હું લહીશ દીન એહવો. ૩૦૭

અક્ષરાર્થ:—ઉત્તમ ધ્યાનમાં આરૂઢ થયેલ એવા મારો ક્યારેય (કોઇ પણ કાલે) શું એવો તે દિવસ આવશે? અથવા મારો એવો દિવસ ક્યારે આવશે? કે જે દિવસે મારા ઉપર મુક્તિ રૂપ સ્ત્રીની આનંદનાં બિંદુઓ વડે નિર્મળ અમૃતની (અમૃત જેવી) દૃષ્ટિઓ નિરન્તર પડે, અર્થાત્ મુક્તિ રૂપી સ્ત્રી મ્હારા સામું જ જોયા કરે. ૧૦૦

સ્પષ્ટાર્થ—કોઇ વૈરાગ્યવંત ભવ્ય જીવ (અથવા કવિરાજ પોતે) પોતાના મનમાં એવી ભાવના ભાવે છે કે મારો એવો પવિત્ર દિવસ ક્યારે આવશે કે જે દિવસે મુક્તિ રૂપી સ્ત્રીની દૃષ્ટિ (નજર) મારા ઉપર વારંવાર પડશે. (પડયા કરે; એટલે મારી સામું જ વારંવાર જોયા કરે.) એ મુક્તિ રૂપ સ્ત્રીની દૃષ્ટિઓ કેવી છે? તે કહે છે કે એ

દૃષ્ટિઓ અમૃતમય છે, કારણ કે અમૃત એટલે જેનાથી મરણ ન થાય તે પદાર્થ. એ લૌકિક અર્થ પ્રમાણે પણ એ દૃષ્ટિઓ જે જીવ ઉપર પડી હોય તેનું જન્મ મરણ થતું નથી (એટલે તેને જન્મ મરણ કરવા પડતા નથી) માટે એ દૃષ્ટિઓ અમૃતમય છે. એટલે જે જીવ મુકિતરૂપ સ્ત્રીને વરે એટલે મુકિતપદ પામે તેનાં જન્મ જરા અને મરણ સર્વથા નાશ પામે છે, એટલે તેની અનન્ત (જેનો છેડો દેખાતો નથી એવા) ભવની બધી રખડપટ્ટી ટળી જાય છે. તેના તમામ કર્મનો ક્ષય થઈ જાય છે, અને તેવા ભવ્ય જીવો પોતાના નિર્મલ સંપૂર્ણ સ્વાભાવિક જ્ઞાન દર્શન ચારિત્ર વિગેરે ગુણોને પ્રગટ કરી પરમાત્મપદને પામે છે. વળી એ અમૃતદૃષ્ટિઓને ગ્રન્થકાર કવિરાજે આનંદનાં બિંદુઓ વડે નિર્મળ અથવા ઉજ્વળ કહી છે તેનું કારણ એ છે કે અમૃત-રસનાં બિંદુઓ (ટીપાંઓ) જેમ નિર્મળ અને ઉજ્વળ (શ્વેત પ્રકાશવાળા) હોય છે, તેમ મુકિત સ્ત્રીની અમૃત દૃષ્ટિઓ પણ તેવી જ છે. એટલે મુક્તિપદની પ્રાપ્તિ પરમ નિજ ગુણ રમણતાના આનંદરસનાં બિંદુઓવાળી છે, તેમજ તે દૃષ્ટિઓ ઉજ્વલ એટલે પરમ પ્રકાશ રૂપ છે, કારણ કે મુક્તિપદને પામેલો જીવ આત્માના સહજાનંદ (સ્વાભાવિક પરમ આનંદ) રૂપ રસનો અનુભવ કરે છે, પોતાના અનંત જ્ઞાન વડે સર્વ જગતના ત્રણે કાળના સર્વ ભાવને (તમામ બીનાને) જાણે છે, નિજ ગુણમાં રમણતા કરે છે, અને તેથી તે મુકત જીવો (સિદ્ધ પરમાત્મા) પરમ આનંદવાળા પરમ સુખી હોય છે. તેમજ કેવળજ્ઞાન રૂપી તેજ વડે સર્વ પદાર્થોને પ્રકાશિત-

પ્રગટ કરે (જણાવે) છે માટે ઉજ્વળ છે, અથવા સર્વ કર્મ-મલ રહિત સ્વરૂપવાળા હોવાથી તે નિર્મળ કહેવાય છે. આ શ્લોકમાં "મારા ઉપર મુકિત રૂપી સ્ત્રીની અમૃતદૃષ્ટિઓ ક્યારે પડે ?" એ ભાવનાનું તાત્પર્ય "હું મુકિતપદ ક્યારે પામું ?" એ જ છે. કારણ કે મુક્તિને સ્ત્રીની ઉપમા વ્યવહાર દૃષ્ટિએ જ આપી છે, પણ મુક્તિ એ કોઇ સ્ત્રી નથી. વૈરાગ્યવંત ભવ્ય જીવો મોક્ષ પદને પમાડનારી જૂદા જૂદા પ્રકારની ભાવનાઓ આ પ્રમાણે ભાવે છે.—

હે જિનેશ્વર દેવ ! હું વનમાં રહ્યો હોઉં તે વખતે મારી મનોવૃત્તિ (મનના શુભ વિચારો) પરમાત્મ રૂપ ધ્યેયમાં નિશ્ચલ બની ગઇ હોય, મારા અવિદ્યા મદ રાગ વિગેરે આંતર શત્રુઓ શાંત થઇ ગયા હોય, અને મારી તમામ ઇન્દ્રિયો નિર્વિકાર દશાને પામી હોય, તથા મારા હૃદયમાં બીનસમજણને પેદા કરનાર અજ્ઞાન રૂપ અંધકાર લગાર પણ ન રહ્યો હોય, અને નિર્મલ જ્ઞાન રૂપી સૂર્યના કિરણો ઝગમગી રહ્યા હોય, અનુક્રમે મને પરમાનંદ સ્વરૂપ પ્રાપ્ત થયું હોય, આવી પરમ શાંતિમય સ્થિતિને પામેલા એવા મને વનના ક્રૂર પશુઓ પણ શાંત બનીને ક્યારે જોશે ? ૧

સૂરપ્રભ આચાર્ય પણ આવી ભાવના ભાવે છે કે હે પ્રભુ ! ત્હારા સિદ્ધાન્તના ઉત્તમ જ્ઞાન વડે નિર્મળ એવી વાણી રૂપ દયા વડે હું રાગ દ્વેષ વિગેરે ભાવ રોગોને દૂર કરી મોક્ષ માર્ગને અનુકૂળ (પમાડનારી) એવી નિશ્ચલ

સમાધિ રૂપ લક્ષ્મીને ક્યારે પામીશ (હું ચાહું છું કે આપના પસાયથી આ સેવકને તેવી ઉત્તમ સમાધિ મળે.) ૨

હે પ્રભુ! હોમાતી રાગ વિગેરે આહુતિઓનું વારંવાર ભક્ષણ કરતા એવા ધ્યાન રૂપી અગ્નિની સાક્ષીએ શરીરનો પણ નાશ થયા બાદ પાછળ આવનારી (તરત પ્રગટ થનારી) કેવલજ્ઞાન રૂપી લક્ષ્મીને હું ક્યારે વરીશ? (પામીશ) એટલે રાગાદિકનો ક્ષય થયા બાદ મને આપના પસાયથી કેવલજ્ઞાન ક્યારે થશે? ૩

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ પણ યોગશાસ્ત્રમાં જણાવે છે કે હું વનને વિષે પદ્માસને બેઠેલો હોઉં તે વખતે મારા ખોળામાં નાનાં નાનાં હરણીયાં કૂદકા મારતાં હોય આવી સ્થિતિવાળા મારા મોંઢાને મૃગના ટોળાના અધિપતિઓ (મોટા મૃગો ક્યારે સુંઘશે? અને હું તે વખતે સમાધિથી લગાર પણ ચલાયમાન થાઉં નહિં એવો વખત (સમય) ક્યારે આવશે. ૪

એક બાજુ શત્રુ ઉભો હોય ને બીજી બાજુ મિત્ર ઉભો હોય આ બંનેમાં (૧) અને એક બાજુ ઘાસ હોય અને બીજી બાજુ રત્નનો ઢગલો હોય તે બેમાં (૨), એક બાજુ સોનું હોય ને બીજી બાજુ પત્થર પડ્યો હોય તે બેમાં (૩), તથા મોક્ષમાં અને સંસારમાં (૪) પણ હું સમદૃષ્ટિ વાળો-સમભાવ વાળો ક્યારે થઇશ. ૫

શાસનપ્રભાવક મહામંત્રી શ્રી વસ્તુપાળે પણ પ્રભુ દેવની આગળ આ પ્રમાણે ભાવના ભાવી છે કે હે શ્રી

આદીશ્વર પ્રભુ! હું શ્રી શત્રુંજય ગિરિરાજની ગુફામાં બેઠો હોઉં તે વખતે જે (મન) માં સંસાર રૂપી કેદખાનામાંથી છૂટવાની ઉત્તમ ભાવના રૂપી અમૃતનો ધોધ-પ્રવાહ વ્હેતો હોય, સ્વપ્ને પણ અકર્તવ્ય (પાપ) ને કરનારી ઇચ્છા ન જ થતી હોય, વિદ્યામદ વિગેરે દોષો લગાર પણ હોય નહિ, આવી મનની નિર્મલ દશાને પામીને શુકલ ધ્યાનના પ્રભાવે ઘાતી કર્મોને હઠાવીને હું કેવલી સ્વરૂપને કયારે પામીશ? હે મારા નાથ! હું ગિરનાર પર્વતની સુંદર ગુફાના ખુણામાં પદ્માસને બેસીને (અર્થાત્ ગુફામાં યોગીશ્વરને લાયક આસને બેસીને) અને પ્રત્યાહાર એટલે ઇંદ્રિયોને શબ્દાદિમાંથી પાછી ખેંચી લેવા રૂપ ત્યાગ વૃત્તિને ધારણ કરીને, તથા જૂદી જૂદી જાતના વિચારો રૂપી કલ્લોલ વડે ચપળ એવા મારા મનને વશ રાખીને ચન્દ્રકિરણોના પ્રકાશ મંડલ જેવી કાન્તિવાળા તથા નિર્મલ જ્ઞાન રૂપ પરમ આનંદની ઉર્મિઓ વડે (તરંગો વડે) શોભાયમાન એવા આપને હાથમાં રહેલા સ્વચ્છ પાણી માફક પ્રત્યક્ષ આ આંખે કયારે જોઇશ? (એટલે હું આપને સાક્ષાત્ કયારે જોઈશ?) ૬

તથા ભર્તૃહરિએ પણ આ પ્રમાણે ભાવનાના વિચારો જણાવ્યા છે કે હું ગંગા નદીના કાંઠે હિમાલય પર્વતના જેવી સફેદ શિલા ઉપર પદ્માસન વાળીને બેઠેલો હોઉં. તથા બ્રહ્મજ્ઞાનનો (પરમાત્મ સ્વરૂપને પામવાનો) અભ્યાસ કરીને યોગનિદ્રાને (સમાધિથી નિદ્રાવાળી સ્થિતિના જેવા સ્વરૂપને) પામું આવા શુભ અવસરે વૃદ્ધ હરિણો નિઃશંક (ભય

રહિત પણે ) મારા શરીરને પોતાના શિંગડાં ખંજવાલી ખંજવાલીને બહુ રાજી થાય, મારો આવો શુભ દિવસ ક્યારે આવશે ? ૭

વળી સર્વસ્વનો ત્યાગ કરીને અત્યંત દયા ગુણને ધારણ કરીને અને ગુરૂએ કહેલા ઉત્તમ ક્રિયા સહિત તત્ત્વ જ્ઞાનનું જ શરણું લઈને પવિત્ર અરણ્યમાં રહેલા એવા અમે ઉદય પામેલા શરદ ઋતુના ચન્દ્રવાળી રાત્રિના ટાઇમે ઉત્તમ ત્યાગ ધર્મને ધારણ કરવાથી થતા લાભોને વારંવાર યાદ કરીને પરમાત્મ ગુણનું સ્મરણ કરીને માનવ જીવનના ઉત્તમ ફલ રૂપ પરમ પદને ક્યારે પામીશું ? ૮

આ પ્રમાણે ગ્રંથકાર કવિરાજે પણ વૈરાગ્યવંત ભવ્ય જીવોને ભાવવા ( વિચારવા ) લાયક સુંદર ભાવના દર્શાવી ( જણાવી ) છે. અથવા આ ગ્રન્થકર્તા કવિ પોતે જ આ શ્લોકમાં કહેલી ભાવના ભાવે છે. અહીં ભવ્ય જીવોએ ભરત મહારાજા કૂર્માપુત્ર વિગેરે પુણ્યશાલી જીવોના દૃષ્ટાંતો વિચારીને નિર્મલ ભાવ પૂર્વક દાનાદિ ધર્મની સાધના કરીને પોતાના આત્માને સિદ્ધ સ્વરૂપ જરૂર બનાવવો જોઇએ. એ પણ જરૂર યાદ રાખવું જોઇએ. નિર્મલ ભાવના ભાવવાના કાલમાં પણ નિર્મલ દર્શન વિગેરે ત્રણેની સાધના જરૂર હોય જ છે, તે વિના સિદ્ધિના સુખ મળી શકે જ નહિ, અને એ જ પદ્ધતિએ અનંતા શ્રી ભરત મહારાજાદિ પૂજ્ય પુરૂષોની મુક્તિ થઇ છે, થાય છે, અને થશે. એકલી ભાવનાથી ઇષ્ટ કાર્યની સિદ્ધિ થાય જ નહિ એ આ શ્લોકનું

ખરૂં રહસ્ય છે. શ્રી ભરત મહારાજાની વિશેષ બીના શ્રી ભાવના કલ્પલતામાં તથા શ્રી દેશના ચિંતામણીના પ્હેલા ભાગમાં જણાવી છે. નકલી ભાવનાથી કેવું ખરાબ ફલ મળે છે તે ઉપર પ્રભુનો મુકુટ રસાવવામાં કરકસર કરનાર અને સ્ત્રીનું ઘરેણું સમું કરાવવામાં ઉદારતા વાપરનાર શેઠનું અને તંદુલિયા મત્સ્યનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. ૧૦૦

**અવતરણ**—હવે કવિ આ શ્લોકમાં સરસ્વતી કેવા પુરૂષોને પોતાની મેળે સિદ્ધ (પ્રસન્ન) થાય તે વાત જણાવે છે—

૨ ૩ ૪ ૫ ૬
**ललितं सत्यसंयुक्तं, सुव्यक्तं सततं मितम् ।**
૧ ૮ ૭ ૯ ૧૧ ૧૨ ૧૦
**ये वदन्ति सदा तेषां, स्वयंसिध्धैव भारती ॥ १०१ ॥**

**ललितं**=સુંદર
**सत्यसंयुक्तं**=સાચા
**सुव्यक्तं**=અતિ સ્પષ્ટ
**सततं**=હંમેશાં, દરરોજ
**मितं**=ખપ પૂરતા, જરૂરી
**ये**=જે પુરૂષો
**वदन्ति**=વચન બોલે છે
**सदा**=હંમેશાં
**तेषां**=તે પુરૂષોને
**स्वयंसिद्धा एव**=સ્વતઃ સિદ્ધ, પોતાની મેળે જ સિદ્ધ (પ્રસન્ન) થયેલ છે
**भारती**=સરસ્વતી

**મધુર સાચા અલ્પ ચોખ્ખા વચન જેઓ બોલતા,**
**તેમને સિદ્ધ થાય પોતે શારદા શ્રુત સંમતા,**

**આવા જનોની ઉપર હોવે સર્વનીજ પ્રસન્નતા,**
**આશ્ચર્ય શું ત્યાં શારદાની જેહ હોય પ્રસન્નતા. ૩૦૮**

**અક્ષરાર્થ**—જે પુરૂષો હંમેશાં સુંદર સત્ય યુક્ત (સાચાં) અતિ સ્પષ્ટ અને જરૂર જેટલા જ વચન બોલે છે તે પુરૂષોને સરસ્વતી પોતાની મેળે સિદ્ધ (પ્રસન્ન) થયેલી જ છે એમ જાણવું. ૧૦૧

**સ્પષ્ટાર્થ**—ગ્રન્થકર્તા કવિ આ શ્લોકમાં સત્ય બોલનાર ભવ્ય પુરૂષનું માહાત્મ્ય જણાવે છે, સત્યવાદી પુરૂષો જગતમાં સર્વ જનને વ્હાલા લાગે છે એટલું જ નહિં પરન્તુ દેવોને પણ વ્હાલા લાગે છે જુઓ સત્યતાના પ્રભાવે જ વસુ રાજાનું સિંહાસન અદ્ધર રહેતું હતું, તે કારણથી અહિં સત્ય બોલનારાને સિદ્ધ સરસ્વતી પુરૂષ એટલે સરસ્વતીના વરદાન વાળા મહા પંડિત પુરૂષો કહ્યા છે, જેમને સરસ્વતી દેવી સિદ્ધ (પ્રસન્ન) થઇ હોય તે પુરૂષો મહા પંડિત બને છે. કઠીનતા ભરેલા સંમતિ તર્ક, સ્યાદ્વાદરત્નાકર, અષ્ટસહસ્રી વિગેરે શાસ્ત્રોના ખરા રહસ્યોને સમજે છે, માટે જ તે સત્ય બોલનારા ભવ્ય જીવો શાસ્ત્રના ખરા રહસ્યને સમજાવી શકે છે. એક જણ પંડિત હોય, પણ તે જો અસત્યવાદી હોય તો તેવા પંડિત કરતાં ભલે બીજો જીવ શાસ્ત્રનો જાણકાર પંડિત ન હોય પરન્તુ સત્યવાદી હોય તો તે ખરો પંડિત ગણાય છે. વળી સત્ય બોલવામાં જે સાત્વિક ગુણ જોઇએ તે સાત્વિક ગુણ સત્યવાદીમાં બરાબર હોય છે જ. કારણ કે સત્યવાદમાં (સાચું બોલવામાં) અનેક

ઉપસર્ગોનો સંભવ છે તે સર્વ ઉપસર્ગો જીતવા જેટલું સામર્થ્ય પ્રાપ્ત થયું હોય, તો જ સત્ય વચન બોલી શકાય છે. શ્રી કાલિકાચાર્યને રાજાએ યજ્ઞનું ફળ પૂછ્યું તે વખતે સત્યવાદી શ્રી કાલિકાચાર્યે નિર્ભયતા પૂર્વક નરક ગતિ રૂપ ફળ કહ્યું. એ વખતે સાધારણ ધૈર્યવાળો પુરૂષ તો રાજાને ઠીક લાગે તેવો જ ઉત્તર આપત, પરન્તુ કાલિકાચાર્ય અતિશય સત્ત્વ ગુણવાળા હતા તેથી રાજાના ભયની અપેક્ષા રાખ્યા વિના નિર્ભયપણે જે સત્ય વાત હતી તે જ જણાવી. એના જ વિપરીત ઉદાહરણમાં વસુરાજા પોતે રાજા હતો તો પણ ગુરૂના દીકરા પર્વતની દાક્ષિણ્યતા સાચવવાને નારદ અને પર્વતના વાદ (ઝગડા) માં અજા શબ્દનો અર્થ ત્રણ વર્ષની જૂની ડાંગર છે એમ પોતે જાણે છે તો પણ અજા શબ્દનો અર્થ પર્વત જે રીતે વિદ્યાર્થીઓને ભણાવતો હતો તે રીતે બકરાઓ એવો કર્યો, તે જ વખતે વસુરાજા બહુ જ હેરાન થઇ ગયો. આ ઉપરથી સમજી શકાય છે કે સત્ય બોલવામાં ધીરતા અને સત્ત્વ ગુણ અડગ રીતે રાખવો પડે છે.

વળી સત્ય વચન તે કહેવાય કે જે વચન દેખીતી રીતે સત્ય હોય, પરન્તુ મુક્તિ માર્ગનું વિઘાતક (આત્મહિતને બગાડનારૂં) હોય તો તે (વચન) સાચું છતાં પણ ખરી રીતે જૂઠું જ કહેવાય છે, કાણા માણસને કાણો કહેવો એ સત્ય નહિં પણ અસત્ય છે, કારણ કે એ અપ્રીય વેણ છે. માટે કેવળ સત્ય નહિં, પરન્તુ તે વચન બીજાને સુંદર અને મધુર લાગે એવું હોવું જોઈએ, તેમ જ ગોળ ગોળ (બે

અભિપ્રાય વાળું, જેમ नवकंबलो देवदत्तः આવું ) નહિં પણ સ્પષ્ટ હોવું જોઇએ. કારણ કે ગોળ ગોળ વચન દ્વિઅર્થી હોવાથી બોલનાર પોતાના મનગમતા અર્થમાં લઈ જાય છે અને તેથી એવું ગોળ ગોળ બોલનારો માણુસ સ્હામા ઉભા રહેલા સરલ જીવોને ઠગે છે. માટે સત્યવાદી પુરૂષો એવાં માયાવી ગોળ ગોળ વચનો બોલે જ નહિં, પરન્તુ સ્હામા માણુસો જેવી રીતે કહેલ વચનના ભાવાર્થને સમજી શકે તે રીતે એક જ ભાવાર્થવાળાં સ્પષ્ટ વચનો બોલે છે. તેમજ સત્યવાદી પુરૂષો જરૂર કરતાં વધારે પડતા વેણુ બોલતા નથી, પરન્તુ જે અર્થ સમજાવવાનો છે, તે અર્થ પૂરતાં જરૂરી વચનો જ બોલે છે. કારણ કે બહુ બોલવાથી જૂઠાં વેણુ બોલવાનો પ્રસંગ આવે છે અને લોકમાં પણ તે ‘ લવ લવ કરનારા ’ ગણાય છે અને ધીરે ધીરે એવા વાચાલ-પણા (બહુ બોલાપણા ) થી જૂઠું બોલતાં બોલતાં તેઓ લબાડીયા તરીકે પ્રસિદ્ધ થાય છે, માટે સત્યવાદી પુરૂષો જેટલી હકીકત બની હોય તેટલી જ કહે છે, પરન્તુ બીજું વધારે ડહાપણુ હાંકતા નથી. એવા મધુર હિત કરનારા સ્પષ્ટ અને પ્રમાણુસર સાચાં વચનો બોલનાર સત્યવાદી પુરૂષો વારંવાર ધન્યવાદને પાત્ર છે અને એવા સત્યવાદી પુરૂષો જ તેમને જાણે સરસ્વતી સિદ્ધ થઇ હોય તેવા ખરા મહા પંડિત બને છે. એ પ્રમાણે આ શ્લોકમાં ગ્રન્થકર્તાએ સત્ય વચનનું મહાત્મ્ય જણાવ્યું. હરિણ આ રસ્તે થઈને ગયા છે, એમ મુનિ જાણે છે. તો પણ પૂછનાર શિકારીને તે બીના જણાવતા નથી. મૌન રહે છે. જો જણાવે તો હરિ-

ણુના પ્રાણુ જાય છે, તે વાતને લક્ષ્યમાં રાખીને જ તે મુનિ મૌન ધારણુ કરે છે. વિશેષ બીના ઉપદેશ પ્રાસાદમાં જણાવી છે. આનું રહસ્ય એ છે કે જે વચન બોલવાથી કોઇના જાન જતા હોય, તો તે વચન સાચું હોય છતાં બોલાય જ નહિ. શ્રી શાંતિનાથ પ્રભુના સમયમાં થયેલા હરિશ્ચંદ્ર રાજાએ કેવલ સત્યની જ ખાતર કેવા કેવા વિકટ દુઃખો ભોગવ્યા છે? આવા દુઃખના પ્રસંગે પણ સત્યને જાળવનારા તે રાજાની વિશેષ બીના તેના ચરિત્રમાંથી જાણુવી. આ વાતને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ સાચું બોલવાની ટેવ પાડવી જોઈએ. અને સત્ય વચન બોલવા સિવાયના બીજા પણ સદ્‌ગુણોની સેવના કરીને સિદ્ધ સ્વરૂપને મેળવવું. એ જ ખરૂં કર્ત્તવ્ય છે. ૧૦૧

**અવતરણ**—હવે કવિ આ છેલ્લા શ્લોકમાં પોતાનો પરિચય (ઓળખાણુ) આપીને આ ગ્રંથને પૂરો કરે છે—

५ ३ २ ४
**सिक्तः श्रीजिनवल्लभस्य सुगुरोः शान्तोपदेशामृतैः ।**
६ ९ ८ ७ १
**श्रीमन्नागपुरे चकार सदनं श्रीनेमिनाथस्य यः ॥**
११ १२ १३ १० १४ १५
**श्रेष्ठिश्रीधनदेव इत्यभिधया ख्यातश्च तस्यांगजः ।**
१८ १९ १६ १७
**पद्मानंदशतं व्यधत्त सुधियामानंदसंपत्तये ॥ १०२ ॥**

**सिक्तः**=સિંચાયેલા
**श्रीजिनवल्लभस्य**=શ્રી જિન-વલ્લભ નામના
**सुगुरोः**=ઉત્તમ ગુરૂ મહારાજના
**शान्त**=શાન્તિવાળા
**उपदेश**=ઉપદેશ રૂપી

अमृतैः=અમૃત વડે
श्रीमत्=શ્રી
नागपुरे=નાગપુર નગરમાં
चकार=બંધાવતા હતા.
सदनं=સ્થાન, દહેરાસર
श्रीनेमिनाथस्य=શ્રી નેમિનાથ ભગવંતનું
यः=જે
श्रेष्ठि=શેઠ
श्रीधनदेवः=શ્રી ધનદેવ
इति=એ પ્રમાણેના
अभिधया=નામથી
ख्यातः=પ્રસિદ્ધિને પામેલો
तस्य=તેમના
अंगजः=પુત્ર (પદ્માનંદ કવિ)
पद्मानंदशतं=૧૦૦ શ્લોકવાળું પદ્માનંદ નામનું શતક
व्यधत्त=બનાવતા હતા
सुधियां=ઉત્તમ બુદ્ધિવાળા પંડિત પુરૂષોને
आनंदसंपत्तये=ખૂશ કરવા માટે

ગુરૂરાજ શ્રી જિનવલ્લભે શુભ શાંત ઉપદેશામૃતે,
સિંચિત કર્યો છે જેહને શ્રી નાગપુરમાં બહુમતે;
શ્રી નેમિનાથ જિનેશનું મંદિર કરાવે જે અને,
તે શેઠ શ્રી ધનદેવ આવા નામથી લ્યે ખ્યાતિને. ૩૦૯

તાસ પદ્માનંદ નામ પ્રસિદ્ધ પુત્ર હતો કવિ,
પંડિતોને ખૂશ કરવા કાજ તેણે કૃતિ નવી;
હોંશે બનાવી નામ પદ્માનંદશત સો શ્લોકનું,
વૈરાગ્ય શતક ઘણાં કહે તે નામ પર આ ગ્રંથનું. ૩૧૦

અક્ષરાર્થ—શ્રી જિનવલ્લભ નામના સદ્ગુરૂના શાન્ત ઉપદેશ રૂપી અમૃત વડે સિંચાયલા જે શ્રેષ્ઠિએ (શેઠે) શ્રી નાગપુર નામના નગરમાં શ્રી નેમિનાથ ભગવંતનું દેહ-

રાસર બંધાવ્યું હતું તે શેઠ શ્રી ધનદેવના પ્રસિદ્ધ પુત્ર શ્રી પદ્માનંદ કવિએ શ્રેષ્ઠ બુદ્ધિમાન પુરૂષોને આનંદ આપવા માટે આ પદ્માનંદ શતક (વૈરાગ્ય શતક) નામનો ગ્રંથ બનાવ્યો છે. ૧૦૨

સ્પષ્ટાર્થ—પદ્માનંદ કવિએ આ છેલ્લા શ્લોકમાં પોતાના પિતાએ કરેલ સત્કાર્યને જણાવીને પોતાની ઓળખાણ આપી છે. આ ગ્રંથનું કવિએ 'પદ્માનંદ શતક' નામ રાખ્યું છે. પણ વૈરાગ્ય શતકના નામથી બહુ જ પ્રસિદ્ધ છે. ઘણાં કવિજનોએ રચેલાં વૈરાગ્યશતક ગ્રંથોમાં આ વૈરાગ્યશતક બહુ જ સુંદર અને બોધદાયક છે. સો શ્લોકની અંદર સુંદર ભાષામાં જૈન શૈલીને લક્ષ્યમાં રાખીને બહુ જ સારો ઉપદેશ આપ્યો છે. આ કાવ્ય કટ્ટર અધર્મી જીવોના હૃદયને પણ ધર્મ વાસિત જરૂર કરે છે, એમ હું ખાત્રી પૂર્વક કહું છું. આ ઈરાદાથી મેં વિદ્યાર્થિઓને વિશેષ અનુકૂલ પડે તે તરફ વધારે લક્ષ્ય રાખ્યું છે. વિશેષ બીના પ્રસ્તાવનામાંથી જાણવી. એ પ્રમાણે આ ગ્રંથની (૧) શબ્દાર્થ. (૨) હરિગીત છંદોબદ્ધ ગુજરાતી ટીકા. (૩) અક્ષરાર્થ. (૪) અને સ્પષ્ટાર્થની રચના કરવામાં અલ્પ બોધ ઉપયોગ રહિતપણું વિગેરે કારણોથી કંઇ ભૂલચૂક થઈ હોય, તેની શ્રી સંઘની સાક્ષીએ માફી માગું છું. તપોગચ્છાધિપતિ શાસન સમ્રાટ્ સૂરિચક્ર ચક્રવર્ત્તિ જગદ્‌ગુરૂ મારા આત્મોદ્ધારક પરમોપકારી શિરોમણિ પરમ પૂજ્ય પરમ કૃપાલુ પરમ ગુરૂ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના ચરણ કિંકર વિનેયાણુ વિજયપદ્મસૂરિએ શિષ્ય મુનિ શ્રીલક્ષ્મીપ્રભ વિજય

વિગેરે શિષ્યોની અને જૈનપુરી રાજનગર (અમદાવાદ) ના રહીશ દેવ ગુરૂ ધર્માનુરાગી શ્રાવક સંઘવી શેઠ માણેકલાલ મનસુખભાઇ ભગુભાઇ. શેઠ ભગુભાઈ ચુનીલાલ સુતરીયા, (શેઠ. ચુનીલાલ ખુશાલભાઇ સુતરીયાવાળા) શેઠ ચીમનભાઈ લાલભાઇ, (શેઠ હીરાચંદ રતનચંદ વાળા) શેર દલાલ જેસીંગભાઈ કાલીદાસ વિગેરે શ્રી સંઘની વિનંતિથી વિક્રમ સંવત ૧૯૯૭ ના અષાડ સુદિ ચોથના દિવસે પરમોપકારી પરમ કૃપાલુ શ્રી ગુરૂ મહારાજ આચાર્ય વર્ય શ્રી વિજય-નેમિસૂરીશ્વરજી મહારાજના પસાયથી ગુજરાતના પાટનગર અમદાવાદમાં પરમ ઉલ્લાસથી આ શ્રીપદ્માનંદ શતક (વૈરાગ્ય શતક) ના (૧) શબ્દાર્થ, (૨) છંદોબદ્ધ ગુજરાતી ટીકા, (૩) અક્ષરાર્થ, (૪) સ્પષ્ટાર્થની રચના કરી. ભવ્ય જીવો આ ગ્રંથને ભણીને, ભણાવીને, વાંચીને, પોતાનું જીવન નિર્મલ બનાવી સિદ્ધ સ્વરૂપને પામે. આ ગ્રંથના સ્પષ્ટા-ર્થાદિની રચનાના લાભ રૂપે હું એજ ચાહું છું કે તમામ સંસારી જીવો વિભાવ દશાને દૂર કરી સંપૂર્ણ નિજ ગુણ રમણતાના અપૂર્વ આનંદને અનુભવીને સ્વપરતારક બને. ૧૦૨

**અવતરણ**—આ વૈરાગ્ય શતકને વાંચીને ખૂશ થયેલો એક કવિ આ ગ્રંથની બાબતમાં આ પ્રમાણે પોતાનો અભિપ્રાય જણાવે છે—

૧૧ ૧૨ ૧૫ ૧૩ ૧૪
संपूर्णेन्दुमुखीमुखे न च न च श्वेतांशुबिंबोदये ।
१६ १७ २० १८ १९
श्रीखंडद्रवलेपने न च न च द्राक्षारसास्वादने ॥

८ १० १ २४ २१ २३ २२ २७ २५ २६

**आनंदः स सखे ! न च क्वचिदसौ किं भूरिभिर्भाषितैः।**

२ ३ ४ ५ ७ ९ ६

**पद्मानंदशते श्रुते किल मया यः स्वादितः स्वेच्छया ॥१०३॥**

**संपूर्णेन्दुमुखीमुखे**=આખા ચંદ્રમાના જેવા મોંઢાવાળી સ્ત્રીના મુખમાં

**न**=નથી

**च**=અને

**श्वेतांशुबिंबोदये**=ચંદ્ર મંડલના ઉદયમાં, ( ઉગેલા ચંદ્રને જોવામાં )

**श्रीखंडद्रवलेपने**=પ્રવાહી સુખડનું વિલેપન કરવામાં (ચોપડવામાં)

**द्राक्षारसास्वादने**=દ્રાક્ષનો રસ ચાખવામાં

**आनंदः**=હર્ષ

**स**=તે

**सखे !**=હે મિત્ર !

**क्वचित्**=કોઇ પણ ઠેકાણે

**असौ**=આ

**किं**=શું

**भूरिभिः**=ઘણું

**भाषितैः**=બોલવાથી

**पद्मानंदशते**=પદ્માનંદ શતક

**श्रुते**=સાંભળે છતે

**किल**=નિશ્ચયે કરીને

**मया**=મેં

**यः**=જે

**स्वादितः**=ચાખ્યો, મેળવ્યો

**स्वेच्छया**=પોતાની મરજી પ્રમાણે

હે મિત્ર ! પદ્માનંદ કૃત વૈરાગ્ય શતક શ્રવણથી,
જે લહ્યો આનંદ ઉગતા ચંદ્રના બિંબે નથી;
પૂર્ણ ચંદ્ર મુખી રમણીના વદનમાં દ્રવ સુખડનાં,
ન વિલેપને તેવો મળ્યો આસ્વાદમાં દ્રાક્ષા તણો.

શું કહું બહુ ? કાવ્ય આ બહુ વાંચવાથી ગુરૂ કને,
હૃદયમાં વૈરાગ્ય જામે તેમ કામ વિકારને;
ઝટ હઠાવી શકાય વાચક પામતા શુભ જીવનને,
માંસ વિષ્ટા દારૂથી પણ નીચ ગણતા મોહને. ૩૧૨

શ્રોતા વિચારે ઇમ અરેરે ! દુષ્ટ વિષય કષાયથી,
જીંદગી બરબાદ કીધી સંગ તજશું આજથી;
જિન ધર્મને આરાધશું મૈત્રી પ્રમુખ શુભ ભાવના,
ભાવતા શીલ પાલશું રંગી થઇ તપ દાનના. ૩૧૩

ઋષિ નંદ નિધિ શશિ માન વર્ષે જન્મ દિવસે નેમિના,
શ્રી રાજનગરે પદ પસાયે નેમિ સૂરિ ગુરૂરાજના;
પદ્મસૂરિ ચુનીલાલ સુત ભગુભાઇ સુતરીયા તણી,
વિજ્ઞપ્તિથી હરિગીત છંદે ગૌર્જરી ટીકા તણી. ૩૧૪

રચના કરે પ્રભુની કને યાચે ક્ષમા ભૂલ ચૂકની,
ભવ્ય જીવો ! આ ભણીને શુદ્ધિ કરજો આત્મની;
અન્યને પણ શુદ્ધ કરજો ધર્મિ ગુણ અનુમોદજો,
જિન શાસને નિશ્ચલ રહીને તે ભવોભવ ચાહજો. ૩૧૫

અક્ષરાર્થ—હે મિત્ર ! આ પદ્માનંદ શતકને ( વૈરાગ્ય શતકને ) સાંભળીને મેં મરજી પ્રમાણે અપૂર્વ આનંદ મેળવ્યો છે, તે આ ( તેવો ) આનંદ ( હું માનું છું કે ) ચંદ્રમાના જેવા મુખવાળી સ્ત્રીના મુખમાં નથી અને ઉગતા ચંદ્ર મંડળમાં ( તેને જોવામાં ) પણ તેવો આનંદ મળતો નથી. એ

પ્રમાણે સુખડના રસને ચોપડવામાં (શરીરે લગાવવામાં) તથા દ્રાક્ષના રસને ચાખવામાં, અરે કોઇ પણ ઠેકાણે (તેવો આનંદ) મળતો નથી. એમ હું ખાત્રી પૂર્વક ટૂંકામાં મારા વિચારો જણાવું છું. આ બાબતમાં વધારે કહેવાથી શું ? ૧૦૩

સ્પષ્ટાર્થ—કાવ્યની કીંમત આંકવામાં કવિ જ સમર્થ હોય છે. તેમાં પણ મધ્યસ્થ દૃષ્ટિથી અને કાવ્ય રચનાના તલસ્પર્શી અનુભવવાળા અને ગુણગ્રાહી પરીક્ષક કવિઓ દુનિયામાં વિરલા જ હોય છે. સાચા કવિઓમાં ઉત્તમ ગુણ એ હોવો જોઇએ કે દરેક કાવ્યને મધ્યસ્થ ગુણ દૃષ્ટિથી તપાસવું ઘટે (જોઇએ) આવો ગુણ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજીમાં હતો. એક વખત આ સૂરિજી મહારાજ પ્રભુદેવની આગળ સ્તુતિ કરતાં શ્રાવક ધનપાલ કવિએ બનાવેલા શ્લોકો બોલે છે. આ સાંભળીને રાજા કુમારપાલે ગુરૂ મહારાજને પૂછયું કે આપશ્રીજી શ્રાવકના બનાવેલા પ્રભુની સ્તુતિના શ્લોકો કેમ બોલો છો ? આ પ્રશ્નના જવાબમાં આચાર્ય દેવે જણાવ્યું કે આ શ્લોકો બોલવામાં લગાર પણ વાંધો નથી. કારણ કે તેમાં રહેલી શબ્દની અને અર્થની સુંદરતા બહુ જ આનંદને આપે છે. પ્રભુ ગુણમાં આત્માને લીન કરે છે, યથાર્થ પ્રભુનું સ્વરૂપ યાદ કરાવે છે, વિભાવ દશાને દૂર કરીને નિજ ગુણ રમણતાને વધારે છે. આ બીના માંથી સમજવાનું મલે છે કે પૂજ્ય શ્રી આચાર્ય દેવની માફક કાવ્યમાંથી ગુણ ગ્રહણ કરવો જોઇએ. તે પ્રમાણે એક કવિ આ વૈરાગ્ય શતકની કીંમત આંકીને આ પ્રમાણે પોતાના મિત્રને કહે છે. જે કહે છે તે બીના

અક્ષરાર્થમાં સ્પષ્ટ જણાવી છે. તેનું રહસ્ય એ છે કે દુનિયાના ક્ષણિક પદાર્થના મોહમાં ફસાએલા સંસારી જીવોમાંના કેટલાએક જીવો સ્ત્રીનું મુખ જોવામાં ખરો આનંદ માને છે. કેટલાએક જીવો ઉગતા ચંદ્રમાને જોવામાં અને કેટલાએક જીવો સુખડને શરીર ઉપર ચોપડવામાં તથા કેટલાએક જીવો દ્રાક્ષને ખાવામાં ખરો આનંદ માને છે. પણ તેવી માન્યતા કેવલ મોહ અને અજ્ઞાનથી ભરેલી છે, માટે જ તે ખોટી છે. ખરી બીના એ છે કે આ વૈરાગ્યશતકના સાંભળવાથી (ભણવાથી, વાંચવાથી) જે અપૂર્વ અનહદ આનંદ થાય છે, તેવો આનંદ આ શ્લોકમાં જણાવેલા ચાર પદાર્થોથી બીલકુલ થતો જ નથી. આ બાબતમાં વધારે કહેવાની જરૂરીયાત છે જ નહિ. આ બીનાને લક્ષ્યમાં રાખીને ભવ્ય જીવોએ ખરા શત્રુઓને અને કલ્યાણકારી સાધનોને ઓળખવા માટે અને પોતાના માનવ જીવનને નિર્મલ બનાવવા માટે શ્રી સિંદૂર પ્રકરણ વિગેરેની માફક આ કાવ્યનો જરૂર અભ્યાસ કરવો જ જોઇએ તેમાં જણાવેલી બીનાનું રહસ્ય હૃદયમાં ઉતારીને વિવેક દૃષ્ટિથી અપ્રમત્ત ભાવે પરમ ઉલ્લાસથી મોક્ષ માર્ગની સાત્વિકી આરાધના કરવી અને બીજા ભવ્ય જીવોને કરવા પ્રેરણા કરવી, તે પ્રમાણે કરનારની અનુમોદના કરવી. એમ કરવાથી મુક્તિના અવ્યાબાધ સુખ જરૂર મળી શકે છે. ૧૦૩

કવિ શ્રીપદ્માનંદ કૃત
વૈરાગ્યશતકં સમાપ્તં

સુગૃહિત નામધેય-પરમોપકારી પરમગુરુ-
આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વર
વિનેયાણુ વિજયપદ્મસૂરિપ્રણીતા

શ્રી

# વિંશતિસ્થાનક પ્રદીપિકા

सिरि संखेसरपासं-वंदिय गुरुरायणेमिसूरिपयं ॥
वीसइठाणविहाण-प्पईवियं कुणमि सेअट्ठं ॥ १ ॥

પરમ તારક દેવાધિદેવ શ્રી તીર્થંકર પ્રભુએ ભવ્ય જીવોના કલ્યાણને માટે ચાર પ્રકારનો ધર્મ પ્રરૂપ્યો છે. (જણાવ્યો છે). તે આ પ્રમાણે—

૧ દાનધર્મ, ૨ શીલધર્મ, ૩ તપસ્યાધર્મ, ૪ ભાવના-ધર્મ. તેમાં દાન, શીલ અને ભાવનાનું સ્વરૂપ શ્રી ઉપદેશ તરંગિણી વિગેરે ઘણા ગ્રંથોમાં વિસ્તારથી સમજાવ્યું છે. તપસ્યા ધર્મનું અને તેના ભેદરૂપ શ્રી વીસ સ્થાનકની તપ-સ્યાનું વર્ણન ટૂંકામાં આ પ્રમાણે જાણવું. જ્યાં સુધી આ સંસારી જીવોની લગાર પણ યોગક્રિયા ચાલુ હોય છે, ત્યાં સુધી તેઓને સમયે સમયે ઓછા વધતા પ્રમાણમાં કર્મબંધ ચાલુ હોય છે. અને તેથીજ તે જીવોના સ્વરૂપમાં વિચિત્રતા માલુમ પડે છે. કોઈ પણ કર્મનો બંધ થયા પછી તેનો

તરતજ ઉદય થતો નથી, પણ ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત તો જવું જોઇએ અને ઉત્કૃષ્ટથી જે કર્મની જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધી હોય, તે કોડાકોડી દીઠ સો સો વર્ષ વીત્યા બાદ તે બાંધેલા કર્મનો ઉદય થાય છે. દૃષ્ટાંત તરીકે સમજી લેવું કે જ્ઞાનાવરણીય કર્મની જઘન્ય (નાની-ઓછામાં ઓછી) સ્થિતિ અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડાકોડી સાગરોપમની હોય છે. આનો અર્થ એ છે કે આ કર્મની જઘન્ય સ્થિતિમાં પણ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ-કાલ અબાધાકાલ તરીકે ગણવાનો છે. એટલે તે કર્મ બાંધ્યા પછી અંતર્મુહૂર્ત્ત પ્રમાણ કાલ જાય ત્યારે ઉદયમાં આવે (તેનો ઉદય થાય) અને તે ઉદય અંતર્મુહૂર્ત સુધી ચાલુ રહે, અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળું જ્ઞાનાવરણીય કર્મ એક કોડાકોડી સાગરોપમ દીઠ સો સો વર્ષ લેતાં ત્રણ હજાર વર્ષ વીત્યા બાદ ઉદયમાં આવે છે. ત્યાર પછી તે કર્મના બાંધનાર સંસારી જીવો તે કર્મનું ફલ ભોગવે છે. પ્રશ્ન-એક માણસ ચોરી કરતાંની સાથે ફાંસીના લાકડે લટકાઇને મરી ગયો, અહીં અબાધા-કાલ કઇ રીતે ઘટી શકે? ઉત્તર-ખરી રીતે અહીં પણ ઓછામાં ઓછો અંતર્મુહૂર્ત્ત વિગેરે કાલ ગયા બાદ જ તે ચોરની તેવી સ્થિતિ બને છે. આ વાત કર્મ સ્વરૂપના જાણ-કાર ભવ્ય જીવો જ સ્પષ્ટ સમજી શકે છે. તે વાતના અજાણ જીવોને ચોરની બીના સાંભળીને આશ્ચર્ય ઉપજે એ બનવા જોગ છે. આ કર્મો સ્પષ્ટ, બદ્ધ, નિધત્ત, નિકાચિત સ્વરૂપ-વાળા હોય છે. તેમાં પ્હેલા ત્રણ સ્વરૂપવાળા કર્મો ગીતાર્થ

સદ્‌ગુણી શ્રી ગુરૂમહારાજના કહ્યા મુજબ પ્રાયશ્ચિત્ત વિગેરે શુભ આલંબનના સેવનથી દૂર કરી શકાય છે. પણ નિકાચિત કર્મોની બાબતમાં સાધારણ નિયમ એવો છે કે તે કર્મ બાંધ્યા પ્રમાણે ભોગવવું પડે. અહીં અપવાદ એ છે કે નિયાણાંનો ત્યાગ કરીને ક્ષમા ગુણ રાખીને પરમ ઉલ્લાસથી વિધિ સહિત તપસ્યા કરતાં નિકાચિત કર્મોનો પણ નાશ થઈ શકે છે. વસ્તુસ્થિતિ આમ હોવાથી જ ચૌદમે ગુણઠાણે શુકલ ધ્યાન રૂપ તપથી ઘણાં કર્મોનો નાશ કરીને થોડા ટાઈમે અયોગી ભગવંત સિદ્ધિપદને પામે છે. શ્રી જૈનેન્દ્ર શાસનમાં વિવિધ પ્રકારની તપસ્યાઓ બતાવી છે, તેમાંની કેટલીએક તપસ્યાઓનું વર્ણન શ્રી જ્ઞાતાસૂત્ર અંતગડદશાંગ વિગેરે દ્વાદશાંગી ગણિપિટકના અંગરૂપ ગણાતા સૂત્રોમાં પણ આવે છે. ત્યાં તપસ્યાના છેવટના ફલ રૂપે એ પણ જણાવ્યું છે કે "**जाव सेत्तुंजे सिद्धा**" (આથી એમ પણ સાબીત થાય છે કે ગિરિરાજનું નામ મુખ્ય સૂત્રોમાં પણ વખાણ્યું છે, અને સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરતાં તે વાત અનાદિ કાલીન મૂર્ત્તિપૂજાને પણ સિદ્ધ કરે છે) અહીં (૧) તપસ્યાનો પ્રભાવ, (૨) તપ કરવાની વિશેષ જરૂરીયાત, (૩) તેમાંના વીસ સ્થાનક પદનો પ્રભાવ, (૪) તેની વિધિ, (૫) તે પ્રમાણે આરાધના કરનારને શો લાભ થયો? આ ક્રમે પાંચ બીના જણાવીશું. તેમાં

## તપનું સ્વરૂપ

લઘુ કર્મી ભવ્ય જીવો વધારે પ્રમાણમાં કર્મોની નિર્જરા કરવાને માટે જેની સેવના કરે, તે તપ કહેવાય. નામ,

સ્થાપના, દ્રવ્ય, ભાવથી તપ પદની સંપૂર્ણ વિચારણા કરી શકાય છે. તેમાં ચક્રવર્તી વિગેરે રાજાઓ છ ખંડની સાધના વિગેરે મુદ્દાથી જે તેર અટ્ઠમ કરે, તથા કેટલાએક લક્ષ્મીની ઇચ્છાવાળા અજ્ઞાન જીવો કેસરીઆજી વિગેરે તીર્થાદિ સ્થલે જઈને જે તપ કરે, અને શત્રુનો નાશ કરવાના ઈરાદાથી જે તપ કરાય તે દ્રવ્ય તપ કહેવાય છે. અન્ય મતમાં જણાવેલા ચાંદ્રાયણ વિગેરે તપ પણ દ્રવ્ય તપ કહેવાય. અને નિયાણાની ભાવના વિના તપનું સ્વરૂપ સમજીને શુકલ મુહૂર્ત્તે ગુરૂ મહારાજની પાસે નંદી (નાંદ) ની પાસે વિધિપૂર્વક તપને ઉચ્ચારીને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પરમ ઉલ્લાસથી કેવલ (ફક્ત) કર્મોને ખપાવવાના મુદ્દાથી જે તપ કરાય તે ભાવ તપ કહેવાય. ભાવ તપની આરાધના કરનારા ભવ્ય જીવો એ તપનું સ્વરૂપ ઉપયોગ પૂર્વક વિચારતાં તપની સાધના કરે, તો તે જીવોને આગમ ભાવ નિક્ષેપના અભિપ્રાયે તપ કહેવાય. તથા જે જીવો તપશ્ચર્યા ન કરે અને તપનું સ્વરૂપ ઉપયોગ પૂર્વક વિચારે તેઓ આગમ ભાવ નિક્ષેપના અભિપ્રાયે તપ કહેવાય. આ તપના બાર ભેદ દૃષ્ટાંત સાથે શ્રી ઉપદેશ પ્રાસાદાદિ ગ્રંથોમાં વિસ્તારથી જણાવ્યા છે.

## તપસ્યા કરનારા ભવ્ય જીવોના ગુણો.

પ્રબલ પુણ્યોદયે આવા તપ કરવાનો અવસર મળે છે. તપસ્યાના કરનારા ભવ્ય જીવોએ (૧) ક્ષમા, (૨) ધૈર્ય, (૩) શાંતિ, (૪) થોડી નિદ્રા, (૫) રીતસર આહાર, (૬)

નમ્રતા, (૭) સરલતા, (૮) સંતોષ, (૯) ભોગ તૃષ્ણાનો ત્યાગ, (૧૦) બીજાની નિંદા નહિ કરવી. (૧૧) ગુરૂ ભક્તિ (૧૨) કર્મોને ખપાવવાની જ ભાવના, (૧૩) રાગ દ્વેષની મંદતા, (૧૪) દયા, (૧૫) વિનય-વિવેક, (૧૬) સાંસારિક ફલની ચાહના કરવી નહિ, (૧૭) સહનશીલતા, (૧૮) આરોગ્ય, (૧૯) ક્રિયામાં ઉતાવળ કરવી નહિ. વિગેરે ગુણો ધારણ કરવા જોઇએ. એ રીતે નિર્દોષ તપનું સંપૂર્ણ ભાવ (ખરૂં) ફલ મલી શકે છે.

## તપનો પ્રભાવ.

૧. મોહથી અને બીન સમજણથી બાંધેલાં કર્મો રૂપી પર્વતોનો ચૂરેચૂરો કરવામાં વજ્ર જેવું તપ છે. કામ વાસના રૂપી અગ્નિને ઠારવામાં જલ જેવું તપ છે. ઇંદ્રિયોના સમૂહ રૂપી સર્પને વશ કરવા માટે ગારૂડી મંત્રના જેવું તપ છે. વિવિધ વિઘ્ન રૂપી અંધકારને ભગાડવા માટે સૂર્ય જેવું તપ છે. વિવિધ લબ્ધિ અને સંપદાના લાભ રૂપ વેલડીઓના મૂળીયા જેવું તપ છે. મોક્ષના અને સ્વર્ગના સુખ આપનારૂં તપ છે.

૨. હે ભવ્ય જીવો! હું તમને પૂછું કે, અરણ્યને બાળવામાં દાવાગ્નિ સિવાય બીજો કોઇ સમર્થ છે? દાવાગ્નિને ઓલવવામાં મેઘ સિવાય બીજો કોઇ સમર્થ છે? મેઘને વિખેરી નાંખવામાં પવન સિવાય બીજો કોઇ સમર્થ છે? આના જવાબમાં જેમ ના આવે છે તેવી રીતે ઘણાં

ચીંકણાં એવા કર્મોનો પણ નાશ કરવામાં તપ સિવાય બીજો કોઇ સમર્થ નથી.

૩. તપને કલ્પવૃક્ષના જેવું કહ્યું છે. તેને સંતોષ રૂપી મૂળિયું, શીલ રૂપી ઝીણાં નવા પાંદડાં, અને અભયદાન રૂપી મોટા પાંદડાં છે, તેની ઉપર શ્રદ્ધા રૂપી પાણી સિંચાય છે. તેથી તેનો વિશાલ કુલ બલ ઐશ્વર્ય રૂપી વિસ્તાર (ઘેરાવો) વધે છે. તેને સ્વર્ગાદિકના સુખ રૂપ ફૂલો છે, મોક્ષ રૂપ ફળ છે.

ચરમ તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માએ જ્યારે દીક્ષા લીધી હતી ત્યારે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃ-પર્યવજ્ઞાન એ ચાર જ્ઞાને કરીને સહિત હતા અને તેથી તે તારક પ્રભુ એમ જાણતા હતા કે "હું તમામ કર્મનો ક્ષય કરીને આ જ ભવમાં મોક્ષે જવાનો છું." એવું જાણતા હતા છતાં પણ તે પ્રભુએ અનુપમ ફળને આપનાર વિવિધ પ્રકારનાં ચઉવિહાર તપ કર્યા હતા. અને લગભગ સાડી બાર વર્ષના છદ્મસ્થ પર્યાયમાં ૩૪૯ દિવસ પારણું કરવા તરીકે આહાર કર્યો હતો. આ ઉપરથી જ તપનો મહિમા તથા તે તપ કરવાની જરૂરીયાત સાબીત થાય છે. જેમ અગ્નિના તાપથી અશુદ્ધ ( મેલ વાળું ) સોનું મેલ દૂર થાય ત્યારે ચોખ્ખું ( સ્વચ્છ ) બને છે, તેમ કર્મ રૂપી મેલથી મલિન થએલા આ સંસારી જીવો તપ રૂપી અગ્નિના તાપથી કર્મ રૂપી મેલનો નાશ કરીને પોતાના આત્માને નિર્મલ બનાવે છે. જે વસ્તુ બહુ દૂર છે, અથવા જે વસ્તુ મહા દુઃખે કરી મેળવવી શકાય એવી હોય, તેવી વસ્તુઓ પણ

તપસ્યા કરવાથી મેળવાય (પામી શકાય) છે. કારણ કે તપસ્યાનો અપૂર્વ પ્રભાવ છે.

ઋષભદેવ પ્રભુથી માંડીને મહાવીર સ્વામી સુધીના દરેક તીર્થંકરોએ બાર માસના તપથી માંડીને છ મહિનાના તપ સુધીની તપસ્યા કરી છે, અને તેનો અદ્ભૂત લાભ જાણીને તે તારક દેવાધિદેવોએ ભવ્ય જીવોના હિતને માટે તપ કરવાનું જણાવ્યું છે, કારણ કે તપથી દ્રવ્ય લક્ષ્મી તથા ભાવ લક્ષ્મી એમ બંને પ્રકારની લક્ષ્મી મળે છે. ભવની પરંપરાનો નાશ થાય છે, અનેક પ્રકારનાં રોગો મૂળમાંથી નાશ પામે છે. ઇષ્ટ પદાર્થો પણ મળે છે, દેવતાઓ પણ તપના પ્રભાવથી આકર્ષાય છે, મદદ કરે છે. વંદન પૂજન કરે છે. વળી તપસ્યા કરવાથી કામ વિકારોનું તોફાન શાંત થઇ જાય છે. આ વાતને લક્ષ્યમાં રાખીને મોક્ષની ઇચ્છાવાળા ભવ્ય જીવોએ જરૂર તપનું સેવન કરવું જોઇએ. અને એમ કરવાથી જ અસાર દેહમાંથી સાર ગ્રહણ કર્યો કહેવાય. દેહનો સ્વભાવ સૂકાવાનો છે જ. તપથી સૂકાય એમાં એકાંત લાભ જ છે, તેમ ન કરીએ તો રોગથી સૂકાય, એમાં જરા પણ લાભ નથી. તપથી ભાવી રોગ પણ જરૂર અટકી જાય છે.

શ્રી ઋષભદેવ પ્રભુએ ઉત્કૃષ્ટ એક વર્ષ સુધી તથા શ્રી વર્ધમાન સ્વામીએ ઉત્કૃષ્ટ છ માસ સુધી અને વચલા બાવીશ તીર્થંકર દેવોએ ઉત્કૃષ્ટ ૮ માસ સુધી અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવા રૂપ

તપ કર્યો હતો. અને પ્રમાદનો ત્યાગ કરીને તપ સહિત સંયમનું પણ નિર્મલ સાત્ત્વિક આરાધન કર્યું હતું. આવી શુભ ભાવનાથી આત્માર્થી ભવ્ય જીવોએ પોતાની શક્તિના પ્રમાણમાં જરૂર તપસ્યા કરવી જ જોઇએ. પરમતારક તીર્થંકર દેવોએ ભવ્ય જીવોના હિતને માટે છ પ્રકારનો બાહ્ય તપ અને છ પ્રકારનો અભ્યંતર તપ કહ્યો છે. તેમાં ૧ અનશન, ૨ ઊણોદરિકા, ૩ વૃત્તિ સંક્ષેપ, ૪ રસત્યાગ, ૫ કાયકલેશ અને ૬ કાય સંલીનતા એ નામથી છ પ્રકારનો બાહ્ય તપ જાણવો અને ૧ પ્રાયશ્ચિત્ત,૨ વિનય, ૩ વયાવૃત્ય, ૪ સ્વાધ્યાય, ૫ ધ્યાન અને ૬ કાયોત્સર્ગ એ પ્રમાણે છ પ્રકારનો અભ્યન્તર તપ જાણવો. તેમાં છ પ્રકારનો બાહ્ય તપ તે વિનયાદિક અભ્યન્તર તપની પુષ્ટિને માટે ભગવંતે કહ્યો છે. માટે બાહ્ય તપનું સેવન કરતાં પણ વિનયાદિક અભ્યન્તર તપોગુણની પુષ્ટિ થાય તે તરફ ધ્યાન રાખવાની ખાસ જરૂર છે.

## તપસ્યા કરનારનાં દૃષ્ટાંતો.

તપ વડે સુવર્ણ પુરૂષાદિક ઇષ્ટ પદાર્થોનો લાભ થાય છે અહીં નાગાર્જુનનું દૃષ્ટાંત જાણવું. તપ વડે ચિલાતીપુત્રાદિકના દૃષ્ટાંતે ભવ સંતતિનો પણ ક્ષય થાય છે. તપનો પ્રભાવ ખરેખર અચિન્ત્ય છે. જુઓ–આયંબિલ તપથી શ્રી સિદ્ધચક્રનું (નવપદનું) આરાધન કરવાના પ્રભાવે શ્રીપાલ મહારાજાનો કોઢ રોગ નાશ પામ્યો અને શરીર સોના જેવું બની ગયું, તેમજ પિતાનું ગએલું રાજ્ય ફરીથી મળ્યું, તથા બીજી પણ અનેક પ્રકારની ઋદ્ધિઓ પામ્યા. તેમની સાથે

રહેનારા સાતસેં કોઢીયાઓનો રોગ પણ તે તપથી નાશ પામ્યો. બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા, બાળહત્યા અને ગૌહત્યા જેવી ભયંકર ગણાતી હત્યાઓના કરનાર દૃઢપ્રહારી જેવા જીવો પણ તપના પ્રભાવથી ઘોર કર્મનો ક્ષય કરી સદ્ગતિના સુખને પામ્યા છે. જેની યાદવ કુમારોએ અપભ્રાજના કરી હતી તે દ્વૈપાયન ઋષિ મરીને દેવ થયો હતો તે પણ આયંબિલ તપ કરનાર દ્વારિકા નગરીના લોકોને બાર વર્ષ સુધી કોઈ પણ પ્રકારનો ઉપસર્ગ કરી શકયો જ નહિ. તે લોકો જ્યારે તપ કરવામાં મંદ પરિણામી (આળસુ) થયા, ત્યારે જ ઉપ-સર્ગો પ્રગટ થયા, અને તેમાં દ્વૈપાયન દેવ ફાવી ગયો. ચક્ર-વર્ત્તી રાજાઓ અઠ્ઠમ તપના પ્રભાવે માગધ, વરદામ વગેરે તીર્થોના અધિષ્ઠાયક દેવોને જીતી (વશ કરી) શકે છે. હરિ-કેશીબલ મુનિના તપના પ્રભાવથી દેવતાઓ પણ આકર્ષાયા હતા. એટલે તપના પ્રભાવથી આકર્ષાઇને દેવો પણ તપસ્વી જનોના દાસ બની તેમની સેવામાં હાજર રહે છે. કુગ્રહ પીડાને હઠાવનારી તથા દુર્નિમિત્તાદિકનો ક્ષય કરનારી અને સુખ સંપત્તિઓને મેળવી આપનારી તપસ્યા ખરેખર અપૂર્વ ભાવ મંગળ રૂપ છે, એમ શ્રી જૈનેન્દ્રાગમમાં કહ્યું છે.

જ્યાં સુધી રસનેન્દ્રિય (જીભ) મારફત આ દેહને પુષ્કળ અન્નપાણી મળ્યા કરે છે ત્યાં સુધી જીવોનાં આકરાં કર્મો રૂપી લુંટારાઓ આ શરીર રૂપી કિલ્લાને છોડીને જતા નથી, તેથી પરિણામે રાગાદિક ભાવશત્રુઓ મજબૂત બને છે. આ જ ઇરાદાથી પ્રભુએ અનશન, ઉણોદરી વગેરે બાહ્ય તપ કરવા ફરમાવ્યું છે. તેમજ શીલવંત ભવ્ય જીવોએ સ્નિગ્ધ માદક

આહાર તેમજ જરૂર કરતાં વધારે લુખ્ખો આહાર પણ નજ ખાવો જોઇએ. ઇન્દ્રિયો રૂપી દર (બીલ) વડે, વાંછા રૂપી પવનનું ભક્ષણ કરી ચિત્ત રૂપી કરંડીયામાં રહેનારા રાગાદિક દોષ રૂપ સર્પો સંસારી જીવોને બહુજ હેરાન કરે છે. પરંતુ જો તેમને ભૂખ્યા રાખવામાં આવે એટલે પરમ ઉલ્લાસથી વિધિ પૂર્વક તપસ્યા કરવામાં આવે તો થોડા જ વખતમાં તેઓ નાશ પામે છે અને તેથી પૂર્વે નહિ અનુભવેલું અતિ અદ્‌ભૂત સુખ પ્રગટ થાય છે. આથી સાબીત થાય છે કે તપસ્યા કરવાથી ઇન્દ્રિયોને વશ કરી શકાય છે, અને રાગાદિ દોષોને પણ જરૂર દૂર કરી શકાય છે.

## તપસ્યાના આરાધનને અંગે જરૂરી બીના.

તપ કરતાં વચમાં જો પર્વ તિથિનો તપ આવે તો મોટા તપને રાખી મૂકીને તે પર્વ તિથિનો તપ જરૂર કરવો. ચાલતો આવતો મોટો તપ પછીથો કરવો. વળી એક તપ ચાલતો હોય, ત્યાં વચમાં બીજો તપ કરવાનો આવે, તો જે તપ મોટો હોય તે કરવો, અને બાકી રહેલો લઘુ તપ પછીથી (મોટો તપ પૂરો થયા બાદ) કરવો. (અથવા કોઇ તપ એકાસણે કરવા માંડયો હોય તેમાં બીજા કોઈ તપનો ઉપવાસ કરવાનો આવે તો તે વખતે ઉપવાસ કરવો. એકાસણું પછી કરી આપવું. ભૂલી જવું વિગેરે કારણને લઇને તપ ભાંગ્યો હોય તો તેની તે તપમાં જ આલોયણ લઇ લેવી, અથવા પછીથી તે સંબંધી તપ કરવો. અનુક્રમવાળા વર્ષીતપ વિગેરે તપમાં ઘણું કરીને તિથિનો ક્રમ ગણાતો

નહિ એટલે કદાચ તિથિએ ખાવાનું આવે અને વગર તિથિએ ઉપવાસાદિ આવે, તો પણ ચાલુ ક્રમ તરફ લક્ષ્ય રાખીને તપ કરવો.

તિથિની મુખ્યતાવાળા તપમાં સૂર્યોદય વેળાની તિથિ લેવી. તિથિનો ક્ષય હોય તો પ્હેલાની તિથિ લેવી અને તિથિની વૃદ્ધિ હોય તો બેમાં બીજી તિથિ લેવી. ૧ જે દિવસે તપ શરૂ કરવાની ઈચ્છા હોય, તે દિવસે 'નિર્વિઘ્નપણે તપ પૂરો થાય' આ મુદ્દાથી સવારે અષ્ટપ્રકારી પૂજા કરવી. સુપાત્રદાન, સંઘપૂજા વિગેરે મંગલ કાર્યો જરૂર કરવા જોઇએ. ૨ અમુક અમુક મોટા સૂત્રોના યોગોદ્વહનની ક્રિયામાં તથા મોટા ઉપધાનમાં પ્રવેશ કરતાં અને વીસસ્થાનક વિગેરે તપની શરૂઆતમાં વિસ્તાર (મોટી) નંદીની સ્થાપના કરવી. બીજા કેટલાએક તપની શરૂઆતમાં લઘુ નંદીથી ક્રિયા કરાય છે. ૩ પ્રતિષ્ઠામાં તથા દીક્ષામાં જે કાળ તજ્યો છે, તે કાળ છમાસી તપમાં, વર્ષીતપમાં, તથા એક માસ કરતાં વધારે વખતના તપની શરૂઆતમાં પણ તજવો. ૪ શુભ મુહૂર્ત્તે તપની શરૂઆત થઈ ગયા પછી પખવાડીયુ, મહિનો, દિવસ કે વરસ અશુભ આવે, તો પણ વાંધો નથી. ૫ પ્હેલા વિહારમાં, તપની નંદીમાં, આલોયણમાં મૃદુ નક્ષત્રો (મૃગશીર, ચિત્રા, અનુરાધા, રેવતી) ધ્રુવ નક્ષત્રો (રોહિણી, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદા, ઉત્તરા ફાલ્ગુની) ચર નક્ષત્રો (પુનર્વસુ, સ્વાતિ, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા) ક્ષિપ્ર નક્ષત્રો (અશ્વિની, પુષ્ય, હસ્ત, અભિજિત્) શુભ (લેવા સારા) છે, તથા મંગળ અને શનિ સિવાયના વાર લેવા. ૬ જે વર્ષમાં

ચૈત્ર માસ અધિક હોય ત્યારે કલ્યાણક વિગેરે તપ પ્હેલા ચૈત્રના કૃષ્ણ પક્ષમાં તથા બીજા ચૈત્રના શુકલ પક્ષમાં કરવો. ભાદરવા માસની વૃદ્ધિ હોય, ત્યારે પણ એમ કરવું. ૭ છઠ્ઠ છઠ્ઠ કરવાની ભાવનાથી ૨૨૯ છઠ્ઠવાળો તપ ઉચ્ચર્યો હોય, તો તે છઠ્ઠ છઠ્ઠે જ કરી શકાય. કારણે એકાંતરા ઉપવાસ કરી શકાય નહિ. ૮ આસોની અને ચૈત્રની ઓળીના અસજ્ઝાયના દિવસો પૈકી પ્હેલા ત્રણ દિવસમાં કરેલા ઉપવાસ વીસસ્થાનકની ઓળીમાં ગણવા નહિ.

૯ એ બંને ઓળીના પ્હેલા ત્રણ દિવસોમાં કરેલો તપ આલોચનામાં ગણવો નહિ, પણ જે તપમાં ભૂલ થાય તે આખો તપ ફરીથી શરૂ કરવો પડે. આવા આગાઢ તપમાં અને રોહિણી તપમાં તે ત્રણ દિનનો તપ ગણી શકાય છે, પરંતુ બીજા તપમાં ન ગણાય.

૧૦ અસ્વાધ્યાયના (અડચણના) ત્રણ દિવસોમાં કરેલો તપ વીસસ્થાનક તપમાં અને અષ્ટકર્મ સૂદન તપમાં ન ગણાય, પણ આંબિલ વર્ધમાન તપમાં પરંપરાથી ગણાય છે. ૧૧ કોઈ ભવ્ય જીવ મહાવીર સ્વામીના છટ્ઠનો તપ કરતો હોય, તેને અલગ છઠ્ઠ કરવાની શક્તિ ન હોય, તો તે પાખીનો છઠ્ઠ કરી મહાવીર સ્વામીના છટ્ઠમાં ઉમેરી શકે, અને તેણે પાક્ષિક તપ જલ્દી પૂરો કરી આપવો જોઇએ. ૧૨ મહાવીર સ્વામીના છટ્ઠના પારણે યથાશક્તિ તપ કરવો. બેસણાંનો નિયમ નથી.

૧૩ અષ્ટકર્મ સૂદન તપ ઉપવાસ કરવાની શક્તિ ન હોય તો આંબિલથી પણ થઇ શકે. ( આ ઉત્તર ૧૫૮ ઉત્તર

પ્રકૃતિને ઉદ્દેશીને કરાતા તપને માટે સંભવે છે. ) ૧૪ એક માણસ પ્હેલે દિવસે ચોવિહાર ઉપવાસ કરી બીજે દિવસે તિવિહાર ઉપવાસ કરે. આ રીતના બે ઉપવાસને આલોચનામાં છઠ્ઠ તરીકે ગણી શકાય છે, પરંતુ તે મહાવીર સ્વામીના છઠ્ઠ તપમાં ન ગણાય. ૧૫ પ્હેલા દિવસે ચોવિહાર ઉપવાસ કરનારા ભવ્ય જીવો બીજે દિવસે પ્હેલાના ઉપવાસને ગણીને છઠ્ઠનું કે અઠ્ઠમનું પચ્ચખ્ખાણ લઈ શકે નહિ. જે દિવસે છઠ્ઠ વિગેરેનું પચ્ચખ્ખાણ લીધું હોય તેજ દિવસના ઉપવાસથી તે લીધેલા તપના પચ્ચખ્ખાણની શરૂઆત ગણાય. પાછલો તપ ન ગણવો. ૧૬ આઠમ તપ રોહિણી તપ વિગેરે ઉચ્ચર્યા હોય, તેમાંના બે તપ એક દિવસે કરવાના આવે, ત્યારે છઠ્ઠ કરવાની શકિત ન હોય તો જે તપ પ્હેલો આવે, તે કરવો, પછવાડેનો તપ પછી કરી આપવો. ૧૭ મોહનીય કર્મ સંબંધી ૨૮ અઠ્ઠમ કરતાં વચ્ચે તિથિ સંબંધી તપ કે રોહિણી આવે તો ચાલતા તપથી ચાલી શકે.

## દરેક તપમાં કરવાનો સામાન્ય વિધિ.

૧ બે ટંક પ્રતિક્રમણ કરવું, ૨ ત્રણ ટંક દેવવંદન વિધિ પૂર્વક કરવું, ૩ બે ટંક પડિલેહણ કરવું, ૪ વિધિ પૂર્વક પચ્ચખ્ખાણ કરવું તથા પારવું, ૫ જિનેશ્વર દેવની પૂજા ભકિત કરવી, ૬ ગુરૂ વંદન કરવું, તથા તેમની પાસે પચ્ચચ્ખાણ લેવું, ૭ જ્ઞાનની પૂજા ભકિત કરવી. ૮ પ્રભુ પાસે બતાવેલ સંખ્યા પ્રમાણે અક્ષત ( ચોખા ) વડે સાથીયા કરી તેની ઉપર યથાશક્તિ ફળ નૈવેદ્ય ચડાવવું, ૯ દરેક

તપમાં બતાવેલું ગુણણું ૨૦ નવકાર વાળી પ્રમાણ ગણવું, ૧૦ બતાવેલી સંખ્યા પ્રમાણે ખમાસમણ દેવાં. ૧૧ બતાવેલી સંખ્યા પ્રમાણે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો, ૧૨ જ્યાં જ્યાં ગુરૂ પૂજા કહી હોય ત્યાં ત્યાં ગુરૂ પાસે સ્વસ્તિક કરી તે ઉપર યથાશક્તિ દ્રવ્ય મૂકવું અને ગુરૂવંદને કરી તેમનો વાસક્ષેપ લેવો, ૧૩ તપસ્યાને દિવસે સજ્ઝાય ધ્યાન-ભણવું ગણવું વિશેષે કરવું, ૧૪ બ્રહ્મચર્ય પાળવું, ભૂમિશયન કરવું, ૧૫ સાધુ સાધ્વીની વૈયાવચ્ચ કરવી, ૧૬ તપને પારણે યથાશક્તિ સ્વામી વાત્સલ્ય કરવું, વધારે ન બને તો યથાશક્તિ એક બે ચાર વિગેરે સંખ્યામાં સમાન તપ કરનાર શ્રાવક અથવા શ્રાવિકાને જમાડવા, ૧૭ મોટા મોટા તપને અંતે અથવા મધ્યમાં તેનું મહોત્સવ પૂર્વક ઉજમણું કરવું. સામાન્ય તપોમાં લખ્યા પ્રમાણે ઉદ્યાપન એટલે ઉજમણું કરવું. ૧૮ ગૌતમ પડઘો, ચંદનબાળાનો અઠ્ઠમ, ક્ષીર સાગરના સાત ઉપવાસ વિગેરે તપમાં જે દ્રવ્ય ગુરૂની આગળ ગુરૂ પૂજન તરીકે મૂકવાનું હોય તે ગુરૂને આપવાનું નથી પણ તે સાધુ સાધ્વીના વૈયાવચ્ચાદિ કાર્યમાં વાપરવાનો વ્યવહાર છે. આવા તપોમાં ગુરૂને આપવાની જે પ્રવૃત્તિ કોઇ કોઇ સ્થાનકે થએલી છે તે યતિ વિગેરેના સમાગમથી થએલી જણાય છે તે દૂર કરવી, ૧૯ દરેક તપમાં પાણી વાપરવું હોય તો તે અચિત્ત પાણી જ સમજવું, ૨૦ રાત્રીએ તો દરેક તપમાં ચોવિહાર જ સમજવો, ૨૧ કોઈ પણ તપ સાંસારિક–પૌદ્ગલિક પદાર્થોની આશાથી ન કરવો. ૨૨ કષાયનો જેમ બને તેમ વિશેષ રોધ કરવો. ક્ષમા સહિત તપ

કરવામાં આવે તે જ પૂર્ણ ફળદાયક થાય છે એટલું ધ્યાનમાં રાખવું.

એ પ્રમાણે ટૂંકામાં તપની બીના જણાવીને હવે વીસ-સ્થાનક તપને અંગે જણાવીએ છીએ.

સામાચારી પ્રકરણ, તપો રત્ન મહોદધિ વિગેરે ઘણાં ગ્રંથોમાં વિવિધ પ્રકારના તપના ભેદો જણાવ્યા છે. તેમાં જિન નામ કર્મનો નિકાચિત બંધ આ તપની સાધનાથી થઇ શકે છે વર્ત્તમાન ચોવીશીના પ્રભુ શ્રી ઋષભદેવે અને શાસનાધીશ પ્રભુ શ્રી મહાવીર દેવે વીસે સ્થાનકોની સાધના કરી હતી. વચલા બાવીશ તીર્થંકર દેવોએ ઓછા વધતા (એક બે ત્રણ વિગેરે) સ્થાનકોની સાધના કરી હતી. હાલ પણ ઘણાં પુણ્યશાલી જીવો યથાશક્તિ વિધિ પૂર્વક વીસે પદની આરાધના કરે છે. તે વીસે પદોનાં નામ તથા સ્વરૂપ ટૂંકામાં આ પ્રમાણે જાણવું.

૧ શ્રી અરિહંત પદ, ૨ શ્રી સિદ્ધ પદ, ૩ શ્રી પ્રવચન પદ, ૪ શ્રી આચાર્ય પદ, ૫ શ્રી સ્થવિર પદ, ૬ શ્રી ઉપાધ્યાય પદ, ૭ શ્રી સાધુ પદ, ૮ શ્રી જ્ઞાન પદ, ૯ શ્રી દર્શન પદ, ૧૦ શ્રી વિનય પદ, ૧૧ શ્રી ચારિત્ર પદ, ૧૨ શ્રી બ્રહ્મચર્ય પદ, ૧૩ શ્રી ક્રિયા પદ, ૧૪ શ્રી તપ પદ, ૧૫ શ્રી ગૌતમ પદ, ૧૬ શ્રી જિન પદ, ૧૭ શ્રી સંયમ પદ, ૧૮ શ્રી અભિનવ જ્ઞાન પદ, ૧૯ શ્રી શ્રુત પદ, ૨૦ શ્રી તીર્થ પદ.

**૧ શ્રી અરિહંત પદ**–' અરિ ' એટલે રાગ દ્વેષાદિક જે

અંતરંગ શત્રુઓ તેમને 'હંત' એટલે હણનાર. જેમણે રાગ દ્વેષાદિક શત્રુઓનો નાશ કર્યો છે તે અરિહંત અથવા વિચરતા તીર્થંકર કહેવાય. એટલે જેમણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન, કેવળ દર્શન મેળવ્યું છે, પરંતુ હજી જેમનાં નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્ય એ ચાર અઘાતી કર્મ નાશ પામેલ નથી તે તેરમા સયોગી કેવલી ગુણસ્થાને રહેલા અરિહંત અથવા તીર્થંકર કહેવાય. આ અરિહંત પ્રભુ પાછલા ભવમાં "સવિ જીવ કરૂં શાસન રસી" એવી ઉત્તમ ભાવના રૂપ ભાવ દયાના પરિણામથી નિર્મળ સંયમાદિને સાધીને તીર્થંકર નામ કર્મને બાંધે છે. તીર્થંકરના ભવથી પાછલા ત્રીજા ભવમાં શ્રી અરિહંતાદિ સ્થાનક વિગેરેને સાધીને જિન નામને નિકાચિત કરે છે. આ ભવનું આયુષ્ય પૂર્ણ થયા બાદ વૈમાનિક દેવલોકમાં કે નરકમાં જાય છે. (અહીં જેમણે પ્હેલાં-મિથ્યાદષ્ટિ પણામાં નરકાયુષ્ય બાંધ્યું છે. અને પછીથી સમ્યકત્વ ગુણને પામીને તીર્થંકર નામ કર્મ બાંધે તો તેઓ પ્હેલી ત્રણ નરકમાંથી આવીને તીર્થંકર થઇ શકે છે) ત્યાંથી મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન સાથે મનુષ્યપણે ઉપજે છે, ત્યાં અવસરે સકલ ભોગ સામગ્રીનો ત્યાગ કરી વાર્ષિક દાન દઇને દીક્ષા ગ્રહણ કરે. દીક્ષા લે તે જ વખતે ચોથું મનઃ-પર્યવ જ્ઞાન ઉપજે. ત્યાર પછી અપ્રમત્ત ભાવે દીક્ષા પાળીને આકરી તપસ્યા કરીને ચાર ઘાતી કર્મ ખપાવી તેરમે ગુણ સ્થાનકે આવે ત્યારે તેઓ અરિહંત કહેવાય. તેમને બંધમાં

સાતા વેદનીય, ઉદયમાં ૪૨ પ્રકૃતિ અને સત્તામાં ૮૫ પ્રકૃતિઓ હોય છે. કેવલજ્ઞાન પામે ત્યારે શ્રી અરિહંત પ્રભુ દેવતાઓએ રચેલા સમવસરણમાં બીરાજી ભવ્ય જીવોને ધર્મોપદેશ આપે છે. આવી અરિહંત ભગવાનની પદવી તમામ પદવીઓ કરતાં શ્રેષ્ઠ હોવાથી અવશ્ય આરાધવા યોગ્ય છે. આ અરિહંત પદ પંચ પરમેષ્ઠીમાં પ્રથમ છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે નિક્ષેપે અરિહંત પદની વિચારણા કરાય છે. વિશેષ બીના સ્પષ્ટાર્થ સહિત શ્રી સિદ્ધ પૂજામાંથી જાણવી; જૈ. સ. પ્ર૦ માસિકના 'શ્રી તીર્થંકર પદ આ નામના લેખમાં તીર્થંકર પદનું સ્વરૂપ વિસ્તારથી જણાવ્યું છે.

૨ સિદ્ધપદ—જેમણે આઠે પ્રકારનાં કર્મોનો સંપૂર્ણ ક્ષય કર્યો છે. તેથી જેમની સઘળી ઉપાધિઓ નાશ પામી છે અને અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત વીર્ય વગેરે આત્માની અનંતી શક્તિઓ પ્રાપ્ત કરી છે જ્યાં જન્મ, જરા મરણાદિક કોઈ જાતનાં દુઃખો નથી એવી અક્ષય અવિનાશી અવ્યાબાધ મોક્ષની સંપત્તિ જેમણે મેળવી છે તે સિદ્ધ પરમાત્માઓનું ધ્યાન આ સિદ્ધ પદથી થઇ શકે છે. આ પદ પરમ નિર્મળ છે. અરિહંત થઇને અથવા સામાન્ય કેવલી થઇને આ સિદ્ધ દશા મેળવાય છે. આગમથી અને નોઆગમથી તથા નામાદિ નિક્ષેપે સિદ્ધ પદનો સંપૂર્ણ વિચાર શ્રી પ્રાકૃતસ્તોત્ર પ્રકાશમાં અને શ્રી સિદ્ધપૂજામાં જણાવ્યો છે આ પદની વિચારણા કરવાથી રૂપાતીત દશા પામી શકાય છે.

**૩ શ્રી પ્રવચન પદ**—તીર્થંકર ભગવાનની આજ્ઞામાં વર્તનારા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ જે ચતુર્વિધ સંઘ તે પ્રવચન કહેવાય. આ સંઘ પણ તીર્થંકર ભગવાનની જેમ સેવવા યોગ્ય છે, કારણ કે તીર્થંકર ભગવાન પણ દેશના આપતી વખતે શરૂઆતમાં 'નમો તિત્થસ્સ' એમ કહે છે, એટલે તિત્થ પદથી સંઘને નમસ્કાર કરે છે એમ જાણવું. આ રીતે તીર્થંકરને પણ માનવા લાયક એવા સંઘની શાસન રસિક જીવોએ જરૂર પરમ ઉલ્લાસથી ભક્તિ કરવી જોઈએ આ શ્રી સંઘ અનેક સદ્ગુણી આત્માઓના સમુદાય રૂપ હોવાથી તે અનંત ગુણ રૂપ રત્નોનો ભંડાર કહેવાય છે. મંત્રી વસ્તુપાલાદિના દૃષ્ટાંતે આવા શ્રી સંઘનું અથવા પ્રવચનનું અવશ્ય આરાધન કરવાથી જિનનામ કર્મનો અને બીજી પણ પુણ્ય પ્રકૃતિઓનો બંધ થાય છે, અને પાપકર્મોનો નાશ થાય છે. વિશેષ બીના દેશનાચિંતામણિમાં જણાવી છે.

**૪ શ્રી આચાર્યપદ**—પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ, નવ પ્રકારે બ્રહ્મચર્ય પાલન, ચાર કષાયનો જય, પાંચ મહાવ્રતનું પાલન, પાંચ પ્રકારના આચારનું પાલન, તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન એ પ્રમાણે છત્રીસ ગુણોથી અથવા એવા છત્રીસ પ્રકારે છત્રીશ છત્રીશ ગુણોના સમુદાયથી જેઓ શોભી રહ્યા છે, જેઓ સકલ શાસ્ત્રના પારગામી છે, એવા સાધુઓમાં અગ્રેસર રાજા સરખા તે આચાર્ય ભગવાન જૈન શાસનને દીપાવનારા છે. તેથી ભવ્ય જીવોએ પરમ ઉલ્લાસથી શ્રી આચાર્યપદની સેવના કરીને નિકાચિત જિનનામ કર્મનો

પ્રશસ્ત બંધ કરવો. અહીં નામાદિ નિક્ષેપે આચાર્ય પદની ભાવના વિગેરે બીના શ્રી સિદ્ધચક્ર પૂજામાં જણાવી છે.

**૫ સ્થવિરપદ**—નિર્મળ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક ગુણોનું સારી રીતે સેવન કરવાથી જેઓએ પોતાના આત્માને સંયમ ધર્મમાં સ્થિર કર્યો છે. અને ઉત્તમ પ્રકારની ક્ષમા, સરળતા, મૃદુતા વગેરે ગુણો વડે જેઓ અન્ય સાધુઓને જરૂર પડતી મદદ આપનાર ૬૦ વર્ષની ઉંમરના વયઃસ્થવિર, ૨૦ વર્ષના દીક્ષિત પર્યાય સ્થવિર, સ્થાનાંગ સૂત્રાદિના જાણકાર શ્રુત સ્થવિર કહેવાય છે. સંયમ માર્ગમાં સ્થિર (મજબૂત) કરનાર આવા સ્થવિર સાધુઓ જૈન શાસનને દીપાવનાર હોવાથી ભવ્ય જીવોએ તેમની પરમ ઉલ્લાસથી સેવના કરીને તીર્થંકર પદની ઋદ્ધિ મેળવવી.

**૬ શ્રી ઉપાધ્યાય પદ**—નિર્મળ શાસ્ત્રબોધ સહિત શુદ્ધ ચારિત્ર પાળવામાં સદાય સાવધાન રહી, કેવળ ઉપકાર દૃષ્ટિથી સાધુ સમુદાયને સૂત્ર વાચનાદિ સાધનોથી સહાય આપી જડ બુદ્ધિવાળા શિષ્યોને પણ જેઓ સુશિક્ષિત કરે છે, અને ઉત્તમ પ્રકારની રહેણી કરણી વડે શિષ્યોને સુવિનીત બનાવે છે તેવા, આચાર્યને ગચ્છને તથા સંઘને સહાયક શ્રી ઉપાધ્યાય મહારાજા આત્માર્થી જીવોને સદા સેવવા યોગ્ય છે. વિશેષ બીના સિદ્ધચક્ર પૂજામાંથી જાણવી.

**૭ શ્રી સાધુપદ**—સંસારનાં સુખોની અસારતા જાણીને, જન્મ મરણનાં અનંત દુઃખથી કંટાળી સંસારની રખડપટ્ટી દૂર કરવા અને શાશ્વત એવું મોક્ષસુખ પામીને

પરમ શાંતિ મેળવવા માટે જેઓએ ચારિત્ર ગ્રહણ કર્યું છે અને જેઓ નિર્મળ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ રત્નત્રયીનું શુભ ભાવે આરાધન કરે છે. સદ્‌ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલે છે, અને બીજા આત્માર્થી જીવોને યથાશક્તિ સહાય આપીને સન્માર્ગમાં લાવે છે. આવા સાધુજનો સ્વપર ઉપકારક હોવાથી ભવ્ય જીવોએ તેમની જરૂર સેવના કરીને આત્મહિત કરવું. વિશેષ બીના શ્રી સિદ્ધચક્ર પૂજામાંથી જાણવી.

૮ **શ્રી જ્ઞાનપદ**—જેનાથી સ્વ અને પરને, જીવ અને અજીવને અથવા જડ અને ચૈતન્યને, હિતને અને અહિતને, ભક્ષ્ય (ખાવા લાયક) અને અભક્ષ્ય (નહિ ખાવા લાયક) ને, કર્તવ્ય (કરવા લાયક) અને અકર્તવ્ય (નહિ કરવા લાયક) ને ઓળખી શકાય. વળી જેનાથી અનાદિ કાળનાં અજ્ઞાન, અવિદ્યા અથવા જડતા ટાળી શકાય. સ્વઘટમાં વિવેક રૂપી દીવો પ્રગટ થવાથી આત્મ સ્વરૂપ સમજી શકાય. આવું સ્યાદ્વાદ શૈલીને અનુસરતું જ્ઞાન અત્યંત ઉપકારી હોવાથી ભવ્ય જીવોએ અવશ્ય તેની પરમ ઉલ્લાસથી આરાધના કરીને આત્મહિત કરવું. વિશેષ બીના શ્રી સિદ્ધચક્ર પૂજામાં જણાવી છે.

૯ **શ્રી દર્શનપદ**—શ્રી સર્વજ્ઞ ભગવંતોએ કહેલા જીવ અજીવ વગેરે નવ તત્ત્વો, તથા ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્યો, સપ્તભંગી, સપ્તનય, ચાર નિક્ષેપા વિગેરે સર્વ ભાવોને સાચા માનવા તે સમ્યગ્ દર્શન કહેવાય. તે સંયમાદિક તમામ

ઉત્તમ ગુણ રૂપ મ્હેલના પાયારૂપ છે. તથા જેમ એકડા વગરનાં મીંડાં નકામાં છે તેમ તેના વગર કરેલી ક્રિયા કાંઇ ફળ આપતી નથી અને ક્લેશ રૂપ ગણાય છે, એટલે આત્માનું કલ્યાણ કરી શકતી નથી. તે દર્શનપદની વિશેષ બીના શ્રી સિદ્ધચક્ર પૂજામાં વિસ્તારથી જણાવી છે, તે પ્રમાણે વિચારી તેની આરાધના કરવી. અહીં દર્શનપદથી સમ્યગ્દર્શન જાણવું. આનું સ્વરૂપ સારી રીતે સમજવામાં અને તેને ટકાવવાને માટે તેના ૬૭ બોલોનું સ્વરૂપ ગુરૂગમથી જરૂર સમજવું જોઇએ.

૧૦ **વિનયપદ**—જેના વડે રાગ દ્વેષાદિક દુશ્મન માત્ર મૂળથી દૂર થઇ જાય તે વિનય કહેવાય છે. ત્રણ ગુણી પ્રત્યે મૃદુતા રાખી આત્મામાં ઉત્તમ ગુણ પ્રગટ કરવા માટે સદ્ગુણીને દેખી કે સાંભળીને મનમાં આનંદિત થવું તથા તેવા સદ્ગુણીની યથાશક્તિ ભક્તિ, બહુમાન, ગુણસ્તુતિ કરી આપણે પણ તેમના જેવા થવા ઇચ્છા રાખવી. વળી સદ્ગુણીનો વારંવાર પરિચય રાખવો, સાધુ પુરૂષોના નજીવા અવગુણો ઉઘાડા પાડી તેમની વગોવણી કરવી નહિ. તેમની આશાતનાથી દૂર રહેવું. વિનય વડેજ વિદ્યા શોભે છે. વિનયને સઘળા ગુણોમાં મોટો કહ્યો છે, માટે તમામ ગુણોમાં સાર રૂપ વિનય ગુણની સેવનાથી મને જિનનામ કર્મનો બંધ થાવ, એવી સદ્ભાવના રાખવી અને વિનય ગુણ ધારણ કરીને બીજાને વિનયવંત બનાવીને વિનયવાળા જીવોની અનુમોદના કરવી.

**૧૧ શ્રી ચારિત્રપદ**—જેનું સારી રીતે પાલન કરવાથી કર્મમળથી મુક્ત થઇને શુદ્ધ નિર્મળ આત્માનું સ્વાભાવિક સુખ મેળવી શકાય છે, તેવા ચારિત્ર પદને ઇન્દ્ર વગેરે દેવો પણ નમસ્કાર કરે છે. અનંતાનુબંધી આદિ કષાયોનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી આ ચારિત્ર-ગુણ પ્રગટે છે. ઉત્તમ પ્રકારની ક્ષમા રાખવી એ ચારિત્રનું ખરૂં રહસ્ય છે. આ ચારિત્રનું શુદ્ધ પાલન કરવાથી આસન્નસિદ્ધિક ભવ્ય જીવો સંસાર સમુદ્રને તરી જાય છે. આનું વિશેષ સ્વરૂપ શ્રી સિદ્ધચક્ર પૂજામાંથી જાણવું. આ પદની યથાર્થ સેવના કરવાથી જિનનામ કર્મનો પણ બંધ થાય છે.

**૧૨ બ્રહ્મચર્ય પદ**—જેથી આત્મગુણ રમણતાનો અથવા નિર્મલ ચારિત્ર ગુણનો લાભ થાય, તથા અનેક પ્રકારની વિષયાસક્તિ દૂર થાય તે બ્રહ્મચર્ય પદનું ખરૂં રહસ્ય છે. તે ગુણ ઇંદ્રાદિ દેવોને પણ વંદન કરવા લાયક છે. મન વચન કાયાથી નિર્મલ બ્રહ્મચર્ય પાળનાર ભવ્ય જીવો જરૂર ભવ સમુદ્રનો પાર પામે છે. બીજાં પુણ્ય કાર્યોને કરનાર ભવ્ય જીવો બ્રહ્મચર્ય પાળનાર પુણ્યશાલી જીવોની સરખામણીમાં આવી શકતા નથી. જે બ્રહ્મચર્યનું ઉત્તમ પાલન કરનાર તરીકે વિજય શેઠ, વિજયા શેઠાણી, સુદર્શન શેઠ, જંબૂસ્વામી, સ્થૂલિભદ્ર વિગેરેનાં દૃષ્ટાંતો શ્રી ઉપદેશ પ્રાસાદ વિગેરે ગ્રંથોમાં સુપ્રસિદ્ધ છે. પરમ સંતોષ ગુણને પામેલા ભવ્ય જીવો પરમ ઉલ્લાસથી બ્રહ્મચર્ય ગુણની સેવના કરી મોક્ષપદને જરૂર મેળવે છે. આજે બ્રહ્મચર્યના પ્રતાપે ચારિત્રની નિર્મલ સાધના કરી શકાય છે. ઘણાં જીવો

જિનનામ કર્મનો બંધ વિગેરે પ્રશસ્ત લાભ મેળવે છે વિશેષ બીના શીલ ધર્મ દીપિકામાંથી જાણવી.

**૧૩ શ્રી ક્રિયાપદ**—ક્રિયા એટલે નિર્દોષ કરણી અથવા આચરણ. તે ક્રિયા વગરનું એકલું જ્ઞાન પાંગળા જેવું ગણાય છે. તેમ જ જ્ઞાન વગરની એકલી ક્રિયા અંધ જેવી ગણાય છે. જ્ઞાનની (સમજણ ગુણની) સાથે એટલે નિયાણાનો ત્યાગ કરીને સમજ પૂર્વક કરવામાં આવતી સઘળી શુભ કરણી આત્માને નિર્મલ બનાવે છે. દેવાધિદેવ શ્રી સર્વજ્ઞ પ્રભુએ કહેલી ઉત્તમ ક્રિયાઓને સાધવામાં અત્યંત આદરભાવ પ્રગટ થવો એ સત્ય જ્ઞાનનું શુભ ફલ જાણવું. જેમને પરિપકવ જ્ઞાન દશા જાગૃત થઈ છે તેમને ક્રિયા રૂચિપણું તથા ક્રિયા માર્ગમાં અપ્રમત્ત ભાવ (પ્રમાદ રહિતપણું) જરૂર હોય છે, વળી ક્રિયા રૂચિ ભવ્ય જીવો શુક્લ પાક્ષિક કહેવાય છે. એટલે તેઓ અલ્પ કાળમાં સિદ્ધિ પદને પામી શકે છે. અને જેને ક્રિયા રૂચિ પ્રગટ થઈ જ નથી તે જીવો કૃષ્ણ પાક્ષિક કહેવાય છે. એટલે તેઓ સંસારમાં લાંબો વખત રખડપટ્ટી કરે છે. લાંબી લાંબી વાતો કરીએ ને ક્રિયા ન કરીએ તો લગાર પણ કાર્યસિદ્ધિ થતી નથી કારણ કે એક રસોઈ જેવા કાર્યમાં પણ જ્યારે ક્રિયાની જરૂર પડે છે, તો પછી સિદ્ધિ પદને પામવામાં તેની જરૂર વધારે હોય એમાં નવાઈ શી? જેમ ગતિ કરવાથી ધારેલા સ્થાનકે પહોંચાય છે એમ જ્ઞાન સહિત ક્રિયાની સાધનાથી મોક્ષ પદને પામી શકાય છે, આવી ભાવનાથી સાત્ત્વિકી ક્રિયાની આરાધના કરનાર ભવ્ય જીવો.

જિનનામ કર્મનો બંધ વિગેરે લાભ મેળવી શકે છે. ક્રિયાનું વિશેષ સ્વરૂપ શ્રી આવશ્યક નિર્યુક્તિ, દેશના ચિંતામણી વિગેરેમાં જણાવ્યું છે, આ બીનાને યાદ રાખીને ભવ્ય જીવોએ ક્રિયાપદની નિર્મલ આરાધના ત્રિકરણ યોગે કરવી.

**૧૪ શ્રીતપ પદ**—જેમ અગ્નિના તાપથી સોનામાં રહેલો મેલ બળી જાય છે અને તેથી તે સોનું શુદ્ધ કુંદન બને છે તેવી રીતે શાસ્ત્રમાં કહેલા બાહ્ય અભ્યન્તર તપનું બહુમાન સહિત ક્ષમા સહિત નિર્નિદાન સેવન કરવાથી આત્માને વળગેલાં ચીકણાં કર્મો નાશ પામે છે એટલું જ નહિ, પરંતુ જીવે બાંધેલા જે નિકાચીત કર્મો એટલે જે કર્મો અવશ્ય રસોદયથી ભોગવવાં પડે તેવા છે તે કર્મો પણ નાશ પામી જાય છે એટલે તપની સાત્ત્વિકી આરાધના કરવાથી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. તપનો આવો પ્રભાવ જાણીને તીર્થંકર દેવોએ તથા ગણધર મહારાજાઓએ તપ કરવાનો ખાસ ઉપદેશ કર્યો છે અને તે તારક મહર્ષિ ભગવંતોએ પોતે પણ આદર પૂર્વક અનેક પ્રકારનાં તપ આચર્યાં (કર્યાં) છે. તપની મદદથી જ સંયમની નિર્મલ સાધના થઈ શકે છે એમ શ્રી ભગવતીજીના '**संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ**' આ વચનથી જાણી શકાય છે. આવી ભાવનાથી તપ પદની સાધના કરનારા ભવ્ય જીવો તીર્થંકર પદવીને પણ પામી શકે છે. વિશેષ બીના શ્રી સિદ્ધચક્ર પૂજામાં જણાવી છે. આવા વિચારથી ત્રિકરણ યોગે આ તપ પદની આરાધના પરમ ઉલ્લાસથી કરવી.

**૧૫ શ્રી ગૌતમ પદ**—શ્રી ગૌતમ સ્વામી છટ્ઠ

છઠ્ઠનો તપ કરીને પારણું કરતા હતા. અને ચાર જ્ઞાનને ધારણ કરતા હતા. અઠ્ઠાવીસ લબ્ધિને પામેલા હતા. ચરમ તીર્થપતિ શ્રી વીર પ્રભુના મુખ્ય ( પ્હેલા ) ગણધર હતા. તેમનું ગૌતમ નામનું ગોત્ર હોવાથી અને મહા લબ્ધિના પાત્ર હોવાથી તેઓ "ગૌતમ સ્વામી" આ નામે વધારે પ્રસિદ્ધ છે. તેમનું પવિત્ર નામ લેતાં ચોવીસે તીર્થંકરોના ૧૪૫૨ ગણધરોનું સ્મરણ કર્યું જાણવું. વર્તમાન શાસન નાયક શ્રી વીર પ્રભુની ઉપર તેમને સ્વાભાવિક ( પૂર્વ ભવ સંબંધી ) ઘણો પ્રશસ્ત સ્નેહ હતો તે જાણીને આત્મહિતેચ્છુ ભવ્ય જીવોએ પોતાના સદ્ગુરૂની ઉપર તેવો જ પ્રેમ રાખીને ગુરૂ સેવા કરવી જોઈએ. અનેક ગ્રંથોમાં પરમ વિનય ગુણની સેવના કરવાની બાબતમાં શ્રી ગૌતમ સ્વામીનું ઉદાહરણ જણાવ્યું છે. શ્રી ગૌતમ સ્વામીની વિશેષ બીના પ્રાકૃત સ્તોત્ર પ્રકાશમાં અને દેશના ચિંતામણીમાં જણાવી છે. તે યાદ કરીને આ શ્રી ગૌતમ પદનું પરમ આદરથી આરાધન કરવું. વળી આ પ્રસંગે જાણવા જેવી બીના એ છે કે શ્રી જૈનેન્દ્રાગમમાં તીર્થંકર તથા ગણધર જેવા ઉત્તમ પુરૂષો રત્નપાત્ર જેવા કહ્યા છે, સામાન્ય સાધુઓ સોનાના વાસણ જેવા કહ્યા છે, દેશ વિરતિ શ્રાવકો રૂપાના પાત્ર તુલ્ય ( વાસણ જેવા ) કહ્યા છે. સમકિતી શ્રાવકો ત્રાંબાના વાસણ જેવા અને અવિરતિવંત મિથ્યાદષ્ટિ જીવો લોઢાના વાસણ જેવા કહ્યા છે. અહીં જણાવ્યા મુજબ રત્ન પાત્ર સમાન ગણધર પદ અતિ મહત્ત્વનું હોવાથી ભવ્ય જીવોએ પરમ ઉલ્લાસથી જરૂર તેની આરાધના કરીને શ્રી

તીર્થંકર પદવીનો લાભ મેળવવો, એજ ખરૂં કરવા લાયક કામ છે.

**૧૬ શ્રી જિન પદ**—આ પદથી જેમણે ક્રોધ વિગેરે અઢાર દોષોને દૂર કર્યા છે, એવા વીતરાગ દશાને પામેલા ચાર ઘાતી કર્મનો ક્ષય કરી કેવલ જ્ઞાન વિગેરે આત્માના સ્વાભાવિક ગુણોને ધારણ કરનારા સામાન્ય કેવલી, મુંડ કેવલી વિગેરે તમામ સર્વજ્ઞ ભગવંતોની આરાધના કરાય છે. શરૂઆતમાં કહેલા શ્રી અરિહંત પદમાં એકલા તીર્થંકરો જ લેવાના છે. બંનેમાં ફરક એ છે કે શ્રી સામાન્ય કેવલીઓને તીર્થંકર નામ કર્મનો ઉદય હોતો નથી અને શ્રી તીર્થંકરોને જિનનામ કર્મનો ઉદય હોય છે. જે રીતે પ્રાચીન મહા પુરૂષો સર્વજ્ઞ થયા તે રીતે આરાધક જીવો મન વચન કાયાથી આ પદને આરાધના તીર્થંકર પદવીને પણ પામે છે. આરાધના કરતી વખતે શ્રી કેવલી થયેલા પુણ્યશાલી જીવોના જીવનની જરૂર વિચારણા કરવી જોઇએ.

**૧૭ શ્રી સંયમ પદ**—સંયમ એટલે પાંચ આશ્રવોનો ત્યાગ કરવો, પાંચ ઇંદ્રિયોને કાબુમાં રાખવી, ચાર કષાય જીતવા, ત્રણ દંડનો ત્યાગ કરવો. આ સંયમ પદમાં એ વિચારવું કે વિષય સુખનો ત્યાગ કરીને, ક્રોધાદિક કષાયને જીતીને, તમામ આશ્રવ દ્વારોને બંધ કરીને પોતાના હિતને ચાહનારા જે ભવ્ય જીવો નિર્મલ મન વચન કાયાથી સંયમની સાત્ત્વિકી આરાધના કરે છે, તેવા સંયમી જીવો જરૂર સિદ્ધિ પદને પામે છે. સર્વ સંયમનું પાલન

કરનાર મુનિ જનો હોય છે અને દેશથી સંયમનું પાલન કરનાર દેશવિરતિ શ્રાવકો છે. ભવભીરૂ શ્રાવકો પણ ઉપધાન વહન વિગેરે ઉત્તમ સાધનોને સેવે, તો સર્વ સંયમને લાયક બની શકે છે. પરિણામે પરમાત્મ દશાને પણ પામી શકે છે. આ સંયમ અનહદ સમાધિ સુખને દેનારૂં છે એમ સમજીને પરમ ઉલ્લાસથી આ પદની આરાધના કરતાં જિન પદવીને પણ પામી શકાય છે. આ ચારિત્ર પદમાં સામાયિકાદિ ભેદોની અને સંયમ પદમાં તેના કારણોની સાધના મુખ્ય હોય એમ સંભવે છે, આમાં ખરૂં તત્ત્વ કેવલી જાણે. સંયમ પદને અંગે ઉપરની બીનાનો વિચાર કરીને ભવ્ય જીવોએ આ પદની આરાધના કરવી જોઈએ.

**૧૮ શ્રી અભિનવ જ્ઞાન પદ**—આ પદમાં બુદ્ધિના આઠ ગુણ પામીને પોત પોતાની યોગ્યતા પ્રમાણે ત્રિવિધ યોગને સ્થિર કરીને શ્રી ગુરૂ મહારાજની પાસે વિનયાદિ વિધિને જાળવીને નવા નવા ધર્મ શાસ્ત્રોનો અભ્યાસ કરી નવું નવું તત્ત્વજ્ઞાન મેળવવું. વિશેષ પૃચ્છાદિક કરીને અનુભવ જ્ઞાન મેળવવા પ્રયત્નશીલ થવું. આત્મિક દોષને દૂર કરીને નિર્મળ જ્ઞાન પૂર્વક ઉત્તમ ચારિત્રાદિ સ્વરૂપ સદાચારની સાધના કરવી જોઇએ. પ્રમાદ રહિત વર્તન કરવું કારણ કે કહ્યું છે કે '**ज्ञानस्य फलं विरतिः**' જ્ઞાનનું ફલ વિરતિ છે. એટલે જ્યારે જ્ઞાનના ફલ રૂપ વિરતિ ગુણની સાધના કરીએ ત્યારે જાણ્યું ખરૂં કહેવાય. એમ સમજીને નવું જ્ઞાન મેળવવાને માટે પ્રયત્ન શીલ ભવ્ય જીવો નિર્મલ જ્ઞાન ક્રિયાને સાધીને જિન પદવીને પણ પામે છે. હું તેવા

ગુણવંત આત્માઓને દરરોજ પરમ ઉલ્લાસથી વંદન કરૂં છું. એમ આ પદની આરાધના કરતાં નિર્મલ ભાવના ભાવવી. આ રીતે દરેક પદના સ્વરૂપમાં સમજી લેવું.

**૧૯ શ્રી શ્રુત પદ**--અહીં શ્રુત પદથી શ્રી ગણધર વિગેરે મહા પુરૂષોએ રચેલા અંગ સૂત્રાદિ લેવા. એના સૂત્ર, આગમ, સિદ્ધાન્ત, વિગેરે નામો છે, તથા તેના ઉપર શ્રી ભદ્રબાહુ સ્વામી વિગેરે પ્રાચીન મહા પુરૂષોએ રચેલા નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા એ સૂત્રના યથાર્થ રહસ્યને જાણવાના સાધનો છે તેનો શ્રુતમાં સમાવેશ થાય છે. ગણધર, પ્રત્યેક બુદ્ધ, શ્રુત કેવલી, ચૌદ પૂર્વી, અને દશપૂર્વીએ રચેલું સૂત્ર કહેવાય છે. આવા સૂત્રો બત્રીશ દોષ વિનાના અને આઠ ગુણવાળા હોય છે. અને અર્થની અપેક્ષાએ તીર્થંકર ભગવંતો સૂત્રના અર્થની દેશના આપે છે. મહા જ્ઞાની પુરૂષોના રચેલા ભાષ્ય વગેરે પણ સૂત્રની માફક માનવા લાયક છે. કાલ, વિનય, બહુમાન, યોગ, ઉપધાન વગેરે આઠ પ્રકારના જ્ઞાનાચાર પાળીને આ શ્રુત પદનું આરાધન કરવું. તે વખતે ૧૪-૨૦-૪૫ ભેદની અને અનંતરાગમાદિ ભેદોની ભાવના કરવી. એક ચિત્તે આરાધતાં જિન પદવીનો પણ બંધ વિગેરે મહા લાભ થાય છે. વિશેષ બીના કર્મગ્રંથ ટીકા વિગેરેમાં જણાવી છે.

**૨૦ શ્રી તીર્થ પદ**—જેનાથી આ સંસારરૂપી સમુદ્ર તરી શકાય તે તીર્થ કહેવાય છે. આ તીર્થના બે પ્રકાર ગણાવ્યા છે. ૧ જંગમ તીર્થ અને બીજું સ્થાવર તીર્થ,

તેમાં વિહરમાન તીર્થંકરો, સામાન્ય કેવલીઓ, ગણધરો તથા શાસનને શોભાવનાર આત્માર્થી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘ એ સર્વ જંગમ તીર્થ સમજવા, તથા શ્રી સિદ્ધાચળ, શ્રી રૈવતાચલ, સંમેતશિખર, વગેરે સ્થાવર તીર્થો જાણવા. લૌકિક ૬૮ તીર્થો તજીને ઉપર કહેલા બંને પ્રકારના તીર્થની પોતાની શક્તિને અનુસારે દ્રવ્ય ભાવથી આરાધના કરવી. તેની આરાધનાથી પૂર્વે અનંતા આત્માઓ જિન પદવી વિગેરે ઉત્તમ લાભ પામીને મુક્તિ પદને પામ્યા છે પામે છે અને પામશે, માટે ભવ્ય જીવોએ પ્રમાદનો ત્યાગ કરીને વિવેક રાખીને વિધિ સહિત ચઢતા પરિણામે આ તીર્થપદની આરાધના કરી સિદ્ધિના અનંત સુખ મેળવવા જોઇએ. આ પદની વિશેષ બીના આવશ્યક વૃત્તિમાં જણાવી છે.

એ પ્રમાણે સામાન્યથી વીસે પદોની ટુંકી બીના જણાવી છે. ભાવના છે કે અવસરે વિસ્તારથી જણાવવી. વીસ સ્થાનક પૂજામાં આ પદો સારી રીતે જણાવ્યા છે. તેમાંથી પોતાની શક્તિ અનુસારે ઓછામાં ઓછા એક પદથી માંડીને વધારેમાં વધારે વીસે પદોની વિધિ સહિત પરમ ઉલ્લાસથી આરાધંના કરવી, કારણ કે આ પદોની સાત્વિક ભાવે આરાધના કરતાં શ્રી તીર્થંકર પદવી વિગેરે મહા લાભ જરૂર મળે છે. અહીં શ્રી જ્ઞાતાસૂત્ર વિંશતિ-સ્થાનામૃત સંગ્રહ વિગેરે ગ્રંથોને અનુસારે એક બીજાની સાથે સંકલના વિચારતાં પદના નામ-ક્રમમાં ફેર પણ

દેખાય છે. પણ આરાધક જીવોએ વિજયલક્ષ્મી સૂરિજીએ પૂજામાં બતાવેલા નામ ક્રમ પ્રમાણે આરાધના કરવી ઠીક લાગે છે.

## વીસસ્થાનક તપનું ટૂંક વર્ણન.

લોકોત્તર કલ્પવૃક્ષની જેવા, ભવોભવ ચાહના કરવા લાયક, ત્રિપુટી શુદ્ધ શ્રી જૈનેન્દ્ર શાસનમાં શ્રી તીર્થંકર પદવી જેવી લોકોત્તર સ્થિતિને અને તેને અનુકૂલ બીજા પણ સાધનોને મેળવી આપવા રૂપ વિશિષ્ટ ફલ વિગેરે મુખ્ય કારણોથી અને મહા પુરૂષોએ આરાધેલ હોવાથી આ તપનો મહિમા વિશેષ પ્રમાણમાં જણાય છે, અનુભવાય છે. સંભવ છે કે શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકરો વ સ હોવાથી આ તપમાં પદની સંખ્યા વીસ જણાવી છે. સ્થાનક અને પદ આ બેનો અર્થ પ્રશસ્ત આલંબન થાય છે. જે પદની આરાધના ચાલતી હોય, તેમાં તેવા સ્વરૂપવાળા થવાને માટે પ્રશસ્ત આલંબનની ખાસ જરૂરીઆત છે. મંત્રાદિની સાધનામાં જેમ વિધિની જરૂરીયાત હોય છે, તેમ અહીં પણ વિધિની જરૂરીયાત બહુજ રહેલી છે. આ મુદ્દાથી હવે વીસ સ્થાનક તપનો વિધિ જણાવીએ છીએ.

આસન્નસિદ્ધિક ભવ્ય જીવોને કુદરતી વિધિ તરફ લક્ષ્ય વધારે પ્રમાણમાં હોય છે. ચાલુ તપનો વિધિ અહીં ટૂંકામાં આ પ્રમાણે જાણવો—

સુવિહિત મહા ગુણવંત ગુરૂની સમક્ષ તેમની આજ્ઞા

પ્રમાણે (તે જે વિધિ બતાવે તે) કરવો. છતાં દરેક સ્થળે ગુરૂનો યોગ હોતો નથી, તેવા પ્રસંગે તપની શરૂઆત કરતાં પહેલાં નજીકના ગામોમાં જ્યાં શ્રી ગુરૂમહારાજનો યોગ (જોગવાઇ) હોય ત્યાં જઈ ચાલુ તપના તમામ વિધિથી સુજાણ થઈને આગળ કહેવાશે, તે વ્રતોચ્ચારનો વિધિ જાળ-વીને પછીથી તે તપ શરૂ કરવો જોઈએ. અથવા જેઓએ આ તપ કર્યો હોય અને આ તપના વિધિ વિગેરે ગુરૂગમથી સારી રીતે જાણતા હોય તેવા ભવ્ય જીવો આ તપનો વિધિ વિગેરે અનુષ્ઠાનો (ક્રિયા) કઈ રીતે કરે છે તે બાબત માહિતગારી મેળવવી. જ્યારે તપને અંગીકાર કરવા ઇચ્છા થાય, ત્યારે પ્રથમ શુભ મુહૂર્તે નંદી (નાંણ) ની સ્થાપના કરાવીને સુવિહિત શ્રી ગુરૂ મહારાજની સમીપે વીસ સ્થાનક તપ વિધિ પૂર્વક ઉચ્ચરવો, પછી તે શરૂ કરવો. એક ઓળી વ્હેલામાં વ્હેલાં બે માસની અંદર અને મોડામાં મોડાં છ માસની અંદર પૂરી કરવી જોઈએ. કદાચ છ માસની અંદર જો એક ઓળી પૂરી ન થાય, તો કરેલી (ચાલતી) ઓળીનો ફરીથી આરંભ કરવો જોઇએ. સામાન્ય રીતે પદની વીસવીસ ઓળી ગણાય છે, તેમાં દરેક પદની દરેક ઓળીના વીશે દિવસમાં વીશ પદ જૂદાં જૂદાં ગણવાં. અથવા એક ઓળીના વીશ (તપના) દિવસોમાં એકજ તપ ગણવું, બીજા વીસ દિવસોમાં બીજું પદ ગણવું. એ રીતે વીસ ઓળીએ (૪૦૦ દિવસે) વીસ પદ પૂરા થાય છે. દરેક પદની યથાર્થ સાત્ત્વિકી આરા-ધના કરવાના ઇરાદાથી સારી શકિતવાળા ભવ્ય જીવોએ અઠ્ઠમ કરીને દરેક પદની આરાધના કરવી જોઇએ. એ રીતે

કરવાથી વીસ અઠ્ઠમે એક ઓળી પૂરી થાય. અને ચારસો અઠ્ઠમે વીસે ઓળી પૂરી થાય છે. તે અઠ્ઠમ કરનારાથી ઓછી શકિતવાળા ભવ્ય જીવોએ છઠ્ઠ કરવા, તેથી હીન શકિતવાળા જીવોએ ચોવિહાર ઉપવાસ કરવા. તે ન બને તો તિવિહાર ઉપવાસ, તે ન બને તો નીવી અને તેટલી પણ શકિત ન હોય તો તિવિહાર એકાસણાં કરીને આ તપ કરવો. એકાસણાથી ઓછો તપ કરી શકાય જ નહિ. વળી શકિતમાન ધર્મ રસિક ભવ્ય જીવોએ વીસે પદની આરાધના કરવાના દિવસે આઠ પહોરનો પોસહ કરવો. તે ન બને તો માત્ર દિવસનો ચાર પહોરનો પોસહ કરવો. એ રીતે વીસે પદ પૌષધ કરીને આરાધવાથી બહુ જ લાભ મળે છે. એ પ્રમાણે બધા પદોની આરાધનામાં જો પોસહ કરવાની શકિત ન હોય તો ૧ આચાર્ય પદ, ૨ ઉપાધ્યાય પદ, ૩ સ્થવિર પદ, ૪ સાધુ પદ, ૫ ચારિત્ર પદ, ૬ ગૌતમ પદ, ૭ તીર્થ પદ આ સાત પદોની આરાધના કરવાના દિવસોમાં તો જરૂર પૌષધ કરવો જોઇએ. સાતે પદોમાં પણ પૌષધ ન બને તો સત્તરમી શ્રી સંયમપદની ઓળીમાં જરૂર પૌષધ કરવો જોઇએ. તેવી પણ અનુકૂલતા જો ન હોય તો તે દિવસે દેશાવકાશિક વ્રત જરૂર કરે અને સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરે. અને જો તેવી પણ અનુકૂલતા ન હોય તો યથાશક્તિ એકાસણું વિગેરે તપ કરી આરાધે. તે પ્રસંગે ઉત્કૃષ્ટાદિ વિધિને જાળવનારા જીવોની અનુમોદના બહુમાનથી કરે, અને પોતાની લઘુતા વિચારે. મરણ તથા જન્મના સૂતકમાં આ તપની ઓળીના

ઉપવાસ વિગેરે જે તપ કરે. તે ગણતરીમાં ન ગણાય. શ્રાવિકાઓ ઋતુ સમયમાં ઉપવાસ વિગેરે કરે તે પણ ગણતરીમાં ન ગણે. જે દિવસે તપ ચાલુ હોય, તે દિવસે જો પૌષધ કરે તો બહુ જ લાભ કહ્યો છે. પણ પૌષધ ન બની શકે તો તે દિવસે બે વખત પ્રતિક્રમણ તથા ત્રણ વાર દેવવંદન અને [1]પડિલેહણ વિગેરે પ્હેલાં કહેલો વિધિ જરૂર કરવો તથા બ્રહ્મચર્ય પાળવું. ભૂમિશયન કરવું. બહુ સાવદ્ય વ્યાપારનો આરંભ પણ ન કરવો. જૂઠું બોલવું નહિ, આખો દિવસ તપના ચાલુ પદનું ગુણ વર્ણન (સ્વરૂપની ચિંતવના) કરવું. તપને દિવસે પૌષધ કરે તો પારણાને દિવસે પ્રભુની પૂજા કરીને સુપાત્ર દાન દઈને પારણું કરવું. જો તપને દિવસે પૌષધ ન કર્યો હોય તો તે દિવસે પ્રભુની પૂજા કરે, આંગી રચાવે, નિર્મલ ભાવના (અનિત્યાદિ ૧૨, મૈત્રી વિગેરે ૪) ભાવે, તપને દિવસે આરાધ્ય (જે પદની આરાધના ચાલતી હોય તે) પદના જેટલા ગુણ હોય તેટલા લોગસ્સનો કાયોત્સર્ગ કરે, તે ગુણોનું સ્મરણ કરવા પૂર્વક (એટલે દૂહા બોલીને પ્રદક્ષિણા દઈને) ખમાસમણ દેવું. તે પદનો મહિમા અને ગુણની નિર્મલ વિચારણા કરીને આખો દિવસ સમતા ગુણ સહિત આનંદમાં રહે. આ વિધિએ વીશે ઓળી કરવી. તથા દરેક ઓળીએ તે તે પદનો શક્તિ પ્રમાણે મહોત્સવ, પ્રભાવના, ઉદ્યાપન કરે, જિન શાસનની ઉન્નતિ કરે. શક્તિ ન હોય તો છેવટ એકજ ઓળી ઉત્સવાદિક

૧. દેવવંદન, પડિલેહણની ક્રિયા કારણ સર દરરોજ ન બને, તો તેરમી ઓળીમાં જરૂર કરવી.

સહિત કરે. અથવા છેવટે આ તપનું યથાશક્તિ ઉજમણું કરે. સવારે કાયોત્સર્ગ કરતાં પ્હેલાં ઇરિયાવહી કરી, ખમા૦ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સિરિ અરિહંત પય આરાહણત્થં કાઉસ્સગ્ગ કરૂં. (ગુરૂ કહે કરેહ) ઇચ્છં. સિરિ અરિહંત પય આરાહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણ વત્તિઆએ૦ સૂત્ર અન્નત્થ૦ કહી બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. દરેક લોગસ્સ સાગરવર ગંભીરા સુધી ગણવો. કાઉસ્સગ્ગ પારી પ્રકટ લોગસ્સ કહેવો. બીજી વિગેરે ઓળીમાં પદનો ફેરફાર કરી ઉપરનો પાઠ બોલવો. દરેક ઓળીમાં ॐ ह्रीँ नमो अरिहंताणं વિગેરે (યંત્રમાં જણાવ્યા મુજબ) પદોની ૨૦-૨૦ નોકારવાળી ગણવી આગળ જણાવેલા દૂહામાંથી ચાલુ પદનો દૂહો બોલીને ખમાસમણ દેવાં.

## વીસ સ્થાનક પદના દૂહા.

(દરેક ઓળીમાં એકેક દૂહો બોલવો. પદ બદલાય તો દૂહો બદલવો.)

પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો જિણ ભાણ. ૧

ગુણ અનંત નિર્મલ થયો, સહજ સ્વરૂપ ઉજાસ;
અષ્ટ કર્મમલ ક્ષય કરી, થયા સિદ્ધ નમો તાસ. ૨

ભાવામય ઓષધ સમી, પ્રવચન અમૃત વૃષ્ટિ;
ત્રિભુવન જીવને સુખ કરી, જય જય પ્રવચન દૃષ્ટિ. ૩

છત્રીસ છત્રીસી ગુણે, યુગ પ્રધાન મુણીંદ;
જિનમત પરમત જાણતા, નમો નમો તેહ સૂરીંદ. ૪

તજી પર પરિણુતિ રમણુતા, લહે નિજ ભાવ સ્વરૂપ;
સ્થિર કરતા ભવિ લોકને, જય જય સ્થવિર અનૂપ. ૫

બોધ સૂક્ષ્મ વિણુ જીવને, ન હોય તત્ત્વ પ્રતીત;
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત. ૬

સ્યાદ્વાદ ગુણ પરિણુમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભ રંગ. ૭

અધ્યાત્મ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીતિ;
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ. ૮

લોકાલોકના ભાવ જે, કેવળી ભાષિત જેહ:
સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ. ૯

શૌચ મૂળથી મહા ગુણી, સર્વ ધર્મનો સાર;
ગુણ અનંતનો કંદ એ, નમો વિનય આચાર. ૧૦

રત્નત્રયી વિણુ સાધના, નિષ્ફળ કહી સદીવ;
ભાવ રયણુનું નિધાન છે, જય જય સંયમ જીવ. ૧૧

જિન પ્રતિમા જિન મંદિરા, કંચનના કરે જેહ;
બ્રહ્મ વ્રતથી બહુ ફળ લહે, નમો નમો શિયળ સુદેહ. ૧૨

આત્મબોધ વિણુ જે ક્રિયા, તે તો બાળક ચાલ;
તત્વારથથી ધારીએ, નમો ક્રિયા સુવિશાળ. ૧૩

કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગળ તપ જાણ;
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણ ખાણ. ૧૪

છઠ્ઠ છઠ્ઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણધામ;
એ સમ સુપાત્ર કો નહીં, નમો નમો ગોયમસ્વામ. ૧૫

દોષ અઢારે ક્ષય ગયા, ઉપમા ગુણ જસ અંગ;
વૈયાવચ્ચ કરીએ મુદા, નમો નમો જિનપદ સંગ. ૧૬

શુદ્ધાતમ ગુણમેં રમે, તજી ઇંદ્રિય આશંસ;
થિર સમાધિ સંતોષમાં, જય જય સંયમ વંશ. ૧૭

જ્ઞાન વૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂળ;
અજર અમરપદ ફળ લહો, જિનવર પદવી ફૂલ. ૧૮

વકતા શ્રોતા યોગથી, શ્રુત અનુભવ રસ પીન;
ધ્યાતા ધ્યેયની એકતા,, જય જય શ્રુત સુખલીન. ૧૯

તીર્થયાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ;
પરમાનંદ વિલાસતા, જય જય તીર્થ ઝહાજ. ૨૦

(આ દૂહા શ્રી વિજયલક્ષ્મી સૂરિની કરેલી વીશસ્થાનકની પૂજાના છે.)

આ દૂહા બોલી ખમાસમણ દેવા. દરેક ઓળીએ એક એક દૂહો બોલવો. વીસ સ્થાનક તપોવિધિની બુકમાં દરેક ગુણનો સંસ્કૃત પાઠ બોલીને ખમાસમણાં દેવાનું કહ્યું છે, તે જૂદા જૂદા પાઠ ત્યાં જણાવ્યા છે. તે પાઠ બોલીને ખમા૦ દેવાની સર્વ જીવોની અનુકૂલતા ન હોય અને દૂહા

## ॥ વિંશતિ સ્થાનક વિધિનું યંત્ર ॥

| | | સા૰ | ખ૰ | લો૰ | નો૰ |
|---|---|---|---|---|---|
| ૧ | ॐ नमो अरिहंताणं | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૨ | ॐ नमो सिद्धाणं | ૩૧ | ૩૧ | ૩૧ | ૨૦ |
| ૩ | ॐ नमो पवयणस्स | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૦ |
| ૪ | ॐ नमो आयरिआणं | ૩૬ | ૩૬ | ૩૬ | ૨૦ |
| ૫ | ॐ नमो थेराणं | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૬ | ॐ नमो उवज्झायाणं | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ |
| ૭ | ॐ नमो लोए सव्वसाहूणं | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૦ |
| ૮ | ॐ नमो नाणस्स | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |
| ૯ | ॐ नमो दंसणस्स | ૬૭ | ૬૭ | ૬૭ | ૨૦ |
| ૧૦ | ॐ नमो विणयसंपण्णस्स | ૫૨ | ૫૨ | ૫૨ | ૨૦ |
| ૧૧ | ॐ नमो चारित्तस्स | ૭૦ | ૭૦ | ૭૦ | ૨૦ |
| ૧૨ | ॐ नमो बंभव्वयधारीणं | ૧૮ | ૧૮ | ૧૮ | ૨૦ |
| ૧૩ | ॐ नमो किरियाणं | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ |
| ૧૪ | ॐ नमो तवस्स | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૧૫ | ॐ नमो गोयमस्स | ૧૧ | ૧૧ | ૧૧ | ૨૦ |
| ૧૬ | ॐ नमो जिणाणं | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ૧૭ | ॐ नमो संयमस्स | ૧૭ | ૧૭ | ૧૭ | ૨૦ |
| ૧૮ | ॐ नमो अभिनवनाणस्स | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |
| ૧૯ | ॐ नमो सुयस्स | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ૨૦ | ॐ नमो तित्थस्स | ૩૮ | ૩૮ | ૩૮ | ૨૦ |

બોલીને ખમા૦ દેવાની અનુકૂલતા સર્વને હોઇ શકે, તેથી અહીં દૂહા જણાવ્યા છે. પ્હેલી ઓળીના વીસે દિવસોમાં દરરોજ ક્રમસર પદ લઇને આરાધના કરવી ઠીક લાગે છે, કારણ કે આયુષ્ય ક્ષણભંગુર છે. પ્હેલી ઓળીમાં વીસે પદની ક્રમસર આરાધના કરનારા જીવો બનવા જોગ કદાચ આયુષ્યનો અંતિમ સમય પામે, તો તે અવસરે મનમાં તેને એવી અનુમોદના થાય છે કે મેં પુણ્યોદયે પ્હેલી ઓળીમાં વીસે પદની આરાધના કરી, બાકીના પદોની આરાધના કરવાનો પ્રસંગ મને આવતે ભવે મળજો. આ ઇરાદાથી પ્હેલી ઓળીમાં આરાધક ભવ્ય જીવોએ ક્રમસર પદ લઇને આરાધના કરવી.

## પ્હેલા અરિહંત પદના આરાધનનો વિધિ.

"ॐ नमो अरिहंताणं" એ પદની વીસ નવકારવાળી ગણે. અરિહંત પદના બાર ગુણ હોવાથી દૂહો બોલી પ્રદક્ષિણા દઇને ૧૨ ખમાસમણ દે. પાટલા ઉપર અક્ષત (ચોખા) ના સાથીયા ૧૨ કરવા. ખમાસમણ દઇને પછી ભગવાનની સામે અથવા ઉપાશ્રયમાં સ્થાપનાજી સામે ઇરિયાવહી પડિક્કમી, એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દઇ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! અરિહંત પદ આરાધનાર્થં કાઉસગ્ગ કરૂં?' આદેશ માગે. ગુરૂ બેઠા હોય તો 'કરેહ' કહે, એટલે પોતે 'ઇચ્છં' કહી વંદણવત્તિઆએ૦, અન્નત્થ૦ કહી ૨૪ અથવા ૧૨ લોગસ્સનો કાઉસગ્ગ મૌનપણે કરે. કાઉસગ્ગમાં લોગસ્સ 'સાગરવર

ગંભીરા' સુધી ચિંતવે. પછી 'નમો અરિહંતાણું' કહી, કાઉસગ્ગ પારી પ્રગટ લોગસ્સ કહે પછી એક ખમાસમણુ દઈ 'વિધિ કરતાં અવિધિ થઇ હોય તો 'મિચ્છામિ દુક્કડં" એમ કહે. ગુરૂનો યોગ ન હોય તો સ્થાપનાજી સામે આદેશ માગી "ઇચ્છં" કહીને આ ઉપર જણાવેલો વિધિ કરે. અને વીસે પદોની આરાધનામાં "દરેક તપમાં કરવાનો સામાન્ય વિધિ' આ વિભાગમાં જણાવેલી ૨૨ કલમોમાં કહ્યા પ્રમાણે કરે.

આ પદનું ધ્યાન ઉજવળ વર્ણે કરવું, કારણ કે શુકલ ધ્યાનથી અરિહંત પદનો સફેદ વર્ણ કહ્યો છે. આ પદની આરાધના કરવાથી દેવપાળ તીર્થંકર થયા છે તેની કથા આગળ આપવામાં આવી છે.

૨. બીજા સિદ્ધપદની આરાધના કરવાનો વિધિ–સિદ્ધ-પદના ૩૧ ગુણ હોવાથી દૂહો બોલી પ્રદક્ષિણા દઇને ૩૧ ખમા-સમણ દેવા. તથા ૐ **નમો સિદ્ધાણું**' પદની ૨૦ નોકારવાળી ગણે, સાથીયા ૩૧ કરવા. તથા સિદ્ધના ૧૫ ભેદ હોવાથી ૧૫ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. તપોરત્નમહોદધિમાં સિદ્ધના ૩૧ ગુણ હોવાથી ૩૧ લોગસ્સનો કાઉસગ્ગ કરવાનું કહ્યું છે આ પદનું ધ્યાન રાતા વર્ણે કરવું. સિદ્ધપરમાત્માએ ધ્યાન રૂપી અગ્નિથી કર્મ રૂપી લાકડાંને બાળ્યાં છે. અગ્નિનો વર્ણ રાતો છે. તેથી સિદ્ધનું ધ્યાન રક્ત વર્ણે કરવાનું કહ્યું છે. આ પદની આરાધના કરવાથી હસ્તિપાળ રાજા તીર્થંકર થયા છે. બાકીનો વિધિ પ્હેલા પદની વિધિમાં જણાવ્યો છે.

૩ ત્રીજા પ્રવચન પદની આરાધના કરવાનો વિધિ-પ્રવચન પદના ૧૨ અથવા ૨૭ ગુણો હોવાથી દૂહો બોલીને પ્રદક્ષિણા દઇને ખમાસમણ પણ ૧૨ અથવા ૨૭ દેવા. તથા ‘ ૐ **નમો पवयणस्स** ’ એમ બોલીને ૨૦ નવકારવાળી ગણે. સાથીયા ૨૭ કરવા. ૧૨ અથવા ૨૭ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. આ પદનું ધ્યાન ઉજ્વલ વર્ણે કરવું. આ પદના ધ્યાનથી જિનદત્ત શેઠ તીર્થંકર પદવીને પામ્યા. બાકીનો વિધિ પ્હેલા પદની વિધિમાં જણાવ્યો છે. દ્વાદશાંગીની અપેક્ષાએ ૧૨ ગુણો અને અંગના ૧૧ ઉપાંગના ૧૨ તથા ચાર મૂલ સૂત્રના છે.

૪ ચોથા આચાર્ય પદની આરાધના કરવાનો વિધિ-આચાર્ય પદના ૩૬ ગુણ હોવાથી દૂહો બોલી પ્રદક્ષિણા દઇને ખમાસમણ ૩૬ દેવા. તથા ૩૬ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. ૐ **नमो आयरियाणं** ’ એ પદની ૨૦ નોકારવાલી ગણવી. આ પદનું ધ્યાન પીતવર્ણે કરવું. કારણ કે સોનાની જેવા આઠ ગુણવાલા આચાર્ય ભગવંતો કહ્યા છે. આ પદના ધ્યાનથી પુરૂષોત્તમ રાજા તીર્થંકર થયા છે. સાથીયા ૩૬ કરવા. બાકીનો વિધિ પ્હેલા પદના વિધિમાં જણાવ્યો છે.

૫ પાંચમા સ્થવિર પદની આરાધના કરવાનો વિધિ-અહીં દૂહો બોલી પ્રદક્ષિણા દઇને ૧૦ ખમાસમણાં દેવાં. તથા ‘ ૐ **नमो थेराणं** ’ આ પદ બોલીને ૨૦ નવકારવાળી ગણવી. તથા ૧૦ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. કારણ કે સ્થવિરના ૧૦ ભેદ છે. સાથીયા દશ કરવા. આ પદનું ધ્યાન સફેદ વર્ણે કરવું. આ પદની આરાધના કરવાથી પદ્મોત્તર રાજા તીર્થંકર

થયા છે. બાકીનો વિધિ પ્હેલા પદની વિધિમાં જણાવ્યા પ્રમાણે કરવો.

૬ છઠ્ઠા ઉપાધ્યાય પદની આરાધના કરવાનો વિધિ-આ પદના ૨૫ ગુણ હોવાથી દૂહો બોલી પ્રદક્ષિણા દઈને પચીસ ખમાસમણા દેવાં. ૨૫ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. ૐ **नमो उवज्झायाणं**' એ પદની ૨૦ નવકારવાળી ગણવી. ૨૫ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. આ પદનું ધ્યાન નીલ વર્ણે કરવું. આ પદની આરાધનાથી શ્રી મહીંદ્રપાલ રાજા તીર્થંકર થયા છે. બાકીનો વિધિ પ્હેલા પદની વિધિમાં જણાવ્યા પ્રમાણે કરવો.

૭ સાતમા સાધુપદની આરાધના કરવાનો વિધિ-આ પદની આરાધનામાં દૂહો બોલી પ્રદક્ષિણા દઈને ૨૭ ખમાસમણાં દેવાં. કારણ કે ઉપાધ્યાયના ૨૭ ગુણો છે. ૨૭ લોગસ્સનો કાઉસગ્ગ કરવો 'ૐ **नमो लोए सव्वसाहूणं**' એ પદની ૨૦ નવકારવાળી ગણવી. આ પદનું ધ્યાન શ્યામ વર્ણ વડે કરવું. આ પદનું આરાધન કરવાથી શ્રી વીરભદ્ર શેઠ તીર્થંકર થયા છે. બાકીનો વિધિ પ્હેલા કહ્યા પ્રમાણે કરવો.

૮ આઠમા જ્ઞાનપદની આરાધના કરવાનો વિધિ-જ્ઞાનના ૫૧ ભેદ હોવાથી દૂહો બોલી પ્રદક્ષિણા દઈને ૫૧ ખમાસમણાં દેવાં. તથા ૫૧ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. સાથીયા ૫૧ કરવા. તથા 'ૐ **नमो नाणस्स**' એ પદની ૨૦ નવકારવાલી ગણવી. આ પદનું ધ્યાન ઉજ્વળ વર્ણે કરવું. આ પદની આરાધના કરીને જયંતરાજા તીર્થંકર થયા છે. બાકીનો વિધિ પ્હેલા જણાવ્યા મુજબ જાણવો.

૯ નવમા દર્શન પદની આરાધના કરવાનો વિધિ-સમકિતના ૬૭ બોલ હોવાથી દૂહો બોલી પ્રદક્ષિણા દઇને ૬૭ ખમાસમણા દેવાં. તથા ૬૭ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. સાથીયા ૬૭ કરવા. તથા 'ॐ नमो दंसणस्स' એ પદની ૨૦ નવકારવાળી ગણવી. આ પદનું ધ્યાન ઉજ્વલ વર્ણે કરવું. આ પદનું આરાધન કરીને હરિવિક્રમ રાજા તીર્થંકર થયા છે.

૧૦ દશમા વિનય પદની આરાધના કરવાનો વિધિ-વિનય પદના બાવન ભેદ હોવાથી દૂહો બોલી પ્રદક્ષિણા દઇને ૫૨ ખમાસમણાં દેવાં. તથા ૫૨ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. સાથીયા ૫૨ કરવા. તથા 'ॐ नमः विनयगुणसंपन्नस्स' એ પદની ૨૦ નવકારવાળી ગણવી. આ પદનું ધ્યાન ઉજ્વલ વર્ણે કરવું. આ પદનું આરાધન કરીને ધન નામના શેઠ તીર્થંકર પદ પામ્યા છે. આ વિનય પદના અપેક્ષાએ ૫, ૧૦, ૧૩, ૫૨ અને ૬૬ ભેદ પણ થાય છે, તેમાંથી અહીં ૫૨ ભેદ લીધા છે. બાકીનો વિધિ પ્હેલાં કહ્યા મુજબ જાણવો.

૧૧ અગીઆરમા ચારિત્ર પદની આરાધના કરવાનો વિધિ-ચારિત્ર પદના ૭૦ ભેદ હોવાથી દૂહો બોલી પ્રદક્ષિણા દઇને ખમાસમણાં ૭૦ દેવાં. તથા ૭૦ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. સાથીયા ૭૦ કરવાં. તથા 'ॐ नमो चरित्तस्स' એ પદની ૨૦ નવકારવાળી ગણવી. આ પદનું ધ્યાન ઉજ્વલ વર્ણે કરવું. આ પદના આરાધનથી વરૂણદેવ તીર્થંકર થયા છે. બાકીનો વિધિ પ્હેલાં કહ્યા મુજબ જાણવો.

૧૨ બારમા બ્રહ્મચર્ય પદની આરાધના કરવાનો વિધિ-આ

પદના આરાધનમાં દૂહો બોલી પ્રદક્ષિણા દઈને ૧૮ ખમાસમણાં દેવાં. તથા ૧૮ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. ૧૮ સાથીયા કરવા. કારણ કે બ્રહ્મચર્યના ૧૮ ભેદ છે. તથા '**ૐ नमो बंभव्वयधारीणं**' એ પદની ૨૦ નવકારવાળી ગણવી. આ પદની આરાધના કરીને ચંદ્રવર્મા રાજા તીર્થંકર થયા છે. બાકીનો વિધિ પ્હેલાં કહ્યા પ્રમાણે કરવો.

૧૩ તેરમા ક્રિયા પદની આરાધના કરવાનો વિધિ-આ પદની આરાધના કરતાં દૂહો બોલી પ્રદક્ષિણા દઈને ૨૫ ખમાસમણાં આપવાં. તથા ૨૫ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. સાથીયા ૨૫ કરવા. '**ॐ नमो किरियाणं**' એ પદની ૨૦ નવકારવાળી ગણવી. આ પદની આરાધના કરીને હરિવાહન રાજા તીર્થંકર થયા છે. બાકીનો વિધિ પ્હેલાં જણાવ્યો છે.

૧૪ ચૌદમા તપપદની આરાધના કરવાનો વિધિ-તપના ૧૨ ભેદ હોવાથી આ પદની આરાધના કરતાં દૂહો બોલી પ્રદક્ષિણા દઈને ૧૨ ખમાસમણાં દેવાં. તથા ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. સાથીયા ૧૨ કરવા. તથા '**ૐ नमो तवस्स**' એ પદની ૨૦ નવકારવાળી ગણવી. આ પદનું ધ્યાન સફેદ વર્ણે કરવું. આ પદનું આરાધન કરીને કનકકેતુ રાજા તીર્થંકર થયા છે. બાકીનો વિધિ પ્હેલાં જણાવ્યો છે.

૧૫ પંદરમા ગોયમ (ગૌતમ) પદની આરાધના કરવાનો વિધિ-આ પદની આરાધના કરતાં દૂહો બોલીને પ્રદક્ષિણા દઈને ૧૧ ખમાસમણાં દેવાં. તથા ૧૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. સાથીયા ૧૧ કરવા તથા '**ૐ नमो गोयमस्स**'

એ પદ વડે ૨૦ નોકારવાલી ગણુવી. આ પદનું આરાધન કરીને હરિવાહન રાજા તીર્થંકર થયા છે. વૈશાખ સુદિ અગીઆરસે શ્રી ગૌતમ સ્વામિએ દીક્ષા લીધી. એ અપેક્ષાએ કદાચ કાઉસ્સગ્ગ વિગેરે ૧૧-૧૧ હોય એમ સંભવ છે. તત્ત્વ તો કેવલી પ્રભુ જાણે.

૧૬ સોલમા જિનપદની આરાધના કરવાનો વિધિ-આ પદની આરાધના કરતાં દૂહો બોલીને પ્રદક્ષિણા દઇને ૨૦ ખમાસમણાં દેવાં. ૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો તથા ૨૦ સાથીયા કરવા. કારણ કે જિનપદના કારણભૂત સ્થાનકો વીસ છે '**ॐ नमः श्रीविद्यमान जिनेश्वराय**' એ પદ વડે ૨૦ નોકારવાલી ગણુવી. આ પદની આરાધનાથી જીમૂતકેતુ રાજા તીર્થંકર પદ પામ્યા છે. બાકીનો વિધિ પ્હેલાં જણાવ્યો છે.

૧૭ સત્તરમા સંયમપદની આરાધના કરવાનો વિધિ-આ પદની આરાધના કરતાં દૂહો બોલી પ્રદક્ષિણા દઇને ખમાસમણાં ૧૭ દેવાં. ૧૭ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. તેમજ ૧૭ સાથીયા કરવા. કારણ કે સંયમના ૧૭ ભેદ છે. **ॐ नमः श्री संयमस्स**' એ પદની ૨૦ નવકારવાળી ગણુવી. આ પદનું આરાધન કરીને પુરંદરરાજા તીર્થંકર થયા છે. બાકીનો વિધિ પ્હેલાં જણાવ્યો છે.

૧૮ અઢારમા અભિનવજ્ઞાન પદની આરાધના કરવાનો વિધિ-આ પદની આરાધના કરતાં દૂહો બોલી પ્રદક્ષિણા દઇને ૫૧ ખમાસમણાં દેવાં. ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. તથા ૫૧ સાથીયા કરવા. કારણ કે જ્ઞાનના ૫૧ ભેદ છે.

'ॐ नमो अभिनवनाणस्स' એ પદની ૨૦ નવકારવાલી ગણુવી. આ પદનું આરાધન કરીને સાગરચંદ્ર તીર્થંકર થયા છે. બાકીનો વિધિ પ્હેલાં કહ્યો છે.

૧૯ ઓગણીસમા શ્રુતપદની આરાધના કરવાનો વિધિ–આ પદની આરાધના કરતાં દુહો બોલી પ્રદક્ષિણા દઇને ૨૦ ખમાસમણાં દેવાં તથા ૨૦ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. તથા ૨૦ સાથીયા કરવા. કારણુ કે અપેક્ષાએ શ્રુતજ્ઞાનના ૨૦ ભેદ કહ્યા છે. 'ॐ नमो सुअस्सं' એ પદની ૨૦ નવકારવાળી ગણુવી. આ પદની આરાધના કરીને રત્નચૂડ તીર્થંકર થયા છે. બાકીનો વિધિ પ્હેલાં કહ્યો છે.

૨૦ વીસમા તીર્થપદની આરાધના કરવાનો વિધિ–આ પદની આરાધના કરતાં ૩૮ ખમાસમણાં દેવાં. ૩૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. સાથીયા પણુ ૩૮ કરવા તથા 'ॐ नमो तिथ्थस्स' એ પદની ૨૦ નવકારવાળી ગણુવી. આ પદનું આરાધન કરીને શ્રીમેરૂપ્રભ તીર્થંકર થયા છે. બાકીનો વિધિ પ્હેલાં કહ્યો છે.

આ પ્રમાણે વીસમા પદની આરાધના કરીને જૈન તીર્થોની યાત્રા, શ્રીસંઘપૂજા, સ્વામી વાત્સલ્ય, તીર્થોદ્ધાર, રથયાત્રા દીન દુઃસ્થિત અનાથાદિને સુખી કરવા વિગેરે સારાં સારાં કાર્યો કરીને જૈનશાસનનિ ઉન્નતિ કરવી. જૈનધર્મને દીપાવવો. વિશેષમાં વીસે પદની આરાધના સંપૂર્ણ થયા બાદ છેવટે યથાશકિત ઉજમણું કરવું જે જોઈને અનેક જીવો ધર્મ પામે. આ પ્રમાણે ધર્મને દીપાવનાર થોડા કાળમાં પોતાનાં સર્વ કર્મો ખપાવીને સિદ્ધિના સુખને પામે છે.

## ॥ વીસ પદની આરાધનામાં અમુક લોગસ્સના કાઉસ્સગ્ગ વિગેરેની સંખ્યાની બાબતમાં વિધિના ગ્રંથોમાં જુદી જુદી સંખ્યા જણાવી છે તે આ પ્રમાણે ॥

૧ અરહિંતપદની આરાધનામાં ૨૪ લોગસ્સનો અથવા ૧૨ લોગસ્સનો કાઉ૦ એમ સાથિયા વિગેરે જાણવા.

૨ સિદ્ધપદની આરાધનામાં ૧૫, ૩૧, કે ૫૮ નો કાઉ૦ કરવો

૩ પ્રવચનપદની આરાધનામાં ૪૫, ૧૨, ૯, ૭ કે ૨૭ નો કાઉ૦ કરવો.

૪ આચાર્યપદની આરાધનામાં ૩૬ લોગસ્સનો કાઉ૦ કરવો.

૫ સ્થવિરપદની આરાધનામાં ૧૦ અથવા ૧૩ નો કાઉ૦ કરવો.

૬ ઉપાધ્યાયપદની આરાધનામાં ૨૫ અથવા ૧૨ નો કાઉ૦ કરવો.

૭ સાધુપદની આરાધનામાં ૨૮ અથવા ૨૧ નો કાઉ૦ કરવો.

૮ જ્ઞાનપદની આરાધનામાં ૫ અથવા ૫૧ નો કાઉ૦ કરવો.

૯ દર્શનપદની આરાધનામાં ૬૭ લોગસ્સનો કાઉ૦ કરવો.

૧૦ વિનયપદની આરાધનામાં ૧૦, ૧૩ અથવા ૫૨ નો કાઉ૦ કરવો.

૧૧ ચારિત્રપદની આરાધનામાં ૭૦, ૧૭ અથવા ૬ નો કાઉ૦ કરવો.

૧૨ બ્રહ્મચર્યપદની આરાધનામાં ૯ અથવા ૧૮ નો કાઉ૦ કરવો.

૧૩ ક્રિયાપદની આરાધનામાં ૨૫ અથવા ૧૩ નો કાઉ૦ કરવો.

૧૪ તપપદની આરાધનામાં ૧૨ લોગસ્સનો કાઉ૦ કરવો.

૧૫ ગૌતમપદ અથવા દાનપદની આરાધનામાં ૨૮ અથવા ૧૧ નો કાઉ૦ કરવો.

૧૬ જિનપદ અથવા વૈયાવચ્ચ પદની આરાધનામાં ૨૦, ૨૪ અથવા ૧૦ નો કાઉ૦ કરવો.

૧૭ સંયમપદની આરાધનામાં ૭૦ અથવા ૧૭ નો કાઉ૦ કરવો.

૧૮ અભિનવ જ્ઞાનપદની આરાધનામાં ૫૧ અથવા ૫ લોગસ્સનો કાઉ૦ કરવો.

૧૯ શ્રુતપદની આરાધનામાં ૧૨, ૪૫, ૫, અથવા ૮૪ નો કાઉ૦ કરવો.

૨૦ તીર્થપદ અથવા પ્રવચન પદની આરાધનામાં ૫, ૨૦ અથવા ૩૮ નો કાઉ૦ કરવો.

અહીં વિકલ્પ વિનાના ત્રણ (૪, ૯, ૧૪) પદજ છે.
અને જ્ઞાનને લગતા ત્રણ (૮, ૧૮, ૧૯) પદ છે.
અને બે નામવાળા ત્રણ (૧૫, ૧૬, ૨૦,) પદ છે.
અને ચારિત્રને લગતા બે (૧૧, ૧૭) પદ છે.

## પ્રથમ અરિહંત પદ ઉપર દેવપાલની કથા

ભરતક્ષેત્રમાં અચલપુર નામના નગરમાં સિંહરથ નામે ન્યાયી અને પ્રજાનું પાલન કરનાર રાજા રાજ્ય કરતો હતો.

તેને કનકમાલા અને શીલવતી નામે ગુણવંતી બે રાણીઓ હતી અને મનોરમા નામે એક પુત્રી હતી. પરંતુ આ રાજાને પુત્ર નહતો.

આજ નગરમાં કુબેરના જેવી ઋદ્ધિવાળો અને રાજમાન્ય જિનદત્ત નામે શેઠ હતો. તે સમકિત દૃષ્ટિ અને શ્રાવકના એકવીસ ગુણોને ધારણ કરતો હતો. આ શેઠને ઘેર દેવપાલ નામનો એક દાસ હતો. આ દેવપાલ પણ જિનેશ્વરના ધર્મનો રાગી હતો. વળી સદ્ગુરૂના સંગથી તે જિનધર્મના રહસ્યને પણ જાણતો હતો. કારણ કે સદ્ગુરૂની સોબત મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપી રત્નત્રયી આપીને ભવભ્રમણ ટાળે છે.

એક વખતે ચોમાસાના વખતમાં દેવપાલ જિનદત્તશેઠની ગાયો લઇને વનમાં એક નદીના કાંઠે ચરાવવા લાગ્યો. તે વખતે જળના પ્રબળ વેગથી નદીની એક તરફનો કાંઠો તૂટી પડયો, અને તેમાંથી શ્રી આદીશ્વર પ્રભુની મનોહર મૂર્તિ નીકળી. દેવપાળે તે મૂર્તિને જોઇને પોતાને જાણે ચિન્તામણિ રત્ન મળ્યું હોય તેમ હૃદયમાં ઘણો રાજી રાજી થઈ ગયો. તે વિચારવા લાગ્યો કે અહો! આજે મારા ધન્ય ભાગ્ય છે કે ત્રણ ભુવનના સ્વામીનાં આજે મને દર્શન થયાં. આજે મારા પુણ્યનો ઉદય થયો છે. હવે પ્રભુની આ મૂર્તિને કોઇક પવિત્ર સ્થળમાં સ્થાપન કરૂં. પછી નદીના કાંઠે પવિત્ર સ્થળ જોઇને ત્યાં ઘાસની ઝૂંપડી બાંધીને તેમાં પ્રભુની પ્રતિમા સ્થાપન કરી. પછી તે પ્રતિમાની સેવા ભકિત કરીને તેણે એવો નિયમ અંગીકાર કર્યો કે જ્યાંસુધી પ્રભુની પ્રતિમાના દર્શન ન કરૂં ત્યાંસુધી મારે ભોજન ન કરવું.

એ પ્રમાણે નિરન્તર પ્રભુની ભકિત કરતાં કેટલાએક દિવસો ચાલ્યા ગયા. તેવામાં એક વખતે આકાશમાં બહુ જ વાદળાં ચઢી આવ્યા, મુશળધાર જલવૃષ્ટિ થવા માંડી, બધી જગ્યાએ પાણી જ પાણી થઈ ગયું. આ પ્રસંગે દેવપાળ પ્રભુની પ્રતિમાની સેવા કરવા જઈ શકયો નહિ, તેથી તે ભોજન પણ લેતો નથી. એ પ્રમાણે સાત દીવસ સુધી તેનાથી જઈ શકાયું નહિ તેથી તેને સાત ઉપવાસ થયા. આઠમે દીવસે વરસાદ બંધ થયો ત્યારે તે દેવપાળ રાજી થઇને પ્રભુની સેવા કરવા માટે ગયો. પ્રભુની અત્યંત ભકિત-પૂર્વક સેવા કરીને પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો કે હે કરૂણા-સમુદ્ર! મારો ગુનો માફ કરજો, કારણ કે સાત દિવસ સુધી હું આપની ભકિત કરી શકયો નથી, તેથી હું માનું છું કે મારા તે સાત દિવસો નકામા ગયા. પરંતુ આજે પ્રબલ પુણ્યોદયે આપના પવિત્ર દર્શન કરીને હું કૃતાર્થ થયો છું. માટે કૃપાનિધિ! હું આપની પાસે એટલું જ માગું છું કે આપના દર્શન વિના મારો એક પણ દિવસ નકામો ન જાય.

આ પ્રમાણે દેવપાલનો અત્યંત ભકિત રાગ જોઈને ચક્રેશ્વરી દેવી પ્રત્યક્ષ થઇને કહેવા લાગી કે હે દેવપાળ! હું તારા ઉપર પ્રસન્ન થઇ છું માટે ઇચ્છિત વરદાન માગ. દેવ-પાલે કહ્યું કે હું એ માગું છું કે પ્રભુની ઉપર મારી અનુપમ અને અખંડ ભકિત થાઓ. ત્યારે દેવી બોલી કે હે પુણ્યશાળી! તે તો છેજ. માટે તે સિવાય બીજું વરદાન માગ. દેવનું દર્શન ફોગટ ન જાય. ત્યારે દેવપાલે કહ્યું કે હે દેવી! ભગ-

વંતની ભક્તિ આગળ ત્રણ લોકનું સામ્રાજ્ય પણ શા હિસાબમાં છે? કયો મૂર્ખ હાથીને વેચીને ગધેડો ખરીદે. મને પ્રભુ ભક્તિ સિવાય બીજી કોઇ વસ્તુ રૂચતી જ નથી. ત્યારે દેવીએ કહ્યું કે હું આવી તારી નિઃસ્પૃહતા જોઇને પ્રસન્ન થઇને તને વરદાન આપું છું કે થોડાક દિવસોમાં જ આ જ નગરનો તું રાજા થઇશ. એમ કહી દેવી સ્વર્ગમાં ગઇ.

દેવપાલ પણ પ્રભુની ભક્તિ કરીને ઘેર આવ્યો. શેઠે બહુમાનથી પારણું કરાવ્યું, તેવામાં ત્યાં દમસાર નામના મુનિને કેવલજ્ઞાન થયું. તેનો દેવોએ મોટો ઉત્સવ કર્યો. નગરના લોકો તથા સિંહરથ રાજા મોટી ઋદ્ધિ સહિત વંદન કરવા ગયા. ત્યાં કેવલી ભગવંતની વૈરાગ્યમય દેશના સાંભળી બોધ પામેલા સિંહરથે પૂછ્યું કે હે પ્રભુ! મારૂં હવે કેટલું આયુષ્ય બાકી છે, ત્યારે કેવલી ભગવંતે કહ્યું કે હવે તમારૂં આયુષ્ય ફક્ત ત્રણ દિવસ જ બાકી છે. ત્યારે રાજા પશ્ચાત્તાપ કરતો બોલ્યો કે અરેરે! મારૂં આયુષ્ય રાજ્ય કારભારમાં અને વિષય વિલાસોમાં ફોગટ ગુમાવી દીધું. હવે મારૂં શું થશે ત્યારે કેવલીએ કહ્યું કે ત્રણ દિવસમાં તો ઘણું કામ (આત્મહિત) કરી શકીશ. કારણ કે કરોડ વર્ષની તપસ્યા કરતાં જે પુન્ય થાય તેટલુ પુણ્ય પંચ મહાવ્રતધારી સાધુ અન્તર્મુહૂર્તમાં મેળવે છે. માટે હાલ તો સમકિત સાથે બાર વ્રત ગ્રહણ કરો. રાજાએ હર્ષથી તેમ કર્યું, રાજા ઘેર આવી વિચારવા લાગ્યો કે મારૂં આયુષ્ય થોડું છે મારે પુત્ર નથી તો આ રાજ્ય અને પુત્રી કોને

આપું? તે વખતે રાજ્યની અધિષ્ઠાયિકા દેવીએ પ્રગટ થઈ કહ્યું કે પંચ દિવ્ય જેને પુષ્પમાળ પહેરાવે તેને રાજ્ય દઈને તારી પુત્રી પરણાવજે. રાજાએ અને મંત્રીએ પંચ દિવ્ય કરી નગરમાં ફેરવ્યાં તે વખતે જિનપૂજાના પ્રભાવથી દેવપાલ ઉપર પુષ્પમાળા આરોપાઈ. રાજાએ તેને પોતાનું રાજ્ય અને પુત્રી આપી અને પોતે કેવલી પાસે બીજે દિવસે ચારિત્ર લીધું, અને નિર્મળ ભાવે પાલીને સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉપન્યા. એ પ્રમાણે બે દીવસના ચારિત્ર પાલનથી રાજાએ દેવતાઇ સુખ મેળવ્યાં

દેવપાલ રાજા થયો પરંતુ મંત્રી વગેરે કોઈ આજ્ઞા માનતા નથી. ત્યારે દેવપાલે સલાહ લેવા પોતાના પ્હેલાના (જુના) શેઠને બોલાવ્યા ત્યારે તે પણ અભિમાનથી ન આવ્યા. તેથી ચિંતાતુર થએલ દેવપાલ વનમાં નદીના કાંઠે રહેલા પ્રભુની પાસે આવ્યા ત્યાં ભાવપૂર્વક પ્રભુની સેવાભક્તિ કરીને પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો કે હે પ્રભુ! આપે મને રાજ્ય અપાવ્યું. પરંતુ ઘી વિનાના ભોજન જેવું આ રાજ્ય શા કામનું? કારણ કે મંત્રીઓ તથા લોકો મારી આજ્ઞા માનતા નથી. તે બધા મારી આજ્ઞા માને તેવો મારો પ્રભાવ અને કીર્તિ વધારો. અહીં ચક્રેશ્વરી દેવીએ પ્રસન્ન થઈને કહ્યું કે તું ફીકર કરીશ નહિ તારે માટીનો એક હાથી બનાવવો, તેના ઉપર બેસીને તું પ્રભુને વંદન કરવા નીકળજે એટલે મારા પ્રભાવથી તે હાથી સજીવનની જેમ ચાલશે. અને તે જોઈને ભય તથા નવાઈ પામેલા તે મંત્રી વિગેરે તારી

આજ્ઞા માનશે. તું પ્રભુ ભક્તિ મૂકીશ નહિ. દેવપાલે પણ તેમ કર્યું અને માટીનો હાથી સજીવન થઇને ચાલ્યો. તે જોઈને સર્વે તેની આજ્ઞા માનવા લાગ્યા. કારણ કે લોકોએ માન્યું કે આપણા રાજાને કોઇ દેવ મદદ કરે છે.

એક વખત તે નગરમાં તેજ દમસાર કેવલી પધાર્યા. તેમને વંદના કરવા રાજા ગયો. ત્યાં મુનિએ વૈરાગ્યમય દેશના આપી. તેમાં પ્રસંગે વિસ્તારથી સાધુ ધર્મનું અને શ્રાવક ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. શ્રાવક ધર્મને સમજાવતાં ખાસ કરીને જિનેશ્વરની પૂજાનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું. તેનો ટુંક સાર આ પ્રમાણે–(૧) મહામહોત્સવપૂર્વક પરમ ઉલ્લાસથી વિધિપૂર્વક પ્રભુના ગુણોને યાદ કરીને નિઃસ્પૃહભાવે જે ભક્તિ કરવી તે **સાત્વિકી ભકિત** કહેવાય. આ ભકિતથી ઉભય લોકમાં સુખ પ્રાપ્તિ થાય છે. (૨) આ લોકનાં સુખ પામવા માટે અથવા લોકોને ખૂશ કરવા કે આજીવિકા માટે જે પ્રભુની ભકિત કરવી તે બીજી **રાજસી ભકિત** કહેવાય. (૩) શત્રુનો વિનાશ કરવા માટે કે ચિત્તમાં અહંકાર અને મત્સર ધારણ કરીને જે ભકિત કરાય તે ત્રીજી **તામસી** ભકિત કહેવાય. ત્રણમાં સાત્વિકી શ્રેષ્ઠ છે. તે કોઈક વિરલાજ કરી શકે છે. બીજી રાજસી ભકિત મધ્યમ ગણાય છે અને ત્રીજી તામસી ભકિત જઘન્ય (હલકી) જાણવી. વળી જિનભકિતના પાંચ પ્રકાર આ પ્રમાણે–૧ પ્રભુની ફૂલ વિગેરેથી પૂજા કરવી. ૨ દેવ દ્રવ્ય વધારવું, ૩ તીર્થયાત્રા વિગેરે યાત્રાઓ કરવી. ૪ રથયાત્રા વિગેરે મહોત્સવ કરવા, ૫ વીતરાગની આજ્ઞા પાળવી. વળી પૂજાના આભોગ પૂજા અને અનાભોગ

પૂજા એવા પણ બે ભેદ છે. તેમાં જિનેશ્વરના ગુણને સારી રીતે જાણીને વિધિપૂર્વક પ્રભુની ભક્તિ કરવી તે આભોગ પૂજા કહેવાય. અને ગુણવિધિના અજાણ છતાં પરમ ઉલ્લાસથી વીતરાગની ભક્તિ કરવી તે અનાભોગ પૂજા કહેવાય. તે પણ બહુ લાભ આપે છે. આ રીતે કેવલીનો ઉપદેશ સાંભળીને દેવપાલે શ્રાવકનાં વ્રત અંગીકાર કર્યાં. અવસરે તેણે મનોહર વિશાળ દેરાસર બંધાવી તેમાં મોટી ધામધુમ પૂર્વક પ્રભુની પ્રતિમા પધરાવી. બહુ ભક્તિ પૂર્વક પ્હેલા અરિહંત પદનું સાત્ત્વિક આરાધન કર્યું. અને તેના પ્રભાવે રાજા દેવપાલે શ્રી તીર્થંકર નામ કર્મનો નિકાચિત બંધ કર્યો.

એક દિવસ રાજા અને મનોરમા રાણી નગરની બહાર ક્રીડા કરવા જતાં હતાં તે વખતે મનોરમાએ દૂરથી માથા ઉપર ભારો લઇને આવતાં એક કઠીયારાને જોયો. તેને જોઇને રાણીને એકદમ મૂર્છા આવી. રાજાએ શીતોપચારથી રાણીને સાવધાન કરી મૂર્છાનું કારણ પૂછ્યું; ત્યારે રાણીએ કહ્યું કે કઠીઆરાને જોઇને મને જાતિસ્મરણ જ્ઞાન થયું તેથી મૂર્છા આવી. પછી રાણીએ રાજાને પોતાનો પૂર્વ ભવ કહ્યો. તે આ પ્રમાણે–પૂર્વભવમાં હું તથા આ કઠીઆરો સ્ત્રી પુરૂષ હતા. અમે ઘણાં ગરીબ અને દુઃખી હતાં. તેથી જંગલમાંથી લાકડાં લાવીને અમે ગુજરાન ચલાવતા હતા. એક વખતે જંગલમાં લાકડાં લેવા ગયા હતા. ત્યારે અમે પર્વતની નદીના કાંઠે જિનબિંબ જોયું. તે વખતે મેં ત્યાં જઈ પવિત્ર જળથી સ્નાન કરાવી, પુષ્પ ચડાવી અત્યંત ભક્તિથી સ્તુતિ

કરી તેથી મારા પાપ કર્મોનો નાશ થયો અને આ ભવે હું રાજાની પુત્રી થઇ. મેં મારા પતિને તે પ્રતિમાની પૂજા કરવાનું કહ્યું ત્યારે તે મારા ઉપર ક્રોધ લાવીને પ્રતિમાની નિંદા કરવા લાગ્યો. તેથી હજી પણ આ બિચારો પ્હેલાંના જેવો બીજો અવતાર પામીને લાકડાં લાવી ઉદરનિર્વાહ કરે છે. કર્મની વિચિત્રગતિ છે. રાણીની કહેલી હકીકત સાંભળીને કઠીઆરાને બોલાવી જિનભક્તિ કરવા ઘણું સમજાવ્યો, તે છતાં પણ પત્થર સરખા હૈયાવાળો તે કઠીઆરો સમજ્યો નહિ. રાજાએ પણ તેને અયોગ્ય જાણી રજા આપી. અનુક્રમે દેવપાલ રાજાને દેવસેન નામે પુત્ર થયો. મોટો થયો ત્યારે તેનાં લગ્ન કરી રાજ્યભાર સોંપ્યો અને તે બંને જણાએ શ્રી ચંદ્રપ્રભગુરૂની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. નિર્મળ ભાવે સંયમને સાધવા લાગ્યાં. તે બંને પરમ ઉલ્લાસથી જિનબિંબને ભાવપૂર્વક વંદના કરવા પૂર્વક તીર્થયાત્રા વિગેરે પણ કરતા હતા. આયુષ્ય પૂર્ણ થયે અંત સમયે અનશન કરી દેવપાલ પ્રાણત કલ્પમાં દેવપણે ઉપજ્યા. મનોરમા પણ તેજ કલ્પમાં દેવપણે ઉત્પન્ન થઈ. રાજાનો જીવ ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થશે. અને મનોરમાનો જીવ તેજ તીર્થંકરના ગણધર થશે. અંતે બંને સિદ્ધ થશે. આમાંથી સાર એ લેવો કે અરહિંતની ભકિત કરવાથી નોકર પણ શેઠ થાય છે, નિર્ધન નારી પણ રાજકુંવરી થાય છે. પ્રભુ ભકિતની નિંદા કરવાથી ભવોભવ દરિદ્રતા (નિર્ધનપણું) મળે છે. અરિહંતપદનો આરાધક કદાચ શ્રાવક હોય તો પણ જિન નામનો નિકાચિત બંધ કરી શકે.

## બીજા સિદ્ધપદની આરાધનાનો પ્રભાવ જણાવનારી હસ્તિપાલ રાજાની કથા.

આ ભરતક્ષેત્રમાં સાકેતપુરપાટણ નામના નગરમાં હસ્તિપાલ નામે રાજા હતો. તેને બુદ્ધિનો ભંડાર ચૈત્ર નામનો મન્ત્રી હતો. આ મન્ત્રી રાજ્યના કાર્ય પ્રસંગે એક વખતે ચંપાપુરી નગરીમાં ભીમ રાજા પાસે ગયો. નગરીની શોભા જોવા નીકળતાં તે બારમા તીર્થપતિ શ્રી વાસુપૂજ્ય સ્વામિના મંદિરમાં આવ્યો. ત્યાં પ્રભુને પરમ ઉલ્લાસથી વંદના નમસ્કાર કરી બ્હાર આવ્યો, ત્યાં સાધુઓની વચમાં બેઠેલા શ્રી ધર્મઘોષ ગુરૂને જોઇને હર્ષ પામી વિનય પૂર્વક નમીને મંત્રી તેમની આગળ બેઠો. ગુરૂએ જ્ઞાનોપયોગથી મંત્રીને લાયક જાણીને અમૃતમય દેશના આપવા માંડી. તે આ પ્રમાણેઃ—

હે ભવ્ય જીવો! આ સંસાર રૂપી અટવીમાં ભ્રમણ કરીને થાકેલા ભવ્ય જીવોને અમૃતના સરોવર જેવા જિન ધર્મનો લાભ પૂરેપૂરાં પુણ્ય જાગ્યાં હોય તોજ થાય છે. સર્વ જીવોની દયા પાળવી તેજ ઉત્કૃષ્ટ ધર્મ છે. જેમ આપણને આપણા પ્રાણ વહાલા છે તેમ સર્વેને પોતાના પ્રાણ બહુ વહાલા લાગે છે. જેમ આપણને બીજો કોઇ મારે તો દુઃખ થાય છે તેમ આપણે બીજાને મારીએ તો તેને પણ દુઃખ થાય છે, માટે જીવહિંસા કરવી નહિ. જીવો ચૌદ પ્રકારના છે તે દરેકની ધર્મી જીવો રક્ષા કરે છે, કારણ કે તેઓ '**આત્મવત્ સર્વભૂતેષુ**' એટલે સર્વ જીવોને પોતાના

આત્મા સમાન ગણે છે. આ જીવદયાના પ્રભાવે આત્મા નિર્મળ થાય છે. દયાળુ જીવો સિદ્ધ ભગવંતો જ્યાં રહેલા છે તેવા સ્થાનકને મેળવે છે. આ સિદ્ધના જીવોના સુખનું વર્ણન ક્રોડ જીભ વડે પણ થઈ શકતું નથી. આ સંસારમાં જે ઉત્તમ પ્રકારનાં સુખો છે તે સર્વ એકઠાં કરીએ તેનાથી પણ સિદ્ધ ભગવંતોનું સુખ અનંતાનંત ગણું વધારે છે. સિદ્ધના સર્વ જીવો સમાન છે. તેઓ અમૂર્ત હોવાથી મોક્ષમાં પરસ્પર બાધા રહિતપણે રહે છે. આ સિદ્ધ જીવોની ઉત્કૃષ્ટ અવગાહના ત્રણસો તેત્રીસ ધનુષ્ય અને ઉપર એક ધનુષ્યનો ત્રીજો ભાગ અથવા એક ગાઉના છઠ્ઠા ભાગ પ્રમાણ હોય છે અને જઘન્યથી એક હાથ અને આઠ આંગુલની હોય છે. જેમ અમૃતના એક બિંદુ માત્રથી પણ તીવ્ર વિષનો વ્યાધિ નાશ પામે છે તેમ સિદ્ધ ભગવંતના ધ્યાનથી જીવોનાં દુષ્કર્મો નાશ પામે છે અને ત્રણ જગતને પૂજ્ય ઉત્કૃષ્ટ પદની લક્ષ્મી મળે છે.

ઉપર પ્રમાણેની ગુરૂની દેશના સાંભળી મંત્રીએ કહ્યું કે હે પ્રભુ! જેમાં સિદ્ધની ભક્તિ દરરોજ કરવાની છે, એવા સંસારનો નાશ કરનાર શ્રાવકનાં બાર વ્રતો મને આપો. ગુરૂએ તેની લાયકાત પારખીને વ્રત ઉચ્ચરાવ્યાં. પછી ગુરૂને વંદન કરી મંત્રી રાજ્યનું કાર્ય પૂર્ણ કરીને પોતાના નગરે પાછો આવ્યો. રાજાને નમીને યોગ્ય સ્થાને બેઠો. રાજાએ મંત્રીને ચંપા નગરીની હકીકત પૂછી ત્યારે મંત્રીએ તે નગરીનું વર્ણન કરતાં વાસુપૂજ્ય સ્વામીના મંદિરે પોતે ગયો, ત્યાં વંદન કરીને બહાર આવતાં ધર્મઘોષ મુનિની સિદ્ધ

ભગવંતના સ્વરૂપને જણાવનારી દેશના સાંભળીને પોતે સિદ્ધનું સ્વરૂપ તે પ્રમાણે અંગીકાર કરીને બાર વ્રત ઉચ્ચર્યાં વગેરે હકીકત કહી. તે સાંભળી રાજાએ વિચાર્યું કે તે પરમ ઉપકારી મુનિરાજ ક્યારે અહીં આવે અને હું પણ તેમનાં દર્શન કરી દેશના સાંભળીને ક્યારે કૃતાર્થ થાઉં. એવામાં ઘણા પરિવાર સાથે તે ધર્મઘોષ મુનિરાજ તે નગરમાં આવ્યા. રાજા ગુરૂનું આગમન સાંભળી મંત્રી સાથે વંદના કરવા ગયો. ગુરૂએ પણ દેશના આપી અને તેમાં પણ સિદ્ધ સ્વરૂપનું વર્ણન કર્યું. દેશના સાંભળી રાજાએ કહ્યું કે જેના રૂપરેખા કે કાયા અગોચર છે એવા સિદ્ધ પરમાત્માની ભક્તિ કઈ રીતે કરવી તે આપ જણાવો. ત્યારે ગુરૂએ કહ્યું કે સિદ્ધિ-સ્થાનમાં રહેલા નિરંજન, નિરાકાર, નિઃકષાયી, શુદ્ધાત્મા સિદ્ધ સ્વરૂપનું લયલીનપણે ધ્યાન કરવું, અને તેમની મૂર્તિની દ્રવ્ય ભાવથી પૂજા કરવી. આ રીતે સિદ્ધપદની આરાધના કરનારા ભવ્ય જીવો ઘાતી કર્મનો ક્ષય કરી સિદ્ધિની સંપદાને પામે છે. રાજાએ પણ જિનધર્મને અંગીકાર કરીને સિદ્ધપદ આરાધવાનું વ્રત ગુરૂ પાસે અંગીકાર કર્યું.

ત્યાર પછી 'નમો સિદ્ધાણું' એ પદથી રાજા સિદ્ધ-પદની આરાધના કરવા લાગ્યો. રાજાએ આ પદની આરા-ધના કરતાં મંત્રીની સાથે સિદ્ધોના સ્થાન રૂપ શ્રી શત્રુંજય, સમેતશિખર વગેરે તીર્થોની બહુ ભક્તિ પૂર્વક યાત્રા કરી પોતાના આત્માને નિર્મળ કર્યો. એ પ્રમાણે નિર્મળ ધ્યા-નથી સિદ્ધપદનું આરાધન કરતાં રાજાએ મોક્ષસુખના નિધાન રૂપ તીર્થંકર નામ કર્મનો નિકાચિત બંધ કર્યો. ત્યાર પછી

લાંબા કાળ સુધી રાજ્યનું પાલન કરી મંત્રી સહિત રાજાએ શ્રી ગુરૂ મહારાજની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું.

એક વખતે ગુરૂ મહારાજાની આજ્ઞા લઇ તે મુનિ સમેતશિખર ઉપર સિદ્ધમૂર્તિની યાત્રા માટે ચાલ્યા. રસ્તામાં એવો અભિગ્રહ કર્યો કે 'જ્યાં સુધી સિદ્ધ પરમાત્માની મૂર્તિનાં દર્શન ન થાય ત્યાં સુધી આહાર ન લેવો.' મુનિનો દૃઢ અભિગ્રહ જાણી ઈન્દ્રે દેવસભામાં તેમના વખાણ કર્યા. તે ઉપર શ્રદ્ધા નહિ રાખનાર એક અગ્નિકુમાર દેવે તેમને માર્ગમાં ઘણા ઉપસર્ગ કર્યા. ભૂખ અને તરસની અતિ તીવ્ર વેદના ઉત્પન્ન કરી. તેમણે તે વેદના બે માસ સુધી સહન કરી તેથી કાયા ઘણી ક્ષીણ થઈ ગઇ પણ મુનિ ચલાયમાન ન થયા. અને તેમણે દેવની ઉપર રોષ પણ કર્યો નહિ. મુનિની દૃઢતા જોઈ દેવ પ્રગટ થયો. મુનિની સ્તુતિ કરી પોતાનો અપરાધ ખમાવવા લાગ્યો. ત્યાર પછી મુનિએ સમેતશિખર જઇ સર્વ સિદ્ધ પ્રતિમાઓને વંદના કરી પારણું કર્યું. અંત સમયે અનશન કરી મંત્રી સહિત રાજર્ષિ બારમા અચ્યુત દેવલોકમાં દેવ થયા, ત્યાંથી ચ્યવી રાજર્ષિનો જીવ મહાવિદેહમાં તીર્થંકર થઇ સિદ્ધિપદને પામશે. મંત્રી પણ રાજાના ભાવી તીર્થંકરપણામાં તેમના ગણધર થઈ કેવલજ્ઞાન પામી મોક્ષે જશે.

આ પ્રમાણેનું હસ્તિપાલ રાજાનું ચરિત્ર સાંભળીને હે ભવ્ય જીવો! તમે પણ શ્રી સિદ્ધપદનું આરાધન કરી તેવા બનો. આ કથામાંથી બોધ એ મળે છે કે શત્રુનું પણ ભલું

કરવું અને સમભાવે કષ્ટ સહન કરવાથી પોતાને અને પરને ઘણો લાભ થાય છે.

## ત્રીજા પ્રવચન પદનો પ્રભાવ જણાવનારી શ્રી જિનદત્ત શેઠ અને હરિપ્રભાની કથા.

આ ભરત ક્ષેત્રમાં વસંતપુર નામના નગરમાં જિનદાસ નામે વ્યવહારી હતો. તેને જિનદાસી નામે પ્રિયા અને જિનદત્ત નામે પુત્ર હતો. તે ચંદ્રાતપ નામના વિદ્યાધર રાજાનો મિત્ર ( ભાઇબંધ ) હતો. તે વિદ્યાધરે જિનદત્તને બહુરૂપીણી નામની વિદ્યા આપી હતી. બંને મિત્રો એક વખત બગીચામાં ફરવા ગયા હતો તે વખતે એક પુરૂષ ચિત્રપટ લઇને જિનદત્તની પાસે આવ્યો. ચિત્રપટ જોઈ પ્રફુલ્લિત વદને જિનદત્તે તે માણસને 'આ કોનું ચિત્ર છે? એમ પૂછ્યું. ત્યારે તેણે કહ્યું કે ચંપાનગરીમાં ધનાવહ નામે શેઠ છે. તેની હરિપ્રભા નામની આ કન્યા છે. તેનાં રૂપ અને લાવણ્યનાં શા વખાણ કરવાં? અથવા તે ઘણી રૂપવાળી છે. મેં મારી આજીવિકા ટકાવવા માટે તે કન્યાનું આ ચિત્ર ચિતર્યું છે.

ચિત્રકારની હકીકત સાંભળીને હરિપ્રભા ઉપર રાગવંત થએલા જિનદત્તે એક લાખ દ્રવ્યની કિંમતનો પોતાનો કંદોરો આપીને તે ચિત્રપટ ખરીદ કર્યું. તે ચિત્રપટ જોવાથી તેનુ રાગી બનેલું મન વ્યાપારમાં પણ સ્થિર થયું નહિ. આ વાતની તેના પિતાને ખબર પડી ત્યારે તે પુત્રને ઠપકો આપવા લાગ્યો કે નજીવી કિંમતની આ છબી તેં લાખ દ્રવ્ય આપીને ખરીદ કરી, પરંતુ તને ખબર નથી કે દ્રવ્ય

કેમ પેદા કરાય છે. અનેક કષ્ટ વેઠીને ભેગું કરેલું દ્રવ્ય આમ વેડફી દઇશ. તો આપણે થોડા વખતમાં દરિદ્રી (નિર્ધન) થઈ જઇશું. આ પ્રમાણે પિતાનો ઠપકો સાંભળીને "પિતાને મારા કરતાં દ્રવ્ય વધારે વહાલું છે." એવું વિચારીને આજથી મારે પિતાની એક કોડી પણ હરામ છે. પરદેશ જઇને ઘણું ધન કમાઇને પછી જ પિતાના ઘરમાં આવીશ એવો સંકલ્પ કરી મધ્ય રાત્રીએ જિનદત્ત પિતાનું ઘર છોડીને ચાલી નીકળ્યો. અનુક્રમે ચાલતાં ચાલતાં ચંપાપુરીમાં ધનાવહ શેઠના ઘેર આવી પહોંચ્યો. આજ રાત્રીએ ધનાવહ શેઠે કલ્પવૃક્ષનું સ્વપ્નું દીઠું હતું. તે પ્રમાણે નવીન અતિથિને જોઇને શેઠે બહુમાનપૂર્વક જિનદત્તને આસન આપ્યું. ગુણીજન જ્યાં જાય ત્યાં પોતાના ગુણોથી દરેકને પ્રિય થાય છે, તેમ જિનદત્ત પોતાના ગુણિપણાથી સાર્થવાહના આખા કુટુંબને અત્યંત પ્રિય થયો. જિનદત્તે પણ પોતાના ગુણોથી ખેંચાએલા સાર્થવાહના આખા કુટુંબને જૈન ધર્મનો ઉપદેશ કરી જૈનધર્મ ઉપર પ્રીતિવાળું કર્યું. સાર્થવાહે અવસરે જિનદત્તને પૂછ્યું કે તમે અહીં કેટલાક દિવસથી આવ્યા છો, પરંતુ તમારા ગામ, કુળ અને નામથી અમે અજાણ છીએ. તે હકીકત જો તમને કહેવામાં અડચણ ન હોય તો જણાવો. ત્યારે જિનદત્તે પણ ચિત્રપટથી માંડીને સર્વ હેવાલ કહી સંભળાવ્યો. સાર્થવાહે તે સાંભળીને તેને લાયક જાણી પોતાની પુત્રી હરિપ્રભને મોટી ધામધૂમ સાથે પરણાવી. વળી કન્યાદાનમાં પુષ્કળ દ્રવ્ય દઇને જમાઇને પ્રસન્ન કર્યો. પુણ્યશાળી પુરૂષ જ્યાં જાય ત્યાં સુખી જ થાય છે.

સસરાના આગ્રહથી કેટલાક દિવસ રોકાયા પછી જિનદત્ત પોતાના ગામ જવાને તૈયાર થયો. ત્યારે શેઠે દાયજામાં પોતાનો અમૂલ્ય એકાવલી હાર તથા બીજું પણ ઘણું દ્રવ્ય વિગેરે આપ્યું. તથા નોકરો અને રથ પાલખી આપી બંનેને વિદાય કર્યા. પોતાના નગર તરફ આવતાં રસ્તામાં સરોવરના કાંઠે પડાવ નાખ્યો. ત્યાંથી થોડે દૂર ઝાડની ઘટાની પાસે કાઉસ્સગ્ગમાં રહેલા એક વિદ્યાધર મુનિને જોઇને તે સ્ત્રી પુરૂષ બંને જણ મુનિ પાસે આવ્યા. તેમને વંદના કરી બેઠા. એટલે મુનિએ કાઉસગ્ગ પારી ધર્મલાભ આપ્યો. તેમને યોગ્ય જાણી ધર્મ દેશના આપવા માંડી–હે ભવ્યો! આ અનાદિ અને દુઃખથી ભરેલા સંસારમાં પ્રાણીને ધર્મનું જ એક આલંબન છે. ધર્મથી સર્વ પ્રકારનાં સુખ, વૈભવ, ઐશ્વર્ય વગેરે મળે છે. ધર્મથી ઉત્તમ કુળમાં જન્મ થાય છે તથા અનંત આનંદમય મોક્ષ પણ ધર્મથી જ મેળવી શકાય છે. તે ધર્મ સર્વ જીવો ઉપર દયા રાખવી એમ એક પ્રકારે છે. જ્ઞાન અને ક્રિયાવડે બે પ્રકારે, જ્ઞાન દર્શન અને ચારિત્રથી ત્રણ પ્રકારે, દાન શિયલ તપ અને ભાવનાથી ચાર પ્રકારે, પંચ મહાવ્રતના ભેદથી પાંચ પ્રકારે, છ આવશ્યક રૂપે છ પ્રકારે, સાતનય વડે સાત પ્રકારે છે, આઠ પ્રવચન માતાના ભેદથી આઠ પ્રકારે છે. નવ તત્ત્વના ભેદથી નવ પ્રકારે છે, અને ક્ષમાદિ દશવિધ યતિધર્મના ભેદથી દશ પ્રકારે છે. તેનું આરાધન કરવાથી ભવ્ય જીવો સર્વ કર્મથી રહિત થઇને પરમાનંદને પામે છે.

એ પ્રમાણે મુનિની દેશના સાંભળી જિનદત્તે કહ્યું કે

આ ધર્મ કોણે કહ્યો છે ત્યારે મુનિએ કહ્યું કે સર્વજ્ઞ એવા તીર્થંકર ભગવંતે કહ્યો છે. જિનદત્તે ફરીથી પૂછયું કે તે તીર્થંકર પદ કઈ રીતે મળી શકે? ત્યારે મુનિએ કહ્યું કે અરિહંત વિગેરે વીસ સ્થાનકનું યથાશકિત આરાધન કરવાથી તીર્થંકરપણું પામી શકાય છે. તેમાં પણ ત્રીજું પ્રવચન પદ એટલે સંઘની ભાવપૂર્વક ભકિત કરવી તે ઉત્તમ છે. કારણ કે તીર્થંકર ભગવાન પોતે પણ ધર્મોપદેશ દેતાં શરૂઆતમાં 'नमो तित्थस्स' કહીને સંઘને નમસ્કાર કરે છે. માટે શ્રી સંઘની ભકિત સિદ્ધિને પણ આપે છે. આ પ્રમાણે ગુરૂની દેશના સાંભળીને જિનદત્તે શ્રી ગુરૂમહારાજની પાસે ત્રીજા પ્રવચન પદની આરાધના કરવાનો નિયમ લીધો પછી ગુરૂને વંદન કરી વિધિપૂર્વક પરમ ઉલ્લાસથી ભાત પાણી વ્હોરાવ્યા.

અનુક્રમે વસંતપુરમાં આવ્યા. સ્વજનો તેની અત્યંત ઋદ્ધિ જોઈને હર્ષથી ભેટયા. જિનદત્ત શેઠ તપસ્વી તથા ગ્લાન વૃદ્ધ મુનિ વગેરે સુપાત્રને વસ્ત્ર, પાત્ર, ઔષધ આહાર વગેરે ભાવથી વ્હોરાવીને પોતાને ધન્ય માનતા જિનેશ્વરની પૂજા કરવી, ગુરૂનો ઉપદેશ સાંભળવો સંઘભકિત વગેરે ધર્મક્રિયા આનંદથી કરે છે. અને સમકિતમાં નિશ્ચલ થઈને ચતુર્વિધ સંઘની યથાશકિત ભકિત પણ ભાવથી કરે છે. અને પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરે છે, વળી તેણે પોતાના સસરા તરફથી મળેલો બહુ મૂલ્યવાળો રત્નાવલી હાર રાજાને ભેટ આપ્યો તેથી પ્રસન્ન થએલા રાજાએ તેને નગરશેઠની પદવી આપી. તેથી નગરમાં તેનું બહુ માન વધ્યું.

એક વાર ઈન્દ્ર મહારાજે જિનદત્તની પ્રશંસા કરી કે

શ્રી સંઘની ભક્તિ કરનાર જિનદત્તને ધન્ય છે. ત્યારે તે વચન ઉપર શંકા લાવી રત્નશેખર નામના દેવે કપટ શ્રાવક બનીને જિનદત્તની પરીક્ષા કરી. જિનદત્તે સાધર્મી જાણી તેનું બહુ માન કર્યું. અને પોતાનો બહુ જ કીંમતી એકાવલી હાર પણ તેને આપ્યો. તેથી પ્રસન્ન થએલા તેણે પ્રગટ થઇ તેના ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને તે દેવ નગરશેઠને ચિન્તામણિ રત્ન આપીને સ્વર્ગે ગયો. આ રત્નના પ્રભાવથી જિનદત્ત શ્રી સંઘના વાંછિત પૂર્ણ કરવા લાગ્યો. તેણે પ્રવચન પદની ભક્તિના પ્રભાવે જિન નામનો નિકાચિત બંધ કર્યો. અનુક્રમે કેટલોક કાળ ગયા પછી તેણે પોતાની સ્ત્રી સહિત ચાર જ્ઞાની શ્રી રત્નપ્રભ ગુરૂ પાસે દીક્ષા લીધી. ચારિત્રનું નિરતિચાર પાલન કરી મુનિઓની તથા પ્રવચનની ભક્તિ કરતા તે કાળધર્મ પામી પ્રથમ ગ્રૈવેયકમાં મોટી ઋદ્ધિવાળા દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થઇને મોક્ષે જશે. હરિપ્રભા પણ તેજ તીર્થંકરના ગણધર થઇને મોક્ષના અક્ષય સુખ પામશે. આ કથામાંથી સમજવાનું એ મલે છે કે પ્રબલ પુણ્યાઇથી અલૌકિક સુખના સાધનો મળે છે. જિનદત્તની માફક બીજાને ધર્મી બનાવવા પ્રયત્નો કરવા. પ્રવચન પદની પરમ ઉલ્લાસથી સાધના કરી જિનપદવીનો લાભ મેળવવો.

## ચોથા આચાર્યપદના આરાધક શ્રી પુરૂષોત્તમ રાજાની કથા.

આ ભરતક્ષેત્રમાં પદ્માવતી નામે નગરીમાં પુરૂષોત્તમ નામે રાજા હતો. તેને જૈનધર્મી સુમતિ નામે મંત્રી હતો.

એક વખતે રાજા સભામાં બેઠેલો હતો તે વખતે ત્યાં એક કાપાલિકે આવીને રાજાને વીનંતિ કરી કે હું એક વિદ્યાને છ મહિનાથી સાધું છું, પરંતુ ઉત્તમ ઉત્તર સાધક વિના તે સિદ્ધ થતી નથી. તે સાંભળી રાજાએ તેના ઉત્તર સાધક થવા હા પાડી કબુલ્યું. તે વખતે સુમતિ મંત્રીએ રાજાએ કહ્યું કે મિથ્યાત્વીની સોબત કરવાથી સમકિતને અતિચાર લાગે છે. રાજાએ કહ્યું કે આ વિનશ્વર શરીરથી કોઈ નો ઉપકાર થતો હોય તો શા માટે ન કરવો ? તે કાર્ય સિદ્ધ થશે એથી હું બહુ રાજી થઈશ.

મંત્રીએ ના પાડી છતાં સૂર્યાસ્ત સમયે રાજા હાથમાં તરવાર લઇને ભયંકર અરણ્યમાં આવેલા તે યોગીના સ્થાનકે આવ્યો. યોગીએ રાજા પાસે એક મડદું મંગાવ્યું. રાજા મડદાની તપાસ કરવા શ્મશાન તરફ ચાલ્યો. રસ્તામાં એક ઝાડની ડાળીએ એક યોગીનું મડદું દોરડે બાંધેલું ને લટકતું જોઈને રાજાએ તરવારથી તે દોરડાના બંધનને કાપવા માંડયાં. ત્રણ વાર કાપવા છતાં ન કપાયું ત્યારે રાજાએ ઝાડની ઉપર ચઢીને તે બંધન ( દોરડા ) છોડીને મડદું નીચે ઉતાર્યું. રાજાની આવી હિંમત જોઈને પ્રસન્ન થએલી કુળદેવીએ પ્રત્યક્ષ થઇને રાજાને કહ્યું કે હે સાહસિક શિરોમણિ! તે કાપાલિક તને મારીને સુવર્ણ પુરૂષ કરવા માગે છે, માટે તું તેનાથી સાવચેત રહેજે અને જરૂરી પ્રસંગે મને યાદ કરજે. અને ૐ પદનું સ્મરણ કરજે. રાજા મડદું લઇને યોગીની પાસે આવ્યો. કપટી યોગીએ તેની ( રાજાને અગ્નિના કુંડમાં નાંખવાની ) વિધિ કરીને જ્યાં લાગ જોઇને રાજાને

અગ્નિકુંડમાં નાખવા તૈયારી કરવા માંડી, તેવામાં તરતજ રાજાની કુળદેવીએ તે યોગીને જ કુંડમાં નાંખ્યો એટલે તે સુવર્ણ પુરૂષ થઈ ગયો. તે લઇને રાજા પોતાના મહેલમાં આવ્યો. તેણે સુવર્ણપુરૂષના સોનાનું દાન દઇને અનેક દુઃખી જનોનાં દારિદ્રયનો નાશ કરી તેમને પૈસાદાર બનાવ્યા.

આ પુરૂષોત્તમ રાજાએ રાજકુંવરી પદ્મશ્રી સાથે લગ્ન કર્યું હતું, તેનાથી પુરૂષસિંહ નામે પુત્ર થયો. તે ભણી ગણીને યુવાન થયો ત્યારે રાજાએ આઠ રાજકન્યાઓ સાથે તેનું પાણિગ્રહણ કરાવ્યું. આ પ્રમાણે આનંદ પૂર્વક કેટલોક કાલ ગયા પછી પોતાને પૂર્ણ સુખી માનતા રાજાનું ભાગ્યચક્ર બદલાયું. પૂર્વ કર્મના યોગે પોતાને જેના ઉપર ઘણી પ્રીતિ હતી તે પદ્મશ્રી દાહજ્વરની મહા વેદનાથી મરણ પામી. તેના પરના ગાઢ સ્નેહને લીધે મોહી રાજા રાજકાર્ય ત્યજીને મૂઢ ચિત્તવાળો થઇને રૂદન કરવા લાગ્યો. તે વખતે તે નગરમાં સમતા રસના સિન્ધુ ચાર જ્ઞાની પરમોપકારી શ્રીદેવ નામના મુનીશ્વર પધાર્યા. તેમને વાંદવા નગરજનો જવા લાગ્યા. રાજા પણ મંત્રી સહિત ગુરૂને વાંદીને લાયક સ્થાને બેઠો. મુનિએ પણ ધર્મ દેશના આ પ્રમાણે શરૂ કરી–હે મહાનુભાવ ભવ્ય જનો! દુઃખે કરી મળી શકે એવો મનુષ્ય જન્મ, આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ અને ધર્મશ્રવણની જોગવાઇ વિગેરે સારી સામગ્રી પામીને પણ જે જીવો અનન્ત સુખને આપનાર ધર્મ કરતા નથી તેઓ પોતાનો મનુષ્ય જન્મ ફોગટ ગુમાવે છે અને દુ:ખથી ભરેલા સંસાર રૂપ સમુદ્રમાં ભમ્યા કરે છે. મનુષ્ય ભવ પામીને વિષયાસક્ત થઇને ક્ષણિક પૌદ્ગલિક સુખમાં

આયુષ્ય એળે ગુમાવે છે. પરંતુ તે પૌદ્ગલિક સુખથી જીવને સંતોષ થતો નથી. ખરી રીતે તો તે સુખ જ નથી પરંતુ પરિણામે તો દુઃખ રૂપજ થાય છે. માટે સમજુ ગુણી ભવ્ય જીવો તો તે ભોગોનો ત્યાગ કરીને પંચ મહાવ્રત રૂપ સાધુધર્મ અથવા બાર વ્રત રૂપ શ્રાવક ધર્મ પાળીને પોતાના જન્મને સફળ કરે છે. તેઓ ધન્ય ગણાય છે. માટે હે ભવ્ય જીવો! તમે પ્રમાદનો ત્યાગ કરીને ધર્મ કરવામાં સાવધાન બનો.

ઉપર પ્રમાણેની ગુરૂની દેશના સાંભળીને પ્રતિબોધ પામેલો રાજા કહેવા લાગ્યો કે હે કરૂણાનિધિ! હું આપના શરણે આવ્યો છું માટે સંસારના દુઃખોથી મુકત કરનાર ચારિત્ર મને આપો. ગુરૂએ અનુમતિ આપવાથી રાજાએ પોતાના મ્હેલમાં આવી પુત્ર પુરૂષસિંહને ગાદી સોંપીને મંત્રી સાથે દીક્ષા લીધી. અને નિરતિચારપણે ચારિત્રનું પાલન કરતાં નવપૂર્વના જ્ઞાની થયા.

એક વખતે આ રાજર્ષિ મુનિ વિચારવા લાગ્યા કે સમ્યગ્જ્ઞાન રૂપ ચક્ષુના આપનાર, દુર્ગતિથી તારનાર એવા ગુરૂનો કરોડો ઉપાયો વડે પણ બદલો વાળી શકાય તેમ નથી. માતા, પિતા, સ્ત્રી, પુત્ર વગેરે સંસારી જનો તો પોતાના સ્વાર્થ માટે જ ઉપકાર કરે છે. પરંતુ ગુરૂ મહારાજ તો નિઃસ્વાર્થપણે ઉપકાર કરે છે, તેથી ખરા માતપિતા તો ગુરૂ મહારાજ જ છે. આ પ્રમાણે વિચારી પોતાના મનમાં અભિગ્રહ કર્યો કે આજથી મારે નિરંતર ગુરૂજનની ભક્તિ કરવી. આવો અભિગ્રહ ધારણ કરી દરરોજ તેત્રીસ આશાતના

ન લાગે તે રીતે ગુરૂનું વૈયાવચ્ચ કરતા છત્રીસ ગુણોનું ચિન્તવન કરતાં તથા બીજાની આગળ સ્તુતિ કરતાં તે રાજર્ષિ મુનિએ તીર્થંકર નામ કર્મનો નિકાચિત બંધ કર્યો.

એક વખતે ઇન્દ્ર મહારાજે પુરૂષોત્તમ મુનિની દેવ-સભામાં આ પ્રમાણે પ્રશંસા કરી, કે હાલમાં ભરત ક્ષેત્રમાં પુરૂષોત્તમ રાજર્ષિની જેવો ગુરૂ ભક્તિમાં તત્પર બીજો કોઈ નથી. તે સાંભળી એક ઇર્ષ્યાળુ મિથ્યાત્વી દેવ તેમની પરીક્ષા કરવા માટે મુનિનું રૂપ ધારણ કરીને મુનિ પાસે આવ્યો. તેમના અનેક અછતા દોષો પ્રગટ કરવા લાગ્યો. અનેક કડવા વચનો બોલીને તિરસ્કાર કરવા લાગ્યો પરંતુ મુનિ તો સમતાભાવ રાખે છે. કંટાળ્યા વિના પોતાની લઘુતા વિચારીને જરા પણ ચલાયમાન થયા નહિ. મુનિની આવી દૃઢ આસ્થાથી દેવ પ્રગટ થઈ મુનિને નમી અપરાધ ખમાવીને દેવલોકમાં ગયો. મુનિ પણ ગુરૂભક્તિ કરતાં અંતે એક માસનું અનશન કરી અચ્યુત કલ્પમાં મહા સમૃદ્ધિવાળા દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર પદવી પામી મોક્ષને પામશે. આ કથાનો સાર એ છે કે ભવ્ય જીવોએ પુરૂષોત્તમ મુનિની બીના વારંવાર વિચારીને 'ગરજ મટી ને વૈદ્ય વેરી' આ કહેવત પ્રમાણે થતી ભૂલ સુધારીને પરમ ઉલ્લાસથી ગુરૂ ભક્તિનો લાભ લઇ **તીર્થંકર પદવી** મેળવવી. ઉપસર્ગના પ્રસંગે ધૈર્ય રાખવું. કપટને કરવાની ના કહી છે, પણ ઓળખવાની ખાસ જરૂર છે. ઉપકારીનો ઉપકાર ભૂલવાથી, તેની સાથે શત્રુવટ રાખવાથી દુર્ગતિના ભયંકર દુઃખો ભોગવવા પડે છે.

# પાંચમા સ્થવિર પદના આરાધક શ્રી પદ્મોત્તર રાજાની કથા.

આ ભરત ક્ષેત્રમાં વારાણસી નગરીમાં પદ્મોત્તર નામે રાજા હતો. આ રાજાને ચાર રાણીઓ હતી. તેમના ઉપર કોશલ દેશનો સુગ્રીવ નામે રાજા મોહિત થયો, તેથી તેણે દૂત મોકલી પદ્મોત્તર રાજા પાસે તે ચાર સ્ત્રીઓની માગણી કરી. તેથી ક્રોધમાં આવેલા રાજાએ દૂતનો તિરસ્કાર કરીને સભામાંથી કાઢી મૂકયો. દૂતે તે હકીકત સુગ્રીવ રાજાને કહી, તેથી પોતાનું મોટું સૈન્ય લઇને વારાણસી નગરીની ઉપર લડાઈ કરવા ચઢી આવ્યો. રાજા પદ્મોત્તર પણ પોતાનું સન્ય લઇ તેની સામે ગયો, તેને હરાવીને કાઢી મૂકયો, અને સુખે રહેવા લાગ્યો.

એક વખતે જેણે દેવનો દેખાવ કર્યો છે, તેવા એક ઇન્દ્રજાલિકે પદ્મોત્તર રાજાની સભા (કચેરી) માં આવીને કહ્યું કે હું વિદ્યાધર છું. આ મારી સાથે મારી સ્ત્રી છે, તેનું સુંદર રૂપ જોઇને મારા શત્રુ વજ્રદાઢ નામના વિદ્યાધરે તેનું હરણ કર્યું. મેં તેને હરાવી મારી સ્ત્રી પાછી મેળવી. પણ મારા ઉપર કોપેલો તે વિદ્યાધર ફરીથી મારી સાથે યુદ્ધ કરવા માગે છે માટે જ્યાં સુધી હું તેની સાથે યુદ્ધ કરીને આવું ત્યાં સુધી આ મારી સ્ત્રી આપના શરણે મૂકી જાઉં છું, કારણ કે આપની પરનારી સહોદર તરીકે પ્રખ્યાતિ છે. હું થોડી વારમાં શત્રુને હણીને આવું છું. માટે હું આવું ત્યાં સુધી આપ તેનું રક્ષણ કરો. એ પ્રમાણે બોલી તે વિદ્યાધર

આકાશ માર્ગે અદૃશ્ય થઈ ગયો. બધા સભાજનો આશ્ચર્ય પામી જોઈ રહ્યા.

થોડી વાર પછી આકાશમાંથી બે કપાએલા પગ રાજ-સભાના ચોકમાં પડયા, ત્યાર પછી બે ભુજાઓ એમ અનુક્રમે બધા અવયવો કપાઇને પડયા. તે અવયવોને પોતાના પતિના અવયવો તરીકે ઓળખીને તે વિદ્યાધરી અતિ રૂદન કરવા લાગી, અને ઘણું કલ્પાંત કરવા લાગી. અને રાજાને કહેવા લાગી કે હવે હું કોઇ પણ રીતે જીવી શકીશ નહિ, માટે મારા માટે ચિતા ખડકાવો. તેમાં પડીને હું મારા પતિની પાછળ સતી થવા માગું છું. રાજાએ ઘણી રીતે સમજાવી છતાં તે કોઇ રીતે ન સમજી ત્યારે રાજાએ ચિતા ખડકાવી, તેમાં તે સ્ત્રી બળી મરી. ત્યાર પછી થોડી જ વારમાં તે ઇન્દ્રજાલિક વિદ્યાધર હસતો હસતો સભામાં આવ્યો. તેને જીવતો આવતો જોઈ સભાજનો બહુજ આશ્ચર્ય પામ્યા. તેણે તેની સ્ત્રીની માગણી કરી ત્યારે રાજાએ બધી હકીકત તેને જણાવી. પરંતુ તે તો કહેવા લાગ્યો કે તમારી બુદ્ધિ બગડી છે માટે મારી સ્ત્રીને તમે આપવા માગતા નથી. રાજાએ કહ્યું કે તે સ્ત્રી તો મારે બેન જેવી છે. એ પ્રમાણે તેમનો વાદવિવાદ ચાલે છે એટલામાં તે સ્ત્રી પણ અચાનક પ્રગટ થઈ વિદ્યાધરની ડાબી બાજુએ આવીને ઉભી રહી. આવું જોઇને રાજા સહિત બધા સભાજનો ઘણો અચંબો પામ્યા. રાજાએ આનું કારણ પૂછવાથી ઇન્દ્રજાલિકે કહ્યું કે હે રાજન્! તમને પ્રતિબોધ પમાડવા માટે મેં આ ઇન્દ્રજાલની રચના કરી હતી તે જેમ મિથ્યા છે તેમ આ

જે સંસારમાં સ્ત્રી વિગેરે પદાર્થો દેખાય છે તે બધાએ ક્ષણ વારમાં નાશ પામી જાય એવા છે. આ બધી રાજલક્ષ્મી, વૈભવ, સુંદર સ્ત્રીઓ સર્વે નાશવંત છે એવું જાણીને ભોગનો ત્યાગ કરનારા જીવો જ ખરા સુખને પામી શકે છે. અને જો આપણે બ્હાદુર બનીને ઉભે પગે તે પદાર્થોનો ત્યાગ ન કરીએ તો તે ભોગાદિક પદાર્થો એક વખત આપણને છોડીને જરૂર ચાલ્યા જશે. માટે તેવા પદાર્થોમાં રાગ શા માટે રાખવો ? ઇન્દ્રજાલિકનાં આ વચનો સાંભળી રાજા વૈરાગ્ય પામ્યો. ઇન્દ્રજાલિકને કરોડ સોનૈયા આપી રાજાએ રાજી કર્યો.

બીજે દીવસે દેવપ્રભ નામના આચાર્ય ત્યાં પધાર્યા. નગરજનોને સાથે લઇને રાજા વિગેરે પણ ગુરૂને વંદન કરવા આવ્યા. ગુરૂએ આપેલા ઉપદેશથી બોધ પામેલા રાજાએ પુત્રને રાજ્ય સોંપીને ગુરૂ પાસે દીક્ષા ગ્રહણ કરી. તે મુનિ નિર્મળ ચારિત્ર પાલી અગ્યાર અંગ ભણ્યા.

એક વખત ગુરૂના મુખથી સ્થવિર એટલે વૃદ્ધ મુનિની ભકિતનું માહાત્મ્ય આ પ્રમાણે તેમણે સાંભળ્યું. જે ભવ્ય જીવો ઉંમરમાં, દીક્ષાના પર્યાયમાં અને સૂત્રાર્થના બોધમાં વૃદ્ધ (મોટા) હોય તેમજ તપસ્વી હોય તેવા સ્થવિર મુનિની નિષ્કપટ અને નિરભિમાનપણે પરમ ઉલ્લાસથી (વેઠ માનીને નહિ ) ભક્તિ કરે, તે ભવ્ય જીવો કર્મથી મલિન બનેલા પોતાના આત્માને જરૂર નિર્મલ બનાવી શકે છે, અને ઉંચ ગોત્રનો બંધ કરે છે તથા તીર્થંકર પદવીને પણ પામે છે. આવું સ્થવિર ભકિતનું માહાત્મ્ય સાંભળીને તે રાજર્ષિ મુનિએ એવો અભિગ્રહ ધારણ કર્યો કે જ્યાં સુધી હું જીવું

ત્યાં સુધી મારે હંમેશાં મારાથી વય, પર્યાય, શ્રુતમાં મોટા સાધુઓની ભક્તપાનાદિક વડે ભક્તિ કર્યા પછી ભોજન કરવું. આ પ્રમાણે હંમેશાં પરમ ઉલ્લાસથી ભક્તિ કરવા લાગ્યા. ઈન્દ્રે સભામાં તે મુનિના વખાણ કર્યા, તે સાંભળીને બે દેવો તેમની પરીક્ષા કરવા આવ્યા. એક દેવે તેમની પ્રશંસા કરી અને બીજાએ તેમની નિંદા કરી તો પણ તે રાજર્ષિ મુનિએ લગાર પણ રાગ દ્વેષ કર્યો નહિ, તેથી દેવો પ્રશંસા કરીને સ્વર્ગે ગયા. એ પ્રમાણે વૃદ્ધ મુનિઓની ભક્તિ કરતાં તેમણે તીર્થંકર નામ કર્મનો નિકાચિત બંધ કર્યો. અંતિમ સમયે સમાધિ મરણ પામીને મહા શુક્ર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. અહીંથી ચ્યવીને મહાવિદેહમાં તીર્થંકર થઈને સિદ્ધિના સુખને પામશે.

## છઠ્ઠા શ્રી બહુશ્રુત પદના આરાધક શ્રી મહેન્દ્રપાલ રાજાની કથા.

આ ભરત ક્ષેત્રમાં સોપારકપટ્ટણ નામના નગરમાં મહેન્દ્રપાલ નામે રાજા હતો. પરંતુ તે મિથ્યાત્વી હતો. આ રાજાને એક બુદ્ધિમાન પ્રધાન હતો. તે પ્રધાનને જૈન ધર્મનો રાગી શ્રુતશીલ નામે ભાઈ હતો. તે રાજાને ઘણો જ વ્હાલો હતો. એક વખત સુંદર રાગથી ગાયન કરતી ચંડાળ સ્ત્રીને જોઈને રાજા તેના ઉપર મોહિત થયો. ત્યારે શ્રુતશીલે રાજાનો અભિપ્રાય જાણીને રાજાને કહ્યું કે પરનારીનો સંગ મહા દુઃખદાયી છે. જો રાજા જ અનીતિના માર્ગે જાય તો બીજાને તે કઈ રીતે રોકી શકશે? ઘણી રીતે રાજાને સમજાવ્યા

છતાં મોહિત થએલો રાજા તે વિચારથી પાછો હઠયો નહિ. ત્યારે રાજ્યનું ભલું ઇચ્છનાર મંત્રીએ રાજ્યની અધિષ્ઠાયિકા દેવીનું સ્મરણ કર્યું. દેવી પ્રગટ થઇ. મંત્રીએ સર્વ હકીકત કહી, ત્યારે દેવીએ કહ્યું કે રાજા પશ્ચાત્તાપ કરે ત્યારે મને યાદ કરજે, હું તેને શાંતિ પમાડીશ. એમ કહી રાજાના શરીરમાં વ્યાધિ પ્રગટાવી અદૃશ્ય થઇ. વ્યાધિથી વ્યાકુળ થએલો રાજા મનથી કરેલા પાપનું આ ફળ જાણીને પશ્ચાત્તાપ કરવા લાગ્યો. એટલે મંત્રીએ યાદ કરેલી દેવીએ વ્યાધિની પીડા શમાવી દીધી. જેથી રાજા સારો થયો.

રાજાએ મંત્રીને પૂછ્યું કે માનસિક પાપની શુદ્ધિ શી રીતે થાય? ત્યારે મંત્રીએ પંડિતોને બોલાવીને નિર્ણય કરાવવા કહ્યું. રાજાએ પંડિતોને બોલાવ્યા ત્યારે કોઇએ કહ્યું કે ગંગાજળના પાનથી પાપ શુદ્ધિ થાય, કોઇએ કહ્યું કે અગ્નિ હોમ કરી વેદ પુરાણની કથા શ્રવણ કરવાથી પાપની શુદ્ધિ થાય. કોઇએ કહ્યું કે અડસઠ તીર્થની યાત્રા કરી નર્મદાની માટીનો લેપ કરવાથી પાપની શુદ્ધિ થાય. કોઇએ કહ્યું કે બ્રાહ્મણોને દાન આપવાથી પાપની શુદ્ધિ થાય. વિગેરે જુદાં જુદાં કારણો કહ્યાં. પરંતુ આ ઉપાયો રાજાને ગમ્યા નહિ. બીજે દિવસે નગર બહાર શ્રીષેણ નામે મુનીશ્વર પધાર્યા. તેમને વંદન કરવા મંત્રી વગેરે પરિવાર સાથે રાજા ગયો, ત્યાં રાજાએ શ્રી ગુરૂ મહારાજને મનથી થએલા પાપની શુદ્ધિનો ઉપાય પૂછ્યો. ત્યારે ગુરૂએ કહ્યું કે ૧ બાહ્ય શુદ્ધિ ૨ અભ્યંતર શુદ્ધિ એમ બે પ્રકારની શુદ્ધિમાં જળાદિકથી શરીરની બાહ્ય શુદ્ધિ થાય છે અને જ્ઞાન ધ્યાન તથા તપરૂપી

પાણીથી અન્તર ( મન ) ની શુદ્ધિ થાય છે. માટે કામરાગથી થએલ મનના પાપની શુદ્ધિ પાણીથી નહિ પરંતુ જ્ઞાન ધ્યાન વિગેરેથી જ થઈ શકે છે. આ ઉપદેશથી પ્રતિબોધ પામી શ્રુતશીલે ચારિત્ર લીધું. રાજાને પ્રતિબોધ પમાડી ગુરૂએ અન્યત્ર વિહાર કર્યો.

કેટલાક વખત પછી શ્રી સમંતભદ્રાચાર્ય નામે શ્રુતકેવલી ત્યાં સમોસર્યા. રાજા પરિવાર સાથે તેમને વંદન કરવા ગયા. ત્યાં ગુરૂના ઉપદેશથી પ્રતિબોધ પામી રાજાએ પોતાના પુત્ર જયન્તકુમારને ગાદીએ બેસાર્યો અને પોતે મંત્રી સાથે ગુરૂ પાસે ચારિત્ર લીધું. ગુરૂ પાસે અગિઆર અંગ ભણ્યા. એક દિવસ શ્રી ગુરૂમહારાજે કહેલી વીસ સ્થાનકની આરાધના સંબંધી દેશના સાંભળી કે વીસે સ્થાનકની અથવા તેમાંના એક પદની પણ વિશુદ્ધ આરાધના કરાય તો તેથી વિશ્વને પૂજ્ય તીર્થંકર નામ કર્મનો નિકાચિત બંધ થાય છે. ગુરૂનું આ વચન સાંભળી રાજર્ષિ મુનિએ અભિગ્રહ લીધો કે હું જીવું ત્યાં સુધી મારે બહુશ્રુત મુનિઓનું વાત્સલ્ય કરવું. એ પ્રમાણે અભિગ્રહ લઇને તે નિયમનું નિશ્ચલપણે પાલન કરવા લાગ્યા. ઇન્દ્ર મહારાજે દેવસભામાં પ્રશંસા કરવાથી તેમની પરીક્ષા કરવા માટે ધનદ નામે દેવ જ્યાં મુનિરાજ હતા ત્યાં આવી શેઠ બની ઘર માંડીને રહ્યા. તે વખતે એક ગ્લાન સાધુને માટે કોળાપાકની શોધ કરતાં તે મુનિ આ નવીન શેઠને ત્યાં ધર્મલાભ આપી ઉભા રહ્યા. શેઠના પૂછવાથી કોળાપાકની જરૂર છે એવું જણાવ્યું. ત્યારે તે શેઠે મધુર વચને કહ્યું કે હે સ્વામિ! મારે ત્યાં જોઇએ તેટલો કોળા પાક

છે. પછી અંદર જઈ કોળાપાક લાવી મુનિને વહોરાવવા માંડયો. ત્યારે "આની આંખ મીંચાતી નથી, તેથી તે નક્કી દેવ જ છે. અને તેથી તેની ભિક્ષા સાધુને કલ્પે નહિ." એવું વિચારી ત્યાંથી બીજે ચાલ્યા ગયા. તેથી રોષે ભરાઈને તે સાધુ મુનિ જ્યાં જાય ત્યાં દરેક સ્થળે ઉપદ્રવ કરવા લાગ્યો. ગોચરી અશુદ્ધ કરવા લાગ્યો. તો પણ મુનિ દીલગીર થયા નહિ. મુનિને અભિગ્રહ પાલવામાં મજબૂત જાણી દેવે પ્રગટ થઇ પોતાનો અપરાધ ખમાવ્યો વંદન કરી સ્વર્ગે ગયો. એવી રીતે ભાવપૂર્વક બહુશ્રુતનું આરાધન કરવાથી તેમણે નિકાચિત ભાવે તીર્થંકર નામ કર્મ બાંધ્યું. અનુક્રમે કાળધર્મ પામી નવમા ગ્રૈવેયકે દેવ થયા. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થઈ સિદ્ધ થશે. આ કથાનો સાર લઇને ભવ્ય જીવોએ મહેન્દ્રપાલની માફક પાપની શુદ્ધિ કરવી. બહુશ્રુતની વૈયાવચ્ચ કરીને તીર્થંકર પદવી મેળવવી. બહુશ્રુતની નિંદા કરવાથી સંસારમાં ભયંકર દુઃખો રીબાઇ રીબાઇને ભોગવવા પડે છે, એ યાદ રાખવું. બહુશ્રુતની ભકિત કરનાર ભવ્ય જીવોને હું વંદના કરૂં છું.

## સાતમા શ્રી તપ પદના (તપસ્વિ પદના) આરાધક શ્રી વીરભદ્ર શેઠની કથા.

અવન્તી દેશમાં વિશાલા નામની નગરીમાં શેઠ વૃષભદાસ રહેતા હતા. તેને વીરમતી નામની ભાર્યાથી વીરભદ્ર નામે પુત્ર થયો. તે અનુક્રમે ઉંમરે વધતાં સર્વ કળામાં કુશળ થયો. વીરભદ્રના રૂપ ગુણની બીના સાંભળીને સાગરદત્ત શેઠે પોતાની

પ્રિયદર્શના નામની પુત્રી પરણાવી. ત્યાર પછી ધન કમાવાના ઈરાદાથી પરદેશમાં ગએલા વીરભદ્રે પોતે મેળવેલી વિદ્યાના બળથી રાજપુત્રી અનંગ સુંદરી તથા વિદ્યાધર પુત્રી રત્નપ્રભા સાથે લગ્ન કર્યું અને ઘણું ધન તથા ત્રણ સ્ત્રીઓ લઈને પોતાના નગરમાં પાછો ફર્યો અને સુખપૂર્વક પોતાનો કાળ ગાળવા લાગ્યો. તેને ત્રણ સ્ત્રીઓથી ત્રણ પુત્રો થયા.

ત્યાર પછી પોતાનું ભોગાવળી કર્મ ક્ષીણ થવાથી વીરભદ્રે પોતાની ત્રણ સ્ત્રીઓ વગેરે સાથે ચારિત્ર લીધું અને તેનું ભાવપૂર્વક પાલન કરતા ગુરૂ સાથે વિચરવા લાગ્યા.

એક વખતે ગુરૂના મુખથી સાંભળ્યું કે વિષય સુખથી વિરામ પામેલા અને મોક્ષને માટે તપસ્યા કરનાર તપસ્વીની ભાવપૂર્વક ભકિત કરનાર મહા પુણ્યશાલી જીવો ત્રણ જગતને વાંદવા યોગ્ય તીર્થંકરની ઋદ્ધિને પણ પામે છે. આ પ્રમાણે તપસ્વીની ભકિતનું ફળ જાણીને શ્રી વીરભદ્ર મુનિએ અભિગ્રહ લીધો કે આજથી મારે દરરોજ તપસ્વી મુનિવરોનું વાત્સલ્ય કરવું. આ અભિગ્રહ પ્રમાણે તેઓ તપસ્વીઓની ઔષધ વિગેરે લાવવા વિગેરે પ્રકારેથી દરરોજ ભકિત કરવા લાગ્યા.

ગુરૂ સાથે વિહાર કરતા વીરભદ્ર મુનિ શાલીગ્રામમાં આવ્યા. ત્યાં વીરભદ્ર મુનિની પરીક્ષા કરવા કોઇક દેવ એક માસના ઉપવાસી સાધુનું રૂપ લઈ આવ્યો. ને તેણે પારણું કરવાની ઇચ્છા જણાવી. વીરભદ્ર મુનિ નદી ઓળંગી નગરમાં ગોચરી માટે ગયા. ગોચરી લઈ પાછા ફર્યા, તેવામાં દેવમાયાથી નદીમાં પાણીનું પૂર આવેલું જોયું. તે જોઈ મુનિ નદીના

કાંઠે આવી ઉભા. લોકોએ કહ્યું કે મહારાજ! આ ચઢેલું પૂર હમણાં ઉતરશે નહિ માટે આપ કોઇ ગૃહસ્થના ઘેર રહી આહાર કરો. પૂર ઉતરે ત્યારે વિહાર કરજો.

લોકોનાં આવાં વચન સાંભળી વીરભદ્ર મુનિ વિચારવા લાગ્યા કે માસોપવાસી તપસ્વી મુનિ અને ગુરૂને આહાર કરાવ્યા વિના મારાથી કેમ આહાર થાય. મારા ભાગ્યયોગે તપસ્વી મુનિ આવ્યા, તેઓ ભૂખ્યા છે, મારાથી ત્યાં જઇ શકાય તેમ નથી, ભાગ્ય હોય તો જ તપસ્વીનું સ્વાગત વિગેરે તથા ગુરૂનું વૈયાવચ્ચ પૂર્વ પુણ્યનો સંયોગ હોય તોજ બની શકે છે. હું નિર્ભાગી છું. પોતે આવી શુભ ભાવના ભાવે છે તેવામાં પેલા દેવે પ્રત્યક્ષ થઇ નમસ્કાર કરી કહ્યું કે હે મુનિ! તમને ધન્યવાદ આપું છું. કારણ કે તપસ્વી સાધુ ઉપર આપની નિશ્ચળ ભક્તિ છે. આપની પરીક્ષા કરવા માટે મેં નદીમાં પૂર લાવીને અંતરાય કર્યો, તે મારો ગુનો માફ કરો. એમ કહી નદીનું પૂર સંહરી લીધું. પછી તે દેવે ગુરૂ પાસે આવી પૂછયું કે હે પ્રભો! તે મુનિ આવી ભાવનાથી કેવું ફળ પામશે? ગુરૂએ કહ્યું કે આગામી કાળમાં તેઓ તીર્થંકર થશે. આ પ્રમાણે ગુરૂનાં વચન સાંભળી દેવ દેવ-લોકમાં ગયો. વીરભદ્રમુનિ પણ કાળધર્મ પામી અચ્યુત કલ્પે દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં તીર્થંકર થઇ મોક્ષે જશે. આ કથાનો સાર એ છે કે પ્રબલ પૂણ્યાઇથી સુખના સાધનો મળે છે. તેવી પુણ્યાઇ શ્રી જિન ધર્મની સેવાથી જ મળી શકે છે. મુનિનો પવિત્ર વ્યવહાર કેવો છે તે પણ અહીં સમજવા જેવો છે. ભવ્ય જીવોએ શ્રી વીરભદ્રમુનિની

માફક વૈયાવચ્ચ ગુણની સેવા કરી જિન પદવી મેળવવી. હું તેમને ત્રિવિધે ત્રિવિધે વંદન કરૂં છું.

## આઠમા જ્ઞાન પદના આરાધક શ્રી જયન્ત-દેવ રાજાની કથા.

કૌશામ્બી નગરીમાં જયન્તદેવ નામે રાજા હતો. તે એક વખત અંતઃપુર સહિત ક્રીડા કરવા ગયો. ત્યાંથી પાછા ફરતા ધર્મ દેશના આપતા યશોદેવ મુનિરાજને જોઇ રાજા હાથી ઉપરથી ઉતરી મુનિને વંદના કરી દેશના સાંભળવા બેઠો. ગુરૂએ દેશનામાં કહ્યું કે મનુષ્ય ભવ આર્યક્ષેત્ર ઉત્તમ કુળ વગેરે પામીને હે ભવ્ય જીવો! તમે જ્ઞાન ગુણને પામવા ઉદ્યમ કરો. કારણ કે જ્ઞાનના પ્રભાવે નિરતિચાર ચારિત્ર પાળી શકાય છે. અને અનન્ત અવ્યાબાધ મોક્ષસુખ પણ મળે છે. વળી જ્ઞાનીનું લોકોમાં પણ બહુમાન થાય છે. આવી દેશના સાંભળી રાજાએ ગુરૂને પૂછયું કે હું જ્ઞાની છું કે અજ્ઞાની? ત્યારે ગુરૂએ કહ્યું કે જેઓ સંસારનાં જરા મરણ વ્યાધિ વગેરે દુઃખોને જોઈને ત્રાસ પામતા નથી તેમને જ્ઞાની કેમ કહેવાય?

ગુરૂનું વચન સાંભળીને વૈરાગ્યને પામેલા જયન્તદેવ રાજાએ પોતાના જયવર્મ પુત્રને ગાદીએ બેસાડી પોતે ગુરૂ પાસે ચારિત્ર લીધું. અને ગુરૂ પાસે રહી નિરંતર નિરતિચાર ચારિત્રને સાધતાં અનુક્રમે બાર અંગોનો અભ્યાસ કર્યો.

કેટલોક સમય ગયા બાદ મોહનીય કર્મના ઉદયથી

રાજર્ષિ ચારિત્ર પાલનમાં શિથિલ પરિણામી થયા, ત્યારે ગુરૂએ ઉપદેશ આપી તેમનો પ્રમાદ દૂર કર્યો. કારણ કે જ્ઞાનીને સુખે સમજાવી શકાય છે. ત્યાર પછી તે મુનિ પ્રમાદ ત્યજીને ઉપયોગ પૂર્વક ચારિત્ર પાલવા લાગ્યા. અને તેમણે એવો અભિગ્રહ કર્યો કે 'આજથી મારે નિરન્તર જ્ઞાન પદની આરાધના કરવી. આ પ્રમાણે અભિગ્રહ કરી નિદ્રા વગેરે પાંચ પ્રમાદો ત્યજી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાચવવા પૂર્વક ક્ષમા રૂપી તરવાર વડે કર્મશત્રુના સૈન્યને દૂર કરવા માંડયું. અંતે મુનિરાજનો વિજય થયો. તે વખતે મુનિરાજની પરીક્ષા કરવા માટે ઇન્દ્ર મહારાજ અનુપમ સૌન્દર્યવાળી દેવાંગનાનું રૂપ ધારણ કરીને મુનિને ચળાયમાન કરવા આવ્યા. મુનિને અનેક પ્રકારના હાવ ભાવપૂર્વક કામોદ્દીપક વચન કહેવા લાગ્યા. પરંતુ મુનિ મેરૂની જેમ અચળ રહ્યા. આ પ્રમાણે અનુકૂળ ઉપસર્ગના પ્રસંગે પણ શ્રુત જ્ઞાનના ઉપયોગથી ન ચળ્યા ત્યારે ઇન્દ્રે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લીધું. હાથમાં લાકડી લઇ ધીરે ધીરે મુનિ પાસે આવી કહ્યું કે હવે મારૂં આયુષ્ય કેટલું બાકી છે. ત્યારે મુનિએ કહ્યું કે હે સુરેશ! કંઇક ઓછા બે સાગરોપમ જેટલું બાકી છે. મુનિએ 'પોતાને ઓળખ્યો છે.' એમ જાણી ઇન્દ્ર પ્રત્યક્ષ થઇ બોલ્યા કે હે મુનીશ! આપને ધન્ય છે, કારણ કે આપ દેવાંગનાના વચનથી પણ ચળ્યા નહિ તેથી હું આપને પ્રણામ કરૂં છું. આપ નિગોદનું સ્વરૂપ કહો. ત્યારે મુનિએ નિગોદનું યથાર્થ સ્વરૂપ સમજાવ્યું. તે સાંભળી પ્રસન્ન થઇ ઇન્દ્ર મુનિના ગુરૂ પાસે આવ્યા અને પૂછ્યું કે જયન્ત મુનિ આવા જ્ઞાનોપયોગથી

એટલે જ્ઞાન પદની આરાધના કરવાથી શું ફળ પામશે? ગુરૂએ કહ્યું કે તીર્થંકર પદવીને પામશે. પછી દેવેન્દ્ર સ્વસ્થાને ગયા. જયન્ત મુનિ જ્ઞાન પદની આરાધનાના પ્રભાવે જિન નામ કર્મનો નિકાચિત બંધ કરીને નિર્મળ ચારિત્ર પાળીને મહાશુક્ર દેવલોકમાં ઉત્તમ દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થઇ મોક્ષે જશે. આ કથાનો સાર એ છે કે જયંત મુનિની માફક ભવ્ય જીવોએ નિર્મલ જ્ઞાનની આરાધના પરમ ઉલ્લાસથી કરી મોહને હરાવી જિનપદવી મેળવવી.

## નવમા દર્શન ( સમ્યક્ત્વ ) પદના આરાધક શ્રી હરિ વિક્રમ રાજાની કથા.

આ ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નામે નગરમાં હરિષેણ નામનો રાજા હતો. તેને હરિવિક્રમ નામે પુત્ર હતો. તે યુવાન થયો ત્યારે રાજાએ બત્રીસ કન્યાઓ પરણાવી. કેટલાક વખત પછી પાપના ઉદયથી કુંવરના શરીરમાં એક સાથે આઠ જાતના કોઢ ઉત્પન્ન થયા. તેની આકરી વેદનાથી તે કુંવર રાંકની જેમ ઘણું રૂદન કરવા લાગ્યો. ઘણા ઉપચાર કર્યા છતાં કુંવરનો રોગ જરા પણ શાંત થયો નહિ. ત્યારે તેણે ધનંજય નામના યક્ષની માનતા માની કે જો મારો રોગ મટશે તો તારી યાત્રા કરી અન્ન લઈશ અને પૂજા કરી ભોગ ચઢાવીશ. એ પ્રમાણે રોગથી પીડાએલા કુંવરે પુણ્ય પાપનો વિચાર કર્યા વગર મિથ્યાત્વ અંગીકાર કર્યું.

તે અવસરે ત્યાં ઉદ્યાનમાં એક કેવલી ભગવંત સમો-

સર્યા. રાજા કુંવરને લઇને ગુરૂને વાંદવા ગયા. કેવળી ગુરૂનાં દર્શન થતાં જ કુંવરના રેગ શાંત થઈ ગયા, શરીરે શીતળતા વ્યાપી, તેથી કુંવરે ગુરૂને હર્ષથી વંદન કર્યું. ત્યાર પછી ગુરૂએ પુણ્ય પાપ સંબંધી ધર્મોપદેશ આપ્યો. તે સાંભળી જિનેશ્વરે કહેલાં તત્ત્વ ઉપર રૂચિ થવાથી કુંવર ઉલ્લાસ પૂર્વક સમ્યક્ત્વ પામ્યો. ગુરૂએ સમકિતના ગુણ તથા તેના અતિચાર વગેરે બીના સમજાવી. ત્યાર પછી રાજા અને પુત્ર પોતાને સ્થાને ગયા.

હવે ધનંજય યક્ષ કુંવર પાસે પાડાનો ભોગ માગવા લાગ્યો. કુંવરે તેને જીવહિંસાથી બંધાતા પાપનું સ્વરૂપ વગેરે ઘણું સમજાવ્યું, પણ તે સમજ્યો નહિ. તેણે (યક્ષે) કોપાયમાન થઇને કુંવરને મોઘર મારી, તેથી કુંવર મૂર્છિત થઇ જમીન પર પડી ગયો. થોડી વારે શીતળ પવનથી કુંવર શુદ્ધિમાં આવ્યો ત્યારે યક્ષે કહ્યું કે મારે પાડાના ભોગની ઇચ્છા નથી, ફક્ત તું મને નમસ્કાર કર. ત્યારે કુંવરે કહ્યું કે જે જીવહિંસામાં આસક્ત હોય તેવા મિથ્યાત્વીને હું કદાપિ નમીશ નહિ. હું આ મસ્તક વડે સર્વ દોષ રહિત વીતરાગ સિવાય બીજાને નમસ્કાર કરીશ નહિ. તેની આવી દૃઢતા જોઈ યક્ષ પણ મિથ્યાત્વનો ત્યાગ કરીને સમકિતી થયો.

ત્યાર પછી કેટલાક વખતે કુંવર રાજા થયો. લડાઇ કરીને ઘણા દેશો જીત્યા. એ પછી રાજ્ય કરતાં ઘણો વખત ચાલ્યો ગયો. એક વખતે રાજા વિચારવા લાગ્યો કે મેં

ઘણાં વર્ષ રાજ્યસુખ ભોગવ્યું પણ આત્મહિત લગાર પણ કર્યું નહિ, માટે એવું કાંઇક કરૂં કે જેથી આત્માને મોક્ષનાં સુખ મળે. માટે સદ્‌ગુરૂ મહારાજની પાસે પાંચ મહાવ્રત ઉચ્ચર્યાં હોય તોજ મોક્ષના સુખ મળે. આવા વિચાર કરે છે તેવામાં અનેક સાધુના પરિવાર સાથે ચંદ્ર મુનિરાજ ઉદ્યાનમાં પધાર્યા. રાજા પરિવાર સાથે વાંદવા ગયો. ત્યાર પછી ગુરૂ મહારાજે દેશના આપી તેથી વૈરાગ્યપૂર્ણ હૃદય વાળા રાજાએ પોતાના વિક્રમસેન પુત્રને રાજ્ય સોંપીને ચારિત્ર ગ્રહણ કર્યું.

નિરતિચારપણે ચારિત્ર પાળતાં ગુરૂ પાસે બાર અંગનું અધ્યયન કર્યું. એક દિવસે ગુરૂના મુખથી તે રાજર્ષિ મુનિએ વીસ સ્થાનક તપનો મહિમા સાંભળ્યો. તેમાં નવમા દર્શન પદનો મહિમા સાંભળી તે દર્શનપદ ત્રિકરણ શુદ્ધે આરાધવાનો નિયમ લીધો, અને તેનું હંમેશાં શંકા રહિત પાલન કરવા લાગ્યા. એક વાર ગુરૂ મહારાજ સાથે વિહાર કરતા શ્રીપૂર નગરે આવ્યા. તેવામાં દેવસભામાં હરિવિક્રમ મુનિના દર્શન ગુણની પ્રશંસા સાંભળીને એક દેવ તેની પરીક્ષા કરવા માટે શ્રીપુર નગરમાં મોટો ઋદ્ધિવાળો સાર્થવાહ બની દેવમાયાથી સુંદર મ્હેલ બનાવી ત્યાં રહેવા લાગ્યો. એકદા હરિવિક્રમ મુનિ ગોચરીની શોધમાં તે સાર્થવાહને ત્યાં આવી ચઢયા. ત્યારે સાર્થવાહ મુનિને આદરપૂર્વક પ્રણામ કરી કહેવા લાગ્યો કે ફોગટ કષ્ટ આપનાર આ અર્હત દીક્ષાનો ત્યાગ કરી મારી પુત્રી સાથે પાણિગ્રહણ કરો. ઘેર ઘેર ભિક્ષા માગવાથી શું વળવાનું છે? તમે બૌદ્ધ ધર્મ અંગીકાર કરો.

મુનિને ઘણી રીતે લોભાવ્યા, પણ મુનિ ચલાયમાન થયા નહિ. ત્યારે પ્રસન્ન થએલા દેવે પ્રત્યક્ષ થઇ મુનિને કહ્યું કે હે મહાભાગ! તમને ધન્ય છે, કારણ કે મેં તમને ચળાવવાને પ્રયત્ન કર્યા પરંતુ તમે ચળ્યા નહિ. એમ સ્તવીને વંદન કરીને તે દેવલોકમાં ગયો.

એ પ્રમાણે નિર્મળ સમ્યકત્વના પ્રભાવે હરિવિક્રમ મુનિએ જિનનામ કર્મ બાંધ્યું. અનુક્રમે સમાધિ મરણ પામી વિજય નામના વિમાનમાં બત્રીસ સાગરોપમના આયુષ્યવાળા શ્રેષ્ઠ દેવ થયા ત્યાંથી ચ્યવી પૂર્વ વિદેહમાં તીર્થંકર થઇ મોક્ષે જશે. આ કથાનો સાર ગ્રહણ કરીને ભવ્ય જીવોએ નિર્મલ દર્શન ગુણ સાધીને તીર્થંકર પદવી મેળવી .

## દશમા વિનય પદના આરાધક શ્રી ધનશેઠની કથા.

આ ભરતક્ષેત્રમાં મૃત્તિકાવતી નામની નગરીમાં શ્રાવકના ગુણોને ધારણ કરનાર સુદત્ત શેઠ રહેતો હતો. તેને ધન અને ધરણ નામે બે પુત્રો હતા. તેમાં ધન નામનો પુત્ર ઉત્તમ ગુણવંત હતો, તેથી તે લોકમાં જશ પામ્યો અને ધરણ ક્રૂર અને ઇર્ષ્યાળુ હોવાથી નગરમાં અપકીર્તિ પામ્યો. ધનની કીર્તિથી તેના ઉપર ઈર્ષ્યાળુ ધરણ વડીલ બંધુને મારવાના વિચાર કરવા લાગ્યો. તેનું છિદ્ર ખોળવા લાગ્યો, પરંતુ ફાવ્યો નહિ ત્યારે મોટા ભાઇને કહ્યું કે આપણે હવે મોટા થયા છીએ, માટે ધન કમાવવાને માટે પરદેશ જઇએ. આજ દિન સુધી આપણે પિતાનું ધન અત્યાર સુધી વાપર્યું છે, હવે આપ કમાઇ વડે સુખ ભોગવીએ એ ઠીક કહેવાય. તેથી પરદેશ જઇને ભાગ્યની પરીક્ષા કરીએ.

ધરણુના પ્રપંચને નહિ જાણુનાર ધને તે બાબત હા પાડી, અને માતપિતાની રજા લઇને પરદેશ ચાલ્યા. રસ્તામાં ધરણે મોટા ભાઈને કહ્યું કે સંસારમાં સુખ ધર્મથી મળે કે પાપથી મળે ? ત્યારે ધને કહ્યું કે ધર્મથી સુખ, અર્થ ભોગ મળે છે, અને છેવટે સ્વર્ગ અને મોક્ષ પણ મળે છે. ત્યારે ધરણે કહ્યું કે તારૂં કહેવું ખોટું છે. કેમકે અધર્મથી જ લોકો સુખી જણાય છે. બંનેએ વિવાદમાં એવી શરત કરી કે લોકોમાં આપણા બંનેમાં જેની વાત સ.ચી ઠરે તે બીજાની આંખો કાઢી લે. આગળ જતાં એક ગામ આવ્યું, ત્યાં કોઈ નાસ્તિક અજ્ઞાની માણસને પૂછ્યું. જવાબમાં તે નાસ્તિકે કહ્યું કે અધર્મથી સુખ મળે છે. ધર્મ તો ભોળા લોકોને ઠગવા માટે પ્રપંચ રૂપ છે. મોટો ભાઈ ધન શરતમાં હારી ગયો તેથી ધરણે ભાઇના સ્નેહને ન ગણુકારતાં તેની બંને આંખો કાઢી લીધી. ત્યાંથી આગળ જતાં એક જંગલ આવ્યું, તેમાં ધનને એકલો મૂકી ધરણુ છાનોમાનો ઘેર પાછો ગયો અને કપટ ભાવે વિલાપ કરી કહેવા લાગ્યો કે રસ્તામાં વાઘે મારા ભાઇ ધનને ફાડી ખાધો અને હું નાસીને આવતો રહ્યો. આ વાત સાંભળી ધનના માતપિતા તથા સ્ત્રીએ ઘણું રૂદન કર્યું અને ધરણુ તો મનમાં બહુ જ રાજી થઇ ગયો.

પુણ્યયોગે વનમાં રહેલા ધનને વનદેવતાએ દીવ્ય અંજન આંજીને દેખતો કરી દીધો. તેથી ધને તેની સ્તુતિ કરી એટલે વનદેવતાએ તેને દીવ્ય અંજન આપ્યું. તેનાથી ધને સુભદ્રપુરના અરવિંદ રાજાની આંધળી થઇ ગએલી રાજકુ-

મારી પ્રભાવતીને દેખતી કરી તેથી તેને અર્ધું રાજ્ય મળ્યું અને રાજાએ તેને રાજકુમારી પરણાવી જમાઇ બનાવ્યો.

ધનદેવને રાજ્ય મળ્યાની અને તે જીવતો હોવાની વાત સાંભળી તેના માતપિતા વગેરે તો ખુશી થયા પણ ધરણ ખેદ પામી તેનો નાશ કરવાનો વિચાર કરી માતપિતાની રજા લઇ ભાઇને મળવા આવ્યો. સરળ સ્વભાવી ધને તેની પૂર્વની વાત ન સંભારતાં તેને પોતાની પાસે રાખ્યો અને ઘણું સન્માન આપવા લાગ્યો.

એક વખત ધરણે એકાન્તમાં રાજા પાસે જઈને કહ્યું કે હે મહારાજ! તમે જેને જમાઇ કર્યો તે તો અમારા ગામનો ધન નામે ચંડાળ છે. આ સાંભળી ક્રોધી બનેલા રાજાએ ધરણને રજા આપી. અને ધનદેવને ગુપ્ત રીતે મારી નાંખવાનો વિચાર કર્યો. મધ્ય રાત્રીએ ધનદેવને બોલાવવા માણસ મોકલ્યો અને માર્ગમાં મારાઓને 'તમે તેને આવે ત્યારે મારી નાખજો' એમ કહીને તૈયાર ગોઠવી રાખ્યા. પરંતુ જેનું આયુષ્ય બળવાન હોય તેને શું થાય? ધનને રાજાનો માણસ બોલાવવા આવ્યો ત્યારે ધરણ આગ્રહ કરી ધનદેવને બદલે રાજા પાસે ચાલ્યો. રસ્તામાં મારાઓએ તેને મારી નાખ્યો. તે મરીને સાતમી નરકે ગયો. આમાંથી શીખામણ મળે છે કે બીજાનું બૂરૂં ચિંતવતાં પોતાનું જ બૂરૂં થઇ જાય, માટે કોઈનું પણ બૂરૂં ચિંતવવું નહિ.

આ ધરણની સર્વ હકીકત સાંભળી વૈરાગ્ય આવવાથી

ધનદેવે ભુવનપ્રભ નામે મુનિ પાસે ચારિત્ર લીધું. અનુક્રમે સર્વ અંગ ઉપાંગનો અભ્યાસ કરી વિનય પૂર્વક ગુરૂ સાથે વિચરવા લાગ્યો. એક દિવસ ગુરૂના મુખથી આ પ્રમાણે વિનય ગુણની પ્રશંસા સાંભળી કે સર્વ ગુણોમાં વિનય ગુણ મોટો છે. તે વિનય ગુણથી જે ગુરૂજનને સંતોષે છે તે મોક્ષના શાશ્વત સુખને પામે છે. આવું સાંભળી શ્રી ધન-મુનિએ ગુરૂની કને ગુરૂ વિગેરે પંચ પરમેષ્ઠીનો ત્રિકરણ શુદ્ધિએ વિનય કરવાનો નિયમ લીધો.

એક વાર ગુરૂ સાથે વિહાર કરતાં સાકેતપુર નગરના ઉદ્યાનમાં આવ્યા. ત્યાં ચૈત્યમાં જિન પ્રતિમાની વિનય પૂર્વક સ્તુતિ કરતા ધન મુનિને જોઇને ભગવંતને વંદન કરવા આવેલા ધરણેન્દ્રે તેમની પરીક્ષા કરવા માટે સર્પ વિકુર્વ્યા. તે મુનિના શરીરે વીંટાયા તથા દંશ દેવા લાગ્યા, પણ મુનિ ચલાયમાન થયા નહિ. તેથી ધરણેન્દ્રે પ્રત્યક્ષ થઈ તેમની સ્તુતિ કરી. પછી ગુરૂ પાસે આવી ધરણેન્દ્રે પૂછ્યું કે ધન-મુનિ ઉત્તમ વિનય ગુણથી શું ફળ પામશે? ત્યારે ગુરૂએ કહ્યું કે તેમણે જિનનામનો નિકાચિત બંધ કર્યો છે. ધન-મુનિ સમાધિ પૂર્વક કાળધર્મ પામી સહસ્રાર દેવ લોકમાં ઉત્તમ દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં તીર્થંકર પદ પામી મોક્ષે જશે. આ કથાનો સાર એ છે કે વિનય ગુણ તીર્થંકર પદવીને પણ આપે છે. તેથી ભવ્ય જીવોએ શ્રી અરિહંત વિગેરે પૂજ્યવરોનો પરમ ઉલ્લાસથી વિનય કરીને શ્રી તીર્થંકર પદવી પણ મેળવવી.

# અગિઆરમા આવશ્યક પદના આરાધક શ્રી અરૂણદેવની કથા.

આ ભરતક્ષેત્રમાં મણિમંદિર નામના નગરમાં મણિશેખર નામે રાજા હતો. તેનો અરૂણદેવ નામે પુત્ર હતો. આ અરૂણદેવે યુવાવસ્થામાં પરદેશ જઇ અનેક જાતનાં પરાક્રમ કરી વિદ્યાધરોને હરાવી ઘણી ઋદ્ધિ મેળવી હતી તથા વિદ્યાધર પુત્રી શાન્તિમતી સાથે પાણિગ્રહણ કર્યું હતું. મણિશેખર રાજાએ દીક્ષા લીધી ત્યારે અરૂણપ્રભ રાજા થયો તે ન્યાય પૂર્વક રાજ્યનું પાલન કરવા લાગ્યો. તેને પદ્મશેખર નામે પુત્ર હતો.

અરૂણદેવ એક વખત ઉદ્યાનમાં ફરવા ગયો. ત્યાં શાંત મુદ્રાએ રહેલા રાજર્ષિ મુનિને જોયા. તેમને જોવાથી અરૂણદેવને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેમની દેશના સાંભળી વૈરાગ્ય પામી પુત્રને રાજ્ય સોંપી રાજાએ અને રાણીએ ચારિત્ર લીધું. શાન્તિમતીએ પણ તેમજ કર્યું. અરૂણદેવ મુનિ બાર અંગો ભણ્યા. નિરતિચારપણે ચારિત્ર પાળી કર્મનો નાશ કરવા લાગ્યા.

એક વાર ગુરૂના મુખથી વીસ સ્થાનકનો મહિમા સાંભળ્યો, તેમાં અગ્યારમા આવશ્યક પદને અંગે આ પ્રમાણે સાંભળ્યું—“જે કોઈ સામાયિકાદિ ષડાવશ્યક ત્રિકરણ શુદ્ધે શુદ્ધ ઉપયોગથી આરાધે તે જિનનામ કર્મને બાંધે છે. સામાયિકથી સંયમ નિર્મળ થાય છે. ચતુર્વિંશતિસ્તવથી સમકિત શુદ્ધ થાય છે. વંદનથી ગુરૂજનની સેવાભક્તિ થાય

છે. પ્રતિક્રમણથી આત્મગર્હા થાય છે. કાયોત્સર્ગથી ચારિત્રના અતીચાર દૂર થાય છે અને પ્રત્યાખ્યાનથી તપની વિશુદ્ધિ થાય છે.

ગુરૂમુખથી આવશ્યક પદ આરાધવાનું ફળ જાણી રાજર્ષિ મુનિ અરૂણદેવે તેનો નિયમ અંગીકાર કર્યો, અને પ્રમાદ રહિત ઉપયોગ પૂર્વક આવશ્યક પદની આરાધના કરીને જિનનામ કર્મનો નિકાચિત બંધ કર્યો. તે મુનિની પરીક્ષા કરવા માટે લક્ષ્મીદેવીએ છ મહિના અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગો કર્યા, પણ મુનિ જરા પણ ડગ્યા નહિ. ત્યારે દેવીએ પ્રગટ થઇ સ્તુતિ કરી કે હે મુનિ! આપ ધન્ય છો. જગતમાં દ્રવ્યાવશ્યક કરનારા જીવો તો ઘણા છે, પરંતુ આપની જેવા ભાવાવશ્યક કરનાર તો વીરલા જ હોય છે. મેં આપને ઉપસર્ગો કર્યા તેની ક્ષમા માગું છું. એ પ્રમાણે કહી મુનિના ગુણની સ્તુતિ કરી દેવી સ્વર્ગમાં ગઇ. અરૂણપ્રભ મુનિ નિરતિચારપણે ચારિત્રનું પાલન કરી અનશન કરી બારમા દેવલોકે ઉત્તમ દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં તીર્થંકર પદ પામી મોક્ષે જશે. આ બીના યાદ રાખીને ભવ્ય જીવોએ આવશ્યક પદની પરમ ઉલ્લાસથી નિર્મલ આરાધના કરીને તીર્થંકર પદવીને પણ મેળવવી.

## બારમા શીલ પદના આરાધક શ્રી ચંદ્રવર્મા રાજાની કથા

આ ભરત ક્ષેત્રમાં માકંદીપુર નામે નગરનો ચંદ્રવર્મા રાજા હતો. તેની શીલવંતી ચંદ્રાવળી નામે રાણી હતી. એક

વખતે તે નગરના ઉદ્યાનમાં ચાર જ્ઞાની ચક્રેશ્વર નામના આચાર્ય સમવસર્યા. ઉદ્યાનપાળકે ગુરૂ પધાર્યાની ખબર આપવાથી રાજા પરિવાર સાથે ઠાઠમાઠથી ગુરૂને વંદન કરવા ગયો. માર્ગમાં રાજાએ સમતા રસથી ભરપુર, નેત્રને આનંદ આપનાર, સુવર્ણ સમાન કાંતિવાળા બે મુનિઓને કાઉસગ્ગમાં રહેલા જોયા. યુવાવસ્થામાં આવા દુષ્કર વ્રતનું પાલન કરતા તે બેને જોઇ રાજા વિસ્મય પામ્યો. પછી ગુરૂ ચક્રેશ્વરસૂરિની પાસે આવી વંદન કરી યોગ્યાસને બેસી તેમને પૂછ્યું કે મેં માર્ગમાં આવતા બે સુકુમાર દેહવાળા અને યુવાન વયવાળા સાધુઓને જોયા. તેમણે શા કારણથી ચારિત્ર ગ્રહણ કર્યું તે કૃપા કરીને કહો.

ગુરૂએ તે બંનેનું ચારિત્ર લેવાનું કારણ વિસ્તારથી રાજા આગળ જણાવ્યું જેનો ટુંક સાર એ હતો કે તે બંને જણાઓને એવી વિચિત્ર સ્વભાવવાળી સ્ત્રીઓ મળી હતી કે જેમનાં ચરિત્ર જાણીને તે બંનેને સંસાર ઉપર વૈરાગ્ય ભાવ થયો હતો અને તેથી બંનેએ સ્ત્રીઓથી કંટાળીને દીક્ષા લીધી હતી.

ત્યાર પછી રાજાએ આચાર્યને પૂછ્યુ કે તમે શા કારણથી દીક્ષા લીધી? ત્યારે ગુરૂએ કહ્યું કે ગૃહવાસમાં રહેવાથી સર્વથા છક્કાય જીવોનું રક્ષણ થઈ શકતું નથી. કારણ કે ઘર, ઘંટી પ્રમુખથી મહા પાપારંભ થાય છે. તેથી છક્કાય જીવોની હિંસા થાય છે. વળી એક વખતના સ્ત્રી સંભોગથી નવ લાખ જીવોની હિંસા થાય છે. મથુન સેવનથી

મરણુ પામતા જીવોને અભયદાન આપી મૈથુનનો ત્યાગ કરનાર પુરૂષો આ જગતમાં વિરલા જ જણાય છે. આ વિચારથી મેં ચારિત્ર અંગીકાર કર્યું છે.

આ પ્રમાણે ગુરૂનો ઉપદેશ સાંભળી પ્રતિબોધ પામેલા ચંદ્રવર્મા રાજાએ ગુરૂને વંદન કરી મ્હેલમાં આવી પોતાના ચંદ્રસેન નામના કુમારને રાજ્ય ઉપર સ્થાપન કરી ગુરૂ પાસે ચારિત્ર લીધું. અનુક્રમે ૧૧ અંગનો અભ્યાસ કર્યો. એક દિવસે ગુરૂ પાસેથી વીસ સ્થાનકનો મહિમા સાંભળ્યો કે જેઓ વીસ સ્થાનકોના પદોનું આરાધન કરે છે તેઓ જિન નામ કર્મને બાંધી મોક્ષના શાશ્વત સુખને પામે છે. તેમાં પણ બારમા શીલ નામના પદને જે કોઇ ત્રિકરણ શુદ્ધે આરાધે અને દૃઢ શીલ વ્રત પાળે તે જલદી તીર્થંકર થાય છે. કારણ કે સઘળાં વ્રતોમાં શીલવ્રત ઉત્તમમાં ઉત્તમ છે. ગુરૂમુખે શીલવ્રતનું માહાત્મ્ય જાણી રાજર્ષિ મુનિ નવ વાડ યુક્ત શીલવ્રત દૃઢતાથી પાળવા લાગ્યા. કોઇ સ્ત્રી સામે રાગથી નજર પણ કરતા નથી. સ્ત્રી સંબંધી વાતચીત પણ કરતા નથી. અને સ્થિર ચિત્તથી શીલવ્રત પાળે છે. એકદા દેવ સભામાં ઇન્દ્ર મહારાજે આ પ્રમાણે રાજર્ષિ ચંદ્રવર્મા મુનિની શીલવ્રતની પ્રશંસા કરી કે "દેવેન્દ્ર પણ તેમને ચલાયમાન કરવાને સમર્થ નથી." તે ઉપરથી વિજયદેવ નામનો દેવ તેમની પરીક્ષા કરવા આવ્યો. મુનિ કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા હતા ત્યાં આવી અપ્સરાઓ બનાવી. તે અપ્સરાઓએ અનેક પ્રકારના હાવ ભાવ કરી તથા કટાક્ષો ફેંકી અને અનેક પ્રકારના કામ વધારનારાં વચનો

બોલીને મુનિને ચળાયમાન કરવા પ્રયત્ન કર્યો. પરંતુ મુનિનું ચિત્ત લગાર પણ ચળાયમાન થયું નહિ. ત્યારે દેવે પ્રગટ થઇ મુનિની પ્રશંસા કરી. પછી ગુરૂને દૃઢ શીલ વ્રતનું ફળ પૂછ્યું. ત્યારે ગુરૂએ તીર્થંકર પદનો લાભ જણાવ્યો. આ શીલનું માહાત્મ્ય સાંભળી દેવ સ્વર્ગમાં ગયો. ચંદ્રવર્મા મુનિ પણ સમાધિપૂર્વક કાળ કરી બ્રહ્મદેવ લોકમાં ઉત્તમ દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં તીર્થંકર થઇ મોક્ષે જશે. ભવ્ય જીવોએ આ પ્રમાણે નિર્મલ શીલપદની સાધના કરી તીર્થંકર પદવી મેળવવી, એ આ કથાનો સાર છે.

## તેરમા શુભ ધ્યાન પદના આરાધક શ્રી હરિવાહન રાજાની કથા.

સંકેતપુર નામના નગરમાં હરિવાહન નામે ન્યાયી રાજા હતો. તેને મેઘવાહન નામે નાનો ભાઈ યુવરાજ હતો. તે રાજાની સાથે વિનયથી વર્તતો હતો. હરિવાહન રાજા પણ સર્વ બાબતમાં નિપુણ હતો પણ ધર્મ સાધનામાં પ્રમાદી હતો. એક વખતે તે નગરના ઉદ્યાનમાં ચાર જ્ઞાની શીલભદ્ર નામે આચાર્ય ઘણા મુનિઓના પરિવાર સાથે સમોસર્યા. તે વખતે શેઠ સામંત વિગેરે પરિવાર સાથે મેઘવાહન ગુરૂને વંદન કરવા ગયો. યોગ્ય સ્થાને બેસીને ધર્મ દેશના સાંભળવા લાગ્યો.

તે વખતે ભાગ્ય યોગે હરિવાહન રાજા પણ અશ્વને ફેરવતો અચાનક ત્યાં આવી ચઢયો. તે પણ ગુરૂને વાંદી યોગ્ય સ્થાને બેસી દેશના સાંભળવા લાગ્યો. ગુરૂએ દેશનામાં કહ્યું

કે મહા પુણ્યના યોગે મનુષ્ય જન્મ, આર્ય ભૂમિ, ઉત્તમ કુળ, નિરોગી શરીર, સારી બુદ્ધિ વગેરે ધર્મ સામગ્રી મળી હોય છતાં પણ જેઓ પ્રમાદનું સેવન કરીને ધર્મની સાધના કરતા નથી તેઓ પોતાનો જન્મ ફોગટ ગુમાવે છે. અને મરણ કાળ નજીક આવે છે ત્યારે ઘણો પશ્ચાત્તાપ કરે છે. પરંતુ તે વખતે પસ્તાવો કરવો શા કામનો? માટે હે ભવ્ય જીવો! પ્રમાદનો ત્યાગ કરીને શ્રી જિન ધર્મની સેવના કરો. કારણ કે ધર્મનો પ્રભાવ કલ્પવૃક્ષ વિગેરેથી પણ ચઢીયાતો છે. જેઓ ધર્મની આરાધનામાં ઉદ્યમ કરે છે તેઓ શીઘ્ર ઇચ્છિત વસ્તુને મેળવે છે. માટે પ્રમાદ તજીને ધર્મને વિષે ઉદ્યમ કરો.

ગુરૂની દેશના સાંભળી વૈરાગ્ય પામેલા હરિવાહન રાજાએ યુવરાજ મેઘવાહનને રાજ્યગાદી આપી પોતે અંતઃપુર સાથે ગુરૂની પાસે ચારિત્ર લીધું. ત્યાર પછી નિર્મળ ચારિત્ર પાળતાં બાર અંગનો અભ્યાસ કર્યો. એક વખતે ગુરૂના મુખે વીસ-સ્થાનકના મહિમાનું વ્યાખ્યાન સાંભળ્યું. તેમાં તેરમા શુભ ધ્યાન પદ વિષે સાંભળ્યું કે જે કોઇ સમતાપૂર્વક સમ્યગ્ ભાવ યુક્ત સ્થિર ચિત્તે નિર્મળ ધ્યાન ધ્યાવે છે તે પ્રાણી થોડા વખતમાં જિનપદવી વિગેરેના લોકોત્તર સુખ પામે છે. તે સાંભળી હરિવાહન મુનિ તેરમા ધ્યાન પદનું શુભ ભાવે આરાધન કરવા લાગ્યા. પ્રમાદ રહિત નિઃકષાયપણે સ્થિર ચિત્તથી નિરન્તર મૌન રહી પ્રતિમા ધારણ કરી ઉજ્વળ લેશ્યાથી શુભ ધ્યાન ધ્યાવા લાગ્યા.

એક વાર શક્રેન્દ્રે દેવ સભામાં આ પ્રમાણે રાજર્ષિ મુનિની પ્રશંસા કરી કે રાજર્ષિ હરિવાહનને શુભ ધ્યાનથી

ડગાવવાને દેવ પણ સમર્થ નથી. તે પ્રશંસા સાંભળી ઇન્દ્રની એક પટરાણી દેવાંગનાઓના સમૂહ સાથે જે સ્થળે મુનિ ધ્યાનમાં હતા ત્યાં આવી. અનેક પ્રકારના ગીત અને નૃત્ય કરવા લાગી. પરન્તુ મુનિ તો નાશાગ્ર ઉપર દૃષ્ટિ સ્થીર રાખી નિર્મળ ધ્યાનમાં લીન રહ્યા. જ્યારે કોઇ રીતે મુનિ ડગ્યા નહિ ત્યારે ઇન્દ્રાણી પ્રગટ થઇ મુનિની પ્રશંસા કરી ગુનો ખમાવીને સ્વર્ગમાં ગઈ. હરિવાહન મુનિએ શુભ ધ્યાનના પ્રભાવથી નિકાચિત જિનનામ કર્મ બાંધ્યું. સમાધિપૂર્વક કાળ ધર્મ પામી સનત્કુમાર દેવ લોકમાં મહર્દ્ધિક દેવપણે ઉપજ્યા. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં તીર્થંકર થઇ મોક્ષ સુખ પામશે. આ વાતને યાદ રાખી ભવ્ય જીવોએ નિર્મલ ચિત્તે શુભ ધ્યાન ધ્યાવીને તીર્થંકર પદવીનો લાભ મેળવીને સિદ્ધિ સુખ મેળવવા એજ આ કથાનો સાર છે.

## ચૌદમા તપ પદના આરાધક શ્રી કનકકેતુ રાજાની કથા.

આ ભરત ક્ષેત્રમાં કાંપિલ્યપુર નગરમાં વિશ્વંભર રાજાને કનકાવળી નામે પટ્ટરાણી હતી. તેનાથી કનકકેતુ નામે પુત્ર થયો. તે સર્વ કાળમાં પ્રવીણ થયો. પરંતુ મોહનીય કર્મના વશથી ધર્મથી વિમુખ રહેવા લાગ્યો. તે જોઈ રાજાને ચિંતા થઈ કે શરીરનો મેલ જેમ ત્યાગ કરવા લાયક છે, તેમ અધર્મી પુત્ર તજી દેવો જોઈએ. રાજા આવા વિચારમાં હતો તેવામાં શ્રુત કેવલી શાન્તિસૂરિ મહારાજ ઘણા પરિવાર સહિત પધાર્યા. તેની વધામણી સાંભળી રાજા કુમારને લઈ વાંદવા ગયો. વિનયપૂર્વક વંદના કરી યોગ્ય સ્થાને બેઠો. ગુરૂએ દેશના

આપી. દેશનાને અંતે રાજાએ નમ્રતાથી ગુરૂને પૂછયું કે હે સ્વામી! મારો પુત્ર સર્વ કળામાં નિપુણ છે પણ ધર્મકળામાં જડમતિ છે. આ મારો પુત્ર કયારે પણ ધર્મ પામશે કે નહિ? ત્યારે ગુરૂએ કહ્યું કે હે રાજન્! તું ખેદ કર નહિ. જીવો પોતાના કર્મના વશથી ધર્મી કે અધર્મી થાય છે. માટે ભવિતવ્યતા પરિપકવ થશે ત્યારે તે પણ ધર્મ રૂચિવાળો જરૂર થશે, એટલું જ નહિ પરંતુ આજ ભવમાં ચારિત્ર લઇ ત્રીજે ભવે તીર્થંકર થઈ મોક્ષે જશે.

ગુરૂના વચનથી વૈરાગ્ય પામી રાજાએ કનકકેતુને ગાદી સોંપી પોતે દીક્ષા લીધી. નિર્મળ ચારિત્ર પાળી કેવલ જ્ઞાન પામી મોક્ષે ગયા. કનકકેતુએ પણ ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કર્યું. અને અનેક પ્રકારના વિષય સુખો ભોગવ્યાં. એક દિવસે તેના શરીરમાં તીવ્ર દાહજવર ઉત્પન્ન થયો. તેથી નિદ્રા રહિત ઘણી વેદના ભોગવવા લાગ્યો. અનેક ઉપચારો કર્યા છતાં તેનો વ્યાધિ શાંત થયો નહિ. એક દિવસે મધ્ય રાતે તેણે કોઇના મુખથી એક શ્લોક સાંભળ્યો. જેનો ભાવાર્થ એ હતો કે 'સર્વ જીવોની પ્રવૃત્તિ ઘણું કરીને સુખને માટે હોય છે પરંતુ તે સુખ ધર્મ વિના મળતું નથી. અને તે ધર્મ પાપના કાર્યો છોડવાથી જ કરી શકાય છે.' તાત્પર્ય એ કે સુખની ઇચ્છાવાળા ભવ્ય જીવોએ ધર્મની સાધના જરૂર કરવી જ જોઇએ. આ શ્લોક સાંભળી તીવ્ર વ્યાધિથી પીડાતા કનકકેતુએ વિચાર્યું કે જો મારો વ્યાધિ શાંત થશે તો અનેક આરંભથી ભરેલા આ રાજ્યનો ત્યાગ કરી સવારમાં હું દીક્ષા ગ્રહણ કરીશ. આવા શુભ વિચાર માત્રથી જ તેનો વ્યાધિ તરત

શાંત થઈ ગયો અને તેને શાંતિથી નિદ્રા પણ સારી આવી. સવારે મંત્રી વગેરેને પોતાની ઇચ્છા જણાવી. તેમને અનુકૂળ કરી સુપાત્રે દાન દઈને મલયકેતુ પુત્રને ગાદી સોંપી પોતે શાન્તિસૂરિ મહારાજની પાસે દીક્ષા લીધી. અનુક્રમે બાર અંગ ભણી શુદ્ધ ચારિત્રનું પાલન કરવા લાગ્યા.

એક દિવસે ગુરૂના મુખથી વીસ સ્થાનકનું વ્યાખ્યાન સાંભળ્યું કે જે ભવ્ય જીવો વીસ સ્થાનકનું આરાધન કરે તે જિનપદવીને પામે છે. તેમાં ચૌદમા તપ પદનું આરાધન જે કોઈ વિધિ સહિત કરે તે જિનપદવીને પામે છે. ને ક્લિષ્ટ કર્મોનો પણ નાશ કરે છે. તે સાંભળી કનકકેતુ મુનિએ એવો ઘોર અભિગ્રહ ધારણ કર્યો કે "જ્યાં સુધી આ કાયા ટકે ત્યાં સુધી મારે બાર ભેદે તપ કરવો. જઘન્ય ચોથ ભક્તથી માંડી ઉત્કૃષ્ટ છ માસ પર્યંતની તપસ્યા કરવી. તે સાથે નિરન્તર વિધિ સહિત ત્રિકાળ દેવ વંદન તથા પારણે આયંબિલ તપ કરવું."

આ પ્રમાણે નિરંતર તપસ્યા કરવાથી મુનિનું શરીર જો કે ઘણું દુર્બલ થઈ ગયું તો પણ તેમના મુખનું તેજ સૂર્યની પેઠે ઝળકતું હતું. એક વાર તે મુનિ ગ્રીષ્મ ઋતુમાં પ્રચંડ તાપમાં વિહાર કરી શંખપુરીની નજીકના પ્રદેશમાં આવ્યા. અને સૂર્ય સન્મુખ આતાપના લેવા લાગ્યા. તે વખતે દેવ સભામાં ઇન્દ્ર મહારાજે તે મુનિની પ્રશંસા કરતાં કહ્યું કે સર્વ મુનિઓમાં કનકમુનિ ધન્ય છે કે જેઓ ઘોર તપસ્યા કરવા છતાં અનેષણીય આહાર પાણી કરતા

નથી. તે સાંભળી ઇન્દ્રના વચન ઉપર શંકા લાવી વરૂણ નામે લોકપાલ પરીક્ષા કરવા માટે તે મુનિની પાસે આવ્યો. તેણે ખેરના અંગારા સરખી રેતી ઉષ્ણ કરી. જ્યાં જ્યાં મુનિ ગોચરી જાય ત્યાં ત્યાં અશુદ્ધ ગોચરી કરી નાખી. એ પ્રમાણે રોજ કષ્ટ પડવા લાગ્યું તો પણ મુનિ જરા પણ ખેદ કરતા નથી. છ માસ સુધી ઉપસર્ગ ચાલુ રહ્યો. અંતે વરૂણ દેવે થાકીને પ્રત્યક્ષ થઇ અપરાધ ખમાવ્યો ગુરૂની પાસે આવી તે દેવે મુનિના તપનું ફળ પૂછયું ત્યારે મુનિએ તપના પ્રભાવથી તીર્થંકર થવાનું કહ્યું. તે સાંભળી વાંદીને દેવ સ્વર્ગમાં ગયો. રાજર્ષિ મુનિ અંતિમ સમયે કાળ કરી ચોથા દેવલોકે ઉત્તમ દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં તીર્થંકર થઈ મોક્ષ સુખ મેળવશે. આ વાતને યાદ રાખી ભવ્ય જીવોએ નિર્મલ ભાવથી વિધિપૂર્વક તપની સાત્ત્વિકી સાધના કરીને સિદ્ધિપદ મેળવવું. એજ આ કથાનો સાર છે.

## પંદરમા સુપાત્ર દાનના દેનાર શ્રી હરિવાહન રાજાની કથા.

આ ભરતક્ષેત્રમાં કંચનપુર નામે નગર હતું. તેમાં હરિવાહન નામે રાજા હતો. તેને વિરંચી નામે બુદ્ધિશાળી પ્રધાન હતો. તે પ્રધાને ઘણું દ્રવ્ય ખરચી ઋષભદેવનો પ્રાસાદ બંધાવ્યો. એક દિવસ મંત્રી રાજાને પ્રભુના દર્શન કરાવવા સારૂ ત્યાં તેડી ગયો. તે વખતે બાજુમાં આવેલા ધનેશ્વર નામે શેઠને ઘેર વાજિંત્ર વાગતાં સાંભળીને તથા સ્ત્રીઓને ગીત ગાતાં સાંભળીને રાજાએ મંત્રીને તેનું કારણ

પૂછયું, ત્યારે મંત્રીએ કહ્યું કે મહારાજ! આજે ધનેશ્વર શેઠને ઘેર પુત્રનો જન્મ થયો છે તેથી તેનો ઉત્સવ થાય છે તેની આ ધામધૂમ છે. પછી મંત્રીની સાથે પ્રભુના દર્શન કરી રાજા આનંદ પામ્યો. બીજે દિવસે પણ રાજા મંત્રીની સાથે ત્યાં દર્શન કરવા આવ્યો ત્યારે કાલે જ્યાં ધામધૂમ હતી ત્યાં આગળ ઘણું આક્રંદ (રૂદન) સાંભળ્યું. મંત્રીને તેનું કારણ પૂછયું ત્યારે મંત્રીએ કહ્યું કે કાલે શેઠને ઘેર જન્મેલો બાળક આજે મરણ પામ્યો છે તેનું આ રૂદન છે. મંત્રીના મુખથી આ પ્રમાણે સાંભળી રાજા ચિત્તમાં વૈરાગ્ય પામી વિચારવા લાગ્યો કે સાંસારિક સુખો દુઃખથી ભરેલાં છે અને દુઃખને દેનારા છે. વિવિધ પ્રકારના સંયોગો ક્ષણ વારમાં નાશ પામે છે છતાં તેમાં સુખ માની સંસારી જીવો રાગ ધારણ કરે છે.

આ પ્રમાણે રાજા વૈરાગ્ય ભાવમાં લીન થયો છે તેવામાં ખબર મળ્યા કે નગરની બહારના બગીચામાં શ્રી ધનેશ્વર-સૂરિ મહારાજ પધાર્યા છે. રાજા મંત્રીની સાથે ગુરૂને વંદન કરવા ગયો. ગુરૂને વાંદી યોગ્ય સ્થાનકે બેઠા. ગુરૂએ મેઘની વૃષ્ટિ જેવી સંસારના તાપથી પીડાએલા જીવોને શીતળ બનાવનારી દેશના દીધી. તે સાંભળી હરિવાહન રાજા વૈરાગ્ય પામ્યા. તેથી પુત્રને રાજ્ય સોંપી પોતે ઉત્સવ પૂર્વક ચારિત્ર ગ્રહણ કર્યું. અનુક્રમે શુદ્ધ ચારિત્રનું પાલન કરતાં બાર અંગો ભણ્યા. એક વખતે ગુરૂની દેશનામાં વીસ સ્થાનકના મહિમા વિષે સાંભળ્યું કે "જે મહા ભાગ્યવંત અન્ન પાના-દિક લાવી આપીને સાધુઓની ભક્તિ કરે છે તે તીર્થંકર

પદવીને પામે છે.” આવું ગુરૂનું વચન સાંભળી હરિવાહન મુનિએ એવો અભિગ્રહ કર્યો કે ‘આજથી મારે દરરોજ ઉત્તમ અન્નપાનાદિ લાવી આપીને મુનિઓની ભકિત કરવી. તેમાંથી જે બાકી રહે તેજ વાપરવું’ આવા પ્રકારનો અભિગ્રહ કરી હંમેશાં મુનિઓની ભોજન, ઔષધાદિક વડે ભક્તિ કરવા લાગ્યા.

એક વખતે ઇન્દ્ર મહારાજે હરિવાહન મુનિની સાધુ-ભકિત કરવામાં ઘણી લાગણી જોઇને તેમની પ્રશંસા કરી. તે વચન ઉપર શંકા લાવી સુવેલ નામે દેવ મુનિની પરીક્ષા કરવા માટે માયાવી સાધુનું રૂપ કરીને શ્રીપુર પત્તનમાં જ્યાં હરિવાહન મુનિ હતા ત્યાં તપસ્યાથી દુર્બળ શરીર-વાળા બનીને પારણું કરવા આવ્યા. તે વખતે પોતાને વાપરવાનો જે આહાર હતો તે માયાવી સાધુને આપ્યો. પોતે ફરીથી વહોરી લાવીને ગુરૂ પાસે આલોચીને સજ્ઝાય કરી વાપરવા બેઠા. તે વખતે તે માયાવી દેવે હરિવાહન મુનિના દેહમાં અત્યન્ત દુઃસહ વેદના ઉત્પન્ન કરી. તે વેદના જોઇને ગુરૂ વગેરે ખેદ પામ્યા. વૈદ્યે બતાવ્યા પ્રમાણે કોઇ ગૃહસ્થના ઘરમાંથી અમુક દવા લાવી મુનિને વાપરવા કહ્યું, પણ મુનિએ તે વાપર્યું નહિ. ગુરૂએ તેનું કારણ પૂછ્યું, ત્યારે મુનિએ વિનય પૂર્વક કહ્યું કે ભલેને આથી અનંત ગણી વેદના થાય તો પણ કોઈ સુપાત્ર સાધુને આ દવા દીધા સિવાય મારાથી વપરાય નહિ. કદાચ પ્રાણ જાય તો ભલે જાય પણ અન્ય મુનિને આપ્યા સિવાય હું લઉં તો મારા નિયમનો ભંગ થાય. માટે ગમે તેટલી વેદના ભલે

થાય, પણ હું મારૂં વ્રત મૂકીશ નહિ. આવા દૃઢ પરિણામ વાળા તથા સમતા ભાવવાળા મુનિની આગળ તે દેવે પ્રત્યક્ષ થઈ મુનિનો વ્યાધિ સંહરી લીધો અને પ્રશંસા કરી અપરાધની ક્ષમા માગી. પછી તે દેવે ગુરૂને પૂછયું કે આ મુનિને સાધુઓની ભક્તિ કરવાનું શું ફળ મળશે? ત્યારે ગુરૂએ કહ્યું કે તેણે જિનનામનો નિકાચિત બંધ કર્યો છે. તે સાંભળી દેવ સ્વર્ગમાં ગયો. મુનિ પણ બહુ વર્ષો સુધી વ્રત પાલીને સમાધિ પૂર્વક કાલધર્મ પામી બારમા દેવલોકમાં મોટા દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં તીર્થંકર થઈ મોક્ષના અક્ષય સુખને પામશે. આ વાતને યાદ રાખીને ભવ્ય જીવોએ પૂર્ણ ઉલ્લાસથી મુનિ ભક્તિનો લાભ લઇ તીર્થંકર પદવી ભોગવી સિદ્ધિના સુખને મેળવવી, એ આ કથાનો સાર છે.

## સોળમા વૈયાવચ્ચ પદના આરાધક શ્રી જિમૂતકેતુ રાજાની કથા.

દક્ષિણ ભરતમાં પુષ્પપુર નામે નગરમાં જયકેતુ નામે રાજા હતો. તેની જયમાળા રાણીથી જિમૂતકેતુ નામે સ્વરૂપવાન પુત્ર થયો. તે સર્વ કળાઓ ભણીને યુવાવસ્થા પામ્યો. સદ્‌ગુણોને લીધે સર્વ લોકને પ્રિય થયો. તેની બુદ્ધિ તથા શૌર્યથી ચારે તરફ કીર્તિ ફેલાઇ. કુમારના ગુણની સ્તુતિ સાંભળી રત્નસ્થળપુર નગરના સુરસેન રાજાની પુત્રી યશોમતી કુમારની ઉપર અનુરાગવાળી થઇ. તેણે તેને જ વરવાની પોતાની ઈચ્છા જણાવી, તે ઉપરથી રાજાએ સ્વયંવર મંડપ

રચ્યો. તેમાં સર્વ દેશના રાજા તથા કુમારોને આમંત્રણ આપ્યું. જિમૂતકેતુ કુમાર પણ પોતાને આમન્ત્રણ મળવાથી ત્યાં જવા નીકળ્યો. પરંતુ માર્ગમાં સિદ્ધપુર નગર પાસે આવતાં કુમારને એકદમ મૂર્છા આવી. બધો પરિવાર ઉદાસ થયો. અનેક પ્રકારના ઔષધ તથા મંત્રોપચાર કર્યા છતાં નકામા ગયા. તેવામાં ત્યાં અકલંક દેવ આચાર્ય પધાર્યા. તેમના પ્રભાવથી કુમારની મૂર્છા ચાલી ગઇ. તે કુમાર તત્કાળ તેમને વાંદવા ઉઠયો. વિધિ પૂર્વક વંદન કરી વિનય પૂર્વક તેમની સામે બેઠો.

ગુરૂનો ઉપદેશ સાંભળી તથા પોતાને મૂર્છા આવવાનું કારણ ગુરૂમુખેથી સાંભળી કુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી વૈરાગ્ય પામી કુમારે ગુરૂ પાસે દીક્ષા લીધી. પણ પોતાના પતિએ ચારિત્ર લીધાનું સાંભળી યશોમતિએ ચારિત્ર લીધું. જિમૂતકેતુ મુનિ ગુરૂ પાસે વિનય પૂર્વક અગિઆર અંગ ભણ્યા.

એક દિવસે ગુરૂ પાસે વીસસ્થાનક પદનો મહિમા સાંભળતાં એમ જાણ્યું કે "જે ભવ્ય જીવો જિનેશ્વરાદિક વીસ સ્થાનકને સમ્યકત્વ પૂર્વક વિધિ સહિત એકાગ્ર ચિત્તે આરાધે છે તેઓ તીર્થંકર પદવીને પામે છે, તેમાં પણ સોળમા વૈયાવચ્ચ પદનું આરાધન તેવું જ પ્રભાવશાલી છે. આ આરાધન ગુરૂ સંઘ ગ્લાન તપસ્વી વગેરે દશને અન્ન-પાન ઔષધ વગેરેના દાન (લાવી આપવા) વડે થાય છે. તેથી જિનનામ કર્મનો નિકાચીત બંધ પડે છે."

આવી ગુરૂની દેશના સાંભળી જિમૂતકેતુ મુનિએ અભિગ્રહ લીધો કે આજથી મારે ગુરૂ ગ્લાન વિગેરેનું શુભ ભાવથી સ્થિર ચિત્તે વૈયાવચ્ચ કરવું. તે પ્રમાણે તેઓ નિરન્તર વૈયાવચ્ચ કરવા લાગ્યા.

એક વાર દેવ સભામાં ઇન્દ્ર મહારાજે તેમની પ્રશંસા કરી. તે સાંભળી સોમ નામે લોકપાલ દેવ તેમની પરીક્ષા કરવા આવ્યો. પોતે દાહજ્વરથી પીડા પામતા ગ્લાન મુનિનું રૂપ ધારણ કર્યું. મુનિએ તેમને ઉપાશ્રયમાં રાખ્યા અને પછી તેમના આહાર માટે જિમૂતકેતુ મુનિ ગોચરીએ ગયા. તે વખતે દેવે બીજું મુનિસ્વરૂપ બનાવ્યું અને મુનિને રસ્તામાં મળ્યા. અતિ ક્રોધયુક્ત વચનો વડે જીમૂતકેતુ મુનિની તર્જના કરવા લાગ્યા. મુનિ તો જરા પણ ખિન્ન થયા વિના સમતા ભાવમાં રહ્યા. ગોચરી લાવી મુનિએ ગ્લાન મુનિને આહાર કરાવ્યો અને દાહજ્વરની ઉપશાન્તિ માટે વૈદ્યને બોલાવ્યો વૈદ્યે ફળનો રસ વાપરવા કહ્યું, મુનિ તે લેવા નગરમાં ગયા, પરંતુ દેવમાયાથી કયાંઇથી તે મળ્યો નહિ તેથી પાછા ઉપાશ્રયમાં આવ્યા. ગ્લાન મુનિએ ઘણાં કઠોર વચનો કહ્યાં પરંતુ મુનિ તો શાંત રહ્યા અને મારાથી આપનું વૈયાવચ્ચ ન થયું, એ મારી ભાગ્યહીનતા છે એ પ્રમાણે નમ્રપણે ગ્લાન મુનિને કહ્યું. ગ્લાન મુનિ તેમનો શુદ્ધ ભાવ જાણી પ્રગટ થઇ પ્રશંસા કરી પોતાનો અપરાધ ખમાવી સ્વર્ગમાં ગયા. મુનિએ પણ વૈયાવચ્ચ પદની આરાધનાથી નિકાચિત જિનનામ કર્મ બાંધ્યું. શુદ્ધ ચારિત્ર પાળી સમાધિ પૂર્વક કાળ કરી વિજય વિમાનમાં ઉત્તમ દેવ થયા.

ત્યાંથી મહાવિદેહમાં તીર્થંકર થઇ મોક્ષે જશે. યશોમતી આર્યા સ્વર્ગથી ચ્યવીને તેમના ગણધર થઈ મોક્ષે જશે. આ વાતને યાદ રાખી ભવ્ય જીવોએ વૈયાવચ્ચ ગુણને પરમ ઉલ્લાસથી સાધીને તીર્થંકર પદવીને મેળવવી, એ આ કથાનો સાર છે. હું જિમૂતકેતુ મુનિને વારંવાર વંદના કરૂં છું.

## સત્તરમા શ્રી સંઘ પદના આરાધક શ્રી પુરંદર રાજાની કથા.

વણારસી નગરીમાં વિજયસેન રાજા હતો. તેની પદ્મમાલા નામની પટ્ટરાણીથી પુરંદર નામે પુત્ર થયો. આ કુમાર એક વખત અરણ્યમાં ક્રીડા કરવા ગયો, ત્યારે તેણે ત્યાં એક મુનિને જોયા. મુનિના ઉપદેશથી પરસ્ત્રી ત્યાગનું વ્રત ગ્રહણ કર્યું. એક વખત કુમાર ઉપર મોહિત થએલ કુમારની સાવકી માતાના સ્ત્રી ચરિત્રથી કુમારને રાજાના આદેશથી રાજ્ય છોડી વિદેશ જવું પડયું. અનેક પરાક્રમો કરતો કુમાર નંદીપુર નગરમાં આવ્યો. ત્યાં પણ રાજાની પુત્રી બંધુમતી જેનું વિદ્યાધર હરણ કરી ગયો હતો તે પાછી લાવી રાજાને સોંપી તેથી રાજાએ ઘણું ધન દઇને બંધુમતીનું તેની સાથે લગ્ન કર્યું અને રહેવા મહેલ આપ્યો. એક વખતે તે નગરના ઉદ્યાનમાં આવેલા ત્રણ જ્ઞાની શ્રી મલયપ્રભ આચાર્યના ઉપદેશથી તેમણે તેમની પાસે સમ્યકત્વ મૂલ શ્રાવકનાં બાર વ્રત ઉચ્ચર્યાં. કેટલાક વખત પછી વિજયસેન રાજાને પોતાની રાણીના સ્ત્રી ચરિત્રની ખબર પડવાથી કુમારને કાગળ લખીને પાછો બોલાવ્યો. પછી વૈરાગ્ય પામેલા રાજાએ પુત્રને ગાદી સોંપી શ્રીમલયપ્રભાચાર્ય પાસે દીક્ષા લીધી.

[illegible] વિનયો [illegible] પૂર્વક શલ્યનું પાલન કરતાં ગોચરી આદિ સિવાય નિરંતર (હરરોજ) શ્રીસંઘની ભાવપૂર્વક ભક્તિ કરવા લાગ્યા. [illegible] પાસે તેમણે [illegible] લીધું. [illegible] એક વખતે એક નગરમાંથી શ્રી સિદ્ધગિરિની યાત્રા

કરવા માટે સંઘ નીકળ્યો. તેમાં સાથે જતા પુરંદર મુનિની પરીક્ષા કરવા માટે ઇન્દ્ર મહારાજ આવ્યા. તેમણે સંઘના સઘળાં માણસોને દ્રવ્ય તથા ભાથા રહિત બનાવી દીધા. સામેથી ચોરનો મોટો સમુદાય સંઘને લુંટવા આવતો હોય તેવો દેખાવ કર્યો. બંને પ્રકારના ઉપદ્રવથી દુઃખી થએલા સંઘના માણસો ચિંતાતુર હૃદયે મલયપ્રભ આચાર્ય પાસે

કરવા માટે સંઘ નીકળ્યો. તેમાં સાથે જતા પુરંદર મુનિની પરીક્ષા કરવા માટે ઇન્દ્ર મહારાજ આવ્યા. તેમણે સંઘના સઘળાં માણસોને દ્રવ્ય તથા ભાથા રહિત બનાવી દીધા. સામેથી ચોરનો મોટો સમુદાય સંઘને લુંટવા આવતો હોય તેવો દેખાવ કર્યો. બંને પ્રકારના ઉપદ્રવથી દુઃખી થએલા સંઘના માણસો ચિંતાતુર હૃદયે મલયપ્રભ આચાર્ય પાસે આવ્યા. તેમના ચરણમાં નમસ્કાર કરી કહેવા લાગ્યા કે હે પ્રભો ! આપ કૃપા કરી અચાનક કષ્ટમાં આવી પડેલા શ્રી સંઘના ઉપદ્રવની શાંતિ કરો. ત્યારે આચાર્યશ્રીએ અનેક લબ્ધિવાળા પુરન્દર મુનિને વિનતિ કરવા શ્રી સંઘને કહ્યું, કારણ કે તેઓ પોતાની લબ્ધિથી સંઘને ઉપદ્રવ રહિત કરવા સમર્થ હતા. સંઘની વિનતિ સ્વીકારી ગુરૂની આજ્ઞા લઇને મુનિએ લબ્ધિના પ્રભાવથી સંઘમાં સુવર્ણની વૃષ્ટિ કરી. તેમાંથી સઘળાંએ જોઇએ તેટલું લીધું લુંટવા માટે આવતા

ચોરોને રસ્તામા જ સ્થંભિત કર્યા. મળેલા સુવર્ણથી લોકોએ નજીકના ગામમાંથી પાથેય લીધું અને સઘળો સંઘ યાત્રા કરવા શત્રુંજય તીર્થ તરફ આગળ ચાલ્યો. માર્ગમાં સ્થંભેલા ચોરોને પ્રતિબોધ આપી મુનિએ બંધનમાંથી છોડયા. શ્રી સંઘને પુરંદર મુનિએ ઉપદ્રવ રહિત કર્યો છે એવું જાણી ઈન્દ્ર મહારાજ આચાર્ય મહારાજ પાસે આવી પ્રગટ થઈ નમસ્કાર કરી બોલ્યા કે હે દયાનિધિ! પુરન્દર મુનિની પરીક્ષા કરવા માટે મેં પોતેજ આ ઉપદ્રવ કર્યો હતો તે આપ ક્ષમા કરશો. પછી આચાર્યશ્રીને પૂછ્યું કે પુરન્દર મુનિને સંઘની ભક્તિ કરવાથી શો લાભ થશે? ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે શ્રી સંઘની ભક્તિથી તેમણે નિકાચિત જિનનામ કર્મ બાંધ્યું છે. ત્યાર પછી પુરન્દર મુનિ યાવજ્જીવ સંયમ પાલી મહાશુક્ર દેવલોકમાં ઉત્તમ દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં તીર્થંકર થઇ મોક્ષે જશે. આ વાતને યાદ રાખીને ભવ્ય જીવોએ રત્નની ખાણ જેવા તીર્થ સ્વરૂપ શ્રી સંઘની સાત્ત્વિકી ભક્તિનો લાભ લઈ તીર્થંકર પદવી મેળવવી. હું પુરંદર મુનિને વંદન કરૂં છું.

## અઢારમા અપૂર્વ શ્રુતપદ આરાધવા ઉપર સાગરચંદ્રની કથા.

આ ભરત ક્ષેત્રની અંદર મલયપુર નામે વિશાળ નગર હતું. ત્યાં અમૃતચંદ્ર નામે પ્રતાપી રાજા હતો. તેને સાગરચંદ્ર નામે કુમાર હતો. આ કુમારે પાછલા ભવમાં મોટાભાઇની સાથે વૈરભાવ બાંધ્યો હતો. મોટો ભાઇ તાપસી દીક્ષા સાધીને

અગ્નિકુમાર દેવ થયો. તેણે પાછલા ભવના દ્વેષના સંસ્કારથી સાગરચંદ્ર કુમારને ઘણીવાર દુ:ખમાં નાંખ્યો, પણ પ્રબલ પુણ્યાઈને લઈને તે કુમારને સુખના જ સાધનો મળવા લાગ્યા. તે આઠ સ્ત્રીઓ વિશાલ લક્ષ્મી વિગેરેનો સ્વામી થયો. સાગરચંદ્ર કુમાર વિગેરે ભુવનાવબોધ નામના ગુરૂનો અમૃતયય ઉપદેશ સાંભળી પ્રતિબોધ પામ્યા. તેમની પાસે રાજા અમૃતચંદ્રે અને આઠ સ્ત્રીઓ સહિત સાગરચંદ્રે પરમ ઉલ્લાસથી દીક્ષા ગ્રહણ કરી. તેઓ સમતા ભાવને ધારણ કરી સંયમને સાધે છે. તેવામાં એક વખત શ્રી ગુરૂ મહારાજે વીસસ્થાનક તપનો મહિમા જણાવ્યો. તે સાંભળીને સાગરચંદ્ર મુનિએ અપૂર્વ (નવું) શ્રુત (શ્રુતજ્ઞાન) ભણવાનો અભિગ્રહ ધારણ કર્યો. તે આ પ્રમાણે "પહેલી પોરિસીમાં વિધિ સહિત સ્વાધ્યાય કરવો. બીજી પોરિસીમાં અર્થનું ચિંતવન કરવું. ત્રીજી પોરિસીમાં આહાર પાણીની ગવેષણા (ગોચરી નીકળવું) કરવી. ચોથી પોરિસીમાં નવું શ્રુત જ્ઞાન ભણવું." આ પ્રમાણે દરરોજ સ્થિર ચિત્તે નિર્દોષ અભિગ્રહને પાલતાં તે મુનિએ જિન નામ કર્મનો નિકાચિત બંધ કર્યો. હેમાંગદ દેવે અનેક જાતના ઉપસર્ગો કર્યા, તો પણ મુનિ અભિગ્રહથી લગાર પણ ચલાયમાન થયા નહિ. અંતે સમાધિપૂર્વક કાલ ધર્મ પામી વિજય વિમાનમાં ઉત્તમ દેવ થયા. અવસરે ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં જન્મ પામી અનુક્રમે તીર્થંકર થઈ મોક્ષે જશે. આ વાતને યાદ રાખી ભવ્ય જીવોએ અપૂર્વ શ્રુતજ્ઞાન મેળવવા તૈયાર થઈને ભવિષ્યમાં તીર્થંકર પદવી મળે તેમ કરવું. એજ આ કથાનો સાર છે.

# ઓગણીસમા શ્રુત ભક્તિ પદના આરાધક શ્રી રત્નચૂડની કથા

આ ભરતક્ષેત્રમાં તામ્રલિપ્ત નામના નગરમાં રત્નશેખર નામે રાજા હતો. તેની રત્નાવલી નામની રાણીથી રત્નચૂડ નામે પુત્ર થયો. કુમાર વિવિધ કળાઓ ભણી યુવાવસ્થા પામ્યો. તેને મંત્રીનો પુત્ર, સાર્થવાહનો પુત્ર અને વ્યવહારીનો પુત્ર આ ત્રણની સાથે ગાઢ મિત્રતા હતી. તે ચારે જણ એક વખતે પોતાના ભાગ્યની પરીક્ષા કરવા પોતાના માત પિતાની રજા લીધા સિવાય પરદેશમાં ચાલ્યા ગયા. ફરતા ફરતા તેઓ કંચનપુર નગરમાં આવ્યા. ત્યાંનો રાજા અપુત્રીઓ મરણ પામ્યો. તેથી પંચ દીવ્ય પ્રગટ કર્યા. તે કુમાર પાસે આવી સ્થિર થયા. કુમારને રાજ્યગાદી મળી અને પોતે ત્રણ મિત્રોને મંત્રી વગેરે પદવી આપી. રત્નશેખર રાજાને આ વાતની ખબર પડવાથી કાગળ લખીને ત્રણ મિત્રો સહિત પુત્રને બોલાવ્યો. તેથી અહીંનું રાજ્ય બીજા પ્રધાનોને સોંપી રત્નચૂડ પિતાની પાસે જઇ નમીને હાથ જોડી બેઠો પિતાએ હકીકત જણાવી રત્નચૂડને રાજ્ય સોંપ્યું અને પોતે દીક્ષા લીધી.

સુખપૂર્વક રાજ્ય કરતાં ઘણો કાલ ગયા બાદ નગરની બ્હાર બગીચામાં અમરચંદ્ર નામે કેવલી મુનિ પધાર્યા. તેમને વાંદવા રાજા ગયો. ગુરૂએ દેશના આપી ધર્મનું સ્વરૂપ જણાવ્યું. વળી ત્યાં એક મિથ્યાત્વી પંડિત જે જૈનાગમો પ્રાકૃત ભાષામાં હતા તેની નિંદા કરતો હતો તેથી જણાવ્યું

કે જિનેશ્વરની વાણી સર્વ જીવો સ્હેલાઈથી સમજી શકે તેવી અને અર્ધ માગધી ભાષામાં હોવાથી આગમો પણ પ્રાકૃત ભાષામાં જ રચાયેલાં છે. જે પ્રાણી ભાવથી આગમની ભક્તિ કરે તેને અંધત્વ, જડત્વ તથા દુર્ગતિ મળતી નથી અને જે આગમની આશાતના કરે તે પ્રાણી દુર્ગતિના દુઃખો ભોગવે છે વિગેરે શ્રુત ભક્તિનો મહિમા સાંભળી રાજાએ ગુરૂની પાસે શ્રુત જ્ઞાનની ભક્તિ કરવાનો નિયમ અંગીકાર કર્યો. ત્યાર પછી તેણે કેટલાક દિવસ ગૃહસ્થપણે રહીને શ્રતજ્ઞાન અને શ્રુતજ્ઞાનીની દ્રવ્ય ભાવથી વિધિ સહિત ભક્તિ કરી. શ્રુતજ્ઞાનની વિશેષ ભક્તિ કરવાની જિજ્ઞાસાવાળા રાજાએ પોતાના મોટા પુત્રને રાજ્યગાદી સોંપી શ્રી અમરચંદ્ર મુનિની પાસે ચારિત્ર લીધું. સત્તર ભેદે સંયમનું પાલન કરતાં અગીઆર અંગ ભણી ગીતાર્થ થયા. તે રાજર્ષિ શ્રુતધરોની ઉત્સાહપૂર્વક વિશેષ ભક્તિ કરવા લાગ્યા.

એક વખતે રત્નચૂડ મુનિ ગુરૂ સાથે ભારતીપુરપત્તને આવ્યા. તે વખતે ઇશાનાધિપતિ મુનિની પરીક્ષા કરવા માટે બ્રાહ્મણનું રૂપ ધારણ કરી મુનિ પાસે આવ્યા. મુનિને કહેવા લાગ્યા કે પ્રાકૃત ભાષામાં રચેલા આગમો તજી સંસ્કૃત ભાષામાં લખેલા આગમો ભણો કે જેથી આત્માનું કલ્યાણ થાય ત્યારે મુનિએ કહ્યું કે જિનાગમની નિંદા કરી પાપથી શા માટે ભરાય છે. આગમની નિંદા કરનાર પ્રાણી અતિ આકરાં કર્મ બાંધી મૂંગાં અને અજ્ઞાની થાય છે. હલકી યોનિમાં જન્મ પામે છે. એ પ્રમાણેનાં મુનિનાં વચનથી પ્રસન્ન થએલા ઈશાનેન્દ્ર પ્રગટ થયા. મુનિને વાંદીને સ્તુતિ કરી.

પછી ગુરૂ પાસે જઇ, વાંદીને પૂછયું કે આ મુનિને શ્રુતભક્તિનું શું ફળ મળશે. ત્યારે ગુરૂએ કહ્યું કે તે જિનપદવીને પામશે. આ વચનથી સંતોષ પામી ઇશાનેન્દ્ર સ્વર્ગમાં ગયા. રાજર્ષિ મુનિ નિર્મળ ચારિત્ર પાળી પ્રાણુત દેવલોકે મહર્દ્ધિક દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં તીર્થંકર થઇ મોક્ષે જશે. આ બીના યાદ રાખીને ભવ્ય જીવોએ શ્રુતજ્ઞાનની પૂર્ણ રંગે ભક્તિ કરી તીર્થંકર પદવીનો અનુભવ કરવો. એ આ કથાનો સાર છે.

## વીસમા પ્રવચન પ્રભાવના પદના આરાધક શ્રી મેરૂપ્રભ રાજાની કથા

આ ભરતક્ષેત્રમાં સૂર્યપુર નગરમાં અરિદમન નામે રાજા હતો. તેને મદનસુંદરી અને રત્નમંજરી નામે રાણીઓ હતી. મદનસુંદરીને મેરૂપ્રભ નામે અને રત્નમંજરીને મહાસેન નામે પુત્ર થયો. રત્નમંજરીએ પોતાના પુત્ર મહાસેનને ગાદી મળે તે ઇરાદાથી મેરૂપ્રભને ઝેર દઇને મારવાના પ્રયત્નો કર્યા. પરંતુ ધાવ માતાના કહેવાથી મેરૂપ્રભ ત્યાંથી નીકળીને શાંતિપુરી નામના નગરમાં આવ્યો. ત્યાં અભયઘોષ નામના મુનિનો સમાગમ થયો. તેમના ઉપદેશથી સમ્યગ્દર્શન સાથે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. અરિદમન રાજાએ મેરૂપ્રભ શાંતિપુરીમાં છે એવી ખબર મળવાથી પત્ર લખી તેડાવ્યો. અને તેના રાજ્ય લેવાની ઇચ્છા નહિ છતાં રાજાએ આગ્રહથી તેને રાજ્યગાદી સોંપી પોતે દીક્ષા લીધી. નાનો ભાઇ મહાસેન યુવરાજ થયો. ફરીથી અપર માતાએ મેરૂપ્રભને મારવા માટે

ઝેરનો પ્રયોગ કર્યો પરંતુ તે પ્રયોગથી તેનો જ પુત્ર મહાસેન ઝેરને લીધે બેભાન બન્યો. પરંતુ રાજાએ તત્કાળ ઉપાય કરી બચાવ્યો. અપર માતાનું આ કૃત્ય જાણી મેરૂપ્રભ રાજાએ સંસાર ઉપર વૈરાગ્ય આવવાથી અભયઘોષ આચાર્ય પાસે ચારિત્ર લીધું. તે મુનિ ગુરૂ પાસે રહી વિનયપૂર્વક બાર અંગ ભણી ગીતાર્થ થયા. ગુરૂએ બધી રીતે લાયક જાણી તેમને આચાર્ય પદવી પણ આપી.

મેરૂપ્રભાચાર્યે અનેક સ્થળે વિહાર કરી ઘણા રાજાઓને ઉપદેશ આપી જૈન ધર્મી બનાવ્યા. તથા ઘણા વાદીઓને વાદમાં હરાવી તેમને પણ જૈન ધર્મી બનાવ્યા એ પ્રમાણે તેમણે પોતાની શકિતથી જૈન ધર્મની ઘણી જાહોજલાલી કરી. વળી પોતાની શકિતથી જૈનધર્મી રાજાની ઉપર મ્લેચ્છ રાજા વિગેરે તરફથી થતા ઉપદ્રવો દૂર કર્યા. એક વખતે ગુરૂ વિહાર કરતા ભોગપુર નગરે આવ્યા. તે વખતે સૌધર્મેન્દ્ર આચાર્યશ્રીને નમીને સ્તુતિ કરવા લાગ્યો કે હે કરૂણા સમુદ્ર ! સૂરીશ્વર ! આપે જૈન શાસનની ઘણી ઉન્નતિ કરી ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જન કરી જિનનામ કર્મનો નિકાચીત બંધ કર્યો છે. તેથી અનેક સુરાસુરો આપના ચરણમાં નમી પોતાના પાપનો નાશ કરશે. હું પણ આપના પવિત્ર દર્શનથી કૃતાર્થ થયો છું. એમ સ્તુતિ કરી ઈન્દ્ર સ્વસ્થાને ગયો. આચાર્યશ્રી મેરૂપ્રભસૂરિ ત્યાંથી વિહાર કરી સંમેત શિખર તીર્થે ગયા. ત્યાં અનશન કરી બ્રહ્મ દેવલોકમાં વિશાલ સમૃદ્ધિવાળા દેવ થયા. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર પદવીને પામીને મોક્ષના અનંતા સુખને પામશે. આ બીનાને યાદ રાખીને

ભવ્ય જીવોએ પરમ ઉલ્લાસથી હંમેશાં વંદન કરવા લાયક શ્રી જિનશાસનની પ્રભાવના કરવી. જેથી પરિણામે તીર્થંકર પદવી મળે. જિનશાસનના નિંદકો મહા વિડંબનાઓ રીબાઈ રીબાઈને ભોગવે છે.

એ પ્રમાણે વિંશતિસ્થાનામૃત સંગ્રહાદિ ગ્રંથોને અનુસારે વિધિ સહિત કથાઓ બહુ જ સંક્ષેપમાં જણાવી. વિશેષ બીના શ્રી વિંશતિ સ્થાનક વિધિ વિગેરે ગ્રંથોથી જાણી લેવી. અનુપયોગાદિ કારણે થયેલી ભૂલની માફી માગું છું. વિ૦ સં. ૧૯૯૭ ના શ્રાવણ વદી પાંચમને દિવસે શ્રી. રાજનગર (અમદાવાદમાં) સુગૃહીતનામધેય પરમોપકારી પરમગુરૂ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિ સૂરીશ્વર ચરણ કિંકર વિનેયાણુ વિજયપદ્મસૂરિએ આ 'શ્રી વિંશતિ સ્થાનક પ્રદીપિકા'ની રચના કરી. ભવ્ય જીવો વાંચીને વિધિપૂર્વક આ તપની આરાધના કરીને તીર્થંકર પદની ભાવ લક્ષ્મીને પામો.

સમાપ્ત

સુગૃહિત નામધેય પરમોપકારી પરમગુરૂ
આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વર
વિનેયાણુ વિજયપદ્મસૂરિપ્રણીતા

# શ્રી
# શિલધર્મદીપિકા

## મંગલાચરણ

॥ पंचचामरवृत्तम् ॥

अपुव्वकप्पपायवं समिद्धदाणदंसणं ।
परप्पसंतिनाहमिद्धणेमिसूरिसग्गुरुं ॥
पवंदिऊण पंजली रएमि भव्वभद्दयं ।
पसंतसज्जणा ! सुणेह सीलधम्मदीवियं ॥ १ ॥

પરમ કરૂણાનિધાન પ્રભુ શ્રી તીર્થંકર દેવે જણાવેલા ધર્મના ચાર ભેદોમાં શીલ ધર્મનો અનહદ પ્રભાવ કલિકાલમાં પણ પ્રત્યક્ષ દેખાય છે. આત્માનો અદ્વિતીય ગુણ નિર્મલ ચારિત્ર છે. તે ચારિત્ર રૂપી સુંદર મ્હેલનો મજબૂત પાયો શીલ છે. આ જ વાતને લક્ષ્યમાં રાખીને હૃદયની ખરી બાદશાહીના સાત્ત્વિક આનંદને ભોગવનાર મુનિવરો પ્રબલ પુણ્યોદયે મળેલા ચારિત્ર ગુણને ટકાવવાને માટે ને

વધારવા માટે દરરોજ શાંત વાતાવરણમાં રહીને આ પ્રમાણે નિર્મલ ભાવના ભાવે છે કે–હે જીવ ! નિજ ગુણ રમણુતાના સંપૂર્ણ આનંદને ભોગવનારા સિદ્ધ ભગવંતો જ્યાં રહે છે તે સિદ્ધ-શીલા (૧) સમયક્ષેત્ર, (૨) સીમંતક નરકાવાસ અને (૩) ઉડુ વિમાનના જેવડી છે. એટલે ચારે પદાર્થો[1] લંબા-ઈમાં અને પ્હોળાઇમાં ૪૫ લાખ ૪૫ લાખ યોજન પ્રમાણ છે. અનુત્તર વિમાન વાસી દેવોને આ સિદ્ધ શિલા ફક્ત બાર યોજન છેટે છે છતાં તેઓ સર્વ વિરતિ ચારિત્રના અભાવે જ મોક્ષમાં જઇ શકતા નથી. કારણ કે મનુષ્ય ભવ સિવાય બીજા ભવોમાં સર્વ વિરતિ ચારિત્ર હોય જ નહિ. આવા મહા દુર્લભ ચારિત્રને પામીને તું તેની સાધનામાં લગાર પણ પ્રમાદ કરીશ નહિ. શીલ ધર્મ રૂપી પાયો લગાર પણ ડગુમગુ ન થાય, તે તરફ દરરોજ પલે પલે કાળજી રાખજે. કારણ કે તેજ શીલથી ચારિત્ર ધર્મને ટકાવી શકાય છે. અને અંતે મોક્ષના સુખ પણ મેળવી શકાય છે. આવી શુભ વિચારણાથી (૧) દેવકીના છ પુત્રો ભદ્રિલપુરમાં

૧ (૧) જંબુદ્વીપ, (૨) અપ્રતિષ્ઠાન નરકાવાસ, (સાતમી નરકના પાંચ નરકવાસ છે, તેમાં ચાર દિશામાં ચાર નરકાવાસ છે અને અપ્રતિષ્ઠાન વચમાં છે. એજ પ્રમાણે વિજયાદિ પાંચની પણ ગોઠવણી સમજવી.) (૩) પાલક વિમાન, (૪) સર્વાર્થસિદ્ધ વિમાન આ ચારે પદાર્થો લંબાઇ પહોળાઈની અપેક્ષાએ લાખ લાખ યોજન પ્રમાણ છે. એવી રીતે (૧) એક જીવના પ્રદેશો, (૨) ધર્માસ્તિકાયના પ્રદેશો (૩) અને અધર્માસ્તિકાયના પ્રદેશો, (૪) લોકાકાશના પ્રદેશો. આ ચારે પદાર્થો એક સરખા પ્રમાણવાલા છે એટલે એક જીવના અસંખ્યાતા પ્રદેશો છે તેટલાજ ત્રણે પદાર્થોના પ્રદેશો જાણવા.

સુલસાના ઘેર ઉછરી મોટા થયા. તેઓ રૂપમાં દેવની જેવા બહુજ તેજસ્વી હતા. તેમણે બાલ બ્રહ્મચારી પ્રભુ શ્રી નેમનાથની આ પ્રમાણે શીલધર્મને પોષનારી નિર્મલ દેશના સાંભળી. હે ભવ્ય જીવો ! અનંતા જીવો મોક્ષમાં ગયા, હાલ મહાવિદેહ ક્ષેત્રમાં ઘણાં ભવ્ય જીવો મોક્ષે જાય છે, અને ભવિષ્યમાં જશે, એમાં શીલની સાધના જ કારણ છે. શીલ શબ્દનો અર્થ બ્રહ્મચર્ય અથવા સદાચાર છે. શીલ મનને સ્થિર કરે છે, ઉત્તમ ભાવનાને ટકાવે છે, અને શુભ ભાવનાપૂર્વક કરેલી ક્રિયા સંપૂર્ણ ફલ દઈ શકે છે તમામ વ્રત નિયમને ટકાવનાર પણ શીલ છે, શીલના જ પ્રભાવે દેવો પણ સહાય કરે છે. વિઘ્નો નાશ પામે છે, જંગલમાં પણ મંગલ થાય છે. ભર જુવાનીમાં મૂઢ સંસારી જીવો દુર્ગતિના ભયંકર દુઃખને દેનારા ક્ષણિક ભોગના સાધનો મેળવવા માટે જેટલી પૂરજોસમાં દોડધામ કરે છે. તેવી મ્હેનત જો જિન ધર્મને સાધવામાં એટલે નિર્મલ ચારિત્ર ધર્મની સાત્ત્વિકી આરાધના કરવામાં કરે તો તેમને મોક્ષના સુખ જરૂર મળી શકે છે. મોહનીય કર્મના નીચ સંસ્કારને લઇને સ્ત્રીમાં અને ધનમાં બળખામાં ચોંટેલી માંખીની માફક રાત-દિન મન ચોંટયું રહે છે. તેવી લગની જો નિર્મલ ચારિત્ર ધર્મને સાધવામાં રાખીએ તો મોક્ષ જરૂર મળી શકે છે. સ્ત્રીના અશુચિમય શરીરમાં મુંઝાઇને શા માટે જીવન બગાડો છો. ધનની ચિંતાથી પણ જીવન ધૂળ જેવું બને છે. ત્યાગમાં જે આનંદ છે, તે ભોગમાં છેજ નહિ. માટે બહાદુર થઇને સંયમની સાધના કરીને સિદ્ધિના સુખ મેળવવા માટે

તૈયાર થઈ જાવ. હવે ઉંઘવાનો અવસર નથી. કારણ કે જન્મ જરા મરણ રૂપી રાક્ષસો દરેકની પાછળ ફરે છે. આવી દેશના સાંભળીને તે છ જણાએ બત્રીસ કરોડ સોનૈયાનો ત્યાગ કરી શ્રી નેમિનાથ પ્રભુની પાસે પૂર્ણ ઉલ્લાસથી શીલ પ્રધાન સંયમને અંગીકાર કર્યું. તેની સાત્ત્વિકી આરાધના કરીને આત્મ કલ્યાણ કર્યું. હું તેમને વંદન કરૂં છું. તથા (૨) બાર વર્ષ સુધી છઠ્ઠ છઠ્ઠ તપના પારણે આયંબિલ કરીને ભાવસંયમી શિવકુમારે શીલ વ્રતને સાધીને આત્મહિત કર્યું. કોશ્યા વેશ્યાને ઘેર ચોમાસું રહ્યા છતાં શીલવ્રતમાં મજબૂત રહેનાર શ્રી સ્થૂલિભદ્ર મહારાજનું નામ ચોરાશી ચોવીશી સુધી કાયમ રહેશે. (૩) સુદર્શન શેઠ—અભયા-રાણીએ ચલાયમાન કરવા ઘણાએ પ્રયત્નો કર્યા છતાં શીલથી ડગ્યા નહિ. રાજાના હુકમથી તેમને શૂલી પર ચઢાવતાં તે સિંહાસન રૂપ થઇ ગઇ. દેવોએ ફૂલની વૃષ્ટિ કરી, અને સુદર્શન શેઠના દૃઢ શીલ ગુણની અનુમોદના કરી આ રીતે શ્રી મલ્લિનાથ નેમિનાથ જંબૂસ્વામી વિગેરે મહા પુરૂષોના શીલ ગુણની વિચારણા કરીને ભાવ પૂર્વક વંદન કરીને પોતાના શીલ ગુણને મજબૂત બનાવીને નિર્મલ સંયમ રૂપી બગીચામાં પ્રસન્ન ચિત્તે ફરે છે. જ્યારે મન ભોગના વિચા-રથી અસ્થિર બને છે, ત્યારે ઈંદ્રિયો સતેજ થઇને સુંદર રૂપ વિગેરે પોત પોતાના વિષયને ગ્રહણ કરીને રાગ ધારણ કરે છે. તેથી ઘણાં ચીકણાં કર્મ બંધાય છે, અને તેનાં બૂરાં ફલ ઇચ્છા નહિ છતાં પણ સંસારી જીવોને રીબાઇ રીબાઇને ભોગવવા પડે છે. એમ બાંધેલા બીજા કર્મોની બાબતમાં પણ તેમજ બને છે. દુઃખી થવાની ઈચ્છા કોઇને

પણ હોય જ નહિ. છતાં વિષય કષાય રૂપી કીચડમાં ખૂંતેલા સંસારી જીવો અજ્ઞાન અને મોહને વશ થઇને બાંધેલાં અશુભ કર્મો જ્યારે ઉદયમાં આવે, ત્યારે વિવિધ દુઃખોનો અનુભવ કરે છે. વિષય કષાય માનવ જીવનને ભયંકર નુકશાન કરનાર છે. તે એના નિમિત્તે કર્મના નિકાચિત બંધ થયા પછી તે કર્મને ભોગવવું જ પડે, એમાં કોઇનું કંઇ પણ ચાલી શકતું નથી. આ પ્રસંગને સ્પષ્ટ કરવા માટે કર્મ રાજાએ કોને કોને હેરાન કર્યા? તે જણાવીએ છીએ. (૧) પ્રભુ શ્રી મલ્લિનાથ માયા કરવાથી સ્ત્રીપણું પામ્યા. ૨. પ્રભુ શ્રી મહાવીર દેવને ( કુલ મદથી બાંધેલા નીચ ગોત્રના ઉદયે ) બ્રાહ્મણ કુલમાં જન્મ લેવો પડયો. એક રાત્રિમાં સંગમ દેવે કરેલા ઉપસર્ગો સહન કરવા પડયા. ગોવાળે કાનમાં ખીલા દાખલ કર્યા. તેની વેદના સહન કરી. ૩. પાર્શ્વનાથે કમઠ દેવના ઉપસર્ગ સહન કર્યા. ૪. પ્રભુ શ્રી આદિનાથને લગભગ એક વર્ષ સુધી આહાર મળ્યો નહિ. ૫. ચંદનબાલા ( રાજકુંવરી વસુમતી ) તથા મલયા સુંદરી બજારમાં વેચાણી. ચંદનબાલાને ત્રણ દિવસ ભૂખ્યું રહેવું પડયું, મૂલા નામની શેઠાણીએ ચંદનાના પગમાં બેડી નાંખી તેને ઓરડામાં પૂરી દીધી. તથા મલયાસુંદરીને રંગાળા લોકોએ વેચાતી લીધી. તેઓ તેને વિવિધ પ્રકારે બહુ બહુ દુઃખ દે છે. આ મલયા સુંદરીને અજગર ગળી જાય છે, ત્યારે પણ તીવ્ર વેદના ભોગવવી પડે છે. ૬. મહાબલ કુમારને ઉંધે મસ્તકે લટકી રહેવું પડે છે. ૭. સુભદ્રા સતી અને સીતા સતીને કલંક ચઢે છે. ૮. દ્રૌપદીના ચીર (વસ્ત્ર) ખેંચાય છે. ૯. કલાવતીના હાથ કપાય છે. ૧૦. કર્મવશે હરિશ્ચંદ્ર રાજાને

નીચના ઘેર પાણી ભરવું પડ્યું. ૧૧. રામ લક્ષ્મણ પાંડવ વિગેરેને વનવાસ ભોગવવો પડયો. ૧૨. પાંડવો તથા નલ રાજા રાજ્ય હારી ગયા. ૧૩. દમયંતીને નળ રાજાનો વિયોગ થયો ૧૪. સનત્કુમાર ચક્રીને સોળ રોગની પીડા ભોગવવી પડી. ૧૫. એલાપુત્રને નટડીના મોહે નટ થઈને નાટક કરવું પડ્યું. ૧૬. મુનિપતિ મહારાજને તથા મહાબલ મુનિને અગ્નિનો ઉપસર્ગ સહન કરવો પડયો. ૧૭. પાંચસો શિષ્ય સહિત સ્કંધક સૂરિને ઘાણીમાં પીલાવાનું દુઃખ સહન કરવું પડ્યું. ૧૮. અવંતી સુકુમાલને શિયાલણીનો ઉપસર્ગ સહન કરવો પડયો. ૧૯. સુકોશળ મુનિના દેહને વાઘણ વલોરે છે. (પૂર્વાવસ્થાના બાપ) કીર્તિધર મુનિ નિઝામણા કરાવે છે. માતા મરીને વાઘણ થઇ છે, તે પુત્રને ખાવા માંડે છે. આ વેદના કર્મવશે સહન કરવી પડે છે. ૨૦. મેતારજ મુનિના મસ્તક ઉપર સોની વાધર વીંટે છે. તે વેદના મુનિરાજ સહન કરે છે. ૨૧. કર્મવશે નંદિષેણ આર્દ્રકુમાર સંયમથી ચૂકયા. ૨૨. પાર્વતીના મોહે ઈશ્વરને નાચવું પડ્યું. ૨૩. જરાકુંવરના નિમિત્તે કૃષ્ણને મરણનું દુઃખ ભોગવવું પડ્યું. ૨૪. કર્મવશે બાપ પુત્રીને પરણે, તેની કુક્ષિએ ત્રિપૃષ્ટ વાસુદેવનો જન્મ થયો. ૨૫. રામ લક્ષ્મણના હાથે રાવણનું મરણ થયું. ૨૬. સુભૂમચક્રી સમુદ્રમાં ડૂબી ગયો. ૨૭. બ્રહ્મદત્તને ૧૬ વર્ષ સુધીનો અંધાપો ભોગવવો પડયો. ૨૮. બાહુબલી સાથે થયેલી લડાઇમાં ભરત ચક્રવર્તિની હાર થઈ. ૨૯. મુનિને ઉપસર્ગ કરવાથી શ્રીપાલ રાજાને અને મયણાસુંદરીને વિવિધ સંકટો ભોગવવા પડયા. આ દૃષ્ટાંતોમાંથી ભવ્ય જીવોએ શિખામણ એ લેવાની કે કર્મને બાંધવાનો કાલ એ સ્વા-

ધીન કાલ છે. માટે કર્મ બાંધવાના સમયે સાવચેતી રાખવી જોઇએ. આ બાબતમાં ભૂલ ખાનારા જીવો જ દુર્ગતિના દુઃખોને ભોગવે છે. આવી જ સ્થિતિ ભોગતૃષ્ણાના ગુલામ બનેલા જીવોની થાય છે. ભાવદયાના ભંડાર જેવા પ્રભુ શ્રી તીર્થંકર દેવે તમામ જીવોના કલ્યાણને માટે બ્રહ્મચર્યને પાલન કરવાની શિખામણ આપી છે.

**પ્રશ્ન**—બ્રહ્મચર્ય એટલે શું ?

**ઉત્તર**—બ્રહ્મચર્ય શબ્દમાં રહેલા બ્રહ્મ શબ્દના અર્થ સિદ્ધ શિલા, સત્ય અનુષ્ઠાન, નિર્વિકલ્પ સુખ વગેરે થાય છે. અને ચર્ય શબ્દના અર્થ આચરણ-વર્તન, ચલન-ગમન વિગેરે થાય છે. બંનેનો ભેગો અર્થ એ થાય છે કે જેનાથી મોક્ષના નિર્વિકલ્પ શાશ્વતા સુખ મળે, એવું જે વર્ત્તન ( આચાર ) તેનું નામ બ્રહ્મચર્ય કહેવાય. આમાં પંચ મહાવ્રત વિગેરેની સાધના વિગેરે પણ આવી જાય છે. આ બ્રહ્મચર્યનું બીજું નામ શીલ પણ છે. બંનેનો એક જ ઉપર જણાવેલો અર્થ થાય છે. બ્રહ્મચર્ય શબ્દનો બીજો અર્થ મૈથુનનો ત્યાગ કરવો એ થાય છે.

**પ્રશ્ન**—બ્રહ્મચર્યનું સ્વરૂપ શું ?

**ઉત્તર**—વિભાવ દશાના સાધનોને સેવતા આત્માને સ્વભાવ દશામાં લાવવો એ બ્રહ્મચર્યનું ટૂંક સ્વરૂપ છે. બીજી રીતે એમ પણ કહી શકાય કે જે સાધનોની સેવના કરવાથી આત્મા પુદ્ગલ રમણતા ઘટાડીને નિજગુણ રમણતા પામે એવા સદાચારની સેવના કરવી. એ બ્રહ્મચર્યનું ઉપચાર દૃષ્ટિએ સ્વરૂપ જાણવું. એટલે સદાચારથી બ્રહ્મચર્ય ગુણ પ્રકટ થાય છે. શ્રી જૈનેન્દ્રાગમમાં નામ સ્થાપના દ્રવ્ય-

ભાવથી શીલ શબ્દનો વિચાર દર્શાવ્યો છે. તેમાં દ્રવ્ય શીલનું અને ભાવ શીલનું સ્વરૂપ ટૂંકામાં આ પ્રમાણે જાણવું.

દશ દૃષ્ટાંતે દુર્લભ એવા માનવ જન્મને સંપૂર્ણ રીતે સફલ કરવાનું અપૂર્વ સાધન શીલ છે. શીલથી કેવલ જ્ઞાન જલ્દી પ્રકટ થાય છે. શ્રી જૈનેન્દ્ર શાસનમાં જે જે મહા પ્રભાવક થયા છે, તે શીલના જ પ્રભાવે થયા છે. જેનું વીર્ય ઉર્ધ્વ (ઉંચું) રહેતું હોય, તે પુરૂષ વિશાલ બુદ્ધિને ધારણ કરે છે. વિગેરે પ્હેલાં જણાવેલા શીલના સ્વરૂપને જાણ્યા વિના કે શીલ પાલવાની ઇચ્છા વિના જે મૈથુનનો ત્યાગ કરવો, તે દ્રવ્ય શીલ કહેવાય. અને શીલનું યથાર્થ સ્વરૂપ સમજીને પરમ ઉલ્લાસથી સ્વપર કલ્યાણને માટે શીલ ધર્મને પાલવો, તે ભાવ શીલ કહેવાય. કેદમાં રહેલા કે માંદગીને કારણે સાજા થવા માટે વૈદ્યના કહેવા પ્રમાણે શીલ પાલવું તે પણ દ્રવ્ય શીલ જ કહેવાય. કારણ કે એમાં ભાવની કે બોધની ખામી છે. દ્રવ્ય શીલ અને ભાવ શીલની ચઉભંગીની ટૂંક બીના આ પ્રમાણે જાણવી. ૧ એક જીવ દ્રવ્યથી શીલ પાલે છે પણ ભાવથી પાલતો નથી. અહીં ભવદેવનું દૃષ્ટાંત જાણવું. તેણે ચારિત્ર લીધું છે. પણ ઘેર મૂકીને આવેલ પોતાની સ્ત્રી નાગિલામાં તેનું મન રહ્યું હતું. એ રીતે રાજર્ષિ મુનિ નળ રાજાની બીના જાણવી. તેમને સાધ્વી દમયંતી ઉપર રાગની ભાવના થઈ હતી. ૨ એક માણસ ભાવથી શીલ પાલે છે. પણ દ્રવ્યથી નહિ. અહીં વિજય શેઠ જંબૂસ્વામી પૃથ્વીચંદ્ર ગુણસાગરના દૃષ્ટાંત જાણવા. ભાવના કલ્પલતામાં આ પ્રસંગે ચોરીનો 'વરકન્યા સાવધાન' નો અર્થ વિસ્તારથી જણાવ્યો છે. ૩ એક માણસ દ્રવ્યથી ને ભાવથી શીલ પાલે છે. અહીં

શ્રી મલ્લિનાથ રાજીમતી વિગેરેના દૃષ્ટાંત જાણવા. રાજીમતીનું આયુષ્ય ૯૦૧ વર્ષનું હતું તે ૪૦૦ વર્ષ ગૃહસ્થ ભાવે અને એક વર્ષ છદ્મસ્થપણે અને ૫૦૦ વર્ષ કેવલી સ્વરૂપે વિચર્યા. શ્રી મલ્લિનાથને દીક્ષા લીધા પછી તેજ દિવસે અને શ્રી નેમિનાથને ૫૪ દિવસ પછી કેવલજ્ઞાન થયું. આ છદ્મસ્થકાલની ઓછાશમાં શીલ જ કારણ છે. ૪ એક માણસ બંને રીતે (દ્રવ્યથી ને ભાવથી) શીલ ન પાલે. આવા જીવો દુનિયામાં ઘણાં દેખાય છે. વિશેષ બીના શ્રી ભાવના કલ્પલતામાં વિસ્તારથી જણાવી છે. આ પ્રમાણે બહુ જ ટુંકામાં જૈન દૃષ્ટિએ શીલનું સ્વરૂપ જણાવ્યું. ગ્રંથ મોટો થઈ જાય તેથી વિશેષ બીના અવસરે જણાવીશ. જેમાં મૈથુન દોષની પુષ્ટિ કરી હોય તે ધર્મ જ ન કહેવાય.

## વિવિધ દૃષ્ટિએ બ્રહ્મચર્યની જરૂરિયાત

(૧) શરીરના ભોગે પણ આત્માનું ભલું ચાહનારા ભવ્ય જીવો આત્મ દૃષ્ટિવાળા કહેવાય છે. તેઓ શીલધર્મની સાધના કરવાથી આ લોકમાં લાંબુ આયુષ્ય મજબૂત સંઘયણ સારી આકૃતિ તેજ મહાપરાક્રમ નિર્દોષ આરોગ્ય વિગેરે ફલો જાણીને, અને પરલોકના સિદ્ધિપદ વિશાલ દેવતાઇ ઋદ્ધિ વિગેરે ફલને જાણીને બ્રહ્મચર્યનું પાલન કરે છે. તથા જેઓ શરીરને જ કાળજીથી સાચવે છે, તે શરીર દૃષ્ટિવાલા જીવોએ પણ બ્રહ્મચર્ય જરૂર પાળવું જોઇએ, કારણ કે રોગને જીતનારા સાત કારણોમાં બ્રહ્મચર્યને મુખ્ય કારણ કહ્યું છે. શ્રી સ્થાનાંગ સૂત્રમાં નવ કારણથી રોગની ઉત્પત્તિ જણાવી, તેમાં પણ અબ્રહ્મને (મૈથુનને) ગણ્યું છે. ભલેને કોઇ આઠ કારણોનો ત્યાગ કરતા હોય પણ નવમા કારણને તજવામાં અમર્યાદિત (સ્વચ્છંદી) હોય, તો તે. આરોગ્યને પામી શકે

જ નહિ. પ્રાચીન મહાપુરૂષો ભોગ તૃષ્ણાની ગુલામીને મહા-દુર્ગતિના દુઃખને દેનારી શ્વાનવૃત્તિ જ માને છે. જો કે સુશ્રુત વાગ્ભટ્ટ શાર્ઙ્ગધર ભાવ પ્રકાશ વિગેરેમાં રોગના છ કારણો જણાવ્યા, તેમાં ઇંદ્રિય દમનને ગણવું ચોક્કસ ભૂલી ગયા છે. એથી તેઓનો અનુપયોગ ભાવ અથવા અલ્પ જ અનુભવ જણાય છે. છતાં પ્રાચીન વૈદ્યો પણ રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિર, મજ્જા, અને વીર્ય આ સાત ધાતુઓમાં છેલ્લી ધાતુને ( વીર્યને ) જીવનને ટકાવવામાં જરૂર પ્રધાન પદ આપે છે. એમ તેઓએ જણાવેલા ' मलायत्तं बलं पुसां शुक्रायत्तं च जीवितं ' ( એટલે મલના નિયમિતપણાથી બલનો ટકાવ થાય છે, જીવનનો ટકાવ વીર્ય રક્ષાથી થઈ શકે છે. ) આ વચનથી સાબીત થાય છે. વધુમાં તેઓ એમ પણ જણાવે છે કે (૧) સારામાં સારૂં પથ્ય ( જીવનને ટકાવનાર ) બ્રહ્મચર્ય છે. અને (૨) વીર્યની રક્ષા કરવી એ બ્રહ્મચર્ય કહેવાય. (૩) ખાધેલા આહારમાંથી પ્હેલાં કહ્યા મુજબ ક્રમસર રસ વિગેરે બને છે. અને સૌના સારરૂપ વીર્ય બને છે. ( આજ વીર્ય ઓજસ રૂપી મહા તેજ સ્વરૂપ બનીને આખા શરીરમાં તેજસ્વિતા લાવે છે. )

એક ધાતુમાંથી બીજી ધાતુ બનતાં પાંચ દિવસ લાગે છે. જે સાર પદાર્થ હોય છે, તે તો શરીરમાં જ રહે છે. અને પાચનની પ્રત્યેક ક્રિયામાંથી બચેલો કચરો મળ મૂત્ર પરસેવો, મેલ, નખ, દાઢી વિગેરેના વાળ રૂપે બ્હાર નીકળી જાય છે. વીર્ય બનતાં જ તેની પરિવર્ત્તન ક્રિયા અટકી જાય છે. અને તે સાર પદાર્થ ઓજસરૂપે શરીરમાં રહે છે. આ પ્રમાણે રસથી તે વીર્ય બનતા સુધીમાં પાંચ પાંચ દિવસના હિસાબે પાંત્રીસ દિવસ લાગે છે. આજે ખાધેલા

પદાર્થનું પાંત્રીસમે દિવસે વીર્ય બને છે. પાકા ચાળીસ શેર ( આપણા બે મણ ) ભોજનમાંથી એક શેર લોહી બને છે. અને તે એક શેર લોહીમાંથી બે રૂપિયા ભાર વીર્ય બને છે. રોજ બશેર અનાજ ખાનાર માણુસ પણ એક મહિનામાં દોઢ મણ જ ખોરાક લઇ શકે છે. આમાંથી આખા મહિનાની કમાણી રૂપ દોઢ તોલો જ વીર્ય બને છે.

અમર્યાદિત પ્રવૃત્તિ કરીને હરરોજ તેટલા પ્રમાણુની સાતમી ધાતુનો દુર્વ્યય કરનાર પોતાની જીંદગીનું દેવાળું કાઢે છે, એમાં નવાઇ શી ? (૪) વીર્ય એ શરીરનું શ્રેષ્ઠ તત્ત્વ છે. બલ વિગેરેને પોષનાર છે. જેમ દૂધમાં ઘી રહ્યું છે તે રીતે શરીરમાં તે ફેલાઇને રહ્યું છે. જેમ રસ વિનાનો તે શેરડીનો સાંઠો નિ:સત્ત્વ જણાય છે તેવું જ વીર્યહીન શરીર સમજવું. (૫) વીર્યપાતમાં મનુષ્યનું પતન છે. શિવ સંહિતામાં કહ્યું છે કે વીર્યપાતથી બહુ બૂરી રીતે મરણ થાય છે, વીર્યરક્ષામાં જ જીવનનું રહસ્ય સમાએલું છે. માટે કાળજીપૂર્વક વીર્ય રક્ષા જરૂર કરવી જોઇએ.

બ્રહ્મચર્યના પ્રતાપે હનુમાન વિગેરે મહામુશ્કેલી ભરેલા કાર્યો પાર પાડી શકયા છે. બ્રહ્મચર્ય જ સર્વ પુરૂષાર્થનું મૂળ છે. તેમજ તેજ જીવનમાં આરોગ્ય અને સુખ પણ દેઇ શકે છે. બ્રહ્મચર્ય અકાળે આવતા ઘડપણને અને મરણને અટકાવે છે બ્રહ્મચારી પોતે હૃષ્ટપુષ્ટ બળવાન હોય છે. અને તેથી તેની સંતતિ પણ તેવી જ થાય છે. બ્રહ્મચારી પુરૂષ લાંબા આઉખાવાળો, તીવ્ર યાદ શક્તિને ધારણ કરનાર, સાચું બોલનાર, જિતેન્દ્રિય અને ધર્મિષ્ઠ થાય છે. પરમ ઉલ્લાસથી ધર્મની સાધના યોગની સાધના કરી શકે છે. બ્રહ્મચર્ય જીવન એ નીડર જીવન છે. પૂર્ણ યશ:કીર્તિની

સુવાસથી ભરેલું વિકસ્વર ફૂલ છે. આથી સાબીત થયું કે વૈદ્યકશાસ્ત્ર પણ બ્રહ્મચર્યને પાલવાનું ફરમાવે છે. વેદશાસ્ત્રો પૈકી અથર્વ વેદમાં પણ બ્રહ્મચર્યને જીવનના ટેકા રૂપ ગણ્યું છે. અને ગીતામાં પણ કહ્યું છે કે પરમાત્મ સ્વરૂપને મેળવવાની ઇચ્છાવાળા જીવોએ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ. યુક્તિ પણ એમ જ જાહેર કરે છે કે, બ્રહ્મને એટલે બ્રહ્મચર્યને સેવ્યા વિના બ્રહ્મ એટલે મોક્ષ પદ મળી શકે જ નહિ. જેમ લોહચુંબક લોઢાને આકર્ષે (ખેંચે) છે, તેમ બ્રહ્મચર્ય એ મુક્તિને ખેંચીને નજીકમાં લાવે છે. એટલે નિર્મલ બ્રહ્મચર્યના પ્રતાપે અલ્પ કાલમાં મોક્ષના સુખ પામી શકાય છે. જેમ કર્મનો બંધ અને મોક્ષ એ મનના ભાવને અનુસરીને થાય છે. તે વિષય વાસનાની ઉત્પત્તિ ભોગના સાધનોની ચિંતવના કરવાથી થાય છે. એ બૂરી ચિંતવનાનું ખરાબમાં ખરાબ પરિણામ એ આવે છે કે, 'બૂરી હાલતે અસમાધિ ભરેલું મરણ થાય છે', આ સ્થિતિથી બચવાને માટે જેમ આપણા લોક પ્રકાશ વિગેરે ગ્રંથોમાં [1]કામની દશ દશા બતાવી છે. પ્રાયે તેને અનુસરીને ગીતામાં પણ ૧ વિષયની ચિંતવના, ૨ સંગ, ૩ કામ, ૪ ક્રોધ, ૫ સંમોહ, ૬ સ્મૃતિમાં ભ્રમણા, ૭ બુદ્ધિનો નાશ, ૮ મરણ, આ ક્રમે વિષયની ચિંતવનાનું બૂરૂં પરિણામ જણાવ્યું છે. અને લૌકિક શાસ્ત્રમાં સ્ત્રીનું સ્મરણ કરવું વિગેરે ૮ પ્રકારના મૈથુન[2]ને દર્શાવીને ત્યાગ કરવાનું જણાવ્યું છે. જૈન દર્શનમાં શિયલની નવવાડ શીલની રક્ષા કરવા જણાવી છે, તેનો અલૌકિક પ્રભાવ પ્રત્યક્ષ અનુભવીને લૌકિક મતા-

૧. સંવેગમાલામાંથી કામની દશ દશા જોઇ લેવી.

૨. શુભ સંગ્રહ ભા. ૬ પા. ૩૮૧.

વલંબીઓ પણ જાહેર કરે છે કે "સ્ત્રી સાથેના કોઇ પણ પ્રકારના સંસર્ગથી સાતમી ધાતુનો નાશ થાય છે.' પ્રત્યક્ષ સહવાસ સિવાયના બીજા પ્રકારના મૈથુનમાં વીર્ય સ્ખલિત થઈને અંડકોષમાં દાખલ થાય છે. પરિણામે ધાતુની નબળાઈ સ્વપ્નવિકાર, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, જીવલેણ ક્ષયરોગ વિગેરે બીમારી થાય છે. હાલની કહેવાતી (નામની) શભ્યતાના પ્રભાવે દિનપ્રતિદિન કુશીલતા પૂરજોસમાં વધતી માલુમ પડે છે. તેના માઠાં ભયંકર પરિણામ નજરો નજર એ દેખાય છે કે (૧) સાતમી ધાતુનો નાશ. (૨) શરીરની દુર્બળતા (૩) ગાલમાં ખાડા પડી જાય (૩) ચેહરો ફિક્કો પડી જાય છે. (૪) યાદ શકિત ઘટે છે. (૫) ચક્કર આવે. (૬) હૃદયની કમજોરી (૭) આંખો બળે (૮) ભૂખ મરી જાય. (૯) જીવ ગભરાય. (૧૦) ઉંઘ ન આવે. (૧૧) આળસ વધે. આ રીતે કામીનું જીવન દુઃખના દરિયા જેવું બને છે. અંતિમ ધાતુના નાશથી જ હરસ પાંડુ વિગેરે અસાધ્ય રોગ પણ પ્રકટે છે.

હાલના ડોકટરો પણ આજ વિચારો દર્શાવે છે. શરીરના મોહવાળા જીવો પણ અલ્પાંશે પણ બ્રહ્મચર્ય જરૂર સ્વીકારે છે. આ બાબતમાં ગ્રહસ્થ જીવનને ઉદ્દેશીને બીજાઓએ પણ ચાર આશ્રમ ક્રમમાં શરૂઆતમાં બ્રહ્મચર્યને પ્રધાન પદ આપ્યું છે, એમ મનુસ્મૃતિ વિગેરેમાં જણાવેલા બ્રહ્મચારીએ પાલવાના નિયમો ઉપરથી અને સૉક્રેટીસે તેમના શિષ્યની સાથે કરેલી વાતચીત વિગેરે સાધનોના આધારે સાબીત થાય છે જેમ જૈન દર્શનમાં સર્વદા શીલ પાળવાને અશક્ત ગૃહસ્થોને પર્વ દિવસોમાં બ્રહ્મચર્ય પાલવાનું કહ્યું છે, તે વાત મનુએ પણ કબૂલ કરી છે, એમ " **निंद्यास्वष्टासु चान्यासु** " વિગેરે મનુસ્મૃતિના

શ્લોકો જણાવે છે. શ્રી જૈનેન્દ્ર પ્રવચન દેહની અનિત્યતા જણાવીને આત્મદૃષ્ટિ તરફ લક્ષ્ય રાખવા પૂર્વક બ્રહ્મચર્ય પાલવાને અંગે જેવું સ્પષ્ટ અને સંપૂર્ણ જણાવે છે, તેવું અન્યત્ર દેખાતું નથી. જેઓ સંપૂર્ણ શીલ ન પાલી શકે, તેઓ સ્થૂલ બ્રહ્મચર્ય જરૂર પાલે અને સંપૂર્ણ શીલને પાલનારા ભવ્ય જીવોની અનુમોદના કરીને ભવિષ્યમાં "મને જ્યારે સંપૂર્ણ શીલ સાધવાનો પ્રસંગ મળશે, ત્યારે જ હું મારા આત્માને અહોભાગ્ય માનીશ" એવી સદ્ભાવના રાખે. આવા પુણ્યશાલી જીવો ભાવત્યાગી શ્રી ગુરૂ મહારાજના સમાગમ, ઉપદેશ, શ્રવણાદિ સાધનો મળવાથી પુણ્યોદયે તેવો અવસર પામી શકે છે. પ્રાયે દરેકનું જીવન ધર્મની, જ્ઞાતિની અને રાજ્યની સાંકળથી મર્યાદિત બનેલું હોય છે. આનું ઉંડું રહસ્ય વિચારતાં એ જણાય છે કે કોઇને પણ કુશીલપણું ઈષ્ટ નથી. કારણ કે કોરટ પણ આ બાબતમાં વિરૂદ્ધ વર્ત્તનારને સજા કરે છે. જ્ઞાતિના નાયકો તેનો દંડ કરે છે. ધર્મ શાસ્ત્ર તપસ્યા વિગેરે પ્રાયશ્ચિત ફરમાવે છે. જૈનેન્દ્ર શાસનને પામેલા શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ વિગેરે મહા ધુરંધર પૂજ્ય પુરૂષો રાજાને પ્રતિબોધ કરવો, દેશોદેશમાં અહિંસા ધર્મનો પ્રચાર કરાવવો વિગેરે પ્રકારે જે મહા કાર્યો કરી શકયા, તેમાં બ્રહ્મચર્યની મુખ્યતા છે. બાલ્ય વયમાં સંયમને ધારણ કરીને સારા વાતાવરણમાં રહીને બ્રહ્મચર્યની જેવી નિર્દોષ સાધના થાય છે, તેવી પ્રાયે પછીના કાલમાં થઇ શકતી નથી. શ્રાવકોમાં પણ વિજય શેઠ વિગેરે ભવ્ય જીવોએ જીવતાં સુધી બ્રહ્મચર્ય પાલન કરી આત્મકલ્યાણ કર્યું. આ પ્રસંગે શ્રાવકોએ પણ બ્રહ્મચર્યને અંગે શા

શા નિયમો પાલવા જોઇએ, એ બીના મેં દેશવિરતિ જીવનમાં વિસ્તારથી સમજાવી છે.

આ પ્રમાણે અનેક ગ્રંથોના આધારે બહુ જ ટૂંકામાં જણાવેલા બ્રહ્મચર્યના સરલ સ્વરૂપને સમજીને હે ભવ્ય જીવો! નિરંતર તેનું એકાગ્ર ચિત્તે મનન કરજો. અને તેની સાધના કરવા પૂર્વક નિર્મલ દર્શન જ્ઞાન ક્રિયામય મોક્ષ માર્ગને સાધીને સિદ્ધિના સુખ મેળવજો. બીજાઓને બ્રહ્મચર્યનું સ્વરૂપ સમજાવીને તમારા જેવા મોક્ષ માર્ગના આરાધક બનાવજો અને તેવા આરાધકોની અનુમોદના કરજો. આ શીલ ધર્મ દીપિકામાં અનુપયોગાદિ કારણથી શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા વિરૂદ્ધ કહેવાયું હોય, તેની શ્રી ગુરૂ દેવની સાક્ષીએ માફી માગું છું. ગ્રંથ વધી જવાના ભયથી ઘણી બીના મેં ટૂંકામાં જણાવી છે, ભાવના પ્રમાણે જણાવી શકયો નથી. અવસરે વિસ્તારથી જણાવવા ભાવના છે. તપોગચ્છાધિપતિ શાસન સમ્રાટ્ જગદ્‌ગુરૂ પરમોપકારી શિરોમણિ મારા આત્મોદ્ધારક પરમ પૂજ્ય ગુરૂદેવ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના ચરણ કિંકર વિનેયાણુ વિજયપદ્મસૂરિએ જૈનપુરી અમદાવાદની ગુસા પારેખની પોળના રહીશ દેવ ગુરૂ ધર્માનુરાગી બાર વ્રત ધારક શ્રાવક શેઠ ભગુભાઇ ચુનીલાલ સુતરીયા વિગેરે શ્રી સંઘની વિનંતિથી અમદાવાદમાં વિ૦ સં૦ ૧૯૯૭ ના આસો સુદિ ત્રીજે આ શીલ ધર્મ દીપિકા નામના ગ્રંથની રચના કરી. આ ગ્રંથ રચનાના લાભ રૂપે હું એજ ચાહું છું કે સર્વ જીવો શ્રી જૈનેન્દ્ર શાસનની સાત્ત્વિકી સેવના કરીને મુક્તિના સુખ પામે.

॥ સમાપ્તા શ્રી શીલધર્મ દીપિકા ॥

સુગૃહીત નામધેય પરમોપકારી પરમગુરૂ
આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વર
વિનેયાણુ વિજયપદ્મસૂરિપ્રણીતા

શ્રી

# શ્રાવક વ્રત દીપિકા

મંગલ ॥ આર્યાવૃત્તમ્ ॥

पणमिय सुविहिजिणिंदं–परमपहावं च णेमिसूरिगुरुं ॥
नियपरकल्लाणटुं–सावयवयदीवियं कुणमो ॥ १ ॥

મહા નિર્યામક પ્રભુ શ્રી તીર્થંકર દેવે ફરમાવ્યું છે કે નિર્મલ મહાવ્રતમય ચારિત્રની નિર્મલ સાધના કરવાથી જલદી સિદ્ધિપદ મળે છે, માટે ભવ્ય જીવોએ તેની સાધના જરૂર કરવી જ જોઇએ. તેમ જો ન કરી શકે તો યથાશક્તિ બાર વ્રતની સાધના રૂપ દેશવિરતિની સાધના કરવી, જેથી આઠમે ભવે તો જરૂર સિદ્ધિના સુખ મળે. બાર વ્રતમાં પ્હેલાં સમ્યક્ત્વની બીના આ પ્રમાણે જાણવી. નિર્દોષ દેવ ગુરૂ ધર્મને અનુક્રમે દેવ તરીકે ગુરૂ તરીકે ને ધર્મ તરીકે માનવા, અને શ્રી તીર્થંકર પ્રભુએ કહેલી વાત સાચી માનવી, તે સમ્યકત્વ કહેવાય. અહીં સ્વલિંગી સાધુ વિગેરેને વ્યાવહારિક દૃષ્ટિએ કે ઉપકારાદિને લઇને શોભવંદનાદિ કરવું પડે, વિગેરે બાબતમાં જયણા રખાય.

દરરોજ દેવ ગુરૂના દર્શન કરી પચ્ચખ્ખાણ પાળવું. સાંજે ચોવિહાર વિગેરે કરે. આવક (પેદાશ) નો અમુક ભાગ સાત ક્ષેત્રમાં વાપરે. છતી જોગવાઇએ ત્રિકાલ પૂજા વિગેરે કરે. સૂતકાદિ કારણે જયણા અમુક સંખ્યામાં (ધારણા પ્રમાણે) નોકારવાલી વિગેરે ગણે. દેવાદિ સોગન ન ખવાય. મિથ્યાદષ્ટિ દેવાદિની બાધા ન રખાય. આ રીતે દ્રવ્યાદિથી સમ્યકત્વની નિર્મલ સાધના કરવી. તેના પ્રભાવે શ્રેણિક વિગેરે તીર્થંકર થશે. અહીં દ્રવ્યાદિની તથા છ છીંડી વિગેરેની બીના દેશવિરતિ જીવનમાંથી જાણવી. સમ્યકત્વને મજબૂત કરનારા દેવ દર્શનાદિના નિયમ હંમેશને માટે કરવા. તેમાં જરૂરી કારણે જયણા રખાય. દેવ ગુરૂ વિગેરેની આશાતના ટાળવી. દર વર્ષે પ્રભુપૂજા વિગેરે બત્રીસ બાબતમાં અમુક રકમ વાપરવાનો નિયમ કરવો. આ રીતે અરિહંતાદિની સાક્ષીએ છ છીંડી વિગેરેની સમજ પૂર્વક ૨૧ ભાંગામાંના અનુકૂલ ભાંગાથી હું સમ્યકત્વને અંગીકાર કરૂં છું.

## સમ્યકત્વના પાંચ અતિચાર ટાળવા.

૧ જિનના વચનમાં શંકા કરવી કહિ. ૨ બીજા ધર્મની ઇચ્છા કરવી નહિ. ૩ ધર્મક્રિયાના ફલમાં સંદેહ રાખવો નહિ. મુનિ વિગેરેની નિંદા કરવી નહિ. ૪ અન્ય ધર્મીના વખાણ કરવા નહિ. ૫ કુલિંગી (પાસત્થા વિગેરે) નો પરિચય ન કરવો.

## સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ.

અમુક અંશે (સંપૂર્ણ રીતે નહિ) જીવહિંસાનો ત્યાગ કરવો તે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત કહેવાય. અહીં

વિના કારણે બીન ગુનેગાર ત્રસ જીવોને ઇરાદા પૂર્વક હણવા નહિ. આ પ્રમાણે શ્રાવકથી બની શકે. તેમાં ઘર વિગેરે બનાવવા વિગેરે પ્રસંગે, વ્યાપારમાં, અને દવા વિગેરે નિમિત્તે જયણા રાખી શકાય. પુંજના પ્રમાર્જનાદિમાં કાળજી રાખવી. સવા વસાની પણ દયા બરોબર પાળવી.

દયાનું ફલ-દીર્ઘાયુષ્ય, લક્ષ્મી, સ્વર્ગ મોક્ષના સુખ વિગેરે. દૃષ્ટાંત-કુમારપાલ ભવિષ્યમાં ગણધર થઇ સિદ્ધ થશે વિગેરે. હિંસાનું ફલ-નિર્ધનતા, દુર્ગતિના દુઃખ. દૃષ્ટાંત-કાલકસૂરિયો સાતમી નરકે ગયો વિગેરે.

## અતિચાર તજવાની બીના.

૧ નિર્દયપણે ત્રસ જીવને માર મારવો નહિ. ૨ દ્વેષથી ટૂંકા દોરડા વિગેરેથી બાંધવા નહિ. ૩ અવયવ છેદવા નહિ. ૪ ઘણો ભાર ભરવો નહિ. ૫ આહારમાં વિઘ્ન કરવું નહિ. વિશેષ બીના દેશવિરતિ જીવનમાંથી જાણવી.

## મૃષાવાદ વિરમણ વ્રત.

અર્થ—પાંચ મોટાં અસત્યનો ત્યાગ કરવો તે.

૧ કન્યા સંબંધી વિવાહાદિમાં જૂઠું બોલવું નહિ.

૨ ગાય વિગેરેની બાબતમાં જૂઠું બોલવું નહિ.

૩ જમીન (ખેતર વિગેરે) ની બાબતમાં જૂઠું બોલવું નહિ.

૪ પારકી થાપણ ઓળવવી નહિ.

૫ ખોટી સાક્ષી પૂરવી નહિ. દેહાંત શિક્ષાના પ્રસંગે જયણા. બીજા જરૂરી કારણે પણ જયણા રાખી શકાય.

સત્યનું ફલ—દેવો મદદ કરે, યશ:કીર્તિ, સ્વર્ગાદિ. ઉદા૦ વસુ રાજાનું સિંહાસન અદ્ધર રહેતું હતું.

અસત્યનું ફલ—મૂંગાપણું વિગેરે, નરક વિગેરે. ઉદા૦ વસુ રાજા જૂઠું બોલતાં નરકે ગયો વિગેરે.

## અતિચાર તજવાની બીના.

૧ વિચાર કર્યા વગર બોલવું નહિ. ૨ કોઇની છાની બીના જાહેર કરવી નહિ. ૩ સ્ત્રીના મર્મ (ગુપ્ત વાત) ખુલ્લા ન કરવા. ૪ ખોટો ઉપદેશ કરવો નહિ. ૫ ખોટા દસ્તાવેજ લખવા વિગેરે કરવું નહિ. વિશેષ બીના દેશવિરતિ જીવનમાંથી જાણવી.

## સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત.

અર્થ—જે વસ્તુનો જે માલીક હોય, તેની રજા સિવાય તે વસ્તુ ન લેવાય. ચોરવાની બુદ્ધિએ કોઇની પોટલી વિગેરેની ગાંઠ છોડવી, ખિસ્સા કાતરવા વિગેરે પણ ચોરીના પ્રકાર છે. લોભથી ચોરીનો માલ સસ્તા ભાવે લેવો નહિ. વિગેરે બીના અહીં ગુરૂગમથી જાણવી.

આ વ્રતના પાંચ અતીચાર-૧ ચોર પાસેથી ચોરેલી વસ્તુઓ લેવી, ૨ ચોરીના ધંધામાં સહાય કરવી, ૩ ખોટી વસ્તુને ખરી જેવી કહીને અથવા ભેળસેળ કરીને વેચવી. ૪

રાજ્ય વિરૂદ્ધ દાણુ ચોરી પ્રમુખ કરવી. ૫ લેવા તથા આપવામાં ખોટાં કાટલાં તથા ખોટા ગજ વિગેરે રાખવાં.

ચોરીનું ફલ–આ લોકમાં રાજા વગેરે તરફથી જેલ વગેરેની સજા મળે. તથા અપજશ ફેલાય. અને પરલોકમાં નરકાદિના ભયંકર દુઃખ ભોગવવા પડે.

ઉદા૦–લોહખુર ચોરને ફાંસીની તીવ્ર વેદના ભોગવવી પડી વિગેરે. આ વ્રતના પાલનથી નાગદત્તને ફાંસીની વિડંબના ટળી અને રાજા તરફથી બહુ માન મળ્યું.

આ વ્રતમાં જે વસ્તુ લેવાની કોઇના તરફથી મનાઈ ન હોય તેવી ઘાસ વગેરે વસ્તુ લેવાની તથા અજાણતાં અથવા સ્વપ્નમાં કાંઈ અદત્ત વસ્તુ લેવાઇ જાય વિગેરે બાબતની જયણા રાખી શકાય.

## ચોથું સ્થલ મૈથુન વિરમણ વ્રત.

અમુક અંશે મૈથુનનો એટલે વિષય સેવનનો ત્યાગ કરવો તે સ્થૂલ મૈથુન વિરમણ વ્રત. શ્રાવકોએ સંપૂર્ણ એટલે સ્વસ્ત્રી સેવનનો પણ ત્યાગ કરીને સર્વથા બ્રહ્મચર્ય પાળવું. બહુ જ હિતકારી છે. પરંતુ તેમ ન બની શકે તો પોતાની સ્ત્રીને વિષે સંતોષ તથા પારકી સ્ત્રીનો ત્યાગ તો જરૂર કરવો જ. વિશેષમાં સ્વસ્ત્રી અથવા સ્વ પુરૂષની સાથે પણ કામ ક્રીડાનો દશ અથવા પાંચ તિથિએ તો જરૂર ત્યાગ કરવો જોઈએ.

આ વ્રતના પાંચ અતીચાર–૧ જેને કોઈએ ગ્રહણ

કરી નથી એવી વેશ્યા અથવા કુંવારી સાથે ગમન (કામ ક્રીડા) કરવું ૨ કોઈએ વેશ્યાદિકને અમુક વખત સુધી રાખેલ હોય તેવી સ્ત્રી સાથે ગમન કરવું. ૩ ભોગ વાસનાને વધારનારી આલિંગન, ચુંબન વગેરે ક્રીડા કરવી. ૪ પર વિવાહ કરણ એટલે પારકાના વિવાહ કરવા કરાવવા. ૫ તીવ્ર અનુરાગ એટલે કામચેષ્ટામાં તીવ્ર ઇચ્છા રાખવી.

વિષય સેવનનું ફલ-ભયંકર ક્ષય રોગાદિકની તથા દુર્ગતિની પીડા ભોગવવી પડે.

બ્રહ્મચર્યનું ફલ-અહીં લાંબુ આઉખું. તેમજ શરીરનું આરોગ્ય વિગેરે. તથા પરલોકમાં સ્વર્ગાદિકનાં સુખો મળે.

ઉદા૦ સુદર્શન શેઠ, વિજય શેઠ, વિજયા શેઠાણી, મલયાસુંદરી વગેરે અહીં સુખ સમૃદ્ધિ, યશ વગેરે અને પરલોકમાં સ્વર્ગાદિના સુખ પામ્યા.

## પાંચમું સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત.

અર્થ:-અમુક અંશે પરિગ્રહ એટલે ધન ધાન્યાદિકનો નિયમ કરવો તે.

પરિગ્રહ નવ પ્રકારનો છે તેનું પરિમાણ કરવું.

૧ ધનનો એટલે રોકડા રૂપીઆ અમુક પ્રમાણના રાખવાનો નિયમ કરવો.

૨ ધાન્યનો એટલે ઘઉં ચોખા વગેરે અનાજ અમુક પ્રમાણમાં રાખવાનો નિયમ કરવો.

૩ ક્ષેત્રનો એટલે ખેતર વગેરે અમુક પ્રમાણમાં રાખવાનો નિયમ કરવો.

૪ વાસ્તુ એટલે ઘર હાટ અમુક પ્રમાણમાં રાખવાનો નિયમ કરવો.

૫ રૂપ્ય એટલે રૂપાનાં ઘરેણાં વગેરે અમુક પ્રમાણમાં રાખવાનો નિયમ કરવો.

૬ સોનાના દાગીના રાખવામાં નિયમ કરવો.

૭ તાંબા પિત્તળ વગેરે ઘર સામાન તથા ફરનીચર વગેરેમાં નિયમ કરવો.

૮ નોકર ચાકર રાખવામાં સંખ્યાનો નિયમ કરવો.

૯ ગાય, ભેંસ, ઘોડા વગેરે રાખવામાં સંખ્યાનો નિયમ કરવો.

આ વ્રતના પાંચ અતીચાર:-૧ નિયમ ઉપરાંત ધન ધાન્ય થાય તો સ્ત્રી પુત્રાદિકનાં ઠરાવી પ્રમાણ ઉપરાંત રાખે. ૨ ખેતર ઘર વગેરે નિયમથી વધારે રાખે. અથવા એક બીજા સાથે ભેળવીને સંખ્યા સરખી કરે. ૩ રૂપું તથા સોનું વગેરે પ્રમાણથી અધિક રાખે. ૪ કુપિત એટલે ઘર વાખરો નિયમ ઉપરાંત રાખે. ૫ નોકર, ચાકર, ઢોર વગેરે પ્રમાણ ઉપરાંત રાખે.

પરિગ્રહ પરિમાણ વ્રતનું ફળ-અહીં સંતોષમય જીવન બનવાથી નિરાંતે ધર્મારાધન થઇ શકે. સુખમય જીવન ગુજારી શકાય. પરલોકમાં સ્વર્ગાદિના સુખ મળે.

ઉદા૦–પેથડ શ્રાવક આ વ્રતના પાલનથી ઘણી ઋદ્ધિ પામ્યા હતા. અને પરલોકમાં દેવતાઈ ઋદ્ધિ વિગેરે પામ્યા. વિશેષ બીના દેશ વિરતિ જીવનમાંથી જાણવી.

## છટ્ઠું દિશિ પરિમાણ વ્રત.

અર્થ:–પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એ ચાર દિશાઓ તથા ઉપલક્ષણથી ઉપર તથા નીચે અમુક હદ સુધી જવાનો નિયમ કરવો તે.

આ વ્રતના પાંચ અતીચાર–૧ ઉંચે જવાના નિયમ ઉપરાંત જાય. ૨ નીચે જવાના નિયમ ઉપરાંત જાય. ૩ ચાર દિશામાં નિયમ ઉપરાંત જાય. ૪ એક દિશામાં નિયમના યોજન ઘટાડી બીજી દિશામાં વધારે. ૫ કેટલી હદ રાખી છે તેની ખબર નહિ રહેવાથી ધારેલી હદ ઉપરાંત જવું.

આ વ્રતનું ફલ–આ વ્રતમાં મુકરર કરેલી હદ બહારના ક્ષેત્રમાં થતા પ્રાણાતિપાતાદિથી બચી શકાય એમ પાંચે અણુવ્રતનો દેશથી લાભ મળે તથા તે બહારના ક્ષેત્ર સંબંધી ૧૮ પાપસ્થાનકોનો ત્યાગ થાય તથા સંતોષમય જીવન બને, સુખ સમૃદ્ધિ મળે. પરલોકમાં સ્વર્ગાદિના સુખ મળે.

ઉદા૦–સિંહ શેઠ આ નિયમ પાળી કેવલી થઇ મોક્ષે ગયા. આ વ્રતમાં વ્યાપારાદિ કારણે તાર, ટપાલ, છાપાં વગેરેની જયણા રાખી શકાય.

# સાતમું ભોગોપભોગ પરિમાણ વ્રત

અર્થઃ-ભોગ એટલે જે એક વાર ઉપયોગમાં આવે તેવાં અન્ન પાનાદિ તથા ઉપભોગ એટલે વારંવાર ઉપયોગમાં આવે તેવાં વસ્ત્ર, ઘરેણાં વગેરે. તેવા ભોગ અને ઉપભોગની વસ્તુઓનું પરિમાણ કરવું તે.

આ વ્રતના પાલનમાં ચૌદ નિયમ આ પ્રમાણે ધારવાઃ- નિયમ ધારતાં જે દ્રવ્યાદિ વાપરવાના હોય તેનું સંખ્યા વજન વિગેરે પ્રકારે પ્રમાણ ધારવું અને જે વાપરવાનું નથી તેનો ત્યાગ રાખવો.

૧ સચિત્ત-અમુક સંખ્યામાં સચિત્ત પદાર્થો વાપરવાનો નિયમ કરવો.

૨ દ્રવ્ય-આખા દિવસમાં જે ખાવાના પદાર્થો અમુક સંખ્યામાં ધારવા.

૩ વિગય-છ ભક્ષ્ય વિગયમાંથી ઓછામાં ઓછી એક વિગઇનો તો ત્યાગ કરવો.

૪ ઉવાણહ-જોડાં, મોજાં વગેરે અમુક જોડ વાપરવાની ગણત્રી કરવી.

૫ તંબોલ-પાન સોપારી એલચી વગેરેનું પ્રમાણ ધારવું.

૬ વસ્ત્ર-અમુક સંખ્યામાં ધોતીયા વિગેરે વાપરવાનો નિયમ કરવો.

૭ કુસુમ-સુંઘવાની વસ્તુનું અમુક શેર સુધી પ્રમાણ ધારવું.

૮ વાહન-ગાડી, ઘોડા, બળદ વગેરેની ધારણા પ્રમાણે સંખ્યા રાખવી.

૯ શયન-પથારી ગાદલાં ગોદડાંનું પ્રમાણ ધારવું.

૧૦ વિલેપન-શરીરે ચોપડવાના તેલ વગેરેનું ધારણા પ્રમાણે પ્રમાણ ધારવું.

૧૦ બ્રહ્મચર્ય-દિવસે બ્રહ્મચર્ય પાળવું. રાત્રે પણ નિયમિત રહેવું.

૧૨ દિશિ-દશે દિશાઓમાં અમુક ગાઉ સુધી જવાનો નિયમ કરવો.

૧૩ ન્હાણ-સ્નાનનો નિયમ ધારવો.

૧૪ ભક્તપાણી-આહાર પાણી વાપરવામાં બંનેનુ વજન ધારવું.

આ પ્રસંગે ૨૨ અભક્ષ્ય તથા ૩૨ અનંત કાયનો ત્યાગ કરવો. તે બીના દેશ વિરતિ જીવનમાં વિસ્તારથી સમજાવી છે.

આ વ્રતના પાંચ અતિચાર:-૧ સચિત્ત વસ્તુને બીન સમજણથી અચિત્ત માનીને ખાવી. ૨ સચિત્ત પ્રતિબદ્ધ આહાર-સચિત્તની સાથે વળગેલી વસ્તુ અચિત્ત માનીને ખાવી. ૩ અપકવાહાર એટલે બરાબર નહિ પાકેલી વસ્તુ અચિત્ત માનીને ખાવી. ૪ દુ:પકવાહાર એટલે અર્ધું કાચું

પાકું એવું શાક વિગેરે અચિત્ત માનીને ખાય, ૫ તુચ્છૌષધિ ભક્ષણ એટલે જેમાં ખાવાનું થોડું અને નાખી દેવાનું વધારે હોય તેવી વસ્તુ ખાવી. વળી આ વ્રતમાં ૧૫ કર્માદાન સંબંધી ૧૫ અતીચાર હોવાથી કુલ ૨૦ અતીચાર થાય છે, તેમાં ૧૫ કર્માદાનનાં નામ તથા ટુંક સમજણ આ પ્રમાણેઃ-

૧ અંગારકર્મ-કુંભાર, ભાડભુંજા વગેરેનાં અગ્નિ સંબંધી કામ તથા ચુનો, ઇંટ નળીયાં વગેરેના વેપાર.

૨ વનકર્મ-વનસ્પતિ સંબંધી એટલે લીલાં શાક, પાંદડાં વગેરેનો વેપાર.

૩ સાડીકર્મ-ગાડાં, હળ વગેરે તૈયાર કરવાં, તેનો વેપાર.

૪ ભાડીકર્મ-ગાડી, ઘોડા, ઉંટ, વગેરે ભાડે આપવાનો વેપાર.

૫ સ્ફોટિક કર્મ-કુવા, વાવ, તળાવ વગેરે ખોદવાં, ખોદાવવાં.

૬ દંતવાણિજ્ય-હાથી દાંત વગેરેનો વેપાર.

૭ લખ્ખવાણિજ્ય-લાખ તથા ગુંદર વગેરેનો વેપાર.

૮ રસ વાણિજ્ય-ઘી તેલ વગેરે રસનો વેપાર.

૯ કેશ વાણિજ્ય-પશુ પંખી વગેરેનો ઉન પીંછાનો તથા ગુલામીનો વેપાર.

૧૦ વિષ વાણિજ્ય-સોમલ વગેરે ઝેરનો તથા તરવાર વગેરે શસ્ત્રનો વેપાર.

૧૧ યંત્ર પીલ્લણ કર્મ-ઘંટી, મીલ, જીન વગેરેનો ધંધો,

૧૨ નિર્લાંછન કર્મ-બળદ, ઘોડા, ઉંટ વગેરેના નાક કાન વિંધવા તથા નપુંસક બનાવવાનો ધંધો.

૧૩ દવદાન કર્મ-વન વગેરેમાં અગ્નિ સળગાવવો.

૧૪ સરદ્રહ શોષણ કર્મ-સરોવર, તળાવ વગેરેનાં પાણી સુકવી નાંખવા.

૧૫ અસતી પોષણ-કુતરાં, બિલાડાં વગેરે હિંસક જીવો પાળવાં. અહીં કર્માદાનને અંગે નિયમ કરી જરૂરી જયણા રાખવી.

આ વ્રતનું ફલ-આ વ્રતના પાલનથી જીવન મર્યાદિત બને, પાપ કર્મના બંધથી બચી શકાય, શરીરની સ્વસ્થતા વધે. તથા સ્વર્ગાદિકના સુખ મળે.

ઉદા૦-ધર્મ રાજા આ વ્રત પાલીને દીક્ષા લઇને મોક્ષે ગયા છે. આ વ્રતમાં ત્યાગ કરેલી વસ્તુઓ સ્વપ્નમાં વપરાય તેની જયણા.

## આઠમું અનર્થ દંડ વિરમણ વ્રત.

અર્થ:-સ્વજન, શરીર, વિગેરે નિમિત્તે જે પાપકર્મ સેવાય તે અર્થદંડ કહેવાય. અને જે કરવાથી પોતાને અને પરને કાંઇ લાભ નથી તે છતાં નાહક મોજ શોખને ખાતર જે પાપ કર્મો કરાય તે અનર્થ દંડ કહેવાય. તેનો ત્યાગ કરવો તે.

આ વ્રતના પાંચ અતીચાર:-૧ કામ વિકારને વધારનારી કુચેષ્ટા કરવી. ૨ કામ વાસના વધારનારી વાત કરવી. ૩ વાચાલપણું. ૪ ખપ કરતાં વધારે અધિકરણો તૈયાર કરી રાખવાં. ૫ ભોગ ઉપભોગની સામગ્રી ખપ કરતાં વધારે તૈયાર રાખવી.

આ વ્રતનું ફલ--પાપમય કાર્યોમાંથી બચવું, અશુભ કર્મનો બંધ ન થાય વિગેરે અને પરભવમાં સ્વર્ગાદિનાં સુખ મળે.

ઉદા૦ આ વ્રત નહિ પાલવાથી ચિત્રગુપ્ત ઘણી આકરી વેદનાઓ ભોગવી નરકમાં ગયો.

છઠ્ઠું સાતમું અને આઠમું એ ત્રણ ગુણવ્રત કહેવાય છે કારણ કે આ ત્રણે વ્રતો પહેલાં જણાવેલા પાંચ અણુવ્રતોને ગુણ કરનારાં છે. હવે બાકીના ચાર (વારંવાર સેવવા લાયક) શિક્ષાવ્રતો કહેવાય છે.

## નવમું સામાયિક વ્રત.

અર્થ:—જેથી સમતાનો લાભ એટલે રાગ દ્વેષનો ત્યાગ થાય, અથવા નિર્મલ જ્ઞાન દર્શન ચારિત્રનો લાભ જેનાથી થાય તે સામાયિક કહેવાય. આ સામાયિક દરરોજ અમુક સંખ્યામાં કરવાનો નિયમ કરવો તે આ નવમા વ્રતનું રહસ્ય છે.

આ વ્રતનાં પાંચ અતીચાર:—૧ સામાયિકમાં ઘરકામ વિગેરે સંબંધી ખરાબ વિચાર કરવા. ૨ સામાયિકમાં કઠોર,

જૂઠાં વચન બોલવાં. ૩ શરીર, હાથ પગ વગેરે પ્રમાર્જના કર્યા વગર હલાવવા તે. ૪ ઉત્સાહ વિના વેઠ રૂપે સામાયિક કરવું ૫ સામાયિક લીધાનો સમય ભૂલી જાય અથવા પારવાનું ભૂલી જાય.

આ વ્રતનું ફલ—ચારિત્રની આંશિક (થોડી) આરાધના થાય. પરમ સુખ શાંતિનો અનુભવ થાય, કર્મનિર્જરાનો લાભ મળે, અને પરંપરાએ મોક્ષના સુખ પણ મળે છે.

ઉદા૦—મહણસિંહ શ્રાવકે ચાલુ રસ્તામાં તથા કેદખાનામાં પણ સામાયિક છોડયું નથી. સામાયિકના પ્રભાવે તે દેવતાઇ ઋદ્ધિને પામ્યો. એક ડોશી પરભવમાં રાજકુંવરી થઇ વિગેરે.

## દશમું દેશાવગાસિક વ્રત.

અર્થ—છઠ્ઠા દિશિપરિમાણ વ્રતમાં જે છુટ રાખી હોય તેમાં સંક્ષેપ (ઘટાડો) કરવો તે દેશાવગાશિક વ્રત કહેવાય.

આ વ્રતના પાંચ અતીચાર આ પ્રમાણે:—૧ નિયમ કરેલી ભૂમિની બહાર કાંઇ મોકલવું. ૨ નિયમ કરેલ ભૂમિની બહાર કાંઇ મોકલવું. ૩ શબ્દ કરીને એટલે ખાંસી ખાઇને અથવા ખોંખારો કરીને નિયમ કરેલ ભૂમિની બહાર રહેલા માણસને બોલાવે. ૪ રૂપ દેખાડીને (પોતાની હયાતી જણાવીને) નિયમિત ક્ષેત્રથી બહાર રહેલા માણસને હું અહીં છું એમ જણાવે. ૫ નિયમ કરેલી ભૂમિની બહારના ભાગમાં કાંકરો વિગેરે નાંખી પોતાની ખબર આપે.

આ વ્રતનું ફલ—ઘણાં આરંભાદિ બંધ થાય, મન સ્થિર રહે, પાપ ઓછાં બંધાય અને સંતોષથી ધર્મ સાધી શકાય. પરંપરાએ સિદ્ધિના સુખ મળે.

ઉદા૦ ચંડ પ્રદ્યોત નામના રાજાનો લોહજંઘ નામે દૂત આ વ્રતથી શત્રુનો ભય ટાળી નિર્ભય બન્યો ને ભવિષ્યમાં સુખી થયો.

## અગિઆરમું પૌષધોપવાસ વ્રત.

જેનાથી આત્માના જ્ઞાન દર્શનાદિ સ્વાભાવિક ગુણોની પુષ્ટિ થાય તે પૌષધ કહેવાય. આ પૌષધ રાત્રિ દિવસનો એટલે આઠ પહોરી અને (એકલા દિવસનો અથવા એકલી રાત્રીનો) ચાર પહોરી કહેવાય છે.

શ્રાવકે વર્ષની અંદર અમુક સંખ્યામાં પૌષધ કરવા, એ આ વ્રતમાં નક્કી કરવું જોઇએ, અને પર્યૂષણાદિ પર્વોમાં જરૂર પૌષધ કરવો જ જોઇએ.

આ વ્રતના પાંચ અતીચાર:—૧ શય્યા, સંથારાની બરોબર પડિલેહણ કરે નહિ. ૨ શય્યા, સંથારો બરાબર ન પૂંજે ન પ્રમાર્જે. ૩ ઠલ્લા માત્રાની જગ્યા બરાબર પડિલેહે નહિ. ૪ ઠલ્લા માત્રાની જગ્યા બરાબર ન પૂંજે, ન પ્રમાર્જે. ૫ પૌષધની વિધિ બરોબર ન સાચવે. મોડો લઈ વહેલો પાળે.

ફલ—આ વ્રત જ્યાં સુધી શ્રાવક પાળે ત્યાં સુધી ચારિત્ર પાળ્યાનું ફળ મળે છે. પરંપરાએ સ્વર્ગાદિ સુખ મળે છે.

ઉદા૦ આ વ્રતની આરાધના કરવાથી સાગરચંદ્ર, કામદેવ શ્રાવક વગેરે અહીં કર્મનિર્જરા, પરમ શાંતિમય જીવન અને નિર્દોષ ધર્મારાધન કરીને પરલોકમાં દેવતાઇ ઉત્તમ સુખને પામ્યા. અને આ વ્રતની વિરાધના કરવાથી નંદમણિયાર શેઠ મરીને દેડકો થયો.

## બારમું અતિથિ સંવિભાગ વ્રત.

અતિથિ એટલે પંચ મહાવ્રતધારી મુનિરાજ વિગેરેને પૌષધ વગેરેના પારણાને દિવસે શ્રાવકે નિર્દોષ આહારાદિ વિધિ પૂર્વક વહોરાવી પારણું કરવું તે અતિથિ સંવિભાગ વ્રત કહેવાય. વરસમાં આટલી વાર અતિથિ સંવિભાગ કરું, એમ અહીં નક્કી કરવું.

આ વ્રતના પાંચ અતિચાર આ પ્રમાણે:—૧ સાધુને દેવા લાયક અચિત્ત વસ્તુની ઉપર સચિત્ત વસ્તુ મૂકવી. ૨ અચિત્ત પદાર્થને સચિત્ત પદાર્થથી ઢાંકી દે. ૩ પારકી ચીજને પોતાની કહીને વ્હોરાવે, અને પોતાની ચીજને પારકી કહીને ન આપે. ૪ મનમાં મિથ્યાભિમાન કે ઇર્ષ્યાભાવ રાખીને દાન આપે. ૫ ગોચરીનો વખત વીત્યા બાદ આહાર માટે મુનિની પાસે વિનતિ કરે.

બારમા વ્રતમાં આ પાંચે અતિચાર જાણીને તે ન લાગે તે રીતે વર્ત્તવું, એટલે પાંચે અતિચાર ટાળીને સાધુ સાધ્વીને દાન દેવાનો લાભ લેવો.

આ વ્રતનું ફલ:-ફળની ઇચ્છા રાખ્યા વગર આ વ્રતની નિર્દોષ આરાધના કરવાથી વિશાલ સુખ સમૃદ્ધિ, આરોગ્ય,

ઉત્તમ ગતિના આયુષ્યનો બંધ વિગેરે લાભ અહીં મળે છે. અને પરંપરાએ સ્વર્ગના અને મોક્ષના સુખ પણ મળે છે

ઉદા૦-સુપાત્ર દાનના પ્રભાવે દાન દેનાર રથકારને તથા દાન લેનાર બલભદ્ર મુનિને અને દાનની અનુમોદના કરનાર હરિણને પાંચમા બ્રહ્મદેવ લોકની વિશાલ દેવતાઇ ઋદ્ધિ મળી. તેમ શાલિભદ્રને પણ વિશાલ ઋદ્ધિ વિગેરે લાભ મળ્યા, વિગેરે દૃષ્ટાંત જાણવા.

એ પ્રમાણે બારે વ્રતોનું ઘણું જ ટુંક સ્વરૂપ તથા અતીચાર વગેરે જણાવ્યા. વિસ્તારથી બાર વ્રતનું સ્વરૂપ તથા તેની જયણાના પ્રકારો અને અતીચાર વગેરે અનેક બાબતો જાણવા માટે 'શ્રી દેશવિરતિ જીવન' એ ગ્રંથ અવશ્ય વાંચવો જોઇએ.

## જરૂરી બીના

૧ થી ૬ હાસ્યાદિ ૬ દોષ, ૭ થી ૧૦ ચાર કષાય, ૧૧ થી ૧૫ પાંચે આશ્રવોનો ત્યાગ. ૧૬ પ્રેમ, ૧૭ મદ, ૧૮ ક્રીડા. આ અઢાર દોષ રહિત. અને ૮ મહા પ્રાતિહાર્ય તથા અપાયાપગમાતિશયાદિ ૪ અતિશય. એમ ૧૨ ગુણ-વાલા અરિહંત દેવ હોય છે.

અઢાર દોષ બીજી રીતે-૧ થી ૫ દાનાંતરાયાદિ પાંચ, ૬ થી ૧૧ હાસ્યાદિક, ૧૨ કામ, ૧૩ મિથ્યાત્વ ૧૪ અજ્ઞાન, ૧૫ નિદ્રા, ૧૬ અવિરતિ ૧૭ રાગ, ૧૮ દ્વેષ.

સમ્યકત્વ અંગે-ઉપયોગ ન રહેવાથી અતત્ત્વાદિને તત્ત્વ

રૂપે મનાય તેની જયણા. અવસરે જાણુ થતાં આલોયણ લેવી જોઇએ. ભણાવનાર અન્ય મતિનું ઉપકાર બુદ્ધિએ ઉચિત જાળવવું પડે, તેની જયણા. કોઇ કાર્ય ધર્મ વિરૂદ્ધ હોય છતાં લોક વિરૂદ્ધથી બચવા ખાતર દાક્ષિણ્યતાદિથી અનિચ્છાએ પણ કરવું પડે, તેની જયણા. અહીં ધર્મ બુદ્ધિથી કરવાનું હોય જ નહિ. અને અનુમોદના પણ ન કરાય. આ બાબતમાં ઉદાહરણ સાર્વજનિક, સામુદાયિક તળાવ વિગેરે માટે વ્યવહાર જાળવવો પડે. વ્યવહાર દૃષ્ટિએ અન્ય ધર્મીને પ્રણામ કરવો પડે તેની જયણા.

સમ્યકત્વના છ આગાર-૧ રાજાદિકની સત્તાને આધીન થઇ (સમ્યકત્વ વિરૂદ્ધ) કરવું પડે. ૨ જનસમુદાયની પ્રેરણાથી કરાય. ૩ ચોરાદિકની ધમકીથી કરવું પડે. ૪ ક્ષેત્રપાલાદિ દેવના પરવશપણાથી કંઇ કરવું પડે. ૫ વડીલોના આગ્રહથી કરાય, ૬ આજીવિકા નિમિત્તે કંઇ કરાય તેની જયણા. વિશેષ બીના ગુરૂગમથી જાણવી.

## મિથ્યાત્વના ૧૫ ભેદો

૧. પોતે માનેલા મતને ન છોડે તે આભિગ્રહીક. ૨. બધા મતને સરખા માનવા તે અનભિગ્રહિક. ૩. લોકમાં પૂજાવાની બુદ્ધિએ જાણી બૂઝીને સાચું રહસ્ય જાણતા છતાં ઉલટી પ્રરૂપણા કરી, નવો મત સ્થાપન કરવો તે આભિનિવેશિક. અહીં જમાલિ વિગેરેનું દૃષ્ટાંત જાણવું. ૪. શ્રી જિન વચનમાં શંકા કરવી તે સાંશયિક. ૫. અસંજ્ઞી જીવોને જે

ઉપયોગ રહિત અવસ્થામાં હોય, તે અનાભોગિક મિથ્યાત્વ કહેવાય આ રીતે મિથ્યાત્વના પાંચ ભેદો જાણવા. હવે છ ભેદ આ રીતે જાણવા.

૧. કુદેવને સુદેવ માનવા. ૨. કુગુરૂને સુગુરૂ માનવા. ૩. હોલી બળેવ વિગેરે કુધર્મને સુધર્મ માને. ૪ થી ૬. લોકોત્તર દેવ, ગુરૂ, ધર્મને પૌદ્‌ગલિક સુખની ચાહનાથી માને પૂજે.

મિથ્યાત્વના ૪ ભેદ. ૧. સ્યાદ્વાદ શૈલીથી વિરૂદ્ધ પ્રરૂપણા કરવી. ૨. મિથ્યાત્વને પોષનારી ક્રિયા કરવી. ૩. કદાગ્રહ રાખે, તત્ત્વાર્થની સાચી શ્રદ્ધા ન રાખે. ૪. અનંતાનુબંધી વિગેરે સત્તામાં રહેલી સાત પ્રકૃતિ તે પ્રદેશ મિથ્યાત્વ કહેવાય.

૧. માંસ, ૨. મદિરા, ૩. ચોરી, ૪. જુગાર, ૫. શિકાર, ૬. પરસ્ત્રી ગમન, ૭. વેશ્યા ગમન આ સાતે વ્યસનનો ત્યાગ કરવો. **બાવીશ અભક્ષ્ય**—૧. મધ, ૨. માખણ, ૩. મદિરા, ૪. માંસ, ૫. ઉંબરાના ફળ, ૬. વડના ટેટા, ૭. કોઠીંબડા, ૮. પીંપળાની પીપડી, ૯. પીંપળાના ટેટા, ૧૦. બરફ, ૧૧. અફીણ સોમલ વિગેરે ઝેરી પદાર્થો, ૧૨. કરા, ૧૩. કાચી માટી, ૧૪. રાત્રિ ભોજન, ૧૫ બહુ બીજ, ૧૬. બોર અથાણું, ૧૭. વિદળ, ૧૮. રીંગણાં, ૧૯. અજાણ્યાં ફળ, ૨૦. તુચ્છ ફળ, ૨૧. ચલિત રસ, ૨૨. અનંતકાય.

**બત્રીસ અનંતકાય**—૧. સુરણ કંદ, ૨. વજ્રકંદ, ૩.

લીલી હળદર, ૪. બટાટા (આલુ), ૫. લીલો કચુરો, ૬. સતાવરી, ૭. હીરલી કંદ, ૮. કુંવર, ૯. થોર, ૧૦. ગળો, ૧૧. સક્કરીયા, ૧૨, વંશકારેલા, ૧૩. ગાજર, ૧૪. લુણી, ૧૫ લોઢી, ૧૬ ગિરિકર્ણિકા (ગરમર), ૧૭. કુમળા પાન, ૧૮. ખરસૈયો, ૧૯. થેગની ભાજી, ૨૦. લીલી મોથ, ૨૧. લુલીના ઝાડની છાલ, ૨૨. ખીલોડા, ૨૩. અમૃત વેલી. ૨૪. મુલાના કાંદા, ૨૫. બીલાડીના ટોપ, ૨૬. નવા અંકુરા, ૨૭. વત્થુલાની ભાજી, ૨૮. સુવર વેલ, ૨૯. પાલકાની ભાજી. ૩૦. કુંણી આંબલી, ૩૧. રતાળુ, ૩૨. પિંડાળુ. આનું વિશેષ વર્ણન દેશવિરતિ જીવનમાંથી જાણવું. વ્રતધારી શ્રાવકોએ ઉપર જણાવેલી ચીજોનો ત્યાગ કરવો. તેની સાથે વર્ષમાં અમુક ગણુત્રીની લીલોતરી વાપરવી. પર્વ દિનોમાં અટ્ઠાઈ વિગેરેના દિવસોમાં ન વાપરવી. એ પણ વિચારીને નક્કી કરવું. આવા ઉત્તમ દિવસોમાં પર ભવનું આયુષ્ય ઘણું કરીને બંધાય છે. તેથી આરંભાદિની ઓછાશ કરવી. ધર્મારાધનમાં વિશેષ કાળજી રાખવી.

## અણાહારી પ્રસિદ્ધ ચીજોનાં નામ.

૧. અગર, ૨. અફીણ, ૩. અતિવિષની કળી, ૪, અંબર, ૫. એળીયો, ૬. કસ્તુરી, ૭. કડુ, ૮. કરીયાતુ, ૯. કંદરૂ, ૧૦. ખેર સાર, ૧૧. ગળો, ૧૨. ઘોડાવજ, ૧૩. ઝેરી ટોપરૂં, ૧૪. ચુનો, ૧૫. ઝેરી ગોટલી, ૧૬. ટંકણખાર, ૧૭. તગર, ૧૮. બરોબર સમભાગી ત્રિફલા, ૧૯. બાવળ, ૨૦. બુચ કણ, ૨૧. મલયાગરૂ, ૨૨. લીંબડાની છાલ, મૂળ.

લાકડું, પાંદડાં, બોર. ૨૩. વખમો વિગેરે, ખાસ જરૂરી કારણે ગીતાર્થ ગુરૂની આજ્ઞાથી મુઠ્ઠી સહિયંનું પચ્ચખ્ખાણ કરી અણાહારી ચીજ વપરાય, તે લીધા પછી બે ઘડી સુધી પાણી ન વપરાય. વિશેષ બીના શ્રાદ્ધ વિધિમાંથી જાણવી.

૧. પ્હેલા વ્રતમાં પોતાના કે કુટુંબાદિના નિમિત્તે ઘર, કૂવા, વિગેરેના આરંભાદિમાં જયણા રખાય. અતિચારો જાણવાના હોય. પણ આદરવા ( સેવવા ) ના નહિ.

૨. બીજા વ્રતમાં ચાર મોટા જૂઠાની બાબતમાં અજાણતાં જૂઠું બોલાય, તેની જયણા. બીજાની જમીન વિગેરેને ખોટો હક્ક જણાવી પચાવી ન દેવી. કોઈએ થાપણ મૂકી હોય, તે ધણી મરી જાય, કે લેવા ના આવે તો સારા માણસોની સાક્ષીએ શુભ ખાતામાં વાપરવી. પોતે રાખી શકે નહિ. નોકરી વિગેરે કારણે ફરજીઆત જૂઠું બોલવું પડે, તેની ખાસ કારણે જયણા રખાય.

૪. ચોથા વ્રતમાં-સ્ત્રીઓએ પોતાના પતિ સિવાય બીજાને પર પુરૂષ ગણીને ત્યાગ કરવો. તેમજ બંનેએ તિર્યંચ અને નપુંસક સાથે ભોગ ક્રિયાનો ત્યાગ કરવો. મન વચનથી પણ બને ત્યાં સુધી દોષ લગાડવો નહિ. સ્વપ્નમાં કદાચ શિયળ વિરાધના થાય, તેની જયણા. પાંચમાંના બે અતિચારો સ્વદારા સંતોષના નિયમવાળાને અનાચાર તરીકે જાણવા. અને છેલ્લા ત્રણ અતિચાર તરીકે જાણવા.

૫. સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રતમાં–નવવિધ પરિગ્રહનુ પરિમાણ ભેગું પણ થઈ શકે. એટલે તેમાં અમુક રકમ નક્કી કરવી. વધારાની શેમાં ખર્ચવી તે ઇચ્છાનુસારે નક્કી કરવું.

૭. સાતમા વ્રતમાં-વપરાશમાં આવતા પૃથ્વીકાયાદિનું પરિમાણ નક્કી કરવું. ચૌદ નિયમને સવારે ધારવા, સાંઝે સંક્ષેપવા. સાંઝે નવા લેવા. બીજે દિવસે સવારે પાછા સાંઝના નિયમ સંક્ષેપીને નવા નિયમ ધારવા. જે દિવસે પોસહ લેવો હોય, ત્યારે નિયમ સંક્ષેપીને પોસહ લઈ શકાય અને પોસહ પારીને તરત જ નિયમ લેવા. રાતના અને દિવસના નિયમમાં ઘણો ફેરફાર કરવો પડે છે. કારણ કે રાતે ચીજોની વપરાશ ઓછી હોય છે. તેથી નિયમ લેવામાં અને સંક્ષેપવામાં બહુ કાળજી રાખવી.

૮. આઠમા વ્રતમાં-રસ્તે જતાં સ્વભાવે નાચ વિગેરે જોવાય, તેની જયણા.

૯. નવમા વ્રતમાં-દરરોજ આટલાં (૨-૪ વિગેરે) સામાયિક કરવાનો નિર્ણય કરવો. માંદગી વિગેરે કારણે ધારણા પ્રમાણે આગળ ઉપર વધારે કરવા એમાં જેવી પોતાની ઇચ્છા. વ્રતધારીએ એક સામાયિક દરરોજ કરવું જ જોઇએ.

૧૦. દશમા વ્રતમાં-વર્ષમાં એકાદિ વાર દેશાવગાસિક કરવાનો

નિયમ કરવો. સવાર સાંઝ પ્રતિક્રમણના બે સામાયિક અને વચલા આઠ સામાયિક કરીને ગણવા. એ રીતે દસ સામાયિક કરવા. તે દિવસે એકાસણું વિગેરે તપ કરવો.

૧૧. અગીઆરમા વ્રતમાં–દર વરસે આટલી વાર આઠ પ્હોરી કે ચાર પ્હોરી પૌષધ કરવો, તેનો નિર્ણય કરવો.

## પૌષધના ચાર પ્રકાર.

૧ આહાર પૌષધ. દેશથી એકાસણું વિગેરે કરવું અને સર્વથી ઉપવાસાદિ કરે.

૨. શરીરનો સત્કાર સર્વથા ન કરે.

૩. સાંસારિક પ્રવૃત્તિનો સંપૂર્ણ ત્યાગ કરે.

૪. સર્વથા શીલ પાળે.

૧૨. બારમા વ્રતમાં–વ્રતધારી શ્રાવક મુખ્ય રીતિએ આઠ પ્હોરના પૌષધમાં ચોવિહાર ઉપવાસ કરે. બીજે દિવસે એકાસણાનું પચ્ચખ્ખાણ. પૂજા કરી મુનિને પરમ ઉલ્લાસથી વિધિ પૂર્વક વ્હોરાવે. જેટલી ચીજો મુનિએ લીધી હોય, તેટલી જ ચીજો વાપરે. આ બાબતનો વધુ ખુલાસો શ્રી દેશવિરતિ જીવનમાં જણાવ્યો છે. કદાચ આખા વર્ષમાં સાધુની જોગવાઇ ન મળે તો સાધર્મી બંધુને જમાડીને આ વ્રતની આરાધના કરી શકાય.

આ પ્રમાણે શ્રાવકના બારે વ્રતોની બીના બહુ જ ટુંકામાં જણાવી દીધી. તેનો વિસ્તાર જાણવાની ઇચ્છાવાલા ભવ્ય જીવોએ ગુરૂગમથી શ્રી દેશવિરતિ જીવન નામનો ગ્રંથ સમજવો જોઇએ. નિવૃત્તિ પ્રધાન શ્રી જૈનેન્દ્ર શાસનમાં વ્રતધારી શ્રાવકોને ગણ્યા છે તેઓ પણ શ્રાવક ધર્મની આરાધનાના શુભ સંસ્કારથી ભવિષ્યમાં સર્વ સંયમ સાધવાને જરૂર લાયકાત ધરાવે છે. એમ આનંદાદિ શ્રાવકોના જીવનથી જાણી શકાય છે. આ શ્રાવક વ્રત દીપિકામાં અનુપયોગાદિ કારણે ભૂલ થઇ હોય, તેની શ્રી ગુરૂ દેવની સાક્ષીએ માફી માગું છું. તપોગચ્છાધિપતિ પરમોપકારી ગુરૂ મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય વિજયપદ્મસૂરિએ અમદાવાદમાં વિ. સં. ૧૯૯૭ ના આસો સુદિ પાંચમને દિવસે દેવ ગુરૂ ધર્માનુરાગી બાર વ્રતધારી શ્રાવક શેઠ ભગુભાઈ ચુનીલાલ સુતરીયાની વિનંતિથી આ શ્રાવક વ્રત દીપિકાની રચના કરી. ભવ્ય જીવો આ ગ્રંથને વાંચીને, સમજીને, દેશવિરતિ ધર્મને પામીને, અને પરિણામે સંપૂર્ણ સંયમની સાધના કરીને સિદ્ધિના સુખ પામો.

**સમાપ્ત**

# ॥ ભવ્યભાવના ॥

॥ હરિગીત છંદ ॥

સ્નેહ માતાનો ન સાચો ચુલ્લણી બ્રહ્મદત્તને,
મારવાને ચાહતી ને પુત્ર કેરા અંગને
કનકકેતુ છેદતો તિણ નેહ ખોટો જનકનો,
પુત્ર કેરો નેહ ખોટો દાખલો કોણીકનો-૧

નેહ સ્રીનો છેજ ખોટો નૃપ પ્રદેશી રાયને,
મારતીરાણી સમજ હે જીવ? આ સંસારને;
સમતાધરી વૈરાગ્યરંગે સાધજે જિનધર્મને,
સોલભાવી ભાવનાને પામજે શિવશર્મને-૨